[illegible]

[illegible]

કર્તા
[illegible]
[illegible]

બનામે ઈઝદ

મહાન શાએર ફિર્દોસી તુસીનું

શાહનામું

ગુજરાતી હુરૂફે તમામ બયતો તથા તેનો તરજુમો.

બસી રન્જ બોરૂદમ દરીન્ સાલે સી
અજમ ઝેન્દહ્ કરૂદમ બદીન્ પારૂસી
તો ઈન્‌રા દોરૂઘો ફસાનહ્ મદાન્
બયકસાન્ રવેશ દરૂ ઝમાનહ્ મદાન્
બદીન્ નામહ્ બરૂ ઉમ્રહા બોગ્ઝરહ્
બેખાનહ્ હરાન્ કસ કે દારહ્ ખરહ્

(ફિર્દોસી)

" તીસ વરસ તલક રંજ ખેંચીઓ મોટો
મુવો મુલક ઇરાનનો કીધો જીવતો
તું નો જાંણુતો એહને જુઠી કાંહાંનીઓ
કે **એકજ રીતનો** નહી હતો આ જમાંનો
ગુજરશે વરસ પર વરસ બેશુમાર
પણ વાંચશે આ કેતાબ ઇનસાન અકલદાર "

(મનસુખ)

વૉલ્યુમ ૮ મું.

બનાવનાર

માહીયાર નવરોજી કુટાર.
ફરામર્ઝ નવરોજી કુટાર.

મુંબઈ.
શાહનામા પ્રેસ.
સને ૧૨૮૬ યઝદજર્દી.
સને ૧૯૧૭ ઈસવી.

Registered under the Government of India's Act XXV of 1867.
આ પુસ્તક સને ૧૮૬૭ ના ૨૫ મા ઍક્ટ પ્રમાણે રજીસ્ટર કરેલું છે.

આ પુસ્તક "ધી શાહનામા પ્રેસ" મુંબઈ કોટ ફ્રીયર રોડ કારવાર સ્ટ્રીટ
માણેકજી રૂસ્તમજી કંટ્રાકટર બીલ્ડીંગ નંબર ૫૦-૬૨ માં એર્વદ
ફરામજી નવરોજી કુટારે પોતાને માટે છાપી
ત્યાંથીજ પ્રગટ કીધું છે.

THE

SHAHNAMAH OF FIRDAUSI.

ITS FULL TEXT & ITS TRANSLATION (in Gujarati)

BY

MAHIAR NAVROJI KUTAR

AND

FARAMARZ NAVROJI KUTAR

"Bináhá-i-ábád gardad kharáb
Zi bárán o az tábish-i-áftáb
Pai afgandam az nazm-i-kákh-i-baland
Keh az bád o bárán niyábad gazand."

(FIRDAUSI.)

"The homes that are the dwellings of to-day
Will sink 'neath shower and sunshine to decay
But storm and rain shall never mar what I
Have built—the palace of my poetry."

(WARNER.)

VOL. VIII.

Bombay.

SHAHNAMAH PRESS.

1917

" No other great poet ever imposed such strict limitations on himself or so sternly adhered to them as did Firdausi. He put himself at the mercy of his authorities and where they fail him, as they do sometimes in this portion of the Shahnama, he makes no attempt TO INVENT INCIDENTS, but leaves a blank and passes on. This is a proceeding for which the poet should be praised rather than blamed. "

(WARNER.)

નવસારી જેવો ભરચક ઝરતોશ્તીઓની વસ્તીવાળો જાણીતો કસ્બો

કે જે

કેળવણી જેવાં અતિ ઉપયોગી સાંધણુ વગર અંધારાંમાં પડી રહયો હતો,

જ્યાંનાં લોકો ઊંચી કેળવણીનાં ઉત્તમ ફળ વગર ગરીબાઈમાં સબડયા કરતાં હતાં,

જે ગરીબ કસ્બાના લોકોને ઊંચી કેળવણી વગર આગળ પડવાની ટક નહીં મળી હતી,

તેવા એક અંધારાંમાં રહેલા કસ્બામાં

કામાજી જેવાં નેક ખાન્દાને પ્રથમ કેળવણીનાં બી રોપી

ત્યાંના લોકોને જાગૃત કર્યા બાદ

તે ગરીબ ગામમાં

"સર કાવસજી જેહાંગીર નવસારી ઝરતોશ્તી મદરેસા"

નામની કીર્ત્તિવંત શાળા

કે જે શાળાએ

નવસારી નગરીમાંથી ઘણા નામાંકિત અને ચંચળ નરો બાહેર પાડયા છે,

તે મદરેસા સ્થાપનાર નેકનામ

મર્હૂમ સર કાવસજી જેહાંગીર રેડીમની, સી. એસ. આઈ.

કે જેઓ

પોતાની દઉલતનો સદ ઉપયોગ કરી

યુનિવર્સીટિનું મકાન, કેળવણીખાતાંઓ, હોસ્પીટલો, દરેમેહરનાં મકાનો વગેરે

બીજી અનેક તરેહની યોગ્ય સખાવતો કરી,

શું પોતાની કઉમમાં કે શું પર-કઉમમાં

મોટું માન મેળવી ગયા

તેમજ

જેના નેક સપૂતે

પોતાની લાયકાતે કરી

"બેરોનેટ" જેવો માનવંતો ખેતાબ મેળવી

તે મર્હૂમનું નામ હમેશનું કાયમ કર્યું,

તેવા એક મર્હૂમ નરનાં અશો રૂહને

આ વૉલ્યુમ

અમો મોટાં માન સાથ

અર્પણ કર્યે છિયે.

સાંકળિયું.

સાંકળિયું.

દીબાચો.

બનામે ખોદાવન્દે નીકી ફેઝાય
કે ઊ હસ્ત બરૂ બન્દગાન્ રહનુમાય

પાક ખોદાતાલા કે જે સાહેબ કુલ ઈન્સાન જાતને હસ્તીમાં લાવી પોતાની સઘળી પયદાયેશોમાં શ્રેષ્ટાઈ બક્ષનારો અને તેનામાં અકલ જેવું ઉમદા ગઉહર મૂકનારો છે, જે સાહેબ બંદાઓમાં નેકીનોજ વધારો કરનારો અને તેઓનો રેહનુમા છે, જે સાહેબ દરેક આફતમાંથી બચાવનો કરનારો છે અને સઘળી મુશ્કેલીઓને આસાનનો કરનારો છે, તે દાદગર દાવરનાં પાક નામની મદદથીજ અમો આ ૮ મું વૉલ્યુમ અમારા દાનેશમંદ વાંચનારા સાહેબોની હુઝૂરમાં ધર્યું છે. આ વૉલ્યુમ બાહેર પાડતાં પણ જો કે આગળી અમારી સઘળી મુશ્કેલીઓ જેવીને તેવીજ પેશ આવી છે, છતાં પણ તે સાહેબ ઉપર સબૂરી એખ્તયાર કરી અમો અમારૂં કામ નિયમિત કરતા જઇયે છિયે. શેવટે આ અમારા અદના કામની પિછાન કરનારા ગ્રહસ્થોએ જે મદદ ચાલુ રાખી છે તેઓનો તેમજ પારસી પંચાયતના માનવંત ત્રસ્ટી સાહેબોનો અને નામદાર મુંબઈની સરકારનો તેઓએ આપેલી મદદ માટે ઉપકાર ઝાહેર કર્યે છિયે.

હવે કયાની વંશની સમાપ્તી બાદ હખામની નામનો બળવાન ટોળો જે ઇરાન ઉપર હકૂમત ભોગવી ગયો હતો અને જે ટોળા માટે ઈરાનના ફારસી તવારીખનવેસો અજાણ હતા, તે ટોળા માટે અમો થોડુંક બોલ્યે છિયે.

કયાની અને હખામની વંશની ભેળમભેળા.

યૂરોપ ખંડના વિદ્વાન પુરૂષો જ્યારથી અવસ્તા અને વેદના અભ્યાસ પછવાડે મંડયા, ત્યારથી તેઓએ ધર્મ સાથે ઇરાન, હિંદ વગેરે દેશોના ઇતિહાસ, ભૂગોળ, ધર્મ, આચાર વિચાર વગેરેનો અભ્યાસ પણ શુરૂ કર્યો. અને તેઓનીજ રંજ અને મેહનતથી આજે આપણે આપણા પોતા વિષે કાંઇક અગણિત મગરૂર બનાવનાર વાર્તાઓ જાણિયે છિયે. જ્યારથી ઈરાનનું સાહિત્ય અવસ્તા, પહલવી, વેદિક, સંસ્કૃત, ખીલારોકી, ફારસી વગેરેથી વિદ્વાનોનાં જાણમાં આવ્યું, ત્યારથી તેઓ, અસલ ગ્રીક અને રોમનો, યાહુદીઓ, સીર્યન અને આર્મીન્યનો જે કાંઈ ઈરાન વિષે વર્ણવી ગયા હતા, તે સાથે મુકાબલો કરવા મંડી ગયા. પણ સર્વેની અજાયબી વચ્ચે જે વર્ણન અને જે પાદશાહોનાં નામો યૂરોપિયનોને સાધારણ થઇ પડયા હતાં, તે નામો થોડાક અપવાદ સિવાય અવસ્તા, ફારસી વગેરેમાંથી નહીં મળવાથી આ વિદ્વાનોમાં તઅસુબી અને અજાયબી ફેલાઈ હતી. યૂરોપ ખંડને જાણીતી થયલી એસીર્યન, ખાલ્ડયન, બેબીલોન્યન, મીડયન અને હખામની શેહનશાહતનો માત્ર એશારો વટિક ઇરાન દેશને લગતી અવસ્તા કે ફારસી તવારીખમાં ન મળવાથી કેટલાક વિદ્વાનો ફિર્દોસી વગેરે ફારસી શાએરો અને તવારીખનવેસો ઉપર શકની નઝરથી જોવા લાગ્યા અને તે તવારીખને દંતકથાનું રૂપ આપવા લાગ્યા. પણ જ્યારે અવસ્તા, પહલવી, ફારસી અને વેદ ઉપરાંત ખીલારોકી ભાષાઓએ યાહુદી અને ગ્રીક લખાણોને મળતું વર્ણન દુન્યાને ઝાહેર કર્યું, ત્યારે અસ્લી તવારીખ ઉપર બહુજ નવું અજવાળું પડયું. સર માલ્કમ જેવા ઘણાક વિદ્વાનોએ કયાની અને હખામની વંશોને એકજ દેખડાવવાની કોશેશ કરી; પણ ઉમંગી અને ઉત્સાહી અભ્યાસીઓ વધુ અને વધુ શોધખોળમાં મશગૂલ થયા અને જ્યારે અશો ઝરતોશ્તનો ઝમાનો ઠેરવવાની તકરાર ચાલી રહી, ત્યારે

ભૂસ્તર અને ખગોળ વિદ્યાને આધારે આ પૃથ્વીનું પુરાતનપણું હઝારો વર્ષનું ઠર્યું અને Anthoropology પ્રમાણે માણસ જાતની વસ્તી આજથી હઝારો વર્ષ અગાઉની ઝાહેર થઇ; અસ્લી સુમીર્યન, અકાડયન, ઇજીપ્શિયન તેમજ એશિયામાંનાં બલ્ખ નઝદીકનાં ખોદી કઢાયલાં ખંડિયેરોનો ઝમાનો આજથી ઈ. સ. પૂર્વે ૮૦૦૦ થી ઉપર સૂધીનો ઝાહેર થયો, ત્યારેજ ભાષા શાસ્ત્રીઓએ સુમીર્યન અને અકાડયન ભાષાઓનું અવસ્તા સાથ મળતાપણું પારખી લઈ તે ભાષા અને સૂધારા Civilization ને અવસ્તા ઝમાના પછીનું ઠેરવ્યું અને તેથી અવસ્તાનો યાને કયાની ઝમાનો કે જેમાં અશો ઝરતોશ્ત જન્મ્યા હતા તે હખામન્યન યાને શેહનશાહો સાઈરિસ અને દારાયસના ઝમાના કરતાં કાંઈક હઝારો વર્ષ આગમચનો પુરવાર થયો.

હવે આ તો તવારીખી બીના છે કે history repeats itself even after ages and centuries તેમજ કેટલાક તવારીખનવેસોને યૂરોપ ખંડનાં કેટલાંક વર્ણન જાણે એશિયા ખંડના અહવાલોમાંથી ટપકાવેલાં હોય તેમ જણાય છે, પણ વધુ તેહકીકથી તે સદંતર જુદાં ઠરે છે.

સ્કોટલંડના બ્રુસ રાજાને એક કરોળિયાએ જે મેહનતથી પોતીકું દર મેળવ્યું તે જોઇ પોતાનું ઓહોળું રાજ મેળવવાનું સૂજ્યું, તેમજ તૈમૂરલંગને માટે એશિયા ખંડમાં જણાયલું છે. જેમ જુલ્યસ સીઝર નદી તરી જતો હતો, તેમજ એશિયાના બાબર જેવા પાદશાહે પણ કર્યું હતું. જેમ હાલ ઇંગલંડમાં પાર્લામેન્ટ છે, તેમજ પાર્થીયાના અશ્કાન્યન પાદશાહ મેહરદાદ પહેલાના વખતમાં ઈરાનમાં મેગેસ્તાન સ્થાપાઈ હતી. હોમરની ઇલ્યડ અને ઑડીસીનાં વર્ણનો, મહાભારત અને રામાયણનાં હિંદુ વર્ણનો તેમજ મહાન શાએર ફિર્દોસીનાં શાહનામાના ઝાબુલી પેહલવાનોનાં વર્ણનો વચ્ચેનું થોડુંક મળતાપણું જોઇ કેટલાક સાંકડા વિચારના વિદ્વાનો એવું લઈ દોડે છે, કે એ તો અસલ એક વાર્તા ઉપરથી બીજી ટપકાવવામાં આવી છે, પણ બારીક રીતે જોતાં તે અહવાલોમાં મળતાપણું કરતાં જુદાપણું વિશેશ માલૂમ પડે છે.

હવે કયાની અને હખામની વંશની વચ્ચે પણ કાંઇક તેવુંજ થોડું ઘણું મળતાપણું આવે છે, જેથી મરડી મોચડીને તે બંને એકજ છે એમ કહેવું તદ્દન ભૂલ ભરેલું છે. આપણે જાણિયે છિયે કે કયાની વંશનો સિલસિલો પીશદાદિયન વંશના સમાપ્ત થવા પછી કયકોબાદ જેવા અશો નરથી શુરૂ થાય છે, કે જેને ઝાલ અને રૂસ્તમે પોશ્તપનાહી આપી હતી. ત્યારબાદ ઇરાનનો heroic ઝમાનો કયકાઊસથી તે ગુશ્તાસ્પ સૂધી મળે છે, કે જે યૂરોપના Middle ages ના શાર્લીમેનનો કે crusaders ના King Arthur ના ઝમાનાને ઘણોજ મળતો આવે છે. હવે આ કયાની રાજાઓ હિંદુઓના રાજર્ષી, ખ્રીસ્ટીઓના પોપ અથવા Spiritual and Temporal Heads કે યાહુદીઓના Prophet Kings જેવા દીન અને દેશના સામતા વડા ગણાતા હતા. જ્યારે હખામની વંશ તો ઇ. સ. પૂર્વે ૮૦૦ ને શુમારે કોઈ હખામની નામના સરદારે પાર્સના તાયફાઓને ભેગા કરી સ્થાપીત કર્યો હતો અને હખામની ખાન્દાનના તીસ્પીસ નામના વીર પુરૂષે ઈલામ દેશના અન્શાનનાં પરગણાંને જીતી લઇને તેમાં વધારો કર્યો હતો. બારીકીથી જોતાં તીસ્પીસથી તે છેક સાઈરિસ ધી ગ્રેટ સૂધી અને તેઓના મળતા વિશેકો પાર્સ, ઇલામ, કેપેદોશ્યા અને આર્મીન્યામાં થોડેક અંશે સ્વતંત્ર રાજ્ય ચલાવતા હતા. Historian's history of the world સાઈરિસનું આખું વંશ આપે છે, તે વંશનું આખું લીસ્ટ તપાસતાં માલૂમ પડે છે કે તે વંશના સિલસિલા અને કયાની વંશના સિલસિલા સાથ કાંઇ પણ સંબંધ નથી. જ્યારે હખામની વંશના સિલસિલાની શહાદતો ખીલારોકી અને યૂનાની તવારીખથી મળે છે, ત્યારે કયાની સિલસિલાની શહાદતો અવસ્તા, પહલવી, ફાર્સી અને વેદ વગેરેમાંથી મળે છે. આ બંને ખરી છે અને બંને જુદી છે.

હવે અમોએ આગળ કહ્યું તેમ તવારીખ ઘણીક વેળા પાછીને પાછી વરસો અને સદીઓ પછી રજૂ થાય છે. તેમજ ઘણા બનાવો કયાની વંશનાં રાજ્યોમાં બનેલા તેવા થોડાક બનાવો હખામની

વંશનાં રાજ્યમાં બન્યા હતા, તે ઉપરથી એવું અનુમાન થઇ શકે નહીં કે આ બંને વંશો એકજ હતાં. અમોએ આગળ કહ્યું તેમ ઘણા કયાની પાદશાહોનાં દાસ્તાનોમાં અને હુખામની રાજાઓનાં દાસ્તાનોમાં મળતાપણું કરતાં જુદાપણું વિશેષ આવે છે. અત્રે દરેક કયાની પાદશાહો અને હુખામની રાજાઓની સરખામણી કરવાની અમો ઝરૂર ધારતા નથી. થોડાક અગત્યના પાદશાહોનાં રાજ્યનું મળતાપણું અને જુદાપણું અત્રે ટુંકમાં દર્શાવીશું, તેથી ઝટ માલૂમ પડશે કે આ બે વંશો તદ્દન જુદાં છે. સર્વથી વધારે મળતાપણું સાઇરસ ધી ગ્રેટ અને કયખુસરૂના બાબમાં છે. કયખુસરૂ લડાયક હતો તેમજ સાઈરિસ પણ હતો. કયખુસરૂ અને સાઈરિસ બંને પવિત્ર હતા. કયખુસરૂએ પોતાના મમાવા અફ્રાસિયાબ સાથ લડાઈ કરી હતી, સાઈરિસે પણ તેવીજ રીતે પોતાના મમાવા એસ્તાયજીસ સાથ કર્યું હતું. આ બંને પાદશાહોને ભરવાડે ઉછેર્યા હતા. અફ્રાસિયાબનો વઝીર પીરાન અને સાઈરિસનો વઝીર હાર્પેગસ બંને બાહોશ વઝીરો હતા. હવે આ મળતાપણું પછી તેઓ વચ્ચેનું જુદાપણું જોઇયે. કયખુસરૂનો બાપ સિયાવક્ષ મરણ પામેલો હતો. સાઈરિસનો બાપ કમ્બાઈસીસ પર્સીસનો પાદશાહ હતો, તે સાઈરિસની લડાઈ વખતે હયાત હતો. અફ્રાસિયાબ તો ફરીદૂનની તોખ્મનો કયાની અઉલાદનો તૂરાનનો પાદશાહ હતો, જ્યારે એસ્તાઈજીસ તો મીડયન જેવા લડાયક ટોળાનો ડીજોસિસના નબીરા કયાકસરિસ ધી ગ્રેટનો છોકરો હતો. કયખુસરૂનો બચાવનાર પીરાન તો અફ્રાસિયાબનો પિત્રાઈ થતો હતો અને અફ્રાસિયાબનો છેલ્લે મરણ સૂધી ઈમાનદાર વઝીર રહયો હતો, પણ સાઈરિસને બચાવનાર હાર્પેગસ જો કે એક પાદશાહી ઉમ્રાઓ હતો, પણ તે તો એસ્તાઈજીસથી ફરી બેસી સાઈરિસની બાંહે ધરી હેઠળ આવ્યો હતો. કયખુસરૂ તો કયકાઊસ પછી બાખ્ત્રીયાની બોહોળી સલ્તનતના કારોબાર ઉપર આવ્યો હતો, જ્યારે સાઈરિસ તો નાના પર્સીસનાં પ્રાંતના રાજાનો બેટો હતો. વળી જ્યારે કયખુસરૂ તો બાપના ખૂનનો કીનો લેવા અફ્રાસિયાબ જેવા બહાદુર પણ આકળા અને ઝનુની પાદશાહ ઉપર લડાઈ ચલાવી ગયો હતો, પણ સાઈરિસને તો જાતી જોખમદારીએ બળવો કરવાની ફરજ પડી હતી. સાઈરિસ તો યાહુદીઓનો તારનાર અને પાળનાર હતો, જ્યારે કયખુસરૂનાં રાજ્યમાં યાહુદી જેવી કઉમ પણ હજી હસ્તી ધરાવતી નહીં હતી. કયખુસરૂ તો પોતાના પિત્રાઈ લોહરાસ્પને ગાદી આપી ગોશેનેશીન થયો હતો, પણ સાઈરિસ તો ઇરાની સલ્તનત વધારવા જતાં સખ્ત ઝખમી થવાથી પાર્સગેર્દના મેહલમાં શાન્તિથી મરણ પામ્યો હતો. પાદશાહ કયખુસરૂ પરણ્યો નહીં હતો, જ્યારે સાઈરિસને તો બે છોકરા અને બે છોકરી હતી. જેમાંના વડા કમ્બાઇસિસે મિસર અને ઈજીપ્ત તેમજ આફ્રીકાના મોટા મુલકો સર કર્યા હતા.

આ ઉપરથી માલૂમ પડશે કે કયખુસરૂ અને સાઇરસ આ બેમાં મળતાપણાને બદલે જુદાપણું વિશેષ છે, જે ખુલ્લું પુરવાર કરે છે કે આ બે પાદશાહો તદ્દન જુદાજ છે અને આ બે વચ્ચે હઝારો વર્ષનો ગાળો પડેલો છે. એવુંજ કાંઈ મળતાપણું ગુશ્તાસ્પ અને દારાયસ હીસ્તાસ્પિસ વચ્ચે છે. પણ આજની શોધખોળોએ તદ્દન અચુક રીતે પુરવાર કર્યું છે, કે આ બે માણસો પણ તદ્દન જુદાજ છે. એક કયાની વંશનો અને બીજો હુખામની વંશનો છે. અને તેની સાબેતીમાં અમો થોડીક દલીલો રજૂ કરીશું, જેથી પુરવાર થઈ શકશે કે માલ્કમ જેવા તવારીખનવેસે કયાની અને હુખામની વંશને એકજ ગણવાની કોશેશ કરી હતી, તે તદ્દન ખોટી હતી.

પહેલું સર્વથી અગત્યનું એજ કે અગરજો પયગમ્બર સાહેબ ઝરતોશ્ત ખુદ દારાયસ હીસ્તાસ્પિસના વખતમાંજ થઈ ગયા હોય, તો તેવા અતિ અગત્યના બનાવ ઉપર દારાયસ જેવો ઠરેલ મગઝનો ડાહયો મહાવીર પુરૂષ કદી પણ પોતાની યાદગારી જાળવનારી તખ્તીઓમાં આંખવીચામણાં અને ચૂપકીદી એખ્તયાર કરે નહીં, કારણકે પોતાના દરેક અગત્યના બનાવોની વાસ્તવિક અને ખરી બારીકે બારીક હકીકતને સાચા એતેકાદથી અને અહુરમઝદને હાઝેર નાઝેર જાણીને લખી જાય, તે

આવા અતિ મહત્વના epoc making change વિષે નહીં બોલે એ તદ્દન બેહુદુ દીસે છે. બીજું જો વ્યાકરણ અને સઇલીના કાયદાથી આપણે ખીલારોકી ભાષા તપાસ્યે, તો માલૂમ પડશે કે તે એક જાતની અવસ્તાની અપભ્રંશ છે, કે જે અપભ્રંશ થવાને ઓછામાં ઓછી સદીઓ પસાર થઈ જવી જોઇયે. વળી અગરજો ઝરતોસ્ત સાહેબ ખુદ દારાયસનાજ વખતમાં જન્મ પામ્યા હતે, તો હખામની દઉરના સમાગમમાં આવેલા યાહુદી, ગ્રીક વગેરે ઓલ્માઓ તે બનાવથી કેવી રીતે અજાણ રહી શકે અથવા ચૂપકીદી એખ્તયાર કરી બેસે? તેથી ઉલટું ખુદ સાઇરિસના વખતનો લીડયાનો ઝન્થસ તો ઝરતોશ્ત સાહેબનો ઝમાનો મહાત્મા સાઇરિસથી કાંઇક સદીઓ આગમચ મેલે છે. હિરૉડોટસ તો પયગમ્બર સાહેબનું નામ વટિક પોતાનાં દફતરમાં આપતો નથી, પણ તે જે પાર્સી રાહ રસ્મોનો અહવાલ આપે છે, તે અસલ અવસ્તા પછીના બગાડા સાથનો પાર્સી ધર્મ દેખડાવે છે. ટીસ્યસ જે ઇરાની દરબારનો હકીમ હતો અને ઇરાનનાં દફતરખાનાનો લાભ મેળવનાર હતો, તે તો અશો ઝરતોશ્તને કોઇ આગળા વખતમાં થઈ ગયલો ધારે છે. પ્લેટો, ઍરીસ્ટોટલ વગેરે તો તે અશો નરને ઈ. સ. પૂ. ૬૦૦૦ તો શું પણ કેટલાક તો ટ્રોયની લડાઈની પણ ૫૦૦૦ વર્ષ આગળ થઇ ગયલો જાહેર કરે છે, કે જે પયગમ્બરનો ઝમાનો તેજ કયાની ઝમાનો છે અને હખામની, દારાયસ વગેરે ઝમાનાના યૂનાની મહાન પુરૂષોની સેંકડો વર્ષ પૂર્વેના છે. હવે અવસ્તામાં જે દીન કે દેશ દુશ્મનોનાં નામો મળે છે, તેમાં કેથે જરાક પણ ઇશારો એલેકઝાન્ડર ધી ગ્રેટ વિષે મળતો નથી. એટલુંજ નહીં પણ ખુદ પાર્સી કીર્તિનાં સ્થંભ pillars of strength જેવા મહા બળવાન શેહનશાહો સાઇરસ, કમ્બાઇસિસ, દારાયસ હીસ્તાસ્પિસ, ઝર્કસિસ, આર્તાઝર્કસિસ લૉન્ગીમેનસ, દારાયસ નોથસ, આર્તાઝર્કસિસ નીમન, નાનો સાઇરસ, દારાયસ ઓકસ કે દારાયસ કોડોમેનસ વિષે એક પણ હરૂફ મળતો નથી. એથી પણ વધુ અવસ્તામાં હખામનીઓના વખતની સેંકડો વર્ષ આગમચ થઈ ગયલા આર્યન તાયફાઓ મીડ, ખોરાસ્મી, આર્મીન્યન, પાર્થીયન વગેરે વિષે તેમજ સેમેટિક તાયફાવાળા મહા બળવાન એસીર્યન, બેબિલોન્યન, ખાલ્ડયન, મીસરી, ફીનિશ્યન એવા અગત્યના તાયફાઓનાં નામ કે કામના એશારા બિલ્કુલ મળતા નથી. તેમજ અવસ્તાની ભૂગોળમાં જે અસ્લી નામો મળે છે, તેથી સદંતર જુદાંજ અને અજાયબ કિસમનાં શેહરો આ એસીર્યન, મીડયન, મન્ડા, વગેરે ઝમાનામાં મળે છે, જેવાં કે બેબિલોન, નિનિવેહ, અકબેતાના, પર્સીપોલીસ દેમાસ્કસ, આર્બેલા વગેરે. તેમજ અવસ્તામાં નાઇલ, ટાઇગ્રીસ, વગેરે નદીઓનાં નામો બિલ્કુલ મળતાં નથી, કે જે નામો આજે લગભગ ઈ. સ. પૂ. ૫૦૦૦ વર્ષથી પણ વધુ પૂરાણા છે. આ ઉપરથી માલૂમ પડે છે કે અવસ્તા લખાણ જે કયાની ઝમાનામાં અશો ઝરતોશ્તથી શુરૂ થયું, તે હખામની શેહનશાહતની પણ કાંઇક સદીઓ આગમચ લગભગ સદંતર સમ્પૂર્ણ થયલું હોવું જોઇયે. વળી અશો ઝરતોશ્તના જે નામચીન ચેલાઓનાં નામો જેવાં કે જામાસ્પ, ફ્રશોસ્ત્ર, હુતઓસિ વગેરે ફ્રવર્દીન યશ્તમાં છે તેમાંના કોઇનું પણ નામ ખીલારોકી તખ્તીઓમાં કે ગ્રીક નવીસંદાઓનાં લખાણમાં જોવામાં આવતું નથી. જે ઉપરથી એમ માલૂમ પડે છે કે યૂરોપિયનોને જણાયલી so called dawn of history ની પણ પૂર્વે સેંકડો વર્ષ ઉપર અશો ઝરતોશ્ત સાહેબ જન્મ પામ્યા હતા, કે જે કયાની ઝમાનો હતો.

ત્યારે ઉપલી થોડીક દલીલો ઉપરથી માલૂમ પડશે કે કયાની અને હખામની વંશો બંને તદ્દન જુદાં છે. અને એકેક પછી તેઓ હઝારો વર્ષને અંતરે થઈ ગયા છે. કયાની અને હખામની ટોળી એકજ હતો, એવું બતલાવવા જાણિતો તવારીખનવેસ માલ્કમ કેટલીક Analogy દેખડાવે છે, જેમ કે હખામનીશ પાદશાહને એક ગરૂડ પક્ષીએ પાળી મોટો કર્યો હતો, તેજ પ્રમાણે ઝાલેઝરને સીમુર્ગે ઉછેર્યો હતો. પણ એવી દંતકથાઓ તો બીજી તવારીખોમાં પણ મળે છે જેમ કે સેમીરામીસને એક કબુતરે ઉધારી હતી અને સાઇરિસને એક કુતરીએ ધવાડયો હતો. એવી એવી દંતકથાઓની સરખામણી તો જગેજગ મળે છે. પણ આવી રીતે બે તવારીખોને થોડાક મળતા આવતા

પણ ઘણી અગત્યની બાબતમાં જુદા પડતા તવારીખી અહવાલોને ઠોકી ઠાકીને એકસાન કરવાથી Confusion worse confounded જેવી હાલત થઈ પડે છે. પણ હવે આજના વિદ્વાનો કબૂલ કરે છે કે કયકોબાદથી ગુશ્તાસ્પ સૂધીના પાદશાહો કયાની હતા અને તેઓને હખામની પાદશાહો જેવા કે સાઈરસ કે દારાયસ હીસ્તાસ્પિસ સાથ કાંઈજ લાગતું વળગતું નથી. તેઓ એકમેક પછી સેંકડો વર્ષને અંતરે થઇ ગયા છે. પણ તેઓ ફિર્દોસીએ આપેલાં ગુશ્તાસ્પ વેરનાંજ રાજ્ય માટે આ બાબતમાં એકમત છે. પણ હવે ખરો ગૂચવાડો તો ગુશ્તાસ્પ પછીનાં રાજ્યોમાં આવે છે. ફિર્દોસી પ્રમાણે ગુશ્તાસ્પ પછી બહમન, હોમા, દારાબ અને દારા એ ચાર પાદશાહો થઈ ગયા. અને છેલ્લા દારાના વખતમાં સિંકદર કયાની વંશની આખેરી લાવ્યો. હવે આજના વિદ્વાનો આજની શોધખોળ ઉપરથી એવું ઝાહેર કરે છે કે ગુશ્તાસ્પ પછીના જે રાજ્યો ફિર્દોસીએ આપ્યાં છે, તે કયાની નહીં પણ હખામની પાદશાહો છે. અર્દશીરે દરાઝદસ્ત, દારાબ, દારા વગેરે પાદશાહો કયાની છેજ નહીં, પણ હખામની છે, અને તે ફિર્દોસીએ પોતાની વાર્તાનો સિલસિલો લાવવા ગુશ્તાસ્પ પછી હખા-મની વંશના છેલ્લા પાદશાહોને મૂકી દઈ કયાની અને હખામની પાદશાહોની ગૂચવણ કરી મૂકી. તેઓ એવું ઝાહેર કરે છે કે ગુશ્તાસ્પ પછીનો બહમન જેને અર્દશીરે દરાઝદસ્ત તરીકે પણ ઓળખતા હતા અને જે હખામનીનો આર્તાઝર્કસિસ લોન્ગીમેનસ છે, તે ગુશ્તાસ્પ પછી હઝારો વર્ષ પછી થઈ ગયો હતો. અર્દશીરે દરાઝદસ્તને બરાબર મળતું ગ્રીક નામ આર્તાઝર્કસિસ લોન્ગી-મેનસ છે. અને તે તો ઈ. સ. પૂ. ૪૦૦ વર્ષ ઉપર થઇ ગયો હતો. ત્યારે તે અને ગુશ્તાસ્પ (યાને અશો ઝરતોશ્તનો ઝમાનો જે ઈ. સ. પૂ. ૫૦૦૦ વર્ષ ઉપરનો પુરવાર થયો છે તે)ની પછીનો બહમન યાને અર્દશીરે દરાઝદસ્ત એકજ કેમ હોઈ શકે? તેજ પ્રમાણે દારાબ અને દારા તેજ દારાયસ ઓકસ અને દારાયસ કોડોમેનસ નામના હખામની શેહનશાહો છે અને એ છેલ્લા દારાયસ કોડોમેનસનેજ સિંકદરે હરાવ્યો હતો, કે જેમ ફિર્દોસી દારા માટે લખે છે. આ સઘળાં એકસરખાં નામો અને થોડાક બનાવોનાં મળતાપણાંને લીધે આજના વિદ્વાનો એવું ખુલ્લું ઝાહેર કરે છે કે કયાની વંશ તો ગુશ્તાસ્પ વેરજ જાણીતો છે. પછી તે વંશની શી હાલત થઇ તે આપણે જાણતા નથી. અને બહમનથી તે દારા સૂધીના પાદશાહો તો હખામનીજ છે, જેઓને ભૂલથી અત્રે કયાનીમાં ગોઠવી દેવામાં આવ્યા છે. પણ અમો કહેવાને દિલગીર છિયે કે આ અનુમાન સાથ અમો મળતા થઇ શકતા નથી. અમો એમ કહયે છિયે કે ગુશ્તાસ્પ પછી ખરેખર બહમન, હોમા, દારાબ અને દારા જેવા કયાની પાદશાહો, જેમ ફિર્દોસી લખે છે તેમ થઇ ગયા હતા. તેઓ કયાનીજ હતા, હખામની નહીં. જેઓ આર્તાઝર્કસિસ લોન્ગીમેનસ, દારાયસ ઓકસ અને દારાયસ કોડોમેનસ તરીકે જાણીતા થઈ ગયા છે, તેઓ ખરેખર હખામની વંશનાજ હતા. આ શાહનામાના બહમન, દારાબ અને દારા, તેજ હખામનીના આર્તાઝર્કસિસ લોન્ગીમેનસ, દારાયસ ઓકસ અને દારાયસ કોડોમેનસ છે, એમ અમો કહી શકતા નથી. તેઓ બંને જુદા છે અને બંને દુન્યામાં રાજ્ય કરી ગયા છે. પણ ત્યારે આ સઘળા ગડબડ ઘોંટાળાનું કારણ શું? કારણ ફકત એકસરખાં નામો છે. અને તેની સાથ થોડીક હખામની વંશની વાર્તાઓ અત્રે ઘુસી ગઇ છે તે છે. મળતાં નામોની મોહકાણુને લીધે ફાર્સી શાએરો અને ખાસ કરીને ફિર્દોસીએ ઘણીક હકીકતો અને બીનાઓ જે હખામની વંશના દારાયસ ઓકસ અને દારાયસ કોડોમેનસની હતી, તે કયાની દારાબ અને દારાને લાગુ પાડી દીધી. અને તેથીજ આ મોટો ગૂચવાડો ઉત્પન્ન થયો. જો આપણે બારીકીથી કયાની બહમન, દારાબ અને દારાનાં રાજ્યો અને હખામની આર્તાઝર્કસિસ, દારાયસ ઓકસ અને દારાયસ કોડોમેનસનાં રાજ્યો તપાસીશું, તો માલૂમ પડશે કે મળતાં નામો અને કાંઈક થોડીક વાર્તાઓ સિવાય ઘણી બાબતો એકેકથી જુદી છે. આર્તાઝર્કસિસથી તે દારાયસ કોડોમેનસનાં રાજ્ય સૂધીનો જે અહવાલ આપણુને ગ્રીક લખનારાઓ ઉપરથી મળે છે, તેમાં અને ફિર્દોસીના બહમનથી દારા સૂધીનાં રાજ્યના બનાવોમાં આસ્માન અને ઝમીનનો ફર્ક છે. એક ફકત એલેક્ઝાન્ડરની વાર્તા

બરોબર મળતી આવે છે. પણ અહીં ખરી રીતે ફિર્દોસીએ મોટું ઘોટું ખાધું છે. અને તેણે થોડાક બનાવો હુખામની દારાના કયાની દારામાં ભેળી નાખ્યા છે, બાકી બીજી તવારીખમાં તો ઘણોજ મોટો ફેર છે. શાહનામાના દારાબની વાર્તામાં પણ ફિર્દોસી ભૂલથી થોડુંક દારાયસ ઓકસનું વર્ણન આપી જાય છે, જેવું કે શોઈબ નામે અરબ સરદારની ઈરાન ઉપરની ચઢાઇ તેમજ ફિલિપ સાથની લડાઈ પણ બાકીના બનાવો જુદા છે. બહમનનું સેફાતી નામ કદાચ ફિર્દોસી પ્રમાણે અર્દશીરે દરાઝદસ્ત હોય, કે જે તેના લામ્બા હાથોને લીધે આપવામાં આવ્યું હોય; પણ તેથી કાંઈ તે હુખામની આર્તાઝર્કસિસ લોન્ગીમેનસ ઠરતો નથી, કારણકે તેઓનાં કામોમાં ઘણોજ મોટો ફર્ક છે. આર્તાઝર્કસિસ કાંઈ લડાયક નહીં, પણ સુલેહ શાન્તિ ચાહનાર પાદશાહ હતો. અર્દવાન જેણે ઝર્કસિસનું તેમજ તેના વડા છોકરા દારાયસનું ખૂન કર્યું હતું, તેનું ભોપાળું બાહેર પડતાંજ આર્તાઝર્કસિસે તેને ઘટટે ફયઝે પહોંચાડયો હતો; પણ પોતાના વડિલ ભાઈ વીશ્તાસ્પ તે બેક્ટ્રિયાના હાકેમનો હક્ક તેણે ખૂંચવી લઈ તેને ગયર ઈન્સાફ કર્યો હતો. એના વખતમાં ઇજીપ્ટ વગેરેના છૂટા છવાયા બળવા સિવાય ઝાઝું થયું નહીં હતું. કહે છે કે સાઈરસ અને દારાયસ માફક એની માયા મેહરબાની યાહુદી કઉમ ઉપર વિશેષ હતી અને એથન્સ સ્પાર્ટાના યૂનાની રાજ્યો વચ્ચેનાં પેલોપોનિસ્યન યુદ્ધ વખતે તે બંને રાજ્યો એને પોતા તરફ ખેંચવા આતુર હતાં. એનાં મરણ બાદ એના છોકરા ઝર્કસિસનું ખૂન તેના એક ભાઈને હાથ થયું હતું; પણ તે પણ થોડુંકમાંજ પોતાના એક બીજા ભાઈ ઓકસના હાથ ઉપર માર્યો ગયો. આ ઓકસને તે એક બેબિલોન્યન રાંડ concubine ને પેટનો હતો, એમ કહી ગ્રીક લખનારાઓ Nothus કહી ગયા છે. આ પાદશાહ ગાદી ઉપર આવ્યા પછી દારાયસ બીજો એવાં નામથી ઝાહેર થયો. એનું રાજ્ય મીસરનું હુલ્લડ, કુટુંબી કજિયા વગેરેથી ભરપુર હતું. તેની રાણીનું નામ પરીઝાદ Parisatis હતું, જેણી બાહોશ, ચંચળ અને ખટપટી હતી. એ પાદશાહને બે છોકરા અર્શીશ અને સાઈરિસ હતા, કે જે તવારીખમાં આર્તાઝર્કસિસ નીમન અને સાઈરિસ the younger ને નામે વખણાઇ ગયા છે. જવાન સાઇરસ માબાપનો લાડકો તેમજ બાહોશ, ખટપટી અને લોભી હોવાથી ફકત તેર વર્ષની નાઝુક વયથીજ રાજકારોબારમાં જોડાયો હતો; અને આસરે ચૌદ પંદર વર્ષે તો તે એથન્સ સામે લશ્કરનો સરદાર નેમાયો હતો. યૂનાની લખનારાઓ એ શાહઝાદાની જાબજા તારીફ કરી ગયા છે; અને અગરજો તેનાં બખ્તે તેને યારી આપી હતે, તો તે કદાચ એલેકઝાન્ડર ધી ગ્રેટ કરતાં કાંઈક વધુ કરી બતાવતે; પણ તે અતિ લોભી અને આકળો હોવાથી જ્યારે તેનો પિતા દારાયસ મરણ પામ્યો ત્યારે પોતાના વડિલ ભાઈનું ખૂન કરવાની તજવીઝ કરી હતી. અને જો કે અર્શીશ જેણે રાજ્ય ઉપર આવતાં ઝર્કસિસ બીજો નામ ધારણ કર્યું હતું અને જેની સરસ મગઝશક્તિને લીધે તેને “નીમન” કહેતા હતા, તેણે પોતાની માતાની સમજાવટથી આ સરકશ શાહઝાદાને માફી બક્ષી, તોપણ પાછળથી તેણે ગ્રીક અને ઈરાની લશ્કર લઈ આર્તાઝર્કસિસ ઉપર હુમ્લો કર્યો; પણ તે શાહઝાદાને નસીબે યારી નહીં આપી તેથી તે પોતાના ભાઇનાજ હાથ ઉપર માર્યા ગયો. આ પછી થોડાજ વખતમાં એથન્સ, સ્પાર્ટા વગેરે લડતાં રાજ્યોએ ઈરાનના પાદશાહનું વડપણ કબૂલ્યું, અને ગ્રીકનું સ્વતંત્રપણાંનું ઝોર નર્મ પડી ગયું. પણ પાછળથી માંહોમાંહેના કુટુંબી કજિયા અને મિસર, એશિયા માઈનર વગેરેના બળવાથી આ નામચીન પાદશાહને પરેશાની અને હયરાનગતિ થઈ. અને એના પછી એનો બહાદુર પણ ઘાટકી બેટો ઓકસ ગાદી ઉપર આવ્યો, જેને દારાયસ ઓકસ કરીને કહે છે. એણે બળવાઓ લગાર કરડી રીતે બેસાડી દીધા. ઈરાની લખનારાઓ મૂજબ મેસિડોનના રાજા ફિલિપે ધારા મૂજબ એને ખંડણી નહીં આપવાથી તેની ઉપર એ ચઢાઇ લઈ ગયો અને તેને હરાવી ખંડણી આપવાની ફર્ઝે પાડી. ઓકસના વખતમાં ઈરાન પાછું ઘણી ઊંચી ટોચે પુગી ગયું હતું. પણ થોડાક વર્ષમાં તે નામચીન પાદશાહનું તેમજ તેના બેટા અર્શીશનું ખૂન તેના નિમકહરામ વઝીર બગવાસે કર્યું. હવે આ વઝીરે ઈરાનની ગાદી ઉપર દારાયસ નોથસના બેટાના નબીરા દારાયસ

કોડોમેનસને ગાદી ઉપર બેસાડી, પોતે રાજ્ય ચલાવવાની પયરવી કરી. પણ જ્યારે તે પાદશાહ તેને તાબે નહીં થયો ત્યારે તેણે તે પાદશાહને ઝેહર આપી મારી નાખવાનું કાવતરૂં રચ્યું. પણ દારાયસ તેનું કાવતરૂં ચેતી ગયો અને તેનેજ તે ઝેહર પીવાની ફર્ઝ પાડી, જેથી તે વઝીર માર્યો ગયો. પણ બહાદુર, ભલા અને શૂરા દારાયસનું નસીબ બુલંદ નહીં હોવાથી તુરતજ તેને સિકંદર સાથ લડાઇ શુરૂ થઈ, જેમાં શેવટે દારાયસ હાર્યો અને કાંઇ પણ તે વધુ કરે તે પહેલાં તે પોતાના ગોઠિયા બિસસ અને બીજાઓથી ઠાર થયો. આ હખામની આર્તાઝર્કસિસ લોન્ગીમેનસથી કે દારાયસ કોડોમેનસ વેરની તવારીખ છે. પણ શું તે કોઈ પણ રીતે ફિર્દોસીએ આપેલાં બહમનથી કે દારા સૂધીનાં રાજ્યોને મોટે ભાગે મળતાં આવે છે? અમો હિમ્મતથી કહીશું કે બિલ્કુલજ નહીં. બહમનથી દારા સૂધીનો ફિર્દોસીનાં શાહનામાનો અમારો ગુજરાતી તર્જુમો વાંચવામાં આવશે અને તેને અમોએ ઉપર આપેલા હખામની વંશના પાદશાહોના અહવાલ સાથ સરખામણી કરવામાં આવશે, તો તુરત જણાઇ આવશે કે ફિર્દોસીના કયાની બહમન, હોમા, દારાબ અને દારાનાં રાજ્યોના બનાવો અને હખામની આર્તાઝર્કસિસ લોન્ગીમેનસથી તે દારાયસ કોડોમેનસ સૂધીના રાજ્યોના બનાવોમાં ઘણોજ મોટો ફર્ક છે. અત્રે તે બાબત અમો ટુંકમાં દર્શાવીશું. ફિર્દોસી મૂજબ કયાની ગુશ્તાસ્પ પછી તેના ફતેહમંદ છોકરા રૂઇનતન અસ્ફંદિયારના બેટા બહમનને ગાદી મળી, જ્યારે દારાયસ પછી તો તેનો બેટો મહાન ઝર્કસિસ ગાદીએ આવ્યો, અને તેણે પંદર વર્ષ રાજ્ય કર્યું. અસ્ફંદિયારની લડાઈ ધર્મને લગતી હતી, જ્યારે ઝર્કસિસની લડાઈ Political રાજદ્વારી હતી. અસ્ફંદિયાર એક શાહઝાદો અને સરદાર હતો, જ્યારે ઝર્કસિસ તો પાદશાહ થયો હતો, અસ્ફંદિયાર તો અશો ઝરતોશ્ત તરફની તેમજ પોતાના પિતા ગુશ્તાસ્પ તરફની તાબેદારીથી અને પોતાની બેહેનોને અર્જાસ્પના હાથમાંથી છોડવવાની પૂર્વ એશિયા મધ્યેની લડાઈથી જાણિતો થયો હતો, જ્યારે ઝર્કસિસ તો મિસર ગ્રીકની ચઢાઈ તેમજ પર્સીપોલીસના મેહલોથી જાણિતો થયો હતો. અસ્ફંદિયારનું મોત લાવનાર રૂસ્તમ તો પોતાના ભાઇ શગાદનાં કાવતરાંનો ભોગ થઈ મરણ પામ્યો, જ્યારે ઝર્કસિસનું ખૂન કરનાર અર્દવાન તો પોતે રાજ્ય ચલાવવાની કોશેશ કરતાં પોતાને ફયજે પહોંચ્યો. બહમને પોતાના બાપનાં ખૂનના વેરમાં રૂસ્તમનાં મરણ બાદ, તેના છોકરા ફરામર્ઝ તેમજ આખાં ઝાબુલને તારાજ કર્યું; પણ તેવું કશું પણ અર્દવાનના મળતા વિશેકોના બળવા વખતે આર્તાઝર્કસિસે કરેલું જણાતું નથી. જાણિતો તવારીખનવેસ માલ્કમ તો પોતાની તકરાર અને દલીલોને મઝબૂતી આપવા આર્તાઝર્કસિસ નીમનના રાજ્યને પણ બહમનનાં રાજ્ય સાથ સરખાવે છે, કે જેની ઉપર બૂઢાપામાં પોતાની બેટી સાથ બદકામ કરવાનું ગ્રીક લખનારાઓએ જણાવ્યું છે, કે જેમ બહમન માટે પણ ભૂલમાં તેની હોમા નામની બેટી સાથ કરેલું ફાર્સી શાએરો જણાવે છે. પણ આ બાબત વિષે અમો અમારાં સાતમાં વૉલ્યુમના દીબાચામાં પુરતું બોલ્યા છિયે. પણ જ્યારે આર્તાઝર્કસિસ લોન્ગીમેનસનું રાજ્ય તેના ભાઇ વીશતાસ્પ સાથની લડાઈ પછી લગભગ સુલેહ ભરેલું પસાર થયું હતું, અને શેવટે ઇજીપ્ટ વગેરેના બળવાથી સેહેજ જોખમાયું હતું, અને જે પાદશાહની મદદ એથન્સ અને સ્પાર્ટાનાં રાજ્યોએ માહોમાહેની લડાઈમાં માગી હતી, અને જેમ આર્તાઝર્કસિસ નીમનનું રાજ્ય, પાર્સી સર્વોપણું ગ્રીસે સ્વીકારવા, તેમજ સાઇરિસની ચઢાઈ, ગ્રીકોના બાઝગશ્ત Retreat of Ten Thousand, તેમજ એશિયા માઇનરના બળવાથી જાણિતું થયું હતું, ત્યારે તેવું કશુંબી બહમનનાં રાજ્યમાં બન્યું હતું નહીં. વળી બહમન પછી હોમાય ગાદીએ આવી, જ્યારે આર્તાઝર્કસિસ લોન્ગીમેનસ પછી તેના બેટાઓ ઝર્કસિસ, સોગ્દિયાનસ અને દારાયસ નોથસ ગાદીએ આવ્યા હતા. અને આર્તાઝરકસિસ નીમન પછી દારાયસ ઓકસ ગાદીએ આવ્યો હતો. વળી હોમા તો રાજ્ય કરતી રાણી હતી, જ્યારે આર્તાઝર્કસિસ લોન્ગીમેનસની રાણીઓ કે બેટીઓ તેમજ આર્તાઝર્કસિસ નીમનની રાણી સીતેતિરા કે માદર પેરીઝાતીસ કે બેટીઓએ કાંઇ રાજ કર્યું હતું નહીં. પેરીઝાતિસ તો લગાર આકળા સ્વભાવની અને ઘાટકી હતી, જ્યારે હોમા તો માયાળુ હતી

અને એક માતા માફક રાજ્ય કર્યું હતું, અને પોતાના બેટા દારાબને નદીમાં નખાવી દેવાથી પશ્ચાતાપમાં પડી હતી, અને દારાબની હયાતી જણાતાંજ તેને રાજ્ય સોંપી ખોદાની બંદગીમાં બેઠી હતી. હવે શાહનામાની હોમાની દંતકથા એસીર્યન રાણી સેમિરામિસ સાથ મળતી આવવાથી અગરજો ફિર્દોસીએ તેણીને પોતાના બાપ સાથ આડો વહેવાર હતો એમ દેખાડયું હોય, તો તે સમજી શકાય એવી ચૂક છે. હવે દારાયસ નોથસ અને દારાયસ ઓકસ જરા ઘાટકી વર્તણુંકવાળા હતા અને ભાઇ ભાંડુનાં ખૂન કરી રાજગાદી ઉપર આવ્યા હતા, જ્યારે દારાબ તો એની માદર પછી સુલેહ ભરી રીતે ગાદીએ આવ્યો હતો; જો કે તે કદાચ સખ્તાઇ ભરેલો હોય. દારાબની પયદા થવાની હકીકત દારાયસ નોથસ કે ઓકસમાં નથી. હવે દારાયસ પછી તો તેનો બેટો અર્શીશ ગાદીએ આવ્યો, કે જેને પણ ઓકસના ખૂની બગ્વાસે પુરો કર્યો હતો, અને નોથસના બેટાની અઉલાદના દારાયસ કોડોમેનસને ગાદી આપી હતી, કે જે કોડોમેનસ કાંઈ ઓકસનો બેટો થતો હતો નહીં. દારાયસ કોડોમેનસ તો ધચુપચુ મનવાળો પણ ખૂબસૂરત, બહાદુર અને સરદારીના ગુણવાળો ભલો, શૂરો પણ કમનસીબ પાદશાહ હતો, જ્યારે દારાબનો બેટો દારા સીગર તો ઠિંગણો, બેડોળ, મનશક્તિનો કાચો, પણ બહાદુર હતો; જો કે તે બંનેનાં રાજ ઉપર આવતાં રાજ્યકારોબાર બગડેલી હાલતમાં હતા. દારાબે ૧૨ અને દારાએ ૧૪ વર્ષ રાજ્ય કર્યું હતું, જ્યારે દારાયસ ઓકસે ૨૧ અને દારાયસ કોડોમેનસે ફક્ટ ૬ વર્ષ રાજ્ય કર્યું હતું. આવી રીતે આ બંને વંશોના રાજ્યમાં મળતાપણું કરતાં જુદાપણું વિશેષ માલૂમ પડે છે. ખરી વાત છે કે મળતાં નામોની મોહકાણને લીધે કેટલીક હખામની તવારીખ ફાર્સી શાએરોએ આ કયાની પાદશાહોને લગાડી છે; જેમ કે દારાબનાં વર્ણનમાં ભૂલચૂકથી થોડુંક દારાયસ ઓકસનું વર્ણન ફિર્દોસી આપી જાય છે, જેમ કે શોઇબ નામે અરબ સરદારની ચઢાઈ અને ફિલિપ સાથની લડાઇ. પણ આ ફક્ટ એકસરખાં નામોને લીધેજ ભૂલ થયલી દીસે છે. અને એવીજ રીતે દારાના વખતમાં સિકંદરનું દાસ્તાન ફિર્દોસી આપી જાય છે, કે જે સિકંદરે દારાયસ કોડોમેનસને હરાવ્યો હતો. પણ એ સિવાય મોટે ભાગે ફિર્દોસીના કયાની બહમનથી દારા અને હખામની આર્તાઝર્કસિસ લોન્ગીમેનસથી કે દારાયસ કોડોમેનસ વચ્ચે આસ્માન ઝમીનનો ફેર છે. જ્યારે ફિર્દોસી પ્રમાણે ગુશ્તાસ્પ પછી ચારજ રાજાઓ થઇ ગયા, ત્યારે હખામની દારાયસ પછી તો ચારથી વધુ પાદશાહો રાજ્ય કરી ગયા છે. માટે મળતાં નામો અને થોડીક મળતી આવતી બાબતોને લીધે એમ કહેવું, કે અર્દશીરે દરાઝદસ્તથી તે દારા સૂધીના કયાની પાદશાહો કયાની નહીં પણ હખામની છે, એ ભૂલ ભરેલું છે. થોડાક મળતા દાખલા ઉપરથી હદ બાહેરના જુદાપણાં ઉપર આપણે કદી પણ આંખવીચામણી કરી શકયે નહીં. મળતાપણું તો ઘણી વખતે સદીઓ પછી આવે, પણ તેથી તેઓ એકજ છે એમ કહી શકાય નહીં. History repeats itself તેમ તવારીખી બનાવો જો પાછા સદીઓ પછી રજૂ થાય તો શું તે બનાવને આપણે એકજ ગણીશું? વળી નામો પણ ઘણીક વખતે એકજ આવે છે, જેમ કે હાલમાંજ ઇંગલંડમાં ઘણાક જ્યોર્જો થઈ ગયા છે તેથી શું કોઇ એમ કહેશે, કે જ્યોર્જ પહેલો તેજ જ્યોર્જ ચોથો હતો? વળી ઘણા બનાવો જ્યોર્જ બીજામાં બન્યા તેવાજ બનાવો જ્યોર્જ ત્રીજામાં બન્યા હતા, જેવા કે ફ્રાન્સ સાથની લડાઇ વગેરે, તેથી શું કોઇ પાછળનો તવારીખનવેસ એમ કહેશે, કે જ્યોર્જ બીજો તેજ જ્યોર્જ ત્રીજો હતો? જ્યોર્જ બીજા કે ત્રીજાના વખતમાં જર્મની સાથ લડાઈ થઇ હોય અને તેજ પ્રમાણે હાલમાં આપણા શેહનશાહ જ્યોર્જ પાંચમાંના વખતમાં જર્મની સાથ લડાઇ થઈ છે, તો શું સદીઓ પછી પાછલા તવારીખનવેસો એમ કહેશે, કે જ્યોર્જ ત્રીજો તેજ જ્યોર્જ પાંચમો હોવો જોઇયે? કારણકે થોડાક બનાવો જ્યોર્જ ત્રીજાના વખતમાં બન્યા, તેવાજ થોડાક બનાવો જ્યોર્જ પાંચમાંના વખતમાં બન્યા. વળી યૂરોપમાં ચાર્લસ નામના રાજાઓ એક્કી વખતે ઘણા દેશોમાં થઈ ગયા છે. જેમ કે ઇંગલંડ, જર્મની, ફ્રાન્સ, સ્વિડન વગેરે, પણ તેથી શું મળતાં નામને લીધે પાછલા લખનારાઓ એમ કહેશે, કે જર્મનીનો ચાર્લસ, તેજ ફ્રાન્સનો ચાર્લસ હતો?

ત્યારે આ ઉપલી સઘળી દલીલોથી જોઈ શકાશે કે અગરજો કે તવારીખી બનાવો કેટલીક વખતે અતિઘણું મળતાપણું દેખાડે છે, પણ તેથી કાંઈ એમ સાબેત થતું નથી કે તે બનાવો એકજ ઠેકાણે અને એકજ ઝમાનામાં બન્યા હોય. અને તેથીજ અગરજો કે કયાની અને હુખામનીઓ વચ્ચે ચોકસ અંશે મળતાપણું નઝરે આવે છે, પણ જ્યારે આપણે તેઓના જુદાપણા ઉપર નઝર કર્યે છિયે ત્યારે આપણને માલૂમ પડે છે કે તે બંને વંશો વચ્ચેનું જુદાપણું મળતાપણાં કરતાં વિશેષ છે.

હવે ફિર્દોસી તેમજ બીજા ફારસી શાએરો પ્રમાણે પયગમ્બર ઝરતોશ્ત પછી આસરે ત્રણુસો વર્ષે સિકંદર નામના દીન દુશ્મને કયાની વંશની સમાપ્તી આણી અને દીનને નુકસાન પહોંચાડયું. પણ અમોએ અમારાં છઠ્ઠાં વૉલ્યુમના દીબાચામાં "અશો ઝરતોશ્તનો સને"વાળી બાબતમાં અવસ્તા, વેદ, ઈજીપ્ટ અને બેબિલોન વગેરેની તવારીખ, તેમજ રોમન, ગ્રીક અને મોહમ્મદન લખનારાઓની શહાદત આપી પુરવાર કર્યું છે, કે કયાની ઝમાનો યાને અશો ઝરતોશ્તનો ઝમાનો તો લગભગ ઈ. સ. પૂર્વે ૫૦૦૦ વર્ષ ઉપરનો છે; તો પછી સિકંદર કે જેણે અશો ઝરતોશ્ત પછી લગભગ ૩૦૦ વષ ઈ. સ. પૂર્વે ૩૨૩ માં ઈરાનનું રાજ્ય જીતી લીધું એમ કેમ બની શકે? ત્યારે એટલી તો સિદ્ધ થયલી બીના છે અને હાલમાં તે ઘણા વિદ્વાનો કબૂલ કરે છે, કે સિકંદર કાંઈ અશો ઝરતોશ્ત પછી ત્રણુસો વર્ષ ઉપર થઇ ગયો હતોજ નહીં, બલ્કે તે તો અશો ઝરતોશ્ત પછી કાંઈક સદીઓ પછી થઈ ગયો હતો.

પણ ફિર્દોસી અને બીજા ફારસી શાએરોને મળતોજ વિચાર બીજા અસ્લી લખાણોમાં પણ મળે છે; જ્યાં એવું કહેવામાં આવ્યું છે, કે આપણી દીન બાખ્ત્રીયાની સરઝમીન ખાતે બરોબર ત્રણુસો વર્ષ સૂધી સાબેત કદમ રહી શકી હતી. ત્યાર બાદ તેમાં બગાડો શુરૂ થયો હતો. વળી દીનકર્દમાં પણ અશો ઝરતોશ્ત અને દાદાર અહુરમઝદ સાથની વાતચિત્તનો નીચલો ફક્રો મળે છે, જ્યાં અહુરમઝદ કહે છે, કે "જ્યારે તારી આ માઝદયસ્નની દીનને ચારસો વર્ષ થશે ત્યારે તેમાં બૂરી દીનવાળાઓથી ખરાબી થશે........તે વખતમાં પેલા દુઃખ દેનારા 'રશ્નેરીસ આશમોગ'થી જેઓ ઘણા સાચા હશે........તેઓ દુઃખી થશે." હવે આ દીન દુશ્મન "રશ્નેરીસ"ની સૂરતને કરીસાક જેવા દીન દુશ્મન હાકેમના અકવાન જેવા ધર્મગુરૂના જેવી દીનકર્દે* જણાવી છે.

હવે આ ફક્રા ઉપરથી માલૂમ પડે છે કે "રશ્નેરીસ" નામનો દીન દુશ્મન જે અશો ઝરતોશ્ત પછી ૪૦૦ વર્ષે થઈ ગયો હતો, તેની પણ આગમચ "કરીસાક" નામનો એક દીન દુશ્મન પાદશાહ થઈ ગયો હતો. આ કરીસાક અશો ઝરતોશ્ત પછી ત્રણુસો વર્ષે થઈ ગયો હોય અને એજ કરીસાકે કયાની દારાને હરાવી ઝરતોશ્તી દીનને પહેલો ફટકો ત્રણુસે વર્ષે માર્યો હોય, એ તદ્દન બનવા જોગ છે. અને પાછલા લખનારાઓએ એવું ઝાહેર કર્યું છે કે "આપણી દીન ત્રણુસો વર્ષ સૂધી સૂધી આબાદ હાલતમાં રહી," તેને આ દલીલથી ટેકો મળે છે.

ત્યારે અમો એવાં અનુમાન ઉપર આવ્યે છિયે કે દીનકર્દમાં જે કરીસાક નામના દીન દુશ્મન વિષે ઈશારો આવેલો છે, તેજ દીન દુશ્મન પાદશાહે કયાની દારાને હરાવી બાખ્ત્રીયાની ગાદી લઈ લીધી હતી અને ત્યાર બાદ લગભગ સેંકડો વર્ષ પછી દારાયસ કોડોમેનસ નામના હુખામની પાદશાહને સિકંદરે રૂમીએ ઈ. સ. પૂર્વે ૩૩૧ માં હરાવી ઈરાનની ગાદી લઇ લીધી હતી.

પણ ત્યારે હવે સવાલ એ ઉભો થાય છે, કે પાછલા પહલવી અને ફારસી લખનારાઓએ સિકંદર અને કરીસાકને ભેળી કેમ નાખ્યા? તેનો સબબ પણ સેહલ છે. સૌથી પહેલું કારણ એજ કે આ બેહુ પાદશાહોનાં કામો તદન એકસરખાં હતાં. બંને દીન દુશ્મનો હતા. વળી કેટલાક

---

* જુઓ દ૦ પે. બે. સંજાણાવાળું દીનકર્દ વા. ૫ મું પાનું ૨૯૧ મું.

પાછલા લખનારાઓએ કરીસાકને રૂમી તરીકે ઓળખાવ્યો છે અને સિકંદર પણ રૂમીજ હતો. આ બેમાં ઘણો અગત્યનો અને મહાન દીન દુશ્મન લડવૈયો તો સિકંદરજ હતો. સિકંદરનાં કામોની કીર્તિ કરીસાક કરતાં ઘણી ચઢિયાતી હતી. અને તેનાં કામોનો છાપ તમામ દેશોમાં પંથરાઈ ગયો હતો. વળી સિકંદર પાછલા પહલવી અને ફાર્સી લખનારાઓની ઘણા નઝદીકના ઝમાનામાં થઈ ગયલો હોવાના સબબે તે લખનારાઓનાં મન ઉપર સિકંદર જેવા મહાન માણસનોજ છાપ પડી રહયો હતો. અને તેથીજ પાછલા લખનારાઓએ કરીસાકને બદલે સિકંદરનું નામ ભૂલથી દાખેલ કીધેલું દીસે છે.

હવે પાછલા લખનારાઓએ કરીસાકને રૂમી તરીકે ઓળખાવ્યો છે તે ઉપરથી આપણા જાણિતા તવારીખનવેસ મર્હૂમ મી૦ જમશેદજી પાલનજી કાપડિયા એક અનુમાન કરે છે, કે આ કરીસાક એક હિંદી હોવો જોઇયે, અને પાછલા લખનારાઓએ ભૂલથી તેને રૂમી કહયો છે; કારણકે ગ્રીસ અને રોમન શેહનશાહ તો કયાની વંશની સેંકડો વર્ષ પછી હયાતીમાં આવ્યાં હતાં. પણ આપણે યાદ રાખવું કે રૂમ નામ કાંઇ ફાર્સી નવીસન્દાઓ Roman Empire ને માટેજ વાપરતા નહીં હતા, પણ એશિયા માઇનરમાંથી આવતા લોકોને માટે પણ વાપરતા હતા. આ મુલકનું અસલ નામ શું હોય તે ફાર્સી નવીસન્દાઓ જાણતા ન હોવાથી પોતાના વખતમાં જે મુલક જે નામે ઓળખાયો હોય, તે નામ તે મુલકને આપી જાય તેમાં નવાઈ નથી. જેમ કે ઈંગલંડને અસલમાં Albion, સ્કોટલંડને Caledonia, ફ્રાન્સને Gaul, સ્પેનને Iberia કહેવામાં આવતા હતા. તો પણ હાલના તવારીખનવેસો તે દેશોની અસલ તવારીખ લખતાં પણ તે દેશોને હાલનાંજ નામોથી ઓળખે છે અને કવચીતજ reference તરીકે અસલ નામ વાપરે છે. ફાર્સી શાએરો એશિયા માઇનરને રૂમ, સીર્યાને શામ, એસીર્યાને હામાવરાન, બેબિલોનને બાબુલ વગેરે નામથી ઓળખી ગયા છે. અને જેણી એશિયા માઈનર તરફથી ઈરાન ઉપર હુમ્લા લાવતા તેને રૂમી કરીને ઓળખતા હતા. અવસ્તા ઝમાનામાં તે મુલકો શું નામે જણાયલા હતા અને મિસર અને બારબરીના શું નામો હતાં તે આપણ જાણતા નથી. વળી એકસરખાં નામના ઘણાક મુલકો વિષે આપણે જાણિયે છિયે, જેમ કે અસલના ગ્રીસને આયોના અથવા યૂનાન કહેતા હતા, અને હાલમાં ચીન દેશના એક પ્રાંતને યૂનાનને નામે ઓળખ્યે છિયે. તેથી કાંઈ તેઓને એક બીજા સાથે કાંઈ પણ સંબંધ હોય એવું ઠરતું નથી. વળી હાલમાં પણ બાલકન્સમાં રૂમાન્યા અને રૂમીલ્યા, ઈટલીમાં રોમ વગેરે યૂરોપ ખંડમાં મળે છે; તેમજ એશિયામાં અર્ઝરૂમ યાને રૂમની ઝમીન તેમજ જોસેફસની યાહુદીઓની તવારીખમાં જુડિયા પ્રાંતમાં રોમ નામનું પરગણું મળે છે. તે ઉપરથી માલૂમ પડે છે કે જુદે જુદે વખતે જુદા જુદા મુલકો લગભગ મળતાં નામોથી જાણિતા થયા હતા. તેથીજ કરીસાકને રૂમી તરીકે ઓળખાવ્યો હોય, તો તેમાં કાંઈ ખોટું નથી.

ગુશ્તાસ્પ પછીના પાદશાહોને "કય"નો એલ્કાબ કાં નહીં લાગુ પાડવામાં આવ્યો?

જે કેટલાક વિદ્વાનો એવું માને છે, કે શાહનામાના ગુશ્તાસ્પ પછીનાં રાજ્યો કયાની નહીં પણ હખામની છે, તેઓ પોતાની દલીલને ટેકો આપવા માટે આપણને એવો સવાલ પૂછે છે, કે "શાહનામાના ગુશ્તાસ્પ અને અસ્ફંદિયાર પછીના કોઈબી પાદશાહને "કય"નો એલ્કાબ કાં નહીં મળ્યો? શું આ ઉપરથી એવું ઠરતું નથી, કે તેઓ કયાની નહીં પણ હખામની છે અને તેઓને ભૂલચૂકથી કયાની તવારીખમાં ઘુસડી દેવામાં આવ્યા છે?" પણ આ અનુમાનબી ભૂલ ભરેલું છે. કયાની પાદશાહોની આગળ જે "કય" અથવા "કવિ" બોલ વાપરવામાં આવે છે, તે તો એક દસ્તૂરી ખેતાબ છે. અવસ્તામાં આ ખાન્દાન "કવિ" અથવા "કય"ને નામે અને પહલવીમાં "કય"ને નામે આ વંશ જણાયલું છે. "કવિ"નો અર્થ "પર્હીઝગાર ધર્મગુરૂ" એવો થાય છે.

અને આ "કય"નો ખેતાબ ધરાવનારા પાદશાહો તો દીન અને દેશના સામતા વડા ગણાતા હતા. આ "કય" એલ્કાબ ધરાવનારા પાદશાહો તો રોમના પોપ અને અરબ ખલીફ માફક રાજર્ષી યાને Heads of Spiritual and Temporal Kingdoms અને યાહુદીઓના Prophet Kings જેવા હતા. કયાની વંશના ગુશ્તાસ્પ સૂધીના પાદશાહો દીન અને દેશના સામતા વડા ગણાતા હતા, પણ ગુશ્તાસ્પના વખતમાં પયગમ્બર અશો ઝરતોશ્ત સાહેબે પોતાની દીન ફેલાવી અને ત્યારથી આ બંને functions જુદા થઈ ગયાં, અને એ વખતથી રાજના વડા અને દીનના વડાનો ઓદ્ધો જુદો પડયો. રાજના વડાનો ઓદ્ધો વાજબી રીતે પાદશાહનાજ હાથમાં રહયો, પણ દીનના વડાનો ઓદ્ધો અશો ઝરતોશ્ત અને તે પછી તેનું કામ ચલાવનારા વડા ધર્મગુરૂઓ, જેવા કે ફ્રશોસ્ત, જામાસ્પ, એસતવાસ્ત્ર વગેરે અશો ઝરતોશ્તના જાયનેશીનો જેઓ "ઝરથુશ્ત્રોતેમો" તરીકે ઓળખાવા લાગ્યા, તેઓના હાથમાં ચાલુ રહયો. આવી રીતે ગુશ્તાસ્પ પછી રાજ્યના વડા તરીકેનો ઓદ્ધો પાદશાહો ચલાવવા લાગ્યા, ત્યારે દીનના વડા તરીકેનો ઓદ્ધો ઝરથુશ્ત્રોતેમોના હાથમાં ગયો. હવે જેમ જેમ આપણો ધર્મ બીજા દેશોમાં ફેલાતો ગયો, તેમ તેમ એકને બદલે અનેક ધર્મના વડા જુદા જુદા દેશોમાં સ્વીકારવામાં આવ્યા, જેમ કે મીડયામાં, બલ્ખમાં વગેરે મુલકોમાં એકી વખતે જુદા જુદા શખ્સો ધર્મના વડા ગણાતા હતા, કે જેમ મોહમ્મદનોમાં પણ મિસરમાં અને બગદાદમાં જુદા જુદા શખ્સો ખલીફો હતા. અને હાલમાં પણ શીઅહનો ખલીફ ઈરાનનો શાહ અને સુન્નીનો ખલીફ તર્કીનો સુલ્તાન ગણાય છે. આ ધર્મના વડાઓ કોઈક વખત રાજ્યના માલેક પણ થઈ પડયા હતા, જેમ કે એક ઝરતોશ્તે બેરોસસ મૂજબ બેબિલોન જીતી લઈ તે અને તેના વંશોએ ત્યાં લગભગ ૨૦૦ વર્ષ રાજ્ય ચલાવ્યું હતું. આવી રીતે ગુશ્તાસ્પ પછી રાજ્યના વડા પાદશાહો દીનના વડા હતા નહીં, એટલે તેઓને "કય" અથવા "કવિ"ના એલ્કાબથી ઓળખાવામાં આવ્યા હતા નહીં.

આ ઉપલા ટુંક ખોલાસા પછી માલૂમ પડશે, કે ગુશ્તાસ્પ પછીના પાદશાહો બહમન, દારાબ વગેરેને **કયાની વંશ**ના પાદશાહો તરીકે, યાને કયાની વંશના મૂળ પુરૂષ કયકોબાદથી ઉતરી આવેલા પાદશાહો તરીકે આપણે ઓળખાવી શકયે, પણ તેઓને "કય" અથવા "કવિ" (વડા ધર્મગુરૂ) તરીકે આપણે કદી પણ ઓળખાવી શકયે નહીં.

ફાર્સી લખનારાઓ હખામનીને છોડી કાં ગયા?

હવે સવાલ એ છે કે સર્વ ફાર્સી નવીસન્દાઓ હખામની પાદશાહોને છોડી કાં ગયા? આનો જવાબ અમો અત્રે ટુંકમાં આપીશું. કયાની વંશ સૂધી બેકટ્રિયાનું સર્વોપરિપણું હતું અને ત્યાર પછી ઈરાનની તવારીખની dark middle ages શુરૂ થઇ, અર્દશીર બાબકાન સૂધી લમ્બાય છે. હવે બેકટ્રિયા લગભગ સ્વતંત્ર રહ્યાથી ત્યાંની તવારીખ લગભગ in tact બચી રહી, પણ જે ટોળાઓ જેવા કે મીડ, હર્કેન્યન, ખુરાસ્મીયન, પાર્થીયન, પાર્સી, કેપેડોસ્યન, આર્મીન્યન વગેરે ત્યાંથી વીખરાઈ ગયા, તે આ કયાની વંશની આખેરી વખતે હોવા જોઇયે. હવે આ પરેશાની અને scattering ના વખતની તવારીખ ખુલ્લી રીતે ઘણી જુજ મળે, પણ તેમાંથી અસ્લી પાર્થીયન, પાર્સી, મીડ, મંદા, આર્મીન્યન, ઈલામી, સુસ્યન, સુમીર્યન, અકાડયન, મિસર, એમેઝોન્યન, સીડયન, ખાલ્ડયન, બેબિલોન્યન, એસિર્યન વગેરેના લામ્બાં ટુંકાં દાસ્તાનો આપણને વારમ્વાર મળે છે. તે સઘળાં પશ્ચીમના ગ્રીક, યાહુદી, રોમન વગેરેના તવારીખનવેસોની નોધો ઉપરથી કે ખંડિયેરોનાં ખોદકામોથી અજવાળાંમાં આવે છે. તે સર્વ દાસ્તાનો કાંઈક હઝારો વર્ષોનો ગાળો રોકે છે અને તે સર્વ દાસ્તાનોને પશ્ચીમ ઈરાન સાથે ઝાઝું લાગે વળગે છે. ત્યાર બાદ તવારીખી મહાન પુરૂષ સાઈરસ ધી ગ્રેટથી જે મોટી દુન્યાની શેહન્શાહત સ્થાપાઈ તે ઉત્તરે સાઇબિર્યા તથા સીથ્યાથી દક્ષિણે હિંદી મહાસાગર અને સાહરાનાં જંગલો સૂધી અને પૂર્વે ચીનની સરહદ અને મેન્ગોલિયા અને ટિબેટથી

તથા ગોબીના રણથી પશ્ચીમે ભૂમધ્ય સમુદ્ર, એટલાંટિક મહાસાગર અને યૂરોપનાં હાલનાં સ્વિટઝર્લૅન્ડ સૂધી લમ્બાઈ હતી. આ શેહન્શાહતની રીતભાત અને તવારીખને પશ્ચીમ ઈરાન સાથ ઝાઝું લાગતું વળગતું હોવાથી, સિકંદરે જ્યારે નાતર્સ રીતે પર્સીપોલીસ શેહર બાળી નાખ્યું, તેમજ જ્યારે એલેકઝાન્ડ્રા લાઇબ્રેરી જુલ્યસ સિઝરની તોલેમી સાથની લડાઈમાં બળી ગઈ, ત્યારે સર્વ તે ઝમાનાનું સાહિત્ય અને તવારીખી નોંધો ગુમ થઈ ગઈ. ત્યાર બાદ પાર્થયન, અશ્કાન્યન અને મુલ્કોલ તવાયફના બાહોશ પણ બેદરકાર દઉરમાં ઝરતોશ્તી ધર્મ અને સાહિત્યએ ઘણું ખમ્યું અને આખેરે સાસાની પાદશાહોએ સર્વ નોંધ ભેગી કરવાનું માથે ઉઠાવ્યું. પણ જ્યારે ઝમાનાના ઝાલેમ દઉરથી ઈરાનની જાહોજલાલી અને સાહિત્ય ઝાલેમ અરબ ખલીફ ઉમરના હોકમથી ઈસ્તખ્ર અને એલેકઝાન્ડ્રાની લાઇબ્રેરી બાળી નાખવાથી લગભગ નાશ પામ્યાં, ત્યારે બલ્ખ બામી, બોખારા, સમર્કન્દ વગેરે અસલ આર્ય ભૂમિઓ તો સ્વચ્છ હાલતમાં પોતાનો ધર્મ અને રીતી રેવાજ જાળવી શકયાં હતાં અને તેથીજ એ dark ages ની અંદર પણ તેઓ પોતીકી તવારીખ જાળવી શકયાં હતાં. અને તેથીજ કયાની વંશની તવારીખ લગભગ સમ્પૂર્ણ હાલતમાં મળે છે અને સાસાની તવારીખ લગભગ હાલના ઝમાનાની ઘણી નઝદીકની હોવાથી મળી શકે છે. પણ હખામની અને તેની આગમચની તવારીખ છૂટા છવાયા અહવાલ સિવાય લગભગ સદાબરી ભૂસાઇ ગઇ, સિવાય કે યૂરોપિયન, ગ્રીક, રોમન અને યાહુદી કઉમે જે સેહજસાજ પોતાના સમાગમમાં આવતી નોંધ રાખી હતી; અને તેજ ઉપર આપણને માત્ર સંતોષ પકડવો પડે છે, કે જેમાં દીન અને દુશ્મનોના અભાવ અને આપમતલબ prepossessions and prejudices થી ભરપુર લખાણો ઉપર આપણને આધાર રાખવો પડે છે. ખુદ દીનકર્દમાં પણ હખામનિયન વંશ વિષે જરાપણ એશારો માલૂમ પડતો નથી, સિવાય કે સિકંદરનું નામ, કારણકે જે શહાદતો દીનકર્દના લખનારે મેળવી હોય તે પૂર્વ કે ઉત્તર પૂર્વ તરફના ઈરાની મુલકોમાંથીજ મેળવી હોય; કેમકે ઝમાનાની ગર્દેશથી ઉત્તર પશ્ચીમ અને દક્ષિણ પશ્ચીમ ઈરાન તો અનેકવાર દીન અને દેશ દુસ્મનો, જેવા કે એસીર્યન, મેસીડોન્યન, રોમન, ગ્રીક, ઈજીપ્શીયન, અરબ, તુર્કી વગેરેના શિકાર થઈ પડી તારાજ થતું ચાલ્યું હતું અને તેથી ત્યાંથી કાંઇ પણ તવારીખી દંતકથા કે શહાદતો મેળવી શકવી એ મુશ્કેલ થઈ પડયું હતું.

શું સિકંદર ઈરાની અઉલાદનો હતો?

યૂરોપ ખંડના ગ્રીક, રોમન, અંગ્રેજ વગેરે દરેક લખનાર પ્રમાણે એલેકઝાન્ડર ફિલિપનો છોકરો હતો. પણ યૂરોપિયન તવારીખનવેસો ફિલિપ ઈરાનને ખંડણી આપતો હતો, તે વાત તદ્દન અખાડા કરી જાય છે. નિઝામી નામનો ફાર્સી શાએર ગ્રીક લખનારાઓને આધારે સિકંદરને ફિલિપનો બેટો કહે છે. પણ તે તેમજ બીજા સર્વ પૂર્વ તરફના તવારીખનવેસો એકે આવાઝે ઝાહેર કરે છે, કે ફિલિપ ઉપર પાદશાહ દારાબે યાને દારાયસ ઓકસે ચઢાઇ લઈ જઇ તેને ખંડણી આપવાની ફર્ઝ પાડી હતી. વળી ફિર્દોસી તેમજ બીજા ફાર્સી લખનારાઓ કહે છે કે, દારાબે ફિલિપની છોકરી સાથ શાદી કરી હતી, પણ તેની ઉમર તેમજ બીજી સઘળી બાબતો લેતાં દારાબે જેની સાથ શાદી કરી હતી તે કાંઈ ફિલિપની બેટી નહીં પણ તેના ઝનાનખાનામાંની એક ખૂબસૂરત કન્યા નામે નાહીદ (Olympia) સાથ શાદી કરી હતી. પણ પાછળથી તેણીનાં મોમાંથી ખરાબ બદબો નીકળવાથી તેણીને ફિલિપ નઝદીક પાછી મોકલી આપી હતી. કહે છે કે જ્યારે નાહીદને પાછી મેસિડોન મોકલી ત્યારે તેણી દારાબથી હમેલદાર હતી, પણ તે વાત દારાયસ ઓકસ જાણતો હતો નહીં. તેણી જ્યારે મેસિડોન પાછી ફરી ત્યારે તેણીને પેટે સિકંદર પયદા થયો અને ફિલિપે તેને પોતાના બેટા દાખેલ બા પોકાર ઝાહેર કર્યો. પાછળથી ફિલિપ કલિયોપેત્રા સાથ પરણ્યા બાદ ઓલિમ્પિયા (નાહીદ)ને ફિલિપે તલાક આપી અને તેથી સિકંદર અને ફિલિપ વચ્ચે બોલાચાલી થતાં ફિલિપે

તેને પોતાનો બેટો હોવાનું સાફ ના પાડયું. સિકંદર એક ઈરાની શાહઝાદો હતો, તે દલીલને દસાતીરમાંથી ટેકો મળે છે, જેમાં જણાવ્યા પ્રમાણે સિકંદર એક ઈરાની શેહનશાહનો બેટો હતો પણ તેની ખરી અઉલાદ રાજદ્વારી સંબંધને લીધે છૂપી રહી અને તે એક રૂમી તરીકે જણાયો. પણ જ્યારે તે પર્સીસ આવ્યો, ત્યારે કેટલાક દસ્તૂરોએ તેને તેની ખરી બુન્યાદથી વાકેફ કર્યો. ઈ. સ. ૧૮૧૮ના એશિયાટિક જર્નલમાં "ગુલશન"ના તખલ્લુસ હેઠળ એક લખનાર Persian Anthology નાં માથળાં હેઠળ લખે છે, કે સિકંદરે ઈરાન સેહલથી જીત્યું તે કદાચ ઈરાની લોકો કહે છે તેમ તે ઇરાની પાદશાહનો બેટો હોવાથીજ હોય, કારણકે તેની સામેની વિરૂદ્ધત્તા ઈરાની સરદારોએ જેવી જોઇયે તેવી બતાવી હતી નહીં. વળી તેની દારા સાથની વર્તણુક, તેના કુટુંબ સાથની સાલેસાઇ, એ સર્વ દેખાડે છે કે સિકંદર કદાચ પોતાની ખરી અઉલાદથી વાકેફગાર હોય. પણ તેને મેસિડોન્યન Phalanx લડાઈના ઉપયોગને માટે વધુ બંદ બેસતી હોવાથી stato policy ને ખાતેર પોતાની ઈરાની અઉલાદ જાહેર કરવાનું તેણે થોડોક વખત મોકૂફ કર્યું હોય. ગ્રીક દીમોસ્થનીસ વગેરેના ભાષણો પુરવાર કરે છે, કે તે ઝમાનામાં ઇરાનનો પાદશાહ દારાયસ ઓકસ ફિલિપ ઉપર ચઢાઇ લાવે છે, એવી ધાસ્તી સર્વ ગ્રીક લોકોને હતી અને ફિલિપે ગ્રીક લોકોને સાથે કરી ઇરાન ઉપર વેર લેવાની તજવીઝ કરી હતી અને સિકંદરે તે બહાનું પોતાના સ્વાર્થ માટે ઉપયોગમાં લીધું હતું. ઇરાનની નબળી હાલત જોઈનેજ ફિલિપે ઇરાનની સામે થવાનું તેમજ ખંડણી આપવાની બંધ કરવાની હિમ્મત કરી હતી.

હવે ગ્રોત નામના તવારીખનવેસ પ્રમાણે દારાયસ, કોડોમેનસનાં મરણ બાદ સિકંદરે ઈરાનની રાહ રીતી, પોશાક પેહેરવેશ, આચાર વિચાર વગેરે એખ્તયાર કર્યા હતા અને તેણે દારાયસના વારેસ દાખલ પોતાને ગણાવી great King નો એલ્કાબ ધારણ કર્યો અને ઈરાની રાજાઓના જેવો દમામ રાખવા માંડયો. તેણે અસ્લી ગ્રીક અને મેસિડોયન રાહરીતિ તજી દઈ ઇરાની ઢપછપ એખ્તયાર કર્યાથી તેણે મેસિડોન્યન સરદારોની ખફગી ખેંચી લીધી હતી. તેણે પોતાની શાદી ત્રણથી ચાર ઇરાની શાહઝાદીઓ સાથ કરી હતી અને ઈરાની ઢપછપ એખ્તયાર કરવા પોતાના અંગત મેસિડોન્યન મિત્રો અને સરદારોને મઝબૂત ભલામણ કરતો હતો. વળી એ ઈરાની કન્યાઓ સાથ શાદી કરવાને તેમજ ઈરાની સાહિત્યના અભ્યાસને ઉત્તેજન આપતો હતો. વળી એણે ઇરાની ઉમ્રાઓ અને ઈરાની લશ્કરને મેસિડોન્યન પંક્તિ ઉપર એકસરખા હક્ક આપતા કર્યા હતા અને હિંદની સવારીમાં તેના ઈરાની લશ્કરે તેને મદદ કરી હતી. વળી કેટલાકો પ્રમાણે ઈરાન સેહલથી જીતી લેવાનો ભરમ તે એક ઈરાની શાહઝાદો હોવાનું તેમજ દારાયસ કોડોમેનસનાં કરતાં તખ્તનો વધારે નઝદીકનો હકદાર વારેસ હોવાથીજ હોવું જોઇયે. પણ તે હક્ક અમલમાં મેલવા આગમચ પોતાની અઉલાદ જાહેર કરવાની એક ચાવી તરીકે તેણે ઇજીપ્ટના જુપિટર એમોનનો બેટો હોવાનું અને ફિલિપને બાપ તરીકે ના કબૂલ કરવાનું શુરૂ કર્યું હોય, એ બનવા જોગ છે. કહે છે કે ફિલિપનાં ખૂન વખતે સિકંદર ખરેખર દિલગીર થયો હતો નહીં. પણ કેટલાક ફિલિપના દુશ્મનોને તેણે ઉલટા નવાઝયા હતા. અને પાછળથી પણ ફિલિપની વિરૂદ્ધ પોતાનું ચઢિયાતાપણું બતાવાને લીધેજ તેને પોતાના કલીટસ જેવા મિત્રો સાથ પંચાત થઈ હતી. તેણે વળી ઈરાની લશ્કર અને body guards ને વધુ અગત્યતા આપવાથી મેસિડોન્યન સેપાહો અને સરદારો એની વિરૂદ્ધ થયા હતા. વળી સિકંદરનો વિચાર મેસિડોન પાછો ફરવાનો હતો નહીં, પણ ઇરાન મધ્યે બેબિલોનમાં રાજગાદી સ્થાપી ઇરાનની પાદશાહી હખામનીઓના વારેસ તરીકે ચલાવવાનો તેનો વિચાર હતો. વળી તેના કેટલાક મહાન કાર્યો સાઈરસ અને દારાયસ હીસ્તાસ્પિસની નકલ જેવાં હતાં, અને ઈરાની શાહઝાદાઓને તેણે પ્રાંતોની હાકેમી અને લશ્કરની સરદારી આપીને અનેક માનપાનથી તેઓને નવાઝયા અને પોતાના ખાનગી સલાહકાર બનાવ્યા હતા. વળી રીતભાત, તેનો દેખાવ, physiognomy રંગરૂપ, ખાસીયત, જોમ અને સાહસિકપણું એક ઈરાનીને મળતું આવતું હતું. કહે છે કે સિકંદરે મેસિડોન્યનો કરતાં

ઇરાનીઓને ભરોસેદાર followers જોયા હતા. વળી જ્યારે એન્ટીપેટરના બેટા યોલસ ઉપર તેને ધીમું ઝેહર આપી મારી નાખવાનો આરોપ મેલવામાં આવ્યો તેમજ મેસિડોન્યન સરદારોએ સિકંદરની અઉલાદનો કાંટો કાઢી નાખ્યો ત્યારે ઇરાની સરદારો સિકંદર અને તેના વારસોની હમેશ તરફદારી કરતા હતા. વળી દારાયસ કોડોમેનસનાં ખૂનીઓને તેણે ઘટતે ફયઝે પહોંચાડયા ઉતા, તેમજ તેનાં મરણ ઉપર એક ભાઇ માફકનો વિલાપ કર્યો હતો, તેમજ મહાન સાઈરસનાં અસ્તોદાનને તેણે અતિઘણું માન આપ્યું હતું, તેમજ તેની બિનમરામતને માટે તેના રખેવાળોને શિક્ષા કરી હતી.

આ સઘળા વિચારો ઉપરથી અમો એવાં અનુમાન ઉપર આવ્યે છિયે કે સિકંદર એક મેસિ-ડોન્યન નહીં, પણ ખરેખરો એક ઇરાની અઉલાદનો શાહઝાદો હતો.

મુંબઈ રોજ ૧ લો માહ ૫ મો સને ૧૨૮૬ યઝદજેર્દી.

માહીયાર નવરોજી કુટાર.
ફરામજી નવરોજી કુટાર.

શાહનામએ ફિર્દોસી.

ગુજરાતી હુરૂફે તમામ બયતો તથા તેનો તરજુમો.

વૉલ્યુમ ૮ મું.

અર્દશીર*

પાદ્શાહીએ અર્દ્શીર્ બેરાદરે શાપૂર્ દહ્ સાલ્ બૂદ્ બર્ તખ્ત્ નેશસ્તને અર્દ્શીર્ વ અન્દર્ઝ્ કર્દન્ બસર્દારાન્.

——:ο:——

ચુ બેન્શસ્ત બર્ ગાહ્ શાહ્ અર્દ્શીર્
બેયારાસ્ત આન્ તખ્તે શાપૂરે પીર્
કમર્ બસ્તો ઈરાનેયાન્રા બેખાન્દ
બરે પાયએ તખ્તે ઝરીન્ નેશાન્દ
ચુનીન્ ગોફ્ત કઝ્ દઉરે ચર્ખે બલન્દ
નખાહમ કે બાશદ્ કસીરા ગઝન્દ
જહાન્ ગર્ શવદ્ રાસ્ત બા કામે મન્
ન બીનન્દ ચીઝી જોઝ્ આરામે મન્

શાપૂરના ભાઈ અર્દશીરની પાદશાહી દશ વર્ષ હતી. અર્દશીરનું તખ્ત ઉપર બેસવું અને સરદારોને નસીહત કરવી.

——:ο:——

જ્યારે પાદશાહ અર્દશીર તખ્ત ઉપર બેઠો-અને બુઢ્ઢા શાપૂરનું તે નામીચું તખ્ત શોભાવ્યું,

ત્યારે તેણે કમર ઉપર કમરબંદ બાંધીને ઇરાનીઓને બોલાવ્યા-અને સોનેરી તખ્તના પાયા આગળ તેઓને બેસાડયા.

પછી તે એ પ્રમાણે બોલ્યો કે "બુલંદ આસ્માનના દઉરથી કોઇને કાંઇ નુકસાન પુગે એવું હું ચાહતો નથી.

અગરજો સઘળો દેશ મારી ખાહેશ પ્રમાણે મારો તાબેદાર બનશે-તો મારા આરામ સિવાય તેઓ બીજી કોઈ ચીઝ જોશે નહીં.

---

* ફિર્દોસી પ્રમાણે એ હોરમઝદ બીજાનો છોકરો. યૂરોપિયન લખનારા એને શાપૂરનો ભાઈ નહીં પણ તેનો છોકરોજ જણાવે છે. આ પાદશાહ અર્દશીર બીજાને નામે ઓળખાવા લાગ્યો. આ પાદશાહ શાપૂર જેવો લડાયક અને બહાદુર નીવડિયો નહીં, પણ ગરીબ અને ભલો નીકળ્યો. પોતાની ભલાઇએ કરી વખણાઈ ગયો. એનાં નેક અને ભલાં કામોથી એને "નીકૂકાર" (યાને ભલાં કામ કરનાર)નો એલ્કાબ મળ્યો હતો. એની ભલાઈ માટે કહે છે કે તેણે કોઈ પણ ખંડિયાં રાજા પાસેથી ખંડણી માગી હતી નહીં. એણે પોતાની રૈયતનો કર પણ માફ કર્યો હતો. ફિર્દોસી મૂજબ શાપૂરે પોતાનો છોકરો નાનો હોવાથી એને ઈરાનની ગાદી સોંપી આપી હતી, કે જ્યારે નાનો શાપૂર ઉમરમાં આવે ત્યારે તેને તે આપવી તેજ પ્રમાણે અર્દશીરે શાપૂર ત્રીજાને ગાદી સોંપી આપી હતી. ફિર્દોસી મૂજબ એણે ૧૦ વર્ષ રાજ્ય કર્યું હતું. જ્યારે યૂરોપિયન લખનારા એની પાદશાહીનાં ૪ વર્ષ ઈ. સ. ૩૭૯ થી ૩૮૩ સુધી જણાવે છે

વરૂ અયદૂન્ કે બા મા નસાઝદ જહાન્
બેસાઝીમ બા બા જહાને જહાન્
બેરાદરૂ જહાન્ વીઝહ્ મારા સેપોરૂદ
અઝીરા કે ફર્ઝન્દે ઊ બૂદ ખોરૂદ
ફેરૈસ્તીમ્ જાને વરા આફ્રીન્
કે અઝ બદ્સેગાલાન્ બેશોસ્ત ઊ ઝમીન્
ચુ શાપૂરે શાપૂરૂ ગર્દદ બલન્દ
શવદ નઝદે ઊ તાજો તખ્ત અરૂજમન્દ
સેપારમ બઊ તાજો ગાહો સેપાહ્
કે પયમાન્ ચુનીન્ બસ્ત શાપૂરૂ શાહ્
૧ મન્ ઈન્ તખ્તરા પાયકારે વયમ્
હમાન્ અઝ પેદરૂ યાદ્ગારે વયમ્
ચુનાન્ દાન્ કે ખુર્દીમો અઝ મા ગુઝશ્ત
ચુ મુર્દી હમહ્ રન્જે તન્ બાદ ગશ્ત
ચુ દહ્ સાલ્ ગીતી હમહ્ દાશ્ત રાસ્ત
બેખુર્દો બેબખ્શીદ ચન્દાન્ કે ખાસ્ત
નજોસ્ત અઝ કસી બાઝો સાવો ખરાજ
હમી રાયગાન્ દાશ્ત ઈન્ ગાહો તાજ
મરૂ ઊરા નેકૂ કારૂ અઝૂ ખાન્દન્દ
કે હરૂ કસ તન્ આસાન્ અઝૂ માન્દન્દ

પણ જો ફરતો ઝમાનો આપણી સાથ સલાહ સંપજથી નહીં ચાલશે તો આપણે તેને લઇ ચલાવીશું.

મારા ભાઇએ ખસૂસ કરીને આ દેશનો વહિવટ મને સોંપ્યો છે-કારણ તેનો પોતાનો બેટો હજી નાનો છે.

તેનાં રૂહ ઉપર આપણે દોઆ કર્યે-કારણ તેણે બૂરા લોકોથી આ મુલક પાક કીધો.

જ્યારે પાદશાહ શાપૂરનો બેટો શાપૂર મોટો થશે-અને તાજ અને તખ્તની કીમત પિછાનશે,

ત્યારે હું તેને આ તાજ, તખ્ત અને લશ્કર સોંપી દઇશ-કારણકે પાદશાહ શાપૂરે એવોજ કોલકરાર કરેલો છે.

આ રાજપાટનો હું તો તેની તરફથી કારોબાર ચલાવનાર છું-તેની પછી મારા બાપનો હું યાદગાર રહેલો છું.

એમજ સમજજો કે આપણે તે ભોગવ્યું અને તે સઘળું વીટી ગયું-જ્યારે મરી ગયા એટલે આ ઝિંદગીની સઘળી મેહનત ફોકટમાં ગઇ."

તેણે દશ વર્ષ સૂધી દેશને આબાદ હાલતમાં રાખ્યો-પોતાને ગમ્યું તેમ પોતે ભોગવ્યું અને બીજાઓને પણ બખશ્યું.

તેણે કોઇની પણ પાસેથી મેહસૂલ, વેરો કે કર કાંઈ લીધું નહીં-પણ આ તખ્ત અને તાજ ફોકટમાંજ રાખવા લાગ્યો.

સઘળાં લોકોએ તેને "નેકોકાર" (પરોપકારી)નો એલ્કાબ આપ્યો-કારણકે તે પાદશાહથી દરેક જણ સુખી હાલતમાં હતો.

શાપૂર ૩ જો§

પાદ્શાહીએ શાપૂર્ બેને શાપૂર્ પન્જ્ સાલ્ વ ચહાર્ માહ્ બૂદ્ બર્ તખ્ત્ નેશસ્તને શાપૂર્ વ અન્દર્ઝ્ કર્દન્ બસર્દારાન્.

શાપૂરના છોકરા શાપૂરની પાદશાહી પાંચ વર્ષ અને ચાર મહિના હતી. શાપૂરનું તખ્ત ઉપર બેસવું અને સરદારોને નસીહત કરવી.

ચુ શાપૂરૂ ગશ્ત અઝ દરે તાજો ગાહ્
મરૂરા સેપોરૂદ આન્ ખુજસ્તહ્ કોલાહ્
નગશ્ત આન્ દેલાવરૂ ઝે પયમાને ખીશ
બમર્દી નેગહ્દાશ્ત સામાને ખીશ
ચુ શાપૂરૂ બેન્શસ્ત બરૂ જાએ અમ
અઝ ઈરાન્ બસી શાદો બહુરી દેઝમ
ચુનીન્ ગોફ્ત બા નામવરૂ બેખ્રદાન્
જહાનદીદહો રાયઝન મૂબદાન્

જ્યારે શાપૂર તાજ અને તખ્તને લાયકનો થયો-ત્યારે અર્દશીરે તેને તે મુબારક તાજ સોંપી આપ્યું.

તે બહાદુર શખ્સ પોતાનાં વચનથી ફર્યો નહીં-અને મર્દાનગી સાથ પોતાને સોંપેલો સામાન સાચવી રાખ્યો.

જ્યારે શાપૂર કાકાની જગ્યા ઉપર બેઠો-ત્યારે ઈરાનીઓમાંથી ઘણાક જણ ખુશ થયા અને થોડાક ગમગીન બન્યા.

તેણે નામીચા દાનેશમંદો, અનુભવી શખ્સો અને સલાહ આપનારા મોબેદોને એ પ્રમાણે કહ્યું,

§ શાપૂર બીજાનો છોકરો. આ પાદશાહ શાપૂર ત્રીજાને નામે ઓળખાવા લાગ્યો. આ પાદશાહ પણ નબળોજ નીવડિયો. એની ઉમર પણ ટુંકીજ હતી. ફકટ પાંચ વર્ષ ઈ. સ. ૩૮૩થી ૩૮૮ સૂધી રાજઅમલ ચલાવી મરણ પામ્યો હતો.

બેદાનીદ કાન્ કસ કે ગૂયદ દોરૂઘ
નગીરદ અઝાન્ પસ બરે મા ફેરૂઘ
દોરૂઘ આઝ્માઈ નબાશદ ઝે રાય
કે અઝ રાય બાશદ બુઝોર્ગી બજાય
હમાન્ બદ્દતનો સેફૂલહુરા દુસ્તદારૂ
નેયાબી બબાઘે બેરદ જવ મકારૂ
કસીરા કુજા મઘઝ બાશદ બસી
ગવાઝહુ નબાયદ ઝદન્ બરૂ કસી
ઝબાન્રા નેગહુદારૂ બાયદ બદન્
નબાયદ ઝબાન્રા બઝહુરૂ આઝદન્
કે બરૂ અન્જુમન્ મર્દે બેસ્યારૂ ગૂય
બેકાહદ બગોફતારે ખીશ આબ્રૂય
અગરૂ દાનેશી મરૂદ રાનદ સોખન્
તો બેશનવ્ કે દાનેશ નગર્દદ કોહન્
દેલે મર્દે તામઅ બુવદ પુરૂ ઝે દરૂદ
બગેર્દે તમઅ તા તવાની મગરૂદ
મકુન્ દૂસ્તી બા દોરૂઘ આઝ્માય
હમાન્ નીઝ બા મરૂદે નાપાક્ રાય
સેરેશ્તે તન્ અઝ ચારૂ ગઉહરૂ બુવદ
કે બા મરૂદે હરૂ ચારૂ દરૂખરૂ બુવદ
યકી પુરૂ હોનરૂ મરૂદ બા શર્મો દાદ
દેગરૂ કૂ બુવદ યક્દેલો યકનેહાદ
સેયુમ કૂ મેયાનહુ ગુઝીનદ ઝે કારૂ
પસન્દ આયદશ બખ્શેશે કરૂગારૂ
ચહારોમ નરાનદ સખુન્ અઝ ગઝાફ
ઝે બીદાનેશાન્ નામ જૂયદ ઝે લાફ
દો ગીતી બેયાબદ દેલે મરૂદે રાદ
નબાશદ દેલે સેફૂલહુ અઝ દાદ શાદ
બદીન્ ગીતી ઊરા બુવદ નામે ઝેશ્ત્
બદાન્ ગીતી અન્દરૂ નેયાબદ બેહેશ્ત
સેતૂદહુ કસી કૂ મેયાનહુ ગુઝીદ
તને ખીશરા આફ્રીન્ ગુસ્તરીદ
બગીતી નમાનદ હમાન્ મરૂદે લાફ
કે બેઆગનદ ખાસ્તહુ બરૂ ગઝાફ
શુમારા જહાન્ આફ્રીન્ યારૂ બાદ
હમીશહુ સરે બખ્ત બીદારૂ બાદ
જહાનદારૂ માન્ બાદ ફર્યાદરસ
કે તખ્તે બુઝોર્ગી નમાનદ બકસ
બગોફ્તીનો અઝ પીશ બર્ખાસ્તન્દ
ઝે યઝદાન્ બરૂ આફ્રીન્ ખાસ્તન્દ
ચુ શુદ સાલેયાન્ પન્જ બા ચારૂ માહ
બેશુદ શાહ રૂઝી બનખ્ચીરૂગાહ
જહાન્ પુરૂ શુદ અઝ યૂઝો બાઝાનો સગ્
ચે પરૂરન્દહો ચન્દ તાઝાન્ બતગ્
સતારહુ ઝદન્દ અઝ બરે ખાબ્ગાહ
ચુ ચીઝી બેખુરૂદો બેયાસૂદ શાહ
સે જામે મયે ખુસ્રવાની બેખોરૂદ
પુરૂ અન્દીશહ શુદ સરૂ સુએ ખાબ્ બોરૂદ
પરાગન્દહુ ગશ્તન્દ યારાન્ હમહુ
ચુ દરૂ ખાબ્ શુદ શહ્રૂયારે રમહુ

કે "તમો સઘળાઓ જાણુજો કે જે કોઇ શખ્સ કે જૂઠું બોલશે-તે ત્યાર બાદ અમારી આગળ આબરૂ મેળવશે નહીં.

જૂઠું અઝમાવી જોવું એ ડહાપણનું કામ નહીં-કારણકે વડપણ ૨
ડહાપણથીજ નીભે છે.

તે નીચ જૂઠું બોલનારો તારો ખયરખાહ-નથી થવાનો માટે બાગમાં જવ વાવતો ના (તેને તારી દોસ્તીમાં લેતો ના).

જે કોઇ વધારે અકલવાળો શખ્સ હોય-તેણે કોઇની પણ મસ્ખેરી કરવી જોઇએ નહીં.

ઝબાનને હમેશે કાબૂમાં રાખવી જોઇયે-પોતાની ઝબાનને ઝેહરમાં ખરડવી નહીં જોઇયે.

કારણકે ઘણું બોલનાર આદમી અંજુમન આગળ-પોતાની વાતથી આબરૂ ઘટાડે છે.

પણ જ્યારે અકલમંદ માણસ વાત કરે-ત્યારે તું તે સાંભળ કારણકે દાનાઇ કદી પણ જૂની થતી નથી.

લોભી શખ્સનું દિલ દર્દથી ભરેલું રહે છે-માટે બને ત્યાં સુધી તું લોભની આસપાસ ફરતો ના.

જૂઠું બોલનારા તેમજ વળી બૂરી અકલના માણસ સાથે દોસ્તી ના કરતો

શરીરની બનાવટ ચાર ખાસીયતથી છે-જે ચારો ખાસીયત માણસને રાખવી લાયક છે

પહેલું એ કે હોનરમંદ શખ્સ શર્મીલ અને ઇન્સાફી હોવો જોઇયે-બીજું એ કે તે ખરાં અંતઃકરણનો અને સાચા ભાવનો હોવો જોઇયે.

ત્રીજું એ કે પોતાનાં કામમાં મધ્યમપણું વાપરે-અને તેનાં નસીબમાં ૩
જેટલી બક્ષેશ હોય તેને પસંદ કરે.

ચોથું એ કે તે પોતાની બડાઈ નહીં હાંકે-બડાઇ હાંકયાથી તે પોતાનું નામ બેવકૂફોમાં ખપાવે છે.

નેક માણસનું દિલ બેઉ દુન્યા જીતી શકે છે-પણ કમીનાનું દિલ ઈન્સાફથી ખુશી નથી થતું.

આ દુન્યામાં તેનું ભૂંડું નામ રહી જાય છે-અને પેલી દુન્યામાં તે બેહેશ્ત મેળવતો નથી.

તારીફ લાયક તેજ શખ્સ છે કે જેણે મધ્યમપણું એખ્તયાર કર્યું-અને પોતાને માટે ભલી દુઆ મેળવી

પેલો બડાઇખોર માણસ આ દુન્યામાં ઘણોક વખત ટકી શકતો નથી-કારણકે તે ખરાબ રસ્તે પોતાની પુંજી વેરી નાખે છે.

દુન્યાનો પયદા કરનાર સાહેબ તમારો મદદગાર હોજો !-હમેશે તમારૂં નસીબ જાગૃત રહેજો !

દુન્યાનો નેગેહબાન અમારી પણ દાદ સાંભળનાર થજો !-કારણ આ મોટાઇનું તખ્ત કોઈ સાથે પણ લાંબો વખત રહેતું નથી."

અઝીન્ પસ તોરા હરૂચે આયદ બકારૂ
ઞે દીનારૂ વઝ્ ગઉહરે શાહ્વારૂ
ફેરેસ્તમ નેગરૂ દેલ્ નદારી બરન્જ
ન અર્ઝદ બરન્જે તો આગન્દહ્ ગન્જ
ઞે દીનારૂ ગન્જી કુનૂન દહ્ હઝારૂ
ફેરેસ્તાદમ ઈનક ઞે બહ્રે નેસારૂ

પાદશાહી ખઝાનામાંથી મેહરાન લઇ ગયો-અને સઘળું મુંઝેરના બેટા નોઅમાનને આપ્યું.

વળી પાદશાહે ખુશીથી બક્ષેશનો દરવાઝો ખોલી-તેના દોસ્તોને પણ અંદાઝા પ્રમાણે હદયો આપ્યો.

પછી પાદશાહે મુંઝેર ઉપર જેવી રીતે પાદશાહી દરબારને લાયક હોય તેવી રીતે એક નામુ લખ્યું.

જેમાં તેના છોકરા નોઅમાનની જે પાદશાહી ખિદમતથી તેની (યઝદ-ગેર્દની) સાથની મિત્રાચારીનો સંબંધ યમનના પાદશાહ મુંઝેરે ચાલુ રાખવાની ધારણા રાખી હતી તેનો ઈશારો કર્યો હતો.

અને લખ્યું કે "આ કામનો બદલો હું વાળીશ-આવો કેળવાયલો બેટો ધરાવવા માટે હું પોતે મગરૂર થાઉં છું."

બેહરામ ગૂરે પણ એક નામુ તેની ઉપર લખ્યું-કે "મારી હાલત અહીં ખરાબ અને કડવાસભરી બની છે.

મને પાદશાહથી એવી આશા ઉમેદ નહીં હતી-કે તે પોતાના નોકર તરફ આવી રીતની નેગાહ કરશે.

હું તો અત્રે જાણે નથી તેનું ફર્ઝંદ કે નથી તેના એક ચાકર જેવો-કે નહીં તેના દરવાઝા ઉપરના ખુશહાલ દિલના નોકર જેવો."

પછી તેણે નોઅમાનને દેશના પાદશાહની બૂરી રાહ અને રસ્મ જે કાંઇ હતી તે ખાનગીમાં કહી.

જ્યારે નોઅમાન પાદશાહની દરબારથી ગયો અને નામદાર મુંઝેરની આગળ આવ્યો,

ત્યારે દેશના પાદશાહનું નામુ તેને આપ્યું-મુંઝેરે તે ચૂમ્યું અને માન અર્થે તે સર ઉપર ધર્યું.

તેણે તે હદયાઓથી ખુશહાલી બતાવી-તેની ઉપર દુઆ ઉપર દુઆ કરવા કરવા લાગ્યો.

ત્યાર પછી કાસેદે ખાનગીમાં-બેહરામે કહેલી સઘળી વાતો મુંઝેરને કહી.

પછી નવીસંદાએ તેની આગળ બીજું નામુ વાંચ્યું-જેથી તે નામવરનો ચેહરો ફિક્કો પડી ગયો.

તેજ વખત તુરત પાછો જવાબ લખ્યો-શીખામણ સાથના મુબારક સખુનો લખ્યા.

એવી રીતે લખ્યું કે "ઓ નામવર સરદાર!-તું સંભાળજે બાપની રાહથી સર ના ફેરવતો.

શાહ તરફથી થતી ભલાઈ ભૂંડાઈ ઉપર તું ખુશહાલજ રહેજે-તું તાબેદાર રહેજે અને ડહાપણવાળો થજે.

સબૂરી કીધાથીજ મોટાઓનાં માથાં ઉપરથી બૂરાઈ ટળી જાય છે-માનવીનાં માથાંએ તો ડહાપણ ધરાવુંજ લાઝેમ છે.

જો ફરતા આસ્માનનો એવોજ વિચાર છે-તો તેના વિચાર સામે આપણ કાંઇ પણ કરી શકતા નથી.

આસ્માન એક જણને મોહબતથી ભરેલો રાખે છે-બીજાને કીનાથી ભરેલો અને કરચલી ભરેલા ચેહરાનો રાખે છે.

દુન્યાની સંભાળ રાખનાર સાહેબે તેને એવોજ બનાવ્યો છે-જેમ તે ચલાવે તેમ ચાલવું જોઇયે.

હવે પછીથી તને દીનાર કે શાહી ગોહરોમાંથી જે કાંઈ કામ લાગે,

તે હું મોકલીશ, તું જાણે, કશી પાંતીએ દિલગીર ના રહેતો-તારી રંજ આગળ મારો ભેગો કીધેલો ખઝાનો કાંઇ બિસાતમાં નથી.

હાલ તો આ સાથે તારી ઉપર વધાવવા માટે ખઝાનામાંથી દશ હઝાર દીનાર મોકળું છું.

પરસ્તારૂ હૂ રહુનુમાએ તો બૂદ
બપર્દહુ દરૂન્ દેલ્ફુશાએ તો બૂદ
ફેરેસ્તાદમ ઈનક્ બનઝ્દીકે તૂ
કે રઉશન્ કુનદ જાને તારીકે તૂ
હરાનગહ્ કે દીનારૂ બોર્દી બકારૂ
ગેરાની મકુન્ હીચ બરૂ શહ્રૂયારૂ
કે દીગરૂ ફેરેસ્તમત બેસ્યારૂ નીઝ
અઝીન્ પાદશાહી ઝે હરગૂનહ્ ચીઝ
પરસ્તન્દહ્ બાશો સેતાયન્દહ્ બાશ
બકારે પરસ્તેશ ફેઝાન્દહ્ બાશ
તો આન્ બદ ખુઈરા ઝે શાહે જેહાન્
જુદા કરૂદ નત્વાની અન્દરૂ નેહાન્
ફેરેસ્તાદ અઝાન્ તાઝેયાન્ દહ્ સવારૂ
સખુન્ ગૂયો બીના દેલો દૂસ્તદારૂ
રસીદન્દ નઝ્દીકે બહ્રામ શાહ્
અબા બદ્રહો બર્દએ નીકૂખાહ્
બેરદમન્દ બહ્રામ અઝાન્ શાદ શુદ
હમહ્ દરૂદહા બરૂ દેલશ બાદ શુદ
વઝાન્ પસ બરૂ આન્ પન્દ શાહે અરબ્
પરસ્તેશ હમી કરૂદ દરૂ રૂઝો શબ્

તેમજ જે બાંદી કે તારી વિશ્વાસુ હતી-અને તારાં ઝનાનખાનામાં તારાં દિલને ખુશ કરનારી હતી,

તેણીને હવડાં મેં તારી નઝદીક મોકલી આપી છે-કે જે તારો ગમ વીસરાવશે.

જ્યારે પણ તું સઘળા દીનાર ખર્ચી ચૂકે-ત્યારે પાદશાહ ઉપર જરાબી બોજો ના નાખતો,

કારણકે બીજા ઘણાબી હું તારી ઉપર મોકલી આપીશ-તેમજ આ મારાં રાજ્યમાંથી દરેક જાતની ચીઝો મોકલીશ.

પણ તું પાદશાહનો તાબેદારજ બની રહેજે અને તેનીજ વખાણ કરતો ૩૭
રહેજે-અને તેની ખિદમત કરવામાં વધારોજ કરતો રહેજે.

દેશના પાદશાહના ખરાબ સ્વભાવને તેનાં દિલમાંથી તું કાઢી નાખી શકવાનો નથી."

પછી તેણે અરબ સવારોમાંથી સારૂં બોલનારા, ચાલાક અને દોસ્તીને લાયકના દશ સવારો સાથે મોકલી આપ્યા.

તેઓ શાહઝાદા બેહરામની નઝદીક દીનારની થેલીઓ અને પેલી વફાદાર બાંદી સાથ આવી લાગ્યા.

ડહાપણવાળો બેહરામ તે જોઇને ખુશી થઇ ગયો-અને તેનાં દિલ ઉપરનું સઘળું દુઃખ દફે થઇ ગયું.

અને ત્યાર પછી તે અરબના પાદશાહની ભલી શીખામણ ઉપર-રાત દહાડો પાદશાહની ખિદમત કરવા લાગ્યો.

બન્દ્ કર્દને યઝ્દગેર્દ્ બહ્રામ્રા વ રહાઈ યાફ્તન્ બસેફારેશે તયનૂશ્ વ બાઝ્ રફ્તન્ નઝ્દે મુન્ઝેર્.

યઝદગેર્દનું બેહરામને કયદ કરવું અને તયનૂશની ભલામણથી છૂટકારો મેળવવો અને તેનું મુંઝેરની નઝદીક પાછું જવું.

ચુનાન્ બુદ કે યક્ રૂઝ દરૂ બઝમગાહ્
હમી બૂદ બરૂ પાએ દરૂ પીશે શાહ્
ચુ શુદ તીરહ્ શબ્ રાએ ખાબ્ આમદશ
હમ અઝ ઈસ્તાદન્ શેતાબ્ આમદશ
પેદરૂ ચૂન બેદીદશ બહમ બરૂ દો ચશમ
બતુન્દી યકી બાન્ગ્ બરૂ ઝદ બખશમ
બદેઝ્ખીમ ફરૂમૂદ કીન્રા બેબરૂ
કઝીન્ પસ નબીનદ કોલાહો કમરૂ
બદીન્ ખાનહ્ ઝેન્દાન્ કુનો બાઝ ગરૂદ
નઝીબદ બરીન્ કારે નન્ગો નબરૂદ
બઅયવાન્ હમી બૂદ ખસ્તહ્ જેગરૂ
નદીદ અન્દરાન્ સાલ રૂએ પેદરૂ
મગરૂ રૂઝે નઉરૂઝો જશ્ને સદહ્
કે ઊ પીશ રફ્તી મેયાને રદહ્
ચુનાન્ બુદ કે તયનૂશે રૂમી ઝે રાહ્
ફેરેસ્તાદહ્ આમદ બનઝ્દીકે શાહ્
અબા બદ્રહો બર્દહો બાઝે રૂમ
ફેરેસ્તાદ કયસરૂ બદાન્ મર્ઝો બૂમ
ચુ આમદ શહનશાહ્ બેનવાખ્તશ
સઝાવારે ઊ જાએગહ્ સાખ્તશ

એવું બન્યું કે બેહરામ એક દહાડે ખુશહાલીની મજલેસમાં પાદશાહની ખિદમતમાં ઉભેલો હતો.

જ્યારે રાત અંધારી થઇ ત્યારે તેને ઊંઘ આવવા માંડી-તેમજ ઉભા રહેવાથી અકરવકર થવા લાગી.

બાપે જ્યારે તેની આંખો બંદ થયલી જોઈ-ત્યારે ગુસ્સામાં આવી ઝોરથી એક પોકાર માર્યો.

અને જલ્લાદને હોકમ કીધો કે "એને અહીંથી લઇ જા-કારણકે એ હવે પછીથી તાજ કે કમરબંદ કશું જોશે નહીં.

આ મેહલમાંજ એને કયદ કર અને પાછો ફર-આ શખ્સ કીર્ત્તિ ૩૮
અને નામના મેળવવાને લાયક નથી."

બેહરામ તે મેહલમાં ઝખ્મી જીગરે દહાડા કાઢવા લાગ્યો-તેણે તે આખાં વર્ષમાં બાપનું મોઢું પણ જોયું નહીં.

સિવાય કે નવરોઝ અને જશ્ને સદેહને દહાડે-કે તે બીજા સરદારોની સફ વચ્ચે જતો હતો.

હવે એવું બન્યું કે રૂમી તયનૂશ રાહમાંથી-કાસેદ તરીકે પાદશાહ આગળ આવ્યો.

દીનારની થેલીઓ, ગોલામો વગેરે રૂમની મેહસૂલ સાથ-આ મુલકમાં કયસરે તેને મોકલી આપ્યો હતો.

જ્યારે તે આવ્યો ત્યારે શેહનશાહે તેને નવાઝ્યો-અને તેને લાયકની ઉતારાની જગ્યા તૈયાર કીધી.

ફેરેસ્તાદ બહુરામ્ ઝી ઊ પયામ
કે અય મર્દે બીદારો ગુસ્તર્દેહ્ કામ
ઝે કેહ્‌તરૂ બચીઝી બેયાઝોરૂદ શાહ્
વઝ્ દૂરૂ ગશ્તમ ચુનીન્ બી ગુનાહ્
તો ખાહેશ કુની ગરૂ તોરા બખ્શદમ
મગરૂ બખ્તે પેઝ્મોર્દેહ્ બેદરખ્શદમ
સુએ દાયગાનમ ફેરેસ્તદ મગરૂ
કે મુન્ઝેરૂ મરા બેહ્ ઝે મામો પેદરૂ
૩૯ ચુ તયનૂશ બેશનીદ પયઘામે ઊય
બરૂ આવરૂદ અઝાન્ આરૂઝૂ કામે ઊય
દેલે ઝારે બહુરામ અઝૂ શાદ ગશ્ત
વઝાન્ બન્દે બીમાયહ્ આઝાદ ગશ્ત
બદર્વીશ બખ્શીદ બેસ્યારૂ ચીઝ
વઝાન્ જાએગહ્ રફ્તન્ આરાસ્ત તીઝ
હમહ્ ઝીરૂદસ્તાને ખુદરા બેખાન્દ
શબે તીરહ્ ચૂન્ બાદ લશ્કરૂ બેરાન્દ
બયારાન્ હમી ગોફ્ત યઝ્દાન્ સેપાસ
કે રસ્તીમો ઈમન્ શુદીમ અઝ હેરાસ
ચુ આમદ બનઝ્દીકે શાહે યમન્
પઝીરહ્ શુદશ ફ્હકો મર્દો ઝન્
બેરફ્તન્દ નોઅમાનો મુન્ઝેરૂ ઝે જાય
હમાન્ નીઝહ્ દારાને પાકીઝહ્ રાય
ચુ મુન્ઝેરૂ બબહુરામ નઝ્દીક શુદ
ઝે ગર્દે સેપહ્ રૂઝ તારીક શુદ
પેયાદહ્ શુદન્દ આન્ દો આઝાદ મરૂદ
હમી ગોફ્ત બહુરામ તીમારો દરૂદ
ઝે ગોફ્તારે ઊ ચન્દ મુન્ઝેરૂ ગેરીસ્ત
બપુરસીદો ગોફ્ત અખ્તરે શાહ્ ચીસ્ત
૪૦ કે હરૂગેઝ નરાનદ બરાહે ખરદ
ઝે કેર્દારૂ તર્સમ કે કયફરૂ બરદ
બદૂ ગોફ્ત બહુરામ કૂ ખુદ મબાદ
કે ગીરદ ઝે શૂમ અખ્તરશ નીઝ યાદ
ફેરૂદ આવરીદશ હમાન્ જા કે બૂદ
બરૂ આન્ નીકુઈ નીકુઈહા ફેઝૂદ
બઝોઝ બઝ્મો મયદાન્ નબૂદીશ કારૂ
હેઝરૂ બખ્શેશો ફરોશે કાર્ઝારૂ
વઝાન્ પસ ઘમો શાદીએ યઝ્દગેરૂદ
ચુનાન્ ગશ્ત બરૂ પૂરૂ ચૂન બાદે એરૂદ
બદીન્ નીઝ ચન્દાન્ ઝમાન્ બરૂ ગુઝશ્ત
બઅયવાન્ ખુદી શાદો ફરૂરોખ બદશ્ત
ઝે શાહી પુરૂ અન્દીશહ્ શુદ યઝદગેરૂદ
ઝે હરૂ કેશ્વરી મૂબેદાન્ કરૂદ ગેરૂદ
બઅખ્તરૂ શેનાસાન્ બેફરૂમૂદ શાહ્
કે તા કરૂદ હરૂયક્ બઅખ્તરૂ નેગાહ્
કે તા કય બુવદ દરૂ જહાન્ મર્ગે ઊય
કુજા તીરહ્ ગર્દદ સરો તર્ગે ઊય

બેહરામે તયનૂશ તરફ પયગામ મોકલ્યો-કે "એ બાહોશ અને મુરાદે પુગેલા શખ્સ!

મુજ ચાકરથી પાદશાહ નજીવી બાબતમાં નારાઝ થઈ ગયો છે-અને હું તેનીથી એવી રીતે વગર તકસીરે દૂર થયો છું.

અગરજો તું મારા છૂટકારાની ખાહેશ કરશે તો મને તે તને બક્ષી દેશે-જેથી મગર મારૂં કરમાયલું નસીબ તું પાછું રોશન કરશે.

અને કદાચ તે મને મારા ઉછેરનારાઓ તરફ પાછો મોકલી આપશે-કારણકે મુંઝેર મને માબાપ કરતાં પણ વધુ છે."

જ્યારે તયનૂશે તેનો પયગામ સાંભળ્યો-ત્યારે તેની મુરાદ તેની મરજી મૂજબ તે બર લાવ્યો.

જેથી બેહરામનું રડતું દિલ તેનાથી ખુશહાલ થયું-અને તે કંગાલ કયદખાનામાંથી છૂટો થયો.

તેણે દરવીશોને ઘણીક ચીઝની બક્ષેશો કીધી-અને તે જગ્યાએથી શેતાબ જવાની તૈયારી કીધી.

તેણે પોતાના તમામ નોકરોને બોલાવ્યા-અને અંધારી રાતે પવનની માફક લશ્કર ચલાવ્યું.

તે પોતાનાં દોસ્તોને કહેવા લાગ્યો કે "ખોદાતાલાના શુકરાના!-કે આપણે છૂટા અને ધાસ્તીથી નચિન્ત બન્યા."

જ્યારે તે યમનના પાદશાહની નઝદીક આવ્યો-ત્યારે તે શેહરના મર્દ, અઉરત અને છોકરાં તેને એસ્તેકબાલ ગયાં.

નુઅમાન અને મુંઝેર તેમજ પાકીઝેહ વિચારના ભાલાવાળા અરબ સવારો તેને એસ્તેકબાલ ગયા.

જ્યારે મુંઝેર બેહરામની નઝદીક પહોંચ્યો-ત્યારે લશ્કરની ગર્દથી દહાડો સીઆહ થયો.

તે બંને આલીજાહ શખ્સો પેયાદા થયા-તુરત બેહરામ પોતાના ગમ અને દુઃખની વાત તેને કહેવા લાગ્યો.

મુંઝેર તેની વાતથી ઘણોક રડયો-અને વાતચિત્ત કરતાં તે બોલ્યો કે "પાદશાહનો સેતારો એવો તે શું છે,

કે તે કદીબી અકલની રાહે ચાલતો નથી?-મને ધાસ્તી લાગે છે કે તે પોતાની કરણીનો તેવોજ બદલો પામશે."

બેહરામ બોલ્યો કે "જે કોઈ કે તેના નેહેસ્ત સેતારાને યાદ કરે તે પોતેજ ના હોતો!"

પછી જ્યાં કે તે પહેલાં રહેતો હતો ત્યાંજ તેને પાછો ઉતાર્યો-અને આગળી ભલાઈઓ ઉપર પાછો ભલાઇનો વધારો કીધો.

તેનું કામ ખુશીની મજલેસ, શિકારનું મયદાન, સખાવત કરવી અને લડાઈના હોનરો શીખવા સિવાય બીજું કાંઈ નહીં હતું.

રફ્તે રફ્તે યઝદગેર્દનાં દુઃખ સુખની વાત તે છોકરાનાં મનથી અર્દીબેહેશ્ત મહિનાના પવન મિસાલ હતી.*

તે ઉપર પણ કેટલોક વખત નીકળી ગયો-તે મેહલમાં ખુશહાલ રહેતો હતો તેમજ શેકારનાં મયદાનમાં મઝાહ ભોગવતો હતો.

હવે યઝદગેર્દ પોતાની પાદશાહી માટે વિચારવંત બન્યો-તેણે દરેક મુલકમાંથી દાનાઓને એકઠા કીધા.

નુજૂમીઓને પાદશાહે ફરમાવ્યું-જેથી દરેક જણે તેના સેતારાની ચાલ ઉપર નેગાહ કીધી,

કે "જેહાનમાં તેનું મોત કયારે આવશે?-અને તેનું સર અને કોલાહ કયાં સીઆહ થશે?

---

* આ બયતની મતલબ એટલીજ જણાય છે, કે જેમ પવન આવે અને જાય તેની દરકાર કોઈ નહીં કરે તેમ બેહરામ પોતાના બાપના દુઃખ સુખની વાત એક કાને સાંભળી બીજે કાનેથી કાઢી નાખતો હતો. બેહરામ બાપની દરકાર રાખતો હતો નહીં.

ચુ બાશદ કુજા બાશદ આન્ રૂઝગારૂ
કે પેઝ્મોર્દહ્ ગર્દદ રોએ શહ્‌રૂયારૂ
સેતારહ્ શુમોરૂ ગોફ્‌ત ઈન્ ખુદ મબાદ
કે શાહે જહાન્ ગીરદ અઝ મરૂગ્ યાદ
ચુ બખ્તે શહન્શાહ્ બદ્દરવ્ શવદ
અઝ ઈદરૂ સુએ ચશમએ સવ્ શવદ
ફેરૂદ આવરદ લશ્કરો બૂકો કૂસ
બશાદી નઝારહ્ શવદ સૂએ તૂસ
બરાન્ જાયગહ્ બરૂ બુવદ હુશે ઊય
ચુનીન્ રૂઝ નુગ્ઝશ્ત અઝ ચૂશે ઊય
અઝીન્ દાનેશ અરૂ યાદ ગીરી બદ અસ્ત
કે ઈન્ રાઝે દીરીનએ ઈઝદ અસ્ત
ચુ બેશનીદ અઝૂ શાહ્ સઉગન્દ ખરૂદ
બખરૂરાદો બર્ઝીનો ખુરૂશીદે ઝરૂદ
કે મન્ ચશમએ સવ્ ન બીનમ્ બચશમ્
ન હન્ગામે શાદી ન હન્ગામે ખશમ્
બરીન્ નીઝ બુગ્ઝશ્ત ગરૂદૂન્ સે માહ્
ઝમાનહ્ બજૂશ આમદ અઝ ખૂને શાહ્
ઝે બીનીશ બુકુશાદ યકૂ રૂઝ ખૂન્
પેઝેશ્કુ આમદ અઝ હરૂ સુએ રહ્‌નમૂન્
બદારૂ ચુ યકૂ હફ્‌તહ્ બસ્તી પેઝેશ્કુ
દેગરૂ હફ્‌તહ્ ખૂન્ આમદી ચૂન્ સેરેશ્કુ

જ્યારે પણ હશે ત્યારે તે વખત ક્યાં બનશે-કે જ્યાં પાદશાહનો ચેહરો કરમાઇ જશે?"

પછી નુજૂમીઓ બોલ્યા કે "એવું કદી ના બનતું-કે દેશનો પાદ- ૪૧
શાહ મોતની યાદ કરે.

પણ જ્યારે શેહનશાહનું નસીબ માઠું બનશે-ત્યારે અહીંથી તું 'સવ' નામના ચશ્મા તરફ જશે.

અને તું ખુશી થતો તૂસ શેહર જોવા માટે જશે-અને ત્યાં લશ્કર તેમજ નગારાં અને કરનાય લઇ જશે,

તે જગ્યા ઉપર પાદશાહનું મોત આવશે-એવો બૂરો દહાડો તો પાદશાહે સાંભળ્યો પણ નહીં હશે.

આ બાબતનો જો તું કાંઈ પણ વિચાર કરશે તો તે ખોટું છે-કારણ એ તો યઝદાનનો પોતાનો પુરાનો ભેદ છે (જે કદી ઝાહેર થશે નહીં)."

જ્યારે પાદશાહે એવું સાંભળ્યું ત્યારે તેણે આદર ખરશાદ અને આદર બર્ઝીન નામના આતશના તેમજ સોનેરી ઝળકાટના ખુરશીદનાં સઉગંદ ખાધા,

કે "હું ખુશહાલીને વખતે કે લડાઇને વખતે કદી પણ "સવ"નો ચશ્મો જોઈશ નહીં."

એ ઉપર પણ ત્રણ માસનો વખત વહી ગયો-અને ઝમાનો પાદશાહના ખૂન માટે જોશમાં આવ્યો.

એક દહાડે તેના નાખમાંથી લોહી જારી થયું-સઘળે ઠેકાણેથી એલાજ માટે વૈદો આવ્યા.

જ્યારે વૈદ પોતાની દવાથી એક અઠવાડિયું લોહી બંદ કરતો-ત્યારે બીજે અઠવાડિયે આંસુની માફક લોહી વહેતું થતું હતું.

રફ્‌તને યઝ્‌દગેર્દ્ બચશમએ સવ્ બગોફ્‌તારે મૂબેદ્ વ કોશતને અસ્પે આબી ઊરા.

——:o:——

બદૂ ગોફ્‌ત મૂબેદ કે અય શહ્‌રૂયારૂ
બેગશ્તી તો અઝ રાહે પર્વર્દેગારૂ
તો ગોફ્‌તી કે બુગ્રીઝમ્ અઝ ચન્ગે મરૂગ્
કુજા નીસ્તત્ મરૂગ્ હરૂગીઝ બબરૂગ્
તોરા ચારહ્ ઈનસ્ત્ કઝ રાહે શહૂદ
સુએ ચશમએ સવ્ ગેરાઈ બમહ્‌દ
નેયાયેશ કુની પીશે યઝદાને પાકુ
બેઝર્દી બઝારી બરાન્ તીરહ્ ખાકુ
બગૂઈ કે મન્ બન્દએ નાતવાન્
ઝદહ્ દામે સઉગન્દ પીશે રવાન્
કુનૂન્ આમદમ્ તા ઝમાનમ્ કુજાસ્ત્
બપીશે તો અય દાવરે દાદ રાસ્ત
ચુ બેશનીદ શાહ્ આન્ પસન્દ આમદશ
હમહ્ દરૂદશ સૂદમન્દ આમદશ
બેયાવરૂદ સીસદ અમારીઓ મહ્‌દ
ગુઝરૂ કરૂદ બરૂ સૂએ દર્યાએ શહ્‌દ
શબો રૂઝ તાઝાન્ બમહ્‌દ અન્દરૂન્
બબીનીશ મહ્ ગહ્ હમી રફ્‌ત ખૂન્

યઝદગેર્દનું મોબેદના કહેવાથી સવના ચશ્મા તરફ જવું અને દર્યાઈ ઘોડાએ તેને મારી નાખવો.

——:o:——

વડા વઝીરે તેને કહ્યું કે "ઓ પાદશાહ!-તું ખોદાતાલાની રાહથી ૪૨
ફર્યો છે.

તું બોલ્યો છે કે 'હું મોતનાં હાથમાંથી નાસી જઈશ'-તે મોતની તૈયારી તેં કાંઈ રાખીજ નથી.

તારો ઉપાય એજ છે કે શહદને રસ્તે-તું પાલખીમાં બેસી સવના ચશ્મા તરફ જાય.

ત્યાં તું પાક યઝદાનની નિયાયેશ કરે-અને ખુવારીથી ત્યાંની સીઆહ ખાક ઉપર લોટે,

અને કહે કે 'હું નાતવાન ગોલામ-કે જેણે પોતાના આત્મા આગળ સઉગન્દનો ફાંદો નાખ્યો હતો,

તે હવે ઓ રાસ્ત ઇન્સાફના માલેક!-તારી પાસે આવ્યો છું કે મારૂં મોત ક્યાં છે?"

જ્યારે પાદશાહે એવું સાંભળ્યું ત્યારે તેને તે પસંદ પડયું-અને પોતાનાં દર્દને માટે તે સઘળું ફાયદેમંદ જણાયું.

જેથી તેણે ત્રણસો અમારી અને પાલખીઓ મંગાવી-અને શહદના દર્યા તરફ ચાલવા લાગ્યો.

તે રાત અને દહાડો અમારીમાં બેસી દોડયો જતો હતો-હજુ તેનાં નાખમાંથી વારમ્વાર લોહી વહેતું હતું.

ચુ નઝદીકીએ ચશ્મએ સવ્ રસીદ
બેરૂન્ આમદ અઝ્ મહુદે દર્યા બેદીદ
૪૩ અઝાન્ આબ્ લખ્તી બસરૂ બરૂ નેહાદ
ઝે યઝદાને નીકી દેહેશ કરૂદ યાદ
ઝમાની ઝે બીની નેયામદશ ખૂન્
બખુર્દો બેયાસૂદ બા રહ્‌નમૂન્
મની કર્દો ગોફ્ત ઈનત્ આઇનો રાય
નેશાસ્તમ્ ચે બાયેસ્ત ચન્દી બજાય
ચુ ગર્દનકશી કરૂદ શાહે રમહ
કે અઝ્ ખીશતન્ દીદ નીકી હમહ
ઝે દર્યા બરૂ આમદ યકી અસ્પે ખન્ગ્
સુરીન્ ગેરૂદ ચૂન્ ગૂરે કૂતાહ લન્ગ્
દમાનો ચુ શીરે ઝેયાન્ પુરૂ ઝે ખશ્મ
બલન્દો સેયહ ખાયહુઓ ઝાઘ ચશ્મ
કશાન્ દુમ્મ દરૂ પાયો બા યાલો બોશ
સેયહ સુમ્મો કફ્ અફ્ગનો શીરૂ કોશ

ચુનીન્ ગોફ્ત બા મેહ્‌તરાન્ યઝદગેરૂદ
કે ઈનરા સેપહ અન્દરૂ આરન્દ ગેરૂદ
બેશુદ ગેરૂદ ચૂપાનો દહ્ કુરૂરહ તાઝ
યકી ઝીનો પીચાન્ કમન્દી દરાઝ
ચે દાનેસ્ત રાઝે જહાનદારૂ શાહ
કે આવરૂદ આન્ અઝ્દહારા બરાહ
ફેરૂમાન્દ ચૂપાનો લશ્કરૂ હમહ
બરૂ આશોફ્ત અઝ્ શહ્‌રયારે રમહ
હમ આન્ગાહ બરૂદાશ્ત ઝીનો લગામ
બનઝદીકે આન્ અસ્પ શુદ શાદ કામ
ચુનાન્ ખેન્ગ્ શુદ રામ બરૂ જાએ ખીશ
કે નન્હાદ દસ્ત અઝ્ પસો પાએ પીશ
જહાનદારૂ બેસ્તદ ઝે ચૂપાન્ લગામ
બઝીન્ બરૂ નેહાદન્ હમાન્ ગશ્ત રામ
ચુ ઝીન્ બરૂ નેહાદશ બરૂ આહીખ્ત તન્ગ્
નજુમ્બીદ બરૂ જાએ તાઝાન્ નહન્ગ્
પસે પાએ ઊ શુદ કે બન્દદશ દુમ
ખોરૂશાન્ શુદ આન્ બારએ સન્ગ્ સુમ
બેઝુરીદો યક્ જોફ્તહ્ ઝદ બરૂ સરશ
બખાક્ અન્દરૂ આમદ સરો અફ્સરશ
ઝે ખાક્ આમદો ખાક્ શુદ યઝદગેરૂદ
ચે જૂઈ તો ઝીન્ બરૂ શુદહ હફ્ત ગેરૂદ
ચુ અઝ્ ગર્દેશે ઊ નેયાબી રહા
પરસ્તીદને ઊ નેયારદ બહા
બયઝદાન્ ગેરાયો બદ્ કુન્ પનાહ
ખોદાવન્દે ગરૂદ્નો ખુરૂશીદો માહ
૪૫ ચુ ઊ કોશ્તહ શુદ અસ્પે આબી ચુ ગરૂદ
બેયામદ બરૂ આન્ ચશ્મએ લાજ્‌વરૂદ
બઆબ્ અન્દરૂન્ શુદ તનશ નાપદીદ
કસ અન્દરૂ જહાન્ ઈન્ શેગેફ્તી નદીદ
ઝે લશ્કરૂ બરૂઆમદ ખોરૂશી ચુ કૂસ
કે શાહા ઝમાન્ આવરીદત બતૂસ

જ્યારે તે સવના ચશ્માની નઝદીક જઇ પહોંચ્યો-ત્યારે અમારીમાંથી બાહેર આવ્યો અને તે ચશ્મો જોયો.

તે ઝરાનાં પાણીમાંથી તેણે થોડુંક પાણી પોતાને માથે છાંટયું-અને નેકી પહોંચાડનાર ખોદાતાલાને યાદ કરવા લાગ્યો.

જેથી થોડોક વખત તેનાં નાખમાંથી લોહી વહેતું બંધ પડયું-તેણે કાંઇક ખાધું અને પોતાના ભોમિયા સાથે આસાયેશ લીધી.

તે મગરૂરી કરી બોલ્યો કે "જો, તારા વિચાર કેવા ખરા છે અને તારો ધર્મ કેવો સાચો છે?-માટે અહીં વધુવાર શા માટે બેસવું જોઇયે?"

જ્યારે રૈયત ઉપર રાજ કરનાર પાદશાહે મગરૂરી કરી-કે પોતેજ ભલો અને ડાહ્યો હતો,

ત્યારે તેવામાં નદીમાંથી એક સફેદ ઘોડો બાહેર નીકળી આવ્યો-ગોરખરની મિસાલ તેની જાંગના થાપા ગોળ હતા અને પગ ટુંકા હતા.

તે ફુંકતો અને વિકરાળ સિંહના જેવો ગુસ્સેબાઝ હતો-ઊંચો, કાળા ખુરયાવાળો અને કાગડા જેવી તિક્ષ્ન આંખવાળો હતો.

તેની પૂછડી પગની નીચે ઘસડાતી હતી અને બાલથી ભરેલી યાલ-વાળો હતો-તેની ખરી કાળી હતી તે મોંમાંથી ફીણ નાખતો હતો અને સિંહને માટે તેવો હતો.

તે જોઈ યઝદગેર્દે પોતાના સરદારોને કહ્યું-કે "એને આપણા સેપા-હોએ ઘેરી લેવો જોઇયે."

ભરવાડો અને દશ ઘોડા દોડાવનારા એક ઝીન અને એક લામ્બો ફાંસો લઇને તે ઘોડાની આસપાસ ફરી વળ્યા.

પાદશાહ ખોદાતાલાનો ભેદ શું જાણી શકે?-કે તે સાહેબેજ પેલા અઝદહાને રાહમાં લાવી નાખ્યો છે?

ચરવેદાર અને તમામ લશ્કર તેનાથી આજેઝ થયું-જે ઉપરથી લશ્કરનો પાદશાહ ગુસ્સે થયો.

અને તુરત ઝીન અને લગામ ઉઠાવી-પોતે તે ઘોડાની નઝદીક ખુશી થતો ગયો.

પેલો ઘોડો પોતાની જગ્યા ઉપર એવો ગરીબ થઈ ઉભો રહ્યો-કે આગળ પાછળ એક કદમબી નહીં ભર્યું.

પાદશાહે ચરવેદારના હાથમાંથી લગામ લીધી-અને ઝીન મૂકતી વખતે પણ તેવોજ ગરીબ થઈ રહ્યો.

જ્યારે તેની ઉપર ઝીન મૂકી તંગ બાંધ્યો ત્યારે પણ તે દોડતું મગર-મચ્છ જરા હિલ્યું નહીં.

પછી તે તેના પગ પછાડી ગયો કે તેને ડુમચી લગાડે-હવે તે પત્થર જેવી ખડીના ઘોડાએ ખંખારવા માંડિયું.

તે પોકાર્યો અને પાદશાહનાં માથાં ઉપર લાત મારી-જેથી તેનું સર અને તાજ ખાકમાં પડયું.

પાદશાહ યઝદગેર્દ ખાકમાંથી આવ્યો હતો તે પાછો ખાકજ થયો-તું આ ઊંચે ચઢેલાં સાત આસ્માનથી શું શોધે છે?

જ્યારે તું તેની ગર્દેશથી છુટકારો નથી પામવાનો-ત્યારે તેની પરસ્તેશ કરવી નકામી છે.

તું પાક યઝદાન કે જે આસ્માનનો તેમજ આફતાબ અને માહતાબનો સાહેબ છે તેનીજ ખાહેશ કર અને તેનીજ પનાહ માગ.

જ્યારે યઝદગેર્દ માર્યો ગયો ત્યારે પેલો દર્યાઈ ઘોડો વંટોળિયાની ઝડપે-તે બહુ રંગના ચશ્મા આગળ પાછો આવ્યો.

અને પાણીમાં ગુમ થઇ ગયો-કોઇએ દુન્યામાં એવી અનાયબી જોઈ હશે નહીં.

આવો બનાવ જોઇ લશ્કરમાંથી નગારાંની માફક એક પોકાર નીકળ્યો-કે "ઓ પાદશાહ! તને મોતજ આ તુસ શેહરમાં લઈ આવ્યું."

મેહાન્ જામહા બર્ દરીદન્દ પાક્
હમી રીખ્તન્દ અઝ બરે ચાલ ખાક્
બેપૂશીદ જાન્પસ બદીબા બરશ
નેહાદન્ડ્ કે મુશ્ક્ અફ્સરી બર્ સરશ
બતાબૂતે ઝર્રીનો દર્ મહ્દે સાજ
સુએ પારૂસ બર્ગશ્ત બી તખ્તો તાજ
ચુનીનસ્ત રસ્મે સરાએ સેપન્જ
ચુ આરામ યાબી બેરસ્તી ઝે રન્જ
તો રામીઓ બા તૂ જહાન્ રામ નીસ્ત
ચુ નાન્ ખુર્દેહુ આમદ બેહ અઝ જામ નીસ્ત

પરસ્તીદને દીન્ બેહ અસ્ત અઝ ગુનાહ
ચુ બાશદ કસીરા બરીન્ દસ્તગાહ

ઈરાની સરદારોએ પોતાનાં સઘળાં કપડાં ચાક કરી-માથાં ઉપર ધૂળ છાંટવા લાગ્યા.

ત્યાર પછી રેશમી કપડાંમાં તેનાં શરીરને લપેટ્યું-અને તેનાં માથાં ઉપર કસ્તુરીનું તાજ મેલ્યું.

આ મૂજબ તખ્ત અને તાજ વગર સોનેરી શબપેટીમાં પડીને એક સાગનાં લાકડાંની અમારીમાં તે પાર્સ ખાતે પાછો ફર્યો.

આ ત્રણપાંચ દિવસનાં મુસાફેરખાના રૂપી દુન્યાની રાહ રસ્મ એવીજ રીતની છે-જ્યારે તું મરણ પામે છે ત્યારેજ તું આ દુન્યાની રંજથી છૂટે છે.

તું જેહાનનો તાબેદાર છે કાંઈ જેહાન તારી તાબેદાર નથી-માટે જ્યારે તું ખાણું ખાઇ રહે ત્યારે મયની જામ લેજે તે કરતાં કોઈ બીજી ચીઝ વધુ સારી નથી.

જો માણસજાતથી બનતું હોય તો ગુનાહનાં કામો કરવા કરતાં દીન-ધર્મ પાળવો વધારે બેહતર.

રાએ ઝદને ઈરાનેયાન્ વ નેશા-નીદને ખુસવૂરા બર્ તખ્ત્.

—————:o:—————

ચુ દર્ દખ્મહ શુદ શહર્યારે જેહાન્
વઝ ઈરાન્ બેરફ્તન્દ ગેર્યાન્ મેહાન્
કોનારન્ગ્ બા મૂબેદો પહ્લવાન્
હુશીવારે દસ્તૂરે રઉશન્ રવાન્
હમહ્ પાક્ દર્ પારૂસ ગેરૂહ આમદન્દ
બરે દખ્મએ યઝદગેરૂહ આમદન્દ
ચુ ગોસ્તહ્મ કૂ પીલ કોશતી બઅસ્પ
દેગર્ કારને ગોરૂદ પૂરે ગોશસ્પ
ચુ મીલાદો ચૂન આરશે મરૂઝબાન્
ચુ પર્વીઝે અસ્પ અફ્ગને ગરૂઝબાન્
દેગર્ હર્કે બૂદન્દ અઝ ઈરાન્ મેહાન્
બુઝોર્ગાનો કુન્દઆવરાને જેહાન્
કુજા ખાર્ શાન્ દાશ્તી યઝદગેરૂદ
હમહ આમદન્દ અન્દર્ આન્ શહ્ર્ ગેરૂહ
ચુનીન્ ગોફ્ત ગૂયા ગોશસ્પે દબીર્
કે અય નામ્દારાને બર્નાઓ પીર્
જહાન્દાર્ મા તા જહાન્ આફ્રીદ
કસી ઝીન્ નેશાન્ શહ્ર્યારી નદીદ
કે જોઝ કોશતનો ખારીઓ દર્દો રન્જ
ઝે કેહ્તર્ નેહાન્ કર્દને રાયો ગન્જ
નદાનેસ્તો આઝર્મે કસરા નદાશ્ત
હમી આન્ બરીન્ ઇન્ બરાન્ બર્ ગુમાશ્ત

અઝીન્ શાહ નાપાક્ તર્ કસ નદીદ
ન અઝ પહ્લવાનાને પીશીન્ શનીદ
નખાહીમ બર્ તખ્ત અઝીન્ તોખ્મહ્ કસ
કે ખાકશ બયઝદાન્ બેનાલીમો બસ
સરફરાઝ્ બહ્રામ ફર્ઝન્દે ઊસ્ત
કે મગ્ઝો દેહો રાય પયવન્દે ઊસ્ત

ઈરાનીઓએ મસ્લહત કરવી અને ખુસરૂને તખ્ત ઉપર બેસાડવો.

—————:o:—————

જ્યારે દેશનો પાદશાહ યઝદગેર્દ દખ્મેનેશીન થયો-ત્યારે ઈરાનમાંથી સરદારો રડતા ગયા.

હાકેમો, મોબેદો અને પેહલવાનો-અને રોશન અકલના બાહોશ વઝીરો, ૪૬

તેઓ સઘળા પાર્સ શેહરમાં ભેગા મળ્યા-અને ત્યાંથી યઝદગેર્દનાં દખ્મા આગળ ગયા.

જેવા કે ગોસ્તહમ કે જે ઘોડા ઉપર સવારી કરી હાથીને મારી નાખતો હતો-બીજો ગોશસ્પનો છોકરો બહાદુર કારન,

જેવા કે મીલાદ અને મર્ઝબાનનો આરશ-અને ભારી ગોર્ઝ ધરાવનાર સવારોને પટકનાર પર્વીઝ.

તેમજ બીજા જે કોઇ કે ઈરાનના સરદારો, બુઝોર્ગો અને દેશના બહાદુર લોકો હતા,

કે જેઓને યઝદગેર્દ તુચ્છ ગણતો હતો-તેઓ સઘળા તે શેહરમાં એકઠા થયા.

ત્યાં છટાદાર બોલનાર મુન્શી ગુશસ્પ એ પ્રમાણે બોલ્યો-કે "ઓ જવાન અને બુઢ્ઢા નામદારો!

આપણ સર્વની સંભાળ રાખનાર ખોદાતાલાએ જહાન પયદા કીધી ત્યારથી આજ સુધી-એવી રીતનો એકબી પાદશાહ કોઇયે જોયો નથી,

કે જે કાપી નાખવા, ખુવાર કરવા, સંકટ અને દુઃખ પાડવા સિવાય-તેમજ પોતાની રૈયતથી પોતાનું ડહાપણ અને ખઝાનો છૂપો રાખવા સિવાય,

બીજું કશું જાણતોજ ન હતો અને કોઈની પણ શર્મ રાખતોજ ન હતો-અને પેલાની એની ઉપર તો એની પેલાની ઉપર એમ નિમણુંક કર્યા જતો હતો (યાને જેમ ગમે તેમ ઓહ્દા આપતો હતો).

એના કરતાં વધારે નાપાક પાદશાહ કોઇએ જોયો નથી-તેમજ આગળા ૪૭ પેહલવાનોથી કોઇયે સાંભળ્યો પણ નથી.

આપણે એની અઉલાદમાંથી કોઇને પણ તખ્ત ઉપર બેસાડવા માગતા નથી-તેની ખાકથી પણ હાથ જોડી ખોદાની પનાહ માગીશું.

સરફરાઝ બેહરામ તેનોજ બેટો છે-અને તે પણ તેનાજ મગઝથી, તેનાંજ શરીરથી તેનાજ વિચારથી અને તેનાંજ પયવન્દથી ઉતરેલો છે.

ઞે મુન્ઞેરૂ કુશાયદ સખુન સરૂબસરૂ
નખાહીમ બરૂ તખ્ત બીદાદગરૂ
બેખુર્દન્દ સઉગન્દહાએ ગેરાન્
હરાન્ કસ કે બૂદન્દ અઞ ઇરાનેયાન્
કઞીન્ તોખ્મહુ કસરા બશાહન્શોહી
નખાહીમ બા તખ્તો તાજે મેહી
બરીન્ બરૂ નેહાદન્દો બરૂખાસ્તન્દ
હમહુ શાહુરૂયારે દેગરૂ ખાસ્તન્દ
ચુ આગાહીએ મર્ગે શાહે જેહાન્
પરાગન્દહુ શુદ દરૂ મેયાને મેહાન્
અલાન્શાહુ ચૂન્ પહુલવાને સેપાહુ
ચુ બીવર્દો શકુનાને ઞરૂરીન્ કોલાહુ
ચુ બેહુઞાદે બર્ઞીને રોસ્તમ નેઞાદ
ચુ સામે યલ અઞ તોખ્મએ કયકોબાદ
૪૮ હમી હરૂ યકી ગોફ્ત શાહી મરાસ્ત
હમ અઞ ખાકુ તા બોર્જે માહી મરાસ્ત
જહાની પુરૂ આશૂબ્ શુદ સરૂબસરૂ
ચુ અઞ તખ્ત ગુમ શુદ સરે તાજવરૂ
બઈરાન્ રદો મૂબેદો પહુલવાન્
હરાન્ કસ કે બૂદન્દ રઉશન્ રવાન્
બરીન્ કારૂ દરૂ પારૂસ ગેરૂદ આમદન્દ
હમી ઞીન્ સખુન્ દાસ્તાન્હા ઞદન્દ
કે ઈન્ તખ્તે શાહી સઞાવારૂ કીસ્ત
બેબીનીદ તા અઞ દરે કારૂ કીસ્ત
નબીનીમ બખ્શન્દએ દાદગરૂ
કે બન્દદ બરીન્ તખ્તે ઞરૂરીન્ કમરૂ
કે બેન્શાન્દ આશૂબ્ અઞ રૂઞગારૂ
જહાન્ મરૂઘઞારીસ્ત બી શાહુરૂયારૂ
યકી મરૂદ બુદ પીરો ખુસ્રવ બનામ્
જવાન્મર્દો રઉશન્ દેલો શાદકામ્
હમ અઞ તોખ્મએ સરૂફરાઞાન્ બુદ ઊ
બમરૂઞ અન્દરૂ અઞ બીનેયાઞાન્ બુદ ઊ
સેપોર્દન્દ ગોદાન્ બદૂ તાઞો ગાહુ
બરૂ ઊ અન્જુમન શુદ ઞે હરૂસૂ સેપાહુ

અને તે સઘળી મુંઝેર માટેનીજ વાતો કર્યાં જાય છે-માટે એવા ઝુલ્મગારને પણ આપણે તખ્ત ઉપર બેસાડવા ચાહતા નથી."

એ ઉપરથી ત્યાં જે કોઈ કે ઈરાનના સરદારો હતા-તેઓએ સખ્ત સોગંદ ખાધા,

કે એનાં તોખ્મના કોઇને પણ તખ્ત અને મહાન તાજ સાથે પાદશાહીને માટે આપણે કબૂલ કરીશું નહીં."

એવો ઠરાવ કરીને તેઓ ઉઠયા-અને સઘળાઓ બીજોજ પાદશાહ શોધવા લાગ્યા.

જ્યારે ઈરાન દેશના પાદશાહનાં મોતની ખબર-મોટાઓ વચ્ચે ફેલાઈ ગઈ,

ત્યારે જેવા કે લશ્કરના સેનાપતિ અલાનશાહ અને બીવર્દ તેમજ કસબી કોલાહ પેહેરનાર આપ એખ્તાર હાકેમો,

તેમજ રૂસ્તમની અઉલાદના બર્ઝીનનો છોકરો બેહઝાદ-તેમજ કયકોબાદનાં ખાન્દાનનો સામ પેહલવાન.

દરેક જણ બોલવા લાગ્યો કે "પાદશાહી મારી છે-આ ઝમીનથી તે મીન રાશિ સૂધીનો મુલક પણ મારોજ છે."

જ્યારે ઈરાની તખ્ત ઉપરથી પાદશાહી સર ગુમ થયું-ત્યારે સઘળો દેશ ગડબડ ભરેલો બન્યો.

ઈરાનમાં જે કોઇ કે રોશન જીવના સરદારો, મોબેદો અને પેહલવાનો હતા,

તેઓ એ કામ માટે પાર્સમાં એકઠા મળ્યા-અને એ બાબત વિષેની તકરારો ચલાવવા લાગ્યા.

કે "આ પાદશાહી તખ્તને કોણ લાયક છે-તમો જુઓ કે એવાં કામને લાયક કોણ શખ્સ છે?

આપણ એવો ઇન્સાફી બક્ષેશ કરનાર કોઇ પણ જોતા નથી-કે જે આ સોનેરી તખ્ત ઉપર બેસી પાદશાહી કમરબંદ બાંધે,

અને ઝમાનાની ચાલથી ઉઠેલો ફિતનો દાબી દીયે-પાદશાહ વગરનો દેશ એક વયરાન જંગલ જેવો હોય છે."

પછી એક ખુસરૂ નામનો પીર મર્દ હતો-જે હિમ્મતવાન, ચાલાક મનનો ખુશમુરાદે પહોંચેલો હતો.

વળી તે ઊંચી તોખ્મનો હતો-અને તે મુલકમાંના તવંગર લોકોમાંનો તે એક હતો.

તે શખ્સને સઘળા બહાદુર લોકોએ ઇરાનનું તાજ અને તખ્ત સોંપ્યું-અને વીખરાઇ ગયલું લશ્કર ચો તરફથી તેની આગળ પાછું એકઠું થયું.

આગાહી યાફ્તને બહ્રામ્ અઞ્ મર્ગે પેદર્ વ તાખ્તન્ કર્દનશ્ બઇરાન્

૪૯ પસ આગાહી આમદ બબહરામ ગૂરૂ
કે અઞ ચરૂખ બખ્શો પેદરૂ ગશ્ત ગૂરૂ
પેદરૂત આન્ સરફરાઞે શાહાન્ બેમોરૂદ
બમોર્દો હમ ઊ નામે શાહી બેમોરૂદ
યકી મરૂદ બરૂ ગાહુ બેન્શાન્દન્દ
બશાહી હમી ખુસ્રવશ ખાન્દન્દ

બેહરામને પોતાના બાપનાં મરણની ખબર થવી અને તેણે ઇરાન ઉપર ચઢાઈ કરવી.

હવે બેહરામ ગૂરને ખબર મળી-કે "આસ્માનની ચાલથી બાપને હિસ્સે કબર આવી છે.

તારો બાપ જે પાદશાહોમાં સરફરાઝ થયલો તે મરણ પામ્યો છે-તે મરી ગયો અને પોતાની પાદશાહીનું નામ પણ સાથેજ લેતો ગયો.

એક મર્દને ઈરાનીઓએ તખ્ત ઉપર બેસાડયો છે-અને રાજ ચલાવવાને માટે તેનેજ પાદશાહ કહેવા લાગ્યા છે.

બેખુર્દન્દ સઉગન્દ યકુસરૂ સેપાહ
કઝીન્ તોખ્મહ કસરા નખાહીમ શાહ
કે બહ્‌રામ ફર્ઝન્દે ઊ હમચુ ઊસ્ત
ઝે આબે પેદરૂ યાકૂત ઊ મગ્‌ઝો પૂસ્ત
ચુ બેશનીદ બહ્‌રામ રોખરા બેકન્દ
ઝે મર્ગે પેદરૂ શુદ ચુનાન્ મુસ્તમન્દ
બરૂ આમદ દો હફ્તહ ઝે શહરે યમન્
ખોરૂશીદને કૂદકો મર્દો ઝન્
ચુ યક્ માહ બેન્શસ્ત બા સૂગે શાહ
સરે માહે નવરા બેયારાસ્ત ગાહ
બેરફતન્દ નોઅમાનો મુન્ઝેરૂ બહમ
હમહ તાઝેયાન્ અઝ્ યમન્ બીશો કમ
હમહ ઝારૂ બા શાહ ગેર્યાન્ શુદન્દ
અબી આતેશ અઝ્ દરૂદ બેર્યાન્ શુદન્દ
ઝબાન્ બરૂ કુશાદન્દ અઝાન્ પસ બપન્દ
કે અય પુરૂ હોનરૂ શહ્‌રયારે બલન્દ
હમહ દરૂ જહાન્ ખાકુરા આમદીમ
ન જૂયાએ તર્યાકુરા આમદીમ
બેમીરદ કસી કૂ ઝે માદરૂ બેઝાદ
બદાદે ખોદા દેલ્ બેબાયદ નેહાદ
બમુન્ઝેરૂ ચુનીન્ ગોફ્‌ત બહ્‌રામ ગૂરૂ
કે અકૂનૂન કે શુદ આબ્ દરૂ જૂએ શૂરૂ
અઝીન્ તોખ્મહ ગરૂ નામે શાહનશાહી
ગુસેસ્તહ શવદ બુગ્સેલદ ફરૂરહી
ઝે દશ્તે સવારાન્ બરૂ આરન્દ ખાક
શવદ જાએ બરૂ તાઝેયાન્ બરૂ મોઘાક
પુરૂ અન્દીશહ બાશીદો યારી કુનીદ
બમર્ગે પેદરૂ સૂગ્વારી કુનીદ
ઝે બહ્‌રામ બેશનીદ મુન્ઝેરૂ સખુન્
બમર્દી યકી પાસોખ અફ્‌ગન્દ બુન્
ચુનીન્ ગોફ્‌ત કીન્ રૂઝ્ગારે મનસ્ત
બદીન્ દશ્ત રૂઝે શોકારે મનસ્ત
તો બરૂ તખ્ત બેન્શીનો નઝ્ઝારહ બાશ
હમહ સાલહ બા તાજો બા યારહ બાશ
હમહ નામદારાન્ બરીન્ હમ સખુન્
કે નોઅમાને મુન્ઝેરૂ ફેગન્દન્દ બુન્
ઝે પીશે જહાનજૂય બરૂખાસ્તન્દ
હમહ તાખ્તન્રા બેયારાસ્તન્દ
બેફરૂમૂદ મુન્ઝેરૂ બનોઅમાન્ કે રવ્
યકી લશ્કરી સાઝ્ શીરાને ગવ્
ઝે શીબાન્ દો અઝ્ કેખ્તેયાન્ દહ હઝારૂ
ફેરૂદ આવરીદ અઝ્ દરે કાર્ઝારૂ
મન્ ઈરાનેયાન્રા નુમાયમ કે શાહ
કુદામસ્ત બા તાજો ગન્જો સેપાહ
બેયાવરૂદ નોઅમાન્ સેપાહી ગરાન્
હમહ તીઘદારાનો નીઝહ્‌વરાન્
બેફરૂમૂદ તા તાખ્તનહા બરન્દ
હમહ રૂએ કેશ્વરૂ બપય બેસ્પરન્દ
રહે શૂરૂસાન્ તા દરે તયસફૂન્
ઝમીન્ ખીરહ શુદ ઝીરે નઅલ અન્દરૂન્

તમામ લશ્કરે સઉગંદ ખાધા છે-કે એનાં તોખ્મમાંથી કોઇને પણ પાદશાહ કરીશું નહીં.

કારણકે તેનો બેટા બેહરામ તેનાજ જેવો છે-અને તેણે પણ પોતાનું મગઝ અને શરીર બાપનાં તોખ્મથીજ મેળવેલું છે."

જ્યારે બેહરામે એવું સાંભળ્યું ત્યારે તેણે પોતાનો ચેહરો પીખ્યો-અને બાપનાં મોતથી તે ઘણો ગમગીન બન્યો.

બે હફતા સૂધી યમન શેહરમાંથી મર્દ, ઔરત અને છોકરાંનો રડવાનો સાધ નીકળ્યો.

જ્યારે તે એક મહિનો પાદશાહનો સોગ પાળી ચૂકયો-ત્યારે નવા મહિનાની શુરૂઆતે પોતાનું તખ્ત આરાસ્તા કરાવ્યું.

નોઅમાન અને મુંઝેર તેમજ યમન શેહરના સઘળા કમ ઝેયાદા અરબો તેની પાસે ગયા.

તે સઘળાઓ પાદશાહ સાથ રડવા લાગ્યા-અને વગર આતશે દુઃખથી ભુંજાવા લાગ્યા.

પછી તેઓએ શીખામણ માટે ઝબાન ખોલી-કે "એ હુનર ભરેલા ૫૦
બુલંદ પાદશાહ!

આપણ સઘળાઓ આ દુન્યામાં ખાક થવા માટેજ આવ્યા છિયે-તેનો કશો ઈલાજ શોધવા આવ્યા નથી.

જે કોઇ કે માને પેટે પયદા થગો તે શેવટે મરણજ પામે છે-માટે ખોદાતાલાના ઇન્સાફ ઉપર સબૂરી પકડવી જોઇયે."

બેહરામ ગૂરે મુંઝેરને કહ્યું-કે "હવે નદીનું પાણી ખારૂં થઈ ગયું છે (યાને ઈરાનનો ઝળકાટ જતો રહ્યો છે).

અગરજો આ તોખ્મથી શેહનશાહીનું નામ-જતું રહેશે તો તેનો ખોદાઈ ઝળકાટ મંદ પડી જશે.

તેઓ અરબેસ્તાનના મુલકનો નાશ કરશે-અને ત્યાં અરબોની કબરગાહ બનાવશે.

માટે તમો વિચાર કરી મને મદદ કરો-અને મારા બાપનાં મોત ઉપર દિલસોઝી દેખાડો."

મુંઝેરે બેહરામની વાતો સાંભળી-તેને બહાદુરી ભરેલો એવો જવાબ દીધો,

કે "આ લડાઈ કરવાનો વખત સારો છે-આ મયદાનમાં મારો શેકાર કરવાનો દહાડો આવી લાગ્યો છે

તું તખ્ત ઉપર બેસી સઘળું જોયા કર-સઘળાં વર્ષ પાદશાહી તખ્ત અને સણગાર સાથનોજ રહેજે!"

નુઅમાન અને મુંઝેરે જે કહ્યું-તે ઉપર સઘળા અરબ નામદારો ૫૧
એકમત થયા.

તેઓ દેશ જીતનાર પાદશાહ આગળથી ઉઠયા-અને સઘળાઓ ચઢાઈ કરવાની તૈયારી કીધી.

મુંઝેરે નોઅમાનને ફર્માવ્યું કે "તું જા-અને સિંહ જેવા પેહલવાનોનું એક લશ્કર તૈયાર કર.

શીબાનોમાંથી બે હઝાર અને કેખ્તીઓમાંથી દશ હઝાર-લડાયકોને તૈયાર કરો.

હુ ઈરાનીઓને દેખાડી આપીશ કે તાજ, તખ્ત, ખઝાના અને લશ્કર સાથનો પાદશાહ કોણ છે?"

નોઅમાને સઘળા તલવાર રાખનારા અને નેઝા ધરાવનારાઓનું એક ભારી લશ્કર ભેગું કીધું.

પછી મુંઝેરે ઇરાન ઉપર ચઢાઈ કરવા અને એ સઘળો મુલક પાયમાલ કરવા હોકમ આપ્યો.

ખારસ્થળને રસ્તેથી તયસફૂન સૂધી ઝમીનની સપાટી ઘોડાઓની નઅલથી ઉખડી ગઈ હતી.

ઝનો ફ્રુદકે ખુરૂદ બોર્દન્દ અસીરૂ
કસ આન્ રન્જહારા નબુદ દસ્તગીરૂ
પુરૂ અઝ ધારતો સૂખ્તન્ શુદ જહાન્
શુ બીકારૂ શુદ તખ્તે શાહન્શાહાન્
૫૨ પસ આગાહી આમદ બરૂમો બચીન્
બતુર્કો બહેન્દો બમકાન્ ઝમીન્
કે શુદ તખ્તે ઈરાન્ ઝે ખુસવ તેહી
કસી નીસ્ત્ ઝીબાએ શાહન્શેહી
હમહુ તાખ્તન્રા બેયારાસ્તન્દ
બબીદાદી અઝ્ જાય બરૂખાસ્તન્દ
શુ અઝ્ તોખ્મે શાહન્શાહી કસ નબૂદ
કે યારસ્ત્ તખ્તે કઈરા બસૂદ
બઈરાન્ હમી હરૂ કસી દસ્ત યાખ્ત
બશાહન્શાહી નીઝ્ ગર્દન્ ફ્રાખ્ત

ઔરતો અને નાના છોકરાંઓને કયદ કીધાં-તે આફતમાં તેઓનો કોઇ પણ મદદગાર હતો નહીં.

જ્યારે શેહનશાહોનું તે નામીચું તખ્ત બેકાર બન્યું-ત્યારે તે દેશ લૂટફાટ અને આગ વરાર ભરેલો થયો.

પછી રૂમ, ચીન, તુર્કેસ્તાન, હિંદુસ્તાન અને મકાન ઝમીનમાં ખબર પડી,

કે "ઈરાનનું તખ્ત ખાલી પડયું છે-કોઈ પાદશાહી કરવા લાયક રહ્યો નથી,"

ત્યારે તે સઘળાઓએ પણ હમ્લો કરવાની તૈયારી કીધી અને ઝુલ્મ ગુઝારવા માટે પોતાને મથકેથી નીકળ્યા.

જ્યારે શેહન્શાહી તોખ્મમાંથી કોઈ એવો નહીં રહ્યો-કે જે પાદશાહી તખ્તને ફાયદો પુગાડી શકે,

ત્યારે ઇરાન ઉપર દરેક જણે હાથ લમ્બાવ્યો-અને તે શેહન્શાહત લેવા માટે પોતાની ગર્દન ઉઠાવી.

આગાહી યાફ્તને ઈરાનેયાન્ અઝ્ તાખ્તને બહ્‌રામ્ ગૂર્ વ નામહ્ ફ્રેસ્તાદન્ બમુન્ઝેર્ વ પાસોખે આન્.

—:o:—

શુ ઈરાનેયાન્ આગહી યાફ્તન્દ
યકાયક્ સુએ ચારહુ બેશતાફ્તન્દ
શુ ગશ્તન્દ અઝાન્ રન્જ યકુસરૂ સોતૂહુ
નેશસ્તન્દ યકુ બા દેગરૂ હમગોરૂહુ
કે ઈન્ કારૂ ઝન્દાઝહુ અન્દરૂ ગુઝશ્ત
ઝે રૂમો ઝે હેન્દો સવારાને દશ્ત
યકી ચારહુ બાયદ કુનૂન્ સાખ્તન્
દેલો જાન્ અઝીન્ રન્જ પર્દાખ્તન્
બેજોસ્તન્દ આનગહુ ફ્રેસ્તાદઈ
સખુનગૂયો બીના દેલ આઝાદઈ
૫૩ કુજા નામે આન્ ગવ જવાનૂય બૂદ
દબીરી બુઝોર્ગો સખુનગૂય બૂદ
બદાન્ તા બનઝદીકે મુન્ઝેરૂ શવદ
સખુન ગૂયદો ગોફ્તે ઊ બેશનવદ
બમુન્ઝેરૂ બેગૂયદ કે અય સરૂફરાઝ્
જહાન્રા બનામે તો આમદ નેયાઝ્
નેગહ્બૂદારે ઈરાનો તુરાન્ તુઈ
બહરૂ જાય પોશ્તે દેલીરાન્ તુઈ
શુ ઈન્ તખ્ત બી શાહો બી તાજ ગશ્ત
ઝે ખૂન મરૂઝ ચૂન પરૂરે દુરૂરાજ ગશ્ત
તો ગોફ્તીમ બાશી ખોદાવન્દે મરૂઝ
કે ઈન મરૂઝરા અઝ તો દીદીમ અરૂઝ
કુનૂન ધારત અઝ તોસ્ત ખૂન રીખ્તન
બહરૂ જાએ તારાજો આવીખ્તન્

ઈરાનીઓનું બેહરામ ગૂરના હમ્લાથી વાકેફ થવું અને મુંઝેર ઉપર નામુ મોકલવું અને તેનો જવાબ મેળવવો.

—:o:—

જ્યારે ઇરાનીઓને એ બાબતની ખબર પડી ત્યારે તેઓ સઘળા એનો ઉપાય શોધવાની ઉતાવળ કરવા લાગ્યા.

જ્યારે તે આફતથી સઘળાઓ આજેઝ થયા-ત્યારે તેઓ એક બીજા સાથ મળી મસ્લહત કરવા બેઠા,

કે "રૂમ, હિંદુસ્તાન અને અરબેસ્તાનના સવારોથી આપણું કામ હદથી ઝેયાદા બગડી ગયું છે,

માટે હવે એનો કાંઈ પણ એલાજ કરવો જોઇયે-અને આપણા જાન અને દિલ આ આફતથી છોડવવાં જોઇયે."

પછી તુરત તેઓએ એક સારી રીતે વાત કરનાર, ચાલાક મનના અને ખાન્દાની શખ્સને એલચી તરીકે ચુંટી કાઢયો.

કે જે બહાદુરનું નામ "જવાનૂય" હતું-તે એક બુઝોર્ગ મુન્શી હતો અને છટાદાર બોલનારો પણ હતો.

કે તે શખ્સ મુઝેરની આગળ જાય-સઘળો ખુલાસો કરે અને તેનો જવાબ સાંભળે

તે મુંઝેરને એ પ્રમાણે કહે કે "ઓ સરફરાઝ!–અમારા દેશને તારા જેવા નામદાર શખ્સની ગર્ઝ પડી છે.

તુંજ ઈરાન અને તુરાનનો નેગહબાન છે–અને સઘળી જગ્યાએ બહાદુર લોકોનો મદદગાર છે.

જ્યારે આ અમારૂં તખ્ત પાદશાહ વગરનું અને તાજ વગરનું થયું–અને આ મુલક લોહીથી તીતરની પાંખ માફક લાલ બન્યો,

ત્યારે અમોએ ધાર્યું કે તું અમારા મુલકનો પાસબાન થઇ રહેશે–કારણકે આ મુલક માટે તે કામને લાયક અમોએ તનેજ જોયો હતો.

પણ તું તો હવડાં લૂટફાટ કરે છે, લોહી રેડે છે અને દરેક જગ્યા તારાજ કરે છે તેમજ હમ્લા કરે છે.

નબૂદી ચુનીન્ પીશ અઝીન્ બદ કુનેશ
કે નફ્રીન્ બેતર્સીદીએ સર્ઝનેશ
નેગહ કુન્ કુનૂન્ તા પસન્દ આયદત
બપીરાન્ સર ઈન્ સૂદમન્દ આયદત
જોઝ અઝ તૂ યકી દાવરી દીગરસ્ત
કઝ અન્દીશએ બરૂતરાન્ બરૂતરસ્ત
બેગૂયદ ફ્રેરેસ્તાદહ ચીઝી કે દીદ
સખુન્ નીઝ્ કઝ કારૂદાનાન્ શનીદ
જવાનૂએ દાના કે પીશે સરાન્
બેયામદ સુએ દશ્તે નીઝહ વરાન્
બસુન્ઝેર્ સખુન્ ગોફ્તો નામહ બેદાદ
સુખુનહાએ ઈરાનેયાન્ કર્દ યાદ
સખુનહાશ બેશ્નીદ શાહે અરબ્
બપાસોખ બર્ ઊ હીચ્ નુકુશાદ લબ્
ચુનીન્ ગોફ્ત્ કય દાનેશી શાહજૂય
સખુન્ ઝીન્ નેશાન્ બા શહન્શાહ ગૂય
બેગૂય ઈન્ કે ગોફ્તી બબહરામ શાહ
ચુ પાસોખ બેજૂઈ નુમાયદત રાહ
ફ્રેરેસ્તાદ બા ઊ યકી નામદાર્
જવાનૂય શુદ તા દરે શાહરૂયાર્
ચુ બહરામરા દીદ દાનન્દહ મર્દ
બર્ ઊ આફ્રીનન્દહરા યાદ કર્દ
અઝાન્ બોઝોર્ગી બાલાઓ આન્ યાલો કેફ્ત
ફ્રેરૂમાન્દ બીના દેલ અન્દર્ શેગેફ્ત
હમી મય ચકદ ગૂઇ અઝ રૂએ ઊય
હમી બૂએ મુશ્ક આયદ અઝ મૂએ ઊય
સખુનગૂય બીફ્રુરો બીહુશ ગશ્ત
પયામશ સરાસર્ ફરામૂશ ગશ્ત
બેદાનેસ્ત બહરામ કૂ ખીરહ શુદ
કે દીદાર્ ચશ્મો દેલશ તીરહ શુદ
બેપુર્સીદ બેસ્યારો બેન્વાખ્તશ
બખૂબી બરે તખ્ત્ બેન્શાખ્તશ
ચુ ગુસ્તાખ શુદ ઝૂ બેપુર્સીદ શાહ
કઝ ઈરાન્ ચેરા રન્જહ ગશ્તી બરાહ
અઝીન્ પસ બરે રન્જ યાબી ઝે મા
હમ આગન્દને ગન્જ યાબી ઝે મા
જવાનૂય પયઘામો નામહ બેદાદ
બસી આફ્રીન્ કર્દ બર્ શાહ યાદ
ફ્રેરેસ્તાદ બા ઊ યકી પુર્ ખરદ
કે ઊરા બનઝદીકે મુન્ઝેર્ બરદ
બેગૂયદ કે ઈન્ નામહ પાસોખ નવીસ
બપાસોખ સુખુનહાએ ફ્રુરોખ નવીસ
વઝાન્ પસ બેગૂ તા ચે દારદ પયામ
અઝૂ બેશ્નવો પાસોખશ દેહ તમામ
બેયામદ જવાનૂ સુખુનહા બેગોફ્ત
શેખે મુન્ઝેર્ અઝ રાએ ઊ બર્ શેગોફ્ત
ચુ બેશ્નીદ અઝાન્ મર્દે બીના સખુન્
મર્ આન્ નામહરા પાસોખ અફગન્દ બુન્
જવાનૂયરા ગોફ્ત્ કય પુર્ ખરદ
હરાન્ કસ કે બદ કર્દ કયફ્રૂ બરદ

અત્યાર આગમચ તો તું એવો બૂરાં કામ કરનારો નહીં હતો-અને લોકોની લઆનત તેમજ તાનાઝનીથી ડરતો હતો.

હવે તને જે કાંઇ પસંદ પડે અને તારાં બુઝોર્ગ સરમાં જે કાંઈ ફાયદેમંદ લાગે તે ઉપર વિચાર કરજે.

તું યાદ રાખજે કે તારા સિવાય એક બીજો પણ ઇન્સાફનો ખાવંદ છે-કે જે સાહેબ બુલંદ મરતબાના શખ્સોના વિચાર કરતાં પણ વધારે ચઢિયાતો છે.

અમારા એલચીએ જે કાંઇ અહીં જોયું છે તે, તેમજ જે અનુભવી ૫૪
શખ્સોથી સાંભળ્યું છે તે સઘળું તને કહેશે."

પેલો દાના જવાનૂય ઇરાની સરદારોની નઝદીકથી નીકળીને-તે અરબેસ્તાન તરફ આવી લાગ્યો.

તેણે મુંઝેરને સઘળી વાત કહી અને પેલું નામુ આપ્યું તેમજ ઈરાનીઓએ જે કાંઈ કહ્યું હતું તે કહ્યું.

અરબના પાદશાહે તેના સખુનો સાંભળ્યા-પણ તે બાબતનો તેણે કાંઇ પણ જવાબ આપ્યો નહીં.

પણ તેણે એમ કહ્યું કે "એ દાનેશમંદ એલચી!-તું એ સઘળી વાતો શેહનશાહને કહે.

જે કાંઇ તેં મને કહ્યું છે તે સઘળું પાદશાહ બેહરામને કહે-જ્યારે તુ તેનો જવાબ માંગશે ત્યારે તે તને રસ્તો દેખાડશે."

પછી તે એલચી સાથ એક નામદારને મોકલી આપ્યો-પેલો જવાનૂય પાદશાહના દરવાઝા સુધી ગયો.

જ્યારે તે દાના મર્દે બેહરામને જોયો-ત્યારે તેની ઉપર ખોદાતાલાની દોઆ ચાહવા લાગ્યો.

તેની બુલંદી, તેનું કદ, તેની ગર્દન અને તેના ખભાં જોવાથી-તે હુશ્યાર દિલનો શખ્સ અજબ રહ્યો.

ગોયા તેના ઉપરથી મય ટીપાતો હતો (યાને મય જેવો લાલ ચેહરો હતો)-અને તેના બાલમાંથી કસ્તુરીનો પમરાટ આવતો હતો.

આથી પેલો છટાદાર બોલનારો એલચી ગાફેલ બની ગયો-અને તેને ૫૫
કહેવાનો પયગામ પણ સઘળો ભૂલી ગયો.

બેહરામે જાણ્યું કે તે ગભરાઈ ગયો છે-અને તેને જોઇ તેની આંખ અને દિલ સીઆહ બન્યાં છે.

જેથી પોતેજ તેની ખબર અંતર પૂછવા માંડી અને તેને ઘણીક નવાઝયો-તેમજ તેને માન આપી પોતાનાં તખ્ત આગળ બેસાડયો.

જ્યારે તે શાન્ત થયો ત્યારે પાદશાહે તેને પૂછયું-કે ઈરાનથી અહીંવેર આવવાની શા માટે તકલીફ લીધી?

તને તારી મેહનતનો બદલો હવે પછી મળશે-વળી એકઠો કરવા માટે પણ તને મારી તરફથી ખઝાનો મળશે."

પેલા જવાનૂએ ઈરાનીઓનો પયગામ તેને કહ્યો અને નામુ આપ્યું-અને પાદશાહ ઉપર ઘણીક દુઆ કીધી.

પછી બેહરામે તેની સાથ એક ડહાપણવાળા શખ્સને મોકલ્યો-કે "એને મુંઝેરની નઝદીક લઇ જા.

અને તેને કહે કે આ નામાનો જવાબ લખ-જવાબમાં સઘળા મુબારક સખુનોજ લખજે.

અને ત્યાર બાદ એલચીને કહે કે મોઢેનો શું પયગામ ધરાવે છે?-તે તેનાથી સાંભળ અને તેનો પણ સઘળો જવાબ દે."

જવાનૂય ત્યાં આવ્યો અને સઘળી વાત કહી-બેહરામનાં આવાં ડહાપણથી મુંઝેરનો ચેહરો ખીલ્યો.

જ્યારે તે દાનેશમંદ એલચીના સખુનો સાંભળ્યા-ત્યારે તે નામાનો ૫૬
જવાબ લખ્યો.

અને જવાનૂયને કહ્યું કે "એ ડહાપણ ભરેલા શખ્સ!-જે કોઇ કે બૂરૂં કરે છે તેનો બદલો તે બૂરાઈજ પામે છે.

શનીદમ હમહુ હરૂચે દાદી પયામ
વઝાન્ નામદારાન્ કે કર્દી સલામ
ચુનીન્ ગૂય કીન્ બદ કે કરૂદ અઝ નુખોસ્ત
કે બીહુદહુ પયકારૂ બાયેસ્ત જોસ્ત
શાહન્શાહુ બહુરામ ગૂરૂ ઈદરસ્ત
કે બા ફરૂરો ઓર્ઝસ્તો બા લશ્કરસ્ત
ઝે સૂરાખ ચૂન્ મારૂ બીરૂન્ કશન્દ
હમહુ દામને ખીશ દરૂ ખૂન્ કશન્દ
ગરૂ અયદૂન્ કે મન્ બૂદમી રાયઝન્
બરૂ ઇરાનેયાન્ બરૂ નબૂદી શેકન્
જવાનૂય રૂએ શાહન્શાહુ દીદ
વઝૂ નીઝ ચન્દી સુખુનહા શનીદ
બપુર્સીદ તા શાયદ ઊ તખ્તરા
બુઝોર્ગીઓ પીરૂઝીઓ બખ્તરા
ઝે મુન્ઝેરૂ ચુ બેશ્નીદ અઝાન્ સાન્ સખુન્
યકી રઉશન્ અન્દીશહુ અફ્ગન્દ બુન્
૫૭ ચુનીન્ દાદ પાસોખ કે અય સરૂફરાઝ
બદાનાઇ અઝ હરૂ કસી બીનેયાઝ
અઝ ઇરાનેયાન્ ગરૂ ખેરદ ગશ્તહુ શુદ
ફેરાવાન્ અઝ આઝાદગાન્ કશ્તહુ શુદ
કુનૂન્ મન્ યકી નામજૂયમ કોહન્
અગરૂ બેશ્નવી તા બગૂયમ સોખન્
તોરા બા શાહન્શાહે બહુરામ ગોરૂદ
બશાદી ઝમીન્રા બબાયદ સેપોરૂદ
બઇરાન્ ખરામીદ બા બાઝો યૂઝ
ચુનાન્ ચૂન્ બુવદ શાહે ગીતી ફેરૂઝ
શનીદન્ સુખુનહાએ ઈરાનેયાન્
હમાના ઝે જુમ્બેશ નેયાયદ ઝેયાન્
બગૂઈ તો નીઝ આન્ચે અન્દરૂખરદ
ખેરદમન્દ બાશદ બેહુ અઝ બીખરદ
ઝે કેર્દારે બદ દૂરૂ દારી મનેશ
ન પીચી ઝે બીદારહો સર્ઝનેશ
ચુ બેશ્નીદ મુન્ઝેરૂ વરા હદયહુ દાદ
ગુસી કરૂદ અઝ શહરે આબાદ શાદ

જે કાંઇ પયગામ તેં મને આપ્યો તે મેં સાંભળ્યો છે-અને તે નામદારો તરફથી કે જે દુઆ સલામ તેં કહી તે પુગી છે.

તું તેઓને એમ કહેજે કે આ બદી પહેલાં કોણે કીધી?-કે આવી બેહુદી લડાઈ કરવી પડી?

શેહન્શાહ બેહરામ ગૂર કે જે ઝળકાટવાળો અને લશ્કર સાથનો છે, તે અહીં હાઝેર છે.

જે કોઈ કે દરમાંથી સાપને બાહેર કાઢે છે-તે પોતાનીજ દામન સઘળી લોહી ભરેલી કરે છે.

અગરજો હું તમોને સલાહ આપનારો બન્યો હતે-તો ઇરાનીઓ ઉપર આવી શિકસ્ત આવી નહીં પડતે.

જવાનૂએ પોતે પણ શેહન્શાહ બેહરામનો ચેહરો જોયો છે-અને તેની સાથે કેટલીક વાતચિત્ત પણ કીધી છે.

માટે બેહરામ તખ્તને લાયક તેમજ મોટાઈ, ફતેહમંદી અને નેક નસીબને લાયકનો છે કે નહીં તે તમો તેને (જવાનૂયને) પૂછજો."

જવાનૂએ જ્યારે મુંઝેરથી આવી રીતના સખુનો સાંભળ્યા-ત્યારે એક નેક વિચાર કીધો.

અને એવો જવાબ દીધો કે "ઓ સરફરાઝ!-તને બીજા કોઇનાં ડહાપણની ઝરૂર નથી.

અગરજો ઈરાનીઓની અકલ ગુમ થઈ ગઈ-તો મોટા લોકોમાંથી ઘણાક માર્યા ગયા.

હવે હું પણ એક કીર્ત્તિ શોધનારો બુઢ્ઢો શખ્સ છું-માટે જો તું મારી વાત સાંભળે તો હું કહું.

તને બહાદુર શેહનશાહ બેહરામ સાથે અમારી સરઝમીનમાં ખુશહાલીથી આવવું જોઇયે.

જેમ દેશને આબાદ કરનાર પાદશાહને ઘટે-તેમ તેઓએ બાઝ પક્ષી અને શિકારી કુતરા સાથ ઈરાનમાં આવવું જોઇયે.

અને ઈરાનીઓ શું કહે છે તે સાંભળવું જોઇયે-ખચીત કે આવી જુમ્બેશ કર્યાથી કાંઈ પણ નુકસાન તો થવાનુંજ નથી.

તું પણ જે કાંઈ ઘટારત હોય તે તેઓને કહેજે-કમઅકલી કરતાં અકલમંદ શખ્સ ભલોજ હોય છે.

ખરાબી કરવાનાં કામનો વિચાર તારાં મનમાંથી હાલ તુરત દૂર કરતાના અને ઠપકાના શબ્દોથી મનમાં ઓછું ના લાવતો."

જ્યારે મુંઝેરે એ સાંભળ્યું ત્યારે તેને હદયો બખ્શેશ આપ્યો-અને પોતાનાં આબાદ શેહરમાંથી તેને ખુશહાલ રવાના કીધો.

આમદને બહ્રામ્ ગૂર્ બા સેપાહે મુન્ઝેર્ બજહ્રેમ્ વ રફ્તને ઈરાનેયાન્ નઝ્દે ઊ.

ખુદો શાહે બહુરામ બા રાએઝન્
નેશસ્તન્દો ગોફ્તન્દ બી અન્જુમન્
૫૮ સખુન્ શાન્ બરાન્ રાસ્ત શુદ કઝ યમન્
બઈરાન્ ખરામન્દ બા અન્જુમન્
ગુઝીન્ કરૂદ અઝાન્ તાઝેયાન્ સી હઝારૂ
હમહુ નીઝહુદારૂ અઝ દરે કાર્ઝારૂ

બેહરામ ગૂરનું મુંઝેરનાં લશ્કર સાથે જહરોમમાં આવવું અને ઇરાનીઓનું તેની નઝદીક જવું.

પછી મુંઝેર પોતે અને પાદશાહ બેહરામ વગર અંજુમને પોતાના સલાહકારો સાથ બેઠા અને વાતચિત્ત ચલાવી.

તેઓ એવા ઠરાવ ઉપર આવ્યા કે "યમનથી-લશ્કર લઈ ઇરાન તરફ જવું."

એ ઉપરથી અરબોમાંથી નેઝા ધરાવનારા અને લડાઇને લાયકના ત્રીસ હઝાર સવારો ચુંટી કાઢયા.

બહીનારૂ શાન્ ચકુસરૂ આબાદ કરૂદ
સરે નામદારાન્ પુરૂ અઝ બાદ કરૂદ
બેફરૂમૂદ તા બરૂ નેહાદન્દ ઝીન્
બરાન્ બાદપાયાને બા આફ્રીન્
સુએ શહેરે ઈરાન્ નેહાદન્દ રૂય
સરી પુરૂ ઝે કીનો દેલી જન્ગ્જૂય
ચુ આગાહીએ ઇન્ બઇરાન્ રસીદ
જવાનૂય નઝદે દેલીરાન્ રસીદ
બુઝોર્ગાન્ અઝાન્ કારૂ ધમગીન્ શુદન્દ
બરે આઝરે પાકુ બર્ઝીન્ શુદન્દ
બયઝદાન્ હમી ખાસ્તન્દ આન્ કે રઝમ
મગરૂ બાઝ ગર્દદ બશાદીઓ બઝમ
ચુ મુન્ઝેરૂ બનઝદીકે જહુરોમ રસીદ
બરાન્ દશ્તે બી આબ્ લશ્કરૂ કશીદ
સરાપર્દહ્ જદ બહુરે બહુરામ શાહ્
બગેરૂદ અન્દરૂ આમદ ઝે હરૂસૂ સેપાહ્
બમુન્ઝેરૂ ચુનીન્ ગોફ્ત કય રાએઝન્
બજહુરોમ કશીદી ઝે શહુરે યમન્
કુનૂન જન્ગ્ સાઝીમ યા ગોફ્તગૂય
ચુ લશ્કરૂ બરૂય અન્દરૂ આવરૂદ રૂય
બદ્દુ ગોફ્ત મુન્ઝેરૂ મેહાન્રા બેખાન્
ચુ આયન્દ પીશત બેયારાય ખાન્
સખુન્ ગૂયો બેશનવ અઝીશાન્ સખુન્
કસી તીઝ ગર્દદ તો તીઝી મકુન્
બેજૂઈમ તા ચીસ્ત શાન્ દરૂ નેહાન્
કેરા ખાન્દ ખાહન્દ શાહે જેહાન્
ચુ દાનેસ્તહ્ શુદ ચારએ આન્ કુનીમ
ગરૂ આસાન્ બુવદ કીનહ્ પેન્હાન્ કુનીમ
વરૂ અયદૂન કુજા કીનો જન્ગ્ આવરન્દ
બેપીચન્દો ખૂએ પલન્ગ્ આવરન્દ
મન્ ઇન્ દશ્તે જહુરોમ ચુ દર્યા કુનમ
ઝે ખુરૂશીદે તાબાન્ સુરયયા કુનમ
બેદાનમ ચુ બીનન્દ ચેહુરે તોરા
ચુનીન્ બોર્ઝો બાલાઓ મેહુરે તોરા
ખેરદ્દમન્દીઓ રાયો આહન્ગે તૂ
શેકીબાઇઓ દાનેશો સન્ગે તૂ
નખાહન્દ જોઝ તૂ કસી તખ્તરા
કોલહુરાઓ ઝીબાઇયો બખ્તરા
વરૂ અયદૂન કે ગુમ કર્દહ્ દારન્દ રાહ્
બેખાહન્દ બોર્દન્ હમી અઝ તો ગાહ્
મનો ઇન્ સવારાનો શમ્શીરે તીઝ
બરૂ અન્ગીઝમ અન્દરૂ જહાન્ રસ્તખીઝ
બેબીની બરૂહાએ પીચાને મન્
ફેદાએ તો બાદ ઇન્ તનો જાને મન્
ચુ બીનન્દ બીમરૂ સેપાહે મરા
હમીન્ રસ્મો આઇનો રાહે મરા
હમીન્ પાદશાહી કે મીરાસે તોસ્ત
પેદરૂ બરૂ પેદરૂ કરૂદ શાયદ દુરોસ્ત
સે દીગરૂ કે ખૂન રીખ્તન્ કારે માસ્ત
હમાન્ ઈઝદે દાદગરૂ યારે માસ્ત

તે સઘળાઓને પૈસાથી આબાદ કીધા-અને સરદાર લોકોનાં સર મગરૂર બનાવ્યાં.

તેણે ફર્માવ્યું જેથી તેઓએ નામીચા ઘોડાઓ ઉપર ઝીન બાંધ્યાં.

તેઓએ ઈરાન શેહર તરફ ચાલવા માંડિયું-તેઓનાં સર કીના ભરેલાં અને દિલ લડાયક બનેલાં હતાં.

જ્યારે એ ખબર ઇરાન પહોંચી-ત્યારે જવાનૂય તે દેલાવર લોકોની નઝદીક ગયો.

ઇરાનના બુઝોર્ગો આ કામથી ગમગીન થયા-અને તેઓ પાક આઝર બર્ઝીનના કેબ્લા સન્મુખ ગયા.

ત્યાં તેઓ પાક યઝદાન પાસેથી એવું માગવા લાગ્યા કે "આ લડાઇ-ખુશહાલીમાં અને ખુશીની મજલેસમાં ફેરવાઇ જાય."

જ્યારે મુંઝેર જહરોમની નઝદીક આવી પહોંચ્યો-ત્યારે તે પાણી વગરના મયદાન ઉપર લશ્કર ઉતાર્યું.

પાદશાહ બેહરામને માટે તમ્બુ ઉભો કીધો-અને લશ્કર તેની આસ-પાસ પડયું.

બેહરામે મુંઝેરને કહ્યું કે "ઓ સલાહકાર!-તું યમન શેહરથી જહ- ૫૯
રોમ સૂધી આવ્યો છે.

હવે જ્યારે બન્ને લશ્કર એક બીજાની સામે આવે-ત્યારે લડાઇ કરીએ કે વાતચિત્ત કર્યે?"

મુંઝેરે તેને કહ્યું કે "તું તેઓના સરદારોને બોલાવજે-જ્યારે તેઓ તારી આગળ આવે ત્યારે ખાણું તૈયાર કરાવજે.

તું વાત કરજે અને તેઓ જે કહે તે સાંભળજે-તેઓમાંથી જો કોઈ આકળો પડી જાય તો પણ તું આકળો ના પડી જતો.

આપણે જોઇયે તો ખરા કે તેઓનાં દિલમાં શું છે-અને તેઓ કોણને આ દેશનો પાદશાહ બનાવવા ચાહે છે?

જ્યારે તે આપણે જાણીશું ત્યારે તેનો ઇલાજ કરીશું-અગરજો સેહલાઈથી કામ થશે તો આપણે લડાઇ નહીં કરીશું.

પણ જો તેઓ કીનો અને લડાઈજ કરવા માગશે-અને આપણી સમજાવટથી સર ફેરવી ચિત્તાનીજ ખાસીયત દેખાડશે,

તો હું આ જહરોમનાં મયદાનને લોહીના દર્યા મિસાલ કરી નાખીશ-અને પ્રકાશતા સૂર્યને કૃત્તિકા નક્ષત્રના તારા મિસાલ બનાવી દઈશ.

મારી તો ખાતેરી છે કે જ્યારે તેઓ તારો આવો ચેહરો, કદાવર આંગ અને તારી મોહબત જોશે,

તેમજ તારી દાનાઇ, ડહાપણ અને વિચાર-તારી ધીરજ, બાહોશી અને મક્કમપણું જોશે,

ત્યારે તેઓ તખ્ત, તાજ, સણગાર અને બુલંદ બખ્ત માટે તારા ૬૦
સિવાય બીજા કોઇને માગશે નહીં.

પણ જો તે લોકો પોતાની રાહ ખોઇ બેસશે-અને તારો તખ્તો તાજનો હક્ક છીનવી લેવા ચાહશે,

તો પછી હું આ મારા સવારોથી અને મારી તેઝી તલવારથી-દુન્યામાં રસ્તાખેઝ બરપા કરીશ.

ત્યારેજ તું મારાં ફરી ગયલાં ભવાં (ગુસ્સો) જોશે-આ મારૂં તન અને જાન તારી ઉપરજ ફિદા બનજો!

જ્યારે તેઓ મારૂં ભારી લશ્કર તેમજ મારી લડાઈ કરવાની રાહ રસ્મ અને રીત જોશે,

અને બીજું આ ઇરાનની પાદશાહી તારી પોતાનીજ મીરાસ છે-અને બાપદાદાથી તને રાજ્ય કરવાનો હક છે.

ત્રીજું એ કે લોહી રેડવું એજ અમારૂં કામ છે તેમજ દાદગર ખોદા આપણો મદદગાર છે.

કસીરા બોઅ્ અઅ્ તૂ નખાહન્દ શાહ
કે દરૂખરૂદે તાજીઓ ઝીબાએ ગાહ
ઝે મુન્ઝેરૂ ચુ શાહ ઈન્ સુખુનહા શનીદ
બેખન્દીદો શાદાન્ દેલશ બરૂ દમીદ
ચુ ખુરૂશીદ સરૂ બરૂ ઝદ અઅ્ તીઘે કુહ
રદાનો બુઝોર્ગાને ઈરાન્ ગોરૂહ
૬૧ પઝીરહ શુદન્રા બેયારાસ્તન્દ
યકી દાનેશી અન્જુમન્ ખાસ્તન્દ
નેહાદન્દ સરૂ સૂએ બહ્રામ્ શાહ
દેલીરાનો શીરાને ઈરાન્ સેપાહ
નેહાદન્દ બહ્રામ્રા તખ્તે આજ
બસરૂ બરૂ નેહાદ આન્ ગેરાન્માયહ તાજ
નેશસ્તી બઆઇને શાહન્શહાન્
બેયારાસ્ત ક્રૂ બૂદ શાહે જહાન્
બયક્ દસ્તે બહ્રામ્ મુન્ઝેરૂ નેશસ્ત
દેગરૂ દસ્ત નોઅમાનો તીઘી બદસ્ત
હમહ ગોરૂદ બરૂ ગેર્દે પર્દહ સરાય
નબુદ જોઅ્ બુઝોર્ગાને તાઝી બપાય
અઅ્ ઇરાનેયાન્ આન્ કે બુદ પાક્ રાય
બેયામદ બદેહ્લીઝે પર્દહ સરાય
બેફરૂમૂદ તા પર્દહ બર્દાશ્તન્દ
ઝે દરૂ શાન્ બઆવાઅ્ બુગ્ઝાશ્તન્દ
રસીદન્દ નઅ્દીકે બહ્રામ્ શાહ
બેદીદન્દ ઝીબા યકી તાજો ગાહ
બઆવાઅ્ ગોફ્તન્દ અનૂશહ બદી
હમીશહ ઝે તૂ દૂરૂ દસ્તે બદી
૬૨ શાહન્શાહ પુર્સીદો બેન્વાખ્ત શાન્
બરૂ અન્દાઝહ બરૂ પાયગહ સાખ્ત શાન્

ત્યારે તેઓ તારા સિવાય બીજા કોઇને પાદશાહ માગશે નહી-કારણકે તું તાજને લાયકનો છે અને તખ્તને ઝેબ આપનારો છે."

જ્યારે પાદશાહે મુંઝેરથી આવા સખુનો સાંભળ્યા-ત્યારે તે હસ્યો અને તેનું ખુશહાલ થતું દિલ ઉછળવા લાગ્યું.

જ્યારે ખોરશીદે પહાડની બુલંદી ઉપરથી પોતાનું સર બાહેર કાઢયું-ત્યારે ઇરાની ટોળાના સરદારો અને બુઝોર્ગો,

બેહરામને એસ્તેકબાલ જવાને તૈયાર થયા-અને દાના લોકોનું એક અંજુમન ભેગું કીધું.

પછી ઇરાની લશ્કરના દેલાવરો અને બહાદુર લોકોએ-પાદશાહ બેહરામ તરફ ચાલવા માડિયું.

જેથી બેહરામને માટે એક હાથીદાંતનું તખ્ત ગોઠવ્યું-અને તેનાં માથાં ઉપર કીમતી તાજ મૂકયું.

શેહનશાહોની રીત પ્રમાણે એક દરબાર સણગારવામાં આવી કારણ તે પણ દેશનો પાદશાહ હતો.

બેહરામના એક હાથ ઉપર મુંઝેર બેઠો-એને બીજા હાથ ઉપર નોઅમાન પોતાના હાથમાં એક તલવાર લઇને બેઠો.

છાવણીની આસપાસ તમામ પેહલવાનો અને અરબી બુઝોર્ગો સિવાય બીજા કોઇ પણ ઉભા હતા નહીં.

ઇરાનીઓમાંથી જે કોઈ કે પાક વિચારના હતા તેઓ બેહરામની છાવણીના દરવાઝા આગળ આવ્યા.

પાદશાહે ફર્માવ્યું જેથી પરદો ઊંચકી નાખવામાં આવ્યો-અને તેઓનાં નામ પોકારી અંદર દાખેલ કરવામાં આવ્યા.

તેઓ પાદશાહ બેહરામની નઝદીક પહોંચ્યા ત્યાં તેઓએ એક સુંદર તાજ અને તખ્ત જોયું.

તેઓએ બુલંદ આવઝે દોઆ કીધી કે "તું ખુશહાલ જીવતો રહેજે !-અને હમેશે તારીથી બદીનો હાથ દૂર રહેજો !"

શેહનશાહ બેહરામે તેઓની ખબર અંતર પૂછી માનથી નવાઝયા-અને સઘળાને તેઓના દરજ્જા માફક મરતબો આપ્યો.

સખુન્ ગોફ્તને બહ્રામ્ બઈરાનેયાન્ દરૂ બારએ શાયેસ્તગીએ ખુદ્ બપાદ્શાહી.

——:():——

ચુનીન્ ગોફ્ત બહ્રામ્ કે અય મેહ્તરાન્
જહાન્દીદહો સાલ્ખુર્દહ સરાન્
પેદરૂ બરૂ પેદરૂ પાદ્શાહી મરાસ્ત
ચેરા જુમ્બેશ અફ્નૂન્ બરાએ શુમાસ્ત
બઆવાઅ્ ગોફ્તન્દ ઇરાનેયાન્
કે મારા મેકીબા મકુન્ બરૂ ઝેયાન્
નખાહીમ યફ્સરૂ બશાહી તોરા
બરો બૂમ મારા સેપાહી તોરા
કઝીન્ તોખ્મહ પુરૂ દાધો રન્જીમો દરૂદ
શબો રૂઅ્ બા પીચેશો બાદે સરૂદ
ચુનીન્ ગોફ્ત બહ્રામ્ કારી રવાસ્ત
હવા બરૂ દેલે હરૂ કસી પાદ્શાસ્ત

બેહરામે ઈરાનીઓ સાથ પોતાની પાદશાહી કરવાની લાયકાટ માટે વાતચિત્ત કરવી.

——:o:——

પછી બેહરામે તેઓને કહ્યું કે "ઓ બુઝોર્ગો !-જેહાનના અનુભવી અને બુઢ્ઢા સરદારો !

પેઢી દર પેઢી આ પાદશાહી મારીજ ઉતરતી આવી છે-અને હવે તમો ગડબડ શાની કરો છો ?"

ઈરાનીઓ મોટે સાદે બોલ્યા-કે "અમોને દુ:ખ ઉપર વધારે વાર ધીરજ ધરવાને ના ફર્માવ.

તને પાદશાહ બનાવવા અમો માગતા નથી-અમોને અમારો મુલક મુબારક અને તને તારી ફઉજ મુબારક !

કારણકે તારાં ખાન્દાનથી અમો રંજીદા, દુ:ખી અને બળી મરતા થયા છિયે-તેમજ રાત અને દહાડો વળખાં મારતા અને સર્દ હાય મારતા રહ્યા છિયે."

બેહરામે એવો જવાબ દીધો કે "હા, વાજબી છે-લોભ દરેક શખ્સના દિલ ઉપર સરદારી ધરાવે છે.

મરા ગર્ નખાહીદ્ બી રાએ મન્
એરા કસ નેશાનીદ્ બર્ જાએ મન
ચુનીન્ ગોફ્ત મૂબેદ્ કે અઝ રાહે દાદ્
ન કેહ્તર્ ગુરીઝદ્ ન મેહ્તર્ નેઝાદ્
તો અઝ મા યકી બારોા શાહી ગુઝીન્
કે ખાનન્દ્ હર્ કસ બર્ ઊ આફ્રીન્
સે રૂઝ અન્દર્ ઇન્ કાર્ શુદ્ રૂઝગાર્
કે જૂયન્દ્ અઝ ઈરાન્ યકી શહ્‌રૂયાર્
નબેશ્તન્દ્ પસ નામે સદ્ નામવર્
ફેરૂઝન્દએ તાજો તખ્તો કમર્
અઝાન્ સદ્ યકી નામે બહ્‌રામ બૂદ્
કે દર્ પાદ્શાહી દેલ્આરામ બૂદ્
અઝાન્ સદ્ બપન્જાહ્ બાઝ આમદન્દ્
પુર્ અઝ ચારહો પુર્ નેયાઝ આમદન્દ્
ઝે પન્જાહ્ બહ્‌રામ બૂદ્ અઝ નુખોસ્ત
અગર્ જોસ્ત જાએ પેદર્ દાદ્ જોસ્ત
ઝે પન્જાહ્ સીરા નબેશ્તન્દ્ નામ
ગુઝીનાને ઈરાનો બા નામો કામ
ઝે સી નીઝ બહ્‌રામ બુદ્ પીશરવ્
કે હમ તાજવર્ બૂદો હમ શાહે નવ્
ઝે સી કરૂદ્ બીનન્દહ્ મુબેદ્ ચહાર્
વઝીન્ ચાર્ બહ્‌રામ બુદ્ શહ્‌રૂયાર્
ચુ તન્ગ્ અન્દર્ આમદ્ ઝે શાહી સોખન્
ઝે ઈરાનેયાન્ હર્કે બૂદ્ ઊ કોહન્
નખાહીમ ગોફ્તન્દ્ બહ્‌રામરા
દેલીરો સબુક્સારો ખુદ્કામરા
ખોરૂશી બર્ આમદ્ મેયાને સરાન્
દેલે હર્ કસી તીરહ્ ગશ્ત અન્દરાન્
ચુનીન્ ગોફ્ત મુન્ઝેર્ બઇરાનેયાન્
કે ખાહમ કે દાનમ બસૂદો ઝેયાન્
કઝીન્ શાહે ના સાલ્ખુર્દહ્ જવાન્
ચેરાઈદ્ પુર્ દર્દો ખસ્તહ્ રવાન્
બફ્રૂહન્ગે ઊ બર્ ઝમીન્ શાહ્ નીસ્ત
બદીદારે ઊ બર્ ફલક્ માહ્ નીસ્ત
બદન્ગશ બસેન્દાન્ ગુઝારહ્ કનદ્
બનીરૂ કોહ્ અઝ જાએગહ્ બર્ કનદ્
બદઊલત જવાનસ્તો બા રાએ પીર્
હોનર્મન્દ્ બીના દેલો યાદ્ગીર્
બુઝોર્ગાન્ બપાસોખ બેયારાસ્તન્દ્
બસી ખસ્તએ પારૂસી ખાસ્તન્દ્
અઝ ઈરાન્ કેરા ખસ્તહ્ બુદ્ યઝદગેર્દ્
યકાયક્ બરાન્ દશ્ત કર્દન્દ્ ગેર્દ્
બુરીદહ્ યકીરા દો દસ્તો દો પાય
તની માન્દહ્ બર્ જાયો જાનશ્ બજાય
યકીરા દો ગૂશો દો દસ્તો ઝબાન્
બુરીદહ્ શુદહ્ ચૂન તને બી રવાન્
યકીરા ઝે તન્ દૂર્ કર્દહ્ દો કેફ્ત
અઝાન્ ખસ્તગાન્ માન્દ્ નોઅમાન્ શેગેફ્ત
યકીરા બમેસ્માર્ કન્દહ્ દો ચશ્મ
ચુ મુન્ઝેર્ બેદીદ્ આન્ બર્ આવર્દ્ ખશ્મ

અગરજો તમો મને પાદશાહ તરીકે નથી માગતા તો મારી સમ્મતિ વગર-તમો બીજા કોઇને મારી જગ્યા ઉપર કેમ બેસાડી શકો?"

વઝીરે તેને જવાબ દીધો કે "ઈન્સસાફની રાહથી-શું હલકી બુન્યોદનો કે શું પાદશાહી બુન્યાદનો છટકી શકતો નથી.

તું પણ અમારામાંનો એક બન અને એક પાદશાહ ચુંટી કાઢ-કે જેની ઉપર સઘળાઓ આફરીન કરે."

એ પ્રમાણે તેઓને ઇરાનમાંથી એક પાદશાહ ચુંટી કાઢવાનાં કામમાં ૬૩
ત્રણ દિવસ લાગ્યા.

પછી તાજ, તખ્ત અને કમરબંદને શોભા આપનારા સો નામવર શખ્સોનાં નામ લખ્યાં.

તે સોમાં એક બેહરામનું પણ નામ હતું-કે જે પાદશાહી ચલાવવા માટે લાયક હતો.

તે સોમાંથી પચાસને ઘણીજ સંભાળથી અને અદબ સાથે પસંદ કીધા.

તે પચાસમાંથી પણ બેહરામ પહેલો હતો-અગરજો બાપની જગ્યા તે માગતો હતો તો તે વાજબીજ માગતો હતો.

તે પચાસમાંથી પણ ત્રીસ જણાનાં નામ લખ્યાં-જેઓ ઇરાનના ચુંટી કાઢેલા અને નામાંકિત શખ્સો હતા.

એ ત્રીસમાં પણ બેહરામજ હરોલમાં હતો-કે જે તાજને લાયકનો તેમજ નવો પાદશાહ હતો.

તે ત્રીસમાંથી પણ પેલા ચાલાક વઝીરે ચાર જણને ચુંટી કાઢયા-અને આ ચારમાંથી પણ બેહરામ પાદશાહ થવાને ઉમેદવાર હતો.

હવે જ્યારે પાદશાહી માટેની વાત એટલી બધી નઝદીક આવી લાગી-ત્યારે ઈરાનીઓમાંથી જે કોઈ કે બુઢ્ઢાઓ હતા,

તેઓ બોલી ઉઠયા કે "અમો આ સરકશ, આકળા અને આપખુદ બેહરામને પાદશાહ તરીકે નથી માગતા."

એ ઉપરથી ઇરાની સરદારો વચ્ચે એક પોકાર ઉઠયો-અને સઘળાંનાં ૬૪
દિલ ગમગીન બન્યાં.

મુંઝેરે ઇરાનીઓને એ પ્રમાણે કહ્યું-કે "હું તમારા ફાયદા અથવા નુકસાન અર્થે જાણવા માગું છું,

કે તમો આ નાની ઉમરના જવાન પાદશાહ માટે એટલા બધા દુઃખી અને દિલગીર શા માટે છો?

તેના જેવી દાનાઇનો આ ઝમીન ઉપર બીજો કોઈ પાદશાહજ નથી-તેના ચેહરા જેવો આસ્માન ઉપર માહતાબ પણ નથી.

તેની તીર એરણને પણ વિંધી નાખે છે-અને પોતાનાં કૌવતે કરી એક પહાડને તેની જગ્યાએથી ઉખેડી શકે છે.

જો કે તે હજુ ઉમરે જવાન છે પણ ડહાપણમાં તો બુઢઢો છે-તે હુનર ભરેલો, ચાલાક દિલનો અને યાદદાસ્ત શક્તિવાળો છે."

ઇરાની બુઝોર્ગોએ તેનો જવાબ આપવાની તૈયારી કીધી-તેઓએ ઘણાક ઝખ્મી પાર્સીઓને બોલાવી મંગાવ્યા.

અને ઇરાનમાંથી જે કોઇને કે યઝદગેર્દે ઝખ્મી કર્યા હતા-તે સઘળાને પેલાં મયદાનમાં એકઠા કીધા.

એક જણનાં બન્ને હાથ અને બન્ને પગ કાપેલા હતા-ફકત તેનું ધડ અને જીવ બાકી હતા.

એકના બન્ને કાનો, બન્ને હાથો અને ઝબાન-જેમ એક જીવ વગરનાં શરીર ઉપરથી કાપી કાઢે તેમ કાપી નાખેલાં હતાં.

એકનાં બન્ને ખભાં શરીર ઉપરથી કાઢી નાંખ્યા હતાં-તેવા ઝખ્મી- ૬૫
ઓને જોઇ નોઅમાન પણ અજબ રહ્યો.

એકની બન્ને આંખો ખીલાથી ઉખેડી કાઢી હતી-જ્યારે મુંઝેરે તે જોયું ત્યારે તે ગુસ્સામાં આવ્યો.

ઘમી ગશ્ત અઝાન્ કારૂ બહુરામ સખ્ત
બખાકે પેદરૂ ગોફ્ત કય શૂરૂ બખ્ત
ચેરા ચશ્મે શાદીત બરૂ દૂખ્તી
રવાન્‌રા બઆતેશ ચેરા સૂખ્તી
જહાન્‌જૂય મુન્ઝેરૂ બબહુરામ ગોફ્ત
કે ઈન્ બદ બરીશાન્ નશાયદ નેહોફ્ત
સુખુન્‌હા શનીદી તો પાસોખ ગુઝારૂ
કે કુન્દી ન ખૂબ્ આયદ અઝ શહુરૂયારૂ
ચુનીન્ ગોફ્ત બહુરામ કય મેહુતરાન્
જહાન્ દીદહો કારૂ કર્દહુ સરાન્
હમહુ રાસ્ત ગોફ્તીદ્દો ઝીન્ બદ તરસ્ત
પેદરૂરા નેકૂહેશ કુનમ દરૂખરસ્ત
કઝીન્ ચાશ્ની હસ્ત નઝદીકે મન્
કઝુ તીરહુ શુદ રાએ બારીકે મન્
કે અયવાને ઊ બૂદ ઝેન્દાને મન્
ચુ બખ્શાયેશ આવરૂદ બરૂ જાને મન્
૬૬ રહાનીદ તયનૂશમ અઝ દસ્તે ઊય
બેશુદ ખસ્તહુ જાને મન્ અઝ શસ્તે ઊય
અઝાન્ કર્દહુ અમ નઝદે મુન્ઝેરૂ પનાહુ
કે હરૂગેઝ નદીદમ નવાઝેશ ઝે શાહુ
બદાન્ ખૂ મબાદા કે મર્દુમ બુવદ
ચુ બાશદ પયે મર્દુમી ગુમ બુવદ
સેપાસમ ઝે યઝદાન્ કે દારમ ખરદ
રવાનમ હમી અઝ ખેરદ બરૂ ખરદ
ઝે યઝદાન્ હમી ખાસ્તમ તા કુનૂન્
કે બાશદ બખૂબી મરા રહુનમૂન્
કે તા હરૂચે બા મરૂદુમાન્ કરૂદ શાહુ
બેશૂઈમ મા જાનો દેલ્ જાન્ ગુનાહુ
બકામે દલે ઝીરૂદસ્તાન્ ઝીઅમ
બરૂ આઇને યઝદાન્ પરસ્તાન્ ઝીઅમ
શબાન્ બાશમો ઝીરૂદસ્તાન્ રમહુ
તન્ આસાનીઓ દાદ જૂયમ હમહુ
મનેશ હસ્તો ફરૂહન્ગો રાયો હોનરૂ
નદારદ હોનરૂ શાહે બીદાદગરૂ
કે બીદાદો કઝ્ઝી ઝે બીચારગીસ્ત
બબીદાદગરૂ બરૂ બબાયદ ગેરીસ્ત
૬૭ બુઝોરૂગીઓ ફરૂહન્ગો શાહી મરાસ્ત
ખેરદમન્દીઓ નીકુખાહી મરાસ્ત
ઝે શાપૂરે બહુરામ તા અરૂદશીરૂ
હમહુ શહુરૂયારાને બરૂનાઓ પીરૂ
પેદરૂ બરૂ પેદરૂ બરૂ નેયાએ મનન્દ
બદીનો ખેરદ રહુનુમાએ મનન્દ
ઝે માદરૂ નબીરહુ સમીરાન્ શહમ
ઝે હરૂગૂનઈ બા ખેરદ હમરહમ
હોનરૂ હમ ખેરદ હમ બુઝોર્ગીમ હસ્ત
સવારીઓ મર્દીઓ નીરૂએ દસ્ત
કસીરા નદારમ ઝે મર્દાને મરૂદ
બરઝમો બબઝમો બહરૂ કારૂ કરૂદ
નેહોફ્તહુ મરા ગન્જે આગન્દહુ હસ્ત
હમાન્ નામદારાને ખુસ્રવ પરસ્ત

બેહરામ પણ પોતાના બાપનાં આવાં કામો જોઇને ઘણોજ શર્મિંદો થયો-અને મૂવેલા બાપને કહ્યું કે "ઓ કમબખ્ત!

એવું કરી તેં પોતાનીજ ખુશહાલીની આંખો કાંય સીવી લીધી-અને પોતાનાં રવાનને શા માટે આતશમાં બાળ્યું?"

દેશજીત મુંઝેરે બેહરામને કહ્યું-કે "તારા બાપની આ બૂરાઈ તે લોકો ઉપર છૂપાવી શકાય તેમ નથી.

માટે તેં એ લોકોનું કહેલું સાંભળ્યું છે જેથી તુંજ તેનો જવાબ દે-કારણકે પાદશાહને ચૂપ બેસવું લાયક ગણાય નહીં.

ત્યારે બેહરામ એ પ્રમાણે બોલ્યો કે "ઓ મોટા દરજ્જાના અનુભવી અને લડાઈ અઝમાવેલા સરદારો!

તમોએ જે કાંઈ કહ્યું તે રાસ્ત છે બલ્કે આ કામ તેનાથી પણ બૂરૂં છે-જો હું મારા બાપને ઠપકો આપું તો તે લાયક છે.

કારણકે મારા બાપના સિતમના દાખલા મારી પાસે છે-અને તેથી મારી નાઝુક લાગણીઓ દુઃખાઈ છે.

કે તેનો મેહલજ મારૂં બંદીખાનું થયું હતું-અને જ્યારે ખોદાએ મારી ઉપર રેહમ કીધી,

ત્યારે મને તયનૂશે તેના હાથથી છોડાવ્યો-તેને મારી ઉપર નાખેલી જાળથી મારો જીવ ઝખ્મી થયો હતો.

અને તેથીજ મેં મુંઝેરની નઝદીક જઇ પનાહ લીધી-કારણકે મેં પાદશાહ તરફથી કદીબી મેહરબાની જોઈ નહીં.

એવી ખાસિયતનો માણસ તો હોતોજ ના-અને અગરજો તેવો હોય તો ઇન્સાનીયતપણાનો પાયોજ ગુમ થઇ જાય.

હું ખોદાના શુક્રાના કરૂં છું કે હું દાનાઇ ધરાઉં છું-મારો જીવ દાનાઇથીજ તેનાં ફળ ચાખે છે.

મેં પાક યઝદાનથી હમણા સુધી એજ ચાહ્યું છે-કે ભલાઇ કરવામાંજ તે મારો રેહનુમા થાય.

કે જેથી પાદશાહે લોકો સાથ જે કાંઇ ઘાટકીપણું કીધું છે-તે ગુનાહથી હું મારા જાન અને દિલને ધોઈ સાફ કરૂં.

હું મારી રૈયતનાં લોકોને સન્તોષ આપવા માટેજ જીવતો રહીશ-અને યઝદાન પરસ્તોની રાહ રસ્મ ઉપર ચાલીનેજ ઝિંદગી ગુઝારીશ.

હું ગોવાળિયો અને મારી રૈયત ગોવાળું બની રહેશે-રૈયતનાં તનને રાહત મળે અને ઇન્સાફ મળે એવુંજ સઘળું હું શોધતો રહીશ.

મારામાં અંતઃકરણ, દાનાઈ, ડહાપણ અને હુનર છે-એક ઝુલ્મગાર પાદશાહ કદી પણ એવા હોનરો ધરાવે નહીં.

કારણકે ઝાલેમ પાદશાહ પાસે કોઈ બીજો સદગુણ નથી એટલે તે ઝુલ્મ કરે છે અને આડો અવળો છે-ઝુલ્મગાર પાદશાહ ઉપર ખરેજ અફસોસ લાગે છે.

મારામાં બુઝોર્ગી, એલ્મ અને પાદશાહી બુન્યાદ છે-તેમજ અકલમંદી અને ભલાઇ પણ મારાંમાં છે.

બેહરામના છોકરા શાપૂરથી તે અર્દશીર બાબકાન સૂધીના-તમામ જવાન અને પીર મર્દ પારશાહો,

પેઢી દર પેઢીના મારા નેયાગાનો છે-અને તેઓજ દીનધર્મમાં અને ડહાપણમાં મારા રેહનુમા છે.

મા તરફથી હું સમીરાન પાદશાહનો નબીરો છું-દરેક રીતે હું અકલનો સાથી છું.

દરેક રીતના હુનર, ડહાપણ, બુઝોર્ગી, ઘોડેસવારી, મર્દાનગી અને હાથનું કૌવત પણ હું ધરાઉં છું.

હું બીજા કોઇને પણ લડાઇમાં કે ખુશીની મજલેસમાં કે બીજાં દરેક કામોમાં મર્દાને મર્દ તરીકે ગણતો નથી.

મારી પાસ એક સારીપખે ભરેલો ખઝાનો છે-તેમજ વફાદાર નામદારો પણ છે.

જહાન્ યકૂસરૂ આબાદ દારમ્ બદાદ
હમહ્ ઝીરૂદસ્તાન્ બેમાનન્દ શાદ

હું તમામ જેહાન ઇન્સાફથી આબાદ રાખીશ-અને મારી સઘળી રૈયત મારીથી ખુશહાલ રહેશે."

પયમાન્ કર્દને ઇરાનેયાન્ બા બહ્રામ્ દર્ બારએ પાદ્શાહી બશર્તે બર્દાશ્તને તાજ્ અઝ્ મેયાને શીરાન્.

યકી બા શુમા નીઝ્ પયમાન્ કુનમ્
ઝબાન્રા બયઝદાન્ ગરઉગાન્ કુનમ્
બેયારીમ્ શાહન્શાહી તખ્ત આજ્
નેહીમ્ અઝ્ બરે તખ્ત્ રખ્શન્દહ્ તાજ્
ઝે બીશહ્ દો શીરે ઝેયાન્ આવરીમ્
હમાન્ તાજ્રા દર્ મેયાન્ આવરીમ્
બેબન્દીમ્ શીરે ઝેયાન્ બર્ દો સૂય
કસીરા કે શાહી કુનદ્ આરૂઝૂય
શવદ્ તાજ્ બરૂગીરદ્ અઝ્ તખ્તે આજ્
બસર્ બર્ નેહદ્ નામબર્દાર્ તાજ્
બશાહી નેશીનદ્ મયાને દો શીર્
મેયાન્ શાહો તાજ્ અઝ્ બરો તખ્ત્ ઝીર્
જોઝ્ ઊરા નખાહીમ્ કસ પાદ્શા
અગર્ દાદ્ગર્ બાશદો પારસા
વગર્ ઝીન્ કે ગોફ્તમ્ બેતાબીદ્ યાલ્
ગુઝીનીદ્ ગર્દન્કશી ના હમાલ્
મનો ગુર્ઝો ગોર્ઝો શમ્શીરે તીઝ્
નદાનન્દ ગોર્દાને તાઝી ગુરીઝ્
બર્ આરીમ્ ગર્દ્ અઝ્ શાહન્શાહ્ તાન્
સર્ અફ્શાન્ કુનીમ્ અઝ્ બરે ગાહ્ તાન્
કુનૂન્ ઈન્ કે ગોફ્તીમ્ પાસોખ્ દેહીદ્
દરીન્ દાવરી રાએ ફરૂરોખ્ નેહીદ્
બેગોફ્ત ઇનો બર્ખાસ્ત દર્ ખીમહ્ શુદ્
જહાની ઝે ગોફ્તારશ્ આસીમહ્ શુદ્
બઈરાન્ રદો મૂબેદો હર્ કે બૂદ્
કે ગોફ્તારે આન્ શાહે દાના શેનૂદ્
બેગોફ્તન્દ કીન્ ફરૂરએ ઈઝદીસ્ત
ન અઝ્ રાહે કઝીઓ નાબેખ્રદીસ્ત
નગૂયદ્ હમી યક્ સખુન્ જોઝ્ બદાદ્
સઝદ્ ગર્ દેલ્ અઝ્ દાદ્ દારીમ્ શાદ્
કુનૂન્ આન્ચે ગોફ્ત્ ઊ ઝે શીરે ઝેયાન્
હમાન્ તખ્તો તાજે કઇ દર્ મેયાન્
ગર્ ઊરા બેદરન્દ શીરાને નર્
ઝે ખૂનશ્ નપુર્સદ્ ઝે મા દાદ્ગર્
ચુ ખુદ્ ગોફ્તો ઈન્ રાયરા ખુદ્ નેહાદ્
હમાન્ ગર્ બેમીરદ્ બેબાશીમ્ શાદ્

ઇરાનીઓએ બેહરામ સાથે પાદશાહીની બાબતમાં સિંહોની વચ્ચેથી તાજ ઉઠાવી લેવાની શર્તે કોલકરાર કરવો.

પછી બેહરામ બોલ્યો કે "વળી હું તમારી સાથ એક કોલકરાર કરવા માગું છું-અને તે માટે મારી ઝબાનને યઝદાન આગળ ગિર્વી મૂકું છું.

આપણે અત્રે હાથીદાંતનું શેહનશાહી તખ્ત લઈ આવ્યે-અને તખ્તને માથે ઝળકતું તાજ મૂકયે.

પછી જંગલમાંથી બે વિક્રાલ સિંહો લઈ આવ્યે-અને પેલાં તાજને ૯૮
તે બન્નેની વચ્ચે મૂકયે

અને વિક્રાલ સિંહોને બેહુ તરફ બાંધ્યે-પછી જે કોઇ કે પાદશાહી લેવાની ખાહેશ કરતો હોય,

તે ત્યાં જાય અને હાથીદાંતનાં તખ્ત ઉપરથી તાજ ઉઠાવી લે-અને તે નામાંકિત તાજ પોતાનાં સર ઉપર મેલે.

અને તે બન્ને સિંહોની વચ્ચે પાદશાહ બનીને બેસે-તે એમ કે વચ્ચોવચમાં પાદશાહ, તેનાં સર ઉપર તાજ અને તેની નીચે તખ્ત હોય.

એવી શર્ત સિવાય અગર કોઇ ઇન્સાફી હોય યા પરહેઝગાર હોય તેને આપણ પાદશાહ તરીકે સ્વીકારીશું નહીં.

હવે જો મેં જે કહ્યું છે તેથી તમો સર ફેરવશો-અને કોઇ બીજા નાલાયક સરદારને પાદશાહ તરીકે પસંદ કરી લેશો,

તો પછી હું છું, મુંઝેર છે, મારો ગોર્ઝ અને તેઝી તલવાર છે-અમારા અરબી પેહલવાનો નાસી જવું શું તે જાણતાજ નથી.

તમારા તે નવા શેહનશાહની ગર્દ કાઢી નાખીશું-અને માહતાબ સૂધી તમારાં સરનો છટકાવ કરીશું.

હવે અમોએ જે કાંઇ કહ્યું છે તેનો જવાબ દેઓ-અને આ અમારા દાવા માટે તમો તમારા મુબારક વિચાર ચલાવો."

તે એટલું બોલ્યો અને ઉઠીને પોતાના તમ્બુમાં ચાલી ગયો-તેની આવી રીતની વાતથી સઘળા લોકો ગભરાટમાં પડયા.

ઇરાનના સરદારો અને વઝીરો તેમજ બીજા જે કોઈ હતા-કે જેઓએ ૯૯
તે દાના પાદશાહની વાત સાંભળી હતી,

તેઓ બોલ્યા કે "આ બેહરામ તો એક ખોદાતાલાનું નૂરજ છે-કાંઈ નારાસ્તી કે બેવુકૂફીની રાહે ચાલનારો નથી.

તે ઈન્સાફી સખુન સિવાય બીજું કાંઇ બોલતોજ નથી-આપણને પણ લાયક છે કે ઈન્સાફથીજ આપણું દિલ ખુશહાલ રાખ્યે.

હમણા તેણે જે વિક્રાળ સિંહો વિષે તેમજ પાદશાહી તાજ અને તખ્ત મૂકવા વિષે કહ્યું,

તેમાં જો તેને નર સિંહો ચીરી નાખશે-તો તેનાં ખૂન માટે ખોદા આપણને પૂછશે નહીં.

જ્યારે તે પોતેજ બોલ્યો છે અને તેનો પોતાનોજ એ વિચાર છે-ત્યારે જો તેમ કરતાં એ માર્યો જશે તો આપણે ખુશીજ થઇશું.

વરૂ અયદૂન્ કુલા તાજ બરૂદારદ્ ઊય
બફરૂરૂ અઝ ફરીદૂન્ ગુઝરૂ દારદ્ ઊય
જોઝ અઝ શાહરૂયારશ નખાહીમ કસ
ઝે ગોફ્તારૂહા દાદ્ દાદીમો બસ
ગુઝશ્ત આન્ શબો બામ્દાદે પગાહ
બેયામદ્ નેશસ્ત અઝ બરે ગાહ શાહ
ફેરેસ્તાદો ઇરાનેયાન્રા બેખાન્દ્
ઝે રૂઝે ગુઝશ્તહ ફેરાવાન્ બેરાન્દ્
૭૦ બઆવાઝ ગોફ્તન્દ્ પસ મૂબદાન્
કે અય શાહે દાના તરૂ અઝ બેખ્રદાન્
બશાહન્શાહી દરૂ ચે પીશ આવરી
ચુ ગીરી બલન્દીઓ કુન્દાવરી
ચે પીશ આરી અઝ દાદો અઝ રાસ્તી
કઝાન્ ગુમ શવદ્ કઝ્ઝીઓ કાસ્તી
ચુનીન્ દાદ્ પાસોખ બફર્ઝાનગાન્
બદાન્ નામદારાનો મર્દાનગાન્
કે બખ્શેશ બયફૂઝાયમ્ અઝ ગોફ્તગૂય
બેકાહમ ઝે બીદાદીઓ જુસ્તજૂય
કસીરા કુલા પાદ્શાહી સઝાસ્ત
ઝમીન્રા બરીશાન્ બેબખ્શીમ રાસ્ત
જહાન્રા બેદારમ બરાયો બદાદ્
ચુ ઈમન્ કુનમ બાશમ અઝ દાદ્ શાદ્
કસીરા કે દર્વીશ બાશન્દ્ નીઝ
ઝે ગન્જે નેહાદહ બેબખ્શીમ ચીઝ
ગુનહ કર્દહરા પન્દ્ પીશ આવરમ
ચુ દીગરૂ કુન્દ્ બન્દ્ પીશ આવરમ
સેપહરા બહન્ગામ રૂઝી દેહમ
બેરદ્મન્દ્રા દેલ્ફોરૂઝી દેહમ
૭૧ હમાન્ શસ્ત દારીમ દેલ્ બા ઝબાન્
ઝે કઝ્ઝીઓ તારી બેપીચમ રવાન્
કસી કૂ બેમીરદ્ નબાશદ્શ ખીશ
વઝૂ ચીઝ માનદ્ ઝે અન્દાઝહ બીશ
બદર્વીશ બખ્શમ નેયાઝમ બગન્જ
ન બન્દમ્ દેલ્ અન્દરૂ સરાએ સેપન્જ
હમહ રાએ બા કારૂદાનાન્ ઝનીમ્
બતદ્બીરૂ પોશ્તે હવા બેશ્કનીમ
ઝે દસ્તૂરૂ પુર્સીમ ચફૂસરૂ સખુન્
ચુ કારી નવ્ અફૂગન્દ્ ખાહીમ બુન્
નજૂયમ પરાગન્દને અન્જુમન્
કસી કૂ હમી દાદ્ ખાહદ્ ઝે મન્
દેહમ દાદે આન્ કસ કે ઊ દાદ્ ખાસ્ત
બચીઝી નરાનમ ઝબાન્ જોઝ બરાસ્ત
મુકાફાત સાઝમ્ બદાન્રા બબદ્
ચુનાન્ કઝ રહે શાહરૂયારાન્ સઝદ્
બરીન્ પાક યઝદાન્ ગવાએ મનસ્ત
બેરદ્ બરૂ ઝબાન્ કદ્ખોદાએ મનસ્ત
હમાન્ મૂબેદાન્ મૂબેદો બેખ્રદાન્
પસન્દીદહો કારૂ કર્દહ રદાન્
૭૨ બઆવાઝ ગોફ્તન્દ્ મા બન્દહ ઈમ્
બફર્માનો રાયત સરૂ અફૂગન્દહ ઈમ્

અને જો કે તે તાજ ઉઠાવી લાવશે-તો તે ફરીદૂન કરતાં પણ દબદબામાં વધી જશે.

પછી આપણુ તેના સિવાય બીજા કોઇને પાદશાહ તરીકે ગણીશું નહીં-અને બસ તેની વાતોને આપણે ઇન્સાફ આપેલોજ કહેવાશે."

તે રાત પસાર થઇ અને બીજી બામદાદે સવારે-પાદશાહ આવ્યો અને તખ્ત ઉપર બેઠો.

તેણે ઈરાનીઓને તેડાવી મંગાવ્યા-અને ગઇ કાલની વાત વિષે તકરાર ચલાવી

પછી વઝીરોએ તેને કહ્યું કે "ઓ દાનેશમંદો કરતાં પણ વધારે દાના પાદશાહ!

જ્યારે તને હકૂમત અને મોટાઇ મળશે-ત્યારે તું પાદશાહી કેમ કરશે?

તું ઈન્સાફ અને સચ્ચાઇથી કેવી રીતે ચાલશે-કે જેથી અપ્રામાણિકપણું અને ઝવાલ દૂર થાય?"

બેહરામે પેલા દાનાઓને, નામદારોને અને બહાદુર લોકોને એવો જવાબ આપ્યો,

કે "મારા કહેવા બોલવા કરતાં પણ વધારે બક્ષેશ કરી દેખાડીશ-ઝુલ્મ કરવાથી અને રૈયતનો માલ હાથ કરવાથી હું દૂર રહીશ.

જે લોકોને કે હાકેમી કરવા લાયકના જોઈશ-તેઓ ઉપર વાજબી રીતે મુલકની બખ્શેશ કરીશ.

સઘળા દેશને ડહાપણ અને ઈન્સાફ સાથ રાખીશ-જ્યારે હું શાન્તિ ફેલાવીશ ત્યારે ઇન્સાફથી ખુશહાલ થઈશ.

જે કોઈ કે ગરીબ લોકો હશે તેઓને મારા સંગ્રી રાખેલા ખઝાનામાંથી ચીઝો બખ્શેશ કરીશ.

એક ગુનેહગાર શખ્સને પહેલવહેલાં શીખામણ દઈ જવા દઈશ-પણ જ્યારે ફરીથી તે ગુનાહ કરશે તો તેને કયદમાં મોકલીશ.

વખતસર સઘળાં લશ્કરને તેના વખતસર પગાર આપીશ-દાનેશમંદ લોકોનાં દિલ ખુશહાલ રાખીશ.

મારી ઝબાન સાથ અંતઃકરણને પણ સીધુંજ રાખીશ (યાને જે કાંઇ બોલીશ તેમજ કરીશ) નારાસ્તી અને અંધકારથી મારા આત્માને દૂર રાખીશ.

જો કોઇ કે નાવારેસ મરી જશે અને પોતા પાછળ પુષ્કળ પૈસા મુકી જશે,

તો તે સઘળો પૈસો હું ગરીબોને બક્ષી દઈશ. મારા ખઝાનામાં લઇ જઈશ નહીં આ ત્રણ પાંચ દિવસની દુન્યામાં દિલ બાંધીશ નહીં.

રાજની સઘળી મસ્લહત વઝીરો સાથેજ કરીશ-દરેક તદબીરથી લોભની પીઠ તોડી નાખીશ.

જ્યારે પણ હું કશું નવું કામ કરવા માગીશ-ત્યારે સઘળી વાત વઝીરને પૂછીનેજ કરીશ

જ્યારે કોઇ મારી પાસે ઇન્સાફ માગશે-ત્યારે હું અંજુમનને બરખાસ્ત કરીશ નહીં.

પણ જે ઈન્સાફ માગશે તેને ઇન્સાફ આપીશ-અને મારી ઝબાન સાચ્ચુ બોલવા સિવાય બીજાં કશાં ઉપર ચલાવીશ નહીં.

પાદશાહોને જેમ ઘટતું હોય તેવી રીતે બૂરા લોકોને બૂરાઇનો બદલો આપીશ

આ બોલવા ઉપર પાક યઝદાન મારો સાક્ષી છે-અને આ ઝબાન ઉપર ડહાપણુજ મારો માલેક છે."

એ સાંભળી વડો વઝીર તેમજ બીજા દાનેશમંદો-પસંદ કીધેલા અને કામ બજાવેલા સરદારો,

બુલંદ આવાઝે બોલી ઉઠયા કે "અમો તારા બંદા છિયે-અને અમોએ તારાંજ ફર્માન અને તારીજ ખાહેશ ઉપર સર નમાવેલાં છે."

પસ આનગહ્ ચુનીન્ ગોફ્ત બહ્રામ શાહ્
કે અય બેખ્રદાને નુમાયન્દહ્ રાહ્
બરીન્ કારૂ યક્ સાલ્ અગર્ બુગ્ઝરદ્
બેપીચમ ઝે ગોફતારૂ જાનો ખરદ્
ઝે મીરાસ બીઝારમો તાજો તખ્ત
વઝાન્ પસ નેશીનીમ બા શૂરૂબખ્ત
શનીદન્દ્ ચૂન્ ઈન્ સખુન્ બેખ્રદાન્
બુઝોરૂગાનો બીદારૂદેલ્ મૂબદાન
ઝે ગોફતે ગુઝશતહ્ પશીમાન્ શુદન્દ્
ગુનહ્ કર્દગાન્ સૂએ દરૂમાન્ શુદન્દ્
બઆવાઝ્ ગોફતન્દ્ બા યકૂદેગર્
કે શાહી બુવદ્ ઝીન્ સઝાવાર્ તર્
બમર્દીઓ ગોફતારો રાયો નેઝાદ્
અઝીન્ પાકૂ તર્ દર્ જહાન્ કસ ન ઝાદ્
ઝે દાદ્ આફ્રીદહ્ઉસ્ત ઈઝદ્ વરા
મબાદા કે કારી રસદ્ બદ્ વરા
હમહ્ નીકુઇહા બેયાબીમ અઝૂય
બદીનો બદાદ્ અન્દર્ આરીમ રૂય
બગોફતાર્ અગર્ હીચ તાબ્ આવરીમ
ખેરદ્રા હમી સર્ બખાબ્ આવરીમ
બદીન્ બોર્ઝો બાલાઓ ઈન્ શાખો યાલ્
બગીતી કસી નીસ્ત ઊરા હમાલ્
પસે પોશ્તે ઊ લશ્કરે તાઝેયાન્
ચુ મુન્ઝેરૂશ યાવર્ બસૂદો ઝેયાન્
અગર્ ખુદ્ બેગીરદ્ સરે ગાહે ખીશ
બગીતી કે બાશદ્ ઝે બહ્રામ બીશ
વઝાન્ પસ ઝે ઈરાનેયાનશ ચે બાક્
ચે મા પીશે ઊ દર્ ચે યક્ મુશ્ત ખાક્
બબહ્રામ ગોફતન્દ્ કય બહ્રહ્ મન્દ્
બશાહી તોઈ જાને મારા પસન્દ્
નદાનેસ્ત કસ અઝ્ હોનરૂહાએ તૂ
બપાકી તનો દાનેશો રાએ તૂ
ચુ ખુસ્રવ કે બૂદ્ અઝ નેઝાદે પશીન્
બશાહી બર્ ઊ ખાન્દીમ આફ્રીન્
હમહ્ ઝીરે સઉગન્દો બન્દે વયમ
કે ગૂઈદ્ કન્દર્ ગઝન્દે વયમ
ગર્ ઊ ઝીન્ સેપસ શાહે ઈરાન્ શવદ્
હમહ્ મરૂઝ દર્ જન્ગ્ વયરાન્ શવદ્
ગોરૂહી બબહ્રામ બાશન્દ્ શાદ્
ગોરૂહી ઝે ખુસ્રવ બેગીરન્દ્ યાદ્
ઝે દાદ્ આન્ ચુનાન્ બેહ્ કે પયમાને તોસ્ત
વઝાન્ પસ જહાન્ ઝીરે ફર્માને તોસ્ત
બહાનહ્ હમાન્ શીરે જન્ગસ્ત બસ
વઝાન્ પસ બુઝોર્ગી નજૂયન્દ્ કસ
બદાન્ ગશ્ત બહ્રામ હમદાસ્તાન્
કે ખુદ્ આવરીદ્ આન્ ચુનાન્ દાસ્તાન્
ચુનાન્ બૂદ્ આઇને શાહાને દાદ્
કે ચૂન નવ બુવદ્ શાહે ફરૂરોખ નેઝાદ્
બરે ઊ શુદી મૂબેદે મૂબેદાન્
બઆર્દી સે બીદારૂદેલ્ બેખ્રદાન્

ત્યાર પછી પાદશાહ બેહરામે એમ કહ્યું-કે “ઓ રેહનુમાઈ કરનારા અકલમંદો !

અગર આ મારાં રાજઅમલ ઉપર એક વર્ષની મુદ્દત પસાર થાય-તે દરમેયાન આ મારાં બોલવાથી મારૂં મન અને વિચાર ફેરવી નાખીશ,

તો હું મારા બાપ દાદાના વારસા હિસ્સા અને તાજો તખ્તથી કંટાળી ગયલો સમજીશ-અને ત્યાર બાદ બદબખ્તોની સફમાં જઈ બેસીશ.”

જ્યારે અકલમંદો, બુઝોર્ગો અને બાહોશ વઝીરોએ આવી રીતના સખુનો સાંભળ્યા,

ત્યારે તેઓ તેને માટે બોલેલા સખુનોથી પસ્તાવો કરવા લાગ્યા-અને તે ગુનેહગારો પોતાના ગુનાહનો એલાજ શોધવા પડયા.

તેઓ સઘળા એક બીજાને પોકારીને કહેવા લાગ્યા-કે “શું આના કરતાં પણ વધારે લાયક પાદશાહ કોઇ હશે ?

બહાદુરીમાં, વાતચિત્તમાં, ડહાપણમાં અને બુન્યાદમાં-એના કરતાં વધારે સારો કોઈ દુન્યામાં જન્મ્યો નથી.

ખોદાએ તેને ઈન્સાફથી પયદા કીધો છે-એવું ના બનતું કે તેને કાંઈ પણ નુકસાન પહોંચે.

આપણે તેનાથી સઘળી નેકીજ પામીશું-આપણે દીન અને ઇન્સાફ તરફજ ઢળેલા રહીશું.

હવે જો આપણે વાતચિત્તમાં કાંઇ વાંકા થઇયે-તો આપણે આપણી ૭૩
અકલ ગુમાવેલી કહેવાય.

આવાં કદ, આવી ઊંચાઈ, આવા હાથ પગ અને આવી ગર્દનનો-કોઈ તેનો આ દુન્યામાં જોડિયો નથી.

વળી તેની પાછળ અરબોનું લશ્કર છે-અને તેનાં ભલાંમાં કે બૂરામાં મુંઝેર જેવો મદદગાર છે.

અગરજો એ પોતેજ પોતાનું તખ્ત જીતી લીયે-તો દુન્યામાં બેહરામ કરતાં ચઢિયાતો કોણ છે ?

ત્યાર બાદ તેને ઇરાનીઓમાંથી શાની ધાસ્તી ?-કારણ આપણે તેની આગળ એક મુઠ્ઠી ખાક બરાબર છિયે.”

પછી તેઓએ બેહરામને કહ્યું કે “ઓ ભાગ્યશાળી પાદશાહ !-પાદશાહી કરવા માટે તુંજ અમારા જીવને પસંદ છે.

કોઈ તારા હુનરો, તારૂં પાકીઝે તન, તારૂં ડહાપણ અને વિચાર જાણતા નહીં હતા.

તેથી અમોએ ખુસ્રવ જેવા કયપશીનની ઔલાદથી ઉતરી આવેલા શખ્સને-પાદશાહી ઉપર બેસાડી તેની ઉપર દોઆ કરવા લાગ્યા.

અમો સઘળા તેના સઉગંદ અને વચન હેઠળ દબાયલા છિયે-બલ્કે તેની ધાસ્તીમાં આવી પડયા છિયે.

અગરજો હવે પછી પણ તે ઈરાનનો પાદશાહ થાય-તો આપણનો સઘળો મુલક લડાઇમાંજ વયરાન થાય.

કેમકે એક ટોળકી બેહરામ ઉપર ખુશહાલ રહે-ત્યારે બીજી ટોળકી ૭૪
ખુસ્રવની યાદ કરશે.

માટે ઈન્સાફ પૂર્વક એજ બેહતર છે કે તેં કોલકરાર કર્યો છે-ત્યાર બાદ સઘળો દેશ તારાજ હોકમ હેઠળ છે.

આ લડાયક સિંહોનું તો અમથું બહાનુંજ છે-હવે પછી કોઇ પાદશાહી માગવાનુંજ નથી.”

બેહરામ પણ એ વાત ઉપર એકમત થયો-કારણકે તેણે પોતેજ એ વાત સૂચવી હતી.

હવે તે ઇન્સાફી પાદશાહોની એવી રાહ રીતી હતી-કે જ્યારે કોઈ મુબારક બુન્યાદનો નવો શાહ તખ્તે બેસ્તો હતો,

ત્યારે વડો વઝીર તેની નઝદીક જતો-અને સાથે ત્રણ બીજા બાહોશ વિદ્વાનો લઇ જતો હતો.

હમ ઊ શાહ બરૂ ગાહ બેન્શાન્દી
બરૂ આન્ તખ્ત બરૂ આફ્રીન્ ખાન્દી
બેબોર્દી બનઝ્દીકે ઊ તાજે ઝરૂ
કઝૂ યાકૂતી ઝીબો આઇનો ફરૂ
નેહાદી કોલાહે કઈ બરૂ સરશ
બેસૂદી બશાદી દો રોખ બરૂ બરશ
વઝાન્ પસ હરાન્ કસ કે બોર્દી નેસારૂ
બખાહન્દહ દાદી હમહ શહરૂયારૂ
૭૫ બમૂબેદ સેપોર્દન્દ પસ તાજો તખ્ત
બહામૂન શુદ અઝ શહરૂ બીદારૂ બખ્ત
દો શીરે ઝેયાન્ દાશ્ત ગોસ્તહમે ગોરૂદ
બઝન્જીરૂ બસ્તહ બમૂબેદ સેપોરૂદ
બેબોર્દન્દ શીરાને જન્ગી કશાન્
કશાન્દહ શુદ અઝ બીમ ચૂન બીહશાન્
બેબસ્તન્દ બરૂ પાયએ તખ્તે આજ
નેહાદન્દ બરૂ ગૂશએ આજ તાજ
જહાની નઝારહ બરૂ આન્ તાજો તખ્ત
કે તા ચૂન્ બુવદ કારે આન્ નીકૂબખ્ત

અને તેજ નવા પાદશાહને તખ્ત ઉપર બેસાડી-તે તખ્ત ઉપર દુઆ કરતો હતો.

પછી એક સોનેરી તાજ તેની આગળ લઇ જતો હતો-જેનાથી તે પાદશાહ ઝેબાયેશ, શાહી રીતભાત અને દબદબો મેળવતો હતો.

અને તે પાદશાહી તાજ તેનાં સર ઉપર મૂકી-ખુશહાલીમાં આવી પોતાના બન્ને ગાલ તેની છાતીએ લગાડતો હતો.

ત્યાર બાદ જે કોઇ શખ્સો કે પાદશાહને નેસાર તરીકે જે જે ચીઝો કરતા હતા-તે સઘળું પાદશાહ ગરીબોને આપી દેતો હતો.

એવી રસ્મ પ્રમાણે ઇરાનનું તાજ અને તખ્ત તેઓએ પેલા વડા મોબેદને હવાલે કર્યું-અને તે બીદાર બખ્તનો વઝીર શેહરમાંથી જંગલમાં ગયો.

પેહલવાન ગોસ્તહમ પાસે બે વિકરાળ સિંહો હતા-જે તેણે ઝંજીરથી બાંધીને પેલા વઝીરને સ્વાધીન કર્યા.

તે લડાયક સિંહોને તેઓ ખેંચતા ખેંચતા લઇ આવ્યા-તેને ખેંચ નારાઓ ધાસ્તીથી ગાફેલ બની ગયા હતા.

તે બન્ને સિંહોને હાથીદાંતનાં તખ્તના પાયા સાથે બાંધ્યા-અને તે તખ્તના ખૂણાં ઉપર તાજ મૂકયું.

તમામ ખલ્કની નઝર પેલાં તાજ અને તખ્ત ઉપરજ હતી કે "જોઇયે આ નેકબખ્ત પાદશાહનું કામ કેવી રીતે પાર પડે છે."

રફ્તને બહ્‌રામ્ વ ખુસ્રવ્ બહામૂન્ વ કોશતને બહ્‌રામ્ શીરાન્‌રા વ બરૂ તખ્ત્ નેશાસ્તન્.

ચુ બહરામો ખુસ્રવ બહામૂન શુદન્દ
બરે શીરૂ બા દેલ પુરૂ અઝ ખૂન શુદન્દ
ચુ ખુસ્રવ બેદીદ આન્ દો શીરે ઝેયાન્
નેહાદહ યકી અફસરૂ અન્દરૂ મેયાન્
બદાન્ મૂબેદાન્ ગોફ્ત તાજ અઝ નુખોસ્ત
મરાન્‌રા સઝા તરૂ કે શાહી બેજોસ્ત
વ દીગરૂ કે મન પીરૂમો ઊ જવાન્
બચન્ગાલે શીરે ઝેયાન્ નાતવાન્
બરીન્ બરૂ ગરૂ ઊ પીશદસ્તી કુનદ
બબર્નાઇઓ તનદુરસ્તી કુનદ
૭૬ બદૂ ગોફ્ત બહરામ આરી રવાસ્ત
નેહાની નદારીમ ગોફતારે રાસ્ત
યકી ગોર્ઝએ ગાવસરૂ બરૂ ગેરેફ્ત
જહાની બદૂ માન્દહ અન્દરૂ શેગેફ્ત
બદૂ ગોફ્ત મૂબેદ કે અય પાદશા
બેરદમન્દો બા દાનેશો પારૂસા
હમી જન્ગે શીરાન્ કે ફર્માયદત
બોઝ અઝ પાદશાહી ચે અફઝાયદત
તો જાન્ અઝ પયે પાદશાહી મદેહ
તનતરા બખીરહ તબાહી મદેહ
હમહ બીગુનાહીમો ઈન્ કારે તોસ્ત
જહાનરા હમહ દેલ બબાઝારે તોસ્ત

બેહરામ અને ખુસ્રવનું પેલાં જંગલમાં જવું અને બેહરામનું સિંહોને મારી તખ્ત ઉપર બેસવું.

જ્યારે બેહરામ અને ખુસ્રવ પેલા જંગલમાં ગયા-ત્યારે ખૂન ભરેલાં દિલ સાથ સિંહની નઝદીક ગયા.

જ્યારે ખુસ્રવે પેલા બે મસ્ત સિંહો જોયા-અને તેઓની વચ્ચે એક તાજ મૂકેલું જોયું,

ત્યારે તેણે વઝીરોને કહ્યું કે "જેણે પાદશાહી લેવાની માગણી કરી તેણેજ પહેલાં તાજ લેવું લાયક છે.

અને બીજું એ કે હું બુઢો છું અને તે જવાન છે-વિકરાળ સિંહોની ચુંગાલ સામે હું કમઝોર છું.

માટે જો આ કામ કરવામાં એ પહેલે હાથ લમ્બાવે-તો પોતાની જવાની અને તંદરોસ્તી સાથ તે બજાવી શકે."

બેહરામે તેને જવાબ દીધો કે "હા વાજબી છે-ખરી વાતને આપણે છૂપાવીશું નહીં."

એમ કહી તેણે એક ગાયનાં માથાંવાળો ગોર્ઝ લીધો-જે જોઇ સઘળું લોક અજબ રહ્યું.

વઝીરે તેને કહ્યું કે "ઓ અકલમંદ, ડહાપણવાળા અને પરહેઝગાર પાદશાહ!

તને સિંહોની લડાઈ કરવા કોણ કહે છે?-તેથી તને એક પાદશાહી સિવાય બીજું વધારે શું મળવાનું છે?

માટે એક પાદશાહીજ મેળવવા ખાતેર તારો જાન ના આપી દે-અને બેહુદાપણાથી તારાં શરીરને ખરાબીમાં ના નાખ.

તેં પોતેજ તારી પોતાની સૂચનાથી આ કામ તારે માથે લીધું છે. એ બાબતમાં અમારો કસૂર નથી-આખા દેશની નઝર તારી કીર્તિ અને ફતેહ તરફજ ખેંચાયલી છે."

**બદ્ ગોફ્તુ બહ્રામ્ કય દીન્ પેઝૂહ્
તો ઝીન્ બીગુનાહીઓ દીગર્ ગોરૂહ્
હમ્આવર્દે ઈન્ નર્રે શીરાન્ મનમ્
ખરીદારે જન્ગે દેલીરાન્ મનમ્
બદ્ ગોફ્તુ મૂબેદ્ બયઝ્દાન્ પનાહ્
ચુ રફ્તી હેલતરા બેશૂ અઝ્ ગનાહ્
ચુનાન્ કરૂદ્ ફુ ગોફ્તુ બહ્રામ શાહ્
દેલશ પાક્ શુદ્ તૂબહ્ કરૂદ્ અઝ્ ગુનાહ્
બઆબે રવાન્ શુદ્ સરો તન્ બેશોસ્ત
બરાન્ દશ્ત જાએ નેયાયેશ બેજોસ્ત
નેયાયેશ કુનાન્ પીશે યઝ્દાને પાક્
દો રોખ બર્ નેહાદહ્ બરે તીરહ્ ખાક્
બયઝ્દાન્ ચુનીન્ ગોફ્તુ કય કેર્દેગાર્
તો પીરૂઝ્ કુન્ બન્દગાન્રા બકાર્
અગર્ બન્દહ્ ઝીન્ દાદ્ જૂયદ્ હમી
કે અઝ્ બદ્ જહાન્રા બેશૂયદ્ હમી
દરીન્ જન્ગ્ જાનમ્ શેકીબા કુની
અબર્ નર્રહ્ શીરાન્ તવાના કુની
વઝાન્ જા બેયામદ્ બેરદ્મન્દ્ શાહ્
નેહાદ્ આન્ગહી રૂયરા સૂએ રાહ્
હમી રફ્તુ બા ગોર્ઝએ ગાવરૂય
ચુ દીદન્દ્ શીરાને પર્ખાશજૂય
યકી ઝુદ્ ઝન્જીર્ બુગ્સેસ્તો બન્દ્
બેયામદ્ બરે શહ્રૂયારે બલન્દ્
બેઝદ્ બર્ સરશ ગોરૂઝ્ બહ્રામે ગોરૂદ
ઝે ચશ્મશ હમહ્ રઉશનાઈ બેબોરૂદ્
બરે દીગર્ આમદ્ બેઝદ્ બર્ સરશ
ફેરૂરીખ્ત ખૂન્ અઝ્ સરશ બર્ બરશ
જહાન્દાર્ બેન્શસ્ત બર્ તખ્તે આજ
બસર્ બર્ નેહાદ્ આન્ દેલઅફ્રૂઝ્ તાજ
બયઝ્દાન્ પનાહીદ્ ફુ બુદ્ પનાહ્
નુમાયન્દએ રાહે ગુમ કર્દહ્ રાહ્
બેશુદ્ ખુસ્રવો બોરૂદ્ પીશશ નમાઝ્
ચુનીન્ ગોફ્તુ કય શાહે ગર્દન્ફરાઝ્
નેશસ્તે તો બર્ ગાહ્ ફર્ખુન્દહ્ બાદ્
યલાને જહાન્ પીશે તૂ બન્દહ્ બાદ્
તો શાહીઓ મા બન્દગાને તો ઇમ્
બખૂબી ફેઝાયન્દગાને તો ઇમ્
બુઝોર્ગાન્ બર્ ઊ ગઉહર્ અફ્શાન્દન્દ્
બરાન્ તાજવર્ આફ્રીન્ ખાન્દન્દ્
ઝે ગીતી બર્ આમદ્ સરાસર્ ખોરૂશ
બઆઝર્ બુદ્ ઈન્ જશ્નો રૂઝે સોરૂશ
કે બહ્રામ બેગ્રેફ્તુ શાહનશાહી
બેહી જોસ્ત અઝાન્ તખ્તો આન્ ફર્રહી
બર્ આમદ્ યકી અબ્રો શુદ્ તીરહ્ માહ્
હમી શીર્ બારીદ્ અઝ્ અબ્રે સેયાહ્**

**ન દર્યા પદીદસ્તો ન દશ્તો રાહ્
ન બીનમ્ હમી બર્ હવા પર્રે ઝાહ્**

બેહરામે તેને કહ્યું કે "ઓ દીનધર્મનું જ્ઞાન હાસેલ કરનાર!–તું પોતે તેમજ બીજા સઘળા લોકો આ કામથી બેગુનાહ છો.

આ નર સિંહોનો હરીફ હું છું–આ બહાદુરોની લડાઇનો ખરીદાર હું પોતેજ છું."

વઝીરે તેને કહ્યું કે "યઝદાનની તને પનાહ હોજો!–જો તું જવાજ માંગે છે તો પોતાનાં દિલને ગુનાહથી પાક કર"

પાદશાહ બેહરામે જેમ વઝીરે કહ્યું તેમ કીધું-તેણે ગુનાહથી તોબા કીધી જેથી તેનું દિલ પાક થયું.

તે વહેતાં પાણીના ચશ્મા આગળ ગયો અને ત્યાં પોતાનું શરીર ૭૭
પાક કીધું–અને તે મયદાનમાં નિયાયેશ કરવા માટે એક જગ્યા શોધી કાઢી.

તેણે નિયાયેશ કરતાં પાક યઝદાનની નઝદીક-પોતાનું મોઢું સીઆહ ખાક ઉપર મૂકીને,

ખોદાતાલાને એ પ્રમાણે કહેવા લાગ્યો કે "ઓ જેહાનને પયદા કરનાર સાહેબ!–તું તારા બંદાઓને તેઓનાં કામમાં ફતેહમંદ કર.

અગરજો તારો બંદો તારી પાસેથી એવી દાદ ચાહે છે–કે આ દેશને બૂરા લોકોથી પાક કરે,

તો આ લડાઈમાં મારા જીવને કાયમ રાખજે–અને આ નર સિંહો ઉપર મને ફતેહમંદ બનાવજે."

પછી ત્યાંથી તે અકલમંદ પાદશાહ પાછો ફર્યો-અને પેલા સિંહોની રાહ તરફ ચાલવા માંડ્યું.

તે પોતાના ગાયની સૂરતના ગોર્ઝ સાથ ચાલવા લાગ્યો–જ્યારે પેલા લડાયક સિંહોએ તેને જોયો,

ત્યારે તેમાંથી એક સિંહે તુરત પોતાની સાંકળ અને બંદ તોડી નાખ્યા–અને તે મોટા પાદશાહની ઉપર ધસારો લઈ ગયો.

પણ પેહલવાન બેહરામે તેનાં સર ઉપર એક ગોર્ઝનો ફટકો માર્યો–જેથી તેની આંખમાં અંધારાં આવી ગયાં

પછી તે બીજા સિંહ આગળ આવ્યો અને તેનાં સર ઉપર પણ એક ગોર્ઝ માર્યો–જેથી તેનાં માથાંમાંથી તેનાં બદન ઉપર લોહી ટીપાવા લાગ્યું.

ત્યાર બાદ પાદશાહ તે હાથીદાંતનાં તખ્ત ઉપર બેઠો–તેણે પેલું દિલ ૭૮
ખુશ તાજ પોતાને માથે મૂક્યું.

તમો પણ ખોદાતાલાનોજ આસરો લેઓ કે તેજ હમેશે આસરો આપે છે–અને રસ્તો ભૂલી ગયલાઓને રસ્તો દેખાડનારો તેજ છે.

તુરત ખુસ્રવ તેની આગળ ગયો અને તેને નમન કીધું–તે બોલ્યો કે "ઓ ગર્દન ફરાઝ પાદશાહ!

તારૂં તખ્ત ઉપર બેસવું મુબારક હોજો!-દેશના સઘળા પેહલવાનો તારા બંદા થઇ રહેજો!

તું પાદશાહ છે અને અમો સઘળા તારા ગોલામ છિયે–તારી ભલાઇ-નોજ વધારો કરનારા છિયે."

પછી સઘળા મોટાઓએ તેની ઉપર ગોહરો વધાવ્યાં–અને તે તાજવર પાદશાહ ઉપર દુઆ કીધી.

દેશમાંથી સઘળે ખુશીનો પોકાર ઉઠયો-તે ખુશહાલી ભરેલો દિવસ આદર મહિનાનો સરોશ રોઝ હતો,

કે જે દહાડે બેહરામે શેહનશાહત મેળવી–અને તે તખ્ત અને દબ-દબો મેળવી તેણે ભલાઇ શોધી

(હવે ફિર્દોસી ફર્યાદ કરે છે કે) આકાશ ઉપર એક કાળું વાદળ ચઢી આવ્યું જેથી માહતાબ પણ સીઆહ બની ગયો–તે કાળાં વાદળમાંથી ગોયા દૂધનો વરસાદ વરસવા લાગ્યો.

નહીં દર્યા જણાતો કે નહીં મયદાન કે જંગલ દેખાતું–આકાશ ઉપર કાગડાનું પર પણ મને દેખાતું નથી.

૭૯ હવાસેલ્ ફેશાનદ હમી હર્ ઝમાન્
ચે સાઝદ હમી ઈન્ બલન્દ આસ્માન્
નમાન્દમ્ નમક્ સૂદો હીઝમ ન જવ
ન ચીઝી પદીદસ્ત તા જવ દેરવ

બદીન્ તીરગી રૂઝો હઉલે ખેરાજ
ઝમાન્ ગશ્ત અઝ્ બર્ફ ચૂન્ ગૂએ આજ
મન્ અન્દર્ ચુનીન્ રૂઝો ચન્દીન્ નેયાઝ
બઅન્દીશહ્ દર્ ગશ્તહ્ ફેક્રમ દરાઝ
હમહ્ કારહા શુદ સર્ અન્દર્ નેશીબ્
મગર્ દસ્ત ગીરદ હુસયને કતીબ્
કુનૂન્ દાસ્તાની બેગૂયમ્ શેગેફ્ત
કઝાન્ બર્ તર્ અન્દાઝહ્ નતવાન્ ગેરેફ્ત

પળેપળ સફેદ ગોળ વેગણ જેવાં મોટાં કરાં વરસી રહ્યાં હતાં-અરે! આ બુલંદ આસ્માન કરી શું રહ્યો છે?

મારી પાસે આથેલું ગોશ્ત, બાળવાના લાકડાં કે, રોટલી માટે જવ કશું રહ્યું નથી-અને જવની કાપણીનો વખત આવે ત્યાં સુધી મારી પાસ કોઇ ચીઝ દેખાશે નહીં.

આવા અંધકારના વખતમાં અને કર ભરવાની ધાસ્તીમાં-ઝમીન પણ બર્ફથી હાથીદાંતના ગોળા જેવી બની ગઇ છે.

અને હું આવા દહાડામાં અને આવી ગરજાઉ હાલતમાં-અંદેશામાં અને ભારી ફિક્રમાં આવી પડેલો છું.

(તુસનો તેહસીલદાર) હુસઇને કતીબ કાંઈ મદદ કરે તો સારૂં-કારણકે મારૂં બધું કામ બગડતું જાય છે.

હવે હું એક એવી અજાયબ દાસ્તાન કહું છું-કે જેનાથી વધુ અજાયબ દાસ્તાનનો ખેયાલ કરી શકાશે નહીં.

બેહરામ ગૂર*

પાદ્શાહીએ બહ્રામ્ ગૂર્ શસ્તો સે સાલ્ બૂદ્ બર્ તખ્ત્ નેશસ્તને બહ્રામ્ વ અન્દર્ઝ્ કર્દન્ બસર્-દારાન્ વ નામહા બહર્ મેહ્તરી નેવેશ્તન્.

બેહરામ ગૂરની પાદશાહી ત્રેસઠ વર્ષની હતી. બેહરામનું તખ્ત ઉપર બેસવું અને સરદારોને નસીહત કરવી અને દરેક સરદારો ઉપર નામા લખવાં.

—:૦:—

ચુ બર્ તખ્ત બેન્શસ્ત બહ્રામ ગૂર્
બશાહી બર્ ઊ આફ્રીન્ ખાન્દ હૂર્
પરસ્તેશ ગેરેફ્ત આફ્રીનન્દહ્ રા
જહાન્દારે બીદારો બીનન્દહ્ રા
ખોદાવન્દે પીરૂઝીઓ બરતરી
ખોદાવન્દે અફ્ઝૂનીઓ કમતરી
અઝાન્ પસ ચુનીન્ ગોફ્ત કીન્ તાજો તખ્ત
અઝ્ યાફ્તમ કાફ્રીદસ્ત બખ્ત
૮૦ બદ્ હસ્તમ ઉમીદો ઝૂયમ હેરાસ
વઝ્ દારમ અઝ્ નીકુઇહા સેપાસ

જ્યારે બેહરામ ગૂર તખ્ત ઉપર બેઠો-ત્યારે તેની શેહનશાહત ઉપર આફતાબે પણ દોઆ કીધી.

તેણે સઘળું જાણનાર અને જોનાર જેહાનની સંભાળ રાખનાર ખોદાતાલાની પરસ્તેશ કીધી.

ફતેહમંદી અને બુલંદી આપનાર સાહેબની-તેમજ વધારો અને ઘટાડો કરનાર સાહેબની બંદગી કીધી.

ત્યાર પછી તે બોલ્યો કે "આ તાજ અને તખ્ત-મેં તેજ સાહેબથી મેળવ્યું છે કે જે સાહેબે બુલંદ બખ્ત પયદા કર્યું છે.

તે સાહેબથીજ હું ઉમેદ રાખું છું તેમજ તેની ધાસ્તી પણ કરૂં છું-તે સાહેબે મારી ઉપર કરેલી ભલાઇના હું શુક્રાના કરૂં છું.

* યઝદગેર્દનો છોકરો. આ પાદશાહ ઘણો બહાદુર અને તીરંદાઝ હતો. ફિર્દોસી મૂજબ આ પાદશાહને બચપણથીજ અરબેસ્તાનના પાદશાહના હાથ હેઠળ પાદશાહ યઝદગેર્દે સોંપી આપ્યો હતો. તે પાદશાહે બેહરામને સઘળી જાતની કેળવણી આપી હતી. બેહરામ ઘોડેસવારી અને તીરંદાઝીનો હોનર એવી સર રીતે શીખ્યો હતો, કે શિકારનાં મયદાનમાં તેની બરાબર કોઇ પણ શિકાર કરી શકતો હતો નહીં. તીરંદાઝીમાં તો તે તદ્દન હદ કરી રહ્યો હતો. કહે છે કે એની નિશાનમાં એક સોયની અણીનો પણ ફર્ક રહેતો હતો નહીં. ગોરખરના શિકારનો તે અતિયંત શોકીન હોવાથી "ગૂર" (ગોરખર)ને નામે તે ઓળખાવા લાગ્યો. સઘળાઓ તેને "બેહરામ ગૂર"ને નામે બોલાવા લાગ્યા. આ પાદશાહ જેટલો બહાદુર એટલોજ દયાળુ અને ઇન્સાફી હતો. યઝદગેર્દનાં મરણ બાદ એના બાપની ગાદી એને નહીં આપતાં અર્દશીરની અઉલાદના ખુસ્રવ નામના શખ્સને

શુમા ૢ હમ બદૂ નીજ઼ નાઝેશ કનીદ
બેકૂશીદ તા અહુદે ઊ નશ્કનીદ
ઝબાન્ બર્ કુશાદન્દ ઈરાનેયાન્
કે.. બસ્તીમ મા બન્દગીરા મેયાન્
કે ઇન્ તાજ બર્ શાહ ફર્ખન્દહ બાદ
હમીશહ દેલો બખ્તે ઊ ઝન્દહ બાદ
વઝાન્ પસ કુજા આફ્રીન્ ખાન્દન્દ
હમહ પીશે ઊ ગઉહર્ અફ્શાન્દન્દ
ચુનીન્ ગોફ્ત બહ્રામ કય સર્‌કશાન્
ઝે નીકો બદે રૂઝ દીદહ નશાન્
હમહ બન્દગાનીમો યઝદ યકીસ્ત
પરસ્તેશ જોઝ઼ ઊરા સઝાવાર્ નીસ્ત
ઝે બદ રૂઝ બી બીમ દારીમ તાન્
બબદ્ખાહ હાજત નેયારીમ તાન્
બેગોફ્ત ઇનો અઝ પીશ બર્ખાસ્તન્દ
બર્ ઊ આફ્રીની નવ્ આરાસ્તન્દ
શબે તીરહ બૂદન્દ બા ગોફ્તગૂય
ચુ ખુર્શીદ બેન્મૂદ બર્ ચર્ખ રૂય
બઆરામ બેન્શસ્ત બર્ ગાહ શાહ
બેરફ્તન્દ ઈરાનેયાન્ બાર્ ખાહ
ચુનીન્ ગોફ્ત બહ્રામ બા મેહ્તરાન્
કે અય નામદારાને નીક્ અખ્તરાન્
બયઝ્દાન્ બેગર્દીમો રામેશ કનીમ
નનાઝીમો દેલ્ ઝીન્ જહાન્ બર્ કનીમ
બેગોફ્ત ઇનો અસ્પે ગવાન્ ખાસ્તન્દ
કે બર્ બાર્ગાહશ બેયારાસ્તન્દ
સે દીગર્ ચુ બેન્શસ્ત બર્ તખ્ત ગોફ્ત
કે રસ્મે પરસ્તેશ નબાયદ નેહોફ્ત
બહસ્તીએ યઝ્દાન્ ગવાહી દેહીમ
રવાન્‌રા બદીન્ આશ્નાઇ દેહીમ
બેહેશ્તસ્તો હમ દુઝખો રસ્તખીઝ
ઝે નીકો ઝે બદ નીસ્ત મારા ગુરીઝ
કસી કૂ નગર્દદ બરૂઝે શુમાર્
મર્ ઊરા તો બા દીનો દાનેશ મદાર્
બરૂઝે ચહારોમ ચુ બર્ તખ્તે આજ
બસર્ બર્ નેહાદ આન્ પસન્દીદહ તાજ
ચુનીન્ ગોફ્ત કઝ ગન્જે ખુદ યકઝમાન્
નયમ શાદ કઝ મર્દુમમ શાદમાન્
નયમ ખાસ્તારે સરાએ સેપન્જ
ન અઝ બાઝ ગશ્તન્ બતીમારો રન્જ
કે ઊયસ્ત જાવીદો મા બર્ ગુઝર્
તો અઝ આઝ પર્હીઝો અન્દુહ મખર્

તમો પણ તે સાહેબ ઉપરજ લાડ કરતા રહેજો (યાને ભરોસો રાખજો)–
પણ તમો સંભાળ રાખજો કે તેનાં ફર્માનને તમો તોડો નહીં."

સઘળા ઇરાની સરદારો ઝબાન ખોલી બોલ્યા-કે "અમોએ ખોદા-
તાલાની બંદગી માટેજ અમારી કમર બાંધી છે,

કે આ તાજ પાદશાહ બેહરામ ઉપર મુબારક હોજો!-અને હમેશે
તેનું દિલ અને રોશન બખ્ત જાગતુંજ રહેજો!"

ત્યાર બાદ તેઓએ પાદશાહ ઉપર દુઆ કીધી-અને સઘળાઓએ
તેની ઉપર ગોહરો વધાવ્યાં.

બેહરામ એ પ્રમાણે બોલ્યો કે "ઓ ભલા અને બૂરા દહાડાનો
અનુભવ મેળવેલા સરદારો!

આપણ સઘળા બંદા છિયે અને ખોદાતાલાજ એક છે-તેના સિવાય
કોઈની પરસ્તેશ કરવી સઝાવાર નથી.

હું તમોને બૂરા દહાડાથી ધાસ્તી વગરના રાખીશ-અને તમોને
દુશ્મનના હાજતમંદ નહીં કરીશ."

તે એટલું બોલ્યો અને તેઓ તેની આગળથી ઉઠયા-તેઓએ તેની
ઉપર નવેસરથી દુઆ કીધી.

આખી રાત તેઓએ વાતચિત્તમાંજ કાઢી જ્યારે ખોરશીદે આસ્માન
ઉપર પોતાનો ચેહરો દેખાડયો,

ત્યારે પાદશાહ નચિન્ત જીવે તખ્ત ઉપર બિરાજ્યો-અને ઇરાનીઓ ૮૧
તેની હુઝૂરમાં હાઝેર થયા.

બેહરામે તે સરદારોને કહ્યું-કે "ઓ નેકબખ્ત નામદારો!

આપણે યઝદાનની પનાહમાં જઇને ખુશહાલ રહિયે-આપણે અહીં
ઘણો લાડ નહીં કર્યે અને આ ફાની દુન્યાથી દિલ ઉઠાવ્યે."

તે એટલું બોલ્યો અને તે સરદારોના ઘોડા કે જે તેની દરગાહ ઉપર
તૈયાર હતા, તે મંગાવી તેઓને રોખસત કર્યા.

ત્રીજે દહાડે જ્યારે પાદશાહ તખ્ત ઉપર બેઠો ત્યારે તે બોલ્યો-કે
"ખોદાની બંદગીની રાહ રસ્મ ચાલુ રાખવી જોઇયે.

ખોદાતાલાની હસ્તીની ગવાહી આપ્યે-અને આપણા આત્માને તેની
ઓળખ આપ્યે.

બેહેસ્ત છે અને દોઝખ પણ છે અને રસ્તાખેઝનો દિવસ પણ આવશે-
નેકી અને બદી આપણી સાથેની સાથેજ રહેશે.

જે કોઈ શખ્સ કે કયામતના દિવસનો સ્વીકાર નહીં કરતો હોય-તેને
તું દીનદાર અને દાનેશમંદ ના ગણતો."

ચોથે દહાડે જ્યારે પાદશાહ હાથીદાંતનાં તખ્ત ઉપર બેઠો-અને પેલું
ઉમદા તાજ સર ઉપર મેલ્યું,

ત્યારે તે એમ બોલ્યો કે "જેવો હું મારી રૈયતથી ખુશહાલ છું
તેવો મારા ખઝાનાથી હું જરા પણ ખુશહાલ નથી.

હું આ મુસાફેર ખાનારૂપી દુન્યાનો ચાહનારો નથી-તેમજ તેનાં દુઃખ ૮૨
અને રંજથી પાછો હઠવા માગતો નથી.

કારણકે આ દુન્યા હમેશે રહેનારી છે આપણ ચાલી જનાર છિયે-
માટે તું લોભ કરવાથી દૂર રહે અને કોઇ પણ ચીઝનો ગમ ના ખા."

આપી. ઇરાનીઓ એમજ વિચારવા લાગ્યા કે એ પણ બાપના જેવોજ ઘાટકી નીવડશે. આથી બેહરામે અરબેસ્તાનથી આવી પોતાની બહાદુરી દેખાડી બે સિંહો વચ્ચે ઈરાનનું તાજ મૂકાવી તે બન્ને સિંહોને મારી ઈરાની તાજ માથે મૂકયું. આ પાદશાહના સખી દિલગુદનો એકજ દાખલો બસ થશે કે પોતે ગાદીએ આવતાંજ ઈરાન દેશ ઉપર નીકળતી પાંચ કરોડ સિત્તેર લાખ દિરમની મેહસૂલ માફ કીધી. આ પાદશાહને પોતાનું ઝનાનખાનું વધારવાનો ઘણોજ શોક હતો. કોઈ ગરીબની વટિક ખૂબસૂરત છોકરી જોતો એટલે તેની સાથ નેકાહ પાડી ઝનાનખાનામાં લાવતો. કહે છે કે એનાં ઝનાનખાનામાં પુષ્કળ સ્ત્રીઓ હતી. આ પાદશાહને છૂપે વેશે પોતાનાં રાજ્યમાં ફરવાનો બહુજ શોક હતો. ઘણાંક ગરીબ ઘરોમાં જઇ કરારે રહેતો હતો. ફિર્દોસી મૂજબ એણે ત્રેસઠ વર્ષ અને રોમન લખનારાઓ મૂજબ એણે ઇ. સ. ૪૨૦ થી ૪૪૦ સુધી રાજ્ય કર્યું હતું.

બપન્જુમ ચુનીન્ ગોફ્તુ કઝ રન્જે કસ
નયમ શાહ તા બાશહમ દસ્તરસ
બકૂશેશ બેજૂઇમ ખુર્રમ બેહેશ્ત
ખુનુક આન્ કે જોઝ તોખ્મે નીકી નકેશ્ત
શશુમ ગોફ્તુ બરૂ મરૂદુમે ઝીરૂદસ્ત
મબાદા કે જૂઇમ હરૂગેઝ શેકસ્ત
સેપહ્‌રા ઝે દુશ્મન્ તન્ આસાન્ કુનીમ
બદ્અન્દીશગાન્‌રા હેરાસાન્ કુનીમ
બહફ્તુમ ચુ બેન્શસ્ત ગોફ્ત અય મેહાન્
ખેરદ્મન્દો બીદારો દીદહ જેહાન્
ચુ બા મરૂદુમે ઝોફ્ત ઝોફ્તી કુનીમ
હમી બા ખેરદમન્દ જોફ્તી કુનીમ
હરાન્ કસ કે બા મા નસાઝન્દ ગરૂમ
બદી બીશ બીનન્દ અઝાન્ કઝ પેદરૂમ
હરાન્ કસ કે ફર્માને મા બરૂ ગુઝીદ
ઘમો દર્દો રન્જશ નબાયદ કશીદ
૮૩ બહશ્તુમ ચુ બેન્શસ્ત ફરૂમૂદ શાહ
જવાનૂયરા ખાન્દ અઝાન્ બારૂગાહ
બદ્ ગોફ્ત નઝદીકે હરૂ મેહ્‌તરી
બહરૂ નામદારીઓ હરૂ કેશ્વરી
યકી નામહ બેન્વીસ બા મેહ્‌રો દાદ
કે બહ્‌રામ બરૂ તખ્ત બેન્શસ્ત શાદ
ખોદાવન્દે બખ્શાયેશો રાસ્તી
ગુરીઝન્દહ અઝ કજ્ઝીઓ કાસ્તી
કે બા ફરૂરો બોર્ઝસ્તો બા મેહ્‌રો દાદ
નગીરદ જોઝ અઝ પાકુ દાદારૂ યાદ
પઝીરોફ્તમ આન્‌રા કે ફર્માન્ બરદ
ગુનાહ આન્ બેસીયદ કે દર્માન્ બરદ
નેશસ્તમ બદીન્ તખ્તે ફરૂરોખ પેદરૂ
બરૂ આઇને તહ્‌મૂરસે દાદગરૂ
જોઝ અઝ રાસ્તી નીસ્ત બા હરૂ કસી
અગરૂ ચેહ અઝૂ કજ્ઝી આયદ બસી
બદાદ અઝ નેયાગાન્ ફોઝૂની કુનમ
શુમારા બદીન્ રહનમૂની કુનમ
બરાન્ દીને ઝરૂહોશ્તે પયઘમબરમ
ઝે રાહે નેયાગાને ખુદ નુગ્ઝરમ
૮૪ નેહમ દીને ઝરૂદુશ્તે પીશીન્ બફ્ય
બરાહીમ પયઘમબરે રાસ્તગૂય
હમહ પાદ્‌શાહીદ બરૂ ચીઝે ખીશ
નેગહ્‌બાને મર્ઝો નેગહ્‌બાને કીશ
બફર્ઝન્દો ઝન્ બરૂ હમાન્ પાદશા
ખુનુક મરૂદુમે ઝીરકો પારૂસા
નખાહીમ આગન્દને ઝરૂ બગન્જ
કઝાન્ ગન્જ દર્વીશ માનદ બરન્જ
ગરૂ યઝદ મરા ઝેન્દગાની દેહદ
વઝીન્ અખ્તરાન્ કામરાની દેહદ
યકી રામેશી નામહ ખાનીદ નીઝ
કઝાન્ જાવેદાન્ અરૂજ યાબીદો ચીઝ
ઝે મા બરૂ હમહ પાદ્‌શાહાન્ દોરૂદ
બવીઝહ કે મેહ્‌રશ બુવદ તારો પૂદ

પાંચમે દહાડે તે એ પ્રમાણે બોલ્યો કે "મારાથી બની શકશે ત્યાં સૂધી હું કોઈની રંજ અને મુસીબતથી ખુશી થઇશ નહીં.

હું સઘળી કોશેશ કરીનેજ ખુશી ભરેલું બેહેસ્ત મેળવીશ-ભાગ્યશાળી તેજ શખ્સ કે જેણે નેકીનાં બી સિવાય કાંઇ બીજું રોપ્યું નહીં."

છઠે દહાડે પાદશાહ બોલ્યો કે "મારાથી એવું કદીબી ના બનવું કે મારી રૈયતનાં લોકો ઉપર સેતમ ગુઝારૂં.

મારાં લશ્કરને દુશ્મન લોકોથી નચિન્ત બનાવીશ-અને દુશ્મનોને ભય ભરેલા કરીશ."

સાતમે દહાડે જ્યારે તે તખ્ત ઉપર બેઠો ત્યારે બોલ્યો કે "ઓ અકલમંદ, બાહોશ અને અનુભવી સરદારો!

જો આપણે બદખસ્લના માણસો સાથ સખ્ત થઇશું-તો અકલમંદની સંગત ધરીશું.

જેઓ મારી સાથ મોહબત ભરેલી વર્તણુંક નહીં ચલાવશે તેઓ જેટલી મારા બાપને હાથ સઝા પામતા હતા તેના કરતાં મારે હાથે વધારે સઝા પામશે.

જે કોઇયે કે મારૂં ફર્માન એખ્તયાર કર્યું હશે-તેને ગમ, દર્દ કે રંજ ખેંચવી નહીં પડશે."

આઠમે દહાડે જ્યારે તે તખ્ત ઉપર બેઠો ત્યારે પાદશાહે હોકમ કરી જવાનૂયને દરબારમાં બોલાવી મંગાવ્યો.

તેને કહ્યું કે "દરેક સરદારો, નામદારો અને દરેક મુલકો ઉપર,

મોહબત અને ઇન્સાફ ભરેલું એક એક નામુ લખ-કે બેહરામ ખુશહાલ તખ્ત ઉપર બિરાજ્યો છે.

તે બક્ષેશ અને રાસ્તીનો સાહેબ છે-અને અપ્રમાણિકપણાથી તેમજ અસત્યતાથી દૂર રહેનારો છે.

કારણકે તે ખોદાઇ ઝળકાટ અને દબદબા સાથનો તેમજ દયા અને ઈન્સાફ સાથનો છે-તે પાક દાદાર સિવાય કોઈની યાદ કરતો નથી.

હું તે સરદારને કબૂલ રાખીશ કે જે મારૂં ફર્માન બજા લાવશે-અને જે કોઇ વિરોધ થશે તે ગુનેહગાર ઠરશે.

હું મારા બાપનાં આ મુબારક તખ્ત ઉપર ઇન્સાફી પાદશાહ તેહ-મૂરસની રીત રેવાજ પ્રમાણે બેઠો છું.

એક માણસ ગમે એટલી બદી કરે-તો પણ તેની સાથ પુરેપુરા ઈન્સાફથીજ વર્તણુક ચલાવવામાં આવશે.

ઇન્સાફનાં કામમાં મારા નેયાગાનો કરતાં વધારો કરીશ-અને તમોને દીનધર્મનો માર્ગ દેખાડીશ

પયગમ્બર ઝરતોશ્તની દીન ઉપર હું ઉસ્તુવાર છું-હું મારા પોતાના નેયાગાનોની રાહથી કદી ફરીશ નહીં.

જૂના ઝમાનામાં થઈ ગયલા સાચા પયગમ્બર ઈબ્રાહીમ ઝર્દોશ્તની દીન આગળ ધરીશ.

તમો સર્વે પોત પોતાની ચીઝના માલેક છો-તમારા ઇલાકાના હાકેમ છો અને દીનધર્મના નેગહબાન છો.

તેમજ પોતાનાં ફર્ઝંદ અને સ્ત્રીના માલેક છો-ભાગ્યશાળી તેજ કે જે અકલમંદ અને પરહેઝગાર હોય.

હું મારા ખઝાનામાં પૈસો એકઠો કરવા માગતો નથી-કે જે ખઝા-નાથી દરવીશ મોહતાજ રહી જાય.

અગરજો ખોદાતાલા મને લામ્બી ઝિંદગી બખ્શેશ કરશે-અને સેતારા-ઓની ચાલથી સુખ આપશે,

તો તમો એક ખુશી ભરેલુંજ નામુ વાંચશો-કે જેથી તમો હમેશનો માન મરતબો અને બીજી ચીઝો મેળવશો.

મારી તરફથી તમો સઘળા પાદશાહો ઉપર તેમાં ખાસ કરીને જેનાં દિલમાં કે દયા ભરેલી હોય, તેની ઉપર દુઆ હોજો!"

નેહાદન્દ બરૂ નામહા બરૂ નેગીન્
ફેરેસ્તાદગાન્ ખાસ્ત બા આફ્રીન્
બેરફૂતન્દ બા નામહા મૂબદાન્
સવારાને બીનાદેલો બેખ્રદાન્

પછી તે નામાઓ ઉપર મોહર કીધી-અને વખણાયલા કાસેદોને બોલાવ્યા.

તે નામાઓ લઇને મોબેદો, ચાલાક સવારો અને અકલમંદો ત્યાંથી રવાના થયા.

બખ્શીદને બહ્રામ્ ગુનાહે ઇરાને-યાન્રા વ પદ્રૂદ્ કર્દને મુન્ઝેર્ વ નોઅમાન્ વ બખ્શીદને બાઝે બાકી બઇરાનેયાન્.

બેહરામે ઇરાનીઓનો ગુનાહ માફ કરવો અને મુન્ઝેર તથા નોઅમાનને રવાના કરવા અને ઇરાનીઓનું બાકી રહેલું મેહસૂલ છોડી દેવું.

——:૦:——

દેગરૂ રૂઝ ચૂન્ બરૂ દમીદ આફ્તાબ્
બેબાલીદ કૂહો બેયાલૂદ ખાબ્
બનઝ્દીકે મુન્ઝેરૂ શુદન્દ આન્ ગોરૂહ
કે અઝ્ તરૂસ બૂદન્દ દેલ પુરૂ સોતૂહ
કે ખાહેશગરી કુન બનઝ્દીકે શાહ
ઝે કેર્દારે મા તા બેબખ્શદ ગુનાહ
કે ચૂનાન શુદીમ અઝ્ બદે યઝ્દગરૂદ
કે ખૂન દરૂ દેલે નામદારાન્ ફુસરૂદ
ઝે બસ ઝેશ્ત ગોફતારો કેર્દારે ઉય
ઝે બીદાદીઓ દર્દો આઝારે ઉય
દેલે મા ઝે બહ્રામ અઝાન્ બૂદ સરૂદ
કઝાન્ શાહ બૂદીમ યક્સરૂ બદરૂદ
બેશુદ મુન્ઝેરો શાહરા કરૂદ નરૂમ
બેગુસ્તરૂદ પીશશ સુખુનહાએ ગરૂમ
બેબખ્શીદ અગરૂ ચન્દ શાન્ બુદ ગુનાહ
કે બા ગઉહરો દાદગરૂ બૂદ શાહ
બેયારાસ્ત અયવાને શાહન્શેહી
બેરફૂત આન્ કે બૂદશ બેહીઓ મેહી
ચુ જાએ બુઝોર્ગી બેપર્દાખ્તન્દ
કેરા બૂદ શાયેસ્તહ બેન્શાખ્તન્દ
બહરૂજાય ખાની બેયારાસ્તન્દ
મયો રૂદો રામેશગરાન્ ખાસ્તન્દ
દોવુમ રૂઝ રફૂતન્દ દીગરૂ ગોરૂહ
સેપહબદ ઝે દાદન્ નેયામદ સોતૂહ
બસેહ રૂઝ જશ્નો મયો સૂરૂ બૂદ
ઘમ અઝ્ કાખે શાહે જહાન્ દૂરૂ બૂદ
બેગોફૂત આન્ કે નોઅમાનો મુન્ઝેરૂ ચે કરૂદ
ઝે બહ્રે મન્ આન્ પાકઝાદહ દો મરૂદ
હમહ મેહતરાન્ ખાન્દન્દ આફ્રીન્
બરાન્ દશ્તે આબાદો મર્દાને કીન્
વઝાન્ પસ દરે ગન્જ બુકુશાદ શાહ
બદીનારો દીબા બેયારાસ્ત ગાહ
ઝે અસ્પો સેતામો ઝે ખફૂતાને જન્ગ્
ઝે યાકૂત વઝ ગઉહરે રન્ગ્ રન્ગ્

બીજે દહાડે જ્યારે આફતાબ નીકળ્યો-પહાડો ખીલી નીકળ્યા અને ઇન્સાનોની ઊંઘ ઉડી ગઈ,

ત્યારે જે ટોળો કે બેહરામની ધાસ્તીથી ગભરાયલો હતો તે મુંઝેર ૮૫
આગળ ગયો,

કે "તું પાદશાહને અમારી ભલામણ કર-કે જેથી તે અમારાં કામથી થયલા ગુનાહની માફી બખ્શે.

કારણકે અમો પાદશાહ યઝદગેર્દની બૂરાઈથી એવા થઇ ગયા હતા-કે સઘળા નામદારોનાં દિલમાં લોહીજ બંધાઈ ગયું હતું.

તેના ઘણાક બૂરા સખુનોથી અને તેનાં કામોથી તેના ભારી ઝુલ્મથી, દુ:ખથી અને પીડાથી બીનેલા હતા.

અમારાં દિલ બેહરામથી એટલા માટે થંડા થઇ ગયલાં હતાં કે અમો પાદશાહ યઝદગેર્દથી સદન્તર દુ:ખી થઈ ગયા હતા."

આથી મુંઝેરે જઈ પાદશાહને સમજાવી તેના ગુસ્સાને નર્મ પાડયો-અને ત્યાર બાદ તેની આગળ તેઓના લાગણી ભર્યા સખુનો કહી સંભળાવ્યા.

ત્યારે જો કે તેઓનો ગુનાહ ઘણો મોટો હતો તો પણ તે માફ કીધો-કારણકે પાદશાહ બેહરામ ખાન્દાની અને ઇન્સાફી હતો.

પછી તેણે શેહનશાહી મેહલ આરાસ્તા કરાવ્યો-અને ત્યાં જે કોઈ કે ભલા અને મોટા લોકો હતા તે ગયા

જ્યારે તેઓએ મોટાઇની જગ્યા છોડી દીધી-ત્યારે તેઓને બેહરામના હોકમ મૂજબ તેઓને લાયકની જગ્યા આપવામાં આવી.

દરેક જગ્યાએ ખાણાના સુફરા બિછાવ્યા અને ત્યાં મય, તમ્બુરા અને રામેશગરોને પણ બોલાવવામાં આવી.

બીજે દિવસે તે ખાણા ઉપર બીજા લોકો ગયા-પણ પાદશાહ તેઓની ૮૬
પરોણાગટથી થાકયો નહીં.

ત્યાં ત્રણ દહાડા સૂધી ખુશીની મજલેસ, મયનૂશી અને ખાણીપીણી ચાલુ રહી-તે દેશના પાદશાહના મેહલમાંથી સઘળી ગમગીની દૂર થઇ હતી.

પછી મુંઝેર અને નોઅમાન બન્ને પાકઝાદ મર્દોએ પોતાને માટે શું શું કર્યું હતું તે સઘળું પાદશાહે કહ્યું.

ત્યારે તમામ સરદારોએ તે અરબેસ્તાનના આબાદ મુલક ઉપર અને ત્યાંના લડાયક બહાદુરો ઉપર દોઆ કીધી.

ત્યાર પછી પાદશાહે ખઝાનાનો દરવાઝો ખોલ્યો-અને સોનાના દીનાર અને રેશમી કપડાંથી એક તખ્ત સણગાર્યું.

તેમજ ઘોડાઓ, લગામો, લડાઈનાં બખ્તરો-યાકૂત અને તરેહ તરેહના ગોહરોમાંથી નામીચી ચીઝો બાહેર કાઢી.

સરાસરૂ બનોઅમાનો મુન્ઝેરૂ સુપોરૂદ
જવાનૂય રફૂતો બદીશાન્ શુમોરૂદ
કસ અન્દાઝએ બખ્શેશે ઊ નદાશ્ત
હમાન્ તાવ્ બા હૂશેશે ઊ નદાશ્ત
હમાન્ તાઝેયાન્‌રા બસી હદય દાદ
અઝ અયવાને શાહી બેરફૂતન્દ શાદ
બેયાવરૂદ પસ ખેલઅતે ખુસ્રવી
હમાન્ અસ્પો હમ્ જામએ પહ્લવી
૮૭ બખુસ્રવ્ સેપોર્દન્દો બેન્વાખ્તશ
બરે ગાહે ફરૂખુન્દહ્ બેન્શાખ્તશ
શેહન્શાહ્ ખુસ્રવ્ બનર્સી રસીદ
ઝે તખ્ત અન્દરૂ આમદ બકર્સી રસીદ
બેરાદરૂ બુદશ યકુ હેલો યકુ ઝબાન્
અઝૂ કેહ્તરૂ આન્ નામદારે જહાન્
વરા પહ્લવાન્ કરૂદ બરૂ લશ્કરશ
બદાન્ તા બઆઈન્ બુવદ કેશ્વરશ
સેપહ્‌રા સરાસરૂ બનર્સી સેપોરૂદ
બબખ્શેશ હમહ્ પાદ્શાહી બેબોરૂદ
દરે ગન્જ બુકુશાદો રૂઝી બેદાદ
સેપાહશ બદીનારૂ ગશ્તન્દ શાદ
બેફરૂમૂદ પસ તા ગોશસ્પે દબીરૂ
બેયામદ બરે શાહે દાનેશ પઝીરૂ
જવાનૂય બીદારૂ બા ઊ બહમ
કે નઝદીકે ઊ બુદ શુમારે દેરમ
ઝે બાકી કે બુદ નઝદે ઈરાનેયાન્
બેફરૂમૂદ તા બુગ્સેલદ અઝ મેયાન્
દબીરાને દાના બદીવાન્ શુદન્દ
ઝે બહ્રે દેરમ પીશે કયવાન્ શુદન્દ
૮૮ કે ઊ બૂદ દાના બદાન્ રૂઝગારૂ
શુમારે જહાન્ દાશ્ત અન્દરૂ કનારૂ
ઝે બાકી કે બુદ દરૂ જહાન્ સરૂબસરૂ
હમહ્ બરૂ ગેરેફૂતન્દ યકુ બા દેગરૂ
નવદ બારો સદ બારૂ સીસદ હઝારૂ
બઈરાન્ દેરમ બૂદ કર્દહ્ શુમારૂ
બેબખ્શીદો દીવાન્ બઆતેશ નેહાદ
હમહ્ શહ્‌રે ઈરાન્ બદૂ ગશ્ત શાદ
ચુ આગાહ્ શુદ ઝાન્ સખુન હરૂ કસી
હમી આફ્રીન્ ખાન્દ હરૂ કસ બસી
બેરફૂતન્દ યકુસરૂ બઆતેશકદહ્
બઅયવાને નવ્‌રૂઝો જશ્ને સદહ્
હમી મુશ્કુ બરૂ આતેશ અફૂશાન્દન્દ
બબહ્‌રામ શહ્ આફ્રીન્ ખાન્દન્દ
વઝાન્ પસ ફેરેસ્તાદ કારૂઆગહાન્
યકી તા બેગર્દન્દ ગેર્દે જહાન્
કસીરા કુજા રાન્દહ્ બુદ યઝદગેરૂદ
બેજુસ્તો બયકુ શહ્‌રૂ શાન્ કરૂદ ગેરૂદ
બદાન્ તા શવદ નામએ શહ્‌રૂયારૂ
કે આઝાદગાન્‌રા બુવદ ખાસ્તારૂ
૮૯ ફેરેસ્તાદ ખેલઅત બહરૂ મેહ્તરી
બેબખ્શીદ બન્દાઝહ્ શાન્ કેશ્વરી

તે સઘળું નોઅમાન અને મુંઝેરને ભેટ તરીકે આપ્યું-જવાનૂય લઈ ગયો અને તેઓને સ્વાધીન કર્યું.

કોઇ પણ શખ્સ તેની બક્ષેશનો અંદાઝો કરી શક્યું નહીં-તેમજ કોઈ તેના જેવી હિમ્મત ધરાવવાને શક્તિમાન પણ નહીંજ હતો.

તેમજ બીજા સઘળા અરબ સરદારોને પણ ઘણોક હદયો આપ્યો-ત્યાર બાદ તેઓ બેહરામના પાદશાહી મેહલમાંથી ખુશી થતા પોતાને વતન ગયા.

પછી એક બીજો પાદશાહી સરપાવ તેમજ ઘોડા અને પેહલવાની પોશાક તેણે મંગાવ્યો.

અને તે સઘળો ખુસ્રવને આપ્યો અને તેને નવાઝયો-તેને મુબારક તખ્ત ઉપર બેસાડયો.

શેહનશાહ ખુસ્રવ નર્સીનાં ખાન્દાનથી ઉતરેલો હતો-તે તખ્ત ઉપરથી નીચે ઉતર્યો અને કુરસી ઉપર બેઠો.

તેનો એક ઘણોજ સાચો ભાઈ હતો-જે તે દેશનો વખણાયલો સરદાર તેનાથી નાનો હતો,

તેને બેહરામે લશ્કરનો સેપહસાલાર બનાવ્યો-કે જેથી તેનો મુલક કાયદાસર રહે.

તમામ લશ્કર નર્સીને સોંપી આપ્યું-બક્ષેશ કરીને તેણે આખી શેહન્શાહત હાથ કીધી

તેણે ખઝાનાનો દરવાઝો ખુલ્લો કરી લશ્કરને પગાર આપ્યો-તેનું લશ્કર પૈસાથી ખુશહાલ થયું.

પછી તેણે ફર્માવ્યું જેથી ગુશસ્પ નામના મુન્શી-તે દાના પાદશાહની નઝદીક આવ્યો.

તેની સાથે હુશ્યાર જવાનૂય પણ હતો-કે જેની પાસે પૈસાનો હિસાબ રહેતો હતો.

તેણે ફર્માવ્યું જેથી "ઈરાનીઓ ઉપર જે બાકી નીકળતી હોય તે તેઓમાંથી કાઢી નાખે."

જેથી દાના મુન્શીઓ પૈસાની ગણત્રી કરવા માટે કચેરીમાં કયવાન નામના મુન્શી આગળ ગયા,

કારણકે તે મુન્શી તે વખતમાં બાહોશ હતો-આખા દેશનો હિસાબ તેનાં નખમાં હતો.

આખા દેશ ઉપરની મેહસૂલની બાકી જે કાંઇ કે નીકળતી હતી-તે સઘળી એક બીજા સાથ મેળવીને ખેંચી કાઢી.

પાંચ કરોડ સિત્તેર લાખ દેરમ ઈરાન દેશની પ્રજા ઉપર મેહસૂલના ચઢેલા ગણવામાં આવ્યા હતા.

તે સઘળી મેહસૂલ બેહરામે માફ કીધી અને સઘળાં દફતરો બાળી નાખ્યાં-આથી સઘળો ઇરાન દેશ તેનાથી ખુશહાલ થયો.

જ્યારે તે વાતથી દરેક જણ વાકેફ થયા-ત્યારે બેહરામ ઉપર તે લોકો પુષ્કળ દોઆ કરવા લાગ્યા.

સઘળાઓ પછી આતશકદેહમાં ગયા-અને નવરૂઝ તેમજ સદેહનાં જશ્ન કરવાના અયવાનમાં એકઠા થયા.

અને આતશ ઉપર ખુશબોઈ મેલી-પાદશાહ બેહરામ ઉપર દુઆ કરવા લાગ્યા.

ત્યાર પછી બેહરામે અનુભવી શખ્સોને મોકલી આપ્યા-જેથી તેઓ દેશની આસપાસ સઘળે ફર્યા.

અને જે કોઈ શખ્સોને કે યઝદગેર્દે દેશનીકાલ કાઢયા હતા-તેઓને શોધીને એક શેહરમાં એકઠા કીધા,

કે જેથી ત્યાં પાદશાહ તરફનું નામું જાય-કે "તે સદગુણી લોકોને પાદશાહ પાછા બોલાવે છે."

તેણે દરેક સરદારો માટે સરોપાવ મોકલ્યા-અને તેઓને તેઓના દરજ્જા પ્રમાણે મુલકો બખ્શેશ કર્યા.

રહો મૂબેદો મરૂઝબાન્ હરૂકે બૂદ
કે આવાઝે બહ્‌રામ્ અઝાન્ સાન્ શેનૂદ
સરાસરૂ બદરૂગાહે ઊ આમદન્દ
ફુશાદહ્‌ દેલો તાઝહ્‌ રૂ આમદન્દ
બેફ્‌રૂમૂદ તા હરૂકે બુદ દાદ જૂય
સુએ મૂબેદાન્ મૂબેદ આવરૂદ રૂય
ચુ ફર્માનશ આમદ ઝે ગીતી બજાય
મનાદીગરી કરૂદ બરૂ દરૂ બપાય
કે અય ઝીરૂદસ્તાને બીદારૂ શાહ્‌
ઝે ઘમ્ દૂરૂ બાશીદો દૂરૂ અઝ ગુનાહ્‌
અઝાન પસ બરાન્ કસ ફુનીદ આફ્રીન્
કે અઝ દાદશ આબાદ બાશદ ઝમીન્
ઝે ગીતી બયઝદાન્ પનાહીદો બસ
કે દારન્દહ્‌ ઊયસ્તો ફર્યાદરસ
હરાન્ કસ કે બુગ્ઝીદ ફર્માને મા
ન પીચદ સરૂ અઝ રાહો પયમાને મા
બદ્ નીકુઈહા બઅફ્‌ઝૂન કુનીમ
ઝે દેલ્ કીનહો આઝ બીરૂન્ કુનીમ
હરાન્ કસ કે અઝ દાદ બુગ્રીઝદ ઊ
બબાદાફ્‌રહ્‌ મા બેયાવીઝદ ઊ
ગરૂ અયઝદ્‌ન્ કે નીરૂ દેહદ કેર્દેગારૂ
બકામે દેલે મા બુવદ રૂઝગારૂ
બરીન્ નીકુઇહા ફેઝાયેશ બુવદ
શુમારા બરે મા સેતાયેશ બુવદ
હમહ્‌ શહ્‌રે ઈરાન્ બગોફ્‌તારે ઊય
બેરફ્‌તન્દ શાદાનો બા આબ્‌રૂય
બદાન્ ગહ્‌ કે શુદ પાદ્‌શાહીશ રાસ્ત
ફોઝૂન્ ગશ્ત શાદીઓ અન્દુહ્‌ બેકાસ્ત
હમહ્‌ બઝ્‌મો નખ્ચીરૂ બુદ કારે ઊય
દેગરૂ અસ્પો મયદાનો ચઉગાનો ગૂય

આથી સરદારો, મોબેદો અને ઝમીનદારો જે કોઇ કે હતા-અને જેઓએ કે બેહરામની કીર્ત્તિ એવી રીતની સાંભળી,

તેઓ સઘળા ઉમંગી બની ખુશહાલ ચેહરે તેની દરગાહમાં આવ્યા.

તેણે ફર્માવ્યું જેથી જે કોઇ કે ઇન્સાફ માગનારા હતા-તેઓ વડા વઝીર પાસે ચાલ્યા.

જ્યારે સઘળા દેશમાં તેનું ફર્માન કાયમ થયું-ત્યારે દરવાઝા આગળ એક દાંડી પીટનારને ઉભો કીધો.

તે એમ બોલવા લાગ્યો કે "એ ચાલાક પાદશાહની રૈયત!-તમો ગમથી દૂર રહેજો તેમજ ગુનાહથી પણ દૂર રહેજો!

હવે પછી તમો તેનીજ ઉપર દોઆ કરજો!-કે જેના ઈન્સાફથી આ દેશ આબાદ રહે.

દુન્યામાં તમો યઝદાનની પનાહ માગજો!-કારણકે તેજ સાહેબ દુન્યાનો નેગહબાન અને ફર્યાદ સાંભળનારો છે.

જે કોઇ કે અમારૂં ફર્માન એખ્તયાર કરશે-અને અમારી રાહ રીતી અને કોલકરારથી સર નહીં ફેરવશે,

તેની સાથે અમો બેહદ નેકી કરીશું-અને દિલમાંથી કીનો અને લોભ દૂર કરીશું.

જે કોઈ કે ઇન્સાફનાં કામથી નાસી જશે-તેઓને અમારી સાથની ૫૦
બૂરાઇનો બદલો મળશે.

અગરજો ખોદાતાલા અમોને શક્તિ આપશે-અને ઝમાનો અમારા મનની મુરાદ પ્રમાણે ચાલશે,

તો આ સઘળી ભલાઇઓમાં વધારોજ થશે-તમો અમારા વધુ આભારી બનશો."

આવી રીતનો પાદશાહનો ઢંઢેરો સાંભળી આખું ઈરાન શેહર-ખુશી થતું બાઆબરૂ રવાના થયું.

જ્યારે કે તેની પાદશાહી આબાદ થઈ-ત્યારે ખુશહાલીનો વધારો થયો અને ગમગીની ઘટી

હવે પાદશાહનું પણ સઘળું કામ ખુશીની મજલેસ, શિકારબાઝી તેમજ ઘોડેસવારી, લડાઈનું મયદાન અને ચઉગાનબાઝી ખેલવાનું હતું.

રફ્‌તને બહ્‌રામ્ દરૂ ખાનએ લમ્બક્ આબ્‌કશ્ વ મેહ્‌માને ઊ શુદન્.

ચુનાન્ બુદ કે રૂઝી બનખ્ચીરે શીરૂ
હમી રફ્‌ત બા ચન્દ ગોર્દે દેલીરૂ
બેશુદ પીરૂ મર્દી અસાઈ બદસ્ત
બદ્ ગોફ્‌ત કય શાહે યઝદાન્ પરસ્ત
દો મર્દન્દ શાહા બદીન્ શહ્‌રે મા
યકી બા નવા દીગરી બીનવા
બરાહામ મર્દી પુરૂ અઝ સીમો ઝરૂ
જીહુદી ફેરીબન્દએ બદ ગોહરૂ
બઆબાદગી લમ્બકે આબ્‌કશ
બઆરાયેશે ખાનો ગોફ્‌તારે ખશ

બેહરામનું લમ્બક પખાલીનાં ઘરમાં જવું અને તેનો મેહમાન થવું.

એવું બન્યું કે એક દહાડે કેટલાક બહાદુર પેહલવાનો સાથ બેહરામ સિંહના શિકારે જતો હતો,

તેવામાં હાથમાં લાકડી સાથનો એક બુઢો મર્દ પાદશાહ આગળ ગયો-અને તેને કહ્યું કે "એ યઝદાન પરસ્ત પાદશાહ!

એ શાહ! આ આપણાં શેહરમાં એક તવંગર અને બીજો ગરીબ, એવા બે શખ્સો રહે છે.

એક બરાહામ નામનો યાહુદી જે ફરેબ દેનારો અને બૂરી બુન્યાદનો તવંગર શખ્સ છે.

લમ્બક નામનો ભિસ્તી ઉમ્રાવી ખવાસનો છે-તેનું ઘર સણગારેલું ૫૧
છે અને તે સભ્યતા ભરેલો માણસ છે.

બેપુર્સીદ બહુરામ્ કીન્હા કે અન્દ
ક્રે ગોફ્તારો કેર્દારૂહા બરૂ ચે અન્દ
ચુનીન્ ગોફ્ત બા ઊ હમીન્ પારૂસા
કે અય નામવરૂ બા ગોહરૂ પાદ્શા
સકાઈસ્ત ઈન્ લમ્બકે આબ્કશ
જવાન્મર્દી બા ખાનો બા ખૂએ ખશ
બયકૂ નીમ રૂઝ આબ્ દારદ નેગાહ
દેગરૂ નીમહ મેહ્માન્ બેખાનદ ક્રે રાહ
નમાનદ બફર્દા અઝ એમરૂઝ ચીઝ
નખાહદ કે દરૂ ખાનહ માનદશ નીઝ
બરાહામે બી બરૂ જીહૂદીસ્ત જોફ્ત
કુજા ઓફ્તીએ ઊ નશાયદ નેહોફ્ત
દેરમ દારદો ગન્જો દીનારૂ નીઝ
હમાન્ ફર્શે દીબાઓ હરૂગૂનહ ચીઝ
બયકૂ નાન્ નગીરદ અઝીન્ દસ્ત કસ
ચુનીન્ આફ્રીદશ જહાન્દારો બસ
મનાદીગરીરા બેફરૂમૂદ શાહ
કે શવ બાન્ગ્ ઝન્ પીશે બાઝારૂગાહ
૯૨ કે હરૂ કસ કે અઝ લમ્બકે આબ્કશ
ખરદ આબે ખુર્દન્ નબાશદશ ખશ
હમી બૂદ તા ઝરૂદ ગશ્ત આફ્તાબ્
નેશસ્ત અઝ બરે બારએ ઝૂદ યાબ્
સુએ ખાનએ લમ્બકૂ આમદ ચુ બાદ
બેઝદ હલ્કહ બરૂ ચૂબો આવાઝ દાદ
કે મન્ સરૂકશી અમ ઝે ઈરાન્ સેપાહ
ચુ શબ્ તીરહ શુદ દુરૂ માન્દમ ઝે રાહ
બદીન્ ખાનહ એમશબ્ દેરન્ગમ દેહી
હમહ મરૂદુમી બાશદો ફરૂરેહી
બેશુદ શાદ લમ્બકૂ અઝ આવાઝે ઊય
વઝાન્ ખૂબ્ ગોફ્તારે દમસાઝે ઊય
બદૂ ગોફ્ત ઝૂદ અન્દરૂ આય અય સવારૂ
કે ખુશનૂદ બાદા ઝે તૂ શહરૂયારૂ
અગરૂ બા તો દહ તન્ બુદી બેહ બુદી
હમહ યકૂ બયકૂ બરૂ સરમ મેહ બુદી
ફેરૂદ આમદ અઝ અસ્પ બહુરામ શાહ
હમી દાશ્ત આન્ બારહ લમ્બકૂ નેગાહ
બેમાલીદ શાદાન્ બચીઝી તનશ
યકી રશ્તહ બેન્હાદ બરૂ ગર્દનશ
૯૩ ચુ બેન્શસ્ત બહુરામ લમ્બકૂ દવીદ
યકી દસ્તે શેત્રન્જ પીશ આવરીદ
યકી ચારઈ સાખ્ત તા ખર્દની
બેયાવરૂદ હરૂગૂનહ આવર્દની
બબહુરામ ગોફ્ત અય ગેરાન્માયહ મરૂદ
બેનહ મોહરએ બાઝી અઝ બહરે ખરૂદ
સેતદ આનચે લમ્બકૂ બદૂ દાદ શાહ
બેપીચીદો બેન્હાદ દરૂ પીશગાહ
ચુ નાન્ ખુર્દહ શુદ મીઝબાન્ દરૂઝમાન્
બેયાવરૂદ યકૂ જામે મય શાદમાન્
અજબ્ માન્દ શાહ અઝ ચુનાન્ જશ્ને ઊય
વઝાન્ ખૂબ્ ગોફ્તારો આન્ તાઝહ રૂય

બેહરામે તેને પૂછયું કે "તેઓ કોણ છે?-અને કેવી ચાલચલણના માણસો છે?"

પેલા પરહેઝગાર મર્દે પાદશાહને એવો જવાબ આપ્યો કે "ઓ બુલંદ બુન્યાદના નામવર પાદશાહ!

આ લમ્બક એક ભિસ્તી છે-તે સખી છે, પરોણાગત કરનારો છે અને વળી સારા સ્વભાવનો છે.

તે અડધો દહાડો પાણી ભરે છે-અને અડધો દહાડો રસ્તામાંથી કોઇને મેહમાન તરીકે તેડી લાવે છે.

આજની કમાઇમાંથી કાલ માટે તેની પાસે કાંઈ પણ ચીઝ રહેતી નથી-અને તે એવું ચાહતો પણ નથી કે તેનાં ઘરમાં કોઇ પણ ચીઝ રહે.

નિર્થક બરાહામ એક બૂરી ખસ્લતનો યાહુદી છે જેની અયબ છૂપાવવી લાયક નથી.

તે દિરમ, દીનાર અને ખઝાનો પણ ધરાવે છે-તેમજ રેશમી ગલીચા અને બીજી દરેક તરેહની ચીઝો ધરાવે છે.

તેના હાથથી કોઈ એક રોટલી પણ મેળવતું નથી-ખોદાતાલાએ બસ તેને એવીજ રીતનો પયદા કરેલો છે."

આથી પાદશાહે દાંડી પીટનારને ફર્માવ્યું-કે "જા, બાઝાર આગળ જઇને પોકાર કર,

કે જે કોઈ શખ્સ લમ્બક ભિસ્તી પાસેથી-પીવાનું પાણી ખરીદ કરશે તે ઠીક ગણાશે નહીં."

પછી બેહરામ આફતાબ અસ્ત થયો ત્યાં સૂધી થોભ્યો-અને ત્યાર બાદ એક શેતાબ ચાલનાર ઘોડા ઉપર સવાર થયો.

અને લમ્બક પખાલીનાં ઘર આગળ શિતાબીથી આવી લાગ્યો-અને તેનાં બારણાનું કડું ખખડાવી સાદ માર્યો,

કે "હું ઇરાની લશ્કરમાંનો એક અમલદાર છું-જ્યારે રાત અંધારી થઇ ગઈ ત્યારે હું મારા લશ્કરની રાહથી દૂર પડી ગયો છું.

માટે જો આજની રાત તું મને અહીં ઉતારો આપશે-તો તારી સઘળી ભલાઇ અને વાખવાખીજ કહેવાશે."

લમ્બક તેના આવાઝથી અને તે દોસ્તની સારી વાતોથી ખુશી થયો.

અને બેહરામને કહ્યું કે "ઓ સવાર! તું જલ્દીથી અંદર આવ-તારીથી તારો પાદશાહ ખુશહાલ બનજો!

જો તારી સાથે બીજા દશ માણસ હતે તો વધારે સારૂં થતે-તેઓ દરેક જણ મારાં સર ઉપર સરદાર બનતે."

પાદશાહ બેહરામ ઘોડા ઉપરથી નીચે ઉતર્યો-લમ્બકે તે ઘોડાની સંભાળ લેવા માંડી.

ખુશીથી તે ઘોડાનાં બદનની થોડીક માલેશ કીધી-તેની ગર્દનમાં બાગદોર નાખી.

જ્યારે બેહરામ બેઠો ત્યારે લમ્બક દોડયો-અને શેત્રંજ રમવાનું પાટયું તેની આગળ મેલ્યું.

અને સઘળી તૈયારી કરવા લાગ્યો જેથી ખાણું-તેમજ બીજી લાવવા ઘટતી દરેક ચીઝો લાવી હાઝેર કીધી.

પછી બેહરામને કહ્યું કે "ઓ સરદાર!-હવે ખાણું આવ્યું છે માટે મોહરાંની બાઝી છોડી દે."

લમ્બકે જે કાંઈ ખાવાનું આપ્યું તે પાદશાહે લીધું-અને શેત્રંજને બાંધીને પોતાની આગળ બાઝૂએ મેલી.

જ્યારે ખાણું પુરૂં થયું ત્યારે પેલો મેઝબાન તુરત ખુશી થતો એક મયની જામ લાવ્યો.

પાદશાહ તેની આવી મેઝબાનીથી અને સારી સારી વાતોથી અને તેના ખુશહાલી ભરેલા ચેહરાથી અજબ રહ્યો.

બેખોફ્તે આન્ શબો બામ્દાદે પગાહ્
અઝ્ આવાઝે ઊ ચશ્મ બુકુશાદ શાહ્
ચુનીન્ ગોફ્ત લમ્બક્ બબહ્રામ ગૂર્
કે શબ્ બીનવા બુદ હમાના સોતૂર્
યક્ એમરૂઝ્ મેહ્માને મન્ બાશો બસ
અગર્ યાર્ ખાહી બેખાનીમ કસ
બેયારીમ ચીઝી કે બાયદ બજાય
યક્ એમરૂઝ્ બા મન્ બશાદી ગેરાય
ચુનીન્ ગોફ્ત બા આબ્કશ શહ્રયાર્
કે એમરૂઝ્ ચન્દાન્ નદારીમ કાર્
બેશુદ લમ્બકી મશ્કે આબી કશીદ
ખરીદારે આબશ નેયામદ પદીદ
ઘમી ગશ્તો પીરાહનશ બર્કશીદ
યકી આબ્કશરા બબર્ દર્કશીદ
યકી બૂદ દસ્તાર્ દર્ ઝીરે મશ્ક્
બબાઝાર્ શુદ ગોશ્ત આવર્દો કશ્ક્
બઅન્દામ કાલૂશઈ બર્ નેહાદ
વઝાન્ રન્જ મેહ્માન્ હમી કર્દ યાદ
બેપુખ્તો બેખુર્દન્દો મય ખાસ્તન્દ
યકી મજ્લેસે દીગર્ આરાસ્તન્દ
બેબુદ આન્ શબે તીરહ્ બા મય બદસ્ત
હમાન્ લમ્બકે આબ્કશ મય પરસ્ત
ચુ શબ્ રૂઝ્ શુદ તીઝ્ લમ્બક્ બેરફ્ત
બેયામદ બનઝદીકે બહ્રામ તફ્ત
બદ્ ગોફ્ત રૂઝો શબાન્ શાદ બાશ
ઝે રન્જો ઘમો ફુશેશ આઝાદ બાશ
બેઝન્ દસ્ત બા મન્ યક્ એમરૂઝ્ નીઝ્
ચુનાન્ દાન્ કે બખ્શન્દએ જાનો ચીઝ્
બદ્ ગોફ્ત બહ્રામ કીન્ બુદ મબાદ
કે રૂઝે સે દીગર્ નબાશીમ્ શાદ
બર્ ઊ આબ્કશ આફ્રીન્ કર્દો ગોફ્ત
કે બીદાર્ દેલ્ બાશો બા બખ્ત જોફ્ત
બબાઝાર્ શુદ મશ્કો આલત બેબુર્દ
ગેરઊગાન્ બપુર્માયહ્ મર્દી સેપોર્દ
ખરીદ આન્ચે બાયેસ્તો આમદ દમાન્
બનઝદીકે બહ્રામ શુદ શાદમાન્
બદ્ ગોફ્ત યારી દેહ્ અન્દર્ ખરેશ
કે મર્દ અઝ્ ખુરેશહા કુનદ પર્વરેશ
અઝૂ બેસ્તદ આન્ ગોશ્ત બહ્રામ ઝૂદ
બુરીદો બર્ આતેશ ખુરેશરા ફઝૂદ
ચુ નાન્ ખુર્દહ્ શુદ મય ગેરેફ્તન્દ જામ
નુખોસ્ત અઝ્ શહનશાહ્ બોર્દન્દ નામ
ચુ મય ખુર્દ શુદ ખાબ્રા જાય કર્દ
બબાલીને વય શમ્અ બર્પાય કર્દ
બરૂઝે ચહારોમ ચુ બેફ્રૂખ્ત હૂર્
શુદ અઝ્ ખાબ્ બીદાર્ બહ્રામ ગૂર્
બેશુદ મીઝબાન્ ગોફ્ત કય નામદાર્
બેબૂદી દરીન્ ખાનઈ તન્ગો તાર્
દરીન્ ખાનહ્ બીશક્ તન્આસાન્ નઈ
ગર્ અઝ્ શાહે ઈરાન્ હેરાસાન્ નઈ

તે રાતે સૂતો અને સવારે બામદાદે-લમ્બકના સાદથી પાદશાહ જાગી ઉઠયો.

લમ્બકે બેહરામ ગૂરને કહ્યું-કે "તારો ઘોડો આખી રાત ભૂખો રહ્યો છે.

માટે એક આજનોજ દહાડો મારો મેહમાન રહે-અને જો તને કોઈ તારો સાથી જોઇતો હોય તો હું લઇ આઉં.

તેમજ જે કાંઇ ચીઝની ઝરૂર હોય તો તે પણ લઇ આઉં-એક આજનોજ દહાડો મારી સાથે ખુશી કર"

પાદશાહે તે પખાલીને કહ્યું-કે "આજે મને કાંઇ એટલું બધું કામ ૯૪
નથી."

લમ્બક ગયો અને સાથે પાણીની ભરેલી પખાલ લેતો ગયો-પણ તેનાં પાણીનો કોઈ ખરીદદાર આવ્યો નહી.

આથી તે ગમગીન થયો અને પોતાનું પેહેરણ કાઢયું-અને એક ડોલ બગલમાં મારીને

તેની પખાલની નીચે એક પાઘડી હતી-તે લઈ બાઝારે ગયો અને તે આપીને ગોસ્ત અને જવનો આટો લીધો.

ગોશ્તની તપેલી તૈયાર કરીને ચૂલે ચઢાવી-તે પોતાના મેહમાનને અગવડ નહીં પડે તેની ઘણી કાળજી રાખતો હતો.

તેણે ખાણું પકાવ્યું અને તેઓ બન્નેએ ખાધું ત્યાર બાદ મય મંગાવી-તેઓએ એક બીજી મજલેસ ભરી.

બેહરામ તે મોડી રાત સૂધી હાથમાં મયની જામ લઇ બેઠો-તેમજ પેલો લમ્બક પખાલી પણ મયનો પૂજારી બન્યો.

જ્યારે રાત પસાર થઇ અને દહાડો નીકળ્યો ત્યારે લમ્બક તુરત પાછો બેહરામની આગળ આવ્યો.

અને બોલ્યો કે "તું રાત દહાડો ખુશહાલ રહેજે-અને રંજ, ગમ અને મેહનતથી તું મોકળો રહેજે!

એક આજનો દહાડો પણ મારી સાથે રહેવાનું વચન આપ-અને તેથી તું એમજ જાણ કે મારા જાનનો અને બીજી ચીઝોનો બક્ષેશનો કરનારો થયો છે."

બેહરામ બોલ્યો કે "એમ કદી ના બનતું-કે આપણે ત્રીજે દહાડે ૯૫
પણ આવી મઝાહ નહીં ભોગવ્યે."

આથી પેલા ભિસ્તીએ તેની ઉપર દુઆ કીધી અને બોલ્યો-કે "તું ચાલાક મનનો અને ભાગ્યશાળી બનજે!"

પછી તે બાઝારમાં ગયો અને પોતાની પખાલ તેમજ બીજો બાકીનો સામાન લેતો ગયો-અને એક પૈસાવાળા માણસને ત્યાં ગિરવી મૂકયો.

અને તે પૈસામાંથી જે કાંઈ તેને જોઇતું હતું તે ખરીદયું અને દોડતો કે પાછો આવ્યો-તે ખુશી થતો બેહરામની નઝદીક ગયો.

અને બોલ્યો કે "ચાલ, ખાણું પકાવવામાં મને મદદ લાગ-કારણકે માણસ ખાણું ખાધાથીજ પર્વરેશ થાય છે."

આથી બેહરામે શેતાબ તેની પાસેથી તે ગોશ્ત લીધું-તેને કાપ્યું અને આતશ ઉપર ખાણું પકાવવા મેલ્યું.

પછી તેઓ ખાણું ખાઇ રહ્યા કે મયની જામો હાથમાં ધરી-અને પહેલાં શેહનશાહની સલામતી લીધી.

જ્યારે શરાબ પી રહ્યા ત્યારે બેહરામ માટે સૂવાની જગ્યા તૈયાર કીધી-અને તેના ઢોલિયા આગળ એક બત્તિ મૂકી.

ચોથે દહાડે જ્યારે આફતાબ નીકળ્યો-અને બેહરામ ગૂર ખાબથી બેદાર થયો,

ત્યારે પેલો મેઝબાન પખાલી તેની આગળ જઇ બોલ્યો કે "ઓ નામદાર!-તને આ સાંકડાં અને અંધારાં ઘરમાં રહેવું પડયું છે.

અને બેશક કે તું સુખથી તો અહીં રહ્યોજ નથી-પણ જો તને ૯૬
ઇરાનના શાહનો ડર ન હોય,

દો હફ્તહ્ દરીન્ ખાનએ બી નવા
બેબાશી ગર્ આયદ્ દેલતરા હવા
બર્ ઊ આફ્રીન્ કર્દ બહ્રામ શાહ્
કે શાદાનો ખુર્રમ બેઝી સાલો માહ્
સે રૂઝ અન્દરીન્ ખાનહ્ બૂદીમ શાદ્
ઝે શાહાને ગીતી ગેરેફ્તીમ યાદ્
બજાઈ બેગૂયમ સુખુનહાએ તૂ
કે રઉશન્ શવદ્ ઝૂ દેલો રાએ તૂ
કે ઈન્ મીઝબાની તોરા બર્ દેહદ્
ચુ અફ્ઝૂન કુની તખ્તો અફ્સર્ દેહદ્
બેયામદ્ ચુ ગર્દ્ અસ્પરા ઝીન્ નેહાદ્
બનખ્ચીરગહ્ રફ્ત અઝ આન્ ખાનહ્ શાદ્
સેપહ્ રફ્તો બોર્દન્દ્ પીશશ નમાઝ
ફેરાવાન્ બેખન્દીદો નુગ્શાદ્ રાઝ
હમી કર્દ નખ્ચીર્ તા શબ્ ઝે કૂહ્
બર્ આમદ્ સબુક્ બાઝ ગશ્ત અઝ ગોરૂહ્

અને જો તારાં દિલની ખાહેશ હોય, તો—આ ગરીબનાં ઘરમાં બે અઠવાડિયાં વધુ થોભ."

ત્યારે પાદશાહ બેહરામે તેની ઉપર દુઆ કીધી-કે "તું વર્ષો અને મહિનાઓ સુધી ખુશ ખુશહાલ જીવતો રહેજે!

આપણે આ ઘરમાં ત્રણ દહાડા મોજમઝાહ કીધી છે—અને દેશના પાદશાહોની સલામતી લીધી છે.

હવે આ તારી મેહમાનદારીની વાતો એવે ઠેકાણે કરીશ કે જેથી તું ઘણોજ ખુશ ખુશહાલ થશે.

કારણકે આ તારી આપેલી મેઝબાનીનું તને ફળ મળશે-અને જો તું એમાં વધારો કરશે તો તખ્ત અને તાજ મળશે."

પછી બેહરામે ઝડપથી આવીને ઘોડા ઉપર ઝીન બાંધ્યું-અને તે પેલા પખાલીનાં ઘર આગળથી ખુશહાલ થતો શિકારગાહ તરફ ગયો.

સઘળા સેપાહો તેની આગળ ગયા અને તેને નમન કીધું-પાદશાહ ઘણુંક હસ્યો પણ પોતાનો ભેદ ખોલીને કોઇને કહ્યું નહીં.

પહાડ ઉપર રાત ઝાહેર આવી ત્યાં સુધી તેણે શેકાર કર્યા કીધો પછી તે પોતાની શિકારી ટોળીમાં પાછો ફર્યો

રફ્તને બહ્રામ્ બસરાએ બરાહામે જુહૂદ્ વ તન્ગદેલી કર્દને ઊ બા બહ્રામ્.

—:o:—

નેહાન્ અઝ સેપહ્ બાઝ બહ્રામ તફ્ત
સુએ ખાને બીબર્ બરાહામ રફ્ત
૯૭ બેઝદ્ દર્ બદ્ ગોફ્ત ઠઝ શાહ્રૂયાર્
બેમાન્દમ ચુ બાઝ આમદ્ ઊ અઝ શેકાર્
શબ્ આમદ્ નદાનમ હમી રાહ્રા
નેયાબમ હમી લશ્કરો શાહ્રા
ગર્ એમશબ્ દરીન્ ખાનહ્ યાબમ સેપન્જ
નબાશદ્ કસીરા ઝે મન્ હીચ રન્જ
બપીશે બરાહામ શુદ્ પીશકાર્
બેગોફ્ત આન્ચે બેશનીદ્ અઝાન્ નામદાર્
બરાહામ ગોફ્ત ઈચ અઝીન્ દર્ મરન્જ
બેગૂયશ કે ઈદર્ નેયાબી સેપન્જ
બેયામદ્ ફેરેસ્તાદહ્ બા ઊ બેગોફ્ત
કે ઈદર્ તોરા નીસ્ત જાએ નેહોફ્ત
બદ્ ગોફ્ત બહ્રામ બા ઊ બેગૂય
કઝ ઈદર્ ગુઝશ્તન્ મરા નીસ્ત રૂય
હમી ખાહમ અઝ તૂ મન્ એમશબ્ સેપન્જ
નેયારમ બચીઝત અઝાન્ પસ બરન્જ
ચુ બેશનીદ્ પૂયાન્ બેશુદ્ પીશકાર્
બનઝદે બરાહામ શુદ્ કીન્ સવાર્
હમી ઝીદર્ એમશબ્ નખાહદ્ ગુઝશ્ત
સખુન ગોફ્તનો રાય બેસ્યાર્ ગશ્ત
૯૮ બરાહામ ગોફ્તશ કે રવ બીદેરન્ગ
બેગૂયશ કે ઈન્ જાયગાહસ્ત તન્ગ

બેહરામનું બરાહામ યાહુદીનાં મકાનમાં જવું અને તેણે બેહરામ સાથે કંજુસાઈ કરવી.

—:o:—

હવે બેહરામ પોતાના લશ્કરીઓ આગળથી ગુપચુપ પાછો ફર્યો-તેવોજ તે પેલા અભાગિયા બરાહામનાં ઘર તરફ ગયો.

તેણે દરવાઝો ઠોકયો અને બોલ્યો કે "જ્યારે પાદશાહ શેકારથી પાછો ફર્યો ત્યારે હું તેઓથી છૂટો પડી રહી ગયો છું.

રાત પડી ગઇ છે અને હું રસ્તો જાણતો નથી—તેમજ લશ્કર અને પાદશાહને શોધી કાઢી શકતો નથી.

માટે જો આજની રાત આ ઘરમાં મને ઉતારો મળે-તો મારા તરફથી કોઇને કશી અડચણ થવાની નથી."

એવું સાંભળી નોકર બરાહામની આગળ ગયો-તેણે તે નામદારથી જે કાંઇ સાંભળ્યું હતું તે તેને કહ્યું.

બરાહામે જવાબ દીધો કે "તું જઇને તેને કહે કે અહીં તને ઉતારો મળી શકશે નહીં માટે આ દરવાઝા ઉપર ઉભું રહેવાની મેહનત ના લે."

પેલો નોકર પાછો આવ્યો અને તેને કહ્યું-કે "અહીં તારે માટે ઉતારાની જગ્યા નથી."

બેહરામે તેને કહ્યું કે "તું તેને કહે-કે અહીંથી હું પાછો જઈ શકતો નથી.

માટે આજ રાતનોજ ફકત ઉતારો માગું છું—અને ત્યાર બાદ તને કશી પાંતીની તકલીફ આપીશ નહીં."

જ્યારે નોકરે એવું સાંભળ્યું ત્યારે બરાહામની નઝદીક દોડતો ગયો અને બોલ્યો કે "આ સવાર,

આજની રાત અહીંથી જવા માગતોજ નથી-તેની સાથ તકરાર પણ ઘણીજ થઈ"

બરાહામે તેને કહ્યું કે "તું શેતાબ જા-અને તેને કહે કે આ ઘર ઘણું નાનું છે.

જીહુદીસ્ત દર્વીશો શબ્ ગુર્સનહ
બેખોસ્પદ હમી બરૂ ઝમીન્ બરૂહનહ
બેગોફતન્દો બહુરામ ગોફ્ત અરૂ સેપન્જ
નેયાબમ બદીન્ ખાનહ કાયદત રન્જ
બદીન્ દરૂ બેખોસ્પમ નખાહમ સરાય
નદારમ બચીઝી દેગરૂ હીચ્ રાય
બરાહામ ગોફ્ત અય નબર્દહ સવારૂ
હમી રન્જ દારી મરા ખારૂ ખારૂ
બેખોસ્પીઓ ચીઝત બેદોઝદદ કસી
અઝીન્ દરૂ મરા રન્જહ દારી બસી
બખાનહ દરૂ આય અરૂ જહાન્ તન્ગ્ શુદ
હમહ કારૂ બીબર્ગો બીરન્ગ્ શુદ
બપયમાન્ કે ચીઝી નખાહી ઝે મન્
નદારમ બમરૂગ્ આબ્ચીનો કફન્
બદ્દ ગોફ્ત બહુરામ કે અય નીકૂ મરૂદ
નદારમ તોરા હીચગૂનહ બદરૂદ
ઝે તૂ બસ કુનમ ઇન્ દરે ખાનહ જાય
કુનમ પાસે તૂ બીખોફ્શો દરાય
બરાહામ ઝાન્ પસ પુરૂ અન્દીશહ શુદ
વઝ અન્દીશહ જાનશ ચકી બીશહ શુદ
કે ઈન્ શૂખ મરૂદ અઝ દરમ નુગ્ઝરદ
કે દારમ કે તીમારે અસ્પશ ખરદ
દેગરૂ બારહ ગોફ્ત અય સરફ્રાઝ મરૂદ
બસી ગોફ્તને તૂ મરા ખસ્તહ કરૂદ
ગરૂ ઈન્ અસ્પ્ સર્ગીનો આબ્ અફગનદ
દેગરૂ ખેશ્તે ઈન્ ખાનહરા બેશ્કનદ
બશબ્ગીરૂ સર્ગીનશ બીરૂન્ બરી
બેરૂબીઓ ખાકશ બહામૂન્ બરી
હમાન્ ખેશ્તરા નીઝ તાવાન્ દેહી
ચુ બીદારૂ ગર્દી ઝે ખાબ્ આન્ દેહી
બદ્દ ગોફ્ત બહુરામ પયમાન્ કુનમ
બદીન્ રન્જહા સરૂ ગેરઉગાન્ કુનમ
ફેરૂદ આમદો અસ્પરા બા લગામ
બેબોસ્તો બરૂ આહીખ્ત તીઘ અઝ નેયામ
નમદ ઝીનશ ગુસ્તર્દો બાલીનશ ઝીન્
બેખોફ્તો દો પાયશ કશાન્ બરૂ ઝમીન્
જીહૂદ આન્ દરે ખાનહ અઝ પસ બેબસ્ત
બેયાવરૂદ ખાનો બખુર્દન્ નેશસ્ત
વઝાન્ પસ બબહુરામ ગોફ્ત અય સવારૂ
ચુ ઈન્ દાસ્તાન્ બેશનવી યાદ દારૂ
બગીતી હરાન્ કસ કે દારદ ખરદ
ચુ ખુર્દશ નબાશદ હમી બેન્ગરદ
બદ્દ ગોફ્ત બહુરામ કીન્ દાસ્તાન્
શનીદસ્તમ અઝ ગોફ્તએ બાસ્તાન્
શનીદહ પદીદારૂ દીદમ કુનૂન્
કે બરૂ ખાન્દી અઝ ગોફ્તએ રહનમૂન્
મય આવરૂદ ચૂન્ ખુર્દહ શુદ નાન્ જીહૂદ
વઝાન્ મય વરા શાદમાની ફેઝૂદ
ખોરૂશીદ કય રન્જ દીદહ સવારૂ
બદીન્ દાસ્તાને કોહન્ ગૂશ દારૂ

એ યાહુદી ઘણોજ ગરીબ છે અને રાતે ભૂખ્યો અને નાગો ઝમીન ઉપર પડી રહે છે."

નોકરે તેને એ વાત કહી ત્યારે બેહરામ બોલ્યો કે "અગરજો હું આ ઘરમાં ઉતારો નહીં લઇશ કે જેથી તને તકલીફ પડતી હોય,

તો હું આ બારણામાંજ પડી રહીશ ઘરમાં નહીં આવીશ-બસ મને બીજું કશું જોઇતું નથી."

હવે બરાહામ આવી બોલ્યો કે "ઓ લડાયક સવાર!-તું મને ફોકટનો અમથો દુઃખ દે છે.

તું સૂઇ જશે અને કોઇ તારૂં કશું ચોરી ગયું-તો તેથી કરીને તું મને બહુ આફતમાં નાખશે.

અગરજો તારી ઉપર જેહાન તંગ બની હોય અને તારૂં કામ મુશ્કેલીમાં આવી પડયું હોય તો આવ, મારાં ઘરમાં આવ.

પણ એવી બોલીએ કે તું મારી પાસ કાંઈ પણ ચીઝ માગશે નહીં-મારી પાસ મૂવેલાંને નહવાડી તેનું આંગ લૂછવાનો કે તેનાં કફનનો કકડો પણ નથી."

બેહરામે તેને જવાબ દીધો કે "ઓ ભલાં માણસ-હું તને કશી પણ તકલીફ આપવાનો નથી.

આ તારાં ઘરના દરવાઝા ઉપરના ઉતારાથીજ હું સંતોષ પામીશ-અને કશા પણ ઘોઘાટ કે ઘંટના આવાઝ વગર તારી ચોકીદારી કરીશ."

એ સાંભળી બરાહામ વિચારમાં પડયો-અને વિચારમાંનો વિચારમાં ૯૯
તેનો જીવ જંગલની ઝાડી માફક ગૂચવણમાં પડયો.

કે "આ નફત માણસ મારાં બારણાં ઉપરથી ખસવાનો નથી-વળી ઘરમાં એવો કોણ છે કે એના ઘોડાની દેખરેખ રાખશે?"

પછી ફરીથી બોલ્યો કે "ઓ સરફરાઝ મર્દ!-તારા ઘણા બકબકારાએ મને દુઃખી કીધો છે.

ચુ બેશનીદ બહરામ અઝાન્ સૂ કશીદ
હમહ દશ્ત પુર્ સબ્ઝહો આબ્ દીદ
બેફરમૂદ તા કાર્ગર્ બા ગરાઝ
બેયારન્દ ચન્દી ઝે રાહે દરાઝ
ફેરૂદ આમદ અઝ અસ્પ્ શાહે બલન્દ
શેરાઇ ઝદન્દ અઝ બરે કેશ્તમન્દ
શબ્ આમદ ગવાન્ શમઆ બેફ્રૂખ્તન્દ
બહર્ જાય આતેશ હમી સૂખ્તન્દ
ઝે દર્યા ચુ ખુર્શીદ બરઝદ દેરફ્શ
ચુ મર્ફૂલ ગશ્ત આન્ હવાએ બેનફ્શ
ઝે હર્ સૂ બેરફ્તન્દ કારીગરાન્
શુદન્દ અન્જુમન્ ચૂન્ સેપાહી ગરાન્
ઝમીન્રા બેકન્દન્ ગેરેફ્તન્દ પાક્
શુદ આન્ જાએ હામૂન્ સરાસર્ મુઘાક્
૧૩૪ ઝે કન્દન્ ચુ ગશ્તન્દ મર્દાન્ સોતૂહ
પદીદ આમદ અઝ ખાક્ જાઈ ચુ કુહ
યકી ખાનઈ કર્દેહ અઝ પોખ્તહ ખેશ્ત
બસારૂજ કર્દેહ બસાને બેહેશ્ત
કનન્દહ તબર્ ઝદ હમી અઝ બરશ
પદીદ આમદ અઝ દૂર્ જાઈ દરશ
ચુ મૂબેદ બેદીદ આન્ દર્ આમદ ઝે દર્
અબા ઊ યકી ઈર્માની દેગર્
યકી ખાનહ દીદન્દ પહ્નો દરાઝ
બર્આવર્દેહ બાલાએ ઊ ચન્દ યાઝ
ઝે ઝર્ કર્દેહ બર્પાય દૂ ગાવમીશ
યકી આખરી કર્દેહ ઝરીન્ બપીશ
ઝબર્જદ બઆખર્ દરૂન્ રીખ્તહ
બયાકૂતે સોર્ખ અન્દર્ આમીખ્તહ
ચુ દૂ ગાવે ગર્દૂન્ મેયાન્ શાન્ તેહી
શેકમ્ શાન્ પુર્ અઝ નારો સીબો બેહી
મેયાને બેહી દુર્રે ખૂશાબ્ બૂદ
કે હર્ દાનઈ કત્રએ આબ્ બૂદ
હમાન્ ગાવરા ચશ્મે યાકૂત બૂદ
ઝે પીરી સરે ગાવ ફર્તૂત બૂદ
૧૩૫ હમહ ગેર્દ બર્ ગેર્દ ઊ શીરો ગૂર્
યકી દીદહ યાકૂતો દીગર્ બુલૂર્
તઝર્વાને ઝરીનો તાઊસે નર્
હમહ સીનહો ચશ્મહા શાન્ ગોહર્
ચુ દસ્તૂર્ દીદ આન્ બરે શાહ શુદ
બરાયે બલન્દ અફસરે માહ શુદ

હું આ ઝમીન ઉપર ખેતી કરનારો છું અને તેનો માલેક છું—આ જગ્યા, ખેતી અને મકાનનો હું ધણી છું.

હું પોતાની ઝમીન ઉપર એક પાણીની નેહેર લઈ જતો હતો-કે જેથી મારાં ખેતીનાં કામમાં મને મારો બદલો મળે.

જ્યારે પાણી ઘણું ભરાયું અને ઝોર કરવા લાગ્યું—ત્યારે એક ઝમીનની વચ્ચે સૂરાખ પડયો.

એક અજાયબ જેવો પોકાર મારા કાન ઉપર પડયો-જેની ધાસ્તીથી હું બૂમ પાડવા લાગ્યો.

તે ઝરણમાંથી ઘંટના જેવો સાદ આવવા માંડે છે-તે આવાઝ ખઝાનાનો હોય એવું દેખાય છે."

જ્યારે બેહરામે એ સાંભળ્યું ત્યારે તે તરફ ગયો-તેણે તમામ ઝમીન લીલોતરી ભરેલી અને પાણીવાળી જોઇ.

તેણે ફર્માવ્યું કે "કોદાળી સાથે થોડાક મજુરોને દૂરવેરથી લઇ આવે."

બુલંદ મરતબાનો પાદશાહ ઘોડા ઉપરથી નીચે ઉતર્યો-લીલોતરી ભરેલાં ખેતરની પારે એક તમ્બુ ઉભો કીધો.

રાત પડી અને પેહલવાનોએ બત્તિ સળગાવી—બધી જગ્યાએ આતશ રોશન કરવા માંડિયો.

જ્યારે દર્યામાંથી ખુરશીદે પોતાનો ઝુંડો ઉઠાવ્યો અને બહુ રંગની હવા ઝળકતી બની,

ત્યારે ચો તરફથી કારીગરો આવ્યા-તેઓ એક ભારી લશ્કરની માફક એકઠા થયા.

તેઓએ તમામ ઝમીન ખોદવા માંડી-તે ખેતરની જગ્યા સઘળી ખોદાઈ ગઇ.

જ્યારે માણસો ખોદતાં ખોદતાં થાકી ગયાં ત્યારે તે ખાકમાંથી એક પહાડની મિસાલની જગ્યા દેખાઈ.

એક ઘર પાકી ઇંટથી બાંધેલું—અને તેને ચૂનાથી બેહેશ્તની મિસાલ કીધેલું દેખાયું.

પેલા ખોદનારાઓ તેની ઉપર કોદાળી મારવા લાગ્યા—જેથી દૂરથી એક જગ્યાએ તેનો દરવાઝો દેખાવા લાગ્યો.

જ્યારે વઝીરે તે જોયું ત્યારે તે પેલા દરવાઝામાં દાખેલ થયો-તેની સાથ એક બીજો મેહમાન પણ હતો.

તેઓએ એક પોહોળું અને લામ્બુ મકાન જોયું-જેની ઊંચાઇ કેટલાક હાથની હતી.

સોનાની બનાવેલી બે ભેંસ ત્યાં આગળ ઉભી કીધેલી હતી—અને તેઓ આગળ એક પાણી પીવાનો સોનેરી અભાડો બનાવેલો હતો.

તે અભાડા ઉપર પોખરાજ જડેલાં—અને અંદર રાતાં યાકૂત મઢેલાં હતાં.

વરખ રાશિના આકારની બે ગાયો કે જેઓ પોકળ હતી—અને જેઓનું પેટ દાડમ, સેબ અને બેહી નામનાં ફળના આકારનાં ગોહરોથી ભરેલું હતું.

તે બેહીમાં આબદાર મોતી ભરેલાં હતાં-કે જે દરેક દાણો પાણીનાં ટીપાં જેવો સાફ હતો.

તેમજ તે ગાયોની આંખો યાકૂતની હતી—બૂઢાપાને લીધે ગાયોનાં માથાં નમી પડતાં હતાં.

તેની આસપાસ સોનેરી સિંહ અને ગોરખરો હતાં-કોઇની આંખ માણેકની તો કોઇની બિલોરની હતી.

સોનેરી બનાવટનાં તીતર અને મોર પણ હતા-તે સઘળાંના સીના અને આંખો ગોહરોથી ભરેલી હતી

જ્યારે વઝીરે આ સઘળું જોયું ત્યારે તે પાદશાહ આગળ દોડયો— તે ચાંદનાં તાજ જેવા મહાન નર આગળ ગયો.

બતુન્હી બશાહે જહાન્ ગોફૂત ખીઝ્
કે આમદ હમહુ ગન્જહારા જહીઝ્
ચકી ખાનહુ પુર ગઉહર આમદ પદીદ
કે ચર્ખે ફલક દાશ્ત આન્રા કલીદ
બદૂ ગોફૂત મોહુતર કે બર ગન્જ નામ
નવીસદ કસી કશ બુવદ રાયો કામ
નેગહ કુન બરીન્ ગન્જ તા નામે કીસ્ત
કે આગન્દને આન્ બહન્ગામે કીસ્ત
બેયામદ સરે મૂબેદાન ચૂન શનીદ
બદાન્ ગાવ બર મોહુરે જમશીદ દીદ
બશાહે જહાન્ ગોફૂત કર્દમ નેગાહ
નેવેશતસ્ત બર ગાવ જમશીદ શાહ
બદૂ ગોફૂત શાહ અય સરે મૂબદાન્
બહર કાર દાના તર અઝ્ બેખ્રદાન્
ઝે ગન્જી કે જમશીદ બેન્હાદ પીશ
ચેરા કરૂદ બાયદ મરા ગન્જે ખીશ
હરાન્ ગન્જ કાન્ જોઝ્ બશમ્શીરો દાદ
ફરાઝ્ આયદ આન્ ગન્જ હરગેઝ્ મબાદ
બઅર્ઝાનેયાન્ દેહ હમહ હરચે હસ્ત
મબાદા કે આયદ બમા બર શેકસ્ત
અગર નામ બાયદ કે પયદા કનમ
બદાદો બશમ્શીર ગન્જ આગનમ
નબાયદ સેપાહે મરા બહરહ ઝીન્
ન તન્ગસ્ત બર મા બમર્દી ઝમીન્
હમહુ ખાસ્તહુ સરબસર હમચુનાન્
બેબાયદ શુમોર્દન બરસ્મે કયાન્
ફરૂશન્દ ગઉહર બઝરૂરો બસીમ
ઝને બીવહો ફૂદકાને યતીમ
તેહી દસ્ત મરદુમ કે દારન્દ નામ
ગુસેસ્તહુ દેલ અઝ્ નામો આરામો કામ

ઝે વયરાનો આબાદ ગેરદ આવરીદ
વઝાન્ પસ યકાયક હમહુ બેશ્મરીદ
કસીરા કે અન્દૂહે વામસ્ત નીઝ્
અઝીન્ ગન્જ બાયદ કે બાશદશ ચીઝ્
બેબખ્શીદ દીનારો ગન્જો દેરમ
બમોઝદે રવાને જહાનદાર જમ
મરા તા જવાન્ બાશમો તન્દુરોસ્ત
ચેરા બાયદમ ગન્જે જમશીદ જોસ્ત
અઝાન્ દહ યક આન્રા કે બેન્મૂદ રાહ
હમી શાહ જોસ્ત અઝ્ મેયાને સેપાહ
કફન્ હર કે બેસ્તાનદ અઝ્ જમ્મશીદ
બશાહી મબાદશ ઝે ગીતી ઉમીદ
મુ બા લશ્કરમ તન્ બરન્જ આવરમ
ઝે રૂમો ઝે ચીન્ નામો ગન્જ આવરમ
મનો અસ્પે શબ્દીઝો શમ્શીરે તીઝ્
નગીરમ ફેરીબો નદારમ ગુરીઝ્
વઝાન્ જાયગહ શુદ સુએ ગન્જે ખીશ
કે ગેરદ આવરીદ અઝ્ ખયો રન્જે ખીશ

તેણે શેતાબીથી દેશના પાદશાહ બેહરામને કહ્યું કે "ચાલ ઉઠ-તારા તમામ ભંડારો ભરાય એટલો ખઝાનો મળી આવ્યો છે.

એક ગોહરોથી ભરેલું ઘર મળી આવ્યું છે-જેની કૂંચી ફરતું આસ્માન ધરાવતું હતું."

પાદશાહે વઝીરને કહ્યું કે "જે કોઈ ડહાપણવાળો અને મુરાદ પામેલો શખ્સ હોય-છે તે પોતાના ખઝાના ઉપર નામ લખે છે,

માટે જો, કે તે ખઝાના ઉપર કોણનું નામ છે-અને તે કોણના વખતમાં ભરવામાં આવ્યો છે?"

જ્યારે વડા વઝીરે એવું સાંભળ્યું તેવોજ તે પાછો આવ્યો-અને પેલી ગાય ઉપર પાદશાહ જમશીદની મોહર જોઈ.

અને પાછો આવી દેશના પાદશાહને કહ્યું કે "મેં નઝર કીધી-તો તે ગાય ઉપર 'પાદશાહ જમશીદ' કરી લખેલું છે."

પાદશાહે તેને કહ્યું કે "ઓ દાનાઓના સરદાર!-તું દરેક કામમાં બીજા દાનાઓ કરતાં વધારે દાના છે.

જે ખઝાનો કે શાહ જમશીદ આગળા વખતમાં મૂકી ગયો છે-તેને ૧૩૬
મારા ખઝાના તરીકે શા માટે લેવો જોઇયે?

જે ખઝાનો હું મારી તલવારના ઝોરે તેમજ ઈન્સાફ પાંથરીને લીધા વગર-મને મળે તે ખઝાનો કદી પણ મારો હોતો ના.

આ જે કાંઈ છે તે સઘળું હાજતમંદોને બખ્શી દે-એવું કદી ના બનતું કે આ ખઝાનો લીધાથી આપણી ઉપર કશી આફત આવી પડે.

અગરજો મારે કીર્ત્તિજ મેળવવી હોય-તો ઈનસાફ આપીને અને તલવારનાં બળથી ખઝાનો ભેગો કરવો જોઇયે

મારાં લશ્કરે પણ એમાંથી કશો હિસ્સો લેવો જોઇતો નથી-કારણકે મર્દાનગીથી ખઝાનો મેળવવા માટે આપણી આગળ બોહોળી દુન્યા પડેલી છે.

પાદશાહોનો ધારો છે તે પ્રમાણે આ સઘળા ખઝાનાની ગણત્રી થવી જોઇયે.

સઘળાં ગોહરો સોના રૂપાંનાં નાણાંમાં વેચી નાખો-પછી વિધવાઓ અને માબાપ વગરનાં છોકરાંઓ,

તેમજ સારો વખત જોયલા પણ હાલ તંગીમાં આવી પડેલા નામદારો-કે જેઓનાં દિલ તેઓએ ગુમાવેલી કીર્ત્તિ, અયશ આરામ અને મનની મુરાદથી તુટી ગયાં હોય,

તે સઘળાઓને વયરાન કે આબાદ જગ્યામાંથી શોધી કાઢી ભેગાં કરો-અને ત્યાર બાદ તે સઘળા લોકોની ગણત્રી કરો.

વળી જે કોઇને કે પોતાના કરઝની મુશ્કેલી હોય-તેને પણ આ ખઝાનામાંથી થોડુંક આપવું જોઇયે

તમો જે સઘળા દીનાર તેમજ ખઝાનો અને પૈસા પાદશાહ જમ ૧૩૭
શીદનાં રવાનની ખુશનૂદી માટે તે સર્વ લોકોને બક્ષેશ આપી દેઓ.

હું જ્યાં સૂધી જવાન અને તંદુરોસ્ત છું-ત્યાં સૂધી મને જમશીદનો ખઝાનો શા માટે લેવો જોઇયે?

તે ખઝાનાનો દશમો હિસ્સો પેલા માણસને કે જેણે આ ખઝાનાનો માર્ગ દેખાડયો-અને લશ્કરની વચ્ચેથી પાદશાહને શોધવા લાગ્યો તે શખ્સને આપો.

શાહ જમશીદનો ખઝાનો તેનાં શબને ઓરાઢેલાં કપડાં સમાન ગણાય માટે શાહ જમશીદનું કફન જે કોઈ લે-તે દુન્યામાં સુખી થવાની આશા નહીં રાખે.

જ્યારે મારાં લશ્કર સાથ હું મારાં શરીરને મેહનત આપીશ-ત્યારે રૂમ અને ચીનથી કીર્ત્તિ અને પુષ્કળ ખઝાનો મેળવીશ.

હું, મારો શબ્દીઝ ઘોડો અને તેઝી તલવાર છે-તો હું કોઇનો ફરેબ ખાઈશ નહીં તેમજ કોઈની સામેથી નાસી પણ જઈશ નહીં."

પછી ત્યાંથી પાદશાહ પોતાના ખઝાના તરફ ગયો-કે જે ખઝાનો પોતે પરસેવો ઉતારી ઘણી મેહનતે એકઠો કીધો હતો.

બયાવરૂદ ગોર્દાને કેશ્વરૂશરા
દેરમ દાદ યકૂ સાલહુ લશ્કરૂશરા
યકી બઝમગહુ સાખ્ત દરૂ નવ બહારૂ
બેયારાસ્ત અયવાને ગઉહરૂ નેગારૂ
મયે લઅલે રખ્શાન્ બજામે બુલૂરૂ
ચુ શુદ ખુરૂરમો શાહ બહુરામ ગૂરૂ
૧૩૮ બયારાન્ ચુનીન્ ગોફ્ત કય સરૂકશાન્
શનીદહુ ઝે તખ્તે બુઝોર્ગાન્ નશાન્
ઝે હુશન્ગ્ તા નવદરે નામદારૂ
કે અઝ આફરીદૂન બુદ ઊ યાદ્ગારૂ
બરીન્ હમ નેશાન્ તા સરે કયકોબાદ
કે તાજે બુઝોર્ગી બસરૂ બરૂ નેહાદ
બેબીનીદ તા ઝીન્ બુઝોર્ગાન્ કે માન્દ
બરીશાન્ બદાદ આફ્રીની કે ખાન્દ
ચુ ફૂતાહુ શુદ ગર્દેશે રૂઝગારૂ
સખુન્ માન્દ અઝાન્ મેહતરાન્ યાદ્ગારૂ
કે ઈન્રા મનેશ બૂદ આન્રા નબૂદ
યકી શાન્ નેકૂહીદો દીગરૂ સેતૂદ
ચકાયકૂ બનઉબત હમી બુગ્ઝરીમ
સઝદ ગરૂ જહાન્રા બબદ નસ્પરીમ
ચેરા ગન્જે ઈન્ રફ્તગાન્ બાયદમ
દેગરૂ દેલ ઝે દીનારૂ બુકૂશાયદમ
ન બન્દમ દેલ અન્દરૂ સરાએ સેપન્જ
નનાઝમ બતાજો નયાઝમ બગન્જ

ચુ રૂઝી બશાદી હમી બુગ્ઝરદ
ખેરદમન્દ મરૂદુમ ચેરા ઘમ ખરદ
એરદમન્દ મરૂદુમ ચેરા ઘમ ખરદ
૧૩૯ હરાન્ ગહુ કે અઝ ઝીરૂદસ્તાને મા
ઝે દેહ્કાનો વઝ દરૂ પરસ્તાને મા
બેનાલદ યકી કેહતરૂ અઝ રન્જે મા
મબાદા સરો અફસરો ગન્જે મા
યકી પીરૂ બુદ નામે ઊ માહુયારૂ
શુદહુ સાલે ઊ બરૂ સદો શસ્તો ચારૂ
ચુ આવાઝ બેશ્નીદ બરૂપાય ખાસ્ત
ચુનીન્ ગોફ્ત કય મેહતરે દાદે રાસ્ત
ખબરૂ યાફ્તમ અઝ ફરીદૂનો જમ
વઝાન્ નામદારાન્ બહરૂ બીશો કમ
ચુ તૂ શાહુ નશ્નીદ કસ દરૂ જેહાન્
ઉમીદે કેહાનીઓ ફરૂરે મેહાન્
અગરૂ ચૂન્ દેલત પહૂન્ દર્યાસ્તી
ઝે દર્યા ગોહરૂ મઉજ બરૂખાસ્તી
કે નૂરે સોફથ અઝ રવાને તો ખાસ્ત
ખેરદ દરૂ દેલે મર્દે દાના બેકાસ્ત
તો ગન્જી પરાગન્દી અન્દરૂ જેહાન્
કે કસ આન્ નદીદ અઝ કેહાનો મેહાન્
બહન્ગામે જમ ચૂન સખુન રાન્દન્દ
વઝાન્ ગન્જે ગાવાન્ હમી ખાન્દન્દ
૧૪૦ નદાનેસ્ત કસ દરૂ જહાન્ કાન્ કુજાસ્ત
બખાકસ્ત યા દરૂ દમે અઝદહાસ્ત

ત્યાં પોતાના મુલકના પેહલવાનોને એકઠા કીધા-અને એક આખાં
વર્ષનો પગાર લશ્કરને બખ્શેશ આપ્યો.
બહારની મોસમ બેસતાં તેણે એક ખુશીની મજલેસ ભરી-અને પોતાના
ગોહર જડેલા મેહલને સણગાર્યો.
ત્યાં ચળકતો લાલ રંગનો શરાબ બિલોરી જામમાં ફરવા માંડયો-
અને જ્યારે બેહરામ ગૂર ખુશ ખુશહાલ બન્યો,
ત્યારે પોતાના સાથીઓને એ પ્રમાણે કહ્યું કે "ઓ મારા સરદારો!-
તમોએ બુઝોર્ગ પાદશાહોનાં તખ્તની વાતો સાંભળી હશે
પાદશાહ હૂશંગથી તે નામદાર નવદર-કે જે ફરીદૂન શાહથી યાદગાર
રહેલો હતો ત્યાં સૂધી,
તેમજ એવી રીતે કયકોબાદ કે જેણે બુઝોર્ગીનું તાજ પોતાનાં સર
ઉપર મૂકયું હતું ત્યાં સૂધી,
તમો જુઓ કે એ બુઝોર્ગોમાંથી કોણ રહ્યું છે?-અને તે લોકો ઉપર
ઈન્સાફની રાહે કોણે તારીફ કીધી છે?
હવે જ્યારે ઝમાનાની ગર્દેશ તે લોકો ઉપર કોતાહ થઈ-ત્યારે તે પાદ-
શાહોમાંથી ફકટ તેઓની કીર્ત્તિ ભરેલી વાતોજ યાદગાર રહી ગઈ,
કે આ પાદશાહનો ભલો ખવાસ હતો અને પેલાનો નહીં હતો-
તેઓમાંથી એક જણની નિન્દા થઈ તો બીજાની તારીફ ગવાઈ.
આપણુ સઘળા વારા ફરતી ચાલી જઈશું-માટે જો આપણે દુન્યામાં
બદી નહીં કર્યે તો તેજ લાયક છે.
આ ગુઝર પામેલા પાદશાહોનો ખઝાનો મને શા માટે લેવો જોઇયે?-
તેમજ મારે શા માટે પૈસાનો લોભ કરવો જોઇયે?
આ ત્રણપાંચ દિવસની દુન્યા ઉપર હું મારૂં દિલ બાંધીશ નહીં-
અને આ તખ્તો તાજ ઉપર લાડ કરીશ નહીં તેમજ ખઝાનો એકઠો કરવા
ઉપર પણ મારો હાથ લમ્બાવીશ નહીં.
જો દહાડા ખુશીમાં પસાર થતા હોય-તો અકલમંદ માણસે શા માટે
ગમ ખાવો જોઇયે?
જે વખતે મારી રૈયતમાંથી તેમજ મારા ખેડુતો અને દરબારના
નોકરોમાંથી,
કોઈ પણ ઉતરતી પદવીનો શખ્સ મારી તરફથી થયલા ઝુલ્મની ફર્યાદ કરે-
તો તેજ વખત આ મારૂં સર, મારૂં તાજ અને આ મારો ખઝાનો ફના થજો!"
ત્યાં એક માહીયાર નામનો બુઢ્ઢો શખ્સ હતો-જેની ઉમર એકસોને
ચોસઠ વર્ષની થયલી હતી.
જ્યારે તેણે આ વાત સાંભળી ત્યારે તે ઉભો થયો-અને બોલ્યો કે
"ઓ વાજબી ઈન્સાફ કરનારા પાદશાહ!
શાહ ફરીદૂન, જમશીદ તેમજ બીજા કમ ઝેયાદા કીર્ત્તિવંત પાદશાહો
માટે હું ખબર ધરાઉં છું,
પણ તારા જેવો પાદશાહ દુન્યામાં કોઇયે સાંભળ્યો નથી-તું રૈયતનાં
લોકોની ઉમેદ આશા છે અને મોટાઓનો દબદબો છે.
અગરજો દર્યા તારાં દિલ જેવો ઉદાર હતે-તો તે દર્યામાંથી જવા-
હેરનાજ મોજા ઉઠતે.
કારણકે તારા આત્માથી સરોશ ઈઝદનાં જેવું નૂર પ્રકાશે છે-તેથી
દાનેશમદોનાં દિલમાંથી ડહાપણ ઘટી પડયું છે.
તેં દુન્યામાં એવી રીતે ખઝાનો વેરયો છે-કે તેના જેવો શું નાનાં
કે મોટાઓમાંથી કોઇયે જોયો પણ નથી.
લોકો જ્યારે જમશીદના વખતથી બોલતા હતા-અને આ 'ગંજે
ગાવાન'ની વાતો કરતા હતા,
ત્યારે દુન્યામાં કોઇજ જાણતું નહીં હતું કે તે કયાં છે?-ઝમીનમાં
દટાયલો છે યા અઝદહા ગળી ગયો છે?

તો ચૂન્ યાકૂતી નન્ગરીદી બગન્જ
કે નન્ગ્ આમદત ઝીન્ સરાએ સેપન્જ
બદર્યાં હમાના કે ચન્દીન્ ગોહરૂ
નદીદો ન બીનદ્ સદ્ તાજવરૂ
બદર્વીશ બખ્શીદી આન્ ગઉહરાન
હમાન્ ગાવો ગૂરૂ અઝ્ કરાન્ તા કરાન્
કે તાજો કમરૂ બી તો હરૂગેઝ્ મબાદ્
તન્ આબાદો પીરૂઝ્ બખ્ત અઝ્ તો શાદ્

બસી દફતરે ખુસ્રવાન્ ઝીન્ સખુન્
સેયહ્ ગર્દદો હમ નેયાયદ્ બબુન્
પસ્ અઝ્ રફ્તનત નામે તૂ ઝેન્દહ્ માન્દ્
ચુ ગૂયન્દહ્ તારીખે રૂઝે તો ખાન્દ્

પણ તેં જ્યારે તે મેળવ્યો ત્યારે તે ખઝાના તરફ તેં જોયું પણ નહીં-કારણ તને આ મુસાફર ખાનારૂપી દુન્યા તરફ ધિક્કાર છુટયો છે.

તું જાણ કે આવાં અને આટલાં બધાં ગોહરો કોઇયે દર્યામાં પણ જોયાં હશે નહીં અને હવે પછીના સો પાદશાહો પણ તેવાં જોશે નહીં.

તેં પેલી ગોહરોથી ભરેલી ગાયો અને ગોરખરો એક નાકેથી બીજે નાકે સુધી સઘળું ગરીબ હાજતમંદોને બખ્શી દીધું.

માટે હું દોઆ ગુઝારૂં છું કે આ પાદશાહી તાજ અને કમરબંદ તારા વગર હોતોજ ના!-તારૂં તન સુખી રહેજો અને તારૂં ફતેહમંદ નસીબ તારાથી ખુશહાલ રહેજો!

તારી આ વાત ઘણાક પાદશાહી દફતરોમાં-લખાશે અને તેનું શેવટ પણ નહીં આવશે.

જ્યારે તવારીખ લખનાર તારાં રાજઅમલની તવારીખ લખશે-ત્યારે તારાં મોત પછી પણ તારૂં નામ અમર રહી જશે."

રફ્તને બહ્રામ્ અઝ્ રાહે નખ્ચીર્ બખાનએ બાઝાર્ગાન્ વ નાખુશ્ બરગશતન્ અઝૂ.

:o:

હેગરૂ હફ્તહ્ રૂઝી બનખ્ચીરૂ શુદ્
દેઝમ બૂદ્ બા તરૂકશો તીરૂ શુદ્
ઝે ખુરૂશીદે તાબન્દહ્ શુદ્ દશ્ત ગરૂમ
સેપહ્બુદ્ ઝે નખ્ચીરૂ બરૂ ગશ્ત નરૂમ
સુએ કાખે બાઝારૂગાની રસીદ્
બહરૂસૂ નેગહ્ કરૂદ્ કસરા નદીદ્
બબાઝારૂગાન્ ગોફ્ત મારા સેપન્જ
તવાન્ દાદ્ કઝ્ મા ન બીની તો રન્જ
ચુ બાઝારૂગાનશ ફેરૂદ્ આવરીદ્
મરૂરા યકી ખાબ્ગહ્ બરૂ ગુઝીદ્
હમી બૂદ્ નાલાન્ ઝે દર્દે શેકમ
બબાઝારૂગાન્ દાદ્ ચન્દી દેરમ
બદ્ ગોફ્ત લખ્તી પનીરે કોહુન્
અબા મગ્ઝે બાદામ બેર્યાન્ બેકુન્
નેયાવરૂદ્ બાઝારૂગાન્ આન્ચે ગોફ્ત
નબુદ્ મગ્ઝે બાદામશ અન્દરૂ નેહોફ્ત
ચુ તારીક્ શુદ્ મીઝ્બાન રફ્ત નરૂમ
યકી મુર્ગે બેર્યાન્ બેયાવર્દ્ ગરૂમ
બેયારાસ્ત ખાન્ પીશે બહ્રામ બોરૂદ્
બબાઝારૂગાન્ ગોફ્ત બહ્રામ ગોરૂદ્
કે અઝ્ તૂ પનીરે કોહન્ ખાસ્તમ
ઝબાનરા બખાહેશ બેયારાસ્તમ
નેયાવર્દીઓ દાદહ્ બૂદમ દેરમ
કે નાલન્દહ્ બૂદમ ઝે દર્દે શેકમ
શુનીન્ દાદ્ પાસોખ કે અય બીખરદ્
નદારી બેરદ્ કુ રવાન્ પર્વરદ્
ચુ આવર્દમ ઈન્ મોરૂગ બેર્યાને ગરૂમ
ફેઝૂન્ ખાસ્તન્ નીસ્ત આઇને શરૂમ

બેહરામનું શેકારગાહમાંથી એક વેપારીનાં ઘરમાં જવું અને તેનાથી નાખુશ બની પાછું ફરવું.

:o:

બીજે અઠવાડિયે તે એક દહાડો શેકાર કરવા ગયો-તે કાંઇક દિલગીર હતો જેથી તીરનો ભાથો અને તીર લઇ નીકળી પડયો.

પ્રકાશતા સૂર્યથી સઘળું મયદાન ગર્મ બન્યું-જેથી પાદશાહ તે શિકારનાં જંગલમાંથી ધીમે ધીમે પાછો ફર્યો.

તે એક વેપારીનાં ઘર તરફ આવી લાગ્યો-તેણે સઘળે નઝર કીધી તો પોતાના કોઈ નોકરો દેખાયા નહીં.

જેથી તેણે પેલા વેપારીને કહ્યું કે "તું મને ઉતારો આપી શકશે?- ૧૪૧
કારણકે મને ઉતારો આપ્યાથી કાંઈ તને ઘણી તકલીફ પડશે નહીં."

જ્યારે પેલા વેપારીએ તેને ઉતારો આપ્યો-ત્યારે તેને માટે એક સૂવાની જગ્યા તૈયાર કીધી.

હવે પાદશાહ પોતાનાં પેટના દુઃખારાની ફર્યાદ કરવા લાગ્યો-અને પેલા વેપારીને થોડાક પૈસા આપ્યા.

અને તેને કહ્યું કે "થોડુંક વાસી પનીર-અને સાથે બદામનું મગઝ તળીને લાવ."

પેલો વેપારી પાદશાહે કહ્યું તેમ નહીં લાવ્યો-કારણકે તેનાં ઘરમાં બદામનું મગઝ નહીં હતું.

જ્યારે રાત પડી ત્યારે પેલો મેઝબાન ધીમે રહીને જઈ-એક રોસ્ટ કીધેલી ગર્મા ગર્મ મુરઘી લઇ આવ્યો.

અને તે ખાણાંનો ખુમચો તૈયાર કરીને બેહરામની નઝદીક લઇ ગયો-ત્યારે બહાદુર બેહરામે પેલા વેપારીને કહ્યું,

કે "મેં તારી પાસે વાસી પનીર માગ્યુ-અને તે લાવવા તને કહ્યું.

મેં તને પૈસા આપ્યા હતા તો પણ તું તે નહીં લઇ આવ્યો-કારણકે મારા પેટમાં દુઃખવાના સબબથી હું પોકારતો બન્યો છું."

તે વેપારી બોલ્યો કે "ઓ બેવુકુફ!-જે અકલ કે આપણાં આત્માની પર્વરેશી કરે છે તે તું બિલકુલ ધરાવતો નથી.

જ્યારે આ ગર્મા ગર્મ રોસ્ટ મુરઘી હું તારે માટે લાવ્યો-ત્યારે વધુ ૧૪૨
માગતાં તને શર્મ નથી લાગતી?"

ચુ બેશનીદ બહુરામ અઝ ઈન્ સોખન
શુદશ આરૂઝૂએ પનીરે કોહન
પશીમાન શુદ અઝ ગોફતે ખુદ નાન્ બેખરૂદ
બરૂ નીઝ યાદે ગુઝશતહ નકરૂદ
ચુ હન્ગામએ ખાબ્ બૂદશ બેખોફત
બબાઝારૂગાન્ ચીઝે દીગરૂ નગોફત
ઝે દર્યાએ જૂશાન્ ચુ ખુરૂ બરૂ દમીદ
શુદ આન્ ચાદરે કીરૂગૂન નાપદીદ
હમી ગોફત ખુરૂમાયહ બાઝારૂગાન્
બશાગેરૂદ કય મર્દે નાકારૂદાન્
ચેરા મુરૂઘ કરૂઝશ નબુદ યક દેરમ
બઅફૂઝૂન્ ખરીદીઓ કર્દી સેતમ
ગરૂ અર્ઝાન્ બુદી મુરૂઘ બા ઈન સવારૂ
નબૂદી મરા તીરહ શબ્ કાર્ઝારૂ
ખરીદી ગરૂ ઊરા બદાન્ગી પનીરૂ
બુદી બા મન્ એમરૂઝ ચૂન્ આબો શીરૂ
ચુનીન્ ગોફત શાગેરૂદ કીન્ યક તનસ્ત
ચુનાન્ દાન્ કે મુરૂઘ અઝ શુમારે મનસ્ત
૧૪૩ તો મેહમાને મન્ બાશ બા ઈન સવારૂ
બદીન મુરૂઘ બા મન્ મકુન કાર્ઝારૂ
ચુ બહુરામ બરૂખાસ્ત અઝ ખાબે ખશ
બેશુદ પીશે આન્ બારએ દસ્તકશ
કે ઝીન્ બરૂ નેહદ તા બઅયવાન્ શવદ
કોલાહશ ઝે અયવાન્ બકયવાન્ શવદ
ચુ શાગેરૂદ દીદશ બબહુરામ ગોફત
કે એમરૂઝ બા બન્દહ મીબાશ જોફત
બેશુદ શાહો બેન્શસ્ત બરૂ તખ્તે ઊય
શેગેફતી ફેરૂમાન્દ અઝ બખ્તે ઊય
જવાન્ રફતો આવરૂદ ખાયહ દુવીસ્ત
બઉસ્તાદ ગોફત અય ગેરામી મઈસ્ત
યકી મઘઝે બાદામ બેર્યાનો ગરૂમ
પનીરે કોહન સાઝ બા નાને નરૂમ
કે ઈન્ આરૂઝૂહા હમી દય બેખાસ્ત
બેબરૂ નાનો ખાની બેયારાય રાસ્ત
બેશુદ પીશે બહુરામ ગોફત અય સવારૂ
હમીન્ માયહ કર્દી તો દય ખાસ્તારૂ
કુનૂન આરૂઝૂયત બેયારીમ ગરૂમ
દેગરૂ તાઝહ હરૂ ખુર્દની નરૂમ નરૂમ
૧૪૪ બેગોફત ઈન્ સખુન્ પસ બબાઝારૂ શુદ
બસાઝે દેગરૂ ચૂન્ ખરીદારૂ શુદ
શકરૂ જુસ્તો બાદામો મુર્ઘો બરહ
કે આરાયેશે ખાન્ કુનદ યકસરહ
મયો ઝઅફરાન્ બોર્દો મુશ્કો ગોલાબ્
સુએ ખાનહ શુદ બા દેલી પુરૂ શેતાબ્
બેયાવરૂદ ખાન્ બા ખુરેશહાએ નઘઝ
જવાન પુરૂ મનેશ બૂદો પાકીઝહ મઘઝ
ચુનાન્ ખુર્દહ શુદ જામે પુરૂ મય બેબારૂદ
નુખોસ્તીન્ બબહુરામે ખુસ્રવ સેપોરૂદ
બદીન્ ગૂનહ તા શાહો ખુરૂરમ શુદન્દ
ઝે ખુર્દન બજામે દમાદમ શુદન્દ

જ્યારે બેહરામે તેના આવા સખુનો સાંભળ્યા–ત્યારે તેને વાસી પનીરની ખાહેશ છોડી દીધી.

અને પોતાની આવી માગણીથી તે પસ્તાવા લાગ્યો અને રોટલી ખાધી–અને તે બનેલા બનાવની યાદ પણ કીધી નહીં.

જ્યારે તેનો સૂવાનો વખત થયો ત્યારે તે સૂઇ ગયો–અને પેલા સઉદાગરને બીજું કશું કહ્યું નહીં.

જ્યારે ઉછળતા દર્યામાંથી ખુરશીદ નીકળ્યો–અને સીઆહ રંગની ચાદર ગુમ થઈ ગઇ,

ત્યારે પેલા શ્રીમન્ત સઉદાગરે પોતાના નોકરને કહ્યું કે "ઓ નાદાન!

એવી મુરઘી કે જેની કીમત એક દિરમ પણ નહીં હતી–તે વધારે પૈસા આપીને શા માટે ખરીદી લાવી આ સિતમ કીધો?

અગરજો આ મુરઘી સસ્તી હતે તો આ સવારની સાથે–અંધારી રાતે મને ઝઘડો નહીં થતે.

જો તું તેને માટે એક દમડીનું પનીર ખરીદી લાવતે–તો તે આજે મારી સાથ મળેલો રહેતે."

પેલા નોકરે જવાબ આપ્યો કે "આ સવાર એકલોજ છે–માટે એમ સમજ કે આ મુરઘી મારે હિસાબેજ છે.

તું અને આ સવાર મારા મેહમાન થાઓ–તું આ મુરઘી માટે મારી સાથ ઝઘડો ના કર."

જ્યારે બેહરામ ખુશ ખાબમાંથી ઉઠયો–ત્યારે તે પોતાના તાબેદાર ઘોડા આગળ ગયો,

કે તેની ઉપર ઝીન બાંધે અને પોતાનાં મકાન ઉપર જાય–અને તે મેહલમાંથી પોતાની કોલાહને શનિશ્ચર સેતારા સૂધી પુગાડે.

જ્યારે પેલા નોકરે તેને જોયો ત્યારે તે બેહરામને કહ્યું કે "આજનો દિવસ મુજ બન્દાની સાથ સાથી થઈ રહે."

શાહ પાછો ફર્યો અને તેની ખુરસી ઉપર બેઠો–અને તેનાં આવાં બુલંદ નસીબથી તાજુબી પોતે ગોયા વિસ્મય પામ્યો.

તે જવાન બાઝારે જઇને બસો ઇંડા લઈ આવ્યો–અને પોતાના શેઠને કહ્યું કે "ઓ પ્યારા સાહેબ! જરા થોભી જાઓ.

બદામનાં મગઝને તળીને–વાસી પનીર અને નર્મ રોટલી સાથે તૈયાર કરો.

કારણકે ગઈ રાતે તે એવાં ખાણાંની ખાહેશ કરતો હતો–માટે રોટલી લઇ જાઓ અને આવી રીતનું ખાણું તેને માટે બરાબર તૈયાર કરો.

પછી તે બેહરામની પાસે ગયો અને બોલ્યો કે "ઓ સવાર!–ગઈ રાતે તેં જે ચીઝોની માગણી કરી હતી,

તે હવે તારી ઈચ્છા અમો પુરી કરીશું–અને વળી સાથે બીજું પણ તાઝું અને નરમ નરમ ખાણું લાવીશું."

તે એટલું બોલ્યો અને પછી બાઝારમાં ગયો–અને ત્યાંથી જુદી જુદી જાતનો સામાન ખરીદ કર્યો.

તેણે શાકર, બદામ, મુરઘી અને હલવાન ખરીદ્યું–કે બેહરામનાં ખાણા માટેનો સણગાર સંપૂર્ણ કરે.

શરાબ, કેશર, કસ્તુરી અને ગોલાબ લઇ–તે જલ્દીથી ઘર તરફ પાછો ફર્યો.

પછી તે સારી સારી વાણીઓથી ભરેલો ખાણાંનો ખુમચો લઇ આવ્યો–તે જવાન મોટાં મનનો અને સારી બુદ્ધિવાળો હતો.

જ્યારે ખાણું ખાઇ રહ્યા ત્યારે શરાબથી ભરેલી જામ હાઝેર કીધી–તેણે પહેલાં પાદશાહ બેહરામને તે આપી.

એ પ્રમાણે ખાણું ખલાસ થયા પછી તેઓ ખુશ ખુશહાલ બન્યા ત્યાં સૂધી શરાબની જામ દમબદમ પીવા લાગ્યા.

ચુનીન્ ગોફ્તા બા મીઝબાન્ શહરૂયારૂ
કે બહ્‌રામ મારા કુનદ્ ખાસ્તારૂ
શુમા મય ગુસારીદો મસ્તાન્ શવીદ્
મજીુમ્બીદ્ તા મય પરસ્તાન્ શવીદ્
બેમાલીદ્ શબ્દીઝો ઝીન્ બરૂ નેહાદ્
સુએ ગુલ્શન્ આમદ્ ઝે મય ગશ્તહ્ શાદ્
બબાઝારૂગાન્ ગોફ્તા ચન્દીન્ મકુશ
બઅફ્ઝુની અય મર્દે અર્ઝાન્ ફરૂશ
બદાન્ગી મરા દુશ્ બેરૂખ્તી
હમી ચશ્મે શાગેરૂદ્ બરૂ દુખ્તી
કે સુર્ખી ખરીદી ફેઝુન્ અઝ્ બહા
નેહાદી મરા દરૂ દમે અઝ્દહા
બેગોફ્તા ઈન્ બબાઝારૂગાનો બેરફ્તા
સુએ ગાહે શાહી ગોરાઝીદ્ તફ્તા
ચુ ખુરૂશીદ્ બેન્મૂદ્ બરૂ ચરૂખ તાજ
જહાન્બાન્ નેશસ્તા અઝ્ બરે તખ્તે આજ
બેફરૂમૂદ્ ખુસ્રવ બસાલારે બારૂ
કે બાઝારૂગાન્રા કુનદ્ ખાસ્તારૂ
બેયાવરૂદ્ શાગેરૂદ્ બા ઊ બહમ્
યકી શાદ્ અઝીશાનો દીગરૂ દેઝમ્
ચુ શાગેરૂદ્રા દીદ્ બેન્વાખ્તશ
બરે મેહ્‌તરાન્ શાદ્ બેન્શાખ્તશ
યકી બદ્રહ્ બોર્દન્દ્ નઝ્દીકે ઊય
કે ચૂન માહ્ શુદ્ જાને તારીકે ઊય
બબાઝારૂગાન્ ગોફ્તા તા ઝન્દઈ
ચુનાન્ દાન્ કે શાગેરૂદ્રા બન્દઈ
હમાન્ નીઝ્ હરૂ માહેયાનહ્ દો બારૂ
દેરમ્ શસ્ત ગન્જી બરૂ બરૂ શુમારૂ
બચીઝે તો ઊ સાઝે મેહ્‌માન્ કુનદ્
દેલે મર્દે આઝાદહ્ ખન્દાન્ કુનદ્
બમૂબેદ્ ચુનીન્ ગોફ્તા ઝાન્ પસ કે શાહ્
ચુ કારે જહાન્રા નદારદ્ નેગાહ્
ચે દાનદ્ કે મરૂદુમ કુદામસ્તા મેહ્
ચેગૂનહ્ શેનાસદ્ બદાન્રા ઝે બેહ્
કુનૂન અય ખેરદ્મન્દ્ દાનેશ પઝીરૂ
મગરૂ બાયદત યકૂ સખુન્ યાદ્ગીરૂ
બખીલી મકુન્ હીચ્ અગરૂ મર્દમી
હમાના કે કમ્ બાશી અઝ્ આદમી

પછી પાદશાહે પેલા મેઝબાનને કહ્યું-કે "હવે કદાચ શાહ બેહરામ મને બોલાવશે,

માટે તમો લોકો શરાબ પીઓ અને મસ્ત બનો-જ્યાં સુધી તમો મસ્ત બનો નહીં ત્યાં સુધી તમો ઉઠતા ના."

પછી પોતે ઉઠી પોતાના શબ્દીઝ ઘોડાને માલેશ કરી તેની ઉપર ઝીન મૂકયું-અને પોતે શરાબથી ખુશી થઈને બાગ તરફ આવ્યો.

અને પેલા વેપારીને કહ્યું કે "ઓ ભલા માણસ! ઘણો લોભ ના રાખ અને જે વેચે તે સસ્તા ભાવે વેચ.

એક દાંગને ખાતેર તેં મારી આબરૂ લીધી-અને તારા નોકરને તેં ૧૪૫
પાણી ઉતાર કીધો.

કારણ તે સુરખી મોંઘી કીમતે ખરીદી લાવ્યો-અને તેથી મને અઝ-દહાનાં મોંમાં આપ્યો (એટલે મારી સાથે તું આટલો બધો ટંટો કરવા લાગ્યો)."

પેલા વેપારીને એટલું કહીને ત્યાંથી ચાલ્યો-અને પોતાના પાદશાહી તખ્ત તરફ ઝડપથી પાછો ફર્યો.

જ્યારે ખુરશીદે આસમાન ઉપર પોતાનું તાજ દેખાડયું-ત્યારે દેશ રક્ષક પાદશાહ હાથીદાંતનાં તખ્ત ઉપર બિરાજ્યો.

પાદશાહે દરબારના વડા અમલદારને હોકમ કર્યો-કે "પેલા વેપારીને બોલાવી લાવે."

તે તેની સાથે તેના નોકરને પણ લઈ આવ્યો-તેઓમાંનો એક ખુશ-હાલ અને બીજો ગમગીન હતો.

જ્યારે પાદશાહે પેલા નોકરને જોયો ત્યારે તેને નવાઝયો-અને મોટાં માણસોની નઝદીક તેને ખુશહાલ બેસાડયો.

પછી એક પૈસાની થેલી તેની નઝદીક લઈ જવામાં આવી-કે જેથી તેનો ગમગીન જીવ માહતાબની મિસાલ રોશન બન્યો.

પાદશાહે પેલા વેપારીને કહ્યું કે "જ્યાં સુધી તું જીવતો છે-ત્યાં સુધી એમ સમજજે કે આ તારા નોકરનો તું ગોલામ છે.

તેમજ મહિનામાં બે મરતબે-તારા ખઝાનામાંથી સાઠ દિરમ તું તેને ગણી આપજે.

તે તારેજ પૈસે મેહમાનોની મેહમાનદારી કરશે-અને સદગુણી લોકનાં ૧૪૬
દિલ ખુશહાલ કરશે."

ત્યાર બાદ તેણે પોતાના વઝીરને એ પ્રમાણે કહ્યું કે "પાદશાહ-જ્યારે દેશના વહિવટની સંભાળ નહીં રાખે,

ત્યારે તે કેમ જાણે કે મોટાં દિલનો માણસ કોણ છે?-અને સારા માણસોમાંથી બૂરાઓને કેમ પિછાની શકે?"

હવે ઓ અકલમંદ અને અનુભવ મેળવવાનો શોક ધરાવનાર મર્દ!-જો તને ગમે તો આ એક વાત ભૂલતો ના.

જો તું માણસાઈપણાંના ગુણ ધરાવતો હોય તો જરા પણ કંજુસ-પણું દેખાડતો ના-નહીં તો કે તું માણસમાં ખપશે નહીં.

કોશતને બહ્‌રામ્ અઝ્દહારા વ રફ્તને ઊ બખાનએ દેહ્‌કાન્.

હમી બૂદ્ યકૂચન્દ્ બા મેહ્‌તરાન્
મયે રઉશનો જામો રામેશગરાન્
બહારૂ આમદો ખાક્ શુદ્ ચૂન્ બેહેશ્ત
બરૂએ ઝમીન્ બરૂ હવા લાલહ્ કેશ્ત

બેહરામનું અઝદહાને મારવું અને તેનું એક દેહકાનનાં ઘરમાં જવું.

એ પ્રમાણે બેહરામ થોડોક વખત પોતાના સરદારો સાથ તેમજ લાલ શરાબ, મયની જામ અને રામશગરો સાથ રહેવા લાગ્યો.

હવે બહારની મોસમ આવી અને ઝમીન બેહેશ્તના બાગની મિસાલ બની-અને ઝમીનની સપાટી ઉપર હવાએ ગુલ લાલાનાં ફૂલ ઉગાડયાં.

હમહ્ બૂમહા પુર્ ઝે નખ્ચીર્ ગશ્ત
બજૂય આબ્હા ચૂન્ મયો શીર્ ગશ્ત
ગોરાઝીહને ગૂરો આહૂ બશાખ
કશીદન્દ બર્ સબ્ઝ હર્ જાય નખ
હમહ્ જૂયબારાન્ પુર્ અઝ મુશ્કદમ
બગેરદ આન્ ગુલે નાર્ મી શુદ બખમ
૧૪૭ બેગોફ્તન્દ બા શાહે બહ્‌રામ ગૂર્
કે શુદ દીર્ હન્ગામે નખ્ચીરે ગૂર્
ચુનીન્ દાદ પાસોખ કે મર્દી હઝાર્
ગુઝીન્ કર્દ બાયદ ઝે લશ્કર્ સવાર્
બેયાવર્દ બાયદ હમહ્ યૂઝો બાઝ
હમાન્ ચર્ઘો શાહીને ગર્દનફરાઝ
અઝ ઈદર્ સુએ તૂર્ બાયદ શુદન્
બેબાયદ બનખ્ચીર્ માહી બુદન્
સુએ તૂર્ શુદ શાહે નખ્ચીર્ જૂય
જહાન્ દીદ યક્સર્ પુર્ અઝ રન્ગો બૂય
ઝે ગૂરો ઝે ઘોર્મો ઝે આહૂ જેહાન્
બેપર્દાખ્તન્દ આન્ દેલાવર્ મેહાન્
દો રૂઝ અન્દરાન્ કાર્હા શુદ દેરન્ગ્
હમી બૂદ બહ્‌રામ બા મય બચન્ગ્
સેદીગર્ ચુ બેફ્રૂખ્ત ખુર્શીદ તાજ
ઝમીન્ ઝર્દ શુદ કૂહો દર્યા ચુ આજ
બનખ્ચીર્ શુદ શહ્‌ર્યારે દેલીર્
યકી અઝ્દહા દીદ ચૂન્ નર્રહ્ શીર્
બબાલાએ આન્ મૂય બુદ બર્ સરશ
દો પેસ્તાન્ બેસાને ઝનાન્ દર્ બરશ
૧૪૮ કમાન્રા બઝેહ્ કર્દો તીરે ખદન્ગ્
બેઝદ બર્ બરે અઝ્દહા બી દેરન્ગ્
દેગર્ તીર્ ઝદ બર્ મેયાને સરશ
ફેરૂરીખ્ત ખૂનાબો ઝહ્ર્ અઝ બરશ
ફેરૂદ આમદો ખન્જરી બર્ કશીદ
સરાસર્ બરે અઝ્દહા બર્ દરીદ
યકી મર્દે બર્ના ફેરૂબોર્દહ્ બૂદ
બખૂનો બઝહ્ર્ અન્દર્ અફ્સોર્દહ્ બૂદ
બરાન્ મર્દ બહ્‌રામ બેગ્રીસ્ત ઝાર્
વઝાન્ ઝહ્ર્ શુદ ચશ્મે બહ્‌રામ તાર્
બેકશ્ન કર્દ મર્ મર્દરા અઝ બરશ
કે હર્ગેઝ મબાદા બરશ બા સરશ
હમી રાન્દ હયરાનો પીચાન્ બરાહ્
બખાબો બઆબ્ આર્ઝૂમન્દ શાહ્
ચુનીન્ તા બઆબાદ જાઈ રસીદ
ઝે હામૂન્ સુએ દર્ સરાઈ રસીદ
ઝની દીદ બર્ કેત્ફે ઊ બર્ સબૂય
ઝે બહ્‌રામે ખુસ્રવ બેપૂશીદ રૂય
બદ્ગોફ્ત બહ્‌રામ કન્દર્ સેપન્જ
દેહન્દ અર્ ગુઝશ્તન્ બેબાયદ બરન્જ
૧૪૯ ચુનીન્ ગોફ્ત ઝન્ કય નબર્દહ્ સવાર્
તો ઈન્ ખાનહ્ ચૂન્ ખાનએ ખીશદાર્
ચુ પાસોખ શનીદ અસ્પ દર્ ખાનહ્ રાન્દ
ઝને મીઝબાન્ શૂયરા પીશ ખાન્દ

તમામ ઝમીન શેકારથી ભરેલી બની-નદીનાં પાણી મય અને દૂધની માફકનાં મીઠાસ ભરેલાં થયાં.

પહાડી ઝમીન ઉપર ગોરખર અને હરણ લાડ કરવા લાગ્યાં-અને તેઓની હારની હાર લીલોતરી ભરી જગ્યા ઉપર જગે જગે ખેંચાઈ.

તમામ નદી નાળાં જળ કુકડીઓથી ભરેલાં હતાં-તેઓની કિનારી ઉપર દાડમનાં ફૂલો નીચે ઝુલતાં હતાં.

જેથી પેલા મજલેસીઓએ પાદશાહ બેહરામ ગૂરને કહ્યું-કે "આપણને ગોરખરનો શેકાર કીધાને ઘણો લામ્બો વખત થઈ ગયો છે."

ત્યારે પાદશાહે એવો જવાબ દીધો કે "આપણાં લશ્કરના સવારોમાંથી એક હઝાર મર્દો ચુંટી કાઢો.

સઘળા શેકારી કુતરા અને શકરા તેમજ બાઝ પક્ષી અને ગર્દનફરાઝ શાહીન પક્ષી મંગાવો.

આપણે અહીંથી તૂરાનના મુલક તરફ જઇયે-અને ત્યાં શેકાર કરવામાં એક મહિનો ગુઝાર્યે."

એવી રીતે શેકારનો શોકીન પાદશાહ તુરાન તરફ ગયો-ત્યાંની ઝમીન તેને સઘળી ખુશ્નુમા દેખાઈ,

પેલા બહાદુર સરદારોએ ગોરખર, મેઢાં અને હરણનો શેકાર કરી તે મુલક સઘળો ખાલી કરી નાખ્યો.

તે શેકાર કરવાના કામમાં તેઓએ બે દિવસ લીધા-સઘળો વખત પાદશાહ બેહરામ પોતાના હાથમાં મયની જામ સાથ પસાર કરવા લાગ્યો.

ત્રીજે દહાડે જ્યારે ખુરશીદે પોતાનું તાજ રોશન કીધું-અને ઝમીન સોનેરી બની તેમજ પહાડ અને દર્યા સફેદ થયા,

ત્યારે દિલાવર પાદશાહ પાછો શેકારે નીકળ્યો-જ્યાં તેણે નરે શેરની મિસાલનો એક અઝદહા જોયો.

જેનાં માથાં ઉપરના બાલ તેની ઊંચાઇ જેટલા લામ્બા-તેમજ તેની છાતી ઉપર સ્ત્રીઓની માફક બે થાન હતાં.

તેણે પોતાની કમાનને ચિલ્લો ચઢાવ્યો અને એક ખદંગી તીર-વગર ઢીલે તે અઝદહાની છાતી ઉપર માર્યો.

બીજો તીર તેનાં માથાંની વચ્ચે માર્યો-જેથી તેની છાતીમાંથી લોહી અને ઝેહર વહેવા લાગ્યું.

તે ઘોડા ઉપરથી નીચે ઉતર્યો અને એક ખંજર ખેંચ્યું-અને તે અઝદહાની છાતી તેણે ચીરી નાખી.

તે અઝદહા એક જવાન મર્દને ગળી ગયો હતો-તેમજ લોહી અને ઝેહરમાં તે થંડો થઇ ગયો હતો.

તે શખ્સ ઉપર બેહરામ ઘણોક રડ્યો-તે ઝેહરથી બેહરામની આંખે અંધારાં આવવાં લાગ્યાં.

તે અઝદહાની છાતીમાંથી તે મર્દને બાહેર કાઢ્યો-અને બોલ્યો કે "તેનાં સર સાથે અઝદહાની છાતી કદી પણ જોડાતી ના."

પછી તે ઊંઘને માટે તેમજ પાણીને માટે ખાહેશમંદ બનેલો પાદશાહ-હયરાન અને સરગર્દાન રાહમાં આગળ ચાલવા લાગ્યો.

એમ કરતાં પાદશાહ પેલા જંગલમાંથી એક વસ્તીવાળી જગ્યામાં એક ઘરના દરવાઝા આગળ આવી પુગ્યો.

ત્યાં તેણે એક બાઇને જોઇ કે જેની ખાંધ ઉપર એક પાણીનો ઘડો હતો-તેણીએ પાદશાહ બેહરામને જોઇને પોતાનું મોં ઢાંકી દીધું.

બેહરામે તેને પૂછ્યું કે "અહીં ઉતારો-મળશે કે નિરાશ થઇ અત્રેથી ચાલી જવું પડશે?"

પેલી બાઇએ જવાબ દીધો કે "ઓ બહાદુર સવાર!-તું આ ઘરને તારૂં પોતાનુજ ઘર સમજજે."

જ્યારે પાદશાહે એવો જવાબ સાંભળ્યો ત્યારે તે મકાનના કમ્પાઉન્ડમાં ઘોડો ચલાવ્યો-પેલી મેઝબાન અઉરતે પોતાના ધણીને નઝદીક બોલાવ્યો.

બદ્દ ગોફ્તા કાહ્ આરો અસ્પરા બેમાલ
ચુ વક્તે જવ આયદ્ બેકુન દરૂ જુવાલ
ખુદ્ આમદ્ બજાઈ કે બૂદશ નેહોફ્ત
ઝે પીશ અન્દરૂન્ રફ્તો ખાનહ્ બેરોફ્ત
હસીરી બેગુસ્તર્દો બાલેશ નેહાદ્
બબહ્રામ બરૂ આફ્રીન્ કર્દ્ યાદ્
સુએ ખાનએ આબ્ શુદ્ આબ્ બેઆર્દ્
હમહ્ દરૂ નેહાન્ શૂયરા બરૂ શુમોર્દ્
કે ઈન્ મર્દે અબ્લહ્ બેમાનદ્ બજાય
હરાન્ગહ્ કે બીનદ્ કસી દરૂ સરાય
નબાશદ્ ચુનીન્ કારૂ કારે ઝનાન્
મનમ્ લશ્કરી વારૂ દન્દાન્ કનાન્
બેયાવર્દ્ ખાનીઓ બેન્હાદ્ રાસ્ત
બરૂ તરૂરહો સર્કહો નાનો માસ્ત
બેશુદ્ શાહ્ બહ્રામો રોખરા બેશોસ્ત
કઝાન્ અઝ્દહા બૂદ્ નાતન્દુરોસ્ત
બેખોર્દ્ અન્દકી નાનો નાલાન્ બેખોફ્ત
બદસ્તારે ચીની રોખ અન્દરૂ નેહોફ્ત
ચુ અઝ્ ખાબ્ બીદારૂ શુદ્ ઝન્ બશૂય
હમી ગોફ્ત કય ઝેશ્ત નાશોસ્તહ્ રૂય
બરહ્ કોશ્ત બાયદ્ તોરા કીન્ સવારૂ
બુઝોર્ગસ્ત વઝ્ તોખ્મએ શહ્રૂયારૂ
કે બુર્ઝે કયાન્ દારહો ફ્રૂરે માહ્
નમાનદ્ હમી જોઝ્ બબહ્રામ શાહ્
ચુનીન્ ગોફ્ત બા ઝન્ ફેરૂમાયહ્ શૂય
કે ચન્દીન્ ચેરા બાયદ્ ઈન્ ગોફ્ત ગૂય
નદારી નમક્ સૂદો હીઝમ ન નાન્
ન શબ્ દૂક્ રીસી હમી ચૂન્ ઝનાન્
બરહ્ કોશ્તીઓ ખુર્દો રફ્ત ઈન્ સવારૂ
તો શવ્ ખુરૂ બઅઝ્બૂહી અન્દરૂ ગુઝારૂ
ઝમેસ્તાનો સરૂમાઓ બાદે દમાન્
બપીશ આયદત બીગુમાન્ યક્ઝમાન્
હમી ગોફ્ત અઝ્બાઝો નશ્નીદ્ ઝન્
કે હમ નીક્ ઝન્ બૂદો હમ રાયઝન્
બરહ્ કોશ્ત શઉહરૂ બફર્જામે કારૂ
બગોફ્તારે આન્ ઝન્ ઝે બહ્રે સવારૂ
ચુ શુદ્ કોશ્તહ્ દીગી હરીસહ્ બેપોખ્ત
બુરીદ્ આતેશ અઝ્ હીઝમે નીમ સોખ્ત
બેયાવર્દ્ ખાની બરે શહ્રૂયારૂ
બરૂ ખાયહો તરૂરએ જૂયબારૂ
યકી પાય બેર્યાન્ બેઓર્દ્ અઝ્ બરહ્
હમાન્ પોખ્તહ્ ચીઝી કે બુદ્ યક્સરહ્
ચુ બહ્રામ દસ્ત અઝ્ ખુરેશહા બેશોસ્ત
હમી બૂદ્ બીખાબો નાતન્દુરોસ્ત
ચુ શબ્ કર્દ્ બરૂ આફ્તાબ્ અન્જુમન
બેયાવર્દ્ મય બા યકી રૂદ્ઝન
બદ્દ ગોફ્ત શાહ્ અય ઝને કમ સોખુન
યકી દાસ્તાન્ ગૂય બા મન્ કોહુન
બદાન્ તા બગોફ્તારે તૂ મય ખરીમ
બમય દર્દો અન્દૂહરા બેશ્કરીમ

તેને કહ્યું કે "ઘાસ લાવ અને તેના ઘોડાને માલિશ કર–અને જ્યારે દાનાનો વખત થાય ત્યારે તેને તોબરો ચઢાવજે."

પછી પોતે પોતાના ઓરડામાં ગઈ–અને છેકવેરથી તે ઘર વારી કાઢયું.

તેણે સાદડી પાંથરી અને તકયો મૂકયો–અને બેહરામની ઉપર દુઆ કરવા લાગી.

તેણી પાણી ભરવાની જગ્યાએથી પાણી ભરી લાવી–અને પોતાના ધણી માટે મનમાં બડબડવા લાગી,

કે "આ બેવુકૂફ મર્દ જ્યારે કોઈ ઘરમાં પરોણો આવે છે ત્યારે બેસીજ રહે છે.

આવું કામ કાંઇ બૈરાંઓનું નથી–હું તો સીપાઈ મિસાલ દાંત કચકચાવતી રહું છું."

પછી તેણી ખાણાનો ખુમચો લઈ આવી ત્યાં મૂકયો–તેની અંદર તરકારી, સરકો, રોટી અને દહી હતું.

પાદશાહ બેહરામે જઈ હાથ મોઢું ધોયું–કારણકે તે અઝદહાને મારવાથી થાકી ગયલો હતો.

તેણે થોડુંક ખાધું અને મોઢાં ઉપર ચીનાઇ બનાવટની પીછોડી ૧૫૦
ઢાંકી, કાંસ્તો કાંસ્તો સૂઈ ગયો.

પેલી બૈરી જ્યારે ખાબથી બેદાર થઇ ત્યારે ધણીને કહેવા લાગી કે "ઓ મોં ધોયા વગરના નસુગ!

તારે એક પણ હલવાન કાપવું જોઇયે કારણ આ સવાર–કોઈ મોટો અને પાદશાહી ખાન્દાનનો લાગે છે.

કેમકે એ પાદશાહી કદ અને માહતાબ જેવો ઝળકાટ ધરાવે છે–તેથી એ પાદશાહ બેહરામ સિવાય કોઇ બીજો હોય નહીં."

તે કમીના ખાવંદે પોતાની બાયડીને કહ્યું–કે "એટલી બધી બકબક શા માટે કરે છે?

નથી તારી પાસે આંથેલું ગોસ્ત કે નથી લાકડાં કે નથી રોટલી–કે નહીં તું બીજી સ્ત્રીઓની પખે રેંટિયો કાંતતી.

તું બકરૂં કાપશે અને આ સવાર ખાઇને ચાલી જશે–માટે ખોરાક હોય તેને તેની વખારમાં રહેવા દે.

કારણકે શિયાળો બેશક આવશે અને થંડો પવન ફુંકશે અને રૂતુ ઝર્દ થશે–ત્યારે તે આપણને એક વખત કામ લાગશે."

તેનો માટી એ પ્રમાણે બોલવા લાગ્યો પણ તે અઉરતે કાંઇજ સાંભળ્યું નહીં–કારણકે તે એક ભલી અને સમજુ બાઇ હતી.

આખરે તે બાઈના કહેવાથી પેલા સવારને માટે તે ધણીએ એક હલવાન કાપ્યું.

જ્યારે હલવાન કપાઇ રહ્યું ત્યારે તેણીએ અડધાં બળેલાં લાકડાંથીજ ૧૫૧
ચૂલો સળગાવી એક તપીલી ભરી હરીસો રાંધ્યો.

પછી પાદશાહ બેહરામની આગળ એક ખાણાંનો ખુમચો લાવી–જેમાં ઇંડાં અને કિનારે ઉગેલી ભાજી તરકારી હતી.

વળી તેની આગળ હલવાનની એક ભુંજેલી ટાંગ પણ લઇ ગઇ–તેમજ બીજું જે કાંઇ તેણીએ રાંધ્યું હતું તે સઘળું હતું.

જ્યારે બેહરામે ખાણું ખાઇને હાથ ધોયા–ત્યારે તેને ઊંઘ આવતી ન હતી અને હજુ તે માંદો જેવોજ હતો.

જ્યારે સીઆહ રાતે આફતાબ ઉપર પોતાનું લશ્કર ભેગું કર્યું–ત્યારે પેલી બાઈ મય અને એક ગાનારીને લઇ આવી.

પાદશાહે તેને કહ્યું કે "ઓ થોડું બોલનારી ઓરત!–તું મને કાંઈ આગળા વખતની વાત કહી સંભળાવ.

કે જેથી તારી વાત થાય ત્યાં સૂધી આપણે મય પીયા કર્યે–અને મય પીધાથી આપણું દુઃખ અને ગમ દૂર કર્યે.

બતૂ દાસ્તાન્ નીઝ કરૂદમ ચલહુ
અઝીન્ શાહત આઝાદીઅસ્ત અરૂ ગલહુ
ઝને કમ સખુન્ ગોફ્રૂત આરી નેફ્રૂસ્ત
હમ આધાઝો ફર્જામે હરૂ કારૂ અઝૂસ્ત
બદૂ ગોફ્રૂત બહ્રૂરામ કે ઇનસ્તો બસ
વઝૂ દાદો ખૂબી ન બીનન્દ કસ
૧૫૨ ઝને પુરૂ મનેશ ગોફ્રૂત કય પાકુરાય
બદીન્ દેહુ ફેરાવાન્ કસસ્તો સરાય
હમીશાહુ ગુઝારે સવારાન્ બુવદ
ઝે દીવાનો અઝ કારૂદારાન્ બુવદ
ચકી નામ દોઝદી નેહદ બરૂ કસી
કે ફર્જામ અઝાન્ રન્જ બીનદ બસી
બેફ્રૂશદ ઝે બહ્રૂરે દેરમ પન્જ શશ
કે નાખુશ કુનદ બરૂ દેલશ રૂઝે ખશ
ઝને પાકુ તન્રા બઆલૂદગી
બરદ નામો ચાઝદ બબીહૂદગી
ઝેયાની બુવદ કાન્ નેયામદ બગન્જ
ઝે શાહે જહાન્દારૂ ઈનસ્ત રન્જ
પુરૂ અન્દીશાહુ શુદ ઝાન્ સખુન્ શહ્રૂચારૂ
કે બદ શુદ વરા નામ અઝાન્ પાયકારૂ
બદેલ ગોફ્રૂત પસ શાહે યઝદાન્ શેનાસ
કે અઝ દાદગરૂ કસ નદારદ સેપાસ
દુરોશ્તી કુનમ ઝીન્ સેપસ રૂઝ ચન્દ
કે પયદા શવદ મેહ્રૂરો દાદ અઝ ગઝન્દ
બદીન્ તીરહુ અન્દીશાહુ પીચાન્ નખોફ્રૂત
હમહુ શબ્ દેલશ બા સેતમ બૂદ જોફ્રૂત
૧૫૩ બદાન્ગહુ કે ખુરૂ ચાદરે મુશ્કબૂય
બેદરૂરીદો બરૂ ચરૂખ બેન્મૂદ રૂય
બેયામદ ઝન્ અઝ ખાનહુ બા શૂય ગોફ્રૂત
કે હરૂકારહો આતેશ આરૂ અઝ નેહોફ્રૂત
ઝે હરૂગૂનહુ તાખ્મ અન્દરૂ અફ્રૂગન્ બઆબ્
નબાયદ કે બીનદ વરા આફ્રૂતાબ્
કુનૂન તા બેદૂશમ મન્ અઝ ગાવ શીરૂ
તો ઈન્ કારે હરૂકારહુ આસાન્ મગીરૂ
બેયાવરૂદ ગાવ અઝ ચરાગાહે ખીશ
ફેરાવાન્ ગેયા બોર્દો બેન્હાદ પીશ
બેપેસ્તાન્શ બરૂ દસ્ત માલીદો ગોફ્રૂત
બનામે ખુદાવન્દે બી યારો જોફ્રૂત

તેહી દીદ પેસ્તાને ગાવશ ઝે શીરૂ
દેલે મીઝબાને જવાન્ ગશ્ત પીરૂ
ચુનીન્ ગોફ્રૂત બા શૂય કય કદખોદાય
દેલે શાહે ગીતી દેગરૂ શુદ બરાય
સેતમગારૂ શુદ શહ્રૂયારે જેહાન્
દેલશ દુશ પીચાન્ શુદ અન્દરૂ નેહાન્
બદૂ ગોફ્રૂત શૂય અઝ ચે ગૂઈ હમી
બફાલે બદ અન્દરૂ ચે પૂઇ હમી
૧૫૪ ચુનીન્ ગોફ્રૂત ઝન્ કય ગેરાન્માયહુ શૂય
મરા બીહુદહુ નીસ્ત ઈન્ ગોફ્રૂતગૂય

હું તનેજ વાત કરવાનું સોંપું છું-માટે કહે કે પાદશાહથી તમોને છુટાપણું મળે છે કે કાંઈ ફર્યાદ કહેવાની છે?"

તે થોડું બોલનાર સ્ત્રીએ જવાબ આપ્યો કે "હા, તે ઠીક છે-દરેક કામની શુરૂઆત અને સેવટ પણ તેનાથીજ છે."

બેહરામે તેને કહ્યું કે "બસ એટલુંજ?-મેં તો સાંભળ્યું કે કોઈ તેનામાં ઇન્સાફ કે ખૂબી જોતુંજ નથી."

પેલી મોટાં દિલની અઉરત બોલી કે "એ પાક વિચારના શખ્સ!-આ ગામડાંમાં ઘણાક શખ્સો રહે છે અને મકાનો પણ છે.

તેમજ હમેશે સવારોની અને કચેરીના બીજા કામદાર માણસોની આવજાવ હોય છે.

કોઈ સવાર એક ગામડિયા ઉપર ચોરીનું તોહમત મૂકે છે-અને તેથી તેને ઘણું દુઃખ વેઠવું પડે છે.

ફકટ પાંચ છ દિરમ મેળવવા માટે તે આવું કામ કરે છે-અને તેમ કરી તે બીચારાનો સુખી દિવસ અભાગિયો કરી મેલે છે.

અથવા તો કોઈ પાકદામન અઉરતને બદનામ કરે છે-અને તેણીને ફોકટમાં સતાવે છે.

આ આફત છે કેમકે એથી કાંઇ શાહી ખઝાનો ભરાતો નથી-દેશ રક્ષક પાદશાહ તરફથી આ દુઃખ પડે છે."

તેણીની વાત સમજી પાદશાહ અંદેશા ભરેલો થયો-કે "પોતાના તેહસીલદારથીજ તેનું નામ બૂરૂં બન્યું."

પછી તે યઝદાનને પિછાનનાર પાદશાહ પોતાનાં મનમાં બોલવા લાગ્યો-કે "એક દાદગર પાદશાહને કોઇ વખાણતું નથી,

તો હવે પછી થોડાક દહાડા હું રૈયતનાં લોકો ઉપર સખતાઇ વાપરૂં-કે જેથી કરીને તેમની ઉપર પડતી આફતથી મારી માયા અને ઈન્સાફ ઝાહેર થશે."

એવા સીઆહ વિચારોના વમળમાં તેને ઊંઘ પણ આવી નહીં-આખી રાત તેનું દિલ સિતમ ગુઝારવાના વિચાર સાથ જોડાયલું હતું.

જ્યારે ખુરશીદે કાળી કસ્તુરીની ખુશ્બોવાળી ચાદર-ફાડી કાઢી આસ્માન ઉપર પોતાનો ચેહરો બતાવ્યો,

ત્યારે તે બાઈ પોતાનાં ઘરમાંથી બાહેર આવી અને પોતાના વરને કહેવા લાગી-કે "જા, ઘરમાંથી તપીલી અને આતશ બાહેર લાવ.

બધી જાતનો અનાજ પાણીમાં ભિંજવ-અને સંભાળજે તેમાં સૂર્યનો તડકો પડવા ના દેતો.

હાલ હું ગાયનું દૂધ દોહોતું છું ત્યાં સૂધી-તું આ તપીલીમાંનાં કામને સંભાળજે. બેદરકાર ના રહેતો."

તે પોતાના ખેતરમાંથી ગાય લઇ આવી-ઘણુંક ઘાસ લઇ જઇ તેની આગળ નાખ્યું.

ત્યાર બાદ ખોદાતાલા કે જેનો કોઈ સાથી કે જોડિયો નથી તેનું નામ તેણીએ ઝબાન ઉપર લીધું અને દૂધ દોહવા માટે તે ગાયનાં થાન ઉપર પોતાના હાથ મસળ્યા.

પણ પેલી ગાયનાં થાન દૂધથી બિલકુલ ખાલી જોયાં-જેથી પેલી જવાન મેઝબાન બાઈનું દિલ ઘરડું બની ગયું.

તુરત તેણી પોતાના ધણીને કહેવા લાગી કે "એ ખાવંદ!-આપણાં દેશના પાદશાહનું દિલ ફરી ગયું છે.

આ મુલકનો પાદશાહ ઝુલ્મગાર બન્યો છે-ગઇ રાતેજ અંદરખાનેથી તેનું મન ફરી ગયું છે."

તેનો ખાવંદ બોલ્યો કે "તું શા ઉપરથી એમ બોલે છે?-અને એવા અપશુગન શા માટે માગે છે?"

તેની બાયડીએ કહ્યું કે "એ મારા વહાલા ધણી!-હું આ વાત કાંઈ અમથીજ નથી બોલતી.

ચુ બીદાદગરૂ શુદ જહાનદારૂ શાહ
બગરૂદૂન નતાબદ બેબાયેસ્ત માહ
બપેસ્તાનહા દરૂ શવદ શીરૂ ખુશ્ક
નબાશદ બનાફેહ દરૂન બૂએ મુશ્ક
ઝેનાઓ રેયા આશકારા શવદ
દેલે નરૂમ ચૂન સન્ગે ખારા શવદ
બદશ્ત અન્દરૂન ગોરૂગ મર્દુમ ખરદ
ખેરદમન્દ ખુગ્રીઝદ અઝ બીખરદ
શવદ ખાયહ દરૂ ઝીરે મુર્ઘાન તબાહ
હરાનગહ કે બીદાદગરૂ ગશ્ત શાહ
ચરાગાહે ઈન ગાવ કમ્તરૂ નબૂદ
હમ આબેશ્ખરશ નીઝ બદતરૂ નબૂદ
બપેસ્તાન ચુનીન ખુશ્ક શુદ શીરે ઊય
દેગરૂ ગૂનહ શુદ રન્ગે આઝીરે ઊય
ચુ શાહે જહાન ઈન સુખુનહા શુનૂદ
પશીમાની આમદશ અઝ અન્દીશહ ઝૂદ
બયઝદાન ચુનીન ગોફ્ત કય કેર્દગારૂ
તવાનાઓ દારન્દએ રૂઝગારૂ
અગરૂ તાબ ગીરદ દેલે મન ઝે દાદ
અઝાન પસ મરા તખ્તે શાહી મબાદ
ઝને ફ્રરોખે પાક્ યઝદાન પરસ્ત
દેગરૂ બારહ બરૂ ગાવ માલીદ દસ્ત
બનામે ખોદાવન્દ ઝદ દસ્તો ગોફ્ત
કે બીરૂન ગુઝારી તો શીરૂ અઝ નેહોફ્ત
ઝે પેસ્તાને ગાવશ બેબારીદ શીરૂ
ઝને મીઝબાન ગોફ્ત કય દસ્તગીરૂ
તો બીદાદગરૂ કર્દઈ દાદગરૂ
વગરૂનહ નબૂદી વરા ઇન હોનરૂ
વઝાનપસ ચુનીન ગોફ્ત બા કદખોદાય
કે બીદાદરા દાદ શુદ બાઝ જાય
તો બા ખન્દહો રામેશી બાશ અઝીન
કે બખ્શૂદ બરૂ મા જહાન આફરીન
બહરૂકારહ ચૂન શીર્બા પોખ્તહ શુદ
ઝનો મરૂદ અઝાન કારૂ પરૂદોખ્તહ શુદ
બનઝદીકે મેહમાન શુદ આન પાક્રાય
હમી બોરૂદ ખાન અઝ પસશ કદખોદાય
નેહાદ અઝ બરશ કાસએ શીરૂબા
ચે નીકૂ બુદી ગરૂ બુદી ઝીરૂબા
અઝાન શીર્બા શાહ લખ્તી બેખરૂદ
ચુનીન ગોફ્ત બા આન ઝને નીક્મરૂદ
કે ઈન તાઝેયાનહ બદરૂગાહ બરૂ
બેયાવીઝ જાઈ કે બાશદ ગુઝરૂ
નેગહ કુન યકી શાખે બરૂતરૂ બલન્દ
નેયાયદ કે અઝ બાદ યાબદ ગઝન્દ
વઝાનપસ બેબીન તા કે આયદ ઝે રાહ
હમી કુન બરીન તાઝેયાનહ નેગાહ
ખોદાવન્દે ખાનહ બેપૂઇદ સખ્ત
બેયાવરૂદ આન શીબ્રા બરૂ દેરખ્ત
હમી દાશ્ત આનરા ઝમાની નેગાહ
પદીદ આમદ અઝ રાહુ બીમરૂ સેપાહ

જ્યારે દેશનો રક્ષક પાદશાહજ ઝુલ્મગાર બને છે-ત્યારે આસ્માન ઉપર માહતાબ પણ ઝળકાટ આપતો નથી.

જાનવરોનાં થાનોમાં દૂધ સૂકાઈ જાય છે-અને હરણની કોથળીમાં કસ્તુરીનો વાસ રહેતો નથી.

વ્યભિચાર અને ફનફરેબ ઝાહેર થાય છે-નર્મ રેશમ જેવાં દિલ સખ્ત પત્થરની મિસાલનાં થઈ જાય છે.

જંગલમાં વરૂ માણસને ફાડી ખાય છે-અકલમંદ માણસ બેવુકૂફો આગળથી નાસી જાય છે.

જ્યારે પાદશાહ ઝુલ્મગાર બને છે-ત્યારે પક્ષીઓની હેઠલનાં ઇંડાં પણ કોહી જાય છે.

આ ગાયની ચરવાની જગ્યા કાંઈ થોડી નહીં હતી-તેમજ તેનું પાણી પીવાનું તળાવ પણ કાંઇ ખરાબ નહીં હતું.

છતાં થાનમાં દૂધ સૂકાઇ ગયું છે-અને તેનાં પીવાનાં તળાવમાંનાં પાણીનો રંગ બીજીજ રીતનો થઇ ગયો છે."

જ્યારે દેશના પાદશાહે તેઓની આવી રીતની વાતચિત્ત સાંભળી-ત્યારે પોતાના તે ખરાબ વિચાર માટે જલ્દીથી પશેમાન થયો.

તે ખોદાતાલાને એ પ્રમાણે કહેવા લાગ્યો કે "ઓ જેહાનના પયદા કરનાર-સર્વ શક્તિમાન અને ઝમાનાને પાયદાર રાખનાર સાહેબ!

જો મારૂં દિલ ઈન્સાફથી ફરે-તો હવે પછીથી પાદશાહી તખ્ત મને હોતુંજ ના!" ૧૫૫

હવે પેલી પાક યઝદાનની પરસ્તેશ કરનારી મુબારક અઉરતે-બીજી મરતબે પેલી ગાય ઉપર હાથ ફેરવ્યો.

અને ખોદાનું નામ લઈ ગાયનાં થાન ઉપર હાથ મેલીને બોલી-કે "ઓ ખોદા! તું એની અંદરથી દૂધને પાછું વહેતું કર."

તુરત તેની ગાયનાં થાનમાંથી દૂધની ધાર પડવા લાગી-એ જોઈ તે મેઝબાન અઉરત બોલી કે "ઓ મદદના કરનાર સાહેબ!

તેંજ પેલા ઝુલ્મગાર પાદશાહને પાછો ઇન્સાફી બનાવ્યો છે-નહીં તો તેનામાં આવી ખૂબી પાછી આવતે નહીં."

ત્યાર પછી તેણીએ પોતાના ધણીને એમ કહ્યું-કે "ઝુલ્મની જગ્યાએ પાછો ઇન્સાફ આવ્યો છે.

તું હવે હસતો અને ખુશહાલ બન-કારણકે ખોદાતાલાએ આપણી ઉપર બક્ષેશ કીધી છે.

જ્યારે વાસણમાં ખીર રંધાઇ રહી-અને ઓરત અને મરદ તે કામથી ફારેગ થયાં.

ત્યારે તે પાક વિચારની બાનૂ મેહમાનની નઝદીક ગઇ-તેની પછાડી ઘર ધણી ખાણું લઇ ચાલ્યો.

તેની આગળ ખીરનો કાંસિયો મૂકયો-અગર તેમાં સેરવો હતે તો કેવું સારૂં થતે?

તે ખીરમાંથી પાદશાહે થોડીક ખાધી-અને તે ભલી બાઇને એમ કહ્યું, ૧૫૬

કે "આ ચાબુક પાદશાહની દરગાહ આગળ લઇ જા-અને જે જગ્યાએ કે માણસોની આવજાવ હોય ત્યાં એને ટાંગી મૂક.

કોઈ સારાં જેવાં ઊંચાં ઝાડની એક ડાળી શોધી કાઢી તે ઉપર લટકાવ-એવું નહીં થાય કે તેને પવનથી કશું નુકસાન પુગે.

ત્યાર બાદ તું જોજે કે રસ્તેથી કોણ કોણ આવે છે?-અને તું આ ચાબુક ઉપર પણ ધ્યાન રાખજે."

તે ઘરનો માલેક શેતાબ દોડયો-અને તે ચાબુકને એક ઝાડ ઉપર લટકાવ્યો.

તે થોડોક વખત પેલા ચાબુકની નેગાહ રાખવા લાગ્યો-તેટલાંમાં તે રસ્તેથી બેહદ લશ્કર આવતું દેખાયું.

હરાન્ કસ કે આન્ તાજેયાનહ્ બેદીદ્
બબહ્રામ બર્ આફરીન્ ગુસ્તરીદ્
પેયાદહ્ હમી પીશે શીબે દરાઝ્
બેરફ્તન્દો બોર્દન્દ્ ચફ્સર્ નમાઝ્
બઝન્ ગોફ્ત શૂય ઈન્ ઝોઝ્ અઝ શાહ્ નીસ્ત
ચુનીન્ ચેહ્રહ્ ઝોઝ્ દર્ખરે ગાહ્ નીસ્ત

પુર્ અઝ્ શર્મ રફ્તન્દ્ હર્દુ ઝે રાહ્
પેયાદહ્ દવાન્ તા બનઝ્દીકે શાહ્
૧૫૭ કે શાહા બુઝોર્ગા રદા બેખ્રદા
જહાન્દાર્ બર્ મૂબેદાન્ મૂબદા
દરીન્ ખાનહ્ દર્વીશ બુદ્ મીઝ્બાન્
ઝની બીનવા શૂય પાલીઝ્બાન્
બરીન્ બન્દગી નીઝ્ કૂશેશ નબૂદ્
હમ અઝ્ શાહ્ મારા પેઝૂહેશ નબૂદ્
કે ચૂન્ ઊ બરીન્ જાય મેહ્માન્ રસદ્
બદીન્ બીનવા મીહ્ને માન્ રસદ્
બદ્ ગોફ્ત બહ્રામ્ કય રૂઝ્ બેહ્
તોરા દાદમ ઈન્ મર્ઝો ઈન્ બૂમો દેહ્
હમીશહ્ ઝોઝ્ અઝ્ મીઝ્બાની મકુન્
બરીન્ બાશો પાલીઝ્બાની મકુન્
બેગોફ્તીનો ખન્દાન્ બેશુદ ઝાન્ સરાય
નેશસ્ત અઝ્ બરે બારએ બાદ્પાય
બેશુદ્ ઝાન્ દેહી બીનવા શહ્રયાર્
બેયામદ્ બઆયવાને ગઉહર્ નેગાર્

તેઓમાંના જે કોઇયે કે પેલો ચાબુક જોયો-તેણે પાદશાહ બેહરામ ઉપર દુઆ કીધી.

તેઓ પેલા લટકતા ચાબુકની આગળ પેયાદા થઇને-ગયા અને સઘળા-ઓએ નમન કીધું.

આ જોઈ તે ધણીએ પોતાની અઉરતને કહ્યું કે "આ શખ્સ પાદશાહ સિવાય બીજો કોઈ નથી-એવી રીતનો તેનો ચેહરો તખ્ત સિવાય બીજાં કશાંને લાયકનો નથી."

પછી બન્ને જણ તે માર્ગમાંથી શર્મિંદગી ભરેલાં દોડતાં દોડતાં પાદશાહની નઝદીક ગયાં,

અને બોલ્યાં કે "ઓ પાદશાહ! ઓ વડા! ઓ સરદાર! ઓ અકલમંદ!-ઓ દેશપતિ! ઓ વઝીરોના વઝીર!

આ ઘરમાં એક ગરીબ માણસ તારો મેઝબાન બન્યો હતો-એક પૈસા વગરની અઉરત અને તેનો માટી બાગબાન હતો.

એટલે તારી ખિદમત કરવા ઉપર પણ તેઓની કોશેશ બરાબર નહીં હતી-વળી પાદશાહ માટેની અમોને ખબર પણ નહીં હતી,

કે તેના જેવો આ ઘરમાં મેહમાન આવશે-અને અમારાં ગરીબડાં ઘરમાં તે ઉતારો લેશે."

બેહરામે તેને કહ્યું કે "ઓ નેકબખ્ત શખ્સ!-આ ઝમીન અને આ ગામડું મેં તને આપી દીધું છે.

હમેશે મેહમાનદારી સિવાય બીજું કાંઇજ કરતો ના-તું એ ઉપરજ ગુઝારો કરજે અને બાગબાની ના કરતો."

એટલું બોલી તે મકાનમાંથી હસતો હસતો ગયો-અને પોતાના તેઝ ચાલના ઘોડા ઉપર સવાર થયો.

પાદશાહ તે મુફલેસ ગામડાંમાંથી ચાલી ગયો-અને પોતાના ગોહર જડિત મેહલમાં આવ્યો.

રફ્તને બહ્રામ્ બનખ્ચીર્ વ ખાસ્તનશ્ દુખ્તરે દેહ્કાન્ બર્ઝીન્

——:o:——

બરૂઝે સે દીગર્ બેરૂન્ રફ્ત શાહ્
બબા લશ્કરો સાઝે નખ્ચીર્ગાહ્
બુઝોર્ગાને ઈરાન્ ઝે બહ્રે શેકાર્
બદર્ગાહ્ રફ્તન્દ્ સીસદ્ સવાર્
૧૫૮ બબા હર્ સવારી પરસ્તન્દહ્ સી
ઝે તુર્કો ઝે રૂમીઓ અઝ્ પારસી
બદીબા બેયારાસ્તહ્ દહ્ શુતર્
રેકાબશ હમહ્ સીમો પાલાનશ ઝર્
દહ્ ઉશ્તુર્ નેશસ્તનગહે શાહ્રા
બદીબા બેયારાસ્તહ્ ગાહ્રા
બપીશ અન્દરૂન્ સાખ્તહ્ હફ્ત પીલ્
બર્ તખ્તે પીરૂઝહ્ હમરન્ગે નીલ્
હમહ્ પાયએ તખ્ત ઝર્રો બુલૂર્
નેશસ્તનગહે શાહ્ બહ્રામ ગૂર્

બેહરામનું શિકાર કરવા જવું અને તેણે દેહકાન બર્ઝીનની છોકરીની માગણી કરવી.

——:o:——

ત્રણ દિવસ પછી પાદશાહ લશ્કર અને શિકારગાહના અસ્બાબ સાથ બાહેર પડયો.

બુઝોર્ગી ભરેલા ત્રણસો ઇરાની સવારો શેકારને માટે પાદશાહી દરબારમાં આવ્યા હતા.

દરેક સવાર સાથે તુર્કી, રૂમી અને પાર્સી ત્રીસ ખિદમતગારો હતા.

દશ ઊંટ રેશમી કપડાંથી સણગારેલાં હતાં-તેની રેકાબ તમામ રૂપાની અને બેઠક સોનાની હતી.

દશ ઊંટ પાદશાહની બેઠક માટે હતાં-જેની બેઠકને રેશમી કપડાંમાં સણગારેલી હતી.

હરોલમાં તૈયાર કીધેલા સાત હાથી હતા-જે ઉપર આસ્માની રંગનું પીરોઝાનું તખ્ત હતું.

તે તખ્તના સઘળા પાયા સોનાના અને બિલોરની બનાવટના હતા-તે પાદશાહ બેહરામ ગૂરની બેઠક માટે હતું.

અબા હર્ યકી તીધઝન્ સી ઘોલામ
બઝરૂરીન્ કમરૂહાઓ ઝરૂરીન્ સેતામ
સદ ઉશ્તુર્ બુદ અઝ્ બહ્રે શમેશગરાન્
હમહ્ બર્ સરાન્ અફ્સરાને ગરાન્
અબા બાઝ્દારાન્ સદો શસ્ત બાઝ્
દો સદ ચર્ખો શાહીને ગર્દનફરાઝ્
પસ્ અન્દર્ યકી સુર્ખ બૂદી સેયાહ્
ગેરામી તર્ આન્ બૂદ બર્ ચશ્મે શાહ્
સેયાહશ દુ ચન્ગો બમેન્કાર્ ઝરદ
ચુ ઝર્રે દુરોખ્શન્દહ્ બર્ લાજ્વરૂદ
હમી ખાન્દન્દીશ તુઘરોલ્ બનામ
દો ચશ્મશ ચુનાન્ ચૂન્ પુરઝ્ ખૂન્ દો જામ
કે ખાકાને ચીનશ ફેરેસ્તાદહ્ બૂદ
યકી તખ્ત બા તાજે બીજાદહ્ બૂદ
યકી તઉકે ઝરીન્ ઝબર્જદ નેગાર્
ચેહલ્ યારહો સીઓ શશ ગૂશવાર્
શુતોર્વાર્ સીસદ ઝરાયફ્ ઝે ચીન્
ફેરેસ્તાદહ્ યાકૂત સીસદ નેગીન્
પસે બાઝ્દારાન્ સદો શસ્ત યૂઝ્
બેઓર્દન્દ બા શાહે ગીતી ફેરૂઝ્
બેયારાસ્તહ્ તઉકે યૂઝ્ અઝ્ ગોહર્
બદ્ અન્દર્ અફ્ગન્દહ્ ઝન્જીરે ઝર્
બેયામદ શહનશાહ્ અઝીન્સાન્ બદશ્ત
હમી તાજશ અઝ્ મુશ્તરી બર્ ગુઝશ્ત
હરાન્કસ કે બૂદન્દ નખ્ચીર્ જૂય
સુએ આબે દર્યા નેહાદન્દ રૂય
જહાનદાર્ બહ્રામ બર્ હફ્ત સાલ્
બદાન્ આબ્ રફ્તી બફર્ખોન્દહ્ ફાલ્
ચુ લશ્કર્ બનઝ્દીકે દર્યા રસીદ
શહનશાહ્ દર્યા પુર્ અઝ્ મુર્ઘ દીદ
બેઝદ તબ્લો તુઘરોલ્ શુદ અન્દર્ હવા
શેકીબા નબુદ મુર્ઘે ફર્માનરવા
ઝબૂન્ બૂદ ચન્ગાલે ઊરા કલન્ગ્
શેકારી કે નખ્ચીરે ઊ બુદ પલન્ગ્
સરન્જામ શુદ દર્ હવા નાપદીદ
કુલન્ગી બચન્ગ્ આમદશ બર્ દમીદ
બેપર્રીદ બર્સાને તીર્ અઝ્ કમાન્
યકી બાઝ્દાર્ અઝ્ પસે ઊ દવાન્
દેલે શાહ્ ગશ્ત અઝ્ પરીદન્શ તન્ગ્
હમી તાખ્ત અઝ્ પસ બર્ આવાએ ઝન્ગ્
યકી બાઘ પીશ અન્દર્ આમદ ફરાખ
બર્ આવર્દહ્ અઝ્ ગૂશએ બાઘ કાખ
બેશુદ તાઝેયાન્ બા તની ચન્દ શાહ્
હમી બૂદ લશ્કર્ બનખ્ચીર્ગાહ્
ચુ બહ્રામ ગૂર્ અન્દર્ આમદ બબાઘ
યકી બાઘ દીદ અઝ્ ફરાખી ચુ રાઘ
ઝમીનશ બદીબા બેયારાસ્તહ્
હમહ્ બાઘ પુર્ બન્દહો ખાસ્તહ્
મેયાને ગુલેસ્તાન્ યકી આબ્ગીર્
બલબ્ બર્ નેશસ્તહ્ યકી મર્દે પીર્

દરેક હાથી સાથ સોનેરી કમરબંદના અને સોનેરી લગામ સાથના શમ્શેરના મારનાર ત્રીસ ગોલામો ચાલતા હતા.

સો ઊંટો શમેશગરો માટે હતાં જે સઘળાંનાં માથાં ઉપર કીમતી તાજ હતાં.

શિકારી પક્ષીના રખેવાળો સાથ એકસોને સાઠ બાઝ પક્ષી હતાં-વળી બસો મોટાં શાહીન પક્ષી અને શકરા હતા.

તે સઘળાંમાં એક કાળું શિકારી પક્ષી હતું-જે પાદશાહનું ઘણુંજ પ્યારૂં હતું.

તેનાં બન્ને પંજા કાળા હતા અને તેની ચાંચ પીળી હતી-ગોયા રાજાવર્દ ઉપર ચળકતું સોનું હતું.

તે પક્ષીને "તુગરોલ" કરીને કહેતા હતા-તેની બન્ને આંખો ગોયા લોહીથી ભરેલી બે જામો હતી. ૧૫૯

તે પક્ષી ખાકાને ચીને મોકલ્યું હતું-તેની સાથે કેરબાનનું એક તાજ અને તખ્ત હતું.

એક પોખરાજ જડિત સોનેરી સાંકળી-ચાળીસ બાંગડી અને છત્રીસ કાનમાં પેહરવાની બાલી હતી.

ત્રણસો ઊંટ ભરીને ચીનાઇ બનાવટની નામીચી ચીઝો-અને માણેકનાં ત્રણસો નંગ મોકલ્યાં હતાં.

બાઝ પક્ષી રાખનારાઓની પાછળ એકસોને સાઠ કુતરા-દેશને આબાદ કરનારા પાદશાહ બેહરામ સાથ લઈ ચાલ્યા.

તે કુતરાઓનાં ગળાંની હાંસડી મોતીથી સણગારેલી હતી-અને તેમાં સોનેરી સાંકળ નાખેલી હતી.

શેહનશાહ બેહરામ એવી રીતે ઠાઠમાઠથી શિકારનાં મયદાનમાં આવી લાગ્યો-તેનાં તાજનો પ્રકાશ બૃહસ્પતિ સેતારાથી પણ વધુ પસાર થતો હતો.

જે કોઇ કે શેકારના શોકીનો હતા-તેઓ નદી કિનારે ચાલ્યા.

પાદશાહ બેહરામ દર સાત વર્ષે સારો દહાડો જોઇને એજ નદીને કિનારે શિકારે જતો હતો.

જ્યારે લશ્કર પેલી નદીની નઝદીક આવી લાગ્યું-ત્યારે શેહનશાહે તે નદી શિકાર કરવાનાં પક્ષીઓથી ભરેલી જોઇ.

જેવું ઢોલ ઠોકાયું કે તુગરોલ હવામાં ઉડી ગયું-તે પાદશાહી પક્ષી શેકાર પકડવા અધીરૂં બની ગયું. ૧૬૦

સારસનો શિકાર તેના પંજાને અયબ લાગે તેવો હતો-તુગરોલ એવો શકરો હોય છે કે જે ચિત્તા વાઘનો શિકાર કરે છે.

શેવટે તે હવામાં ગુમ થઈ ગયું-કેમકે તેના પંજામાં સપડાયલું એક સારસ છટકી ગયું હતું.

જેથી તે કમાનમાંથી તીર છૂટે તેમ તે ઉડયું-શિકારી પક્ષીઓનો એક રખેવાળ તેની પાછળ દોડવા લાગ્યો.

તેના ઉડી જવાથી પાદશાહનું દિલ દિલગીર થયું-અને તેની પાછળ તેના પગે બાંધેલી ઘુઘરીના આવાઝ ઉપર પોતાનો ઘોડો ડપટાવા લાગ્યો.

એવામાં તેની આગળ એક વિશાળ બાગ આવી લાગ્યો-તે બાગનાં ખૂણામાં એક મેહલ ઉઠાવેલો હતો.

પાદશાહ પોતાનાં થોડાંક માણસો સાથે દોડતો કે ત્યાં ગયો-સઘળું લશ્કર તો શેકારગાહમાંજ રહેલું હતું.

જ્યારે બેહરામ ગૂર પેલા બાગમાં દાખેલ થયો-ત્યારે એક બોહોળાં મયદાનની માફકનો ફરાખ બાગ જોયો.

ત્યાંની ખાલી જગ્યાઓ રેશમી કપડાંથી આરાસ્તા કરેલી હતી-સઘળો બાગ નોકર ચાકરોથી અને માલ અસબાબથી ભરેલો હતો.

બાગની વચ્ચે એક હોઝ હતી-જેની પાળ ઉપર એક બુઢ્ઢો મર્દ બેઠેલો હતો.

૧૬૧ સે દુખ્તરૂ બરે ઊ નેશસ્તહ્ ચુ આજ
બસરૂ બરૂ નેહાદહ્ કે પીરૂઝહ્ તાજ
બરોખ ચૂન્ બહારો બબાલા બલન્દ
બઅબ્રૂ કમાનો બગીસૂ કમન્દ
યકી જામ બરૂ દસ્ત હરૂયક્ બુલૂરૂ
બઈશાન્ નેગહ્ કરૂદ બહ્રામ ગૂરૂ
કે દીદારૂ શાન્ ચશ્મે ઊ ખીરહ્ શુદ
કે બાઝો કે તુઘરોલ્ દેલશ તીરહ્ શુદ
ચુ દેહકાને પુરૂમાયહ્ ઊરા બેદીદ
રોખે ઊ શુદ અઝ બીમ ચૂન્ શમ્બલીદ
બેરદમન્દ પીરીઓ બર્ઝીન્ બનામ
દેલે ઊ શુદ અઝ શાહ્ નાશાદકામ
બેરફૂત અઝ બરે હૂઝ બર્ઝીન્ ચુ બાદ
બરે શાહ્ શુદ ખાકરા બૂસહ્ દાદ
બદૂ ગોફૂત કય શાહે ખુરૂશીદ ચેહ્રૂ
બકામે તો ગર્દાદ ગર્દાન્ સેપેહ્રૂ
નેયારમત ગોફૂતન્ કે ઈદરૂ બેઈસ્ત
બદીન્ મર્ઝે મન્ બા સવારી દુવીસ્ત
સરે નામે બર્ઝીન્ બરૂ આયદ બમાહ્
અગરૂ શાદ ગર્દદ બદીન્ બાઘ શાહ્
૧૬૨ બબરૂઝીન્ ચુનીન્ ગોફૂત શાહે જેહાન્
કે એમરૂઝ તુઘરોલ શુદ અઝ મા નેહાન્
દેલમ ગશ્ત અઝાન્ મુરૂઘ ગીરન્દહ તન્ગ્
કે મુર્ઘાન્ ચુ નખ્ચીરૂ બૂદ ઊ પલન્ગ્
ચુનીન્ પાસોખ આવરૂદ બર્ઝીન્ બશાહ્
કે અકૂનૂન્ યકી મુરૂઘ દીદમ સેયાહ્
અબા ઝન્ગે ઝરૂરીન્ તનશ હમચુ કીરૂ
હમાન્ ચન્ગો મેન્કારે ઊ ચૂન્ ઝરીરૂ
બેયામદ બરાન્ ગઉઝ્બુન બરૂ નેશસ્ત
બબખ્તે તો આયદ હમ અકૂનૂન બદસ્ત
હમાનગહ્ યકી બન્દહ્રા ગોફૂત શાહ્
કે શવ ગઉઝ્બુન કુન્ સરાસરૂ નેગાહ્
બેશુદ બન્દહ્ ચૂન્ બાદો આવાઝ દાદ
કે હમવારહ્ શાહે જહાન્ શાદ બાદ
કે તુઘરોલ્ બશાખી દરૂ આવીખ્તસ્ત
કુનૂન્ બાઝ્દારશ બેગીરદ બદસ્ત
ચુ તુઘરોલ પદીદ આમદ આન્ પીરૂ ગોફૂત
કે અય દરૂ ઝમીન્ શાહે બીયારો જોફૂત
પય મીઝ્બાન્ બરૂ તો ફર્ખન્દહ્ બાદ
હમહ્ તાજદારાન્ તોરા બન્દહ્ બાદ
૧૬૩ બરાન્ શાદી અકૂનૂન યકી જામ ખાહ્
ચુ આરામે દેલ યાફૂતી કામ ખાહ્
શાહનશાહે ગીતી બરાન્ આબ્ગીરૂ
ફેરૂદ આમદો શાદ બરૂગશ્ત પીરૂ
બેયામદ હમાનગાહ્ દસ્તૂરે ઊય
હમાન્ ખયલ્દારાનો ગન્જૂરે ઊય
બેયાવરૂદ બરૂઝીન્ યકી ઝરૂદ જામ
નુખોસ્તીન્ કે શાહે જહાન્ બોરૂદ નામ
વઝાન્ પસ બેયાવરૂદ જામે બુલૂરૂ
હમી દાશ્ત દરૂ પીશે બહ્રામ ગૂરૂ

તેની આગળ હાથીદાંતનાં જેવી સફેદી ધરાવનારી ત્રણ છોકરી બેઠેલી હતી-જેણીઓએ પોતાનાં સર ઉપર પીરોઝાનાં તાજ મૂકેલાં હતાં.

તેણીઓ ચેહરામાં બહારની મિસાલની અને કદમાં ઊંચી સરોવર જેવી હતી-કમાન જેવાં વાંકદાર ભવાં હતાં અને કમંદ જેવાં લામ્બા ઝુલફાં હતાં.

દરેક જણના હાથમાં એકેક બિલોરી જામ હતી-તેણીઓ ઉપર બેહ-રામ ગૂર નેગાહ કરવા લાગ્યો.

જેમ બાઝ પક્ષી અને તુગરોલથી તેનું દિલ ગમગીન બન્યું હતું-તેમ પેલીઓના જોવાથી તેની આંખ અંજાઈ ગઇ.

જ્યારે પેલા પૈસાદાર દેહકાને પાદશાહને જોયો-ત્યારે ધાસ્તીએ કરી તેનો ચેહરો શમ્બલીદની માફક ઝર્દ બની ગયો.

તે દાનેશમંદ શખ્સ એક પીર મર્દ હતો જેનું નામ "બર્ઝીન" હતું-પાદશાહને જોવાથી તેનું દિલ નાખુશ થયું

તો પણ બર્ઝીન પેલી હોઝ આગળથી શેતાબી કરતો ગયો-અને તે પાદશાહની નઝદીક જઈ ખાકને બોસો દીધો.

અને બોલ્યો કે "ઓ ખુરશીદને ચેહરાના પાદશાહ!-આ ફરતો આસ્માન તારીજ મુરાદ માફક ફરજો!

હું તને એમ કહેવાની હિમ્મત નથી કરી શકતો કે તું તારા બસો સવારો સાથે મારી જગ્યા ઉપર રહે.

પણ જો આ બાગમાં આસાયેશ લેવાથી પાદશાહ ખુશહાલ થાય-તો બર્ઝીનનું નામ માહતાબ સૂધી પુગે."

દેશના પાદશાહે બર્ઝીનને કહ્યું-કે "આજે મારૂં તુગરોલ પક્ષી કેથે ગુમ થઈ ગયું છે.

તે શેકારી પક્ષીને લીધે મારૂં દિલ દિલગીર થયું છે-કારણકે જ્યારે બીજાં પક્ષીઓ શેકાર માફક ત્યારે તે તુગરોલ એક ચિત્તા વાઘ જેવું હતું."

બર્ઝીને પાદશાહને એવો જવાબ દીધો કે "મેં હમણા એક કાળું પક્ષી જોયું.

તે સોનેરી ઘુઘડી સાથનું અને કાળાં શરીરવાળું હતું-તેમજ તેના પંજા અને ચાંચ પીળી હતી.

તે આવ્યું અને આ અખરોટનાં ઝાડ ઉપર બેઠું-તારાં બુલંદ બખ્તનાં ઝોરે તે હમણા પાછું હાથમાં આવી જશે."

તેજ વખત પાદશાહે એક નોકરને કહ્યું-કે "જા, આ અખરોટનાં ઝાડ ઉપર સઘળે નઝર કર."

પેલો નોકર શેતાબીથી દોડયો અને પોકાર માર્યો-કે "દેશનો પાદ-શાહ હમેશે ખુશહાલ હોજો!

કારણકે તુગરોલ પક્ષી એક ડાળી ઉપર લટકેલું છે-હમણાજ બાઝનો રખેવાળ તેને પકડી લેશે."

જ્યારે તુગરોલ મળ્યું ત્યારે પેલા બુઢ્ઢા મર્દે કહ્યું-કે "ઓ આ ઝમીન ઉપરના સર્વથી શ્રેષ્ઠ પાદશાહ!

તારા મેઝબાનનું (એટલે મારૂં) પગલું તને મુબારક થજો!-(કે તારો શકરો તને પાછો મળી આવ્યો)-તાજ પેહેરનારા પાદશાહો તારા ગોલામ જેવા હોજો!

હવે આ ખુશહાલીમાં શરાબની જામ મંગાવ-જ્યારે તને મનગમતી ચીઝ પાછી મળી ત્યારે હવે અયશ કર."

દેશનો શેહનશાહ બેહરામ તે હોઝ આગળ-ઉતર્યો અને પેલો બુઢ્ઢો શખ્સ ખુશી થઈ ગયો.

તેજ વખત બેહરામનો વઝીર તેમજ તેનો કારભારી અને તેનો ખઝાન્ચી આવી લાગ્યા.

પેલો બર્ઝીન એક સોનેરી જામ લાવ્યો-અને પહેલાં પોતે દેશના પાદશાહની સલામતી લીધી.

પછી એક બિલોરી જામ લાવ્યો-અને બેહરામ ગૂરની નઝદીક મૂકી.

જહાન્દારૂ ચૂન્ દીદ્ બેસ્તદ્ નબીદ્
વઝ્ અન્દાઝએ ખત્ત બરૂ તરૂ કશીદ્
ચુ બર્ઝીન્ ચુનાન્ દીદ્ બરૂગશ્ત શાદ્
બેયામદ્ બજ઼રૂ જાય ખુમ્મી નેહાદ્
ચુ શુદ્ મસ્ત બર્ઝીન્ બઆન્ દુખ્તરાન્
ચુનીન્ ગોફ્ત કય પુરૂ હોનરૂ કેહ્તરાન્
બદીન્ બાઘ્ બહ્રામ શાહ્ આમદસ્ત
ન ગર્દન્કશી ઝાન્ સેપાહ્ આમદસ્ત
હલા ચામહ્ પીશ આવરૂ અય ચામહ્ ગૂય
તો ચન્ગ્ આવરૂ અય દુખ્તરે માહ્ રૂય
બેરફ્તન્દ્ હરૂ સેહ્ બનઝ્દીકે શાહ્
નેહાદહ્ બસરૂ બરૂ ઝે ગઉહરૂ કોલાહ્
યકી પાય કૂબો દેગરૂ ચન્ગ્ ઝન્
સેદીગરૂ ખુશ આવાઝો અન્દુહ્ શેકન્
બઆવાઝે ઈશાન્ શહન્શાહ્ જામ
ઝે બાદહ્ તેહી કર્દો શુદ્ શાદ્કામ
બદ્ગોફ્ત કીન્ દુખ્તરાને કે અન્દ્
કે બા તૂ દરીન્ શાદ્માની ઝીઅન્દ્
ચુનીન્ ગોફ્ત બર્ઝીન્ કે અય શહ્રૂયારૂ
મબીનાદ્ બી તૂ કસી રૂઝ્ગારૂ
ચુનાન્ દાન્ કે ઈન્ દુખ્તરાને મનન્દ્
પસન્દીદહો દેલ્બરાને મનન્દ્
યકી ચામહ્ ગૂયો દેગરૂ ચન્ગ્ ઝન્
સેવુમ પાય કૂબદ્ શેકન્ બરૂ શેકન્
ઝે ચીઝી મરા નીસ્ત શાહા કમી
દેરમ્ હસ્તો દીનારો બાઘો ઝમી
સે દુખ્તરૂ બકેર્દારે ખુર્રમ બહારૂ
બદીન્સાન્ કે બીનદ્ હમી શહ્રૂયારૂ
બદાન્ ચામહ્ ઝન્ ગોફ્ત કય માહ્રૂય
બેપર્દાઝ્ દેલ્ ચામએ શાહ્ ગૂય
બુતાન્ ચામહો ચન્ગ્ બરૂ સાખ્તન્દ્
યકાયક્ દેલ્ અઝ્ ઘમ બેપર્દાખ્તન્દ્
નુખોસ્તીન્ શહન્શાહ્રા ચામહ્ગૂય
ચુનીન્ ગોફ્ત કય ખુસ્રવે માહ્રૂય
નમાની મગરૂ બરૂ ફલક્ માહ્રા
નશાઈ મગરૂ ખુસ્રવી ગાહ્રા
બદીદારે માહો બબાલાએ સાજ
બેનાઝદ્ બતૂ તખ્તે શાહીઓ તાજ
ખુનુક્ આન્ કે શબ્ગીરૂ બીનદ્ત રૂય
ખુનુક્ આન્ કે યાબદ્ ઝે મૂએ તો બૂય
મેયાન્ તન્ગ્ ચૂન્ બબ્રો બાઝૂ સેતબ્રૂ
હમી ફ્રૂરે તાજત બરૂ આયદ્ બઅબ્રૂ
બગુલ્નારૂ માનદ્ હમી ચેહ્રે તૂ
ઝે શાદી બેખન્દદ્ દેલ્ અઝ્ મેહ્રે તૂ
દેલત હમચુ દર્યાઓ દસ્તત ચુ અબ્રૂ
શેકારત નબીનમ હમી જોઝ્ હેઝબ્રૂ
હમી મૂય કાફી બપયકાને તીરૂ
હમી આબ્ ગર્દદ્ ઝે દાદે તો શીરૂ
સેપાહી કે બીનદ્ કમન્દે તોરા
હમી બાઝૂએ ઝૂરમન્દે તોરા

જ્યારે પાદશાહે તે જોયું ત્યારે દારૂ લીધો-અને પોતાની હદના અંદાઝાથી પણ ઝેયાદા લીધો.

જ્યારે બર્ઝીને એવું જોયું ત્યારે તે ખુશહાલ પાછો આવ્યો અને દરેક જગ્યાએ મયની ગાગર મૂકી.

જ્યારે બર્ઝીન શરાબથી મસ્ત થયો ત્યારે પોતાની બેટીઓને-એ પ્રમાણે કહ્યું કે "ઓ હુનર ભરેલી તાબેદાર બેટીઓ!

આ બાગમાં લશ્કરમાંનો કોઇ સરદાર નથી આવ્યો પણ પાદશાહ બેહરામ પોતે આવેલો છે.

માટે ચાલ, ઓ ગઝલ ગાનારી! તું એક ગઝલ ગા-અને તું ઓ માહતાબને ચેહરેની બેટી! ચન્ગ વાજન્તર લાવી તે વગાડ."

પેલી ત્રણે જણીઓ પોતાનાં સર ઉપર ગોહરનું તાજ મૂકી પાદ- ૧૬૪
શાહની નઝદીક ગઈ.

એક નાચનારી અને બીજી ચન્ગ વગાડનારી હતી-જ્યારે ત્રીજી ખુશ હલકવાળી અને ગમ ભૂલાવનારી હતી.

તેણીઓના ગાવાના આવાઝ સાથેજ પાદશાહે શરાબની જામ ખાલી કીધી અને ખુશહાલ થયો.

પછી બેહરામે પૂછયું કે "આ કોણની દીકરીઓ છે!-કે જેણીઓ તારી સાથ આવી ખુશહાલીમાં ઝિંદગી ગુઝારે છે?"

બર્ઝીને તેને કહ્યું કે "ઓ પાદશાહ!-કોઈ પણ શખ્સ તારા વગર ઝમાનો જોતુંજ ના!

તું જાણ કે આ બેટીઓ મારીજ છે-મારી પસંદ કીધેલી અને મારી પ્યારીઓ છે.

એક ગઝલ ગાનારી છે અને બીજી ચન્ગ વગાડનારી-તેમજ ત્રીજી સૂર અને તાલ ઉપર નાચ કરે છે.

ઓ પાદશાહ! મને માલ અસ્બાબની કાંઈ કમી નથી-પૈસા, દીનાર, બાગ, ઝમીન વગેરે સઘળું છે.

અને આ ત્રણે ખુશી ભરેલા બહારની મિસાલની બેટીઓ કે જેવી રીતની પાદશાહ જુએ છે તેવી રીતની છે."

પછી તેણે ગઝલ ગાનારી બેટીને કહ્યું કે "ઓ માહતાબને ચેહરેની છોકરી!-તું દિલ ખોલીને પાદશાહની ગઝલ ગા."

પેલી નાઝનીનો ગાવા વગાડવામાં મશગૂલ થઈ-સઘળીઓએ પોતાનાં ૧૬૫
દિલ ગમથી ખાલી કીધાં.

શુરૂઆતમાં પેલી ગઝલ ગાનારી શેહનશાહ માટે-એ પ્રમાણે ગાવા લાગી કે "ઓ માહતાબને ચેહરેના પાદશાહ!

તું આસ્માન ઉપરના માહતાબનેજ મળતો આવે છે-પાદશાહી તખ્ત-નેજ તું લાયકનો છે.

તું માહતાબ જેવા ચેહરાનો અને સાગ જેવાં ઊંચાં કદનો છે-તારી ઉપર પાદશાહી તખ્ત અને તાજ લાડ કરે છે.

ભાગ્યશાળી તેજ શખ્સ કે જે સવારના પોહોરમાં તારો ચેહરો જોય-બખ્તાવર તેજ કે જે તારા બાલની ખુશબો લે.

તારી કમર બબ્ર જાનવર જેવી પાતળી અને બાઝૂ મઝબૂત છે-તારાં તાજનો ઝળકાટ છેક વાદળ ઉપર ફરી વળે છે.

તારો ચેહરો દાડમનાં ફૂલ જેવો રાતો રહે છે-તારી મોહબતે કરી સઘળાંનાં દિલ ખુશહાલીથી હસે છે.

અને પેલા બુઢ્ઢાની વાતથી હસ્તો હસ્તો રસ્તે પડ્યો-તેની પછાડી એક પછી એક સઘળું લશ્કર આવી લાગ્યું.

બાઝ્ નમૂદને ખારૂકન્ હાલે ફર્શીદ્વર્દ્ વ બખ્શીદને બહ્રામ્ માલે ઊરા બઅઝાનેયાન્.

—————:૦:—————

૧૯૯ ચુ બીરૂન્ શુદ્ અઝ નામવરૂ શારૂસાન્
બપીશ અન્દરૂ આમદ્ યકી ખારૂસાન્
તબરૂ દાશ્ત મર્દી હમી કન્દ્ ખારૂ
ઝે લશ્કરૂ બેશુદ્ નઝ્દે ઊ શહ્રૂયારૂ
બદ્દુ ગોફ્ત્ બેહ્તરૂ બદીન્ શારૂસાન્
કેરા દાની અય દુશ્મને ખારૂસાન્
ચુનીન્ દાદ્ પાસોખ કે ફર્શીદ્વરૂદ્
યકી આઝ્વરૂ મર્દે બી ખાબો ખરૂદ્
મગરૂ ગૂસ્ફન્દશ બુવદ્ સદ્ હઝારૂ
હમાન્ ઊશ્તુરો અસ્પો ખરૂ ઝીન્ શુમારૂ
ઝમીન્ પુરૂ ઝે આગન્દહ્ દીનારે ઊસ્ત
કે નહ્ મઘઝ્ બાદશ બતન્ દરૂ ન પૂસ્ત
શેકમ ગુર્સનહ્ કાલ્બુદ્ બરૂહનહ્
ન ફર્ઝન્દો ખીશો ન યારો બનહ્
ગેરેફ્તારૂ દરૂ દસ્તે આઝો નેયાઝ
તન્ અઝ ના ચરીદન્ બરન્જો ગુદાઝ
અગરૂ કેશ્તમન્દશ ફરૂશદ્ બઝરૂ
યકી ખાનહ્ બૂમશ કુનદ્ પુરૂ ગોહરૂ
શબાનશ હમી ગૂશ્ત નૂશદ્ બશીરૂ
ખુદ્ ઊ નાને અરૂઝન્ ખુરદ્ બી પનીરૂ
૨૦૦ દો જામહ્ નદીદસ્ત હરૂગેઝ બહમ
અઝૂયસ્ત હમ બરૂ તને ઊ સેતમ
ચુનીન્ ગોફ્ત્ બા ખારૂકન્ શહ્રૂયારૂ
કે અઝ ગૂસ્ફન્દશ બેદાની શુમારૂ
બેદાની કુજા બાશદ્ ઊરા ગલહ્
હમાન્ અસ્પો બા ઉશ્તુરાને યલહ્
બદ્દુ ખારૂકન્ ગોફ્ત્ અય મર્દે રાહ્
બસી નીસ્ત ઝીન્ જા બદાન્ જાયગાહ્
કુજા ઉશ્તુરો ગૂસ્ફન્દે વયસ્ત
દેલમ પુરૂ ઝે દરૂદ્ અઝ ગઝન્દે વયસ્ત
બદાન્ ખારૂકન્ દાદ્ દીનારૂ ચન્દ્
બદ્દુ ગોફ્ત્ અકૂનૂન્ શવી અરૂજ્મન્દ્
બેફ્રૂમૂદ્ તા અઝ મેયાને સેપાહ્
બેયામદ્ યકી મર્દે દાના બરાહ્
કુજા નામે આન્ મરૂદ્ બેહ્રૂઝ બૂદ્
સવારે દેલીરો દેલઅફ્રૂઝ બૂદ્
ફેરેસ્તાદ્ બા નામવરૂ સદ્ સવારૂ
ગુઝીન્ કરૂદ્ શાયેસ્તહ્ મર્દાને કારૂ
દબીરી નેગહ્ કરૂદ્ પરૂહીઝગારૂ
બદાનસાન્ કે દાનેસ્ત કર્દન્ શુમારૂ
૨૦૧ બદાન્ ખારૂકન્ ગોફ્ત્ અઝ ઈદરૂ બેરવ્
હમી ખારૂ કન્દી કુનૂન્ ઝરૂ દેરવ્

એક કઠિયારાએ ફર્શીદવર્દની હાલત ખુલ્લી કરવી અને બેહરામે તેનો માલ હાજતમંદોને બક્ષી દેવો.

—————:૦:—————

જ્યારે તે નામવર શેહરમાંથી બાહેર પડયો-ત્યારે તેની સામે એક કાંટાનું વન આવ્યું.

ત્યાં એક કઠિયારો પોતાની કુહાડીથી કાંટા ખોદતો હતો-પાદશાહ પોતાનાં લશ્કરમાંથી નીકળી તેની નઝદીક ગયો.

અને તેને પૂછ્યું કે "ઓ કાંટાની ઝાડીઓના દુશ્મન! આ શેહરમાંના વડા તરીકે તું કોણને જાણે છે?"

તેણે એવો જવાબ આપ્યો કે "ફર્શીદવર્દ નામનો-કે જે ખાધા પીધા વગરનો લોભી માણસ છે.

જેનાં એક લાખ તો બકરાં છે-તેમજ તેટલીજ ગણત્રીના ઊંટ ઘોડા અને ગધેડાં છે.

તેની ઝમીન તેના એકઠા કીધેલા દીનારથી ભરપુર છે કે તેનાં માથાંમાં ભેજું અને તેનાં શરીર ઉપર ચામડી પણ ના હોતી!

તેનું પેટ ભૂખું છે અને શરીર નાગું છે-નથી તેને કોઇ ફરઝંદ કે નથી કોઇ ખેશી કે નથી દોસ્ત આશ્ના કે નથી કાંઇ સરસામાન.

તે લોભ અને હાજતના હાથમાં ફસેલો છે-ખાધા પીધા વગર તેનું તન દુઃખમાં પીલાય છે.

અગરજો તે પોતાનાં ખેતરો પૈસા લઇને વેચે-તો તે તેની જગ્યાજ ગોહરોથી એક આખું ઘર ભરી આપે.

તેના ભરવાડો દૂધ અને ગોશ્તનો ખોરાક ખાય છે-પણ તે પોતે તો પનીર વગરની બાજરીની રોટલીજ ખાય છે.

તેનાં શરીર ઉપર કદી પણ બે કપડાં સાથે તો જોયાંજ નથી-તેની પોતાનાથીજ તેનાં બદન ઉપર સેતમ ગુઝરે છે."

પાદશાહે કઠિયારાને એ પ્રમાણે કહ્યું-કે "તું તેના બકરાં મેંઢાંની સંખ્યા તો જાણે છે,

પણ તું જાણે છે કે તેનું બકરાંનું ટોળું તેમજ તેના ઘોડા અને છૂટાં ઊંટો કયાં રહે છે?"

કઠિયારાએ તેને કહ્યું કે "ઓ રાહદારી મર્દ!-તે જગ્યા કાંઇ અહીંથી ઘણી દૂર નથી,

કે જ્યાં તેનાં ઊંટ અને મેંઢાં બકરાં છે-પણ તે મને ઈઝા પુગાડશે તેથી મારૂં દિલ દુઃખી થાય છે."

પાદશાહે તે કઠિયારાને થોડાક દીનાર આપ્યા-અને તેને કહ્યું કે "હવે તું પૈસાદાર થશે."

તેણે ફર્માવ્યું જેથી લશ્કરમાંથી એક દાના મર્દ આવ્યો.

કે જેનું નામ "બેહરૂઝ" હતું-અને તે એક બહાદુર સવાર હતો તેમજ ઘણે વખણાયલો હતો.

તે નામવરની સાથ લડાઇ કરવાને લાયકના સો સવારો ચુંટી કાઢીને મોકલ્યા.

સાથે વળી હિસાબની ગણત્રી કરી જાણે એવો એક ઇમાનદાર મુન્શી પણ ખોળી કાઢયો.

પછી પેલા કઠિયારાને કહ્યું કે "તું અહીંથી જા-આજ સુધી તું કાંટા ખોદતો હતો પણ હવે સોનું રૂપું ખોદ.

અઝાન્ ખાસ્તહ્ સદ્ યકી મર્ તોરાસ્ત
બદીન્ મર્દુમાન્ શાહ્ ખુન્માય રાસ્ત
હેલઅફ્રૂઝ્ બુદ્ નામે આન્ ખારૂકન્
ગોરાઝન્દહ્ મર્દી બનીરૂએ તન્
ગેરાન્માયહ્ અસ્પી બદ્ દાદો ગોફ્ત
કે બા બાદ્ બાયદ્ કે ગર્દી તો જોફ્ત
દેલઅફ્રૂઝ્ બુદ્ ગીતી અફ્રૂઝ્ શુદ્
ચુ આમદ્ બદાન્ કાર્ પીરૂઝ્ શુદ્
બેયાવર્દ્ લશ્કર્ બકૂહો બદશ્ત
હમી ગૂસ્ફન્દ્ અઝ્ અદદ્ બર્ ગુઝશ્ત
શુતોર્ બૂદ્ દર્ કૂહ્ દહ્ કાર્વાન્
બહર્ કાર્વાન્ દર્ યકી સાર્વાન્
ઝે ગાવાને વર્ઝો ઝે ગાવાને શીર્
દહો દુ હઝારશ નેવેશ્ત આન્ દબીર્
હમાન્ અસ્પો ઉશ્તુર્ દો રહ્ દહ્ હઝાર્
નવીસન્દહ્ બેન્વેશ્ત આન્રા શુમાર્
બેયાબાન સરાસર્ હમહ્ કન્દહ્ સુમ
હમાન્ રઉધને ગાવ દર્ હમ બખુમ
ઝે શીરાઝો અઝ્ તર્ફ્ સીસદ્ હઝાર્
શુતોર્વાર્ બુદ્ બર્ લબે જૂયબાર્
હમહ્ દશ્તો કૂહો બેયાબાન્ કુનામ
કસ આન્રા બગીતી નદાનેસ્ત નામ
યકી નામહ્ બેન્વેશ્ત બેહ્રૂઝે હુર્
બનઝ્દે શહન્શાહ્ બહ્રામ ગૂર્
નુખોસ્ત આફ્રીન્ કર્દ્ બર્ કેર્દેગાર્
કે ઉયસ્ત પીરૂઝો પર્વર્દેગાર્
દેગર્ આફ્રીન્ બર્ શહન્શાહ્ કર્દ્
કે અઝ્ રન્જહા દસ્ત કૂતાહ્ કર્દ્
ચુનીન્ ગોફ્ત કય શહ્રૂયારે જેહાન્
ઝે તૂ શાદ્ યક્સર્ કેહાનો મેહાન્
કઝ્ અન્દાઝહ્ દાદત હમી બુગ્ઝરદ્
અઝીન્ ખામોશી ગન્જ કયફર્ બરદ્
હમહ્ કારે ગીતી બઅન્દાઝહ્ બેહ્
દેલે શાહ્ અઝ્ અન્દાઝહા તાઝહ્ બેહ્
યકી ગુમ શુદહ્ નામ ફર્શીદ્વર્દ્
ચે દર્ બઝ્મગાહો ચે અન્દર્ નબર્દ્
નદાનેસ્ત કસ નામે ઊ દર્ જેહાન્
મેયાને કેહાનો મેયાને મેહાન્
ન ખુસ્રવ શેનાસો ન યઝ્દાન્ શેનાસ્
નદાનેસ્ત કર્દન્ બચીઝી સેપાસ્
ચુનીન્ ખાસ્તહ્ ગુસ્તર્દ્ દર્ જેહાન્
તેહી દસ્તો બા ધમ નેશસ્તહ્ નેહાન્
બબીદાદ્ માનદ્ હમી દાદે શાહ્
મનેહ્ પન્દો ગોફ્તાર્ બર્ મન્ ગુનાહ્
બેયફ્ગન્ યકી ગન્જ અઝીન્ ખાસ્તહ્
સેઉમ સાલરા ગર્દદ્ આરાસ્તહ્
દબીરાને બીગાનહ્રા ખાન્દીમ
બદીન્ કૂહે આબાદ્ બેન્શાન્દીમ
શુમારશ પદીદાર્ નામદ્ હનૂઝ્
નવીસન્દહ્રા પોશ્ત બર્ ગશ્ત કૂઝ્

તે સઘળા ખઝાનામાંથી સોમો હિસ્સો તારોજ છે-તું આ મારાં માણસોને સીધો માર્ગ બતાવજે."

તે કઠિયારાનું નામ "દેલઅફ્રૂઝ" હતું-તે ઝોરાવર બાંધાનો અને મરોડદાર ચાલનો શખ્સ હતો.

પાદશાહે તેને એક નામીચો ઘોડો આપ્યો અને કહ્યું-કે "હવે તારે પવનનોજ સાથી થવું જોઇયે (યાને જલ્દીથી જવું જોઇયે)."

જ્યારે તે પેલાં કામ ઉપર મંડી ગયો અને તે ફતેહમંદ થયો-ત્યારે તે કઠિયારો "દિલ રોશન કરનારો" હતો તેનો "દેશ રોશન કરનારો" થયો.

તે પેલાં લશ્કરને પહાડ અને મયદાન ઉપર લાવ્યો-જ્યાં ગોસ્પંદ ગણત્રી કરતાં પણ વધારે હતાં.

તે પહાડ ઉપર ઊંટના દશ કાફલા હતા-દરેક કાફલા ઉપર એકેકો સારવાન હતો.

ખેતીના બળદો અને દૂધાળી ગાયોની સંખ્યા-પેલા મુન્શીએ બાર હઝાર લખી.

તેમજ ઘોડા અને ઊંટની સંખ્યા તે લખનારાએ વીસ હઝારની લખી.

તમામ જંગલ ઢોરોની ખડીથી ખોદાઇ ગયલું હતું-તેમજ ગાયનું ઘી માટલાંમાં ભરીભરીને ચોડ ચઢાવેલી હતી.

છાસ અને પનીરથી લાધેલાં ત્રણ લાખ ઊંટ નદી કિનારે શેહરોમાં ૨૦૨
વેચવા લઈ જવા માટે હમેશે તૈયાર ઉભેલાં હતાં.

તે તમામ મયદાન, પહાડ અને જંગલ જાનવરોનું રહેઠાણ હતું-પણ તે જગ્યાનું નામ નિશાન દુન્યામાં કોઈ જાણતું હતું નહીં.

પછી હુરના છોકરા બેહરૂઝે શેહનશાહ બેહરામ ગૂર ઉપર એક નામુ લખ્યું.

તેણે પહેલાં ખોદાતાલાની દુઆ લખી-કે "તેજ સાહેબ ફતેહમંદ અને પર્વરેશીનો કરનારો છે."

પછી શેહનશાહ બેહરામ કે જેણે માણસોને દુ:ખથી છોડવ્યાં તેની ઉપર દોઆ કીધી.

પછી લખ્યું કે "ઓ દેશના પાદશાહ!-તારીથી સઘળા નાના અને મોટા ખુશહાલ છે.

કારણકે તારો ઇન્સાફ હદ ઓળંગી ગયો છે-આવી રીતની ખામોશી એખ્તયાર કરવાથી આપણો ખઝાનો ખોટ ખમે છે.

દુન્યાનું દરેક કામ અંદાઝાસર હોય તેજ ભલું-અને તે સઘળા અંદાઝાથી પાદશાહનું દિલ ખુશહાલ રહેલું સારૂં.

પેલો શું ખુશીની મજલેસમાં કે શું લડાઈમાં-ગુમ થયલાં નામવાળો ફર્શીવર્દ,

કે દુન્યામાં શું નાનાં અને મોટાઓ દરમેયાન કોઈ તેનું નામ જાણતું નથી.

તે નથી પાદશાહને પિછાનનારો કે નથી ખોદાતાલાને પિછાનનારો- ૨૦૩
તે કોઇ પણ ચીઝને માટે શુક્ર ગુઝારી કરવાની વાત જાણતોજ નથી.

દુન્યામાં તેણે આટલો બધો ખઝાનો એકઠો કર્યો છે-છતાં તે ખાલી હાથે અને ગમગીની સાથ ખૂણે બેઠો છે.

પાદશાહનો આવો ઈન્સાફ ઝુલ્મને મળતો કહેવાય-આવા સખ્ત બોલો હું વાપરૂં છું તે માટે મને માફ કરજે.

ફર્શીદવર્દની દઉલત દુન્યા એટલી છે કે જો આજે એકઠી કરવા માંડે-તો ત્રીજે વર્ષે તેનું કામ પુરૂં થાય.

બીજા બાહેરના લખનારાઓને મેં બોલાવ્યા છે-અને તેઓને આ આબાદ બનેલા પહાડ ઉપર ગણત્રી કરવા બેસાડયા છે.

તે લખનારાઓની કમર વાંકી થઇ ગઇ છે-તો પણ હજી તેની ગણત્રી ઝાહેર થઇ નથી.

ચુનીન્ ગોફ્તુ ગૂયન્દહ્ કન્દરૂ ઝમીન્
વરા ઝરૂરો ગઉહરૂ ફોઝૂનસ્ત અઝીન્
બરીન્ કૂહસારમ્ દો દીદહ્ બરાહ્
બદાન્ તા ચે ફર્માન્ દેહદ્ પાદ્શાહ્
ઝે મન્ બાદ્ બરૂ શાહે ઈરાન્ દોરૂદ્
બેમાનાદ્ તા નામે તારસ્તો પૂદ્

હયૂની બરૂ અફ્ગન્દ્ પૂયાન્ બરાહ્
બદાન્ તા બરદ્ નામહ્ નઝ્દીકે શાહ્
૨૦૪ ચુ આન્ નામહ્ બરૂ ખાન્દ્ બહ્રામ ગૂરૂ
બદેલશ અન્દરૂ ઉફ્તાદ્ અઝાન્ નામહ્ શૂરૂ
દેઝમ્ ગશ્તો દીદહ્ પુરૂ અઝ આબ્ કરૂદ્
બઋહાએ જન્ગી પુરૂ અઝ તાબ્ કરૂદ્
બેફ્રૂમૂદ્ તા પીશે ઊ શુદ્ દબીરૂ
કલમ્ ખાસ્ત ચીનીઓ રૂમી હરીરૂ
નુખોસ્ત આફ્રીન્ કરૂદ્ બરૂ દાદ્ગરૂ
ખોદાવન્દે દાનન્દહો રાહ્બરૂ
ખોદાવન્દે દાનાઇઓ ફ્રૂરહી
ખોદાવન્દે દીહીમો શાહન્શહી
નેવેશ્ત ઈન્ કે ગરૂ દાદ્ગરૂ બૂદમી
હમી મરૂદરા નીઝ માસૂદમી
નેયાવરૂદ્ ગરૂદ્ ઇન ઝે દોઝ્દીઓ ખૂન
ન બુદ્ હમ્ કસીરા બબદ્ રહ્નમૂન્
હમાન્ બુદ્ કે ઇન્ મરૂદ્ બુદ્ નાસેપાસ
ઝે યઝ્દાન્ નબૂદશ બદેલ્ દરૂ હેરાસ
યકી પાસબાન બુદ્ બદીન્ ખાસ્તહ્
દેલો જાન્ અઝ અફ્ઝૂન શુદન્ કાસ્તહ્
બદાન્ દશ્ત ચેહ્ ગોર્ગો ચેહ્ ગૂરેફ્ન્દ્
ચુ બાશન્દ્ બીકારો ના સૂદમન્દ્
૨૦૫ બઝીરે ઝમીન્ દરૂ ચે ગઉહરૂ ચે સન્ગ્
કઝૂ ખુર્દો પૂશેશ નેયાયદ્ બચન્ગ્
નસાઝીમ અઝાન્ રન્જ બુન્યાદે ગન્જ
ન બન્દીમ દેલ દરૂ સરાએ સેપન્જ
ફ્રીદૂન ન પયદાસ્ત અન્દરૂ જેહાન્
હમાન્ ઇરજો તૂરો સલ્મ અઝ મેહાન્
હમાન્ શાહ્ કાઊસ બા કયકોબાદ્
જોઝ ઈન્ નામદારાન્ કે દારીમ યાદ્
પેદરૂમ આન્ કે ઝૂ દેલ પુરૂ અઝ દરૂદ્ બૂદ્
નબુદ્ દાદ્ગરૂ નાજવાન્ મરૂદ્ બૂદ્
કસી ઝીન્ બુઝોર્ગાન્ પદીદારૂ નીસ્ત
બદીન્ બા ખોદાવન્દ્ પયકારૂ નીસ્ત
તો આન્ ખાસ્તહ્ ગેરૂદ્ કુન હરૂચે હસ્ત
બેબખ્શો મબરૂ સૂએ યક્ મૂય દસ્ત
કસીરા કે પૂશીદહ્ દારદ્ નેયાઝ
કે અઝ બદ્ હમી દીરૂ યાબદ્ જવાઝ
હમાન્ પીરૂ મર્દી કે બીકારૂ ગશ્ત
બચશ્મે ગેરાનમાયગાન્ ખારૂ ગશ્ત
દેગરૂ હરૂ કેરા ચીઝ બૂદો બેખરૂદ્
કુનૂન માન્દ્ બા દર્દો બા બાદે સરૂદ્

કહેનારા કહે છે કે હજુ એના કરતાં વધુ સોનુ અને જવહેરાત એણે ભોંયમાં દાટેલું છે.

હવે તે બાબતમાં પાદશાહ શું હુકમ ફર્માવે છે-તે માટે મારી બન્ને આંખો રાહ ઉપર લગાડી આ પહાડ ઉપર બેઠો છું.

મુજ તરફથી ઈરાનના પાદશાહને ઘણી ઘણી સલામ પહોંચજો-જ્યાં સૂધી દુન્યામાં તાર અને પૂદ (તાણા અને વાણા)નાં નામો ચાલુ રહે ત્યાં સૂધી પાદશાહ જીવજો!"

પછી તેણે એક સાંઢણી સવાર રસ્તા ઉપર દોડાવ્યો-કે જેથી તે પાદશાહની નઝદીક નામુ લઇ જાય.

જ્યારે બેહરામ ગૂરે તે નામુ વાંચ્યું-ત્યારે તે નામુ સમજી તેનાં દિલમાં શોર પડ્યો.

તે ગમગીન બન્યો અને બન્ને આંખો આંસુ ભરેલી કીધી-પછી તેણે લડાયક ભવાં ગુસ્સા ભરેલાં કીધાં.

તેણે ફર્માવ્યું જેથી નવીસંદો તેની આગળ ગયો-જેણે ચીનાઈ કલમ અને રૂમી રેશમી કપડાંની બનાવટનું કાગઝ માગ્યું.

તેણે પહેલાં સર્વ જાણનાર અને નેક હેદાયત કરનાર દાદગર દાવરના શુક્ર કીધા,

કે "તે દાનાઈ અને દબદબાનો સાહેબ છે-તે પાદશાહ તાજનો અને સઘળી શેહન્શાહતનો સાહેબ છે."

પછી એમ લખ્યું કે "અગરજો હું પુરો ઈન્સાફી બન્યો હતે-તો આ મર્દને હાથીના પગ હેઠળ કચડાવી નાખવાનો હોકમ પણ આપતે.

પણ એણે ચોરી કે ખૂન કરી આ ખઝાનો ભેગો કીધો નથી-તેમજ તેણે કોઇને આડે રસ્તે ઉતાર્યો નથી.

પણ એટલું તો ખરૂંજ હતું કે એ શખ્સ નાસેપાસ રહ્યો છે-ખોદાતાલા તરફની એનાં દિલમાં કાંઇ બીહક રહી નથી.

તે તો આ ખઝાનાનો એક ચોકીદાર રહ્યો છે તેના ખઝાનાના વધારાથી તેનાં શરીર અને જીવનો ઘટાડો થયો છે.

જ્યારે આટલાં બધાં જાનવરો વગર ખપનાં અને ફાયદા વગરના રહે-ત્યારે તો તે જંગલમાં શું તે ગોરપંદો કે શું ફાડી ખાનાર વરૂ બન્ને સરખાજ છે.

ભોંયમાં દાટેલું શું જવાહેર કે શું પત્થર બન્ને સરખાંજ છે-કારણકે તેથી ખાવાનું અને પેહેરવાનું હાથ લાગતું નથી.

આ તકલીફ તને આપીને મને કાંઈ ખઝાનાના ભંડાર ભરવા નથી-આ ત્રણપાંચ દિવસની દુન્યા ઉપર મારે આધાર રાખવો નથી.

પાદશાહ ફરીદૂન તેમજ મોટાઓમાંથી ઇરજ, તૂર અને સલ્મ કોઇ પણ આ દુન્યામાં રહ્યા નથી.

તેમજ પાદશાહ કયકોબાદ સાથ શાહ કાઊસ-અને એ સિવાય બીજા નામદારો કે જેઓને આપણે ઓળખિયે છિયે તેઓ,

વળી મારો પોતાનો બાપ કે જેનાથી મારૂં દિલ દુઃખ ભરેલું રહેતું હતું-કારણ તે ઇન્સાફી નહીં હતો તેમજ મોટા દિલનો પણ નહીં હતો,

તે સઘળા બુઝોર્ગોમાંથી કોઇ બાકી રહ્યું નથી-અને આ બાબતમાં આપણને ખોદાતાલા સાથ કાંઈ ઝગડો પણ નથી.

તું તે ખઝાનો જે કાંઈ હોય તે સઘળો એકઠો કર-અને બખ્શેશ કરી દે એક બાલ બરાબરની ચીઝને પણ હાથ લગાડતો ના

પણ તેવાઓને આપજે કે જે કોઈ પોતાની હાજત છૂપી રાખતો હોય-તેમજ જે કોઈ કે આફતથી છૂટી શકતો નહીં હોય,

તેમજ તે બુઢ્ઢા શખ્સોને કે જેઓ અશક્ત થઈ પડયા હોય-અને તવંગરોની આંખમાં નિર્થક બન્યાં હોય,

તેમજ જેઓ પાસે કાંઇ હોય તે ખાઇ ખરચી ચૂકયા હોય-અને હાલ દુઃખ સાથ અને હાય અફસોસ સાથ રહેલા હોય,

કસીરા કે નામસ્તો દીનારૂ નીસ્ત
બબાઝારૂગાની કસરા યારૂ નીસ્ત
દેગરૂ કૂદકાની કે બીની યતીમ
પેદરૂ મોર્દેહો નીસ્ત શાન્ ઝરૂરો સીમ
ઝનાની કે બી શૂયો બી પૂશેશન્દ
કે કારી નદાનન્દો બી કૂશેશન્દ
બરીશાન્ બેબુખ્શ આન્ હમહ ખાસ્તહ
બરૂ અફૂરૂઝ જાનો રવાન્ કાસ્તહ
ચુ પર્દાખ્તી ઝાન્ સુએ ગન્જ તાઝ
ઝે ગન્જે નેહાદહ મશવ બી નેયાઝ
નેહાન્ કર્દહ દીનારે ફર્શીદવરૂદ
બદર્વીશ દેહ તા નમાનદ બદરૂદ
મફરા ચે દીનારો ગઉહરૂ ચે ખાકૂ
કે બાયદશ કર્દન્ હમી દરૂ મધાકૂ
સેપહરે ગુઝારન્દહ યારે તો બાદ
હમહ દાદો પરૂહીઝ કારે તો બાદ
નેહાદન્દ બરૂ નામહ બરૂ મોહરે શાહ
ફેરેસ્તાદહ બરૂ ગશ્તો આમદ બરાહ

તેમજ જેઓ ખાન્દાની હોય પણ પૈસા નહીં હોય-તેમજ જે વેપારી- ૨૦૬
ઓના કોઇ મદદગાર રહ્યા નહીં હોય.

તેમજ જે બાળકોને કે તું આસરા વગરના જોય-અથવા કોઈના બાપ મરી ગયા હોય અને તેઓ પાસ પૈસો ટકો નહીં હોય,

જે અકરતો કે વિધવા બની હોય અને કપડાં વગરની હોય-જેઓ કોઇ ઉદ્યોગ કરી ન જાણુતી હોય અને કામ ધંધા વગર હોય,

તેઓને એ સઘળો ખઝાનો આપી દેજે-અને તેઓના દુઃખી જીવને પાછા રોશન કરજે.

જ્યારે તું આ કામ કરી ચૂકે ત્યારે તેના બીજા ખઝાના તરફ જજે-તેના છૂપાવેલા ખઝાનાથી ધરાઇ ના જતો.

ફર્શીદવર્દના છૂપાવેલા દીનાર-ગરીબોને આપજે કે જેથી તેઓ દુઃખમાં સબડે નહીં.

તેને મનસે તો શું દીનાર કે શું ગોહરો કે શું ઝમીન ઉપરની ધૂળ સર્વ સરખુંજ છે-કારણકે તેને તો સઘળું દાટીજ રાખવું જોઇયે છે.

ફરતો આસ્માન તારો મદદગાર બનજો!-અને તારૂં સઘળું કામ ઇન્સાફી અને પવિત્ર બનજો!"

તે નામા ઉપર પાદશાહની મોહર કીધી-પેલો કાસેદ ત્યાંથી પાછો ફર્યો અને રસ્તે પડયો.

રફ્તને બહ્રામ્ બશેકાર્ગાહ્ વ કોશતને શીરાન્.

——:०:——

બેફરૂમૂદ તા તખ્તે શાહનશાહી
બબાઘે બહારૂ અન્દરૂ આરદ રહી
બફર્માન્ બેબોર્દન્દ પીરૂઝહ તખ્ત
નેહાદન્દ ઝીરે ગુલ્ અફૂશાન્ દેરખ્ત
મયો જામ બોર્દન્દો રામેશગરાન્
બપાલીઝ રફૂતન્દ બા મેહતરાન્
ચુનીન્ ગોફૂત બા રાયઝન્ શાહરૂયારૂ
કે ખુરૂરમ બમરૂદુમ બુવદ રૂઝગારૂ
હમહ બેસ્તરદ મરૂગ્ દીવાનહા
બપાય આવરદ કાખો અયવાનહા
બદખ્મહ દરૂન્ બસ કે તનહા રવીમ
અગરૂ ચન્દ બા બોઝો બાલા રવીમ
ઝે શાહો ઝે દર્વીશ હરૂ દૂ બેમોરૂદ
અબા ખીશ ઝેશ્તીઓ નીકી બેબોરૂદ
ઝેયાનસ્ત રન્જેશ હમહ હરૂચે બોરૂદ
ચુ ઊ મોરૂદ રન્જેશ અબા ઊ બેમોરૂદ
બગીતી સેતાયેશ ચુ માનદ બસસ્ત
કે તાજો કમરૂ બહરે દીગરૂ કસસ્ત
બીઆઝારીઓ રાસ્તી બાયદત
ચુ ખાહી કે આન્ ખુર્દહ નુગઝાયદત
કુનૂન્ સાલે મન્ રફૂતહ બરૂ સીઓ હશ્ત
બસી રૂઝ બરૂ શાદમાની ગુઝશ્ત
ચુ સાલે જવાન્ બરૂ કશદ બરૂ ચેહેલ
ઘમે રૂઝે મરૂગ્ અન્દરૂ આયદ બદેલ

બેહરામનું શેકારગાહમાં જવું અને ત્યાં સિંહોને મારવું.

——:०:——

પછી શાહે હોકમ કીધો કે "નોકરો આ પાદશાહી તખ્ત બહારની મોસમ જેવા ખીલેલા બાગમાં લઈ જાય."

તેના હુકમ મૂજબ તેઓ પીરોઝાનું તખ્ત લઇ જઇને-ફૂલ વરસાવતાં ૨૦૭
ઝાડ હેઠળ મૂકયું.

મય, મયની જામ અને રામેશગરો ત્યાં લઇ ગયા-તે બાગમાં સઘળા સરદારો સાથ ગયા.

પછી પાદશાહ પોતાના વઝીરને કહેવા લાગ્યો કે "ઈન્સાનની ઝિંદગી ખુશી ભરેલી હોવી જોઇયે.

કારણકે જ્યારે મોત આવે છે ત્યારે તે ઘરબાર સર્વ છીનવી લે છે.

એકલા કાંઈ પણ અસ્બાબ વગર દામ્મે જઇયે છિયે-તો જો કે દમામદાર શરીર સાથ જઇયે છિયે.

પાદશાહોમાંથી કે ફકીરોમાંથી જે કોઈ મરણ પામે છે-તે પોતાની સાથે ફકટ નેકી અને બદીજ લઈ જાય છે.

તે ગમે એટલી રંજ ખેચે છે, તે ફોકટમાં જાય છે-કારણકે જ્યારે તે મરણ પામે છે ત્યારે તે સાથેજ સઘળી રંજનો છેડો આવી જાય છે.

દુન્યામાં માણસની વાખવાખી રહી જાય એજ બસ છે-કારણકે તાજ અને કમરબંદ તો કોઈ બીજાનેજ માટે છે.

જો તારી ખાહેશ એવી હોય કે તારાં મોત પછીની બદગોઈ તને ડંખ નહીં દે-તો ઝિંદગી દરમેયાન તને નિર્દોષ અને અપ્રમાણિક રહેવું જોઇયે.

હવે મારી ઉમર આડત્રીસ વર્ષની થઇ છે-અને મારા ઘણાક દિવસો ખુશહાલીમાં પસાર થઇ ગયા છે.

જ્યારે એક જવાન શખ્સનાં વર્ષ ચાળીસ ઉપર આવે છે-ત્યારે તેનાં ૨૦૮
દિલમાં મોતના દિવસનો ગમ આવી પડે છે.

ચુ ચક્રૂ મૂય ગર્દદ બસરૂ બરૂ સફીદ
બેબાયદ ગુસેસ્તન્ કે શાદી ઉમીદ
ચુ કાફૂરૂ શુદ મુશ્કૂ મઅચૂબ્ ગશ્ત
બકાફૂરૂ બરૂ તાજ ના ખૂબ્ ગશ્ત
હમી બઝ્મો બાઝી કુનમ તા દો સાલ
ચુ લખ્તી શેકસ્ત અન્દરૂ આયદ બયાલ
શવમ પીશે યઝદાન્ બેપૂશમ પલાસ
નબાશમ કે કેર્દારે ઊ નાસેપાસ
બશાદી હમી રૂઝ બુગ્ઝાશતમ
કે તાજે કઈ બહુરહુ બરૂદાશતમ
કુનૂન્ બરૂ ગુલો નારો સીબો બેહી
કે મય જામે ઝરૂરીન્ નબાયદ તેહી
ચુ બીનમ રોખે સીબ્ બીજાદહુ રન્ગ્
શવદ આસ્માન્ હમચુ પોશ્તે પલન્ગ્
બરૂમન્દ બૂયા બહારી બુવદ
મયે સોરૂખ ચૂન્ મય ગોસારી બુવદ
હવા રાસ્ત ગર્દદ નગર્મો ન સરૂદ
ઝમીન્ તાઝહો આબ્હા લાજવરૂદ
૨૦૯ ચુ મા મેહુરગાની બેપૂશીમ ખઝ્
બનખ્ચીરૂ બાયદ શુદન્ સૂએ જઝ્
બદાન્ દશ્તે નખ્ચીરૂ કારી કુનમ
કે અન્દરૂ જહાન્ યાદગારી કુનમ
કુનૂન્ ગર્દને ગૂરૂ ગર્દદ સેતબ્રૂ
દેલે શીરે નરૂ ગીરદો ઝૂરે બબ્રૂ
સગો યૂઝ બા ચર્ઘો શાહીનો બાઝ
બેબાયદ કશીદન્ બરાહે દરાઝ
કે આન્ જાએ ગૂરસ્તો તીરો કમાન્
નેયાસાયમ અઝ તાખ્તન્ યકૂઝમાન્
બેયાબાન્ કે મન્ દીદહુ અમ ઝીરૂ જઝ્
શુદહુ ચૂન્ નયે નીઝહુ બાલાએ ગઝ્
બદાન્ જાયગહુ નીઝ યાબીમ શીરૂ
શેકારી બુવદ ગરૂ બેમાનીમ દીરૂ
હમી બૂદ તા અબ્રે શહુરીવરી
બરૂ આમદ જહાન્ શુદ પુરૂ અઝ લશ્કરી
કે હરૂ કેશ્વરી લશ્કરે જન્ગ્જૂય
સુએ શાહે ઈરાન્ નેહાદન્દ રૂય
અઝીશાન્ ગુઝીન્ કરૂદ ગર્દનકશાન્
કસી રૂ કે નખ્ચીરૂ દારદ નશાન્
૨૧૦ બેયાવરૂદ લશ્કરૂ બદશ્તે શેકારૂ
સવારાને શમ્શીરૂઝન સી હઝારૂ
બેબોર્દન્દ ખરૂગાહો પર્દહુસરાય
હમાન્ ખીમહો આખુરો ચારૂપાય
હમહુ ઝીરૂદસ્તાન્ કે પીશો સેપાહુ
બેરફ્તન્દો કન્દન્દ હરૂજાય ચાહુ
બદાન્ તા નેહન્દ અઝ બરે ચાહુ ચરૂખ
કશાન્દ આબ્ અઝ ચાહુ ચન્દી બતરૂખ
પસે લશ્કરૂ અન્દરૂ હમી રફ્ત શાહુ
ખુદો વીઝગાન્ તા બનખ્ચીરૂગાહુ
બેયાબાન્ સરાસરૂ પુરૂ અઝ ગૂરૂ દીદ
હમહુ બીશહુ અઝ શીરૂ પુરૂ શૂરૂ દીદ

જ્યારે માથાંનો એક પણ બાલ સફેદ થાય-ત્યારે આપણને ખુશહાલી ભોગવવાની ઉમેદને છોડી દેવી જોઇયે.

કસ્તુરી જેવા કાળા બાલ જ્યારે કપૂર જેવા સફેદ થઈ જાય છે ત્યારે તે અયબીયાલ લાગે છે-કપૂર જેવા સફેદ બાલ ઉપર તાજ શોભતું નથી.

બીજાં બે વર્ષ સૂધી હું ખાણીપીણી અને શેકારબાઝીમાં ગુઝારીશ-પછી જ્યારે વળતાં પાણી થવા લાગશે,

ત્યારે હું ઉનનાં કપડાં પેહેરી યઝદાનની સન્મુખ બંદગી માટે રજૂ થઇશ-તેણે મારી ઉપર કીધેલી મેહરબાની માટે નાસેપાસ થઈશ નહીં.

મેં ખુશહાલીમાં ઘણાક દહાડા પસાર કીધા છે-અને આ પાદશાહી તાજનો મારો હિસ્સો મેં ભોગવ્યો છે.

હાલ જ્યારે દાડમ, સેબ અને બેહી (સફરજન) પાકવાની મોસમ છે-ત્યારે સોનેરી જામ મય વગર ખાલી પડી રહેવી નહીં જોઇયે.

જ્યારે સેબની છાલ કેરબાના જેવી યચલી હું જોઉં છું-અને આસ્માનનો રંગ ચિત્તાનાં ચામડાં જેવો પચરંગી દેખાય છે,

ત્યારે મોસમ ફળ અને ફૂલની સુગંધથી ભરપુર રહે છે-અને લાલ મયનો રંગ મય નૂશ કરનારના ચેહરાના રંગ સાથ એક સરખો દેખાય છે.

હવા એક સરખી, નહીં ગર્મ કે નહીં થંડી લાગે છે-ઝમીનની સપાટી ખુશનુમા અને નદીનાં પાણી આસ્માની રંગના દેખાય છે.

જ્યારે મેહરગાનની રૂતુમાં (પાનખર રૂતુમાં) "ખઝ"નાં બાળવાળાં કપડાં પેહેરીશું-ત્યારે "જઝ" તરફ શેકાર કરવા જઇશું.

તે શેકારનાં મયદાનમાં હું એક એવો શેકાર કરીશ-કે દુન્યામાં યાદ રહી જશે.

તેટલામાં ગોરખરની ગર્દન ફરબે થાશે તેનામાં નર સિંહની હિમ્મત અને બબ્રનાં જેવું ઝોર આવશે.

શિકારી કુતરા અને ચિત્તા તેમજ શકા, શાહીન અને બાઝ પક્ષી-તે લામ્બી સફર માટે લઈ જવાં પડશે.

કારણકે તે જગ્યા ગોરખરોનીજ છે-અને તીર કમાન વાપરવાનીજ છે-ત્યાં હું શેકાર કરવાથી એક પળ પણ થોભીશ નહીં.

જઝની દક્ષિણે આવેલું જે જંગલ મેં જોયું છે તેમાંનું ઘાસ નેઝાની લાકડીઓ જેવું જાડું અને ગઝનાં ઝાડ જેવું ઊંચું થયું હશે.

વળી ત્યાં આપણને સિંહ પણ મળશે અને જો વધુ થોભીશું તો શેકાર પણ સારો મળશે"

હવે શેહરીવર મહિનાનાં વાદળ દેખાવા માંડયાં ત્યાં સૂધી પાદશાહ થોભ્યો-પછી દેશ લશ્કરથી ભરાઈ ગયો.

દરેક મુલકમાંથી લડાયક લશ્કરે-ઇરાનના પાદશાહ તરફ મોં કીધાં.

તેઓમાંથી જે કોઈ કે વખણાયલા શેકારી હતા તેવા સરદારોને ચુંટી કાઢયા

એમ કરી તલવાર મારનારા ત્રીસ હઝાર સવારોનું એક લશ્કર શેકારનાં મયદાનમાં લઈ ગયો.

તેઓએ તમ્બુ, સરાપરદા, રાવટી, ઘાસદાનો અને જાનવરો પણ લીધાં.

લશ્કરની આગમજ સઘળા નોકરો-ગયા અને જગેજગ કૂવા ખોદયા.

કે જેથી તે કૂવાઓ ઉપર કપ્પી મૂકે-અને તે કૂવામાંથી પાણી ખેંચીને ટાંકીઓ ભરે.

લશ્કરની પાછળ પાદશાહ પોતે અને તેના ખાસ લોકો તે શિકારગાહ તરફ જઇ પુગ્યા ત્યાં સૂધી ચાલવા લાગ્યા.

ત્યાં સઘળું મયદાન ગોરખરથી ભરેલું જોયું-તેમજ તે આખું જંગલ સિંહોથી ગાજી રહેલું જોયું.

ચુનીન્ ગોફ્તુ કેશ્શબ્ શેકારે મયસ્ત
કે અઝ શીરૂ બરૂ ખાકુ ચન્દીન પયસ્ત
કે ફર્દા બેબાયદ મરા શીરૂ જોસ્ત
બેખોસ્પીદ શાદાન્ દેલો તનદુરોસ્ત
કુનૂન મય ગુસારીમ તા ચાકે રૂઝ
ચુ રખ્શાન્ શવદ હુરે ગીતી ફેરૂઝ
નુખોસ્તીન્ બશમ્શીરૂ શીરૂ અફ્ગનીમ
હમાન્ અઝ્દહાએ દેલીરૂ અફ્ગનીમ
ચુ ઈન્ બીશહ અઝ શીરૂ ગર્દદ તેહી
ખદન્ગે મરા ગૂરૂ ગર્દદ રેહી
બેબૂદ આન્ શબો બામદાદે પગાહ
સુએ બીશહ રફ્તન્દ શાહો સેપાહ
હમ આન ગાહ બીરૂન ખરામીદ શીરૂ
દેલાવરૂ શુદહ ખુર્દહ અઝ ગૂરૂ સીરૂ
બયારાન્ ચુનીન ગોફ્ત બહરામ ગોરૂદ
કે તીરો કમાન્ દારમો દસ્તબોરૂદ
વલીકેન્ બશમ્શીરૂ યાઝમ બશીરૂ
બદાન્ તા નખાનદ કસમ ના દેલીરૂ
બેપુશીદ તરૂ કર્દહ પશ્મીન્ કબાય
બઅસ્પે નબરૂદ અન્દરૂ આવરૂદ પાય
ચુ શીરૂ અઝ્દહા દીદ બરૂ પાય ખાસ્ત
ઝે બાલા દો દસ્ત અન્દરૂ આવરૂદ રાસ્ત
હમી ખાસ્ત ઝદ બરૂ સરે અસ્પે ઊય
બેઝદ પાશનહ મર્દે પર્ખાશજૂય
બેઝદ બરૂ સરે શીરૂ શમ્શીરે તીઝ
સબુક જોફ્તે ઊ જોસ્ત રાહે ગુરીઝ
ઝે સરૂ તા મેયાનશ બદુ નીમ કરૂદ
દેલે નરૂરે શીરાન્ પુરૂ અઝ બીમ કરૂદ
બેયામદ દેગરૂ શીરે ધુરૂરાન્ દેલીરૂ
હમી જોફ્તે ઊ બચ્ચહ પર્વરૂદ ઝીરૂ
બેઝદ ખન્જરી શાહ બરૂ ગરૂદનશ
સરે શીરે નરૂ દૂરૂ કરૂદ અઝ તનશ
યકી ગોફ્ત કય શાહે ખુરૂશીદ ચેહરૂ
નદારી હમી બરૂ તને ખીશ મેહરૂ
હમહ બીશહ શીરન્દ બા બચ્ચગાન્
હમહ બચ્ચગાન્ શીરે માદરૂ મકાન્
કુનૂન બાયદ આઝીરૂ બૂદન ઝે શીરૂ
કે દરૂ મેહરગાન્ બચ્ચહ દારન્દ ઝીરૂ
સે ફર્સન્ગ્ બાલાએ ઈન્ બીશહ હસ્ત
બયક્ સાલ અગરૂ શીરૂ ગીરી બદસ્ત
ચુનાન્ હમ ઝે શીરાન્ નગરૂદદ તેહી
તો ચન્દીન્ ચેરા રન્જ બરૂ તન્ નેહી
ચુ બેન્શાસ્ત બરૂ તખ્ત શાહ અઝ નુખોસ્ત
બપયમાન્ જોઝ અઝ જન્ગે શીરાન્ નજોસ્ત
કુનૂન શહરૂયારીઓ ગયહાન્ તરાસ્ત
બગૂરૂ આમદી જન્ગે શીરાન્ ચરાસ્ત
બદુ ગોફ્ત શાહ અય ખેરદમન્દ પીરૂ
બશબ્ગીરૂ ફર્દા મનો ગૂરો તીરૂ
સવારાને ગરૂદનકશાન્ દરૂ ઝમાન્
બેગરૂદન્દ બા મન બતીરો કમાન્

પાદશાહ બોલ્યો કે "આજ રાતે તો મયનોજ શિકાર કરીશું-કારણકે આ ખાક ઉપર સિંહનાં પગલાં ઘણાં પડેલાં છે.

જેથી આવતી કાલે મને સિંહનો શેકાર કરવો પડશે-તમો સઘળાઓ ખુશહાલ અને તનદરોસ્તી ભરેલા સૂઇ જાઓ.

ચાલો હવે આપણે સવારનું પોહોર ફાટે ત્યાં સુધી મય પીયા કર્યે-જ્યારે દુન્યાને રોશન કરનારો આફતાબ પાછો ઝળકતો થાય,

ત્યારે પહેલવહેલાં આપણે તલવારે કરી સિંહ તેમજ દિલાવર અઝદહાને મારીશું.

જ્યારે આ જંગલ સિંહથી ખાલી થશે-ત્યારે મારા ખદંગી તીર ગોરખરને તાબેદાર બનાવશે." ૨૧૧

પાદશાહ તે રાત ત્યાંજ થોભ્યો અને સવારે બામદાદને વખતે-પાદશાહ અને લશ્કરી સેપાહો જંગલ તરફ ગયા.

તેટલામાં એક સિંહ બાહેર નીકળી આવ્યો-જે ગોરખરથી ધરાઇને દેલાવર બનેલો હતો.

બહાદુર બેહરામે પોતાના સાથીઓને કહ્યું-કે "હું તીર કમાન અને તે વાપરવાનો અચ્છો કાબુ ધરાઉં છું,

તો પણ હું તલવારથીજ સિંહ સાથ લડાઈ કરીશ-કે જેથી કોઈ શખ્સ મને હીચકારો નહીં કહે."

એટલું કહી તેણે ઉનની બનાવટનું ભિંજવેલું એક પેહેરણ પેહેર્યું-અને લડાયક ઘોડા ઉપર સવાર થયો.

જ્યારે સિંહે તે અઝદહા જેવાને જોયો ત્યારે તે પાછલા પગે ઉભો થયો-અને ઉભો ઉભોજ આગળા બે પંજા મારવા ઊંચકયા.

તે બેહરામના ઘોડા ઉપર તરાપ મારવા ચાહતો હતો-પણ તુરતે તે લડાયક મર્દે ઘોડાને એડ મારી.

અને સિંહનાં સર ઉપર તેઝી તલવારનો એક ફટકો માર્યો-એ જોઇ તે સિંહની માદા તુરત નાસવા લાગી.

પેલા સિંહના માથાથી તે કમર સૂધી બે ટૂકડા કરી નાખ્યા-અને બીજા નર સિંહોનાં દિલ ધાસ્તી ભરેલાં બનાવ્યાં.

બાજે એક દિલાવર સિંહ પોતાની હમેલદાર માદા સાથ પોકાર ૨૧૨
કરતો ત્યાં આવ્યો.

પાદશાહે તેની ગર્દન ઉપર પણ એક તલવાર મારી-તે નર સિંહનું સર તનથી દૂર કીધું.

એક જણે તેને કહ્યું કે "ઓ ખુરશીદને ચેહરેના પાદશાહ!-તું પોતાનાં તનની દરકાર કરતો નથી.

આ સઘળું જંગલ સિંહ અને સિંહનાં બચ્ચાંઓથી ભરેલું છે-અને સઘળાં બચ્ચાં હજી પોતાની માતાનું દૂધ ધાવે છે.

હાલ સિંહોથી આપણને સાવધ રહેવું જોઇયે કારણકે મેહરંગાનમાં (પાનખર રૂતુમાં) સિંહણો બચ્ચાં જણે છે.

આ જંગલ ત્રણ ફર્સંગ લામ્બુ છે-અને જો તું એક વર્ષ દહાડો સૂધી સિંહ મારશે,

તો પણ આ જંગલ સિંહોથી ખાલી નહીં થશે-માટે શું કામ તું એટલી બધી રંજ તારાં તન ઉપર મેલે છે?

પાદશાહ જ્યારે તખ્ત ઉપર બેઠો ત્યારે પહેલેથીજ-કોલકરાર પ્રમાણે સિંહો સાથેજ લડાઈ કીધી છે.

હાલ તું પાદશાહ છે અને સઘળી દુન્યા તારીજ છે-તું તો ગોરખરના શિકાર માટે આવ્યો છે તો પછી સિંહોની સાથ લડાઈ કરવાનું શું કામ છે?"

પાદશાહ બોલ્યો કે "ઓ અકલમંદ બુઢા!-કાલે સવાર પડવા દે અને હું છું, ગોરખર છે અને મારા તીર છે.

બહાદુર સવારો પણ તુરતજ મારી સાથ તીર કમાન સાથ આવશે. ૨૧૩

અગર દાદ મર્દી બેખાહીમ દાદ
ઝે ગૂપાલો શમ્શીર ગીરીમ યાદ
બદ ગોફત મૂબેદ કે ગર દહ સવાર
ખુદી મર તોરા ચૂન તો દર કાર્ઝાર
નબૂદી બરૂમો બચીન તાજો તખ્ત
બદર્યા કશીદી ખેરદમન્દ રખ્ત
કે ચશ્મે બદ અઝ ફરૂરે તૂ દૂર બાદ
નેશસ્તે તો દર ગુલશને સૂર બાદ
બપરદહસરાય આમદ અઝ બીશહ શાહ
અબા મૂબેદો પહલવાને સેપાહ
હમી ખાન્દ લશ્કર બદ આફરીન
કે બી તો મબાદા કોલાહો નેગીન
બખરગાહ શુદ ચૂન સેપહ બાઝ ગશ્ત
બેશુસ્ત અઝ ખુય આન પહલવાન હરદો દસ્ત
યકી દાશ્તી મેહરબાન પીશકાર
બખરગાહે નવ બર પરાગન્દ શાર
નેહાદન્દ કાફૂરો મુશ્કો ગોલાબ
બેગુસ્તરદ મુશ્ક અઝ બરે જાએ ખાબ
૨૧૪ હમહ ખીમહા ખાને ઝરીન નેહાદ
બર કાસહ આરાયેશે ચીન નેહાદ
બેયારાસ્ત સાલાર ખાન અઝ બરહ
હમઝ ખુર્દનીહા કે બુદ યકસરહ
ચુ નાન ખુર્દહ શુદ શાહે બહરામ ગૂર
બેફરમૂદ જામી બુઝોરગ અઝ બુલૂર
કે આરદ પરીચેહરએ મયગુસાર
નેહદ બર કફે દાદગર શહરયાર
ચુનીન ગોફત કીન પાદશા અરદશીર
કે બરના શુદ અઝ બખ્તે ઊ મર્દે પીર
સરેમાયહ ઊ બૂદો મા કેહતરીમ
અગર કેહતરીરા ખુદ અન્દરખરીમ
બબઝ્મો બરઝ્મો બરાયો બખાન
જોઝ આનરા જહાનદારે ગીતી મખાન
બદાન ગહ કે એસ્કન્દર આમદ ઝે રૂમ
બઈરાનો વયરાન શુદ ઈન મર્ઝો બૂમ
કે ઊ ના જવાનમરદ બૂદો દુરોશ્ત
કે સીઓ શશ અઝ મરઝબાનાન બેકોશ્ત
લબે ખુસરવાન પુર ઝે નફ્રીને ઊસ્ત
હમહ રૂએ ગીતી પુર અઝ કીને ઊસ્ત
૨૧૫ ચુ બર આફરીદૂન કુનન્દ આફ્રીન
બરૂયસ્ત નફ્રીન ઝે જૂયાએ કીન
મબાદા જોઝ અઝ નીકુઈ દર જેહાન
ઝે મન દર મેયાને કેહાનો મેહાન
બેયારીદ ગોફ્તા મનાદીગરી
ખુશઆવાઝ વઝ નામદારાન સરી
બેગરદદ સરાસર બગેરદે સેપાહ
હમી બર ખોફ્શદ બબીરાહો રાહ
બેગૂયદ કે દર શહરો દર કુહો જઝ
ગર અઝ ગઉહરો ઝરો દીબાઓ ખઝ
જોઝ ઈન તા બખાશાક નાચીઝો પસ્ત
બેયાઝદ કસી ના સઝાવાર દસ્ત

જ્યારે તીર કમાનથી શેકારમાં પુરી બહાદુરી દેખાડી રહીશું-ત્યારે શમ્શીર અને ગોર્ઝ વાપરવાનું યાદ કરીશું."

વઝીર બોલ્યો કે "જો તારી પાસ તારાજ જેવા લડાયક બીજા દશ સવાર હતે,

તો રૂમ અને ચીનનાં મુલકમાં તાજ અને તખ્ત હયાત રહેતે નહીં-અને ડહાપણવાળા માણસો પોતાનો માલ અસ્બાબ દર્યાપાર ઘસડી જશે.

તારાં ખોદાઇ ઓરેહ ઉપરથી બૂરાઓની બૂરી નઝર દૂર થજો!-અને તારી બેઠક ખુશી ખુર્રમીના બાગમાંજ હોજો!"

પછી પાદશાહ વઝીર અને લશ્કરના સરદારો સાથ પેલાં શિકારનાં જંગલમાંથી પોતાની છાવણીમાં આવ્યો.

સઘળું લશ્કર તેની ઉપર દુઆ કરવા લાગ્યું-કે "તારા વગર આ તાજ અને પાદશાહી મોહર હોતીજ ના!"

જ્યારે સઘળું લશ્કર પાછું ફર્યું ત્યારે પાદશાહ તમ્બુમાં આવ્યો-તે બહાદુર મર્દે પોતાના પરસેવાના બન્ને હાથ ધોઇ સાફ કીધા.

તેનો એક રૂડી લાગણીવાળો કારભારી હતો-તેણે તે નવા તમ્બુમાં એક ગાલીચો પાંથર્યો.

ત્યાં કપૂર, કસ્તુરી અને ગોલાબની ખુશબો મૂકી-અને તેની સૂવાની જગ્યાએ પણ કસ્તુરીની સુગંધ પાંથરી

તમામ તમ્બુમાં ખાણાં માટે સોનેરી ખુમચા મૂકયા-તેમાં ચીનાઇ સણગારનાં પ્યાલાં મૂકવામાં આવ્યાં.

વડા બબરચીએ હલવાન તેમજ બીજાં જાત જાતનાં પકવાન પીરસ્યાં.

જ્યારે ખાણું ખાઇ રહ્યા ત્યારે પાદશાહ બેહરામ ગૂરે-ફર્માવ્યું કે "એક બિલોરની મોટી જામ,

શરાબની પાનારી પરીચેહર લઈ આવે-અને દાદગર પાદશાહના હાથમાં મૂકે."

પછી પાદશાહ એ પ્રમાણે બોલ્યો કે "આ જામ પાદશાહ અર્દશીરની યાદમાં લેઉં છું-કે જેનાં નસીબને ઝોરે બુઢ્ઢો શખ્સ પણ જવાન થતો હતો.

તે આપણો વડો છે અને જો તે આપણને નોકર લાયક ગણતો હોય, તો આપણે તેના ચાકર છિયે.

ખુશીની મજલેસમાં કે લડાઈમાં કે શું ડહાપણમાં કે શું ખાણીપીણીમાં-તેના સિવાય બીજા કોઇને તું દુન્યાનો પાદશાહ ગણતો ના.

જે વખતે કે રૂમથી સિકંદર ઈરાનમાં આવ્યો-તે વખતે આ સર ઝમીન વયરાન બની.

કેમકે તે હીચકારો અને ઘાટકી હતો-કે જેણે છત્રીસ હાકેમોને મારી નાખ્યા.

જેથી તે માટેજ પાદશાહોના હોઠ તેની ઉપર લઅનત નાખે છે-તમામ દુન્યા તેના ઉપર કીનો લેવા તલપી રહી છે.

જેમ શાહ ફરીદૂન ઉપર લોકો દુઆ કરે છે-તેમ કીનો શોધનારાઓ તરફથી તેના ઉપર શ્રાપ પડે છે.

મારીથી દુન્યામાં નાનાં અને મોટાઓ વચ્ચે ભલાઇ સિવાય બીજું કાંઇજ બનતું ના."

પછી તે બોલ્યો કે "તમો નામાંકિત સરદારોમાંથી એક ખુશ આવાઝના મનાદી ફેરવનાર શખ્સને અહીં હાઝેર કરો.

કે તે તમામ લશ્કરની આસપાસ ફરે-અને જગેજગ ઢંઢેરો પીટે,

અને કહે કે શેહરોમાં, પહાડોમાં અને ટાપુઓમાં સોનું, રૂપું અને જવાહેરો ઉપર અથવા રેશમી કાપડ કે બાલવાળાં ગર્મ કપડાં ઉપર,

એટલુંજ નહીં પણ નજીવી, હલકી, નજીવી કચરા જેવી ચીઝ ઉપર-જે કોઈ ઝબરીનો હાથ લમ્બાવશે,

બરૂ અસ્પશ નેશાનમ્ ઝે પસ કરૂહશ્ રૂય
અઝ ઈદરૂ કશાન્ બા દો પયકારૂજૂય
દુ પાયશ બેબન્દન્દ દરૂ ઝીરે અસ્પ
ફેરેસ્તમશ તા ખાને આઝરૂ ગોશસ્પ
સેતાયેશ કુનદ પીશે યઝદાને પાકૂ
પરસ્તેશ કુનદ પીશે આઝરૂ બખાકૂ
બદાન્ કસ કે દેહમ ચીઝે ઊરા કે ચીઝ
અઝૂ બેસ્તદો ચીરગી કરૂદ નીઝ
અગરૂ અસ્પ દરૂ કેશ્તઝારી કુનદ
દરૂ આહન્ગ્ બરૂ મીવહ્ દારી કુનદ
ઝે ઝેન્દાન્ નેયાબદ બસાલી રહા
સવારી સરફ્રાઝ યા બી બહા
હમાન્ રન્જે મા બસ કઝીન્ દશ્ત બહરૂ
બેયાબીમ તાઝીમ શાદાન્ બશહરૂ
બેરફ્તન્દ બાઝારૂગાનાને શહરૂ
ઝે જઝઝો ઝે બરૂફહ્ મરૂદુમ દો બહરૂ
બેયાબાન્ ચુ બાઝારે ચીન્ શુદ ઝે બારૂ
બદાન્ સૂ કે બુદ લશ્કરે શહરૂયારૂ

તો તેને હું ઊંધે મોઢે ઘોડા ઉપર બેસાડી-બે પેહલવાનોની સાથે અહીં ખેંચાવતો ખેંચાવતો,

ઘોડા હેઠળ તેના બન્ને પગ બાંધીને-આઝર ગોશસ્પનાં મકાન સુધી તેને મોકલીશ.

કે જ્યાં તે પાક યઝદાનની સેતાયેશ કરે-અને તે આતશના કેબ્લા આગળ ખાક ઉપર પડી પરસ્તેશ કરે.

તેમજ જે કોઈ શખ્સની ચીઝો કે તેણે ઝબરદસ્તીથી લૂટી લીધી હશે તે ચીઝો તેને પાછી અપાવીશ.

જો કોઇનો ઘોડો કોઇની ખેતીને ખરાબ કરશે અથવા મેવાનાં ઝાડને ૨૧૬
નુકસાન પુગાડશે,

તો પછી તે ગમે એવો સરફરાઝ સવાર હશે અથવા એક ઉતરતી પદવીનો સવાર હશે-તોયે તેનો એક વર્ષ સુધી કયદખાનામાંથી છુટકારો થશે નહીં.

મારી મેહનતના બદલામાં મને આટલું બસ કે આ શેકારગાહમાંથી મને મારો શેકારનો હિસ્સો મળ્યો-હવે ખુશી થતો રાજધાની શેહર તરફ રવાના થઇશ."

જઝ અને બરફૂહના વેપારીઓની સંખ્યાના બે ભાગ જેટલા લોકો રાજધાની તરફ ગયા.

જે તરફ કે શાહી લશ્કર હતું તે તરફનો ભાગ જાણે ચીનનું બાઝાર બની ગયો.

રફતને બહ્રામ્ બનખ્ચીરે ગૂરાન્ વ હુનરૂ નમૂદન્ પીશે સરૂદારાન્ વ બાઝ્ આમદનશ્ બબગ્દાદ્ વ એસ્તખ્રૂ.

બેહરામનું ગોરખરના શેકારે જવું અને તેણે સરદારોની નઝદીક હુનર બતાવવો અને તેનું બગદાદ અને એસ્તખ્રમાં પાછું આવવું.

દેગરૂ રૂઝ ચૂન તાજ બેન્મૂદ હૂરૂ
જહાન્દારૂ શુદ સૂએ નખ્ચીરે ગૂરૂ
કમાન્રા બઝેહ્ બરૂ નેહાદહ્ સેપાહ્
પસે લશ્કરૂ અન્દરૂ હમી રાન્દ શાહ્
ચુનીન્ ગોફ્ત કાન્ કૂ કમાન્રા બદસ્ત
બમાલદ કુશાયદ બઅન્દામે શસ્ત
નબાયદ ઝદન્ તીરૂ જોઝ બરૂ સોરૂન્
કે અઝ સીનહ્ પયકાનશ આયદ બેરૂન્
યકી પહ્લવાન્ ગોફ્ત કય શહરૂયારૂ
નેગહ્ કુન્ બદીન્ લશ્કરે નામદારૂ
કે બા કીસ્ત ઝીન્ ગૂનહ્ તીરો કમાન્
બદ્અન્દીશ યા મેહ્ નીકી ગમાન્
મગરૂ બાશદ ઈન્ અઝ કુશાદે બરત
કે જાવીદ બાદા સરો અફસરત
ચુ તુ તીરૂ ગીરીઓ શમ્શીરો ગોરૂઝ
અઝાન્ ખુસ્રવી ફરૂરો બાલાઓ બોરૂઝ
હમી લશ્કરે શાહ્ દારન્દ શરૂમ
બતીરો કમાન્ બરૂ શવદ દસ્ત નરૂમ
ચુનીન્ દાદ પાસોખ કે ઈન્ ઇઝદીસ્ત
ગરૂ ઊ બુગ્સેલદ ઝૂરૂ બહ્રામ કીસ્ત

બીજે દિવસે જ્યારે આફતાબે પોતાનું તાજ બતાવ્યું-ત્યારે પાદશાહ ગોરખરના શેકાર માટે ગયો.

સઘળાં લશ્કરે કમાનનો ચિલ્લો ચઢાવેલો હતો-અને તે લશ્કરની પૂઠે પાદશાહ ચાલતો હતો.

બેહરામે કહ્યું કે "જે કોઇ કમાનને પોતાના હાથે-સરખી કરે અને પછી તીર ફેંકે,

તેણે તે તીર તેનાં કુલાં સિવાય બીજે કશે મારવો નહીં-તે એમ કે તેનું પયકાન તેની છાતીમાંથી બાહેર નીકળી આવે."

ત્યારે એક પેહલવાન બોલ્યો કે "ઓ પાદશાહ!-તું આ નામીચાં લશ્કર ઉપર નેગાહ કરી જો,

કે એવી રીતનો તીર કમાન ચલાવનાર શખ્સ કોણ છે?-પછી તે ૨૧૭
દોસ્ત હોય કે દુશ્મન હોય.

મગર તું જેવા ફરાખ સીનાવાળાથીજ એવું બને-હમેશ તારૂં સર અને તાજ કાયમ રહેજો!

જ્યારે પણ તું તીર, ગુર્ઝ કે તલવાર હાથ ધરે છે-ત્યારે તારા શાહી દબદબા, કદ અને દેખાવથી,

તમામ લશ્કર શર્મિંદુ બની જાય છે-અને તીર કમાન ઉપર તેનો હાથ નરમ થઈ જાય છે."

પાદશાહે એવો જવાબ દીધો કે "એ તો ખોદાઇ બક્ષેશ છે-અગરજો તે સાહેબ મારૂં કૌવત તોડી નાખે તો પછી બેહરામ શું ચીઝ છે?"

બરૂ અન્ગીખ્ત શબ્દીઝ બહુરામ ગૂરૂ
ચુ નઝદીક શુદ બા યકી નરરહ ગૂરૂ
ચુ આમદ બેહ હન્ગામ ખુફ્‌શાદ શસ્ત
બરે ગૂરે નરૂ બા સોફ્‌નશ બેબસ્ત
હમાનગહ કે ગૂરૂ અન્દરૂ આમદ બસરૂ
બેરફ્તન્દ ગોર્દાને ઝરીન્ કમરૂ
શેગેફ્ત અન્દરૂ આન્ ઝખ્મે ઊ માન્દન્દ
યકાયક બરૂ ઊ આફ્રીન્ ખાન્દન્દ
કસી પરૂરો પયકાને તીરશ નદીદ
બબાલાએ આન્ ગૂરૂ શુદ નાપદીદ
૨૧૮ સવારાને જન્ગીઓ મર્દાને કીન્
નેહાદન્દ સરૂ પીશે ઊ બરૂ ઝમીન્
બદ્દ પહુલવાન્ ગોફ્ત કય શહરૂયારૂ
મબીનાદ ચશ્મત બદે રૂઝગારૂ
સવારી તુઓ મા હમહ બરૂ ખરીમ
હમ અઝ ખરૂ સવારી બરત કમતરીમ
બદ્દ ગોફ્ત શાહ ઈન્ ન તીરે મનસ્ત
કે પીરૂઝગરૂ દસ્તગીરે મનસ્ત
કેરા પોશ્તો યાવરૂ જહાન્દારૂ નીસ્ત
અઝ ખારૂ તરૂ દરૂ જહાન ખારૂ નીસ્ત
બરૂઅન્ગીખ્ત આન્ બારૂકશરા ઝે જાય
તો ગોફ્તી શુદ આન્ અસ્પ પરૂરાન્ હોમાય
યકી ગૂરૂ પીશ અન્દરૂ આમદ દેલીરૂ
હમાન્ ગહ બશમ્શીરૂ યાઝીદ શીરૂ
બેઝદ તીધો કર્દેશ બદ્દ ગૂનહ રાસ્ત
ન ઈન્ નીમહ અફ્ઝૂન ન ઈન્ નીમહ કાસ્ત
રસીદન્દ નઝદીકે ઊ મેહતરાન્
સરફ્રાઝો શમ્શીરૂ ઝન્ કેહતરાન્
ચુ આન્ ઝખ્મ દીદન્દ બરૂ પોશ્તે ગૂરૂ
ખેરદમન્દ ગોફ્ત ઈનત શમ્શીરો ઝૂરૂ
૨૧૯ મબીનાદ ચશ્મે બદ ઈન્ શાહરા
નમાનદ મગરૂ બરૂ ફલક માહરા
સરે મેહતરાને જહાન્ ઝીરે ઊસ્ત
ફલક ઝીરે પયકાનો શમ્શીરે ઊસ્ત
સેપાહ અઝ પસે ઊ હમી તાખ્તન્દ
બેયાબાન ઝે ગૂરાન્ બેપર્દાખ્તન્દ
બેફરમૂદ તા હલ્કએ ઝરૂ કુનીદ
બદાન્ હલ્કહ બરૂ નામે ઊ બરૂ કશીદ
દરૂ અફ્ગન્દ દરૂ ગૂશે ગૂરે ચલહ
હમાન્ નીઝ બા દાઘ સીસદ ગલહ
રહા કરૂદ શાન્ અઝ પયે નામરા
હમાન્ અઝ પયે શાદીઓ કામરા
યકી મરૂદ બરૂ ગેર્દે લશ્કરૂ બેગશ્ત
કે યક તન મબાદ અન્દરીન્ પહન દશ્ત
કે ગૂરી ફ્રૂશદ બબાઝારૂગાન્
બદીશાન્ દેહન્દ ઈન્ હમહ રાયગાન્
ઝે બરૂફહ વઝ નામદારાને જઝ
બેઆર્દન્દ બેસ્યારૂ દીબાઓ ખઝ
બસી હદયહ આર્દન્દ નઝદીકે શાહ
બેઆર્દન્દ ઝી સર્વરાને સેપાહ

એટલું કહી બેહરામ ગૂરે શબ્દીઝ ઘોડાને દપટાવ્યો-અને જ્યારે તે એક નર ગોરખરની નઝદીક જઈ પહોંચ્યો,

ત્યારે લાગ જોઇને એવો તો તીર છોડયો-કે તે નર ગોરખરની છાતી અને કુલાં સાથે સીવી નાખ્યાં.

જેવું તે ગોરખર ઊંધે મસ્તક પડયું-કે તુરત સોનેરી કમરબંદવાળા પેહલવાનો ત્યાં ગયા.

તેઓ તેનો આવી રીતનો ઝખ્મ જોઈ અજબ રહ્યા-અને સઘળા તેની ઉપર આફ્રીન કરવા લાગ્યા.

કોઇએ પણ તેના તીરનાં પર અને પયકાન જોયાંજ નહીં-તે તો પેલા ગોરખરનાં શરીરમાં છુપાઈજ ગયાં હતાં.

લડાયક સવારોએ અને કીનેખાહ શખ્સોએ-પોતાનાં સર તેની નઝદીક ઝમીન ઉપર મૂકયાં.

એક પેહલવાને તેને કહ્યું કે "ઓ પાદશાહ!-તારી આંખ ઝમાનાની બદી જોતી ના!

ખરો ઘોડે સવાર તો તુંજ છે અમો તો સઘળા ગધેડા સવાર છિયે-બલ્કે તારી આગળ ગધેડા સવારો કરતાં પણ ઉતરતા છિયે"

પાદશાહ બોલ્યો કે "આ કાંઈ મારી તરફનો તીર નથી (યાને ખોદા તરફનો છે)-કારણકે તે ફતેહમંદ સાહેબ મારો દસ્તગીર છે.

જે કોઈ શખ્સનો મદદગાર ખોદાતાલા હોતો નથી-તો દુન્યામાં તેનાં કરતાં વધારે ખુવાર બીજો કોઇ નથી."

એમ બોલી તેણે ત્યાંથી ઘોડાને દપટાવ્યો-ગોયા તે ઘોડો ઉડતું હોમા પક્ષીજ બન્યું હતું.

તેવામાં એક ઝોરાવર ગોરખર તેની નઝદીક આવ્યું-કે તેજ વખત તે સિંહ મર્દે તલવાર ખેંચી.

અને એક તલવારનો ફટકો મારીને તેના એવા તો બે સરખા કકડા કીધા-કે નહીં આ ભાગ વધારે કે નહીં પેલો ભાગ ઓછો રહ્યો.

તેની નઝદીક સરદારો, સરફરાઝ લોકો અને તલવાર મારનારા સિપાહ લોકો આવી લાગ્યા.

જ્યારે તેઓએ ગોરખરની પીઠ ઉપરનો તે ફટકો જોયો-ત્યારે એક દાના શખ્સ બોલી ઉઠયો કે "આફ્રીન! આ તારી તલવાર અને તારા કૌવત ઉપર.

કોઇની બૂરી નઝર આ પાદશાહને જોતીજ ના!-આસ્માન ઉપરના માહતાબ સિવાય એ બીજા કોઇને મળતો આવતોજ નથી.

દુન્યાના પાદશાહોનાં સર તેના પગ નીચે છે-આસ્માન પણ તેની તીરનાં પયકાન અને તેની તલવાર હેઠળ છે."

હવે તેની પાછળ સઘળું લશ્કર દોડવા લાગ્યું-અને તે શિકારથી ભરેલું જંગલ ખાલી કરી નાખ્યું.

પછી પાદશાહે હોકમ કીધો કે "તમો થોડીક સોનાની કડીઓ બનાવો-તે કડી ઉપર પાદશાહનું નામ કોતરો."

તે કડીઓ તેણે છૂટાં ચરતાં ગોરખરના કાનમાં નાખી-તેમજ ત્રણસો ગોરખરનાં ટોળાંને પોતાનાં નામના ડામ દીધા.

ત્યાર બાદ પોતાની યાદગારી કાયમ રાખવા માટે તેમજ પોતાની ખુશી અને શોકને માટે તેઓને છોડી મૂકયાં.

પછી એક માણસ લશ્કરની આસપાસ ફર્યો-અને પોકાર કીધો કે "આ મોહોળા જંગલમાં એક શખ્સ પણ એવો ના હોતો,

કે કોઇ વેપારીને એક પણ ગોરખર વેચે-પણ તે સઘળાં તેઓને મુફતજ આપી દે."

હવે બરફૂહ અને જઝના નામદાર લોકો-રેશમી કપડાંના તાકા તેમજ બાલનાં ઊંચી બનાવટનાં કપડાં લઈ આવ્યા.

તેઓ પાદશાહની આગળ ઘણેક હદયો લઈ ગયા તેમજ લશ્કરના સરદારો માટે પણ લાવ્યા.

બેપેઝુરેફૂતો ફરૂમૂદ શાહ બાઝો સાવ
નખાહન્દ અગરૂ ચન્દ શાન બૂદ તાવ
વઝાન્ શહ્રૂહા હરૂ કે દર્વીશ બૂદ
વગરૂ નાનશ અઝ્ કૂશેશે ખીશ બૂદ
ઝે બખ્શીદને ઊ તવાન્ગરૂ શુદન્દ
બસી નીઝ્ બા તખ્તો અફૂસરૂ શુદન્દ
બશહ્રૂ અન્દરૂ આમદ ઝે નખ્ચીરૂગાહ
બયક્ હફ્તહ શુદ શાદમાન્ બા સેપાહ
બમયદાન્ બુદી બીશતરૂ બારૂગાહ
પેયાદહ બેરફૂતી બરે ઊ સેપાહ
બેરફૂતી ખુશ આવાઝ ગૂયન્દઈ
ખેરદમન્દો દર્વીશો જૂયન્દઈ
બેગોફૂતી કે અય દાદ ખાહન્દગાન્
બયઝ્દાન્ પનાહીદ અઝ્ બદ ગુમાન્
કસી કૂ નખોફૂતસ્ત બા રન્જે મા
અગરૂ નીસ્તીશ બહ્રહ અઝ્ ગન્જે મા
બમયદાન્ ખરામીદ તા શહ્રૂયારૂ
મગરૂ બરૂ શુમા નવ કુનદ રૂઝગારૂ
દીગરૂ હરૂકે પીરસ્તો બીકારો સોસ્ત
હમાન્ ગરૂ જવાનસ્ત ના તન્દુરોસ્ત
વગરૂ વામ દારદ કસી ઝીન્ ગોરૂહ
શુદહસ્ત અઝ્ બદે વામ ખાહાન્ સોતૂહ
વગરૂ બી પેદરૂ ફૂદકાનન્દ નીઝ્
અઝાન્ કસ કે દારદ નખાહન્દ ચીઝ્
બુવદ મામે ફૂદક્ નેહોફૂતહ નેયાઝ્
હમી દારદ આન્ તન્ગીએ ખીશ રાઝ્
વગરુ માયહ દારી તવાન્ગરૂ બેમોરૂદ
બદીન્ મરૂઝ્ ઝૂ ફૂદકાન્ માન્દ ખોરૂદ
કુનદ કારૂદારી બદાન્ ચીઝ્ રાય
નદારદ બદેલ્ તર્સો શરૂમ અઝ્ ખોદાય
સખુન ઝીન્ નેશાન્ કસ મદારીદ રાઝ્
કે અઝ્ રાઝ્દારાન્ મનમ બીનેયાઝ્
તવાન્ગરૂ કુનમ મર્દે દર્વીશરા
બદીન્ આવરમ જાને બદ્કીશરા
બેતૂઝીમ વામે કશી કશ દેરમ
નબાશદ દેલે ખીશ દારદ બધમ
દેગરૂ હરૂકે દારદ નેહોફૂતહ નેયાઝ્
બદૂ બરૂ કુશાયમ દરે ગન્જ બાઝ્
ચુ અઝ્ કારૂદારાન્ બુવદ રન્જ નીઝ્
કે ઊ અઝ્ પેદરૂ મોરૂદઈ ખાસ્ત ચીઝ્
કુનમ ઝેન્દહ બરૂ દારૂ બીદાદરા
કે આઝોરૂદ ઊ મરૂદે આઝાદરા
ઝે નખ્ચીરૂગહ સૂએ બગ્દાદ રફૂત
ખેરદ યાફૂતહ બા દેલી શાદ રફૂત
બેરફૂતન્દ ગરૂદનકશાન્ પીશે ઊય
ઝે બીગાનગાનો હમ અઝ્ ખીશે ઊય
બેફરૂમૂદ તા બાઝ્ ગરૂદદ સેપાહ
બેયામદ બકાખે દેલારાય શાહ
શબેસ્તાને બર્ઝીન્ બેયારાસ્તન્દ
પરસ્તન્દગાન્ સુરુદો મય ખાસ્તન્દ

પાદશાહે તે કબૂલ કીધો અને ફર્માવ્યું કે "અગર તે લોકો ગમે એટલો કર અને ખંડણી આપવા શક્તિમાન હોય તો પણ તેઓ પાસે કર નહીં લેવો." ૨૨૦

તે શેહરોમાં જે કોઇ કે ગરીબ હતા-અથવા મેહનત કરી પોતાનું પુરૂં કરતા હતા,

તેઓ પાદશાહની બક્ષેશથી તવંગર બન્યા-તેમજ ઘણાકો તો તખ્ત અને તાજ પણ મેળવવા પામ્યા.

તે શેકારગાહમાંથી પાદશાહ શેહરમાં આવ્યો-એક હફતા સુધી લશ્કર સાથ ખુશહાલ રહ્યો.

પાદશાહ ઘણીક મરતબે તે મયદાનમાં કચેરી ભરતો હતો-અને લશ્કરી લોકો તેની નઝદીક પેયાદા થઈ જતા હતા.

તેમજ છટાદાર બોલનારા, વિદ્વાન શખ્સો, મોહતાજો, ગરીબો પણ જતા હતા.

તે બોલતો હતો કે "ઓ ઈન્સાફ માગનારાઓ!-તમો તમારા દુશ્મનો સામે ખોદાની પનાહ માંગો.

જે કોઇ શખ્સ કે અમારે ખાતેર મેહનત કરતાં સૂતા નથી-અને જો તેને અમારા ખઝાનામાંથી તેની મેહનતનો બદલો મળ્યો નહીં હોય,

તો તમો આ મયદાનમાં આવો કે પાદશાહ-તમારો દહાડો ફેરવશે.

વળી જે કોઇ કે બુઢ્ઢો હોય, બેકાર બનેલો હોય અને નબળો પડેલો હોય-તેમજ કોઇ જવાન દુ:ખથી અશક્ત બનેલો હોય,

અગર આ લોકોમાંથી કોઇ કર્ઝદાર હોય અને માગનારની પીડાથી કંટાળી ગયો હોય, ૨૨૧

અગરજો કોઈ બાપ વગરનાં બચ્ચાં હોય-અને કોઇ દઉલતમંદ પાસેથી કાંઇ માગી શકતાં નહીં હોય,

અથવા બચ્ચાંની મા છુપી રીતે હાજતમંદ હોય-અને તે પોતાની તંગીને છુપાવી રાખતી હોય,

અથવા જો આ શેહરમાં કોઈ માલ મિલ્કત ધરાવનાર તવંગર મરી ગયો હોય-અને તેનાં નાના બચ્ચાં રહ્યાં હોય,

અને તેનો ટ્રસ્ટી પોતાનાં દિલમાં ખોદાનો ખોફ અને શર્મ રાખ્યા વગર તેના પૈસા પચાવી પાડવાનો વિચાર કરે,

તો એવી વાતની ખબર કોઇયે મારીથી છુપાવવી નહીં-કારણકે વાત છુપી રાખનારાઓની પરવા હું રાખવાનો નથી.

હું ગરીબ શખ્સોને તવંગર બનાવીશ-બુરી દીન પાળનારના આત્માને દીન ઉપર લાવીશ.

જેની પાસે પૈસા નહીં હોય અને પોતાનું દિલ ગમગીન રાખતો હોય તેનું કર્ઝ હું ભરપાઈ કરી આપીશ.

વળી જે કોઈ કે પોતાની હાજત છુપાવેલી રાખતો હશે-તેને માટે પણ હું ખઝાનાનો દરવાઝો ખુલ્લો કરીશ.

જો મારા દેશનો કોઇ કારભારી કોશેશ કરે-કે બાપ વગરના ફર્ઝંદ પાસેથી કાંઇ લાલચ લે,

તો તે ઝુલ્મગારને હું જીવતો ફાંસીએ ચઢાવીશ-કારણ તેણે સારાં માણસને દુ:ખ દીધું છે." ૨૨૨

હવે ડહાપણ મેળવેલો પાદશાહ બેહરામ તે શિકારગાહમાંથી ખુશહાલ દિલ સાથ બગદાદ શેહર તરફ ગયો.

જ્યાં પેહલવાનો, તેમજ પારકા અને પોતીકા ખેશીઓમાંથી ઘણાકો તેની નઝદીક આવ્યા.

પછી ત્યાંથી પણ તેણે લશ્કરને પાછું ફરવાનો હોકમ કીધો-અને પાદશાહ પોતાના દિલારાય મેહલમાં પાછો આવ્યો.

પેલું બર્ઝીનવાળું હરમ તૈયાર કરવામાં આવ્યું-અને દાસીઓ ખુશબો અને મય માગવા લાગી.

બુતાન્ ચામહો ચન્ગ્ બર્ સાખ્તન્દ
કે બીગાનહ્ અચવાન્ બેપર્દાખ્તન્દ
ઝે રૂદો મયો નાયો બાન્ગે સોરૂદ
હવારા હમી દાદ ગરદુન્ દોરૂદ
બહર્ શબ્ ઝે હર્ હુજરએ દસ્તબન્દ
બેઓરૂદન્દ તા દેલ્ નદારદ નેઝન્દ
દો હફ્તહ્ હમી બૂદ દેલ્ શાદમાન્
દરે ગન્જ્ બુકુશાદ રૂઝો શબાન
દેરમ દાદો આમદ બશહ્રે સેતખર્
બસર્ બર્ નેહાદ આન્ કઈ તાજે ફખર્
૨૨૩ શબેસ્તાને ખર્રૂશાદ દર્ બાઝ કરૂદ
બુતાન્રા ઝે ગન્જો દેરમ સાઝ કરૂદ
બમુશ્કૂએ ઝરૂરીન્ હરાન્ કસ કે તાજ
નબૂદશ બઝીર્ અન્દરૂન્ તખ્તે આજ
અઝાન્ શાહે ઈરાન્ ફેરાવાન્ ઝકીદ
બર્ આશોફ્તો અઝ રૂઝબેહ્ લબ્ ગઝીદ
બદ્ ગોફ્ત મન્ બાઝે રૂમો ખઝર્
બદીશાન્ દેહમ ચૂન્ બેયાયદ બદર્
હમ અક્નૂન્ બખર્વાર્ દીનાર્ ખાહ્
ઝે ગન્જે રયો એસ્ફહાન્ બાર્ ખાહ્
શબેસ્તાન્ બદીન્ગૂનહ્ વીરાન્ બુવદ
ન અઝ અખ્તરે શાહે ઈરાન્ બુવદ
ઝમીન્રા બદીબા બેયારાસ્તન્દ
ઝે હર્ કેશ્વરી બાઝે નવ્ ખાસ્તન્દ
બદીન્ગૂનહ્ યક્ ચન્દ ગીતી બેખરૂદ
ન રઝ્મો ન રન્જો ન નન્ગો નબરૂદ

પારકાઓથી તે મેહલ ખાલી કીધો-અને પેલી પૂતળીઓએ ગીત અને મોરચંગ વાજન્તર ચાલું કર્યું.

તમ્બુરા, મય, વાંસળી અને ગાયનના સુરોદથી ગોયા આસ્માન પણ હવાને દુઆ દેતું હતું.

રાતે નાચનારી અઉરતોને પાદશાહ આગળ નાચ કરવા લઈ જવામાં આવતી હતી જેથી તે ખુશી રહે.

તે બે હફતા સૂધી એ પ્રમાણે ખુશહાલ દિલે રહેવા લાગ્યો-તેણે રાત દહાડો ખઝાનાનો દરવાઝો પણ ખુલ્લો રાખ્યો હતો.

તેણે સઘળાને પૈસા આપ્યા અને પછી પોતે એસ્તખ્ર શેહરમાં આવ્યો-અને મોટાઇ આપનારૂં પાદશાહી તાજ સર ઉપર મેલ્યું.

ત્યાં ખર્રાદવાળાં ઝનાનખાનાના દરવાઝા ખુલ્લા કીધા-અને ત્યાંની નાઝનીનોને ખઝાનો અને દિરમ આપ્યા.

તે સોનેરી ઝનાનખાનામાં જે કોઇ નાઝનીનને માટે પેહેરવાનું તાજ-અને બેસવાને માટે હાથીદાંતનું તખ્ત નહીં હતું,

તે માટે ઇરાનનો પાદશાહ ઘણો બડબડયો-તેમજ ગુસ્સે થઇ રૂઝબેહ માટે પોતાના હોઠ કરડયા.

અને તેને કહ્યું કે "હું રૂમ અને ખઝરના મુલકનું મેહસૂલ જ્યારે વસૂલ થાય છે-ત્યારે તે સઘળું તેણીઓનેજ આપી દઉં છું.

માટે હમણાજ એક ખરવાર દીનાર મંગાવ-અને તે રય અને એસ્ફહાનના ખઝાનામાંથી ભરી મંગાવ.

મારૂં ઝનાનખાનું આવું કંગાળ રહે તો તે ઈરાનના પાદશાહનાં નસીબને છાજતું નહીં કહેવાય."

તેના નોકરોએ ભોંય ઉપર રેશમી ગલીચાઓ પાંથર્યા-દરેક મુલકમાંથી નવો કર વસૂલ કીધો.

એવી રીતે તેણે કેટલોક વખત સૂધી દુન્યામાં મોજમઝાહ કીધી-લડાઇ, સંકટ કે દુઃખ કાંઇ હતુંજ નહીં.

લશ્કર્ કશીદને ખાકાને ચીન્ બજન્ગે બહ્રામ્ વ ઝેન્હાર્ ખાસ્તને ઇરાનેયાન્ વ ઝીરે ફર્માને ખાકાન્ શુદન્.

—:૦:—

પસ આગાહી આમદ બહેન્દો બરૂમ
બતુર્કો બચીનો બઆબાદ બૂમ
કે બહ્રામરા દેલ્ બબાઝીસ્ત બસ
કસીરા બગીતી નદારદ બકસ
૨૨૪ તલાયહ્ નયો દીદ્બાન્ નીઝ નય
બમર્ઝ અન્દરૂન્ પહ્લવાન્ નીઝ નય
બબાઝી હમી બુગ્ઝરાનદ જેહાન્
નદાનદ હમી ઝારકારો નેહાન્
ચુ ખાકાને ચીન્ ઈન્ સુખુન્હા શનીદ
ઝે ચીનો ખોતન્ લશ્કરી બર્ ગુઝીદ
દેરમ દાદો સર્ સૂએ ઈરાન્ નેહાદ
કસીરા નેયામદ ઝે બહ્રામ યાદ

ખાકાને ચીનનું બેહરામની લડાઈ માટે લશ્કર ખેંચવું અને ઇરાનીઓએ પનાહ માગવી અને ખાકાનના તાબા હેઠળ જવું.

—:૦:—

હવે હિંદુસ્તાન, રૂમ, તુર્કેસ્તાન, ચીન અને બીજા આબાદ મુલકોમાં ખબર પડી,

કે "બેહરામનું દિલ તો બસ રમત ગમતમાં લાગ્યું છે-તે દુન્યામાં કોઇને કાંઈ સમજતોજ નથી.

તેનું તલાયા લશ્કર નથી તેમજ કોઇ ચોકીબાનો પણ નથી-વળી પોતાના મુલકમાં કોઈ પેહલવાન પણ નથી.

તે સઘળા દેશને રમત ગમતમાં છોડી દે છે-પોતે ઝાહેર કે ખાનગી કારોબારની કાંઈ પણ ખબર રાખતો નથી."

જ્યારે ખાકાને ચીને આવી રીતની ખબરો સાંભળી-ત્યારે ચીન અને ખોતનમાંથી એક ચુનંદું લશ્કર ચુંટી કાઢયું.

અને તેઓને પગાર આપી ઈરાન તરફ ચાલ્યો-કોઇયે પણ બેહરામની દરકાર કીધી નહીં.

વઝાન્ રૂએ કયસરૂ સેપહ્ બરૂ કશીદ્
હમહ્ કેશ્વરે રૂમ લશ્કરૂ કશીદ્
બઈરાન્ ચુ આગાહી આમદ્ ઝે રૂમ
ઝે હેન્દો ઝે ચીનો ઝે આબાદ બૂમ
કે કયસરૂ સેપહ્ કર્દો લશ્કરૂ કશીદ્
ઝે ચીનો ખોતન્ લશ્કરૂ આમદ્ પદીદ્
ઝે ઈરાન્ ઝમીન્ હરૂકે બુદ્ પીશરવ
કોહન્ ગવ્ અગરૂ અઝ્ દેલીરાને નવ
હમહ્ પીશે બહ્રામ ગૂરૂ આમદન્દ
પુરૂ અઝ્ ખેશ્મો પયકારો શૂરૂ આમદન્દ
બેગોફ્તન્દ બા શાહ્ ચન્દી દુરોશ્ત
કે બખ્તે ફેરૂઝાનત બેન્મૂદ પોશ્ત
સરે શહ્રૂયારાન્ બરઝ્મ અન્દરસ્ત
તોરા દેલ્ બબાઝીઓ બઝ્મ અન્દરસ્ત
બચશ્મે તો ખારસ્ત તખ્તો કોલાહ્
હમાન્ શહ્રે ઇરાનો ગન્જો સેપાહ્
ચુનીન્ દાદ્ પાસોખ જહાન્દારૂ શાહ્
બદાન્ મૂબેદાને નુમાયન્દહ્ રાહ્
કે દાદારે ગયહાન્ મરા યાવરસ્ત
કે અઝ્ દાનેશે બરૂ તરાન્ બરૂતરસ્ત
બપીરૂઝીએ પાદ્શાહે બુઝોરૂગ્
મન્ ઈરાન્ નેગહ્દારમ્ અઝ્ ચન્ગે ગોરૂગ્
બબખ્તો સેપાહો બશમ્શીરો ગન્જ
ઝે કેશ્વરૂ બેગેર્દાનમ્ ઈન્ દર્દો રન્જ
હમી કરૂદ્ રામેશ બરાન્ હમ્ નશાન્
વઝ્ પુરૂ ઝે ખૂન્ દીદએ સરૂકશાન્
હમી ગોફ્ત હરૂકસ કે ઈન્ પાદ્શા
બેપીચદ્ દેલે મર્દુમે પારૂસા
દેલે શાહ્ બહ્રામ બીદારૂ બૂદ્
વઝાન્ આગહી પુરૂ ઝે તીમારૂ બૂદ્
હમી સાખ્ત ઊ કારે લશ્કરૂ નેહાન્
નદાનેસ્ત કસ રાઝશ અન્દરૂ જેહાન્
હમહ્ શહ્રે ઈરાન્ ઝે કારશ બબીમ્
વઝ્ અન્દીશગાન્ દેલ્ શુદહ્ બરૂ દો નીમ્
હમહ્ ગશ્તહ્ નઉમીદ્ અઝાન્ શહ્રૂયારૂ
તનો કદ્ખોદાઈ ગેરેફ્તન્દ ખારૂ
ચુ ખાકાન્ બનઝ્દીકે ઇરાન્ રસીદ્
ખબરૂ ઝૂ બશાહે દેલીરાન્ રસીદ્
જહાનજૂય ગોસ્તહ્મરા પીશ ખાન્દ
ઝે ખાકાનો લશ્કરૂ ફેરાવાન્ બેરાન્દ
કુજા પહ્લવાન્ બૂદો દસ્તૂરૂ બૂદ્
ચુ રઝ્મ આમદી પીશે ઊ સૂરૂ બૂદ્
દેગરૂ મેહ્રૂ પીરૂઝે બેહ્ઝાદરા
સેવુમ મેહ્રૂબર્ઝીને ખરૂરાદરા
ચુ બહ્રામે પીરૂઝે બહ્રામેયાન્
ખઝર્વાનો રોહ્હામે સાસાનેયાન્
યકી શાહે ગીલાન્ યકી શાહે રય
કે બેફ્શારૂદન્દી ગહે જન્ગ્ પય
દેગરૂ રાદ્ બર્ઝીને રઝ્મ આઝ્માય
કુજા ઝાબુલેસ્તાન્ બદ્ બુદ્ બપાય

પેલી તરફથી કયસરે પણ લશ્કર ખેંચ્યું-આખા રૂમના મુલકે લશ્કર એકઠું કીધું.

જ્યારે રૂમ અને હિંદુસ્તાનમાંથી તેમજ ચીન અને બીજા આબાદ મુલકમાંથી ઈરાનમાં ખબર આવી,

કે "કયસરે સિપાહો એકઠા કરીને લશ્કર ખેંચ્યું છે-તેમજ ચીન અને ખોતનથી લશ્કર આવતાં જણાય છે,"

ત્યારે ઇરાન ઝમીનમાં જે કોઇ કે સરદારો હતા-તેમજ આગળના પેહલવાનો અને હાલના બહાદુરો જે કોઇ કે હતા,

તેઓ સઘળાં ગુસ્સા ભરેલા લડાયક બનીને અને પોકાર ઉઠાવતા બેહરામ ગૂર આગળ આવ્યા.

અને પાદશાહને કેટલુંક સખત કહેવા લાગ્યા-કે "તારાં રોશન નસીબે હવે પીઠ દેખાડી છે.

બીજા પાદશાહોનાં સર લડાઇમાં ગુંતાયાં છે-અને તારૂં દિલ તો ૨૨૫
હજી રમત ગમત અને ખુશીની મજલેસમાં છે.

તારી નજરમાં આ તખ્ત, કોલાહ, તેમજ ઇરાન શેહર, તેનો ખઝાનો અને લશ્કર તુચ્છ છે."

પાદશાહે તે રાહ બતાવનાર વઝીરોને એવો જવાબ દીધો,

કે "દુન્યાનો નેગેહબાન સાહેબ કે જે મોટા મોટા વિદ્વાનોની દાનાઈ કરતાં પણ વધારે ચઢિયાતો છે (યાને તેઓના ધારવા કરતાં પણ તે સાહેબ મોટો છે),

તે મહાન પાદશાહની ફતેહમંદીનાં કૌવતે કરી-હું આપણા ઈરાન દેશને તે વરૂઓની ચુંગાલથી નેગાહ રાખીશ.

મારા ફતેહમંદ બખ્તથી તેમજ મારાં લશ્કર, હથિયાર અને મારા ખઝાનાથી-આ આપણા મુલક ઉપરથી આફત અને રંજ હું દૂર કરીશ."

પછી તે પાછો હમેશ માફક પોતાની ખુશી ખુશહાલી ચાલુજ રાખવા લાગ્યો-એવું જોઈ તેના પેહલવાનોની આંખો ખૂન ભરેલી બની.

દરેક જણ બોલવા લાગ્યો કે "આ પાદશાહ-પરહેઝગાર માણસોનાં દિલ દુઃખી કરે છે."

જો કે પાદશાહ બેહરામનું દિલ તો હુશ્યારજ હતું-અને આ સઘળી ખબરથી તે પોતે ગમગીનજ હતો.

અને પોતે છૂપાછૂપ લશ્કરનાં કામની તૈયારીજ કરતો હતો-તે માટે દેશમાં કોઇ પણ તેનો ભેદ જાણતો નહીં હતો.

જેથી આખું ઈરાન શેહર તેનાં કામથી ધાસ્તીમાં પડયું હતું-અને ૨૨૬
વિચારવંત લોકોનાં દિલ ધાસ્તીથી બે ટૂકડા થતાં હતાં.

સઘળાઓ તે પાદશાહથી ના ઉમેદ બન્યા હતા-અને પાદશાહને તેમજ તેનાં રાજ્યને ધિક્કારની નજરે જોતા હતા.

જ્યારે ખાકાન ઈરાનની છેક નઝદીક આવી પહોંચ્યો-અને તેની ખબર બહાદુરોના પાદશાહ બેહરામને પડી,

ત્યારે પાદશાહે દેશ જીતનાર ગોસ્તહમને પોતાની નઝદીક બોલાવ્યો-અને ખાકાન તેમજ તેનાં લશ્કર માટે ઘણીક વાતો કીધી.

કારણકે તે તેનાં લશ્કરનો સેપેહસાલાર તેમજ વઝીર હતો-અને જ્યારે તેની સામે લડાઇ આવતી ત્યારે તે તેને મનસે તો ખુશીની મજલેસ હતી.

બીજા બેહઝાદના છોકરા મેહર ફીરૂઝને-ત્રીજા ખરરાદના છોકરા મેહર બર્ઝીનને બોલાવ્યા.

તેમજ બેહરામીઆનના ફીરૂઝના બેટા બેહરામને-તથા સાસાનીઆન ખાન્દાનના ખઝર્વાન અને રોહામને બોલાવ્યા.

જેમાંનો એક ગીલાનનો અને બીજો રયના ઈલાકાનો પાદશાહ હતો-જેઓ લડાઈ વખતે મઝબૂતીથી ઉભા રહેતા હતા.

વળી લડાયક રાદ બર્ઝીનને-કે જે ઝાબુલેસ્તાનનો હાકેમ હતો.

હમાન્ નીઝ ચૂન્ કારનો બુરૂઝમેહુર્
હેગર્ દાદ્ બર્ઝીને આઝન્ગ્ ચેહુર્
૨૨૭ ગુઝીન્ કરૂદ્ અઝ્ ઈશનેયાન્ સદ્ હઝાર્
બે ર દ મ ન્દો શા યે સ્ત એ કા ર્ઝા ર્
બનર્સી કે બૂદ્ અઝ્ નેઝાદે પશીન્
બેરાદર્ બુદશ અવે પાક્ દીન્
સેપોરૂદ્ આન્ સવારાનો તખ્તો કોલાહ્
કે તા ગન્જો કેશવરૂશ દારદ્ નેગાહ્
પઝીરોફૂત નર્સીએ આઝાદ્ ચેહુર્
કે હમ ફરૂરો દીન્ દાશ્ત હમ ચેહુરે મેહુર્
હમોદૂન્ ઝે લશ્કર્ ગુઝીન્ કરૂદ્ મરૂદ્
સવારાને શાયેસ્તહ્ રૂઝે નબરૂદ્
દો રહ્ શશ હઝાર્ આઝ્મૂદહ્ સવાર્
ઝેરેહ્ દાર્ બા ગોર્ઝએ ગાવસાર્
વઝાન્ જાયગહ્ લશ્કર્ અન્દર્ કશીદ્
સુએ આઝર્ આબાદગાન્ બર્ કશીદ્
ચુ અઝ્ પારૂસ લશ્કર્ ફેરાવાન્ નબોરૂદ્
ચુનીન્ બૂદ્ નઝદે બુઝોર્ગાનો ખોરૂદ્
કે અઝ્ જન્ગ્ બુગ્રીખ્ત બહુરામ શાહ્
વરા સૂએ આઝર્ ગોશસ્પસ્ત રાહ્
ચુ બહુરામ સર્ સૂએ આઝર્ નેહાદ્
રસૂલી બેયામદ્ ઝે કયસર્ ચુ બાદ્
૨૨૮ બકાખીશ નર્સી ફેરૂદ્ આવરીદ્
ગેરાન્માયહ્ જાઈ ચુનાન્ ચૂન્ સઝીદ્
સુએ મૂબેદાન્ મૂબેદ્ આમદ્ સેપાહ્
બઆગાહ્ બૂદન્ ઝે બહુરામ શાહ્
કઝીન્સાન્ હમી ગન્જ્ બેપ્રાગનદ્
ચેરા હમચુ શાહાન્ ન ગન્જ્ આગનદ્
બહર્ જાય ઝરૂરા ફેશાનદ્ હમી
કે ઊ અર્ઝે ઝરૂરા નદાનદ્ હમી
પરાગન્દહ્ શહુરીઓ હમ લશ્કરી
હમી જોસ્ત હરૂકસ રહે બેહુતરી
વઝાન્ પસ ચુ ગોફૂતારૂહા શુદ્ કોહન્
બરાન્ બર્ નેહાદન્દ્ યકૂસર્ સોખન્
કઝ્ ઈરાન્ યકી મરૂદ્ બા આફરીન્
ફેરેસ્તન્દ્ નઝ્દીકે ખાકાને ચીન્
કે પીશ અઝ્ બદો ધારતો તાખ્તન્
ઝે હરૂગૂનઈ બાયદ્ અન્દાખ્તન્
મગર્ બૂમે ઈરાન્ બેમાનદ્ બજાય
ચુ અઝ્ ખાનહ્ આવારહ્ શુદ્ કદખોદાય
ચુનીન્ ગોફૂત નર્સી કે ઈન્ રૂય નીસ્ત
મરીન્ આબ્રા દર્ જહાન્ જૂય નસ્ત
૨૨૯ કે ઝેન્હાર્ ખાહમ મન્ અઝ્ શાહે ચીન્
બ્પીલાનો લશ્કર્ બેપૂશમ્ ઝમીન્
સેલીહસ્તો ગન્જસ્તો મર્દાને મરૂદ્
કઝ્ આતેશ બખન્જર્ બર્ આરન્દ્ ગરૂદ્
ચે નઉમીદી આમદ્ ઝે બહુરામ શાહ્
ગર્ ઊ રફૂત બા ખારૂમાયહ્ સેપાહ્
કે અન્દીશએ તાન્ ચુનીન્ ગશ્ત બદ્
ગર્ અન્દીશએ બદ્ કુની બદ્ રસદ્

તેમજ કારન અને બુઝંમેહરને-વળી કરડા ચેહરાના દાદ બર્ઝીનને બોલાવ્યા.

પછી ઈરાનીઓમાંથી બાહોશ અને લડાઇને લાયકના એક લાખ સવારો ચુંટી કાઢયા.

અને પશીનની બુન્યાદનો નર્સી-કે જે પાક દીનના પાદશાહ બેહરામનો ભાઇ હતો તેને,

તે સવારો, તખ્ત અને તાજ સોપી આપ્યું-કે જેથી તે તેના ખઝાના અને મુલકની સંભાળ રાખે.

દમામદાર ચેહરાના નર્સીએ તે સઘળું કબૂલ રાખ્યું-કારણકે તે ખોરેહ ધરાવનાર, દીનદાર તેમજ માયાળુ ચેહરાનો હતો.

તેવીજ રીતે બેહરામે પોતાનાં લશ્કરમાંથી લડાઇને લાયકના બહાદુર સવારો ચુટી કાઢયા.

અને તેમાં ગાયની સૂરતના ગોર્ઝ સાથના બખ્તર પેહેરનારા અને અનુભવી બાર હઝાર સવારો લીધા.

ત્યાંથી તે લશ્કરને બાહેર કાઢીને-આઝર આબાદગાન (આઝર બાઈજાન) તરફ તે રવાના થયો.

જ્યારે પાર્સમાંથી પાદશાહ વધારે લશ્કર નહીં લઇ ગયો-ત્યારે નાના અને મોટા લોકો એમ સમજ્યા,

કે "પાદશાહ બેહરામ લડાઈથી બીહને નાસી ગયો છે-અને તેણે આઝર ગોશસ્પનાં આતશકદેહનો રસ્તો લીધો છે."

હવે જ્યારે બેહરામે આઝર આબાદગાન તરફ ચાલવા માડયું-ત્યારે કયસર તરફથી શેતાબી કરતો એક એલચી ત્યાં આવી લાગ્યો.

નર્સીએ તેને તેને લાયકના મોભાદાર મેહલમાં ઉતારો આપ્યો.

સઘળું લશ્કર વડા વઝીર આગળ પાદશાહ બેહરામ માટે ખબર પૂછવા આવ્યું.

તેઓ બોલવા લાગ્યા કે "તે પોતાનો ખઝાનો એવી રીતે સઘળો વેરી નાખે છે-શા માટે તે બીજા પાદશાહોની માફક ખઝાનો એકઠો નથી કરતો?

તે દરેક જગ્યાએ પૈસા ઉડાવતો ફરે છે-કારણકે તે પૈસાની કીમત પીછાનતોજ નથી.

આ શેહરના લોકો તેમજ લશ્કરીઓ સઘળા વીખરાઇ ગયા છે-અને દરેક જણ પોત પોતાનો બેહતરીનો માર્ગ શોધવા લાગ્યા છે."

જ્યારે એવી રીતે ત્યાં લાગ્બો વખત સૂધી ઘણીક તકરારો ચાલી, ત્યારે તે પછી-તેઓ આ એક વાત ઉપર એકમત થયા,

કે "ઇરાન તરફથી કોઈ નામીચા મર્દને-ખાકાન ચીનની નઝદીક મોકલવો.

કારણકે આફત, લૂટફાટ અને લડાઇ આવે તેની આગમચ-દરેક રીતના ઉપાયો લેવા જોઇયે.

જ્યારે આપણા ઘરનો માલેકજ ઘરમાંથી ગુમ થયો છે-ત્યારે એમ કર્યાથી કદાચ ઇરાનનો મુલક કાયમ રહેશે."

નર્સીએ તેઓને કહ્યું કે "આ વાજબી નથી-જેહાનમાં એવું કદી પણ બનનાર નથી,

કે હું ચીનના પાદશાહ પાસ પનાહ માગું-હું આપણા હાથીઓ અને લશ્કરોથી આ ઝમીન ઢાંકી નાખીશ.

આપણી પાસ હથિયાર છે, ખઝાનો છે અને વળી બહાદુર મર્દો મોજૂદ છે-કે જેઓ પોતાની તલવારે કરી આતશમાંથી પણ ધૂળ ઉડતી કરી શકે છે.

અગરજો શાહ બેહરામ થોડું જેવું લશ્કર લઇને ગયો છે, તો તેથી તમો એવા નિરાશ કેમ થઈ ગયા છો?

એવી રીતના તમારા વિચાર બૂરા કયારે થયા?-અગરજો તમો બૂરો વિચાર કરશો તો બૂરાઈજ પહોંચશે."

શનીદન્દ ઈરાનેયાન્ ઈન્ સખુન
યકી કબૂ્ પાસોખ્ ફેગન્દન્દ બુન
કે બહરામ અઝ્ ઈદર્ સેપાહી નબોરૂદ
કે મારા બદ્મ્ હેલ નબાયદ સેપોરૂદ
ચુ ખાકાન્ બઈરાન્ દર્ આયદ બજન્ગ્
નમાનદ બદીન્ બૂમે મા બૂયો રન્ગ્
બેકૂબન્દ માન્ ખીરહ દર્ ઝીરે પાય
સેપાહીઓ નર્સી નમાનદ બજાય
હમી ચારહ સાઝીમ્ તા જાએ મા
બેમાનદ ઝે બુન ગુસેલદ પાએ મા
યકી મૂબેદી બૂદ નામશ હોમાય
હોનરૂમન્દો બા દાનેશો પાકુ રાય
વરા બર્ ગુઝીદન્દ ઈરાનેયાન્
કે ઈન્ ચારહરા તન્ગ્ બન્દદ મેયાન્
નેવેશતન્દ પસ નામએ બન્દહ વાર્
અઝ્ ઈરાનેયાન્ નઝદે આન્ શહરૂયાર્
સરે નામહ ગોફતન્દ મા બન્દહ ઈમ્
બફર્માનો રાયત સર્ અફગન્દહ ઈમ્
ઝે ચીઝી કે ખીઝદ ઝે ઇરાન્ ઝમીન્
ફેરેસ્તીમ્ બા પૂઝેશો આફરીન્
હમાન્ નીઝ્ બા હદયહો બાઝો સાવ
કે બા જન્ગે ખુસવ નદારીમ્ તાવ
બેયામદ અઝ્ ઈરાન્ ખોજસ્તહ હોમાય
અબા નામદારાને પાકીઝહ રાય
પયામે બુઝોર્ગાન્ બખાકાન્ બેદાદ
દેલે શાહે તૂરાન્ અઝાન્ ગશ્ત શાદ
વઝાન્ જુરએશે તીઝ્ બહરામ શાહ
ગુરીઝાન્ બેશુદ તાઝેયાન્ બી સેપાહ
બપીશે ગેરાન્માયહ ખાકાન્ બેગોફત
દેલો જાને ખાકાન્ ચુ ગુલ બર્ શેગોફત
બતુર્કાન્ ચુનીન્ ગોફત ખાકાને ચીન્
કે કર્દીમ્ બર્ ચર્ખે ગર્દન્દહ ઝીન્
કે આવરૂદ બી જન્ગ્ ઈરાન્ બચન્ગ્
મગર્ મા બરાયો બહુશો દેરન્ગ્
ફેરેસ્તાદહરા ચીઝ્ બેસ્યાર્ દાદ
દેરમ દાદ બેસ્યારો દીનાર્ દાદ
યકી પાસોખે નામહ બેન્વેશ્તો ગોફત
કે બા જાને પાકાન્ ખેરદ બાદ જોફત
બદાન્ કાર્ ગશ્તીમ્ હમદાસ્તાન્
કે ગોફત ઈન્ ફેરેસ્તાદએ રાસ્તાન્
ચુ મન્ બા સેપાહ અન્દર્ આયમ્ બમરૂવ
કુનમ્ રૂએ કેશવર્ ચુ પરૂરે તઝરૂવ
બદાદો બરાયો બરન્ગો બબૂય
અબા શીર્ આબ્ અન્દર્ આરમ બજૂય
બેબાશીમ્ તા બાજે ઈરાન્ રસદ
હમાન્ હદયહો સાવે શીરાન્ રસદ
બમરૂવ આયમો રાસ્ત તર્ બુગ્ઝરમ
નખાહમ્ કે રન્જન્દ અઝ્ લશ્કરમ
ફેરેસ્તાદહ તાઝાન્ બઈરાન્ રસીદ
ઝે ખાકાન્ બેગોફત આન્ચે દીદો શનીદ

ઇરાનીઓએ આ વાત સાંભળી–એક બેહુદો જવાબ દીધો,

કે "બેહરામ અહીંથી કાંઈ લશ્કર લઇને ગયો નથી–કે આપણને આપણાં દિલ ગમમાં નાખવાં નહીં જોઇયે.

જ્યારે ખાકાન ઈરાન ઉપર લડાઇ લાવશે–ત્યારે આ આપણા મુલકની કાંઇ પણ શોભા રહેશે નહીં.

તેઓ શરમ ભરેલી રીતે આપણને પગ તળે કચડશે–અને આલ શકર કે તું નર્સી કાયમ રહેશે નહીં.

તેથી આપણે એવી યુક્તિ કરવા માગ્યે છિયે કે જેથી કરીને આપણી સર ઝમીન-કાયમ રહે અને આપણા રાજ્યનો પાયો બુનબેખથી ઉખડી જાય નહીં."

એક હોમા નામનો કીર્ત્તિ ભરેલો, ડહાપણવાળો અને સારી સમજ ધરાવનારો વઝીર હતો.

ઈરાનીઓએ તેને પસંદ કીધો–કે તેઓ તરફથી તે પોતાની કમર ૨૩૦
મઝબૂત બાંધે.

પછી તેઓએ ઈરાનીઓ તરફથી એક તાબેદારી ભરેલું નામુ ખાકાન ઉપર લખ્યું.

તેઓએ નામાની શુરૂઆતમાંજ લખ્યું કે "અમો તારા તાબેદાર છિયે-તારાં ફર્માન અને વિચાર ઉપરજ અમોએ સર નમાવેલાં છે.

જે ચીઝો કે ઈરાન ઝમીનમાં ઉપજ થાય છે–તે અમો આજેઝી અને દુઆ સાથે મોકલ્યા જઇશું.

તેમજ હદયો, ખેરાજ અને મેહસૂલ પણ મોકલ્યા જઇશું-કારણકે અમો પાદશાહ સાથે લડવાની તાકત ધરાવતા નથી."

પછી મુબારક હોમા ઈરાનથી પાકીઝેહ અકલના નામદારો સાથ આવ્યો.

તેણે ઈરાની બુઝોર્ગોનો પયગામ ખાકાનને પુગાડયો-તેથી તુરાનના પાદશાહનું દિલ ખુશહાલ થયું.

વળી શાહ બેહરામની ઉતાવળી હિલચાલ માટે–અને વગર લશ્કરે દોડતો કે ગયો તે માટે,

સરદાર ખાકાનની આગળ કહ્યું-જેથી ખાકાનનું દિલ અને જાન ગોલાબનાં ફૂલની માફક ખીલ્યો

ખાકાને ચીને તુર્કીઓને કહ્યું–કે "આજ આપણે ફરતા આસ્માન ઉપર ઝીન મૂકયું છે.

વગર લડાઇએ ઈરાનને કોણે તાબે કીધું છે?-સિવાય કે આપણે ૨૩૧
આપણી અકલે, ડહાપણે, કરી લીધું."

પેલા એલચીને ઘણીક ચીઝો આપી-તેને પુષ્કળ દિરમ અને દીનાર પણ આપ્યા.

નામાનો એક જવાબ લખ્યો જેમાં લખ્યું–કે "તમો પાક લોકોના જાન સાથ ડહાપણ જોડાલું હોજો!

તમો રાસ્ત લોકોના એલચીએ જે કાંઇ કહ્યું છે તે અમો સ્વીકાર્યે છિયે.

જ્યારે હું લશ્કર સાથ મર્વ શેહરમાં દાખેલ થઈશ–ત્યારે હું દેશને તુર્કી રાની મરઘાનાં પીછાં જેવો રંગબેરંગી બનાવી દઇશ.

મારી અકલથી, મારા ઇન્સાફથી અને મારા ઠાઠમાઠથી-નદીમાં પાણી સાથ દૂધ વહેતાં કરીશ.

અને ઇરાનનું ખેરાજ તેમજ તમો બહાદુર લોકો તરફનો હદયો અને મેહસૂલ મળે ત્યાં સુધી હું અત્રે થોભીશ.

હું મર્વમાં આવીશ અને પાછો સીધ્રોજ ચાલી જઈશ–મારાં લશ્કરથી કોઇ દુઃખી થાય એવું હું ચાહતોજ નથી."

પેલો એલચી દોડતો પાછો ઇરાન આવ્યો-તેણે ખાકાનથી જે કાંઈ સાંભળ્યું અને જોયું હતું તે સઘળું કહ્યું.

બમરૂવ અન્દર આવરૂદ ખાકાન સેપાહ
જહાન શુદ કે ગેર્દે સવારાન સેયાહ
૨૩૨ ચુ આસુદહ શુદ સર બખુર્દન નેહાદ
કસીરા નેયામદ કે બહુરામ યાદ
બમરૂવ અન્દર અઝ બાન્ગે ચન્ગો શેરાબ
કસીરા નબુદ હીચ આરામો ખાબ
સેપહરા બહર જાય કર્દહ યલહ
તલાયહ નયો ઇમન અઝ ઝલઝલહ
શેકારો મયો મજલેસો બાન્ગે ચન્ગ
નેશસ્તહ શબો રૂઝ ઈમન ઝે જન્ગ
હમી બાઝ અઝ ઇરાનેયાન ચશમ દાશ્ત
કે દીર આમદન શાન બદેલ ખશમ દાશ્ત

તેણે સઘળો દેશ રાસ્તીથી ભરપુર બનાવ્યો-તે પાદશાહથી શું નાના કે મોટા લોકો ખુશહાલ બન્યા.

જે કોઈ કે ઝાલેમ લોકો હતા તેઓને કશું પણ આપ્યા વગર ડપકા ભરેલા સખુનો કહીને દેશમાંથી દૂર કીધા.

ત્યાર પછી તેણે વઝીરોને એ પ્રમાણે કહ્યુ-કે "ઓ હુનર ભરેલા પાક દિલનાં દાનેશમંદો!

દુન્યાના ઝુલ્મી તેમજ ઇન્સાફી પાદશાહોનાં કામથી આપણે દરેક રીતે વાકેફ છિયે.

ઝુલ્મથી અને લોભથી ઘણાક પાદશાહોના હાથ હમેશ ખાલીજ રહ્યા છે (જેઓ આબાદ થયા નથી)-તેમજ તેઓને શરીરનું સુખ પણ મળ્યું નથી.

દેશ એવા બદ અંદીશોથી ધાસ્તીમાં હતો-અને ભલાં માણસોનાં દિલ તે ધાસ્તીથી બે ટૂકડા થતાં હતાં

તે વખતે દરેક જણે બૂરાઇ ઉપરજ હાથ લમ્બાવ્યો હતો-કોઇને પણ ખોદાઈ રાહની કોશેશ હતીજ નહીં.

દરેક જગ્યાએ દેવનાજ કામ પથરાયલાં હતાં-તેઓએ દુન્યાના સાહેબની ધાસ્તીથી દિલ તોડી નાખેલાં હતાં.

નેકી કરવાનો વિચાર, બૂરાઇનો હાથ-દાનેશમંદીનો દરવાઝો ઠોકવાનું કામ અને અકલ મેળવવાની કોશેશ,

એ સર્વનો જોખમ પાદશાહને માથે રહે છે-કારણકે નેકી અને બદી ખસૂસ કરીને તેનાથીજ ઉત્પન્ન થાય છે.

મારો બાપ કે જેણે ઝુલ્મ કરવા ઉપરજ હાથ લમ્બાવ્યો હતો-તે પવિત્રાઇવાળો અને દાનાઈ ભરેલો તેમજ યઝદાન પરસ્ત નહીં હતો.

તેનાં કામોને તમો ઘણાં અજબ જેવા ના સમજતા-કારણકે તેનાં રોશન દિલ ઉપર લોખંડી કાટ ચઢેલો હતો.

તમો જુઓ કે પાદશાહ જમશીદ અને કાઊસે-દેવની રાહ શોધી તેથી તેઓએ તેનો નતીજો શું જોગો?

મારા બાપે પણ એવીજ રીતનો તેઓનો માર્ગ એખ્તયાર કર્યો-અને પોતાના સીઆહ જીવને ડહાપણનાં પાણીએ સાફ કીધો નહીં.

જેથી તેની સઘળી રૈયત હયરાન થઈ-અને તેના આકળા સ્વભાવે કરી કેટલાકના જીવ પણ ગયા.

હવે તે ગુઝરી ગયો છે અને તેનું બૂરૂં નામજ રહી ગયું છે-તેને માટે કોઇ સારૂં બોલતું નથી.

તો પણ મારી તરફથી તો તેનાં રવાન ઉપર દુઆજ હોજો!-એવું કદી ના બનતું કે તેનું રવાન કીનો લેવાનો વિચાર કરે.

હવે જ્યારે હું તેનાં તખ્ત ઉપર બેઠો છું-ત્યારે બેશક તેનો માર્ગ બેહેશ્ત તરફનોજ થશે.

હું જેહાનના પયદા કરનારથી એવું ચાહું છું-કે તે સાહેબ મને ઝાહેર તેમજ છૂપી એવી શક્તિ બક્ષે.

કે જેથી હું રૈયત સાથે સુલેહ ભરેલો રહું-અને આ સીઆહ ખાકને ખાલેસ કસ્તુરી જેવી પમરતી કરૂં,

કે જ્યારે મારૂં શરીર સીઆહ ખાક સાથ મળી જાય-ત્યારે મારી તરફથી કોઈ પણ ઝુલ્મ જોયલો શખ્સ મારી દામન પકડે નહીં.

શુમા હમચુનીન્ ચાદરે રાસ્તી
બેપૂશીદ્ શુસ્તહ્ દેલ્ અઝ્ કાસ્તી
કે જોઝ્ મરૂગ્રા કસ ઝે માદર્ નઝાદ્
ઝે દેહ્કાનો તાઝીઓ રૂમી નેઝાદ્
બકેર્દારે શીરસ્ત્ આહન્ગે ઊય
નપીચદ્ કસી ગર્દન્ અઝ્ ચન્ગે ઊય
હમાન્ શીરે દરૂન્દહ્રા બેશકરદ્
ઝે દામશ્ તને અઝ્દહા નુગ્ઝરદ્
કુજા આન્ સરો તાજે શાહન્શેહાન્
કુજા આન્ બુઝોર્ગાનો ફરૂરોખ મેહાન્
કુજા આન્ સવારાનો ગર્દન્કશાન્
કઝીશાન્ નબીનમ્ બગીતી નશાન્
કુજા આન્ પરીચેહ્રગાને જેહાન્
કઝીશાન્ બુદી શાદ્ જાને મેહાન્
હરાન્ કસ કે રૂખ્ ઝીરે ચાદર્ નેહોફૂત
ચુનાન્ દાન્ કે ગશ્તસ્ત બા ખાક્ જોફૂત
હમહ્ દસ્તે પાકીઓ નીકી બરીમ્
જહાન્રા બકેર્દારે બદ્ નસ્પરીમ્
બયઝ્દાને દારન્દહ્ ફૂ દાદ્ ફર્
બતાજો બતખ્તો નેઝાદો ગોહર્
કે ગર્ કાર્દારી બયક્ મુશ્તે ખાક્
ઝેયાન્ જૂયદ્ અન્દર્ બલન્દો મધાક્
અગર્ નહ્ બેસૂઝમ્ બઆતેશ તનશ
કુનમ્ બર્ સરે દાર્ બર્ ગર્દનશ
વગર્ દર્ ગુઝશ્તહ્ ઝે શબ્ ચન્દ પાસ
બદુઝ્દદ્ ઝે દર્વીશ દુઝ્દી પલાસ
બતાવાનશ્ દીબા ફેરેસ્તમ્ ઝે ગન્જ
બેશૂયમ્ દેલે ધમકુનાન્રા ઝે રન્જ
વગર્ ગૂસ્ફન્દી બરન્દ્ અઝ્ રમહ્
બતીરહ્ શબો રૂઝ્ગારે દમહ્
યકી અસ્પે પુર્માયહ્ તાવાન્ દેહીમ
મબાદા કે બર્ વય સેપાસી નેહીમ
શુ બા દુશ્મનમ્ કાર્ઝારી બુવદ્
અઝાન્ જન્ગ્ ખસ્તહ્ સવારી બુવદ્
ફેરેસ્તમશ્ હર્ સાલહ્ ગન્જે દેરમ
નદારીમ ફર્ઝન્દે ઊરા દેઝમ
બદાદાર્ દારીદ્ યક્સર્ સેપાસ
કે ઊયસ્ત જાવીદો નીકી શેનાસ
બઆબો બઆતેશ મેયાઝીદ્ દસ્ત
મગર્ હીરૂબુદ્ મર્દે આતેશ પરસ્ત

મરીઝીદ્ હમ ખૂને ગાવાને વર્ઝ
કે નન્ગસ્ત અઝ્ ગાવ્ કોશતન્ બમર્ઝ
ઝે પીરી મગર્ ગાવ્ બીકાર્ ગશ્ત
બચશ્મે ખોદાવન્દે ખુદ્ ખાર્ ગશ્ત
નબાયદ્ ઝે બુન્ કોશ્ત ગાવે રહી
કે અઝ્ મર્ઝ બીરૂન્ શવદ્ ફરૂરહી

તમો પણ એવીજ રીતે રાસ્તીની ચાદર-ઓઢો અને જૂઠાંપણાંથી તમારાં દિલ ઘાયલાંજ રાખજો.

કારણકે દરેક જણ માતાને પેટથી મરણ માટેજ જન્મ લે છે-પછી તે ઇરાનનો ગરીબ ગામડિયો હોય, કે અરબી અથવા રૂમી બુન્યાદનો હોય.

મોતનો હમ્લો સિંહની મિસાલનો ઝોરાવર છે-કોઈ તેની ચુંગાલથી પોતાની ગર્દન બચાવી શકતું નથી.

તે તો ફાડી ખાનાર સિંહોનો પણ શિકાર કરે છે-તેના ફાંદામાંથી અઝદહાનું શરીર પણ છૂટકારો પામતું નથી.

કયાં ગયાં તે શેહનશાહોનાં સર અને તાજ! કયાં છે તે બુઝોર્ગો અને મુબારક સરદારો?

કયાં ગયા તે બહાદુર સવારો અને ગર્દનકશ નામદારો!-કે જેઓની કાંઇ પણ નિશાન હું દુન્યામાં હવે જોતો નથી?

કયાં ગઇ-તે દુન્યાની પરીચેહર અઉરતો!-કે જેણીઓથી સરદારોના જીવ ખુશહાલ રહેતા હતા?

જે કોઇએ કે કફનની ચાદર હેઠળ પોતાનો ચેહરો છૂપાવ્યો-તો તું એમજ સમજ કે તે ખાક સાથેજ મળી ગયો.

માટે આપણ પાકીઝેહ અને નેકીવાળા હાથ સાથ આ દુન્યામાંથી ૨૯૭
જઇશું-અને દુન્યામાં બૂરી ચાલ નહીં ચલાવીશું.

દુન્યાની સંભાળ રાખનાર યઝદાનના સઉગન્દ કે જે સાહેબે મને ખોરેહ બક્ષેશ કર્યું છે-મારાં તાજ, તખ્ત, અને મારી પાદશાહી બુન્યાદના સઉગન્દ,

કે અગર કોઈ મારો અમલદાર એક મુઠી માટી જેટલું પણ નુકસાન ધરતી ઉપર કે ધરતી નીચે કરશે,

તો અગર તેનાં તનને આતશમાં નહીં બાળીશ-પણ તેની ગર્દનને શૂળી ઉપર લટકાવીશ.

વળી જો થોડીક રાત જવા બાદ-અગર કોઈ શખ્સ ફકીર લોકોની કામળ ચોરી જશે,

તો તેના બદલામાં હું મારા ખઝાનામાંથી તેઓ માટે રેશમી કપડાં મોકલીશ-અને તે ગમ કરનારાઓનાં દિલ દુઃખથી ધોઇ નાખીશ.

અગર જો અંધારી રાતે અથવા બરફના તોફાનમાં કોઇનાં ગોસ્પંદનાં ટોળાંમાંથી એકુ ગોસ્પદ ચોરાઈ જશે,

તો તેના બદલામાં હું એક ઊંચી બુન્યાદનો ઘોડો તેને આપીશ-અને તેમ કરી તેની ઉપર ઉપકાર મેલીશ એવું કદી ના બનતું.

જ્યારે પણ મારા દુશ્મનો સાથ લડાઇ જાગશે-અને તે લડાઇમાં કોઈ મારો સવાર ઝખ્મી થશે,

તો તેને માટે હરસાલ દિરમનો ખઝાનો મોકલ્યા કરીશ-અને તેનાં ફર્ઝંદોને ગમગીનીમાં નહીં રાખીશ.

તમો સઘળા તે દાદારના શુક્રાના કરો-કારણકે તેજ સાહેબ જાવેદાન ૨૯૮
સૂધી રહેનારો છે અને નેકીની પિછાનનો કરનારો છે.

હીરબુદો જેઓ પવિત્ર આતશના ખિદમતગાર અને તેને જાળવનારા હોય છે તેઓ સિવાય-તમો બેહદીનોએ તમારો અપવિત્ર હાથ પવિત્ર પાણી અને આતશ આગળ લઇ જવો નહીં.*

તમો ખેતીવાડીના બળદોનું લોહી ના રેડતા-કારણકે દેશમાનાં ગાય ઢોર કાપવાં એ ઘણું શરમ ભરેલું છે.

સિવાય કે તે બળદ બૂઢાપાએ અશક્ત થઇ ગયો હોય-અને પોતાના ધણીની નજરમાં નકામો બન્યો હોય.

ભારબરદારી બળદને પણ કાપવા નહીં જોઇયે-કારણકે તેમ કીધાથી મુલકમાંથી આબાદી જતી રહે છે.

---

* આ બયતની મતલબ એટલીજ છે કે આતશકદેહોમાં ચાલતી ધર્મ ક્રિયાનાં પવિત્ર પાણી અને પવિત્ર કરેલા આતશને કોઈ પણ બેહદીન સાહેબોએ હાથ લગાડવો નહીં. એવીજ રસમ આજે પણ આપણી કોઉમમાં ચાલુ છે.

હમહ રાય બા મર્દે દાના જનીદ
દેલે ફુદકે બી પેદર મશકનીદ
અઝ અન્દીશએ દીવ બાશીદ દૂર
ગહે રઝમે દુશમન મજૂઈદ સૂર
અગર ખાહમ અઝ ઝીરૂદસ્તાન ખરાજ
જે દારન્દહ બીઝારમો તખ્તો તાજ
અગર બદ કુનેશ બુદ પેદર યઝદગેરદ
બપાદાશે આન દાદ કર્દીમ ગેરદ
હમહ દેલ બકેદારે ઊ ખશ કુનીદ
બઆઝાદી આહન્ગે આતશ કુનીદ
૨૬૯ બેબખશદ મગર કેર્દેગારશ ગુનાહ
જે દુઝખ બમીનો નુમાયદશ રાહ
કસી કૂ જવાનસ્ત શાદશ કનીદ
દેલે ઝીરૂદસ્તાને બુદ મશકનીદ
બપીરી બમસ્તી મેયાઝીદ દસ્ત
ન નીકૂ બુવદ પીરે બાદહ પરસ્ત
ગુનહગારે યઝદાન મબાશીદ હીચ
બપીરી બેહ આયદ બરફુતન પસીચ
ચુ ખુશનૂદ ગર્દદ જે મા દાદગર
ઘમે હસ્તીએ ફૂજે ફર્દા મખર
દેલે ઝીરૂદસ્તાને મા શાદ બાદ
સરે સરકશાન અઝ ઘમ આઝાદ બાદ
હમહ નામદારાન ચુ ગોફતારે શાહ
શનીદન્દો કર્દન્દ નીકૂ નેગાહ
હમહ દીદહ કર્દન્દ યકસર પુર આબ
અઝાન શાહે પુર દાનેશો ઝૂદ યાબ
ખોરૂશાન બરૂ આફરીન ખાન્દન્દ
વરા પાદશાહે ઝમીન ખાન્દન્દ

તમો સઘળી મસ્લહત દાના મર્દની સાથેજ કરજો-કોઈ બાપ વગરનાં બચ્ચાંનું દિલ ના તોડતા.

તમો એહરેમનના વિચારથી દૂર રહેજો-દુશ્મન સાથની લડાઇ વખતે મોજમઝાહ કરવા પડશો નહીં.

અગરજો હું મારી રૈયત પાસેથી મેહસૂલ માગું-તો તમો એમજ સમજજો કે હું ખોદાતાલાથી તેમજ તખ્તો તાજથી બેઝાર થઈ ગયો છું.

જો મારો બાપ યઝદગેર્દ બદકેદારનો હતો-તો તેના બદલામાં મેં સઘળે ઇન્સાફજ પાથર્યો છે.

માટે હવે તમો સઘળા તેનાં કામ ઉપર દિલ ખુશહાલ રાખો-અને તેનાં રવાનની આઝાદી માટે આતશના કેબ્લા સન્મુખ બંદગી કરી દુઆ ચાહો,

કે કદાચ ખોદાતાલા તેનો ગુનાહ માફ કરે-અને દોઝખ તરફથી તેને બેહેસ્તનો માર્ગ દેખાડે.

જે કોઇ જવાન શખ્સ હોય તેને તમો ખુશહાલ રાખો-તમારા હાથ હેઠળનાં લોકોનાં દિલ વટિક ના તોડો.

તમારા બુઢાપાનાં વખતમાં તમો શરાબની મસ્તી ઉપર હાથ ના લમ્બાવતા-કારણકે એક બુઢ્ઢો શખ્સ શરાબનો પૂજારી બને તે સારો લાગતો નથી.

કોઇ પણ રીતે તમો યઝદાનના ગુનેહગાર બનતા ના-તમારા બુઢાપામાં જવાની તૈયારી કરવી એજ ભલું છે.

જો આપણાથી દાદગર દાવર રાઝી હોય-તો પછી કયામતનો દિવસ આવશે તેની ચિન્તા રાખવી નહીં જોઇયે

મારી રૈયતનાં દિલ ખુશહાલ હોજો!--અને મારા સરદારોનાં સર ગમથી મોકળાં રહેજો!"

સઘળા નામદાર લોકોએ જ્યારે પાદશાહની આવી વાત-સાંભળી અને તેઓએ તેની ઉપર એક નઝર કીધી,

ત્યારે સઘળાઓએ તે દાનેશમંદ અને જલ્દીથી જ્ઞાન હાસેલ કરનાર પાદશાહને માટે પોતાની આંખ પાણી ભરી કીધી.

અને બુલંદ આવાઝે તેની ઉપર દુઆ કરી તેને "જેહાનનો પાદશાહ" કહેવા લાગ્યા.

રફતને બહરામ બા નામએ ખુદ નઝદે શન્ગલ પાદશાહે હેન્દુસ્તાન

વઝીરે ખેરદમન્દ બરૂપાય ખાસ્ત
ચુનીન ગોફત કય દાવરે દાદે રાસ્ત
૨૭૦ જહાન અઝ બદઅન્દીશ બીબીમ ગશ્ત
વઝીન મરૂઝહા રન્જો સખ્તી ગુઝશ્ત
મગર નામવર શન્ગલ અઝ હેન્દવાન
કે અઝ દાદ પીચીદહ દારદ રવાન
જે હેન્દુસ્તાન તા દરે મર્ઝે ચીન
જે દુઝદાન પુર આશૂબ દારદ ઝમીન
બઈરાન હમી દસ્ત યાઝદ બબદ
બદીન કાર તીમાર દારી સઝદ
તો શાહીઓ શન્ગલ નેગહબાને હેન્દ
ચેરા બાજ ખાહદ જે ચીનો જે સેન્દ
બર અન્દીશો તદબીરે ઊ બાઝ જૂય
નબાયદ કે ના ખૂબી આયદ બરૂય

બેહરામનું પોતાને નામનું નામુ લઇને હિંદનાં પાદશાહ શંગલની નઝદીક જવું.

પછી ડહાપણવાળો વઝીર ઉઠી ઉભો થયો-અને એ પ્રમાણે બોલવા લાગ્યો કે "ઓ રાસ્ત ઇન્સાફના ન્યાયાધીશ!

આ દેશ દુશ્મન લોકોથી ધાસ્તી વગરનો બન્યો છે-અને આ આપણા મુલકોમાંથી રંજ અને સખ્તી દૂર થઇ ગઇ છે.

પણ હિંદુ લોકોમાંથી નામચીન શંગલ-કે જે પોતાનો જીવ ઇન્સાફની રાહથી ફેરવેલોજ રાખે છે,

જેથી હિંદુસ્તાનથી તે છેક ચીનના મુલકની સરહદ સુધી-સઘળી ઝમીન ચોર લોકોથી ભય ભરેલી રહે છે.

અને ઈરાન ઉપર પણ તેઓ બદીના હાથ લમ્બાવે છે-માટે તને એ કામની ફિક્ર રાખવી જોઇયે.

તું મોટો પાદશાહ છે અને શંગલ તો હિંદનો હાકેમ છે-ત્યારે તે ચીન અને સિંધના મુલકમાંથી ખંડણી શા માટે માગે?

તું વિચાર કર અને તેનો કશો તોડ કાઢ-એવું નહીં થાય કે કાંઈ અણઘટતું બને."

ચુ બેશનીદ શાહુ ઈન્ પુરૂ અન્દીશહુ શુદ
જહાન્ પીશે ઊ ચૂન્ યકી બીશહુ શુદ
ચુનીન્ ગોફ્ત કીન્ કારૂ અન્દરૂ નેહાન્
બેસાઝમ નગૂયમ બકસ દરૂ જેહાન્
બતન્હા બેબીનમ સેપાહે વરા
હમાન્ રસ્મે શાહીઓ ગાહે વરા
શવમ પીશે ઊ ચૂન્ ફેરેસ્તાદગાન્
નગૂયમ બઈરાનો આઝાદગાન્
બશાન્ગલ્ તો અય મૂબેદે પાકૂ દીન્
યકી નામહુ બેચીસ બા મેહૂરો કીન્
બેશુદ પાકૂ દસ્તૂરે ઊ બા દબીરૂ
જોઝ ઈન્ નીઝ હરૂકસ કે બુદ નાગુઝીરૂ
બેગોફ્તન્દ હરગૂનહુ અઝ બીશો કમ
બેબાર્દન્દ કેરૂતાસો મુશ્કો કલમ
યકી નામહુ બેન્વેશ્ત પુરૂ પન્દો રાય
પુરૂ અઝ દાનેશો આફરીને ખોદાય
સરે નામહુ કરૂદ અઝ નુખોસ્ત આફરીન્
ઝે યઝદાન્ બરાન્ કસ કે જોસ્ત્ આફરીન્
ખોદાવન્દે હસ્તો ખોદાવન્દે નીસ્ત
હમહુ ચીઝ જોફ્તસ્તો ઈઝદ યકીસ્ત
ઝે ચીઝી કુજા ઊ દેહદ બન્દહુરા
પરસ્તન્દહો તાજ દારન્દહુરા
ફેઝૂન અઝ ખેરદ નીસ્ત અન્દરૂ જેહાન્
ફેરૂઝન્દએ કેહુતરાનો મેહાન્
હરાન્ કસ કે ઊ શાદ ગશ્ત અઝ ખરદ
જહાન્રા બકેર્દારે બદ નસ્પરદ
પશીમાન્ નશુદ હરૂકે નીકી ગુઝીદ
કે બદ ઝાબે દાનેશ નેયારદ ચશીદ
રહાનદ ખેરદ મરૂદરા અઝ બલા
મબાદા કસી દરૂ બલા મોબ્તલા
નુખોસ્તીન્ નેશાને ખેરદ આન્ બુવદ
કે અઝ બદ હમહુ સાલહુ તર્સાન્ બુવદ
બેદાનદ તને ખીશરા દરૂ નેહાન્
બચશ્મે ખેરદ જોસ્ત બાયદ જેહાન્
ખેરદ અફ્સરે શહરૂયારાન્ બુવદ
હમાન્ ઝીવરે નામદારાન્ બુવદ
તો અન્દાઝએ ખુદ નદાની હમી
રવાન્રા બખૂન દરૂ નેશાની હમી
અગરૂ તાજદારે ઝમાનહુ મનમ
બખૂબીઓ ઝેશ્તી બહાનહુ મનમ
તો શાહી કુની કાન્ બુવદ રાસ્તી
પદીદ આયદ અઝ હરૂ સુઈ કાસ્તી
ન આઇને શાહાન બુવદ તાખ્તન્
ચુનીન્ બા બદઅન્દીશગાન્ સાખ્તન્
નેયાએ તો મારા પરસ્તન્દહુ બૂદ
પેદરૂ પીશે શાહાને મા બન્દહુ બૂદ
કસ અઝ મા નબૂદહુસ્ત હમદાસ્તાન્
કે દીરૂ આમદી બાઝે હેન્દુસ્તાન્
નેગહુ કુન્ કુનૂન્ ફગ્ગે ખાકાને ચીન્
કે અઝ ચીન્ બેયામદ બઈરાન્ ઝમીન્

જ્યારે પાદશાહે એવું સાંભળ્યું ત્યારે તે અંદેશા ભરેલો થયો–અને તેની નજર આગળ જેહાન એક ગૂચવણ ભરેલી ઝાડી માફક બની.

તે બોલ્યો કે "આ કામ હું છૂપીજ રીતે–કરીશ અને દુન્યામાં કશું કોઇને જણાવીશ નહીં.

હું એકલોજ તેનાં લશ્કરની તેમજ તેની પાદશાહી રીતભાત અને તેનાં તખ્તની તપાસ લઈશ.

હું બીજા એલચીઓની માફક તેની નઝદીક જઈશ–અને એ વિષે ઈરાનના લોકોને કે કોઈ બીજા આઝાદ લોકોને કશું કહીશ નહીં.

માટે ઓ પાક દીનના વઝીર! તું તે શંગલ ઉપર–એક નમાસ ૨૭૧
ભરેલું તેમજ તુંદી ભરેલું નામુ લખ."

આથી તેનો પાક વઝીર પોતાના મુન્શી સાથ–તેમજ બીજા જે લોકો કે અગત્ય ધરાવતા હતા, તેઓ સાથ ગયો.

તેઓએ દરેક વાતનો વાદવિવાદ ચલાવ્યો–ત્યાં કાગઝ, સીઆહી અને કલમ લઇ જવામાં આવી.

કેટલીક શીખામણો, વિચારો અને ડહાપણથી ભરેલું તેમજ ખોદાતાલાની વખાણથી ભરેલું એક નામુ લખ્યું.

નામાની શુરૂઆતમાં જે દોઆને લાયક હતો તેની ઉપર તે ખોદાથી દોઆ કીધી,

કે "જે હસ્તીનો સાહેબ અને નીસ્તીનો માલેક છે–સઘળી ચીઝની જોડી હોઇ શકે છે પણ ખોદાતાલા જોડી વગરનો એકલોજ છે.

તે સાહેબ શું બંદાઓને અને નોકરોને કે શું તાજ ધરાવનારા પાદશાહોને જે જે ચીઝોની બક્ષેશ કરે છે તેમાંથી,

અકલ કે જે મોટા અને નાનાંઓનાં જીવને રોશન કરનારી છે, તેનાં કરતાં આ દુન્યામાં વધારે ચઢિયાતું કાંઇ નથી.

જે કોઇ શખ્સ કે અકલથી ખુશહાલ બન્યો–તે જેહાનને બૂરાં કામોથી લપેટતો નથી.

જે કોઇએ કે નેકીજ એખ્તયાર કીધી તેને પસ્તાવો થતોજ નથી–કારણકે અકલના ઝરામાંથી કોઈ ખરાબ પાણી પી શકતુંજ નથી.

અકલજ માણસને આફતમાંથી છોડવે છે–કોઈ પણ શખ્સ આફતના ૨૭૨
ફાંદામાં ફસી ના પડતું.

અકલની પહેલી નિશાન એજ છે–કે સઘળાં વર્ષ તે બદીથી બીહતો રહે છે.

પોતાનાં મનમાં માણસે વિચારવું જોઇયે–કે તે કોણ છે અને રાજપાટ જીતવાનું કામ અકલની આંખે કરવું જોઇયે.

અકલ એ પાદશાહોનું તાજ છે તેમજ નામદારી ભરેલા લોકોનો સણગાર છે.

તું તારો પોતાનો અંદાઝો સમજતો નથી–અને તારા જીવને લોહીમાં ખરડે છે.

જો આ ઝમાનામાં હું પાદશાહ છું–તો ભલાં ભૂંડાં કામોમાં મારોજ દાખલો લેજે.

તું પાદશાહી કરે તે કેવી રીતે વાજબી કહેવાય?–આથી તો દરેક તરફ ખરાબીજ ઝાહેર આવે છે.

લૂટને માટે હમ્લો કરવો તેમજ વળી ભૂંડાઓ સાથે કામ પાડવું એ પાદશાહોને સઝાવાર નથી.

તારા વડિલો અમારા તાબેદાર હતા–અમારા પાદશાહો આગળ તારો બાપ ગોલામ જેવો હતો.

હિંદુસ્તાનની ખંડણી લેવાનું કામ હું દીલમાં નાખું–તો તે વિચાર સાથ કોઈ પણ મળતું થવાનું નથી.

હવે તું ખાકાને ચીન કે જે ચીનથી ઈરાન ઝમીન ઉપર ચઢાઇ લઈ ૨૭૩
આવ્યો હતો, તેના હાલ જો.

બતારાજ દાદ આન્ કે આવર્દેહ બૂદ
બેપીચીદ અઝાન્ બદ કે ખુદ કર્દેહ બૂદ
ચુનાન્ હમ હમી બીનમ આઇને તૂ
હમાન્ પીચેશો ફરૂરહો દીને તૂ
મરા સાઝે જન્ગસ્તો હમ ખાસ્તહ
હમહ લશ્કરમ યકુદેલ્ આરાસ્તહ
તોરા બા દેલીરાને મન્ પાય નીસ્ત
બહેન્દ અન્દરૂન્ લશ્કરૂ આરાય નીસ્ત
તો અન્દરૂ ગુમાની ઝે નીરૂએ ખીશ
હમી પીશે દર્યા બરી જૂએ ખીશ
ફેરેસ્તાદમ ઈનક ફેરેસ્તાદઈ
સખુનગૂયો બા દાનેશ આઝાદઈ
અગરૂ બાઝ્ બેફૂરેસ્ત યા જન્ગ્રા
બેયારાઇઓ સખ્ત કુન તન્ગ્રા
ઝે મા બાદ બરૂ જાને આન્ કસ દોરૂદ
કે દાદો ખેરદ બાશદશ તારો પૂદ
ચુ ખત્ત અઝ નસીમે હવા ખુશ્ક ગશ્ત
નવીસન્દહ આન્ નામહરા દરૂ નવશ્ત
૨૭૪ બઅન્વાનશ બેન્વેશ્ત મર્દે દબીરૂ
ઝે શાહે જહાન્ ખુસ્રવે તીઝ વીરૂ
ખોદાવન્દે દઉલત ખોદાવન્દે ઝૂરૂ
જહાન્ગીરો બખ્શન્દહ બહરામ ગૂરૂ
કે તાજે કઈ યાફૂત અઝ યઝદગેરૂદ
બખોર્દાદ માહ અન્દરૂન્ રૂઝે એરૂદ
સેપહદારે મર્ઝો નેગહદારે બૂમ
સેતાનન્દએ બાઝે સકુલાબો રૂમ
બનઝદીકે શન્ગલ્ સેપહદારે હેન્દ
ઝે દર્યાએ કન્નૂજ તા મર્ઝે સેન્દ
ચુ બેન્હાદ બરૂ નામહ બરૂ મોહરૂ શાહ
બરૂ આરાસ્ત બા સાઝે નખ્ચીરૂગાહ
બલશ્કરૂ ઝે રાઝશ કસ આગાહ નહ
જોઝશ નામદારાનશ હમરાહ નહ
બેયામદ બદીનસાન્ બહેન્દુસ્તાન્
ગુઝશ્ત અઝ લબે આબે જાદુસ્તાન્
ચુ નઝદીકે અયવાને શન્ગલ્ રસીદ
દરો પર્દએ બારગાહશ બેદીદ
બરૂ આવરૂદઈ બૂદ સરૂ દરૂ હવા
બદરૂ બરૂ ફેરાવાન્ સેલીહો નવા
૨૭૫ સવારાનો પીલાન્ બદરૂ બરૂ બપાય
ખોરૂશીદને ઝન્ગો હેન્દી દરાય
શેગેફૂતી બદાન્ બારગાહ બરૂ બેમાન્દ
દેલશરા બઅન્દીશહ અન્દરૂ નેશાન્દ
ચુનીન્ ગોફ્ત બા પર્દહ દારાને ઉય
પરસ્તન્દહો પાયકારાને ઉય
કે અઝ નઝદે પીરૂઝ બહરામ શાહ
ફેરેસ્તાદહ અમ મન્ બદીન્ બારગાહ
હમ અન્દરૂ ઝમાન્ રફ્ત સાલારે બારૂ
ઝે પરદહ દવાન્ તા દરે શહરયારૂ
બેફરૂમૂદ તા પરદહ બરદાશ્તન્દ
બઅર્જશ ઝે દરગાહ બુગ્ઝાશ્તન્દ

તે જે કાંઈ અત્રે લાવ્યો હતો તે સઘળુ લૂટાવી દીધું હતું–અને જે બદી કે પોતે કીધી હતી તેથી દુઃખી થયો હતો.

તેવીજ હાલત, તેવીજ હઠીલાઈ, તેવોજ રોપ અને તેવોજ ધર્મ હું તારો જોઉં છું.

મારી પાસે લડાઇનો સઘળો અસ્બાબ અને પુરતો ખઝાનો પણ છે-મારૂં તમામ લશ્કર એકદિલ બની તૈયાર થયલું છે.

મારા પેહલવાનો સામે ઉભું રહેવાની તારામાં તાકત નથી-હિંદુસ્તાનમાં કોઈ લશ્કરનો સરદાર છેજ નહીં.

તું પોતાનાં કૌવત ઉપર મુસ્તાક રહેલો છે-અને એક બોહોળા દર્યા સાથ પોતાની નદીને સરખાવે છે.

જો સાંભળ, મેં આ એક અચ્છો બોલનારો ડહાપણવાળો અને સદગુણી એલચી મોકલી આપ્યો છે.

તેની પાસ યા તો ખંડણી મોકલી આપ યા તો લડાઇને માટેની–સઘળી તૈયારી કર અને તારા ઘોડાનો તગ મઝબૂત બાંધ.

જે શખ્સમાં ઇન્સાફ અને ડહાપણ તાણા અને વાણા માફક એકેકમાં જોડાયલાં હોય તે શખ્સના જીવ ઉપર મારી તરફથી દોઆ હોજો!"

જ્યારે તે નામુ પવનની લેહેકીથી સૂકાઈ રહ્યું-ત્યારે મુન્શીએ તે નામાને ઘડી વાળ્યું.

તેનાં સરનામા ઉપર નવીસંદાએ એમ લખ્યું કે-"આ તિક્ષણ બુદ્ધિ ધરાવનાર દેશના પાદશાહ તરફથી,

જે દઉલતનો સાહેબ અને કૌવતનો સાહેબ-દેશનો જીતનારો અને બક્ષેશનો કરનારો બેહરામ ગૂર,

કે જેણે ખોરદાદ મહિનો અને અશીસવંગ રોઝે યઝદગેર્દ પછીથી પાદશાહી તાજ મેળવ્યું,

તે ઈરાન ઝમીનના સરદાર અને મુલકની નેગહબાની કરનાર સકલાબ અને રૂમ દેશની મેહસૂલ લેનાર પાદશાહ તરફથી,

કનોજના દર્યાથી તે સિંધુ નદીના મુલક સૂધીના હિંદુસ્તાનના સરદાર શંગલને પુગે."

પાદશાહે તે નામા ઉપર મોહર કીધી–અને શેકારગાહ જવાના અસ્બાબની તૈયારી કીધી.

તેની સાથના નામદારો સિવાય લશ્કરમાંનું કોઈ પણ તેના ભેદથી વાકેફ હતું નહીં.

એ પ્રમાણે તે જાદુસ્તાનના મુલકની નદી પસાર કરીને હિંદુસ્તાન આવી લાગ્યો.

જ્યારે શંગલના મેહલની નઝદીક આવી પહોંચ્યો–ત્યારે તેણે તેની દરબાર તેનો બુલંદ દરવાઝો અને પરદા જોયા.

તે સઘળાએ ગોયા હવામાંજ પોતાનાં સર ઉઠાવેલાં હતાં-દરવાઝા ઉપર પુષ્કળ હથિયાર અને લશ્કર હતું.

સવારો અને હાથીઓ દરવાઝા ઉપર ઉભેલા હતા–ચંગ અને હિંદી ઘંટના આવાઝ નીકળતા હતા.

બેહરામ તેની દરબાર જોઇ અજબ થયો–અને તેનું દિલ વિચારના વમળમાં ગુંતાઇ ગયું.

પછી તેણે તેના દરબાનોને, નોકરો અને સત્તાવાળાઓને એ પ્રમાણે કહ્યું,

કે "ફતેહમંદ પાદશાહ બેહરામની તરફથી-આ દરબારમાં હું એક એલચી તરીકે આવ્યો છું."

તેજ વખત દરબારનો વડો અમલદાર પર્દો ખસેડી પાદશાહ આગળ દોડતો કે ગયો.

શંગલે ફર્માવ્યું જેથી પર્દો ઊંચકી નાખ્યો–અને તેને માન મરતબા સાથ દરબારમાં દાખેલ કીધો.

ખરામાન્ હમી રફ્ત બહ્રામ ગૂર
ચકી ખાનહ્ દીદ્ આસ્માનશ્ બુલુર્
ચુ આમદ્ બનઝદીકે શન્ગલ્ ફરાઝ
વરા દીદ્ બા તાજ્ બર્ તખ્તે નાઝ
હમાન્ પાયએ તખ્તે ઝરૂરીન્ બુલૂર્
નેશસ્તહ્ બરૂ શાહ્ બા ફરૂરો ઝૂર્
એઝારશ્ હમહ્ સીમો પયકરશ્ ઝર્
બઝર્ દર્ નેશાન્દહ્ ફેરાવાન્ ગોહર્
બેરાદરશરા દીદ્ દર્ ઝીરે ગાહ્
નેહાદહ્ બસર્ બર્ ઝે ગઉહર્ કોલાહ્
નેશસ્તહ્ બનઝદીકે ઊ રહ્નુમાય
પેસર્ પીશે તખ્ત ઈસ્તાદહ્ બપાય
બરે તખ્ત શુદ્ શાહો બોરૂદશ્ નમાઝ
હમી બૂદ્ પીશશ્ ઝમાની દરાઝ
ઝબાન્ તીઝ બુકુશાદો ગોફૂતા ઝે શાહ્
જહાન્દાર્ બહ્રામ બા તાજો ગાહ્
યકી નામહ્ દારમ બરે શાહે હન્દ્
નેવેશતહ્ ખતે પહ્લવી બર્ પરન્દ્
ચુ આવાઝે બહ્રામ બેશ્નીદ્ શાહ્
બેફરમૂદ્ ઝરૂરીન્ યકી ઝીરગાહ્
બરાન્ કુર્સીએ ઝરૂશ્ બેન્શાન્દન્દ્
ઝે દરગાહ્ યારાનશરા ખાન્દન્દ્
ચુ બેન્શસ્ત બુકુશાદ્ લબ્રા ઝે બન્દ્
ચુનીન્ ગોફૂત કય શહ્રયારે બલન્દ્
ઝબાન્ બર્ કુશાયમ ચુ ફર્માન્ દેહી
કે બી તો મબાદા બેહીઓ મેહી
બદ્દુ ગોફૂત શન્ગલ્ કે બર્ ગૂય હીન્
કે ગૂયન્દહ્ યાબદ્ ઝે ચરૂખ આફરીન્
ચુનીન્ ગોફૂત કાન્ શાહે ખુસ્રવ નેઝાદ્
કે ચૂન્ ઊ બગીતી ઝે માદર્ નઝાદ્
મેહસ્ત આન્ સરફ્રાઝ પેહરામે શહ્ર
કે બા દાદે ઊ ઝહ્ર શુદ્ પાવઝહ્ર
બુઝોર્ગાન્ હમહ્ બાઝ્દારે વયન્દ્
બનખ્ચીર્ શીરાન્ શેકારે વયન્દ્
ચુ શમ્શીર્ ગીરદ્ બરઝમ અન્દરૂન્
બેયાબાન્ શવદ્ હમચુ દર્યાએ ખૂન્
બબખ્શેશ્ ચુ અબ્રી બુવદ્ દર્ બહાર્
બુવદ્ પીશે ઊ ગન્જો દીનાર્ ખાર્
પયામી ફેરેસ્તાદ્ ઝી શાહે હન્દ્
હમાન્ પહ્લવી નામઈ બર્ પરન્દ્

બેહરામ ગૂર નખરાં કરતો જતો હતો-તેણે એવું એક દીવાનખાનું જોયું કે જેનો ચંદરવો બિલોરનો હતો.

જ્યારે બેહરામ શંગલની નઝદીક આવ્યો-ત્યારે તેને તાજ પેહેરીને સુંદર તખ્ત ઉપર બેઠેલો જોયો.

વળી તેના સોનેરી તખ્તના પાયા બિલોરના હતા-જેની ઉપર તે પાદશાહ દબદબા અને કૌવત સાથે બેઠેલો હતો.

તેની ઈઝાર રૂપેરી તાસનાં કપડાંની બનાવેલી હતી-અને તે ઉપર સોનેરી ફૂલ હતાં અને તે ફૂલમાં મોતી ટાંકેલાં હતાં.

તેના ભાઇને જોયો કે જે એક નાનાં તખ્ત ઉપર ગોહર જડિત તાજ ૨૭૬
માથે પેહેરી બેઠેલો હતો.

શંગલની પાસે તેનો વઝીર બેઠેલો હતો-અને તેનો બેટો તેનાં તખ્ત આગળ ઉભેલો હતો.

પાદશાહ બેહરામ તેનાં તખ્ત આગળ ગયો અને તેને નમન કીધું-અને જરા વધુ વખત તેવીજ રીતે તેની આગળ ઉભો રહ્યો.

પછી તેણે પોતાની તેઝ ઝબાન ખુલ્લી કીધી અને બોલ્યો કે "તાજ અને તખ્ત ધરાવનાર દેશના નેગહબાન પાદશાહ બેહરામ તરફથી,

હું પહલવી હુરૂફે રેશમી કપડાં ઉપર લખેલું એક નામુ હિંદના રાજા માટે ધરાઉં છું."

જ્યારે રાજાએ બેહરામનો આવાઝ સાંભળ્યો-ત્યારે તેણે એક સોનેરી કુરસી લાવવા માટે હોકમ કર્યો.

તેને તે સોનેરી કુરસી ઉપર બેસાડયો-દરવાઝા ઉપરથી તેના સાથીઓને પણ બોલાવ્યા.

જ્યારે બેહરામ બેઠો ત્યારે પોતાનું બંધ મોહું ખોલીને-એ પ્રમાણે બોલ્યો કે "ઓ બુલંદ મરતબાના પાદશાહ!

તારા વગરની ભલાઈ અને બુઝોર્ગી ના હોતી!-જ્યારે તું હુકમ આપશે ત્યારે હું મારી ઝબાન ખોલીશ."

શંગલે તેને કહ્યું કે "હા, બોલ-કારણકે સુભાષિત બોલનારો આસ્માંનથી પણ તારીફ મેળવે છે."

ત્યારે બેહરામ બોલ્યો કે "તે ખુસ્રવની બુન્યાદનો અમારો પાદશાહ- ૨૭૭
કે જેના જેવો દુન્યામાં કોઈ માતાએ જન્યો નથી.

તે સરફરાઝ પાદશાહ એક મહાન પુરૂષ છે અને દેશનો સણગાર છે-તેના ઈન્સાફના ઝોરે ઝેહરની અસર ઝેહર ઉતારવાની દવા જેવી થઈ ગઈ છે.

સઘળા મોટાઓ તેને ખંડણી આપનારા છે-શેકારગાહમાં સઘળા સિંહોજ તેના શેકાર છે.

જ્યારે તે લડાઈમાં પોતાની તલવાર હાથમાં પકડે છે-ત્યારે તે વયરાન જંગલ લોહીના દર્યા માફક બને છે.

બક્ષેશ કરવામાં તે બહારની મોસમની એક વાદળી માફકનો છે-તેની આગળ ખઝાનો અને દીનાર તુચ્છ ગણાય છે.

તેણે રેશમી કપડાં ઉપર પહલવી ભાષામાં લખેલું એક નામુ તું હિંદના પાદશાહને માટે મોકલ્યું છે."

ગેરેફ્તને શન્ગલ્ નામહ્ અઝ્ દસ્તે બહ્રામ્ વ પાસોખ્ દાદન્.

ચુ બેશ્નીદ્ શુદ્ નામહ્રા ખાસ્તાર્
શેગેફ્તી બેમાન્દ્ અન્દરાન્ નામદાર્

શંગલે બેહરામના હાથમાંથી નામુ લેવું અને તેનો જવાબ આપવો.

જ્યારે શંગલે એવું સાંભળ્યું ત્યારે તે નામાનો તલબગાર બન્યો-અને તે નામદાર બેહરામને જોઇ અજબ રહ્યો.

ચુ આન્ નામહ્ બરૂ ખાન્દ ફરૂરોખ દબીરૂ
રોખે તાજવરૂ ગશ્ત હમચુ ઝરીરૂ
બદ્ ગોફૂત કય મર્દે ચીરહ્ સખુન
બગોફૂતારૂ મશ્તાબો તુન્દી મકુન
બુઝોર્ગી નુમાયદ હમી શાહે તૂ
ચુનાન્ હમ નુમાયદ હમી રાહે તૂ
૨૭૮ કસ અઝ્ બાઝ્ ખાહદ ઝે હેન્દુસ્તાન્
નબાશદ ખેરદમન્દ હમ દાસ્તાન્
બલશ્કરૂ હમી ગૂયદ ઈન્ ગરૂ બગન્જ
વગરૂ શહ્રો કેશ્વરૂ સેપોર્દન્ બરન્જ
કુલન્ગ્ અન્દ શાહાનો મન્ ચૂન્ ઓકાબ્
વયા ખાકો મન હમચુ દર્યાએ આબ્
કસી બા સેતારહ્ નકૂશદ બજન્ગ્
ન બા આસ્માન્ જુસ્ત કસ નામો નન્ગ્
હોનરૂ બેહ્તરૂ અઝ્ ગોફૂતને નાબકારૂ
કે ગીરદ તોરા મર્દે દાનન્દહ્ ખારૂ
ન મર્દી ન દાનેશ ન કેશ્વરૂ ન શહ્રૂ
ઝે શાહી શુમારા ઝેયાનસ્ત બહ્રૂ
નેહોફૂતહ્ હમહ્ બૂમ ગન્જે મનસ્ત
નેયાગાન્ બદ્ હીચ ના બોરૂદહ્ દસ્ત
દેગરૂ ગન્જે બરગુસ્તુવાનો ઝેરેહ્
ચુ ગન્જૂરે મા બરૂ કુશાયદ ગેરેહ્
બપીલાન્શ બાયદ કશીદન્ કલીદ
અગરૂ ઝન્દહ્ પીલશ તવાનદ કશીદ
અગરૂ ગીરમ અઝ્ તીઘો જઉશન્ શુમારૂ
સેતારહ્ શવદ પીશે ચશ્મે તો ખારૂ
૨૭૯ ઝમીન્ બરૂ નતાબદ સેપાહે મરા
હમાન્ ઝન્દહ્ પીલાનો ગાહે મરા
હઝારૂ અરૂ બહેન્દી ઝની દરૂ હઝારૂ
બુવદ કસ કે ખાનદ મરા શહ્રૂયારૂ
હમહ્ ગઉહરે કૂહો દર્યા મરાસ્ત
બમન્ દારદ અકૂનૂન્ જહાન્ પોશ્ત રાસ્ત
હમાન્ ચશ્મએ અમ્બરો ઊદો મુશ્ક
દેગરૂ ગન્જે કાફૂરે ના ગશ્તહ્ ખુશ્ક
દેગરૂ દારૂએ મરૂદુમે દરૂદમન્દ
બરૂએ ઝમીન્ હરૂકે ગર્દદ નેઝન્દ
હમહ્ બૂમ મારા બદીન્સાન્ પરૂસ્ત
અગરૂ ઝરૂરો સીમસ્ત અગરૂ ગઉહરસ્ત
ચુ હશ્તાદ શાહન્દ બા તાજે ઝરૂ
બફર્માને મા તન્ગ્ બસ્તહ્ કમરૂ
હમહ્ કેશ્વરમ કૂહો દર્યહ્સ્તો ચાહ્
નેયાબદ બરીન્ બૂમો બરૂ દીવ રાહ્
ઝે કન્નૂજ તા મર્ઝે ઇરાન્ ઝમીન્
વઝ્ તા બસકૂલાબો તા પીશે ચીન્
બુઝોર્ગાન્ હમહ્ ઝીરૂદસ્તે મનન્દ
બબીચારગી દરૂ પરસ્તે મનન્દ
૨૮૦ બહેન્દો બચીનો ખોતન્ પાસ્બાન્
નરાનદ બજોઝ્ નામે મન્ બરૂ ઝબાન્
હમહ્ તાજે મારા સેતાયન્દહ્ અન્દ
પરસ્તન્દગીરા ફેઝાયન્દહ્ અન્દ

જ્યારે મુબારક મુન્શીએ તે નામુ વાંચ્યું-ત્યારે પાદશાહનો ચેહરો કમળાની માફક પીળા રંગનો થઈ ગયો.

તે બોલ્યો કે "એ ચબરાક બોલનારા શખ્સ !-તું વાત કરવામાં ઉતાવળો ના થા અને તુંદી ના કર.

તારો પાદશાહ પોતાની મોટાઈ દેખાડે છે-અને તારી ચાલ પણ તેવોજ દેખાવ કરે છે.

જો કોઇ શખ્સો હિંદુસ્તાન પાસેથી ખંડણી માગે-તો તે વાત સાથ દાનેશમંદો મળતા થતા નથી.

અગરજો આ તારો પાદશાહ પોતાનાં લશ્કર અને ખઝાના માટે એમ બોલતો હોય-અથવા મારાં શેહર અને મુલકને રંજમાં સોંપવા માટે કહે તો હોય,

તો તું જાણ કે બીજા પાદશાહો બગલાં જેવા છે જ્યારે હું ઓકાબ પક્ષી જેવો છું-યા તેઓ ખાક જેવા છે અને હું પાણી ભરેલા દર્યા જેવો છું.

કોઈ સેતારા સાથે લડવાની કોશેશ કરતું નથી કોઈ આસ્માન સાથ લડાઈ કરી પોતાની કીર્ત્તિ શોધતું નથી.

નકામી વાતો કીધાનાં કરતાં, હોનર દેખાડવો સારો છે-કારણકે તેવી વાતોથી દાનેશમંદ શખ્સો તને તુચ્છ ગણે છે.

તમારી પાસે નથી મર્દાનગી કે નથી દાનાઈ કે નથી તેવો કોઇ મુલક કે શેહર-તમારી સલ્તનતમાંથી તમારે ભાગે નુકસાનજ છે.

મારા આખા મુલકે છુપો ખઝાનોજ છે કે જેને મારા નેયાગાનોએ જરા પણ હાથ લગાડયો નથી.

વળી ઘોડાનાં બખ્તરો અને લશ્કરીઓનાં બખ્તરોનો ખઝાનો-જો મારો ખઝાન્ચી ખુલ્લો કરે,

તો તેની કૂંચીઓ ઊંચકવા માટે હાથીઓ જોઇયે-અને તે પણ જો મસ્ત હાથી હોય તોજ ઊંચકી શકે.

જો હું તલવાર અને બખ્તરની ગણત્રી કરૂં-તો સેતારાની ગણત્રી તારી નઝરમાં તુચ્છ થઈ પડે.

મારાં લશ્કરનો તેમજ મારા મસ્ત હાથીઓ અને તખ્તોનો ભાર આ ઝમીન પણ ખમી શકતી નથી.

અંકગણિતમાં એક હઝારનાં અંકને એક હઝારના અંક સાથ ગુણ્યાથી જે ગુણાકાર આવે-તે સંખ્યા જેટલા શૂરવીરો આજે મનેજ પાદશાહ તરીકે ગણે છે.

પહાડોમાંથી નીકળતાં અને દર્યામાંથી નીકળતાં સઘળાં ગોહરો મારી પાસે છે-હાલ દુન્યા મારાથીજ પોતાની પીઠ સીધી રાખે છે.

વળી અમ્બર, અગર અને કસ્તુરીના ઝરા-તેમજ લીલા કપૂરના ઢગલા,

વળી દુઃખી માણસની દવા-તેમજ આ ઝમીન ઉપર કોઈ ગમગીન બન્યું હોય તેની દવા,

એવી રીતની સઘળી વસ્તુથી મારો મુલક ભરેલો છે-અગર સોનું રૂપું કે ગોહરો જોઇયે તો તે પણ મારી પાસે પુષ્કળ છે.

વળી સોનેરી તાજ પેહેરનારા એવા એંસી પાદશાહો છે-કે જેઓ મારાં ફર્માન ઉપર પોતાની કમર તંગ બાંધેલી રાખે છે.

મારો તમામ મુલક પહાડ, નદી અને કૂવાઓથી ભરેલો છે-એ મુલકમાં એહરેમનને પણ રસ્તો મળતો નથી.

કનુજથી તે ઇરાનની સરહદ સૂધી-અને ત્યાંથી તે છેક સકલાબ અને તેથી પણ આગળ ચીન સૂધી,

સઘળા મોટાઓ મારા તાબેદાર છે-તેઓ લાચારીએ મારી ખિદમત કરે છે.

હિંદ, ચીન અને ખુતનના હાકેમો-મારાં નામ સિવાય બીજા કોઈનું નામ પોતાની ઝબાન ઉપર લેતાં નથી

તેઓ સઘળા મારાંજ તાજની સેતાયેશ કરનારા છે-અને મારી ખિદમતને માટે તત્પર રહેનારા છે.

બશુશ્કૂએ મન્ હુફ્તે ફગ્ફૂરે ચીન્
મરા ખાનહ્ અન્દર્ જહાન્ આફ્રીન્
પેસર્ દારમ્ અઝ્ વય યકી શીર્દેલ
કે બેસ્તાનહ્ અઝ્ કુહ્ બશમ્શીર્ દેલ
ઝે હન્ગામે કાઊસ તા કયકોબાદ્
અઝીન્ બૂમો બર્ કસ નકર્દહ્સ્ત યાદ્
હમાન્ નામબર્દાર્ સીસદ્ હઝાર્
સેપહ્ આન્ કે ખાનદ્ મરા શહ્રયાર્
ઝે પયવસ્તગાનમ હઝારો દોવીસ્ત
કઝીશાન્ કસીરા બમન્ રાઝ્ નીસ્ત
હમહ્ ઝાદ્ બર્ ઝાદ્ ખીશે મનન્દ્
કે દર્ હેન્દ્ બર્ પાય પીશે મનન્દ્
કે દર્ બીશહ્ શીરાન્ બહન્ગામે જન્ગ્
અઝ્ આવાઝે ઈશાન્ બેખાયન્દ્ ચન્ગ્
ગર્ આઈન્ બુદી હીચ આઝાદહ્રા
કે કોશતી બતુન્દી ફેરેસ્તાદહ્રા
સરતરા જુદા કર્દમી અઝ્ તનત
શુદી મૂયહ્ગર્ બર્ તો પીરાહનત
બદ્ ગોફ્ત બહ્રામ કય તાજ્દાર્
અગર્ મેહ્તરી તોખ્મે તુન્દી મકાર્
મરા શાહે મન્ ગોફ્ત ફ્રા બેગૂય
કે ગર્ બેખ્રદી રાહ્ કઝ્ઝી મજૂય
ઝે દર્ગહ્ દો દાના પદીદાર્ કુન્
ઝબાન્ આવરો કામરાન્ દર્ સખુન્
ગર્ અયદૂન્ કઝીશાન્ બરાયો ખેરદ્
યકી બીશ અઝીન્ મર્દે મન્ બુગ્ઝરદ્
મરા નીઝ્ બા મર્ઝે તો કાર્ નીસ્ત
કે નઝ્દીકે બેખ્રદ્ સખુન્ ખાર્ નીસ્ત
વગર્નહ્ ઝે મર્દાને જન્ગ્ આવરાન્
કસી ફ્રૂ ગેરાયદ્ બગોર્ઝે ગરાન્
ગુઝીન્ કુન્ ઝે હેન્દૂસ્તાન્ સદ્ સવાર્
કે બા યક્ તન્ અઝ્ મા કુનદ્ કાર્ઝાર્
નખાહીમ મા બાઝ્ અઝીન્ મર્ઝે તૂ
ચુ પયદા શવદ્ મર્દીઓ અર્ઝે તૂ

મારા ઝનાનખાનામાં ફગફૂર ચીનની બેટી છે-જે તમામ જેહાનમાં મારીજ તારીફ કરે છે.

તેણીને પેટનો હું એક સિંહની હિમ્મતનો બેટો ધરાઉં છું-કે જે પોતાની શમ્શેરે કરી એક પહાડ વટિકનું દિલ હાથ કરી શકે છે.

કયકોબાદથી તે કાઊસના વખત પછીથી-કોઇ પણ પાદશાહે આ હિંદ સર ઝમીનને યાદ કીધી નથી.

તેમજ કીર્ત્તિ શોધનારા ત્રણ લાખ સવારોનું-લશ્કર મને પાદશાહ તરીકે બોલાવે છે

મારા નાતેદારો કાંઇક એક હઝાર અને બસો છે-પણ તેઓમાંનો કોઇ પણ મારી સાથ છૂપી દુશ્મની રાખતો નથી.

તેઓ સઘળા પેઢી દર પેઢી મારાજ ખેશીઓ છે-કે જેઓ હિંદમાં મારી સેવા બજાવવા માટે મારી આગળ ઉભેલા છે,

કે લડાઇને વખતે જેઓના પોકારથી જંગલમાં સિંહો પોતાના પંજા કરડે છે.

અગરજો આઝાદ લોકોની એવી કાંઈ પણ રીત હતે-કે તેઓ ગુસ્સામાં આવી એલચીને કાપી નાખી શકતે,

તો તારાં શરીર ઉપરથી તારાં સરને હું જુદુ કરતે-અને તારાં કપડાં ૨૮૧
તારી ઉપર માતમ કરતે."

બેહરામે તેને કહ્યું કે "ઓ તાજ ધરાવનાર રાજા!-અગરજો તું મોટોજ હોય તો ગુસ્સાના બી ના વાવ.

મને મારા પાદશાહે કહ્યું છે કે તું તેને કહેજે-કે જો તું દાના હોય તો ઉલટો માર્ગ પસંદ ના કરતો.

તું પોતાની દરબારમાંના બે દાના શખ્સોને લાવ-કે જેઓ તકરાર કરવામાં સુભાષિત અને ચાલાક હોય.

અને જો તેઓ મારાં માણસોમાંના એક કરતાં પણ અકલ અને ડહાપણમાં વધુ નીકળે,

તો પછી તારા મુલક સાથે મને કાંઇ પણ કામ રહેશે નહીં-કારણકે અકલમંદ માણસ સખુનને તુચ્છકારી કાઢતા નથી.

અગર નહીં તો તારા લડાયક મર્દોમાંથી-જે કોઇ કે ભારી ગુર્ઝ ફેરવી શકતો હોય,

તેવા હિંદીઓમાંથી સો સવાર ચુંટી કાઢ-અને તે અમારામાંના એક જણની સાથે લડાઈ કરે.

પછી જો તારી બહાદુરી અને તારી કીમત ઝાહેર થશે-તો અમો આ તારી સર ઝમીનમાંથી ખંડણી માગીશું નહીં."

બઝ્મ્ આરાસ્તને શન્ગલ્ બરાએ બહ્રામ્ વ હોનર્ નમૂદને બહ્રામ્ પીશે ઊ.

શંગલે બેહરામને માટે મજલેસ તૈયાર કરવી અને તેની આગળ બેહરામે પોતાનો હોનર દેખાડવો.

ચુ બેશ્નીદ્ શન્ગલ બબહ્રામ ગોફ્ત
કે રાએ તો બા મર્દુમી નીસ્ત જોફ્ત
ઝમાની ફેરૂદ્ આયો બુફ્રશાય બન્દ્
ચે ગૂઈ સુખુન્હાએ ના સૂદ્મન્દ્
યકી ખુર્રમ અયવાન્ બેપર્દાખ્તન્દ્
હમહ્ હર્ચે બાયેસ્ત બર્ સાખ્તન્દ્

જ્યારે શંગલે એવું સાંભળ્યું ત્યારે બેહરામને કહ્યું-કે "તારા વિચાર માણસાઈપણાને મળતા છેજ નહીં.

તું થોડોક વખત મારે ત્યાં ઉતારો લે અને કપડાં કાઢી આરામ ૨૮૨
કર-વગર કામના સખુનો શા માટે બકે છે?"

પછી તેઓએ એક ખુશનુમા અયવાન ખાલી કરી-તેને સઘળું ઘટતી રીતે સણગારી તૈયાર કીધું.

બરૂ આસૂદ બહેરામ તા નીમરૂઝ
ચુ બરૂ અઉજ શુદ તાજે ગીતી ફરૂઝ
બેયારાસ્ત બઝ્મી બફર્માને શાહ
દરૂ અયવાન્ પરસ્તન્દએ નીકુખાહ
ચુ દરૂ પીશે શન્ગલ્ નેહાદન્દ ખાન્
કસીરા બેફરૂમૂદ ફૂરા બેખાન્
કઝ ઈરાન્ ફેરેસ્તાદએ ખુસ્રવસ્ત
સખુનગૂયો દરૂ કામગારી નવસ્ત
કસીરા કે બા ઊસ્ત હમ ઝીન્ નેશાન્
બેયાવરૂ બખાને રસૂલાન્ નેશાન્
બેશુદ તીઝ બહેરામો બરૂ ખાન્ નેશસ્ત
બનાન્ દસ્ત બુકુશાદો લબ્રા બેબસ્ત
ચુ નાન્ ખુરુદહ શુદ મજલેસ આરાસ્તન્દ
નવાઝન્દએ રૂદો મય ખાસ્તન્દ
હમાન્ બૂએ મુશ્ક આમદ અઝ ખરૂદની
હમાન્ ઝીરૂ ઝરબફ્ત ગુસ્તરૂદની
૨૮૩ બુઝોર્ગાન્ ચુ અઝ બાદહ ખુર્રમ શુદન્દ
ઝે તીમારે નાબૂદહ બી ઘમ શુદન્દ
દો તનરા બેફરૂમૂદ ઝૂરૂ આઝમાય
બકુશ્તી કે બા દીવ દારન્દ પાય
બેરફ્તન્દ શાયેસ્તહ મર્દાને કારૂ
બેબસ્તન્દ શાન્ બરૂ મેયાનહા એઝારૂ
હમી ઝૂરૂ કરૂદ આન્ બરીન્ ઈન્ બરાન્
ગોરાઝાનો પીચાન્ દો મર્દે જવાન્
ચુ બરૂદાશ્ત બહેરામ જામે બુલૂરૂ
બમઘઝશ નબીદ અન્દરૂ અફગન્દ શૂરૂ
બશન્ગલ્ ચુનીન્ ગોફ્ત કય શહેરૂયારૂ
બેફર્માય તા મન્ બેબન્દમ એઝારૂ
ચુ બા ઝૂરૂમન્દાન્ બકોશ્તી શવમ
ન અન્દરૂ ખરાબી દુરોશ્તી શવમ
બેખન્દીદ શન્ગલ્ બદૂ ગોફ્ત ખીઝ
ચુ ઝીરૂ આવરી ખૂને ઈશાન્ બેરીઝ
ચુ બેશ્નીદ બહેરામ બરૂપાય ખાસ્ત
બમર્દી ખમ આવરૂદ બાલાએ રાસ્ત
કસીરા કે બેગ્રેફ્ત અઝીશાન્ મેયાન્
ચુ શીરી કે યાઝદ બગૂરે ઝેયાન્
૨૮૪ હમી બરૂ ઝમીન્ ઝદ ચુનાન્ કુસ્તોખાન્
બેકોફ્તો બેપાલૂદ રન્ગે રોખાન્
બદૂ માન્દહ બુદ શન્ગલ્ અન્દરૂ શેગેફ્ત
અઝાન્ બુર્ઝો બાલાઓ આન્ ઝૂરો કેફ્ત
બહેન્દી હમી નામે યઝદાન્ બેખાન્દ
વરા અઝ ચેહલ્ મરૂદ બરૂતરૂ નેશાન્દ
ચુ ગશ્તન્દ મસ્ત અઝ મય ખુશગુવારૂ
બેરફ્તન્દ અઝ અયવાને ગઉહરૂ નેગારૂ
ચુ ગરૂદૂન બેપૂશીદ મુશ્કીન્ હરીરૂ
ઝે ખુર્દન્ બરૂ આસૂદ બરૂનાઓ પીરૂ
બઆરામગહ રફ્ત શન્ગલ્ ઝે મય
દેલો દીદહ બરૂગશ્તહ અઝ શાહે કય
ચુ ઝરૂરીન્ શુદ આન્ ચાદરે મુશ્કબૂય
ફોરૂઝન્દહ બરૂ ચરૂખ બેન્મૂદ રૂય

બેહરામે બપોર સુધી આસાયેશ લીધી-જ્યારે દુન્યાને રોશન કરનારૂં તાજ બુલંદીએ પહોંચ્યું,

ત્યારે પાદશાહના હોકમ પ્રમાણે એક ખુશહાલીની મજલેસ તૈયાર કરવામાં આવી-અને તે અયવાનમાં વફાદાર નોકરોએ,

જ્યારે શંગલની નઝદીક ખાણું મૂક્યું-ત્યારે તેણે એક નોકરને ફરમાવ્યું કે "પેલા શખ્સને બોલાવ,

કે જે ઇરાનના શાહનો એલચી છે અને સુભાષિત બોલનારો તેમજ પોતાની ખાહેશ પાર પાડવામાં નવો સવોજ છે.

તેજ પ્રમાણેના તેની સાથના બીજાઓને પણ-લઈ આવ અને તેઓને એલચીઓની બેસવાની જગ્યા ઉપર બેસાડ."

બેહરામ તુરત આવી ખાણા ઉપર બિરાજ્યો-અને કાંઈ પણ બોલ્યા વગર ખાણું ખાવા માંડયું.

જ્યારે ખાણું ખાઇ રહ્યા ત્યારે મજલેસ તૈયાર કીધી-અને તમ્બુરા વગાડનારીઓને બોલાવી મય મંગાવ્યો.

ખાણાંમાંથી તેમજ પાંથરેલા કસબી ગલીચાઓમાંથી કસ્તુરીની સુગંધ નીકળતી હતી.

તે મજલેસમાંના મોટાઓ જ્યારે શરાબથી ખુશહાલ બન્યા-અને ભવિષ્યના ગમથી મોકળા થયા,

ત્યારે રાજાએ બે ઝોરાવર શખ્સો કે જેઓ દેવ સાથે પણ લડી શકે એવા હતા તેઓને કુશ્તી લડવા ફરમાવ્યું

બન્ને હુશ્યાર પેહલવાનો આવ્યા-તેઓએ પોતાની ઇઝારોને કમર ઉપર ઊંચે ચઢાવી (એટલે કુશ્તી રમવાની તૈયારી કીધી).

બન્ને જવાન મર્દો દોડતા અને મરોડાતા એકમેક ઉપર ઝોર કરવા લાગ્યા.

જ્યારે બેહરામે બિલોરી જામ ઉડાવી-અને તેનાં મગઝમાં શરાબનો શોર પડ્યો,

ત્યારે તેણે શંગલને કહ્યું કે "એ પાદશાહ! તું ફરમાવે તો હું પણ ઇઝાર ઊંચે ચઢાઉં.

હું તે પેહલવાનો સાથ કુશ્તી રમુ-હું તેઓની સાથ લડાઈ નથી કરવાનો કે તેઓના જીવને નુકસાન પણ નથી કરવાનો."

શંગલ હસ્યો અને બોલ્યો કે "ઉઠ-જો તું તેઓને નીચે પાડે તો તુરત મારી પણ નાખજે."

જ્યારે બેહરામે એવું સાંભળ્યું ત્યારે તે ઉભો થયો-અને મર્દાનગીથી તેઓનાં સીધાં કદ વાંકાં વાળવા લાગ્યો.

જેમ એક સિંહ જંગલી ગોરખર ઉપર પોતાનો પંજો લમ્બાવે-તેમ બેહરામ તેઓમાંથી જે કોઇની કે કમર પકડતો,

તેને ઝમીન ઉપર એવો પછાડતો કે તેનાં હાડકાં ભાગી જતાં હતાં અને તેના ચેહરાનો રંગ ઉડી જતો હતો.

શંગલ તેની બુલંદી, તેનું કદ, તેનું કૌવત અને તેનાં ખભાં જોઇ અજબ રહ્યો હતો

અને પોતાની હિંદી ભાષામાં તે ખોદાને યાદ કરવા લાગ્યો-અને બેહરામને ચાળીસ શૂરવીરો ઉપર જગ્યા આપી.

જ્યારે તેઓ લેહઝતદાર મયથી મસ્ત બન્યા-ત્યારે સઘળાઓ તે ગોહર નિગાર મેહલમાંથી ગયા.

જ્યારે આસ્માને કાળાં રેશમી કપડાં પેહેર્યાં-ત્યારે જવાન અને બુઢ્ઢાઓ ખાણાં ઉપરથી ઉઠી આરામ કરવા ગયા.

મયથી ધરાઇને શંગલ પણ પોતાની આરામ કરવાની જગ્યાએ ગયો-તેનું દિલ અને દીદા કયાની પાદશાહ બેહરામથી ફરી ગયા હતા.

જ્યારે તે કસ્તુરીની સુગંધવાળી કાળી ચાદર સોનેરી બની-અને રોશન કરનાર આફતાબે આસ્માન ઉપર પોતાનો ચેહરો બતાવ્યો,

શાહે હેન્દવાન્ બારહુરા બરૂનેશસ્ત
બમયદાન્ ખરામીદ્ ચઉગાન્ બદસ્ત
બેબોરૂદન્દ્ બા શાહુ તીરો કમાન્
હમી તાખ્ત બરૂ આરૂઝૂ યકૂ ઝમાન્
બબહુરામ ફરૂમૂદ્ તા બરૂ નેશસ્ત
કમાને કયાની ગેરેફૂતહુ બદસ્ત
બશન્ગલ્ ચુનીન્ ગોફૂત કય શહુરૂયારૂ
અઝ ઈરાન બસી હસ્ત બા મન્ સવારૂ
હમી તીરો ચઉગાન્ કુનન્દ્ આરૂઝૂય
ચુ ફર્માન્ દેહદ્ શાહે આઝાદહુ ખૂય
ચુનીન્ ગોફૂત શન્ગલ્ કે તીરો કમાન્
સુતૂને સવારી બુવદ્ બીગમાન્
તો બા શાખો યાલીઓ બા ઝૂરે દસ્ત
બઝેહુ કુન કમાનરાઓ બુકૂશાય શસ્ત
કમાન્રા બઝેહુ કરૂદ્ બહુરામ ગૂરૂ
બરૂ અન્ગીખ્ત ધુરૂરાન્ તગાવરૂ સોતૂરૂ
યકી તીરૂ બેગ્રેફૂતો બુકૂશાદ્ શસ્ત
નેશાનહુ બયકૂ ચૂબહુ બરૂહમ શેકસ્ત
ગેરેફૂતન્દ્ યકૂસરૂ બરૂ આફરીન્
સવારાને મયદાનો ગોર્દાને કીન્

ત્યારે હિંદીવાનોનો પાદશાહ ઘોડા ઉપર સવાર થયો-અને હાથમાં ચઉગાનની લાકડી લઈ મયદાનમાં ચાલ્યો.

બીજાઓ પણ પાદશાહ સાથ તીર કમાન લઇને ગયા-તે થોડોક વખત પોતાની મરજી પ્રમાણે ઘોડાને દોડાવવા લાગ્યો.

પછી તેણે બેહરામને ફર્માવ્યું જેથી તે કયાની કમાન હાથમાં પકડી ઘોડા ઉપર સવાર થયો.

તેણે શંગલને કહ્યું કે "ઓ પાદશાહ!-ઈરાનના ઘણાક સવારો મારી ૨૮૫
સાથે છે.

જેઓ જો તું નેક ખસ્લતનો પાદશાહ ફર્માન આપે-તો તીર અને ચઉગાનની રમત કરવાની ખાહેશ રાખે છે."

શંગલ બોલ્યો કે "તીર અને કમાન બેશક એક સવારનો સ્થંભ છે.

તું આવી બાઝૂ અને ગર્દન સાથનો છે તેમજ હાથના મઝબૂત કૌવત સાથનો છે-માટે કમાનને ચિલ્લો ચઢાવ અને તીર ફેંક."

બેહરામ ગૂરે કમાનને ચિલ્લો ચઢાવ્યો-અને પોકાર કરતો તેઝ ચાલના ઘોડાને ડપટાવ્યો.

તેણે એક તીર લીધો અને તે છોડયો-અને એકજ તીરમાં પેલી નિશાન તોડી નાખી.

જેથી સઘળા મયદાનના સવારોએ અને લડાયક પેહલવાનોએ તેની ઉપર આફ્રીન કીધી.

ગુમાન્ બોર્દને શન્ગલ્ બર્ બહુરામ્ વ બાઝ્ દાશતને ઊરા અઝ્ રફ્તન્ બઇરાન્.

———:o:———

ઝે બહુરામ શન્ગલ્ શુદ્ અન્દરૂ ગમાન્
કે ઈન્ ફરૂરો ઈન્ બુર્ઝો તીરો કમાન્
નમાનદ્ હમી ઈન્ ફેરેસ્તાદહુરા
ન હેન્દો ન તુર્કો ન આઝાદહુરા
અગરૂ ખીશે શાહસ્ત અગરૂ મેહુતરસ્ત
બેરાદરૂશ ખાનમ હમ અન્દરૂખરસ્ત
બેખન્દીદો બહુરામરા ગોફૂત શાહુ
કે અય નામવરૂ પુરૂ ગોહરૂ પીશગાહુ
બેશાહરૂ તોઈ શાહુરા બીગમાન્
બદીન્ ફૂરોશો ઝૂરો તીરો કમાન્
કે ફરૂરે કયાન્ દારીઓ ઝૂરે શીરૂ
નબાશી મગરૂ નામદારી દેલીરૂ
બદૂ ગોફૂત બહુરામ કય શાહે હેન્દ્
ફેરેસ્તાદગાનરા મકુન નામે સેન્દ્
ન અઝ તોખ્મએ યઝ્દગેર્દમ ન શાહુ
બેરાદરૂશ ખાનીમ બાશદ્ ગુનાહુ
ઝે ઈરાન્ યકી મર્દે બીગાનહુ અમ
ન દાનેશ પેઝૂહમ ન ફર્ઝાનહુ અમ
મરા બાઝ્ ગર્દાન્ કે દૂરસ્ત રાહુ
નબાયદ્ કે યાબદ્ મરા ખેશ્મે શાહુ

શંગલે બેહરામ ઉપર શક લઈ જવો અને તેને પાછો ઈરાન જવાથી રોકવો.

———:o:———

હવે શંગલ બેહરામ માટે શકમાં પડયો-કે "આવું બોરેહ, આવી છાતી અને તીર કમાનનો આવો હોનર ધરાવતો માણસ,

કાસેદ નહીં હોય-કોઇ હિંદી પણ નહીં હોય. કોઇ તુર્ક અને કોઇ ઉમ્રાઓ પણ નહીં હોય.

અગર તે પાદશાહનો કોઇ ખેશી છે યા કોઇ મોટો અમીર છે-હું તેને જો પાદશાહ બેહરામનો ભાઇજ ગણું તો તે વાજબી કહેવાય."

પછી રાજા હસી પડયો અને બેહરામને કહ્યું-કે "ઓ નામવર ૨૮૬
ખાન્દાની શાહજાદા!

તારી આવી રીતની કોરોશ, આવું ઝોર અને આવી રીતના તીર કમાનના હોનરોથી-હું ખચીત ધારૂં છું કે તું પાદશાહનો ભાઇજ છે.

કારણકે તું પાદશાહી બોરેહવાળો અને સિંહનું કૌવત ધરાવનારો છે-તું નામીચા બહાદુર શખ્સ સિવાય બીજો કોઇજ નથી."

બેહરામે તેને કહ્યું કે "ઓ હિંદના પાદશાહ!-એલચીઓને નહીં છાજતું નામ ના આપ.

હું નથી યઝદગેર્દની બુન્યાદનો કે નથી કોઇ પાદશાહી બુન્યાદનો-મને પાદશાહનો ભાઈ ગણવો એ ગુનાહ છે.

હું ઈરાનનો એક બેગાનો શખ્સ છું-હું નથી વિદ્યાનો શોકીન કે નથી હું દાનેશમંદ.

હવે તું મને અહીંથી પાછો ફરવા દે કારણકે રસ્તો બહુ દૂર છે-એવું નહીં બનવું જોઇયે કે પાદશાહ મારી ઉપર ગુસ્સે થાય."

બદૂ ગોફૂત શન્ગલ કે તુન્દી મકુન
કે બા તૂ હનૂઝસ્ત મારા સખુન
નબાયદ્દત કર્દન બરફૂતન શેતાબ
કે રફૂતન બઝૂદી નબાશદ સવાબ
બરે મા બેબાશો દેલ આરામ ગીરૂ
ચુ પુખ્તહૂ નખાહી મયે ખામ ગીરૂ
૨૮૭ પસ આનગાહૂ દસ્તૂરરા પીશ ખાન્દ
ઝે બહૂરામ બા વય સુખુનહા બેરાન્દ
અઝાન પસ બફર્ઝાનએ ખીશ ગોફૂત
કે બા તૂ સખુન દારમ અન્દરૂ નેહોફૂત
ગરૂ ઈન મરૂદ બહૂરામરા ખીશ નીસ્ત
વરૂ અઝ પહૂલવાનાને ઊ બીશ નીસ્ત
શેગેફૂતસ્ત ઈન બરૂ દેલે મર્દ રાદ
બરીન દાસ્તાનહા નશાયદ નેહાદ
બખૂબી બેગૂયશ કે ઇદરૂ બેઇસ્ત
ઝે કન્નૂજ રફૂતન તોરા રૂય નીસ્ત
ચે ગૂઇ દરીન કારૂ ગીરદ ફેરીબ
ગરૂ અઝ ગોફૂતે મન દરૂ દેલ આરદ નેહીબ
તો ગૂઈ મરૂ ઊરા નેકૂતરૂ બુવદ
તો આન ગૂય બા વય કે દરૂખરૂ બુવદ
બેગૂયશ બરાન રવ કે બાશદ સવાબ
કે પીશે શહે હેન્દ બેફૂઝાય આબ
કુનૂન ગરૂ બેબાશી બનઝદીકે ઊય
નેગહૂદારી આન રાય બારીકે ઊય
હશન જા કે ખુશતરૂ બુવદ મર્ઝે તોસ્ત
કે પીશે શહે હેન્દવાન અર્ઝે તોસ્ત
૨૮૮ બજાઈ કે બાશદ હમીશહૂ બહારૂ
નસીમે ગુલાન આયદ અઝ જૂયબારૂ
ઝે કન્નૂજ બરૂ તુગ્ઝરદ નીકુબખ્ત
બસાલી દો બારસ્ત બારે દેરખ્ત
ગોહરૂ હસ્ત દીનારો ગન્જો દેરમ
ચુ બાશદ દેરમ દેલ નબાશદ બઘમ
નવાઝન્દહૂ શાહી કે અઝ મેહૂરે તૂ
બેખન્દદ ચુ બીનદ હમી ચેહૂરે તૂ
અઝીન બાબ ચન્દાન કે દાની બેગૂય
ચુ રૂ અન્દરૂ આરી તો બા ઊ બરૂય
ચુ ઇન ગોફૂતહૂ બાશી બેપુરૂસશ ઝે નામ
કે અઝ નામ ગર્દદ દેલમ શાદકામ
મગરૂ રામ ગર્દદ બદીન મર્ઝે મા
ફેઝૂન ગર્દદ અઝ ફરૂરે ઊ અર્ઝે મા
વરા ઝૂદ સાલારે લશકરૂ કુનીમ
બદીન મર્ઝે બા અર્ઝે મા સરૂ કુનીમ
બેયામદ જહાનદીદહૂ દસ્તૂરે શાહૂ
બેગોફૂત ઈન બબહૂરામો બેન્મૂદ રાહૂ
ઝે બહૂરામ અઝાન પસ બેપુરૂસીદ નામ
કે બી નામ પાસોખ નબૂદી તમામ
૨૮૯ ચુ બેશ્નીદ બહૂરામ રન્ગે રૌખશ
દેગરૂ શુદ કે તા ચૂન દેહદ પાસોખશ
બફર્જામ ગોફૂત અય સખુન ગૂય મરૂદ
મરા દરૂ દો કેશ્વરૂ મકુન રૂય ઝરૂદ

શંગલે તેને કહ્યું કે "તું ઉતાવળો ના થા-કારણકે હજી તારી સાથ મારે વાતો કરવી છે.

તને અહીંથી જવા માટે ઉતાવળ કરવી નહીં જોઇયે-કારણકે શેતાબીથી જવું એ નેક ગણાય નહીં.

તું અમારી આગળ રહે અને તારાં શરીરને આરામ આપ-જો તને જૂનો મય નહીં ભાવતો હોય તો નવો મય લે."

પછી તેજ વખત પોતાના વઝીરને નઝદીક બોલાવ્યો-અને તેની સાથે બેહરામ માટે વાતો કીધી.

તેણે પોતાના દાનેશમંદ વઝીરને એમ કહ્યું કે "તારી સાથ હું કાંઈ ખાનગીમાં વાત કરવા માગું છું

જો આ મર્દ બેહરામનો સગો નહીં હોય-અથવા તેના પેહલવાનો કરતાં વધારે ચઢિયાતો નહીં હોય,

તો દાનેશમંદ શખ્સોને આ વાત અજબ જેવી લાગે છે-આપણે આ તેની વાતો ધ્યાનમાં લેવી જોઇતી નથી.

માટે તું તેને સમજાવીને કહે કે 'તું અહીંજ થોભી જા-તને કનુજથી જવું એ સલાહકારક નથી.'

આ કામમાં તું શું કહે છે, તે ફરેબ ખાશે?-અગરજો હું અને એમ કહીશ તો તે ધાસ્તી કરશે.

તું તેને કહેશે તો તે વધારે સારૂં થઈ પડશે-તું તેને લાયક શબ્દો-માંજ કહેજે.

તેને કહેજે કે 'તું એવા નેક રસ્તા ઉપર ચાલ-કે જેથી હિંદના પાદશાહની નઝદીક તારી આબરૂ વધે

હવે જો તું તેની પાસેજ રહેશે-અને તેની ખાનગી વાતો છુપીજ રાખશે,

તો હિંદની સઉથી સરસમાં સરસ ઝમીન તે તારીજ છે-કારણકે હિંદીઓના પાદશાહ આગળ તારી કીમત વધી છે.

જે જગ્યા કે હમેશે બહારની મોસમ જેવી રહે છે-અને જેની નદી-માંથી ગોલાબની લેહેકી નીકળે છે.

જેથી ભાગ્યશાળી લોકો કનોજ છોડતાજ નથી! જ્યાં વર્ષમાં બે વાર ઝાડો ફળ આપે છે.

જ્યાં ગોહર, દીનાર, ખઝાનો અને દિરમ પણ પુષ્કળ છે-જ્યારે કોઇ પાસ પૈસા હોય છે ત્યારે તેનું દિલ ગમગીન રહેતું નથી.

શાહ ઉદાર દિલનો છે અને તારી મોહબતથી-જ્યારે તારો ચેહરો જોય છે ત્યારે તે હસે છે.'

જ્યારે તે એલચી તારી રૂબરૂ થાય-ત્યારે એ બાબતમાં જેટલું તું જાણતો હોય તેટલું તેને કહેજે.

જ્યારે એ સઘળું તું કહી રહે ત્યારે તું તેનું નામ પૂછજે-કારણકે તેનું નામ જાણ્યાથી મારૂં દિલ ખુશહાલ થશે.

કદાચને આપણો મુલક તેને પસંદ પડશે (યાને તે અહીં રહેશે)-તો તેના દબદબાથી આપણો દરજ્જો વધશે.

અને આપણે તેને તુરત લશ્કરનો સેનાપતિ બનાવી દઇશું-અને આ આપણા કીમતી મુલકમાં તેને સઉથી ઊંચી પદવી આપીશું."

પછી તે પાદશાહનો અનુભવી વઝીર આવ્યો-અને તેણે બેહરામને સઘળી વાત કહી અને તેને માર્ગ બતાવ્યો.

ત્યાર બાદ તેણે બેહરામનું નામ પૂછ્યું-કારણકે તેનાં નામ વગર તેનો જવાબ પુરો થતો હતો નહીં.

જ્યારે બેહરામે એવું સાંભળ્યું ત્યારે તેના ચેહરાનો રંગ-ફેરવાઈ ગયો કે હવે તેને શું જવાબ આપે?

શેવટે તે બોલ્યો કે "એ સુભાષિત બોલનાર મર્દ!-તું મને બેઉ જેહાનમાં કાળાં મોઢાંનો ના કર.

મન અઝ શાહે ઈરાન્ ન પીચમ બગન્જ
ગરૂ અઝ નીસ્તી ચન્દ બાશમ બરન્જ
જોઝ ઈન્ બાશદ આરાયેશે દીને મા
ન અયદૂન્ બુવદ રાહો આઇને મા
હરાન્ કસ કે પીચદ સરૂ અઝ શાહે ખીશ
બબરૂખાસ્તન્ ગુમ કુનદ રાહે ખીશ
ફોઝની નજોસ્ત આન્ કે બૂદશ ખરદ
બદો નીકૂ બરૂ મા હમી બુગ્ઝરદ
ખોદાવન્દે તાજ આફરીદૂન કુજાસ્ત
કે પોશતહુ ઝમાનહુ બદૂ બૂદ રાસ્ત
કુજા આન્ બુઝોર્ગાને ખુસ્રવ નેજાદ
જહાનદારૂ કયખુસ્રવો કયકોબાદ
દેગરૂ આન્ કે દાની તો બહુરામરા
જવાને જહાનજૂયો ખુદકામરા
અગરૂ મન ઝે ફર્માને ઊ બુગ્ઝરમ
બમર્દી સરૂ આરદ જહાન્ બરૂ સરમ
નમાનદ બરો બૂમે હેન્દુસ્તાન્
બઈરાન્ કશદ ખાકે જાદુસ્તાન્
હમાન્ બેહ કે મન બાઝ ગર્દમ બદરૂ
બેબીનદ મરા શાહે પીરૂઝગરૂ
ગરૂ અઝ નામ પુર્સીમ બરૂઝૂય નામ
ચુનીન્ ખાનદમ શાહો હમ બાબો મામ
હમહુ પાસોખે મન બશન્ગલ રસાન્
કે મન દીરૂ માન્દમ બશાહુરે કસાન્
ચુ દસ્તૂરૂ બેશનીદ પાસોખ બેબોરૂદ
શનીદહુ હમહુ પીશે ઊ બરૂ શુમોરૂદ
ઝે પાસોખ પુરૂ આઝન્ગ્ શુદ રૂએ શાહુ
ચુનીન્ ગોફૂત કૂ દૂરૂ માનદ ઝે રાહુ
સરૂ અન્દરૂ નેયારદ બફર્માને મન્
બેપીચદ હમી દેલ ઝે પયમાને મન્
યકી ચારહુ સાઝમ બરૂ ઊ મન કે રૂઝ
સરૂઆયદ બદીન્ મર્દે લશ્કરૂ ફોરૂઝ
યકી ગોરૂગ્ બૂદ અન્દરાન્ મર્ઝે શાહુ
ઝે બાલાએ ઊ બસ્તહુ બરૂ બાદ રાહુ
અઝાન્ બીશહુ બુગ્રીખ્તી શીરે નરૂ
હમી ઝારમાન્ કર્ગસે તીઝ પરૂ
યકાયકૂ હમહુ હેન્દ અઝ ઊ પુરૂ ખોરૂશ
અઝ આવાઝે ઊ કરૂ શુદહુ તીઝ ગૂશ

પૈસાની તંગીને લીધે અગર હું ગમે એટલો દુઃખમાં સબડું છું-છતાં પણ તારા ખઝાના માટે હું કદીબી મારા પાદશાહ તરફના ફર્માન થઇશ નહીં.

અમારી દીન ધર્મનાં ફર્માન કાંઈ જુદાજ છે-આવી રીતની રાહ રસમ અમારી છેજ નહીં.

જે કોઇ શખ્સ કે પોતાના પાદશાહથી સર ફેરવે છે-તે કયામતને દહાડે પોતાનો માર્ગ ગુમ કરે છે.

જે કોઈનામાં ડહાપણ હોય છે તે વધુ મેળવવાની ખાહેશ નથી કરતો-ભલું કે બૂરૂં આપણા ઉપરથી વીતી જાય છે.

તાજનો સાહેબ ફરીદૂન કે જેનાથી ઝમાનાની પીઠ સીધી રહેતી હતી તે કયાં છે?

કયાં ગયા તે પાદશાહી બુન્યાદના બુઝોર્ગો-પાદશાહ કયખસરૂ અને કયકોબાદ?

બીજું એ કે તું દેશ જીતનાર જવાન અને આપ એખ્તયાર પાદશાહ બેહરામને બરાબર પિછાને છે?

જો હું તેના ફર્માનથી વેગળો જાઉં-તો તે પોતાની મર્દાનગીથી મને પુરોજ કરી નાખે.

અને આ હિંદુસ્તાનની સર ઝમીન પણ કાયમ રહેવા દે નહીં-અને ૨૯૦
આ જાદૂઇ ભર્યાં મુલકની ખાક ઈરાન ઘસડી લઇ જાય.

માટે એજ ભલું છે કે હું તેની દરગાહમાં પાછો ફરૂં-કે તે ફતેહમંદ પાદશાહ મને પાછો ફરેલો જોય.

અગરજો તું મારૂં નામ પૂછે છે તો મારૂં નામ બરઝૂ છે-એજ નામે મને પાદશાહ તેમજ મારાં માબાપ બોલાવે છે.

આ મારો જવાબ તું શંગલને પહોંચાડ-કારણકે હું પારકા મુલકમાં ઘણો વખત થોભ્યો છું."

જ્યારે વઝીરે એવું સાંભળ્યું ત્યારે તે જવાબ લઇને ગયો-તેણે જે સાંભળેલું તે સઘળું તેની આગળ કહ્યું.

આ જવાબ સાંભળવાથી પાદશાહનો ચેહરો કરચલી ભરેલો થયો-અને એ પ્રમાણે બોલ્યો કે "તે મારા સૂચવેલા માર્ગથી દૂરનો દૂરજ રહે છે.

તે મારો હોકમ માનતો નથી-અને મારાં કહ્યાથી તે પોતાનું દિલ ફેરવે છે.

પણ હું તેની ઉપર એવી એક યુક્તિ કરીશ કે જેથી તે લશ્કરના સેપહ-સાલાર ઉપર દહાડો આખેર આવશે.

તે પાદશાહના મુલકમાં એક વરૂ હતું-જેના બુલંદ કદથી પવનનો માર્ગ પણ બંદ થઇ જતો હતો.

તેનાં રહેઠાણનાં જંગલમાંથી નર સિંહ પણ નાસી જતો હતો-તેમજ શિતાબ ઉડનારૂં ગીદ પક્ષી આસ્માન ઉપરથી ઉડી જતું હતું.

સઘળો હિંદનો મુલક તેનાથી ચકચાર ભરેલો બન્યો હતો-તેના પોકા- ૨૯૧
રથી તિક્ષ્ણ કાન પણ બેહેરા થઈ જતા હતા.

જન્ગ્ કર્દને બહ્રામ્ બા ગોર્ગ્ બગોફ્તએ શન્ગલ્ વ કોશતને ઊ ગોર્ગ્રા.

બબહુરામ ગોફૂત અય પસન્દીદહુ મરૂદ
બરૂઆયદ બદસ્તે તો હરૂ કારૂ કરૂદ

શંગલના કહેવાથી બેહરામે વરૂ સાથ લડાઈ કરવી અને તેણે વરૂને મારી નાખવું.

પછી શંગલે બેહરામને કહ્યું કે "ઓ પસંદગી પામેલા મર્દ!-તારા હાથથી દરેક કામ પાર પડી શકે છે.

ચકી બીશહ્ નઝદીકે શહરે મનસ્ત
કઝાન્ બીશહ્ અન્દીશહ્ બહ્રે મનસ્ત
ચકી ગોરૂગ્ દર્ વય બસાને નહન્ગ્
બેદરૂરદ હેલે શીરો ચર્મે પલન્ગ્
બનઝદીકે આન્ ગોરૂગ્ બાયદ શદન્
હમહ્ ચર્મે ઊરા બતીર્ આઝદન્
મગર્ ઝ બર્ આસાયદ ઈન બૂમો બર્
બફરૂરે તો અય મર્દે પીરૂઝગર્
ચકી જાહ્ બાશદ્દત નઝદીકે મન્
ચે નઝદીકે ઈન્ નામદાર્ અન્જુમન્
કે જાવીદ દર્ કેશ્વરે હેન્દો ચીન્
કુનદ હર્ કસી બર્ તો બર્ આફરીન્
બદ્ ગોફ્ત બહ્રામે પાકીઝહ્ રાય
કે બા મન્ બેબાયદ યકી રહ્નુમાય
ચુ બીનમ્ બનીરૂએ યઝદાન્ તનશ
બેબીની બખૂન્ ઘર્કહ્ પીરાહનશ
૨૯૨ બદ્ દાદ શન્ગલ્ યકી રહ્નુમાય
કે આન્રા નેશીમન્ બેદાનેસ્તો જાય
હમી રફ્ત બા નીકુદેલ્ રહ્નમૂન્
બદાન્ બીશએ ગોર્ગે રીઝન્દહ્ ખૂન્
હમી ગોફ્ત ચન્દી ઝે આરામે ઊય
ઝે બાલાઓ પહ્નાઓ અન્દામે ઊય
ચુ બેન્મૂદો બરૂગશ્ત બહ્રામ તફ્ત
ખરામાન્ બદાન્ બીશએ ગોરગ્ રફ્ત
પસે પોશ્તે ઊ ચન્દ ઈરાનેયાન્
બપયકારે આન્ ગોરૂગ્ બસ્તહ્ મેયાન્
ચુ અઝ દૂર્ દીદન્દ બાલાએ ઊય
ચુનાન્ બીશહો સાખ્તહ્ જાએ ઊય
બદ્ હર્ કસી ગોફ્ત શાહા મકુન્
ઝે મર્દી હમી બુગ્ઝરાની સખુન્
નકર્દસ્ત કસ જન્ગ્ બા કૂહો સન્ગ્
અગર્ચેહ્ દેલીરી તો શાહા બજન્ગ્
બશન્ગલ્ ચુનીન્ ગૂય કીન્ રાહ્ નીસ્ત
બદીન્ જન્ગ્ દસ્તૂરીએ શાહ્ નીસ્ત
બફર્માન કુનમ જન્ગ્ તા શાહે મન્
અગર્ બેશનવદ બેસ્પરદ ગાહે મન્
૨૯૩ ચુનીન્ દાદ પાસોખ કે યઝદાને પાક્
મરા ગર્ બહેન્દૂસ્તાન્ દાદ ખાક્
બજાએ દેગર્ મર્ગે મન્ ચૂન્ બુવદ
કે અન્દાઝહ્ ઝન્દીશહ્ બીરૂન્ બુવદ
કમાન્રા બઝેહ્ કરૂદ મર્દે જવાન્
તો ગોફ્તી હમી ખાર્ ગીરદ રવાન્
બેયામદ દવાન્ તા બનઝદીકે ગરૂગ્
પુર્ અઝ ખેશ્મ સર્ દેલ્ નેહાદહ્ બમર્ગ્
કમાને કયાની ગેરેફ્તહ્ બચન્ગ્
ઝે તર્કશ બર્ આવરૂદ તીરે ખદન્ગ્
હમી તીર્ બારીદ હમચુ તગર્ગ્
બદીન્ હમ નેશાન્ તા ઘમી ગશ્ત ગરૂગ્
યકી તીર્ ઝદ બર્ સુરીન્ગાહે ઊય
કે તીરહ્ શુદ અન્દર્ ઝમાન્ માહે ઊય

મારાં શેહરની નઝદીકમાંજ એક જંગલ છે-કે જે જંગલથી હું ફિક્રમંદ બન્યો છું.

તે જંગલમાં મગરમચ્છની મિસાલનું એક વરૂ રહે છે-જે સિંહનું દિલ અને ચિત્તાનું ચામડું ચીરી નાખે છે.

માટે તે વરૂની આગળ તને જવું જોઇયે-અને તેનું તમામ ચામડું તીરથી વિંધી નાખવું જોઇયે.

ઓ ફતેહમંદી ભરેલા શખ્સ! કદાચને તારાં ખોરેહની બરકતે કરી તે વરૂથી આ મારો દેશ શાન્તી મેળવે.

તેથી મારી નઝદીક કે શું મારી નામદારી ભરેલી અંજુમનની નઝદીક તારો મરતબો ઘણોજ વધશે.

કારણકે જાવેદાન સુધી હિંદ અને ચીનના મુલકોમાં-દરેક જણ તારી ઉપર આફ્રીન કર્યા જશે.”

ત્યારે નેક વિચારના બેહરામે તેને જવાબ દીધો-કે “મારી સાથ એક ભોમિયો જોઇયે.

પછી જ્યારે પાક યઝદાનનાં કૌવતથી હું તે વરૂને જોઈશ ત્યારે તું તેનાં બદન ઉપરનું ચામડું લોહીમાં તરબોર થયલું જોશે.”

શંગલે તેને એક ભોમિયો કે જે તેનો ગૂફો અને જગ્યા જાણતો હતો, તે આપ્યો.

બેહરામ તે ભલા ભોમિયા સાથ પેલાં લોહી રેડનારાં વરૂના જંગલ તરફ ચાલવા લાગ્યો.

તે ભોમિયાએ પેલાં વરૂની રહેવાની જગ્યા માટે તેમજ તેનાં બુલંદ કદ, તેની પોહોળાઇ અને તેનાં શરીર માટે ઘણીક વાતો કરવા માંડી.

જ્યારે તે વરૂની જગ્યા બતાવી પેલો ભોમિયો પાછો ફર્યો ત્યારે બેહરામ આગળ વધ્યો-અને ખુશહાલીથી ચાલતો તે વરૂના જંગલમાં ગયો.

તેની પછાડી કેટલાક ઇરાનીઓ પણ તે વરૂની લડાઈ માટે કમર બાંધીને ગયા.

પણ જ્યારે દૂરથી તેઓએ તેનું કદ, તે જંગલ અને સંતાવાની બનાવેલી જગ્યા જોઇ,

ત્યારે દરેક જણ બોલવા લાગ્યો કે “ઓ પાદશાહ! તું આ સાહસ ના કર-તું મર્દાનગીની હદ ઓળંગી જાય છે.

ઓ પાદશાહ! અગર તું લડાઈ કરવામાં ઘણો બહાદુર છે-છતાં કોઇએ પહાડ અને પત્થર સાથ લડાઇ કીધી નથી.

માટે તું પાછો ફરી શંગલને એમ કહે કે ‘આ વાત વાજબી નથી-એવી લડાઇ માટે મારા પાદશાહની પર્વાનગી નથી.

મારા પાદશાહના હોકમથી હું તે લડાઇમાં જઈશ-કે જેથી જ્યારે તે મારાં કામની વાત સાંભળે ત્યારે મને મારી જગ્યા પાછી સપુરદ કરે.”

બેહરામે તેઓને એવો જવાબ દીધો કે “પાક યઝદાને-મારી મિટ્ટી જો હિંદુસ્તાનમાં લખી હશે,

તો મારૂં મોત બીજી જગ્યાએ કેવી રીતે આવશે?-આ વાત મારા ધ્યાનમાં ઉતરતી નથી.”

એટલું કહી તે જવાન મર્દે પોતાની કમાનનો ચિલ્લો ચઢાવ્યો-તું કહે ગોયા તે પોતાના જીવને કાંઇ નકામોજ સમજે છે.

તે દોડતો વરૂની નઝદીક આવ્યો તેનું સર ગુસ્સાથી ભરેલું અને દિલ મોત ઉપર ઠરેલું હતું.

તેણે પાદશાહી કમાન હાથમાં પકડી-અને ભાથામાંથી ખંદગી તીર બાહેર કાઢયો.

તેણે કરાંની મિસાલ તીર વરસાવા માંડયા-જેથી પેલું વરૂ સુસ્ત પડી ગયું.

એક તીર તેનાં કુલાંમાં માર્યો-કે તેજ વખતે તેનો રોશન માહતાબ સીઆહ બન્યો (યાને તે માર્યું ગયું).

ચુ દાનેસ્ત કૂશ સરૂઆમદ ઝમાન
બરૂ આહીખ્ત ખન્જરૂ બજાએ કમાન
સરે ગોરૂગ્રા પસ્ત બુરીદો ગોફ્રત
બનામે ખોદાવન્દે બી યારો જોફ્રત
કે ઊ દાદ યન્દી મરા ફરૂરો ઝૂરૂ
બફર્માને ઊ તાબદ અઝ ચરૂખ હૂરૂ
બેફરૂમૂદ તા ગાવો ગરૂદૂન બરન્દ
તને ગોરૂગ્ અઝાન્ બીશહ્ બીરૂન્ બરન્દ
બેબોર્દન્દો ચૂન દીદ શન્ગલ ઝે દૂરૂ
બદીબા બેયારાસ્ત અયવાને સૂરૂ
ચુ બરૂ તખ્ત બેન્શસ્ત પુરૂમાયહ્ શાહ્
નેશાનીદ બહ્રામરા પીશે ગાહ્
હમી કરૂદ હરૂ કસ બરૂ આફરીન
બુઝોર્ગાને હેન્દો સવારાને ચીન્
બેરફતન્દ હરૂ મેહ્તરી બા નેસારૂ
બબહ્રામ ગોફ્તન્દ કય નામદારૂ
કસીરા સઝાએ તો કેર્દારૂ નીસ્ત
બકેર્દારે તૂ રાહે દીદારૂ નીસ્ત
બરીન્ નીઝ બુગ્ઝશ્ત ચન્દ ફ્રઝ
હમી દાશ્ત બહ્રામરા દેલફરૂઝ
અઝૂ શાહ શન્ગલ ગહો ગહ્ બઘમ
ગહી તાઝહ્ રોખસારો ગાહી દેઝમ
હમી ખાસ્ત કૂરા સરૂઆરદ ઝમાન્
મગરૂ દૂરૂ ગર્દદ દેલશ અઝ ઘમાન્
યકી અઝ્દહા બૂદ બરૂ ખુશ્કો આબ્
બદર્યા ગહો ગાહ્ દરૂ આફ્તાબ્
હમા દરૂ કશીદી બદમ ઝન્દહ્ પીલ
વઝૂ ખાસ્તી મઉજે દર્યાએ નીલ
ચુનીન્ ગોફ્ત શન્ગલ બયારાને ખીશ
બદાન્ તીઝહુશ રાઝદારાને ખીશ
કે મન ઝીન્ ફેરેસ્તાદએ શીરૂ મરૂદ
ગહી શાદમાનમ ગહી પુર ઝે દરૂદ
મરા પોશત બૂદી ગરૂ ઈદરૂ બુદી
બકન્નૂજો બરૂ કેશ્વરમ સરૂ બૂદી
ગરૂ અઝ નઝદે મા સૂએ ઈરાન્ શવદ
ઝે બહ્રામ કન્નૂજ વીરાન્ શવદ
ચુ કેહ્તરૂ ચુનીન્ બાશદો મેહ્તરૂ ઊય
નમાનદ બરીન્ બૂમે મન્ રન્ગો બૂય
હમહ્ શબ્ હમા કારે ઊ સાખ્તમ
યકી ચારએ દીગરૂ અન્દાખ્તમ
ફેરેસ્તમશ નઝદીકે આન્ અઝ્દહા
કઝ ઊ બીગુમાન્ ઊ નેયાબદ રહા
નબાશમ નકૂહીદહ્ અઝ કારે ઊય
ચુ બા અઝ્દહા ખુદ શવદ જન્ગ્જૂય
બેગોફ્ત ઇનો બહ્રામરા પીશ ખાન્દ
બસી દાસ્તાને દેલીરાન્ બેરાન્દ
બદૂ ગોફ્ત યઝદાને જાન્ આફરીન
તોરા ઈદરૂ આવરૂદ ઝીરાન્ ઝમીન્
કે હેન્દુસ્તાન્રા બેશૂઈ ઝે બદ
બુનાન્ કઝ રહે નામદારાન્ સઝદ

બેહરામે જ્યારે જાણ્યું કે તેની આખેરી આવી-ત્યારે તેણે કમાનની જગ્યાએ પોતાની તલવાર ખેંચી.

અને તે વરૂનુ સર ખુવારીથી કાપી નાખ્યું અને બોલ્યો કે "ખોદાતાલા કે જેનો કોઇ સાથી કે હરીફ નથી તેનાં નામની મદદથી મેં આ ફતેહ મેળવી.

કે જે સાહેબે મને આટલું બધું ખોરેહ અને કૌવત બક્ષેશ કર્યું-અને જેના ફર્માનથીજ આસ્માન ઉપર આફતાબ રોશની આપે છે."

પછી તેણે ફર્માવ્યું કે "તેઓ ગાડાં અને બળદ લાવે-અને તે જંગલ- ૨૯૪
માંથી વરૂનું તન બાહેર લઈ જાય."

તે પ્રમાણે તેઓ લઇ ગયા અને જ્યારે શંગલે દૂરથી તે જોયું-ત્યારે તેણે રેશમી કપડાંથી પોતાનો ખાણી પીણીનો અયવાન સણગાર્યો.

જ્યારે મોબ્બાદાર પાદશાહ તખ્ત ઉપર બેઠો-ત્યારે બેહરામને પોતાનાં તખ્તની આગળ માનથી બેસાડયો.

તેની ઉપર દરેક હિંદના મોટા લોકો તેમજ ચીનના લડાયક સવારો આફ્રીન કરવા લાગ્યા.

સઘળા સરદારો હાથમાં નેસાર લઈ તેની આગળ આવ્યા-અને બેહ. રામને કહ્યું કે "ઓ નામદાર!

તારાં જેવાં કામ કોઈ કરે નહીં-તારાં કામ અમારા વિચારમાં આવી શકતાં નથી."

એ વાત ઉપર પણ થોડાક દહાડા નીકળી ગયા-અને હિંદનો પાદ- શાહ બેહરામને ખુશહાલી સાથ રાખવા લાગ્યો.

શંગલ તેનાથી કભી ખુશહાલ અને કભી ગમમાં રહેતો હતો-કભી ખીલેલા ચેહરાનો અને કભી ગમગીન બનતો હતો.

તે કોઈ પણ રીતે બેહરામની આખેરી લાવવા ચાહતો હતો-કે જેથી કદાચ તેનાં દિલનો ગમ દૂર થાય.

તેનાં મુલકમાં ઝમીન ઉપર તેમજ પાણીમાં રહેનારો એક અઝદહા હતો- જે કોઈ વેળા દર્યામાં તો કોઇ વેળા આફતાબની ગર્મીમાં રહેતો હતો.

તે પોતાના દમમાં મસ્ત હાથીને ખેંચી લેતો હતો-અને તેનાથી ૨૯૫
નીલનો દર્યા પણ મોજો ઉઠાવતો હતો.

શંગલે પોતાના સાથીઓને તેમજ પોતાના બાહોશ વિશ્વાસુ અમલ- દારોને એ પ્રમાણે કહ્યું,

કે "હું આ શેર મર્દ એલચીથી-કભી ખુશહાલ રહું છું અને કભી દર્દ ભરેલો બનું છું.

અગરજો એ અહીં રહેતે તો મારો મદદગાર બનતે-અને કનુજ ઉપર તેમજ મારા મુલક ઉપર તે સરદાર થતે.

જો એ મારી આગળથી ઈરાન જતો રહેશે-તો બેહરામથી આ કનુજનો મુલક વયરાન થઇ જશે.

જ્યારે આવો બહાદુર તેનો નોકર હોય અને તે જેવો પાદશાહ હોય- તો આ મારાં મુલકની રચના બચી શકે નહીં.

હું આખી રાત તેનાંજ કામનો વિચાર કર્યા કરતો હતો-અને તેવી રીતે મેં એક બીજો ચારો શોધી કાઢયો છે.

હું એને પેલા અઝદહાની નઝદીક મોકલવા માગું છું-કે જેનાથી બેશક એ છૂટકારો પામશે નહીં.

અને જ્યારે તે પોતેજ અઝદહા સાથે લડાઇ કરવા જશે-તો તેના એ કામ માટે હું ઠપકાને લાયક ઠરીશ નહીં."

એટલું બોલી તેણે બેહરામને નઝદીક બોલાવ્યો-અને બહાદુર લોકોની ઘણીક વાતો તેણે ચવાવી.

તે બોલ્યો કે "જાનનો પયદા કરનાર યઝદાન-તને ઇરાન ઝમીનથી ૨૯૬
અહીં લાવ્યો છે.

કે તું હિંદુસ્તાનમાંથી જેમ નામદારી ભરેલા લોકોની રીતને લાયક હોય તેમ સઘળી બદીઓ ધોઇ નાખે.

ચકી કારૂ પીશસ્ત બા દર્દો રન્જ
બઆઘાઝ રન્જો બફર્જામ ગન્જ
ચુ ઈન્ કર્દેહ્ બાશી ઝમાની મપાય
બખુશ્નૂદીએ મન્ બેરવ બાઝ જાય
બશન્ગલ્ ચુનીન્ પાસોખ આવરૂદ શાહ
કે અઝ રાએ તૂ બુગ્ઝરમ નીસ્ત રાહ
ઝે ફર્માંને તૂ નુગ્ઝરમ યકઝમાન્
મગર્ બદ્ બુવદ ગર્દેશે આસ્માન્

એક દુ:ખ અને રંજ ભરેલું કામ તારી આગળ આવી પડયું છે-શુરૂઆતમાં જો કે રંજ છે, પણ શેવટે તો એક ભારી ખઝાનોજ છે.

જ્યારે તું આ કામ કરી રહે ત્યારે થોડોક વખત પણ અહીં થોભતો ના-પણ મારી ભારે ખુશહાલી સાથે તું પોતાની જગ્યાએ પાછો ફરજે."

પાદશાહ બેહરામે શંગલને એવો જવાબ દીધો-કે "હું તારા હોકમથી ઉલટો ચાલું એ સલાહકારક છેજ નહીં.

આ ફરતાં આસ્માનની ગર્દેશ બૂરી થવા સિવાય-હું તારાં ફર્માનથી એક પળ પણ ફરીશ નહીં."

કોશતને બહ્રામ્ અઝ્દહારા.

બેહરામે અઝદહાને મારી નાખવો.

બદુ ગોફ્ત શન્ગલ્ કે યન્દી બલાસ્ત
બરીન્ બૂમે મા બર્ યકી અઝ્દહાસ્ત
બખુશ્કીઓ દર્યા હમી બુગ્ઝરદ
નહન્ગે દમ આહન્જરા બેશ્કરદ
તવાની મગર્ ચારઈ સાખ્તન્
અઝ્ કેશ્વરે હેન્દ પર્દાખ્તન્
બઇરાન્ બરી બાઝે હેન્દૂસ્તાન્
હમહ્ મરૂઝ્ બાશન્દ હમદાસ્તાન્
૨૯૭ હમાન્ હદયએ હેન્દ બા બાઝ્ નીઝ
ઝે ઊહો ઝે તીઘો ઝે હરગૂનહ્ ચીઝ
બદ્ ગોફ્ત બહ્રામ કય પાદશા
બહેન્દ અન્દરૂન્ શાહો ફર્માન્ રવા
બફર્માંને દાદારે યઝ્દાને પાક
પયે અઝ્દહારા બેબુરૂરમ ઝે ખાક
નદાનમ કે ઊરા નેશીમન્ કુજાસ્ત
બેબાયદ નમૂદન્ મરા રાહે રાસ્ત
ફેરેસ્તાદ શન્ગલ્ યકી રાહ્જૂય
કે આન્ અઝ્દહારા નુમાયદ બદૂય
હમી રફ્ત બા નામવર્ સી સવાર્
ઝે ઇરાન્ બુઝોર્ગાને ખન્જર્ ગુઝાર્
હમી તાખ્ત તા પીશે દર્યા રસીદ
બતારીકી આન્ અઝ્દહારા બેદીદ
બેદીદ આન્ તનો પીચેશો ખશ્મે ઊય
હમી આતેશ અફ્રૂખ્ત અઝ્ ચશ્મે ઊય
બુઝોર્ગાને ઇરાન્ ખોરૂશાન્ શુદન્દ
અઝાન્ અઝ્દહા તીઝ જૂશાન્ શુદન્દ
બબહ્રામ ગોફ્તન્દ કય શહ્રયાર્
તો ઈન્રા ચુ આન્ ગોર્ગે પીશીન્ મદાર્
૨૯૮ બદીન્ બદ્ મદેહ્ શહ્રે ઈરાન્ બબાદ
મકુન્ દુશ્મનતરા બદીન્ બૂમ શાદ
બઈરાનેયાન્ ગોફ્ત બહ્રામ ગોરદ
કે જાન્રા બદાદાર્ બાયદ સેપોરદ
મરા ગર્ ઝમાનહ્ બદીન્ અઝ્દહાસ્ત
બમર્દી ફેઝૂની નગીરદ ન કાસ્ત
કમાન્રા બઝેહ્ કર્દો બુગ્ઝીદ તીર્
કે પયકાન્શરા દાદહ્ બુદ ઝહ્ર્ શીર્

શંગલે તેને કહ્યું કે "આ મારા મુલકમાં એક અઝદહા છે કે જે એક મોટી બલા છે.

જે ઝમીન ઉપર તેમજ દર્યામાં આવ જાવ કરી શકે છે-પોતાના દમે કરી માણસોને ગળી જનાર મગરમચ્છનો પણ તે શિકાર કરે છે.

માટે જો તું કાંઇ તેનો એલાજ કરી શકશે અને તે અઝદહાથી આ હિંદનો મુલક ખાલી થઇ શકશે,

તોજ તું હિંદુસ્તાનની ખંડણી ઇરાન લઈ જશે-અને એ ઉપર મારો આખો મુલક એકમત થશે.

વળી તે ખંડણી સાથ હિંદનું અગર તેમજ હિંદી તલવાર અને એ વગેરે બીજી જાદી જાુદી ચીઝોનો હદયો પણ લઈ જઇ શકશે."

બેહરામ બોલ્યો કે "ઓ પાદશાહ! ઓ હિંદના મુલકમાં રાજ ચલાવનાર અને હોકમ કરનાર!

ઈન્સાફી પાક યઝદાનના હોકમથી-આ અઝદહાનાં કદમ આ ઝમીન ઉપરથી કાપી કાઢીશ.

પણ હું તેનાં રહેઠાણની જગ્યા જાણતો નથી કે ક્યાં છે?-માટે મને ત્યાં જવાની સીધી રાહ દેખાડવી જોઈયે."

ત્યારે શંગલે એક ભોમિયો તેની સાથ મોકલ્યો-કે તે બેહરામને પેલો અઝદહા દેખાડે.

ઈરાનના તલવાર મારનારા અમીરોમાંથી-ત્રીસ નામચીન સવારો સાથે બેહરામ ચાલવા લાગ્યો.

તે પેલા દર્યા સુધી ગયો ત્યાં સુધી ચાલ્યા કીધો-ત્યાં તેણે અંધારામાં તે અઝદહાને જોયો.

તેણે તેનું તે ભારી તન, તેની વળણ અને તેનો ગુસ્સો જોયો-તેની આંખમાંથી આતશ રોશન થતો હતો.

તે અઝદહાને જોઇ ઈરાનના મોટાઓ ઘણાજ ઉસ્કેરાઇ ગયા અને પોકાર કરવા લાગ્યા,

અને બેહરામને કહેવા લાગ્યા કે "ઓ પાદશાહ!-તું કાંઇ એને પેલાં આગળનાં વરૂ જેવું ના સમજતો-

આ આફતથી ઈરાન દેશને બરબાદ ના કર અને આ મુલકમાં તારા દુશ્મનને ખુશહાલ ના બનાવ."

બહાદુર બેહરામે ઈરાનીઓને કહ્યું-કે "આપણાં તન તો ખોદાતાલાનેજ સોંપવા જોઇયે.

જો મારો વખત આ અઝદહાથીજ પુરો થવાનો હશે-તો ગમે એવી મર્દાનગી દેખાડવાથી તેમાં વધારો કે ઘટાડો થઈ શકવાનો નથી."

એટલું કહી તેણે કમાનને ચિલ્લો ચઢાવ્યો અને એક તીર પસંદ કરી ખેંચી કાઢયો-કે જેનાં પયકાનને ઝેહરનું પાણી પાયલું હતું.

બરાન્ અઝ્દહા તીરૂ બારાન્ ગેરેફ્ત
ચપો રાસ્ત જન્ગે સવારાન્ ગેરેફ્ત
બપૂલાદે પયકાન્ દહાનશ બેદૂખ્ત
હમી ખારૂ અઝ ઝહરે ઊ બરૂ ફોરૂખ્ત
દેગરૂ ચારૂ ચૂબહુ બેઝદ બરૂ સરશ
ફેરૂરીખ્ત બા ઝહરૂ ખૂન અઝ બરશ
તને અઝ્દહા ગશ્ત અઝાન્ તીરૂ સોસ્ત
હમી ખાકરા ખૂન ઝે ઝહરશ બેશોસ્ત
સબુક્ તીઘે ઝહરૂ આબ્ગૂન બરૂ કશીદ
બતુન્દી દેલે અઝ્દહા બરૂ દરીદ
બતીઘો તબરૂઝીન્ બેઝદ ગર્દનશ
બખાક્ અન્દરૂ અફ્ગન્દ પીચાન તનશ
ચુ અઝ અઝ્દહા ગશ્ત પર્દાખ્તહુ
બપીશે જહાન્દારૂ શુદ સાખ્તહુ
હમી ગોફ્ત કય દાવરે દાદ પાક્
તો કર્દી ચુનીન્ અઝ્દહારા હલાક્
વગરૂનહુ કેરા બૂદ ઈન્ દસ્તગાહુ
તોઈ બન્દગાનરા ઝે હરૂ બદ પનાહુ
વઝાન્ જા બેયામદ સુએ શાહે હેન્દ
સુએ નામવરૂ લશ્કરૂ આરાએ સેન્દ
કે પરૂદુખ્તહુ શુદ શાહુ અઝીન્ કાર્ઝારૂ
બફરૂમાને દાદારે પર્વર્દેગારૂ
ચુ શન્ગલ્ શનીદ ઈન્ શુદ અન્દૂહુગીન્
કે ઊરા ચુનીન્ દીદ બરૂ પોશ્તે ઝીન્
બેફરૂમૂદ તા ગાવો ગરૂદૂન્ બરન્દ
ઝે બીશહુ તનશરા બહામૂન્ બરન્દ
બરૂઆમદ ઝે હેન્દૂસ્તાન્ આફરીન્
ઝે દાદારૂ બરૂ બૂમે ઇરાન્ ઝમીન્
કે ઝાયદ બરાન્ ખાક્ ચૂનીન્ સવારૂ
કે બા અઝ્દહા સાઝદ આન્ કાર્ઝારૂ
બદીન્ બુર્ઝો બાલાએો આન્ શાખો યાલ્
નબાશદ જોઝ અઝ શહુરૂયારશ હમાલ્

તે અઝદહા ઉપર તીરનો વરસાદ વરસાવવા લાગ્યો-અને સવારોની લડાઇ માફક દાબા જમણી ફરવા લાગ્યો.

પોલાદી તીરની પયકાનથી તેનું મોઢું સીવી લીધું-તેનાં ઝેહરથી તે જંગલમાંના કાંટા બળવા લાગ્યા.

બીજા ચાર તીર તેનાં માથાં ઉપર માર્યા-જેથી તેની છાતીમાંથી ઝેહરી લોહી વહેવા માંડયું.

તે તીરથી અઝદહાનું તન સુસ્ત થયું-અને તેનાં ઝેહરી લોહીએ ઝમીનને ધોવા માંડી.

બેહરામે શેતાબ ઝેહરી પાણી પાયલી તલવાર બાહેર કાઢી-અને ઉતાવળે તે અઝદહાનું શરીર ચીરી નાખ્યું.

તલવાર અને કુહાડીએ તેની ગર્દન કાપી નાખી-તેનું તરફડતું શરીર ખાકમાં નાખ્યું.

જ્યારે તે અઝદહા મારી ફારેગ થયો-ત્યારે તે ખોદાતાલા આગળ ૨૯૫
બંદગી કરવા પડયો.

તે એ પ્રમાણે બોલવા લાગ્યો કે "ઓ પાક ઇન્સાફના ખાવંદ !-તેંજ એવા અઝદહાને હલાક કીધો.

નહીં તો આવી શક્તિ કોણને હતી?-તુંજ સઘળા બંદાઓને દરેક આફતમાંથી બચાવનારો છે."

પછી તે ત્યાંથી હિંદના પાદશાહ અને સિંધના સેપહસાલારની તરફ આવ્યો,

કે "ઇન્સાફી પર્વર્દેગારના હોકમથી પાદશાહ તે અઝદહાની લડાઇથી ફારેગ થયો છે."

જ્યારે શંગલે આ સાંભળ્યું ત્યારે તે દિલગીર થયો-કારણ હજી તેણે ઘોડાનાં ઝીન ઉપરજ બેઠેલો જોયો.

તેણે હોકમ કીધો કે "બળદ અને ગાડું લઈ જાય-અને જંગલમાંથી તે અઝદહાનાં શરીરને મયદાનમાં લઇ આવે."

આખાં હિંદુસ્તાનમાંથી "ઈરાન સરઝમીન ઉપર ખોદાતાલા તરફની દોઆ હોજો !"ના પોકારો નીકળ્યા.

કે "તે મુલકમાં એવો બહાદુર સવાર પયદા થાય છે-કે જે અઝદહા સાથે આવી રીતની લડાઈ કરે છે.

આવી બુલંદી, આવું ઊંચું કદ અને આવી બાઝૂ અને ગર્દનવાળો શખ્સ-પાદશાહની બરાબરિયા સિવાય બીજો કોઈજ હોઇ શકે નહીં."

અન્દીશહ્મન્દ્ શુદને શન્ગલ્ અઝ્ બહ્રામ્ વ દુખ્તરે ખુદ્ દાદન્ બઊ.

—:o:—

હમહુ શાદો શન્ગલ્ દેલી પુરૂ ઝે દરૂદ
હમી દાશ્ત અઝ કારે ઊ રૂય ઝરૂદ
શબ્ આમદ બેખાવરૂદ ફર્ઝાનહુરા
હમાન્ મરૂદુમે ખીશો બીગાનહુરા
ચુનીન્ ગોફ્ત કીન્ મર્દે બહુરામ શાહુ
બદીન્ ઝૂરો ઈન્ શાખો ઈન્ દસ્તગાહુ
નેયાબદ હમી રન્જશ અઝ હીચ રૂય
ઝે હરૂચૂનહુ કામીખ્તમ રન્ગો બૂય

શંગલનું બેહરામ માટે વિચારવંત બનવું અને તેને પોતાની બેટી આપવું.

—:o:—

સઘળાઓ જ્યારે ખુશહાલ બન્યા હતા ત્યારે શંગલ દર્દ ભરેલાં દિલનો ૩૦૦
હતો-બેહરામના કામથી તેનો ચેહરો ફિકો પડયો જતો હતો.

તેણે રાત પડતાંજ દાનાઓ તેમજ પોતાના કુટુંબીઓ અને બીજા પારકા શખ્સોને બોલાવ્યા.

તે બોલ્યો કે "આ આવા ઝોરવાળો આવી બાઝૂવાળો અને આવી શક્તિવાળો પાદશાહ બેહરામનો એલચી,

કે જેને મેં દરેક રીતે ફરેબમાં નાખ્યો-તો પણ તે કોઈબી રીતે દુઃખી થતો નથી.

અરૂ અઝ નઝદે મા ઊ બઈરાન્ શવદ
બનઝદીકે શાહે દેલીરાન્ શવદ
સેપાહે મરા સુસ્ત ખાનદ બકારૂ
બહેન્દુસ્તાન્ નીસ્ત ગૂયદ સવારૂ
સરફ્રાઝ ગર્દદ મગરૂ દુશ્મનમ
ફેરેસ્તાદહ્રા સરૂ ઝે તન્ બરૂ કનમ
નેહાનશ હમી કરૂદ ખાહમ તબાહ્
ચે ગૂઇદો ઇનરા ચે બીનીદ રાહ્
બદૂ ગોફ્તત ફર્ઝાનહ્ કય શહરૂયારૂ
દેલતરા બદીન્ ગૂનહ્ રન્જહ્ મદારૂ
ફેરેસ્તાદએ શહરૂયારાન્ કોશી
ઝે બીદાનેશી બાશદો બીહોશી
૩૦૧ કસ અન્દીશહ્ ઝીનગૂનહ્ હરૂગેઝ નકરૂદ
બગેર્દ ચુનીન્ રાય હરૂગેઝ મગરૂદ
બરે મેહ્તરાન્ ઝેશ્ત નામી બુવદ
સેપહ્બુદ બમરૂદુમ ગેરામી બુવદ
ગરૂ ઈન્ મરૂદરા સરૂ બકાઝ આવરી
બદીન્ મરૂઝ રન્જે દરાઝ આવરી
હમાનગહ્ બેયાયદ ઝે ઈરાન્ સેપાહ્
યકી તાજદારી ચુ બહ્રામ શાહ્
નમાનદ કસ અઝ મા બદીન્ બૂમો રોસ્ત
બેબાયદ ઝે શાહી તોરા દસ્ત શોસ્ત
રહાનન્દએ માસ્ત અઝ અઝ્દહા
ન કોશતન્ બુવદ રન્જે ઊરા બહા
બરીન્ બૂમે મા અઝ્દહા કોશ્તો ગરૂગ્
બતન્ ઝેન્દગાની ફેઝાયેશ ન મરૂગ્
ચુ બેશનીદ શન્ગલ્ સખુન તીરહ્ ગશ્ત
ઝે ગોફ્તારે ફર્ઝાનગાન્ ખીરહ્ ગશ્ત
બેબૂદ આન્ શબો બામદાદે પગાહ્
ફેરેસ્તાદ કસ નઝદે બહ્રામ શાહ્
બતનહા તને ખીશ બી અન્જુમન્
ન દસ્તૂરૂ બુદ પીશો ન રાયઝન્
૩૦૨ બબહ્રામ ગોફ્ત અય દેલારાય મરૂદ
તવાન્ગરૂ શુદી ગેરૂદે બીશી મગરૂદ
બતૂ દાદ ખાહમ હમી દુખ્તરમ
ઝે ગોફ્તારૂ કેર્દારૂ બાશદ બરમ
ચુ ઈન્ કર્દહ્ બાશમ બરે મન્ બેઈસ્ત
કઝ ઈદરૂ ગુઝશ્તન્ તોરા રૂય નીસ્ત
તોરા બરૂ સેપહ્ કામગારી દેહમ
બહેન્દુસ્તાન્ શહરૂયારી દેહમ
ફેરૂમાન્દ બહ્રામો અન્દીશહ્ કરૂદ
ઝે તખ્તો નેઝાદો ઝે નન્ગો નબરૂદ
બદેલ ગોફ્ત ખુદ કર્દહ્રા ચારહ્ નીસ્ત
બકસ બરૂ અઝીન્ કારૂ બીઘારહ્ નીસ્ત
વદીગરૂ કે જાનરા બેયાબમ અઝીન્
બેબીનમ મગરૂ ખાકે ઈરાન્ ઝમીન્
કે ઈદરૂ બદીનસાન્ બેમાન્દીમ દીરૂ
બરૂ આવીખ્ત બરૂ દામે રૂબાહ્ શીરૂ
બશન્ગલ ચુનીન્ ગોફ્ત ફર્માન્ કુનમ
ઝે ગોફ્તારત આરાયેશે જાન્ કુનમ

અગરજો તે આપણી આગળથી ઈરાન જશે-અને બહાદુર લોકોના પાદશાહની નઝદીક પહોંચશે,

તો તે મારાં લશ્કરને નિર્બળ સમજશે-અને કહેશે કે 'હિંદુસ્તાનમાં એક પણ બહાદુર સવાર નથી.'

એથી મારો દુશ્મન સરફ્રાઝ બનશે-માટે હું આ એલચીનું સર તનથી જુદું કરવા માગું છું.

હું તેને છુપી રીતે મારી નાખવા ચાહું છું-આ બાબતમાં તમો શું કહો છો અને શું સલાહ આપો છો?"

એક દાના શખ્સે તેને કહ્યું કે "ઓ પાદશાહ!-તું તારા દિલને એવી રીતે દુઃખી ના રાખ.

પાદશાહોના એલચીને તું મારી નાખે-તો એ કામ બેવકુફીનું અને નાદાનીનું હોય છે

કદી પણ કોઇયે એવા રીતનો વિચાર કીધો નથી-માટે તું એવો વિચાર કદી પણ ના કર.

પાદશાહો વચ્ચે તે બદનામ થાય-દેશના વડાઓ તો લોકોના માનિતા રહેવા જોઇયે.

અગરજો તું આ મર્દનું સર કાપી નાખશે-તો તું આ મુલક ઉપર ભારી આફત લાવી નાખશે.

તુરતજ ઇરાનથી લશ્કર આવશે-અને શાહ બેહરામ જેવો એક પાદશાહજ અહીં આવશે.

તો આપણામાંથી કોઇ પણ શખ્સ આ મુલકમાં કાયમ રહેશે નહીં-અને તને આ પાદશાહીથી હાથ ધોવા પડશે.

તે બહાદુર મર્દ તો આપણને અઝદહાનાં દુઃખમાંથી છોડવનારો છે-તેને મારી નાખવો એ કાંઈ તેની મેહનતનો બદલો નથી.

તેણે આપણા આ મુલકમાં અઝદહા અને વરૂને માર્યાં-તો તું તેની ઝિંદગી વધાર નહીં કે તેને તું મારી નાખે."

જ્યારે શંગલે એવું સાંભળ્યું ત્યારે તે ગાફેલ બન્યો અને તે દાનાઓની વાતથી ગભરાઇ ગયો.

પછી તે આખી રાત થોભ્યો અને બીજે દિવસે બામદાદે-પાદશાહ બેહરામની નઝદીક કોઇને મોકલી તેડાવી મંગાવ્યો.

કોઇ પણ અંજુમન વગર તેઓ બન્ને જણ એકલાજ મળ્યા-તેની આગળ કોઇ વઝીર કે કોઈ સલાહકારક નહીં હતો.

શંગલે બેહરામને કહ્યું કે "ઓ દિલખુશ કરનાર મર્દ!-તું તવંગર બની ગયો છે માટે હવે વધારે મેહનત કરવાની તને ઝરૂર રહી નથી.

હું તને મારી બેટી સાથ પરણાવા માગું છું-બોલવા કરતાં કરવાનું હું વધારે પસંદ કરૂં છું.

જ્યારે હું એમ કરી રહું ત્યાર પછી તું મારી પાસેજ રહેજે તારે અહીંથી જવાનું કશું કારણ નથી.

હું તને મારાં લશ્કરનો સરદાર બનાવીશ-અને હિંદુસ્તાનમાં પાદશાહી પણ આપીશ."

આ સાંભળી બેહરામ અજબ રહ્યો અને પોતાનાં તખ્ત, બુન્યાદ અને કીર્તિનો વિચાર કરવા લાગ્યો.

તે પોતાનાં મનમાં બોલ્યો કે "પોતાને હાથે કીધેલાંનો ઈલાજજ નથી-આ કામ માટે કોઇને ઠપકો ઘટતો નથી.

અને વળી એમ કર્યાંથીજ હું મારો જીવ બચાવીશ-અને કદાચ ઈરાન સરઝમીન ફરીથી જોવા પામીશ.

કારણકે હું અહીં એવી રીતે ઘણોક વખત થોભ્યો છું-કોહલાંના ફાંદામાં સિંહ સપડાયો છે."

પછી તેણે શંગલને કહ્યું કે "હું તારૂં ફર્માન કબૂલ કરૂં છું-તારી વાતથી મારા જાનને રોશન કરૂં છું.

વલીકેન્ ઝે દુખ્તરૂ યકી બરૂ ગુઝીન્
કે ચૂન્ બીનમશ ખાનમશ આફરીન્
ઝે ગોફ્તારે ઊ શાહ્ શુદ્ શાદે હન્દ્
બેયારાસ્ત અયવાન્ બચીની પરન્દ્
સે દુખ્તરૂ બેયામદ્ ચુ ખુરૂરમ બહારૂ
બઆરાયેશો બૂયો રન્ગો નેગારૂ
બબાલા ચુ સર્વો બરફ્તન્ તઝરૂવ
બરોખસારહ્ માહો મેયાનહા ચુ ઘરૂવ
હમહ્ પાક્ બા તઉકો બા ગૂશવારૂ
બસરૂ બરૂ બઝરૂ અફસરે નામદારૂ
બબહરામ ગૂરૂ આન્ ઝમાન્ ગોફ્ત રવ
બેયારાય દેલરા બદીદારે નવ
બેશુદ્ તીઝ બહુરામો અયવાન્ બેદીદ્
અઝાન્ માહરૂયાન્ યકી બરૂ ગુઝીદ્
ચુ ખુરૂરમ બહારો સપીનૂદ્ નામ
હમહ્ શર્મો નાઝો હમહ્ રાયો કામ

બદૂ દાદ્ શન્ગલ સપીનૂદરા
ચુ સર્વે સહી શમએ બી દૂદરા
યકી ગન્જે પુરૂ માયહ્ તરૂ બરૂ ગુઝીદ્
બદાન્ માહરોખ દાદ્ શન્ગલ કલીદ્
બેયાવરૂદ્ યારાને બહુરામરા
સવારાને બા ઝીબો ખુદકામરા
દેરમ દાદો દીનારો હરગૂનહ્ ચીઝ
હમાન્ અમ્બરો ઊદો કાફૂરૂ નીઝ
હમ અઝ અસ્પો ઝરૂરીન્ સેતામો કમરૂ
કસીરા કે શાયેસ્તહ્ તરૂ તાજે ઝરૂ
હમ અઝ બહ્રે બહુરામ પીરૂઝહ્ તાજ
બેયારાસ્ત બા નામવરૂ તખ્તે આજ
બેયારાસ્ત અયવાને ગઉહરૂ નેગારૂ
ઝે કન્નૂજ હરૂ કસ કે બુદ્ નામદારૂ
ખરામાન્ બદાન્ બઝમગાહ્ આમદન્દ્
બશાદી હમહ્ નઝ્દે શાહ્ આમદન્દ્
બેબૂદન્દ્ યક્ હફ્તહ્ બા મય બદસ્ત
હમહ્ શાદો ખુરૂરમ બજાએ નેશસ્ત
સપીનૂદ્ બા શાહ્ બહુરામ ગૂરૂ
ચુ મય બૂદ્ રઉશન્ બજામે બુલૂરૂ

પણ તારી બેટીઓમાંથી એક એવીને પસંદ કરી ચુંટી કાઢજે-કે જેણીને જ્યારે હું જોઉં ત્યારે તુરતજ તેણી ઉપર આફ્રીન કરૂં."

બેહરામની વાતથી તે હિંદનો પાદશાહ ખુશી થયો-અને તેણે ચીનાઇ ૩૦૩
રેશમી કપડાંથી પોતાનું અયવાન સણગર્યું.

શંગલની બહારની મોસમ જેવી ખીલેલી ત્રણે બેટીઓ સોલે સણગાર સાથ ત્યાં આવી.

તેણીઓ કદમાં સરોવરનાં ઝાડ જેવી હતી ચાલવામાં તીતરની મિસાલની હતી-ચેહરામાં માહતાબ જેવી અને તેણીઓની કમર બરૂ માફક પાતળી હતી.

સઘળીઓ સાંકળી અને બાલીથી સજ થયલી હતી-અને માથાં ઉપર નામીચાં સોનેરી તાજ મૂકેલાં હતાં.

શંગલે તુરત બેહરામ ગૂરને કહ્યું કે "જા-નવી નવાઇ જોવા માટે તારાં દિલને તૈયાર રાખ."

બેહરામ શેતાબી કરતો ગયો અને તે અયવાન સઘળું જોયું-અને તે માહતાબને ચેહરની છોકરીઓમાંથી એકને પસંદ કીધી.

જેણી ખુશી ભરેલા બહારની મિસાલ ખુશનુમા હતી અને જેણીનું નામ "સપીનૂદ" હતું-તેણી શરમાળ, નાઝુક બાંધાની, અકલવાળી અને બેહરામની ખાહેશ મૂજબનીજ હતી.

શંગલે તે સીધાં સરોવર જેવી અને ધુમાડા વગરની બત્તિ જેવી સપીનૂદને બેહરામને આપી.

પોતાના ખઝાનામાંનો ઘણોજ કીમતી ખઝાનો ચુંટી કાઢયો-અને શંગલે તે ખઝાનાની ચાવી તે ચંદ્રમુખી બૈરીને સ્વાધીન કીધી.

પછી બેહરામના સાથીઓ કે જેઓ દબદબા સાથના અને આપ એખ્તયાર હાકેમો હતા, તેઓને તેડાવ્યા.

અને તેઓને દિરમ, દીનાર અને બીજી જાત જાતની ચીઝો તેમજ ૩૦૪
અમ્બર, અગર અને કપૂર વગેરે આપ્યું,

વળી ઘોડા, સોનેરી લગામ અને કમરબંદ આપ્યા-તેમજ જેઓ કે ઊંચી પદવીના હતા તેઓને સોનેરી તાજ આપ્યાં.

બેહરામને માટે પણ તેણે પીરોઝાનું તાજ-અને હાથીદાંતનું નામીચું તખ્ત તૈયાર કીધું.

તેણે ગોહરના ચીતારવાળો મેહલ સણગાર્યો-કનુજમાં જે કોઈ કે નામદારો હતા,

તેઓ સઘળા ખુશી થતા તે મજલેસમાં પાદશાહની નઝદીક આવ્યા.

તેઓ સઘળા તે મજલેસમાં એક હફતા સૂધી ખુશી ખુરરમી સાથે મય પીતા બેઠા.

સપીનૂદ બિલોરી જામમાંના મયની માફક ઝળકાટ ભરેલી પાદશાહ બેહરામ ગૂર સાથ બેઠી હતી.

નામએ ફગ્ફૂરે ચીન્ બબહ્રામ્ વ પાસોખે આન્ નામહ્.

:o:

ચુ ઝીન્ આગહી શુદ્ બફગ્ફૂરે ચીન્
કે બા ફરૂરો મર્દી અઝ ઈરાન્ ઝમીન્
બનઝદીકે શન્ગલ ફેરેસ્તાદહ્ બૂદ્
હમાના કઝ ઈરાન્ તહમ ઝાદહ્ બૂદ્
બકેન્દ્ અન્દરૂન્ ચન્દ્ કારે બુઝોરૂગ્
બદસ્તે હમાન્ શીરૂ મરૂદે સુતોરૂગ્

ફગફૂરે ચીનનું બેહરામ ઉપર નામુ અને તે નામાનો જવાબ.

:o:

જ્યારે એ ખબર ફગફૂરે ચીનને થઈ કે "ઇરાન ઝમીનથી દબદબા અને મર્દાનગીવાળો,

એક એલચી બેહરામે શંગલની નઝદીક મોકલ્યો હતો-ધારવા મળે તે ઇરાનના કોઈ મોટાનો છોકરો થતો હતો.

અને તેજ બહાદુર શેર મર્દને હાથે હિંદમાં કેટલાંક મોટાં કામો,

૩૦૫ બરૂ આમદ્ બમર્દીઓ નીરૂએ બખ્ત
નઝીબદ્ બરૂ બરૂ મગરૂ તાજો તખ્ત
બદ્ દાદ્ શન્ગલ્ ચકી દુખ્તરશ
કે બરૂ માહ્ સાયદ્ હમી અફૂસરશ
ચકી નામહ્ નઝ્દીકે બહ્રામ શાહ્
નેવેશ્ત આન્ જહાનદારૂ બા દસ્તગાહ્
બઅન્વાન્ બરૂ અઝ્ શહ્રૂયારે જેહાન્
સરે નામહ્દારાનો તાજે મેહાન્
બનઝ્દે ફેરેસ્તાદએ પારૂસી
કે આમદ્ બકન્નૂજ્ બા ચારૂ સી
દેગરૂ ગોફ્ત કામદ્ બમા આગહી
ઝે તૂ નામવરૂ મરૂદ્ બા ફરૂરહી
ખેરદ્મન્દીઓ મર્દુમી રાએ તૂ
ફુરોર્દને બહરૂ જાય બરૂ પાએ તૂ
કુજા ગોર્ગો આન્ નામદારૂ અઝ્દહા
ઝે શમ્શીરો તીરત નેયાબદ્ રહા
બતૂ દાદ્ દુખ્તરૂ કે પયવન્દે માસ્ત
કે હેન્દૂસેતાન્ ખાકે ઊરા બહાસ્ત
સરે ખીશરા બોર્દી અન્દરૂ હવા
બપયવન્દે આન્ શાહે ફર્માનરવા
૩૦૬ બઈરાન્ બુઝોર્ગીસ્ત ઝીન્ શાહ્રા
સઝદ્ તાજે ઊ અફૂસરે માહ્રા
કે પયઘમ્બરશ યારે દરૂખરૂ ગેરેફ્ત
બકન્નૂજ્ શુદ્ માહ્ દરૂ બરૂ ગેરેફ્ત
કુનૂન રન્જ્ બર્દારો ઈદરૂ બેયાય
બદીન્ મરૂઝ્ ચન્દાન્ કે ખાહી બેપાય
બદીદારે તૂ ચશ્મ રઉશન્ કુનમ્
રવાન્રા ઝે રાએ તો જઉશન્ કુનમ્
ચુ ખાહી કે ઈદરૂ શવી બાઝ્ જાય
ઝમાની નગૂયમ્ બરે મા બપાય
બેરવ્ શાદ્ બા ખેલ્અતો ખાસ્તહ્
ખુદો નામદારાનત આરાસ્તહ્
તોરા આમદન્ નઝ્દે મન્ નન્ગ્ નીસ્ત
કે બા શાહે ઈરાન્ મરા જન્ગ્ નીસ્ત
મકુન્ સુસ્ત અઝીન આમદન્ ઈચ્ રાય
ચુ ખાહી કે બરૂ ગર્દી ઈદરૂ મપાય
ચુ નામહ્ બેયામદ્ બબહ્રામ ગૂરૂ
બદેલશ અન્દરૂ આમદ્ અઝાન્ નામહ્ શૂરૂ
નવીસન્દહ્રા ખાન્દો પાસોખ નેવેશ્ત
બપાલીઝે કીનહ્ દેરખ્તી બેકેશ્ત
૩૦૭ સરે નામહ્ ગોફ્ત આનચે ગોફ્તી રસીદ્
દો ચશ્મે તો જોઝ્ કેશ્વરે ચીન્ નદીદ્
બઅન્વાન્ બરૂ અઝ્ પાદ્શાહે જેહાન
નેવેશ્તી સરફ્રાઝે તાજે મેહાન્
જોઝ્ આન્ બુદ્ કે ગોફ્તી સરાસરૂ સોખન્
બુઝોર્ગી તોરા મન્ નખાનમ્ કોહન્
શાહન્શાહ્ બહ્રામ ગૂરસ્તો બસ
જોઝ્ ઊ દરૂ ઝમાનહ્ નદાનીમ કસ
બમર્દીઓ દાનેશ બફરૂરો નેઝાદ્
ચુનૂ પાદ્શા કસ નદારદ્ બયાદ્

તેણી મર્દાનગી અને નસીબનાં કૌવતે બર આવ્યાં છે-તેને તાજ અને તખ્ત સિવાય કાંઈ બીજું ઝેબ આપતું નથી.

શંગલે તેને પોતાની એક બેટી આપી છે-કે જેણીનું તાજ માહતાબ ઉપર લાગે છે.”

આથી તે કૌવતમંદ પાદશાહે શાહ બેહરામ ઉપર એક નામુ લખ્યું.

નામાને મથાળે “નામદારોના સરદાર અને મોટાઓનાં તાજ જેવા દેશના પાદશાહ તરફથી,

પેલા પાર્સી એલચી, કે જે કનોજમાં પોતાના ત્રીસ સાથીઓ સાથે આવ્યો છે; તેની નઝદીક પુગે.”

પછી લખ્યું કે “તું દબદબા સાથના નામવર મર્દ માટે અમોને ખબર મળી છે.

તારી વિદ્વત્તા, તારા માણસાઇપણાને લાયકના વિચારો-અને દરેક જગ્યાએ મઝબૂતાઈથી ઉભું રહેવા માટે સાંભળ્યું છે,

કે તે વરૂ અને પેલો નામીચો અઝદહા-તારી તલવાર અને તારા તીરથી છુટી શકયા નથી.

તેણે જે છોકરી તને આપી છે અને જેણીના એક તલની કીમત આખું હિંદુસ્તાન છે, તે અમારી સગી છે

તે હુકમ ચલાવનાર હિંદના પાદશાહ સાથની તારી સગાઈથી-તું પોતાનું સર આસ્માન ઉપર લઈ ગયો છે.

એ વાતથી ઇરાનના પાદશાહને મોટાઇજ છે-અને તેનું તાજ માહતાબનાં તાજને લાયકનું બન્યું છે.

કે તેનો એલચી લાયક ધણીયાણી સાથ પરણ્યો છે-કનોજ (હિંદુસ્તાન)માં જઇ તેણે તે માહતાબને ચેહરેનીને પોતાની બગલમા લીધી.

હવે તું તસ્દી લે અને અહીં મારી આગળ આવ-આ મુલકમાં તારી મરજી પડે ત્યાં સૂધી થોભજે.

તને જોઈ હું મારી આંખો રોશન કરીશ-અને મારા જાનને તારી દાનાઈનું બખ્તર પેહેરાવીશ.

જ્યારે તું અહીંથી પાછો જવા માંગશે-ત્યારે હું તને મારી નઝદીક વધુ થોભવા માટે જરા પણ કહીશ નહીં.

તું પોતે અને તારા સરદારો તૈયાર થઈને-સરપાવ અને હદયા સાથ ખુશહાલ પાછા જજો.

મારી નઝદીક આવવામાં તને કાંઈ શર્મ લાગવાની નથી-કારણકે મને ઇરાનના પાદશાહ સાથ કાંઇ ઝગડો નથી.

અહીં આવવા માટે તું કોઈ પણ રીતે સુસ્તી ના કરતો-અને જ્યારે તું અહીંથી પાછો ફરવા માગે ત્યારે તું થોભતો પણ ના.”

જ્યારે તે નામુ બેહરામ ગૂર આગળ આવી પહોંચ્યું-ત્યારે તે નામુ વાંચી તેનાં દિલમાં ગભરાટ છુટયો.

તેણે તુરત મુન્શીને બોલાવી જવાબ લખ્યો-અને કીનાના બાગમાં એક નવું ઝાડ રોપ્યું.

નામાની શુરૂઆતમાં લખ્યું કે “જે કાંઈ તેં લખ્યું તે મને પહોંચ્યું છે-તારી બન્ને આંખોએ ચીનના મુલક સિવાય બીજુ કાંઈ જોયુંજ નથી.

તારાં કાગઝની શુરૂઆતમાં તેં એવી રીતે સરનામુ કર્યું છે, કે ‘આ નામુ જેહાનના નામદાર પાદશાહોનાં તાજ તરફથી.’

આવું તારૂં લખાણ ખરૂં નથી-અસલથીજ હું તને મોટાઇને લાયક ગણતો નથી.

શેહનશાહ તો માત્ર બેહરામ ગૂરજ છે-તેના સિવાય આ ઝમાનામાં બીજા કોઇને અમો ગણતાજ નથી.

મર્દાનગીમાં, બાહોશીમાં, દબદબામાં અને ઊંચી બુન્યાદમાં-તેના જેવો બીજો પાદશાહ હોય એમ કોઇને યાદ પણ નથી.

જહાનદારૂ પીરૂઝગરૂ ખાનમશ
ક્રે શાહાન્ સરફ્રાઝ તરૂ દાનમશ
દેગરૂ આનચે ગોફ્તી કે મન્ કર્દેહ અમ
બહેન્દૂસ્તાન્ રન્જહા બોર્દેહ અમ
હમાન્ અખ્તરે શાહ બહરામ બૂદ
કે બા ફરૂરો અઉરન્દો બા નામ બૂદ
હોનરૂ નઝ્દે ઈરાનેયાનસ્તો બસ
નદારન્દ શીરે ઝેયાન્રા બકસ
હમહ યક્ બ દેલાનન્દો યઝ્દાન્ શેનાસ
બનીકી નદારન્દ અઝ બદ હેરાસ
દેગરૂ આન્ કે દુખ્તરૂ બમન્ દાદ શાહ
બમર્દી ગેરેફ્તમ મન્ ઈન્ પીશગાહ
યકી પાદશા બૂદ શન્ગલ્ બુઝોરૂગ
બમર્દી હમી રાનદ અઝ મીશ ગોરૂગ
ચુ બા મન્ સઝા દીદ પયવન્દે ખીશ
બમન્ દાદ શાયેસ્તહ ફર્ઝન્દે ખીશ
દેગરૂ આન્ કે ગોફ્તી કે ખીઝ ઈદરૂ આય
બહરૂ નીકુઇ બાશમત રહનુમાય
મરા શાહે ઇરાન્ ફેરેસ્તદ બહન્દ
બચીન આયમ અઝ બહરે ચીની પરન્દ
નબાશદ ક્રે મન્ શાહ હમદાસ્તાન્
કે રાનમ બરીનગૂનહ બરૂ દાસ્તાન્
દેગરૂ આન્ કે ગોફ્તી કે બા ખાસ્તહ
બઈરાન્ ફેરેસ્તમત આરાસ્તહ
મરા કરદ યઝ્દાન્ અઝાન્ બીનેયાઝ
બચીઝે કસાન્ દસ્ત કર્દન્ દરાઝ
ઝે બહરામ દારમ બબખ્શેશ સેપાસ
નેયાયેશ કુનમ રૂઝો શબ્ દરૂ સે પાસ
ચહારોમ સખુન ચૂન સેતૂદી મરા
હોનરૂ આનચે બુદ બરૂ ફોઝૂદી મરા
પઝીરોફ્તમ આન્ અઝ તો અય શાહે ચીન્
બેગૂયમ અબા શાહે ઈરાન્ ઝમીન્
ક્રે યઝ્દાન્ તોરા બાદ ચન્દાન્ દોરૂદ
કે આનરા નદાનદ ફ્લક્ તારો પૂદ
બરાન્ નામહ બેન્હાદ મોહરો નેગીન્
ફેરેસ્તાદ પાસોખ બરે શાહે ચીન્

હું તેનેજ ફતેહમંદ પાદશાહ કહું છું-અને સઘળા પાદશાહોમાં તેનેજ વધારે સરફરાઝ જાણું છું.

વળી હિંદુસ્તાનમાં રંજ ખેંચી મેં કામો કર્યાં તે માટે જે કાંઇ તેં લખ્યું,

તે સઘળું પાદશાહ બેહરામના બુલંદ નસીબના પ્રતાપેજ હતું-કારણકે તે ઇઝદી નૂર ધરાવનારો, તાજો તખ્ત ધરાવનારો અને કીર્ત્તિ ભરેલો પાદશાહ છે.

કોઈ પણ જાતનો હોનર હોય તો તે ફકટ ઈરાનીઓને પાસેજ છે-તેઓ વિકરાળ સિંહને કોઈ ચીઝ ગણતા નથી

તેઓ સઘળા સમ્પીલા રહે છે અને પાક યઝદાનનેજ પિછાનનારા છે-અને તેઓ પોતાની ભલાઇને લીધે બૂરાઈની બીક રાખતાજ નથી.

બીજું એ કે હિંદના રાજાએ મને પોતાની બેટી આપી છે-તો તે ૩૦૮
માન મેં મારી મર્દાનગીથી મેળવ્યું છે.

શંગલ એક મોટો પાદશાહ છે-જે પોતાની બહાદુરીએ કરી વરૂને બકરાં આગળથી હાંકી કાઢે છે.

જ્યારે તેણે મારી સાથના પોતાનાં સંબંધને વાજબી વિચાર્યો-ત્યારે તેણે પોતાનું લાયક ફરઝંદ મને આપ્યું.

વળી તું કહે છે કે 'તું ઉઠ અને અહીં આવ-હું દરેક નેકીમાં તારો રેહનુમા થઈશ.'

મને ઈરાનના શાહે હિંદુસ્તાન મોકલ્યો છે-અને જો ચીનાઈ રેશમી કાપડ માટે ચીન ખાતે આઉં,

તો તે વિચાર સાથ મારો પાદશાહ મળતો થાય નહીં-કે જેથી એવી વાત હું કરી શકું.

વળી ત્રીજું એ જે તેં લખ્યું કે 'હું તને ખઝાના સાથ નવાઝેશ કરીને પાછો મોકલીશ.'

તો તું જાણકે ખોદાતાલાએ મને કોઇ બીજાની ચીઝ ઉપર હાથ લમ્બાવાથી બે નેયાઝ કીધો છે.

હું પાદશાહ બેહરામનીજ બક્ષેશના શુક્રાના કરૂં છું-અને રાત દહાડો ત્રણ મરતબે ખોદાની બંદગી કરૂં છું.

ચોથું એ જે તેં મારી તારીફ કીધી-અને મારાં કામને આટલું બધું વખાણ્યું,

તો તે હું ઓ ચીનના પાદશાહ! તારી તરફથી કબૂલ કરૂં છું-હું ૩૦૯
ઈરાન ઝમીનના પાદશાહને એ વાત કહીશ.

ખોદાતાલા તરફની તારી ઉપર એટલી બધી દોઆ ઉતરજો!-કે આસ્માન પણ તેનો હિસાબ કરી શકે નહીં."

પછી તે નામા ઉપર પોતાની મોહરનો છાપ લગાડી-ચીનના પાદશાહ આગળ જવાબ મોકલ્યો.

ગુરીખ્તને બહ્રામ્ અઝ્ હેન્દૂસ્તાન્ બસૂએ ઇરાન્ બા દુખ્તરે શન્ગલ્.

બેહરામનું શંગલની બેટી સાથે હિંદુસ્તાનથી ઈરાન તરફ નાસી જવું.

ચુ બહરામ બા દુખ્તે શન્ગલ્ બેસાખ્ત
ઝન્ ઊરા હમી શાહે ગીતી શેનાખ્ત
શબો રૂઝ ગેર્યાન્ બુદ અઝ મેહરે ઊય
નેહાદહ દો ચશ્મ અન્દરાન્ ચેહરે ઊય
ચુ અઝ મેહરે ઊ શન્ગલ્ આગાહ શુદ
ઝે બદહા ગુમાનીશ કૂતાહ શુદ

જ્યારે શંગલની બેટી સાથ બેહરામે નેકાહ કીધા-ત્યારે તે અઉરત બેહરામને દેશના પાદશાહ તરીકેજ પિછાનવા લાગી.

તેણી રાત દહાડો તેનીજ મોહબતમાં રડતી હતી-અને પોતાની બન્ને આંખો તેનાજ ચેહરા ઉપર લગાડેલી રાખતી હતી

જ્યારે બેહરામ ઉપરની તેણીની મોહબતથી શંગલ વાકેફ થયો-ત્યારે સઘળી બૂરાઈથી તેના વિચારો ઓછા થયા.

નેશસ્તન્દ યકૂ રૂઝ શાદાન્ બહમ
સખુન રફૂત હરૂગૂનહુ અઝ બીશો કમ
સપીનૂદરા ગોફૂત બહરામ શાહુ
કે દાનમ કે હસ્તી મરા નીકૂખાહુ
યકી રાઝ ખાહમ હમી બા તો ગોફૂત
ચુનાન્ કુન કે માનદ સખુન્ દર્ નેહોફૂત
હમી રફૂત ખાહમ ઝે હેન્દુસ્તાન્
તો બાશી બદીન્ કાર્ હમદાસ્તાન્
310 બરમ મન્ તોરા નીઝ બા ખીશતન્
નબાયદ કે દાનદ કસી અન્જુમન્
બઈરાન્ મરા કાર્ અઝીન્ બેહતરસ્ત
હમમ કેર્દગારે જહાન્ યાવરસ્ત
બરફૂતન્ ગર્ અયદૂન્ કે રાય આયદત
બખૂબી બેરદ રહનુમાય આયદત
બહર્ જાય નામે તો બાનૂ બુવદ
પેદર્ પીશે તખ્તત બઝાનૂ બુવદ
સપીનૂદ ગોફૂત અય સરફ્રાઝ મરૂદ
બેહી જૂયો અઝ રાહે દાનેશ મગરૂદ
બેહીન્ અઝ ઝનાને જહાન્ આન્ બુવદ
કઝ્ શૂય હમ્વારહ ખન્દાન્ બુવદ
અગર્ પાક્ રાયમ ઝે પયમાને તૂ
બેપીચદ નયમ ખુરૂરમ અઝ જાને તૂ
બદૂ ગોફૂત બહરામ પસ ચારહ કુન
વઝીન્ રાય મુફ્શાય બા કસ સખુન
સપીનૂદ ગોફૂત અય સઝાવારે તખ્ત
બેસાઝમ અગર્ બાશદમ યાર્ બખ્ત
યકી જશ્નગાહસ્ત અઝ ઈદર્ ન દૂર
કે સાઝદ પેદરૂમ અન્દરાન્ બીશહ સૂર
311 કે દારન્દ ફરૂરોખ મરાન્ જાયરા
નેશાનન્દ બરૂજા બુત આરાયરા
બુવદ તા દરાન્ બીશહ ફર્સન્ગ્ બીસ્ત
કે પીશે બુત અન્દર્ બેબાયદ ગેરીસ્ત
બદાન્ જાય નખ્ચીરે ગૂરાન્ બુવદ
હમાન્ જાય યઝદાન્ પરસ્તાન્ બુવદ
શવદ શાહો લશ્કર્ બદાન્ જશ્નગાહ
કસીરા નમાનદ બશહર્ અઝ સેપાહ
અગર્ રફૂત ખાહી બદાન્ ગાહ રવ
હમીશહ કોહન્ બાદ જશ્નો તો નવ
અઝ એમરૂઝ બેશ્કીબ્ તા પન્જ્ રૂઝ
ચુ પયદા શવદ હૂરે ગીતી ફેરૂઝ
ચુ અઝ શહર્ બીરૂન્ રવદ શહરયાર્
બરફૂતન્ બેયારાયો બર્ સાઝ કાર્
ઝે ગોફૂતારે ઝન્ ગશ્ત બહરામ શાદ
નખોફૂત અન્દર્ અન્દીશહ તા બામદાદ
ચુ બેન્મૂદ ખુરૂશીદ બર્ ચરૂખ દસ્ત
શબે તીરહ બારે ઘરીબાન્ બબસ્ત
નેશસ્ત અઝ બરે બારહ બહરામ શાહ
હમી રાન્દ બા સાઝે નખ્ચીરગાહ
312 બઝન્ ગોફૂત બર્ સાઝો બા કસ મગૂય
બેસાઝીમો આરીમ ઝી રાહ રૂય

તેઓ બન્ને એક દહાડો ખુશહાલ સાથે બેઠાં હતાં-ત્યાં દરેક તરેહની વધતી ઓછી વાતો ચાલી.

પાદશાહ બેહરામે સપીનૂદને કહ્યું-કે "હું જાણું છું કે તું મારૂં ભલું ચાહનારી છે.

હું તને એક ભેદની વાત કહેવા માગું છું-પણ એવું કરજે કે તે વાત છૂપીજ રહે.

હું હવે હિંદુસ્તાનથી જવા માગું છું-તું પણ આ કામમાં મારી સાથ એકમત થશે.

હું તને પણ મારી સાથે લઈ જવા માગું છું-પણ એવું નહીં બનવું જોઈયે કે અહીંના લોકમાંથી કોઈ આ વાત જાણે.

ઈરાનમાં મારો દરજ્જો એના કરતાં વધારે ઉંચો છે-વળી જેહાનનો પયદા કરનાર સાહેબ મારો મદદગાર છે.

હવે જો ત્યાં જવા માટે તારો વિચાર થશે અને તારૂં ડહાપણ ખૂબી સાથ તારો રેહનુમા બનશે,

તો ત્યાં દરેક જગ્યાએ તારૂં નામ એક મોટી બાનૂ તરીકે ઓળખાશે-અને તારો બાપ તારાં તખ્ત આગળ ઘુંટણ મરિયે પડશે"

સપીનૂદ બોલી કે "ઓ સરફરાઝ મર્દ! તું ભલાઈજ શોધ અને અકલની રાહથી ના ફર.

દુન્યાની અઉરતોમાંથી તેજ અઉરત વધારે ભલી હોય છે-કે જેણીથી તેણીનો ધણી હમેશે હરતોજ રહે.

અગરજો મારા વિચારો તને આપેલાં વચનથી-ફરે, તો હું તારા જીવથી ખુશહાલ નથી એમ ગણાઉં."

પછી બેહરામે તેને કહ્યું કે "તું એ વાતનો ચારો કર અને આ આપણી ગોહવણની વાત કોઇને કહેતી ના"

સપીનૂદ બોલી કે "ઓ તખ્તને લાયકના ખાવંદ!-અગરજો મારૂં નસીબ મારો મદદગાર બનશે તો હું એ કરીશ.

અહીંથી નઝદીકમાંજ એક જશ્નગાહની જગ્યા આવેલી છે-કે જે જંગલમાં મારો બાપ ખુશહાલીની મજલેસ કરે છે.

કારણકે તે જગ્યાને એ લોક ઘણી મુબારક ગણે છે-અને ત્યાં મૂર્તિના સેવકોને બેસાડવામાં આવે છે.

તે મયદાનનો વિસ્તાર વીસ ફરસંગ જેટલો છે-જ્યાં પેલા સેવકો મૂર્તી આગળ પ્રર્થના કરે છે.

તે જગ્યાએ ગોરખરોનો શેકાર મળે છે-તેમજ વળી યઝદાન પરસ્તોની પણ તે જગ્યા છે.

પાદશાહ અને લશ્કર તે જશ્નગાહમાં જશે-અને લશ્કરમાંથી કોઇને પણ શેહરમાં રહેવ દેશે નહીં

માટે જો તું જવા માગતો હોય તો તે વખતે જજે-ને ખુશીની મજલેસ જૂની થજો પણ તું તો હમેશ જવાનજ રહેજો!

આજથી પાંચ દહાડા સૂધી સબર કરી જા-પછી જ્યારે દુન્યાને રોશન કરનારો આફતાબ ઝાહેર થાય,

અને જ્યારે પાદશાહ શેહરમાંથી બાહેર જાય-ત્યારે તું જવા માટે તૈયાર થજે અને તારૂં કામ કરી લેજે."

બેહરામ પોતાની બાયડીની વાતથી ખુશી થયો-તે વિચારમાંને વિચારમાં બામદાદ સૂધી ઊંઘાયો નહીં.

જ્યારે ખુરશીદે આસ્માન ઉપર પોતાનો હાથ બતાવ્યો-અને સીઆહ રાતે મુસાફર લોકોનો સામન બાંધ્યો (યાને દિવસ ઉગ્યો),

ત્યારે પાદશાહ બેહરામ ઘોડા ઉપર સવાર થયો-અને પોતાના શેકારના અસ્બાબ સાથે ચાલવા લાગ્યો.

તેણે પોતાની બૈરીને કહ્યું કે "તું તૈયારી કર અને કોઇને કહેતી ના-આપણે સઘળી તૈયારી કરી એ મુલકની રાહ તરફથી નાકળી જઇય."

બેયામદ ચુ નઝદીકે દર્યા રસીદ
બરહ્ બારે બાઝારૂગાનાન્ બેદીદ
ચુ બાઝારૂગાન્ રૂએ બહ્‌રામ દીદ
શાહન્‌શાહ્ લબ્‌રા બદન્દાન્ ગઝીદ
કે બાઝારૂગાનાને ઈરાન્ બુદન્દ
બઆબો બખુશ્કી દેલીરાન્ બુદન્દ
નફરમૂદ બોર્દન્ બપીશશ નમાઝ
કે યારાન્ સખુન્‌રા હમી દાશ્ત રાઝ
બબાઝારૂગાન્ ગોફ્ત લબ્‌રા બેબન્દ
કઝીન્ સૂદમન્દીમો હમ બા ગઝન્દ
ગર્ ઇન્ રાઝ દર્ હેન્દ પયદા શવદ
કે ખૂન્ ખાકે ઈરાન્ ચુ દર્યા શવદ
કુશાદહ્ શુદ આન્ કસ કે લબ્‌રા બેબસ્ત
ઝબાન્ બસ્તહ્ બાયદ કુશાદહ્ દો દસ્ત
ઝબાને શુમારા બસઉગન્દે સખ્ત
બેબન્દીમ તા બાઝ યાબીમ તખ્ત
બેગૂઇદ કઝ પાક્ બરૂતર્ ખોદાય
બુરીદીમો બરેતીમ બા દીવ્ પાય
અગર્ હર્‌ગેઝ અઝ્ રાએ બહ્‌રામ શાહ્
બેપીચીમો દારીમ બદ્‌રા નેગાહ્
ચુ સઉગન્દ શુદ ખુર્દેહો સાખ્તહ્
દેલે શાહ્ અઝાન્ રન્જ પર્દાખ્તહ્
બદીશાન્ ચુનીન્ ગોફ્ત પસ શહ્‌રૂયાર્
કે નઝદે શુમા રાઝે મન્ ઝીન્હાર્
બેદારીદો બા જાન્ બરાબર્ કુનીદ
ચુ ખાહીદ કઝ પન્દમ અફ્‌સર્ કુનીદ
ગર્ અઝ મન્ શવદ તખ્ત પર્દાખ્તહ્
સેપાહ્ આયદ અઝ હર્‌સુઈ સાખ્તહ્
ન બાઝારૂગાન્ માનદ ઈદર્ ન શાહ્
ન દેહ્‌કાન્ ન લશ્કર્ ન તખ્તો કોલાહ્
ચુ ઝાન્ ગૂનહ્ દીદન્દ ગોફ્તારે ઊય
બેરફ્તન્દ ગેર્યાનો પુર્ આબ્ રૂય
કે જાને બુઝોર્ગાન્ ફેદાએ તો બાદ
જવાનીઓ શાહી રદાએ તો બાદ
અગર્ ગન્જે રાઝે તો પયદા શવદ
ઝે ખૂન્ કેશ્‌વરે મા ચુ દર્યા શવદ
કે યારદ બદીન્‌ગૂનહ્ અન્દીશહ્ કરદ
ખેરદ્‌રા તબર્ રાયરા તીશહ્ કરદ
ચુ બેશ્નીદ શાહ્ આન્ ગેરેફ્ત આફરીન્
બરાન્ નામદારાને બા ફરેો દીન્
બસી દાદ બાઝારૂગાન્‌રા દેરમ
બદાન્ તા નગૂયદ બકસ બીશો કમ
અઝાન્ જાય બરૂદાશ્ત તાઝી નવન્દ
ફેરૂમાન્દહ્ અઝ કારે ચર્ખે બલન્દ
હમી રફ્ત પીચાન્ બઅયવાને ખીશ
બયઝદાન્ સેપોર્દહ્ તનો જાને ખીશ
હમી બૂદ તા તાઝહ્ શુદ જશ્‌નગાહ્
ગેરાન્‌માયગાન્ બર્ ગેરેફ્તન્દ રાહ્
ચુ બર્ સાખ્ત શન્ગલ્ કે આયદ બદશ્ત
ઝનશ ગોફ્ત બરૂઝય બીમાર્ ગશ્ત

પછી તે ત્યાંથી નીકળ્યો અને જ્યારે તે દર્યા નઝદીક આવી પહોંચ્યો-ત્યારે તેણે રાહમાં વેપારીઓની વણજાર જોઈ.

જ્યારે પેલા વેપારીએ બેહરામનો ચેહરો જોયો-ત્યારે શેહનશાહે પોતાના હોઠને દાંતમાં કરડયા,

કારણકે તેઓ ઈરાનના વેપારીઓ હતા-તેઓ પાણી અને ઝમીન ઉપર મુસાફરી કરવામાં બહાદુર હતા.

બેહરામે તેને તેની આગળ નમન કરવા માટે મના કીધો-જેથી તે પોતાના સાથીઓથી પણ આ વાત છૂપી રાખવા લાગ્યો.

પેલા વેપારીને બેહરામે કહ્યું કે "તું ખામોશ રહેજે-કારણકે એથીજ આપણને ફાયદો છે તેમજ વળી નુકસાન પણ છે,

જો આ ભેદ હિંદમાં ઝાહેર થશે-તો ઈરાની ખાક લોહીના દર્યા જેવી બનશે.

જે કોઇયે કે પોતાના હોઠ બંધ રાખ્યા તે દરેક આફતથી મોકળો થયો-ઝબાન તો બંધજ રાખવી જોઇયે અને બેહુ હાથ ખુલ્લા રાખવા જોઇયે.

માટે જ્યાં સૂધી હું મારૂં તખ્ત પાછું મેળવું ત્યાં સૂધી તમારી ઝબાનને સખ્ત સઉગંદથી બાંધી લઉં છું.

તમો સઉગન્દ ખાઈ કહો કે 'અમો સર્વથી મોટા પાક ખોદાતાલાથી-ફરેલા કહેવાઇયે અને શયતાન સાથ જોડાયલા ગણાઇયે,

અગરજો કોઇ પણ વખત અમો પાદશાહ બેહરામના વિચારથી-ફરીને ૩૧૩
બૂરાઇનો વિચાર મનમાં રાખ્યે."

જ્યારે સઉગંદ ખવાઈ રહ્યા અને કામ પુરૂં થયું-ત્યારે પાદશાહનું દિલ તે રંજથી મોકળું થયું.

પછી પાદશાહે તેઓને કહ્યું-કે "તમો પાસે મારો ભેદ છૂપોજ રાખજો. જો તમો ચાહતા હોવ કે આ મારી શીખામણ તમો માથે ચઢાવો તો આ મારા ભેદને તમો પોતાના જાનની બરાબર સમજજો.

અગરજો મારાથી મારૂં તખ્ત ખાલી થશે-તો હરેક તરફથી લશ્કરો તૈયાર થઇને આવશે.

અને કોઇ વેપારી કે પાદશાહ, કોઈ ખેડુત કે લશ્કર તેમજ તખ્ત અને તાજ કશું પણ રહેશે નહીં."

જ્યારે તેઓએ પાદશાહની એવી રીતની હાલત જોઇ-ત્યારે તેઓ રડતા અને આંસુ ભરેલા ચેહરાએ તેની આગળ ગયા.

અને બોલ્યા કે "મોટાઓના જીવ તારી ઉપર ફિદા હોજો!-જવાની અને પાદશાહી એજ તારો પોશાક બનજો!

જો તારા ભેદનો ખઝાનો ખુલ્લો થાય-તો આપણો મુલક લોહીનો દર્યા બને.

માટે એવી રીતનો વિચાર કોણ કરી શકે-પોતાનીજ અકલને કુહાડી અને પોતાનાજ વિચારને વાંસલો તે કોણ બનાવી શકે?"

જ્યારે પાદશાહે એવું સાંભળ્યું ત્યારે તે દબદબા અને દીન ધર્મ ૩૧૪
સાથના નામદારો ઉપર આફ્રીન કીધી.

તેણે તે વેપારીને પુષ્કળ દિરમ બક્ષેશ કીધા-કે જેથી કરીને તે વાત બીજા કોઇને કમ ઝેયાદા કહે નહીં.

પછી તેણે ત્યાંથી પોતાનો અરબી ઘોડો ડપતાવ્યો-તે બુલંદ આસ્માનના ભેદી કામથી અજબ રહ્યો.

એ પ્રમાણે તે ગભરાતો પોતાનાં અયવાન તરફ ચાલવા લાગ્યો-તેણે પોતાનું તન અને જાન પાક યઝદાનનેજ સોંપ્યું હતું.

પેલો જશ્નગાહનો વખત આવી લાગ્યો અને મોટા લોકો ત્યાં જવા લાગ્યા ત્યાં સૂધી બેહરામ થોભી ગયો.

જ્યારે શંગલે તે જંગલમાં જવાની તૈયારી કીધી-ત્યારે બેહરામની બાયડી બોલી કે "બરઝૂ બીમાર પડી ગયો છે.

બપૂરેશ હમી ગૂયદ્ અય શહ્રયાર
તો દેલરા બમન્ હીચ્ રન્જહ્ મદાર
ચુ ના તન્દુરેસ્તી બુવદ્ જશ્નગાહ્
હેજ્મ બાશદો દાનદ્ ઈન્ માયહ્ શાહ્
બઝન્ ગોફ્ત શન્ગલ્ કે ઈન્ ખુદ્ મબાદ્
કે બીમાર્ બાશદ્ કુનદ્ જશ્ન્ યાદ્
ઝે કન્નૂજ શબ્ગીર્ શન્ગલ્ બેરફ્ત
સુએ જશ્નગહ્ રૂય બેન્હાદ્ તફ્ત
૩૧૫ ચુ શબ્ તીરહ્ શુદ્ શાહ્ બહ્રામ્ ગોફ્ત
કે આમદ્ ગહે રફ્તન્ અય નીક્ જોફ્ત
બેયામદ્ સપીનૂદરા બર્ નેશાન્દ્
હમી પહ્લવી નામે યઝદાન બેખાન્દ્
બપૂશીદ્ ખફ્તાનો ખુદ્ બર્ નેશસ્ત
કમન્દી બફ્તરાકો ગુર્ઝી બદસ્ત
હમી રાન્દ્ તા પીશે દર્યા રસીદ્
હમહ્ મર્દ બાઝાર્ગાન્ ખોફ્તહ્ દીદ્
બર્ અન્ગીખ્ત અઝ્ ખાબો ઝઉરક્ બેસાખ્ત
બઝઉરક્ સપીનૂદરા બર્ નેશાખ્ત
બખુશ્કી રસીદન્દ્ ચૂન્ રૂઝ્ ગશ્ત
ગહે તાબેશે ગીતી અફ્રૂઝ્ ગશ્ત

તે તારી માફી ચાહી કહે છે કે ઓ પાદશાહ! મારે માટે તારે કશી ચિન્તા કરવી નહીં

જ્યારે તબીયત ઠીક નહીં હોય ત્યારે ખુશીની મજલેસ પણ-સારી નથી લાગતી અને એ વાત તું પાદશાહ જાણે છે."

શંગલ બોલ્યો કે "એમ કદી ના બનતું-કે બીમાર પડેલો શખ્સ ખુશહાલીની મજલેસની યાદ કરે."

શંગલ સવારે કનુજથી ઉપડયો-તે પેલી મોજમઝાહવાળી જગ્યા તરફ ઉતાવળે ચાલવા લાગ્યો.

જ્યારે રાત અંધારી થઈ ત્યારે પાદશાહ બેહરામે કહ્યું-કે "ઓ નેક મોહરદાર! હવે જવાનો વખત આવ્યો છે."

પછી તેણે આવીને સપીનૂદને ઘોડા ઉપર સવાર કીધી-અને પહલવી ઝબાનમાં પાક યઝદાનનું નામ લેવા માંડયું.

તેણે બખ્તર પેહેર્યું અને પોતે પણ સવાર થયો-તેણે એક કમંદ શેતારબંદ ઉપર નાખી અને હાથમાં ભારી ગોર્ઝ લીધો

તે પેલા દર્યા આગળ આવા લાગ્યો ત્યાં સૂધી ચાલ્યા કીધો-તેણે સઘળા વેપારીને ત્યાં સૂતેલા જોયા.

તેઓને ખાબમાંથી જગાડયા અને વહાણ તૈયાર કરાવ્યું-સપીનૂદને તે વહાણમાં બેસાડી.

જ્યારે સવાર પડી અને આફતાબનું તડકું પડવાનો વખત થયો ત્યારે તેઓ ઝમીન ઉપર ઉતર્યાં.

તાખ્તને શન્ગલ્ પસે બહ્રામ્ વ શેનાખ્તનશ્ વ હમ્દાસ્તાન્ શુદન્ બા ઊ.

:o:

સવારી ઝે કન્નૂજ તાઝાન્ બેરફ્ત
બઆગાહીએ રફ્તને શાહ્ તફ્ત
શનીદ્ ઈન્ સખુન્ શન્ગલ્ અઝ્ નીકખાહ્
ચુ આતેશ બેયામદ્ ઝે નખ્ચીરગાહ્
હમી રાન્દ્ તા પીશે દર્યા રસીદ્
સપીનૂદો બહ્રામે યલ્રા નદીદ્
ઘમી ગશ્તો બુગ્ઝાશ્ત દર્યા બખશ્મ
બફર્ઝન્દ્ ગોફ્ત અય બદે શૂખ્ ચશ્મ
૩૧૬ તો બા ઈન્ ફેરીબન્દહ્ મર્દ દેલીર્
ઝે દર્યા ગુઝશ્તી બકેર્દારે શીર્
નેહાની ઝે મન્ સૂએ ઈરાન્ શવી
ઝે આબાદ્ મીનૂ બવીરાન્ શવી
બબીની કુનૂન્ ઝખ્મે જૂબીને મન્
ચુ નાગાહ્ રફ્તી ઝે બાલીને મન્
બદૂ ગોફ્ત બહ્રામ કય બદ્નશાન્
ચેરા તાખ્તી અસ્પ્ ચૂન્ બીહશાન્
મરા આઝ્મૂદી કે દર્ કાર્ઝાર્
ચુનાનમ્ કે બા બાદહો મયગુસાર્
તો દાની કે અઝ્ હેન્દવાન્ સદ્ હઝાર્
બુવદ્ પીશે મન્ કમતર્ અઝ્ યક્ સવાર્

શંગલનું બેહરામની પછાડી દોડવું અને તેને ઓળખવું અને તેની સાથે મળી જવું.

:o:

હવે કનુજથી એક સવાર પાદશાહના જવાની ખબર કરવા માટે શેતાબ દોડતો ગયો.

શંગલ તે નેકખાહ માણસથી આ વાત સાંભળી-પેલાં શિકારગાહમાંથી આતશની ઝડપે નીકળી આવ્યો.

અને પેલા દર્યા સૂધી આવી પુગ્યો ત્યાં સૂધી ઘોડો હાંકયો ગયો-ત્યાં તેણે સપીનૂદ અને પેહલવાન બેહરામને જોયાં.

તે ગમગીન થયો અને ગુસ્સા ભરેલો દર્યો પસાર કરી ગયો-અને પોતાની બેટીને કહ્યું કે "ઓ બેશરમ નાપાક બેટી!

તું આ ઠગારા દિલાવર મર્દ સાથ-સિંહની માફક દર્યો પસાર કરી ગઈ?

અને મને કહ્યા વગર ગુપચુપ આ આબાદી ભરેલાં બેહેશતમાંથી વેરાન થયલાં ઇરાન તરફ જાય છે?

જ્યારે તુ એકાયક મારો આસરો છોડી જતીજ રહી-ત્યારે હવે તું આ મારા નેઝાનો ઝખ્મ જો."

બેહરામે તેને કહ્યું કે "ઓ બૂરી નિશાનના શખ્સ!-તેં ગાંડા માણસોની માફક શા માટે મારી પાછળ ઘોડો ડપતાવ્યો?

તેં તો મને અઝમાવ્યો છે કે લડાઈમાં-હું એવોજ છું કે જેવો શરાબ અને શરાબ પીનારાઓ સાથ બેઠો હોઉં.

તું જાણે છે કે હિંદીવાનોમાંથી એક લાખ સવારો-મારી નઝદીક એક સવાર કરતાં કમતર છે.

ચુ મન્ બાશમો નામવર્ યારૂ સી
ઝેરેહ્દારો બા ખન્જરે પારૂસી
પુરૂ અઝ્ ખૂન્ કુનમ્ દીદએ હેન્દવાન્
નમાનમ્ કે બાશદ્ યકીરા રવાન્
બેદાનેસ્ત્ શન્ગલ્ કે ઊ રાસ્ત્ ગોફૂત
દેલીરીઓ ગોર્દી નશાયદ્ નેહોફૂત
બદૂ ગોફૂત શન્ગલ્ કે ફર્ઝન્દરા
બેયફૂગન્દમો ખીશો પયવન્દરા
ઝે દીદેહ્ ગેરામી તરત દાશતમ્
બસરૂ બરૂ હમી અફૂસરત દાશતમ્
તોરા દાદમ્ આન્રા કે ખુદ્ ખાસ્તી
ઝે મન્ રાસ્તી બુદ્ ઝે તૂ કાસ્તી
જફા બરૂગુઝીદી બજાએ વફા
વફારા જફા કય શનીદી જઝા
ચે ગૂયમ્ તોરા કાન્ કે પયવન્દ્ બૂદ્
બઅન્દીશએ મન્ ખેરદમન્દ્ બૂદ્
કુનૂન્ ચૂન્ દેલાવરૂ સવારી શુદહ્રેત
ગુમાનત્ કે ઊ શહ્રૂયારી શુદહ્રેત
દેલે પારૂસી બા વફા કય બુવદ્
ચુ આરી કુનદ્ રાએ ઊ નય બુવદ્
ચુનાન્ બચ્ચએ શીરૂ બૂદી દુરેસ્ત
કે અઝ્ ખૂને દેલ્ દાયગાનશ બેશોરેસ્ત
ચુ દન્દાન્ બરૂઆવર્દો શુદ્ તીઝ્ ચન્ગ્
બપર્વર્દેગારૂ આમદશ રાએ જન્ગ્
બદૂ ગોફૂત બહ્રામ્ ચૂન્ દાની અમ્
બદ્અન્દીશો બદ્સાઝ્ કય ખાની અમ્
બરફૂતન્ નબાશદ્ મરા સર્ઝનેશ
નખાની મરા બદ્દેલો બદ્કુનેશ
શહન્શાહે ઈરાનો તૂરાન્ મનમ્
સેપહ્દારો પોશ્તે દેલીરાન્ મનમ્
અઝીન્ પસ્ સઝાએ તો નીકી કનમ્
સરે બદ્સેગાલત્ ઝે તન્ બરૂ કનમ્
બઈરાન્ બજાએ પેદરૂ દારમત્
હમ્ અઝ્ બાઝે કેશ્વરૂ નેયાઝારમત્
હમાન્ દુખ્તરત્ શમ્એ ખાવરૂ બુવદ્
સરે બાનૂઆન્રા ચુ અફૂસરૂ બુવદ્
ઝે ગોફૂતારે ઊ માન્દહ્ શન્ગલ્ શેગેફ્ત
ઝે સરૂ શારએ હેન્દવી બરૂ ગેરેફૂત
બેઝદ્ અસ્પ્ અઝ્ પીશે ચન્દાન્ સેપાહ્
બેયામદ્ બપૂઝેશ બનઝ્દીકે શાહ્
શહન્શાહ્રા શાદ્ દરૂ બરૂ ગેરેફૂત
વઝાન્ ગોફૂતહા પૂઝેશ અન્દરૂ ગેરેફૂત
બદીદારે બહ્રામ્ શુદ્ શાદ્કામ્
બેયફૂગન્દ્ ખાનો બેયારારેત જામ્
બરૂ આવરૂદ્ બહ્રામ્ રાઝે નેહોફૂત
સુખુન્હાએ ઈરાન્ બશન્ગલ્ બેગોફૂત
કે કેદારૂ ચૂન્ બૂદો અન્દીશહ્ ચૂન્
કે બૂદમ્ બદીન્ દાસ્તાન્ રહ્નમૂન્
મયે ચન્દ્ ખુર્દન્દો બરૂખાસ્તન્દ્
ઝબાન્હા બપૂઝેશ બેયારાસ્તન્દ્

જ્યારે હું અને બખ્તર પેહેરનારા ઇરાની તલવાર ફરાવનારા મારા
ત્રીસ નામવર સાથીઓ હોય,
ત્યારે હું હિંદીવાનોની આંખ લોહી ભરેલી કરૂં છું-એક જણને પણ
જીવતો રહેવા દઉં નહીં."
શગલ પોતે જાણતો હતો કે તે સાચુંજ બોલતો હતો-તેની દેલીરી
અને બહાદુરી છુપાવી શકાય તેમ નહીં હતું.
શંગલે બેહરામને કહ્યું કે "મેં પોતાનાં ફર્ઝંદોને સગાં વહાલાંઓને
અને અતલગનાઓને દૂર કીધાં.
અને તને મેં મારી આંખ કરતાં વધારે પ્યારો રાખ્યો-અને તારાં ૩૧૭
સર ઉપર તાજ પણ રાખવા લાગ્યો.
મારી બેટીમાંથી જેને તેં માગી તે મેં તને આપી-મારી તરફથી
રાસ્તીજ ઝાહેર થઈ અને તારી તરફથી આ ઝવાલ ઝાહેર થયો.
તેં વફાદારીની જગ્યાએ જફાકારી પસંદ કીધી-વફાનો બદલો જફા
તેં કદીબી સાંભળ્યો છે?
હું તને શું કહું કે જે મારૂં પોતાનું ફર્ઝંદ હતું-જેને હું અક્કલમંદ
ગણતો હતો,
તે તો હવે એક બહાદુર સવાર જેવી બની ગઈ છે-તું ધારતો જણાય
છે કે તેણી પાદશાહ બની ગઇ છે.
ઈરાનીઓનાં દિલમાં વફાદારી કયાં હોય છે-જ્યારે તું 'હા' બોલે
ત્યારે તેનો અર્થ 'ના'નો સમજવાનો છે.
તું ખરેખર એવાંજ એક સિંહનાં બચ્ચાં જેવો થયો છે-કે જેને તેની
ધવાડનારીએ પોતાનાં દિલનાં લોહીએ કરી ઉધાર્યું.
પણ પછી જ્યારે તે બચ્ચાંને દાંત આવ્યા અને પંજા મઝબૂત થયા-
ત્યારે તેણે પોતાની પર્વરેશી કરનાર સાથેજ લડાઈ કરવાનો ઇરાદો કીધો."
બેહરામ બોલ્યો કે "તું મને કોણ સમજે છે?-બૂરા વિચારનો અને
બૂરા કરતુકનો શા માટે કહે છે?
તારે ત્યાંથી ચાલી આવવા માટે મને બિલકુલ ઠપકો ઘટતો નથી-
તું મને હીચકરો અને બદ કેદારનો ના કહે.
હું તો ઈરાન અને તુરાનનો શેહનશાહ છું-અને બહાદુર લોકોનો ૩૧૮
સેપહસાલાર અને તેઓની પોશ્ત પનાહ કરનાર છું.
હવે પછી હું તારી નેકીનો બદલો વાળી આપીશ-અને તારા દુશ્મ-
નનું સર તનથી ઉખેડી નાખીશ.
હું તને ઇરાનમાં બાપની જગ્યાએ રાખીશ-તેમજ તારા મુલકની
ખંડણી લઇને તને દુઃખ દઇશ નહીં.
તારી બેટી પશ્ચિમના દેશનો (ઈરાનનો) ચેરાગ ગણાશે-ઇરાની બાનૂ-
ઓનાં માથાંનાં તાજ જેવી ગણાશે."
બેહરામની વાત સાંભળી શંગલ અજબ થયો-અને માન અર્થે તેણે
તુરત માથાં ઉપરથી હિંદી પાઘડી ઉતારી પાડી,
પોતાના કેટલાક સેપાહો આગળથી ઘોડા ડપટાવી-માફીને માટે પાદ-
શાહની નઝદીક આવ્યો.
અને ખુશહાલી સાથ શેહનશાહને બગલગીરી કીધી--અને પોતે કહેલા
સખુનો માટે માફી ચાહી
બેહરામને જોઈ તે ખુશહાલ થયો-તુરત ખાણાંનો સુફરો બિછાવી
મયની જામ તૈયાર કીધી.
પછી બેહરામે છૂપો ભેદ ખોલ્યો-અને ઇરાનમાં બનેલી સઘળી વાતો
શંગલને કહી,
કે "મારાં કામો શું હતાં અને મારાં મનમાં વિચાર કેવા હતા?-
આ વાતથી મે તને નેક રસ્તો દેખાડયો છે"
તેઓએ કેટલોક મય પીધો અને પછી ઉઠયા-અને બન્નેએ એક ૩૧૯
બીજાની માફી ચાહી.

બાઝ્ ગશતને શન્ગલ્ બહેન્દ્ વ બહ્રામ્ બઈરાન્.

દો શાહે બુતઆરાયો યઝદાન પરસ્ત
વફારા બેસૂદન્દ બા દસ્ત દસ્ત
કઝીન્ પસ્ દેલ અઝ રાસ્તી નશકનીમ
હમહ્ બીખે કઝી ઝે બુન્ બરકનીમ
વફાદાર્ બાશીમ્ તા જાવેદાન્
સખુન્ બેશનવીમ અઝ લબે બેખ઼દાન્
સપીનૂદરા નીઝ પદરૂદ કરૂદ
બરે ખીશ તારો બરશ પૂદ કરૂદ
સબુક્ પોશ્ત બર્ યક્ દેગર્ કાશ્તન્દ
ઝે દેલ કીનહ્ બર્ ખાક્ બુગ્ઝાશ્તન્દ
યકી સૂએ ખુશ્કી યકી સૂએ આબ્
બેરફ્તન્દ શાદાન્ દેલો પુર્ શેતાબ્
ચુ આગાહી આમદ બઈરાન્ કે શાહ્
બેયામદ ઝે કન્નૂજ ખુદ બા સેપાહ્
બેબસ્તન્દ આઝીન્ બરાહો બશહ્ર્
હમી હર્ કસ્ અઝ કામ બરૂદાશ્ત બહ્ર્
દેરમ રીખ્તન્દ અઝ કરાન્ તા કરાન્
હમાન્ મુશ્કો દીનારો હમ ઝઅફરાન્
૩૨૦ ચુ આગાહ્ શુદ ઝાન્ સખુન્ યઝદગેરૂદ
સેપાહે પરાગન્દહ્રા કરૂદ ગેરૂદ
ચુ નર્સીઓ ચૂન્ મૂબેદે મૂબદાન્
પઝીરહ્ શુદન્દશ હમહ્ બેખ઼દાન્
ચુ બહ્રામરા દીદ ફર્ઝન્દે ઊય
પેયાદહ્ બેમાલીદ બર્ ખાક્ રૂય
બેરાદરશ નર્સીઓ મૂબેદ હમાન્
પુર્ અઝ ગરૂદ રોખસારહ્ દેલ શાદમાન્
ચુનાન્ હમ બેયામદ બઅયવાને ખીશ
બયઝદાન સેપોર્દહ્ તનો જાને ખીશ
બેયાસૂદ ચૂન્ ગશ્ત ગીતી સેયાહ્
બકેર્દારે સીમીન્ સેપર્ ગશ્ત માહ્
ચુ પીરાહને શબ્ બેદરીદ રૂઝ
પદીદ આમદ આન્ શમઅ ગીતી ફેરૂઝ
શહન્શાહ્ બર્ તખ્તે ઝરીન્ નેશસ્ત
દરે બાર્ બુક્શાદો લબ્રા બેબસ્ત
બેરફ્તન્દ હર્ કસ્ કે બુદ મેહ્તરી
બેરદમન્દો દર્ પાદશાહી સરી
જહાન્દાર્ બર્ તખ્ત બરૂપાય ખાસ્ત
બેયારાસ્ત પાકીઝહ્ ગોફ્તારે રાસ્ત
૩૨૧ નુખોસ્ત અઝ જહાન્ આફરીન્ યાદ કરૂદ
ઝે દામે ખેરદ ગર્દન્ આઝાદ કરૂદ

ચુનીન્ ગોફ્ત કઝ કેર્દગારે જેહાન્
શેનાસન્દએ આશકારો નેહાન્
બેતર્સીદો ઊરા સેતાયેશ કુનીદ
શબે તીરહ્ પીશશ નેયાયેશ કુનીદ

શંગલનું હિંદ તરફ અને બેહરામનું ઈરાન તરફ પાછું ફરવું.

એક મૂર્ત્તિનો પૂજારી અને બીજો યઝદાનનો પૂજારી બન્ને પાદશાહોએ-વફાદાર રહેવા માટે એકમેકને વચન આપ્યું.

કે "હવે પછી સચ્ચાઇથી આપણાં દિલ ફેરવીશું નહીં-અને જૂઠાઇની જડને બુનબેખથી સઘળી ઉખેડી નાખીશું.

જાવેદાન સુધી એક બીજાને વફાદાર રહીશું-અને દાનેશમદોને મોઢેનીજ વાતો સાંભળીશું."

શંગલે સપીનૂદને પણ વિદાય કીધી-પોતાની છાતીને તાણો બનાવી તેણીની છાતીને વાણો બનાવ્યો (યાને તેણીને ઘણાજ વહાલથી છાતીસે દાબી).

પછી બન્નેએ શેતાબ એક બીજા ઉપર પીઠ ફેરવી-અને પોતાનાં દિલમાંથી કીનો ખાક ઉપર ફેંકી દીધો.

એક જણ ખુશકી તરફ અને બીજો પાણી તરફ ચાલ્યો-તેઓ બન્ને ખુશહાલ દિલે અને ઉતાવળે ચાલ્યા.

જ્યારે ઈરાનમાં એ વાતની વધાઇ આવી કે "પાદશાહ-પોતે પોતાના સિપાહો સાથ કનુજથી આવી લાગ્યો છે,"

ત્યારે તેઓએ રસ્તામાં અને શેહરમાં સઘળે સાણગાર કર્યો-દરેક જણ જેમ જેને ગમ્યું તેમ તે કામમાં પોતાનો હિસ્સો આપવા લાગ્યો.

તેઓએ એક નાકેથી બીજે નાકે સુધી દિરમ, દીનાર, કસ્તુરી તેમજ કેસર પાંથરી મૂકી.

જ્યારે બેહરામના બેટા યઝદગેર્દને ખબર પડી-ત્યારે તેણે વીખરાયલાં લશ્કરને પાછું એકઠું કીધું.

પછી જેવા કે નર્સી અને વડો વઝીર-વગેરે સઘળા દાનાઓ પાદશાહને અસ્તેકબાલ ગયા.

જ્યારે તેના બેટાએ બેહરામને જોયો-ત્યારે તુરત પેયાદો થઇ ખાક ઉપર પોતાનું મોઢું મસળ્યું.

તેમજ તેના ભાઈ નર્સી અને વડા વઝીરે પણ કર્યું-તેઓનાં મોઢાં ધૂળે ભરાયલાં અને દિલ ખુશહાલ હતા.

એ પ્રમાણે બેહરામ પોતાના મેહલમાં આવ્યો-તેણે પોતાનું તન અને જાન યઝદાનનેજ સોંપેલું હતું.

જ્યારે દુન્યા અંધારી થઈ અને માહતાબ રૂપેરી ઢાલ જેવો ઝાહેર થયો, ત્યારે પાદશાહે આરામ કીધો.

જ્યારે દહાડાએ રાતનું પેહેરણ ફાડયું-અને પેલો દુન્યાને રોશન કરનારો ચેરાગ બાહેર નીકળ્યો,

ત્યારે શેહનશાહ સોનેરી તખ્ત ઉપર બિરાજ્યો-તેણે દરબારનો દરવાઝો ખુલ્લો મૂક્યો અને ચૂપકીદી પકડી

જે કોઇ કે મોટાઓ, દાનાઓ અને તેના રાજ્યના સરદારો હતા તે જ્યારે ત્યાં આવ્યા,

ત્યારે પાદશાહ પોતાનાં તખ્ત ઉપર ઉભો થયો-તેણે નેકી ભરેલું અને રાસ્ત બોલવું શુરૂ કીધું.

પ્રથમ તેણે દુન્યાના પયદા કરનારને યાદ કીધો-અને ડહાપણના ફાંદામાંથી પોતાની ગર્દનને મોકળી કીધી (યાને હું ઘણો અકલમંદ છું એવી વડાઇ મનમાંથી કાઢી નાખી).

પછી તે એમ બોલ્યો કે "ઝાહેર તેમજ છુપી વાતોના જાણનાર દુન્યાના પયદા કરનાર સાહેબથી,

તમો ડરતા રહેજો અને તેનીજ સેતાયેશ કરતા રહેજો-સીઆહ રાતે પણ તેની નઝદીક બંદગી કરજો,

કે ઊ દાદ પીરૂઝીઓ દરેતગાહુ
ખોદાવન્દે તાબન્દહુ ખુરૂશીદો માહુ
હરાન્ કસ કે ખાહદ કે યાબદ બેહેશ્ત
નગરૂદીદ ગેર્દે બદો કારે ઝેશ્ત
ચુ દાદો દેહેશ બાશદો રાસ્તી
બેપીચદ દેલ અઝ કઝીઓ કાસ્તી
ઝે મા કસ નબાશદ અઝીન્ પસ બબીમ
અગરૂ કૂહે ઝરૂ દારદો કાને સીમ
ઝે દેલહા હમહુ તરૂસ બીરૂન કુનીદ
હમહુ નીકુઈહા બઅફૂઝૂન કુનીદ
કશાવર્ઝ બા મર્દે દેહુકાન નેઝાદ
યકી શુદ બરે મા બહન્ગામે દાદ
કસીરા કે મા તાજ દાદીમો તખ્ત
ઝે યઝદાન્ શેનાસીદો અઝ દાદ બખ્ત
નફૂશમ બઆગન્દને ગન્જ મન્
નખાહમ પરાગન્દને અન્જમન્
યકી ગન્જ ખાહમ નેહાદન્ ઝે દાદ
કે બાશદ રવાનમ પસ અઝ મરૂગ્ શાદ
બરીન્ નીઝ અગરૂ ખાસ્ત યઝદાન્ બુવદ
દેલમ્ રઉશનો બખ્ત ખન્દાન્ બુવદ
બરીન્ નીકુઈહા ફેઝાયેશ કુનમ
સુએ નીકુબખ્તી નુમાયેશ કુનમ
ગરૂ અઝ લશકરો કારૂદારાને મન્
ઝે ખીશાનો જન્ગી સવારાને મન્
કસી રન્જ બુગ્ઝીદો બા મન્ નગોફૂત
હમી દારદ આન્ કઝી અન્દરૂ નેહોફૂત
વરા અઝ તને ખીશ બાશદ બઝહુ
બુઝોર્ગી ગુઝીનદ કસી બી મઝહુ
મનમ્ પીશે યઝદાન્ અઝૂ દાદખાહુ
કે દરૂ ચાદરે અબ્રૂ બેન્હોફૂત માહુ
શુમારા અગરૂ દીગરસ્ત આરૂઝૂય
કે હર કસ દેગરૂ ગૂનહુ બાશદ બખૂય
બેગૂઇદ ગુસ્તાખ બા મન્ સોખન્
મગરૂ નવ કુનમ આરૂઝૂએ કોહન્
હમહુ ગૂશ દારીદો ફર્માન્ કુનીદ
અઝીન્ પન્દમ્ આરામેશે જાન્ કુનીદ
બગોફૂતીનો બેન્શસ્ત બરૂ તખ્ત શાદ
કોલાહે બુઝોર્ગી બસરૂ બરૂ નેહાદ
બુઝોર્ગાન્ બરૂ ઊ ખાન્દન્દ આફરીન્
કે બી તો મબાદા કોલાહો નેગીન્
ચુ દાના બેવદ શાહે પીરૂઝ બખ્ત
બેનાઝદ બદૂ કેશ્વરો તાજો તખ્ત
તોરા મર્દીઓ દાનેશો ફરૂરહી
ફેઝૂન્ આમદ અઝ તખ્તે શાહનશાહી
બમર્દાનગીઓ બગન્જો બદાદ
ચુ તૂ શાહ ગીતી નદારદ બયાદ
કુનૂન્ આફરીને તો શુદ નાગુઝીરૂ
બમા હરૂ કે હસ્તીમ બરૂનાઓ પીરૂ
હમ આઝાદીએ તૂ બયઝદાન્ કુનીમ
દેગરૂ પીશે આઝાદ મર્દાન્ કુનીમ

કે તેજ સાહેબે આપણને ફતેહમંદી અને કૌવત બક્ષેશ કર્યું છે-તે ઝળકાટ ભરેલા આફતાબ અને માહતાબનો સાહેબ છે.

જે કોઈ શખ્સ ચાહતો હોય કે તે બેહેશ્ત મેળવે-તો તેણે બૂરાં અને ખરાબ કામની અડાસે જવું નહીં.

જ્યારે ઈન્સાફ, સખાવત અને સચ્ચાઇ હોય છે-ત્યારેજ જૂઠાણા અને અપ્રમાણિકપણાથી આપણું દિલ દૂર રહે છે.

હવે પછી અગર કોઇ સોનાનો પહાડ અથવા રૂપાની ખાણ પણ ધરાવતો હોય તેણે મારાથી કોઇ પણ રીતે બીવું નહીં.

તમો સઘળાઓ તમારાં દિલમાંથી ડર દૂર કરો-અને સઘળાં નેક કામોનોજ વધારો કરો.

ઈન્સાફ કરતી વખતે મારી આગળ એક ખેડુત કે એક ગામનો પટેલ સરખોજ છે.

જે કોઈ શખ્સોને કે અમોએ તાજ અને તખ્ત આપ્યાં હોય-તેઓએ તે ખોદાતાલા તરફથી તેમજ તેઓનાં ખરાં નસીબથી સમજવાં.

હું મારો ખઝાનો ભરવા માટેની કોશેશ કરીશ નહીં-હું મારી રૈયતને ૩૨૨
પરાગન્દે કરવા માગતો નથી.

હું ફકત એક ઈન્સાફનોજ ખઝાનો ભેગો કરવા માગું છું-કે જેથી મારાં મરણ બાદ મારૂં રવાન ખુશહાલ રહે.

અગરજો પાક યઝદાનનું ચાહવું હશે તો એ ઉપરજ-મારૂં દિલ રોશન થશે અને મારૂં નસીબ હસ્તું બનશે.

આ સઘળી ભલાઇઓ ઉપર હું વધારોજ કરીશ-અને તમોને નેકબખ્તી તરફનોજ માર્ગ બતાવીશ.

અગર મારાં લશકરમાંથી કે અમલદારોમાંથી-તેમજ મારાં સગાં વાહલાં, કે જંગી સવારોમાંથી,

કોઇ કાંઈ દુઃખ ખમતો હોય અને તે બાબત મને કહેતો ન હોય-પણ તે બદીને છૂપી રાખવા માગતો હોય,

તે પોતાનાં તનથી ગુનેહગાર બનશે-અને તે માણસે ફોકટની વડાઈ લીધેલી કહેવાશે.

હું યઝદાન પાસે તે માણસ કે જેણે વાદળની ચાદરમાં માહતાબને છૂપાવી રાખ્યો હોય, તે માટે ઈન્સાફ માગું છું.

પણ જો તમારી કાંઈ જુદીજ ખાહેશ હોય-કારણ દરેક માણસનો સ્વભાવ જુદો જુદોજ હોય છે,

તો તે વાત તમો મને ખુલ્લે ખુલ્લી કહી દો-કદાચ હું તમારી લામ્બા વખતની તે ઇચ્છા પુરી પાડીશ.

તમો સઘળાઓ આ મારી વાત ધ્યાનમાં રાખો અને તે પ્રમાણે ફર્માન ૩૨૩
બજા લાવો-મારી શીખામણ સાંભળી તમારા જીવને શાન્ત કરો."

તે એટલું બોલ્યો અને તખ્ત ઉપર ખુશહાલ બેઠો-તેણે બુઝોર્ગીનું તાજ સર ઉપર મૂક્યું.

સઘળા મોટાઓએ તેની ઉપર દુઆ કીધી-કે "તારા વગર આ તાજ કે નેગીનો હોતોજ ના!

જ્યારે ફતેહમંદ નસીબનો પાદશાહ દાના હોય છે-ત્યારે તેનાથી તેનો મુલક, તાજ અને તખ્ત લાડ કરે છે.

પણ તારામાં મર્દાનગી, ડહાપણ અને દબદબો આ શેહનશાહી તખ્ત કરતાં પણ વધુ છે.

મર્દાનગીમાં, ખઝાનામાં અને ઈન્સાફમાં-તારા જેવો કોઈ બીજો પાદશાહ દુન્યા પણ યાદ રાખતી નથી.

હવે અમારા દરેક જુવાન અને ઘરડાની ફર્ઝ છે કે તારી ઉપર દુઆ કર્યે.

તારી પ્રવીણતા અને સચ્ચાઇનો એકરાર અમો યઝદાનની હુઝૂર કર્યે છિયે-ત્યાર બાદ તે બીનાનો એકરાર બીજા પ્રવીણ સાચા માણસો આગળ કર્યે છિયે.

બરીન્ તખ્તે ઝરૂ ચૂન્ તો નન્શસ્ત શાહ
બદાદો બપીરૂઝીઓ દસ્તગાહ
હમહ મોર્દગાનશ બરૂઆરી ઝે ખાક
બદાદો બબખ્શેશ બગોફતારે પાક
૩૨૪ ખોદાવન્દે દારન્દહ યારે તો બાદ
સરે અખ્તરાન્ દરૂ કેનારે તો બાદ
બેરફતન્દ બા રામેશ અઝ પીશે તખ્ત
બુઝોર્ગાને ફર્ઝાનહો નીકબખ્ત
નેશસ્ત આન્ ઝમાન શાહો લશ્કરૂ બરૂ અસ્પ
બેયામદ સુએ ખાને આઝરગોશસ્પ
બસી ઝરૂરો ગઉહરૂ બદર્વીશ દાદ
નેયાઝ આન્ કે બેન્હોફત અઝૂ બીશ દાદ
પરસ્તન્દએ આતેશે ઝરદોહુશત
હમી રફત બા બાઝો બર્સમ બમુશત
સપીનૂદરા પીશે ઊ બોરદ શાહ
બેયામૂખ્તશ દીનો આઇનો રાહ
બેશોસ્તશ બદીને બેહો આબે પાક
વઝૂ દૂર શુદ ગર્દો ઝન્ગારો ખાક
દરે તન્ગે ઝેન્દાનહા બાઝ કરદ
બહરૂ કસ દેરમ દાદન્ આઘાઝ કરદ

આ સોનેરી તખ્ત ઉપર તારા જેવો ઈન્સાફી, ફતેહમંદ અને શક્તિવાળો પાદશાહ બીજો કોઈ બેઠો નથી.

તું પોતાના ઇન્સાફ, સખાવત અને મધુર વાણીથી સઘળાં મૂવેલાં માણસોને પણ ઝમીનમાંથી ઉઠાડે છે.

દુન્યાનો નેગેહબાન સાહેબ તારો મદદગાર થજો!-ભાગ્યશાળી સેતારાનું સર તારાજ ખોળામાં હોજો!"

હવે સઘળા બુઝોર્ગો, દાનાઓ અને નેકબખ્ત લોકો-પાદશાહનાં તખ્ત આગળથી ખુશી થતા પોતાને મકાને ગયા.

પછી તુરત પાદશાહ અને લશ્કર ઘોડા ઉપર સવાર થઈ-આઝર ગોશસ્પ આતશકદેહનાં મકાન તરફ આવ્યા.

ત્યાં તેણે ઘણુંક સોનું અને ગોહર ગરીબોને આપ્યાં-જે કોઇયે કે પાદશાહથી પોતાની હાજત છૂપાવી તેને વધુ આપ્યું.

જરતોશ્તી આતશકદેહનો વડો ખિદમતગાર બાજ બર્સમની ક્રિયાવાળો ત્યાં આવ્યો.

પોતાની રાણી સપીનૂદને બેહરામ તે મોબેદ આગળ લાવ્યો-અને તેની મારફતે તે ઝરતોશ્તી દીન તેણીને શીખવી.

બલી મઝદયસ્નની દીન મૂજબ ચોખ્ખાં પાણીએ તેણીને નહાવણ (નહાણ) આપ્યું-અને તેથી તેણીનો શરીરમાંથી મૂર્ત્તિ પૂજાનો મેલ નીકળી ગયો.*

પછી તેણે બંદીખાનાનો સાંકડો દરવાઝો ખોલ્યો-અને દરેક જણને પૈસા આપવા શુરૂ કીધા.

---

* આ ત્રણ બયતો ફિર્દોસી આપણને દીનની તવારીખની બે ઝરૂરી બાબત ઉપર મોટું અજવાળું પાડી આપે છે. મઝકુર બયતોમાંથી આજના ઝમાનાના ઝરતોશ્તી કોમમાં મોટી ચર્ચા ઉભી કીધેલા બે સવાલોનો જવાબ મળી આવે છે. પહેલો સવાલ એ છે કે "નોઝુદ"ની ક્રિયા એટલે કે સુદરેહ કુશ્તી પેહેરાવવાની ક્રિયા કોણ કરે? ફિર્દોસી આપણને કદીમ તવારીખ ઉપરથી કહી આપે છે કે સુદરેહ કુશ્તી પેહેરાવવાની ક્રિયા બાજ બર્સમની ક્રિયા કરનારો આથ્રવન કરે. બલ્કે એમ પણ કહે છે કે નાની ઉમરના તેમજ મોટી ઉમરનાને દીન આઈન શીખવવાનું કામ પણ બાજ બર્સમની ક્રિયા કરનારાનુંજ છે.

બીજો સવાલ જુદદીન માબાપને પેટે પયદા થયલાંઓને ઝરતોશ્તી દીનમાં લેવાનું કામ આજનો રાજપાટ ખોહી બેઠેલો ઝરતોશ્તી ટોળો બિન દેહેશ્તે કરી શકે કે? આનો જવાબ નકારમાંજ આપી શકાય. "જેનો દઉર તેનીજ દીન" એ કહેવટ આપણને ભૂલી જવી જોઈતી નથી. આપણે કબૂલ ક" છિયે કે સર્વ પયગમ્બરોએ જે દીન ફેલાવી તે કાંઇ અમુક ટોળાનેજ માટે ફેલાવી નથી. પણ એટલુંબી યાદ રાખવાનું છે કે કોઇ પણ પયગમ્બરે પાદશાહની મદદ લીધા વગર પોતાની દીનનો ફેલાવો કર્યો નથી. એક પણ પયગમ્બરનો એવો દાખેલો નથી કે જેને દીન ફેલાવાનાં કામમાં મુશ્કેલી નડી નહીં હોય, તે કામમાં તેનું લોહીનું પાણી નહીં થયું હોય, તેને નિરાશી મળી નહીં હોય અને તેણે પાદશાહની મદદ માગી નહીં હોય. આનુ મુખ્ય કારણ એ છે કે લોકોને નવો ધર્મ આપવા જેવું મોટું સાહસ કામ દેશના સર્વોપરી સત્તા ધરાવનારા પાદશાહની મદદ વગર કોઈથી બની શકેજ નહીં. પયગમ્બરો મહાન પુરૂષો ખરા, દીન ધર્મ લાવી આપનારા ખરા, દીન ધર્મ અને ખોદાની હસ્તી અને તે સાહેબની મહાન શક્તિ વિષેનો બોધ આપનારા ખરા, પણ આખેર કરે તે રૈયતજ કહેવાય એટલે રૈયત રૈયતને કોઇ ગણકારે નહીં અને તેથી ઘડીભર નવી દીન લઈ પાછી તેને તજી દઈ જૂની રીત ઉપર જઇ તે નવી દીનની નાલેશી કરવા માંડે અને તેથી દીનના ફેલાવાનાં કામમાં મુશ્કેલી વધતીજ જાય. પયગમ્બર ઝરતોશ્ત સાહેબે પોતાની દીન લોકોને આપવા અને કબૂલ કરાવવા માટે મોટી મોટી કોશેશો કરી હતી, મોટી મોટી જુંબેશ ચલાવી હતી. અને ખોદા તરફની બશારતો પણ મળી હતી એમ આપણને ગાથા જણાવે છે, છતાં પણ તેમને ફતેહ મળી નહીં હતી. શેવટે ખોદા આગળ તેવણ સાહેબ કોઈ મોટો મઝબૂત હાથનો મદદગાર માગે છે, કે જેથી નવી દીન કબૂલ કર્યા બાદ પાછા જૂની દીન ઉપર જાય નહીં. ઉશ્તવત ગાથાના બીજા ફકા પ્રમાણે તેવણ સાહેબે ખુદ પોતાના પાદશાહનેજ પોતાનો મદદગાર માગ્યો હતો અને તેવણ સાહેબની ખાહેશ પ્રમાણે પાદશાહ ગુશ્તાસ્પ તેવણને મદદગાર તરીકે મળ્યો હતો. પાદશાહની મદદથીજ તેવણ સાહેબની દીનનો ફેલાવો વધી ગયો હતો. આવાં અને ગોશ યશ્ત પ્રમાણે તેણે દીન ફેલાવાનાં કામમાં ગુશ્તાસ્પ અને તેણીની રાણીની મદદ માગી હતી.

પહલવી દીનકર્દ કેતાબમાંથી પણ આપણને એવાજ દાખેલા મળે છે કે સાસાનિયન પાદશાહોએજ જુદદીનવાળાઓને પોતાની ઝરતોશ્તી દીનમાં દાખેલ કર્યા હતા. જ્યાં સૂધી આપણી સલ્તનત હતી ત્યાં સૂધી તેવા દાખેલા બનેલા છે પણ આ વાતમાં કાંઈ શક નથી કે રાજપાટ વગરના કોઇ ઝરતોશ્તી ફિરકાએ જુદદીનવાળાઓને મઝદયસ્નની દીનમાં દાખેલ કીધા નથી. અને તેનું મુખ્ય કારણ એટલુંજ કે જુદદીનવાળા આસામીઓ મઝદયસ્ની દીન એકવાર સ્વીકાર્યા પછી પાછા પોતાની અસ્લી દીનમાં જઇ

આમદને શન્ગલ્ બા હફ્ત્ પાદ્શાહ્ નઝ્દે બહ્રામ્.

———:○:———

ચુ આગાહ્ શુદ્ શન્ગલ્ અઝ્ કારે શાહ્
ઝે દુખ્તરૂ કે બુદ્ શાહ્રા પીશગાહ્
બદીદારે ઈરાન્ બુદશ આરૂઝૂય
બરે દુખ્તરે શાહે આઝાદ્ખૂય
ફેરેસ્તાદ્ હેન્દી ફેરેસ્તાદઈ
સખુનગૂય મર્દીઓ આઝાદઈ
યકી અહ્દે નવ્ ખાસ્ત અઝ્ શાહ્રૂયારૂ
કે દારદ્ બખાનહ્ દરૂન્ યાદ્ગારૂ
બનવ્વી જહાન્દારૂ અહ્દી નેવેશ્ત
ચુ ખુરૂશીદે તાબાન્ બખુરૂરમ બેહેશ્ત
યકી પહ્લવી નામહ્ અઝ્ તખ્તે શાહ્
ફેરેસ્તાદહ્ આવર્દો બેન્મૂદ્ રાહ્
ફેરેસ્તાદહ્ ચૂન્ નઝ્દે શન્ગલ્ રસીદ્
સેપહ્દારૂ કન્નૂજ ખતશ બેદીદ્
ઝે હેન્દુસ્તાન સાઝે રફ્તન્ ગેરેફ્ત
ઝે ખીશાને ચીની નેહોફ્તન્ ગેરેફ્ત
બેરફ્તન્દ દરૂ ખેદ્મતશ હફ્ત શાહ્
કે આયન્દ બા રાએ શન્ગેલ્ બરાહ્
યકી શાહે કાબુલ્ દેગરૂ શાહે હેન્દ
દેગરૂ બા સેપહ્ નઝ્દે ઊ શાહે સેન્દ
દેગરૂ શાહે સન્દલ્ કે બુદ્ નામદારૂ
હમાન્ શાહે જન્દલ્ કે બુદ્ કામગારૂ
દેગરૂ શાહે કશ્મીરૂ બા દસ્તગાહ્
દેગરૂ મૂલ્તાન્ શાહ્ બા ફરૂરો જાહ્
હમહ્ નામજૂયો હમહ્ તાજદારૂ
હમહ્ પાક્ બા તઉકો બા ગૂશવારૂ
હમહ્ પાક્ બા લશ્કરો સાઝે રાહ્
હમહ્ નામદારાને બા એઝ્ઝો જાહ્
હમહ્ વીઝહ્ બા ગઉહરો સીમો ઝરૂ
હમહ્ ચતરૂ શાન્ પરૂરે તાઊસે નરૂ
બદીબા બેયારાસ્તહ્ પોશ્તે પીલ્
હમી તાફ્ત લશ્કરૂશ અઝ્ ચન્દ મીલ્

શંગલનું સાત પાદશાહો સાથ બેહરામની નઝદીક આવવું.

———:○:———

જ્યારે શંગલ પોતાની બેટી કે જેણી પાદશાહની રાણી બની હતી તેની તરફથી પાદશાહનાં કામથી વાકેફ થયો,

ત્યારે તેને ઇરાન જોવાની તેમજ તે સદગુણી ખસલતના પાદશાહની બેટીની નઝદીક જવાની ખાહેશ થઈ.

તેણે એક સુભાષિત બોલનારો અને સદગુણી હિંદી એલચી ત્યાં ૩૨૫
મોકલ્યો.

શંગલે પાદશાહ પાસેથી એક નવો પર્વાનો માગ્યો-કે જે પોતાનાં ઘરમાં સાચવી રાખે.

આથી પાદશાહ બેહરામે ખુશી ભરેલાં બેહેશ્તમાં ઝળકતા ખોરશેદના જેવો એક નવો પર્વાનો લખ્યો.

વળી પાદશાહને હાથનું પહલવી ભાષામાં લખેલું એક નામુ પણ એલચીએ લીધું અને ત્યાંથી ઉપડયો.

જ્યારે પેલો એલચી શંગલની નઝદીક પહોંચ્યો-અને કનુજના સરદારે તેને હાથનું નામુ જોયું,

ત્યારે હિંદુસ્તાનથી જવાની તૈયારી કીધી-પણ તે વાત તેણે પોતાના ચીની ખેશીઓથી છુપીજ રાખી.

રાજા શંગલની રાહમાં ખિદમત કરવા માટે તેની સાથ સાત પાદશાહો ગયા.

એક કાબુલનો શાહ બીજો હિંદનો રાજા-ત્રીજો તેની આગળ સિંધનો રાજા લશ્કર સાથ હતો.

ચોથો સંદલનો રાજા કે જે ઘણો નામીચો હતો-તેમજ પાંચમો જંદલનો રાજા કે જે મુરાદમંદ હતો.

છઠ્ઠો દબદબાવાળો કેશ્મીરનો રાજા-અને સાતમો જાહોજલાલી ભરેલો મૂલ્તાનનો રાજા હતો.

સઘળા કીર્ત્તિ શોધનારા અને તાજ ધરાવનારા રાજાઓ હતા-જેઓ ૩૨૬
સઘળા ગળામાં સાંકળી અને કાનમાં બાલી પેહેરનારા હતા.

સઘળાઓ લશ્કર સાથ અને રસ્તાના અસ્બાબ સાથ હતા-સઘળાઓ માન મરતબા સાથના નામદારો હતા.

સઘળાઓ ગોહર, રૂપાં અને સોના સાથ સમ્પૂર્ણ થયલા હતા-જેઓનાં છત્ર મોરનાં પીછાંનાં હતાં

શંગલના હાથીની પીઠ રેશમી કપડાંથી સણગારેલી હતી-તેનું લશ્કર કેટલાક માયલ દૂરથી ઝળકાટ આપતું હતું.

દીનની બારીકી અને ક્રિયાઓને બરાબર નહીં સમજીને નાહકની વગોવવા માડે તો તેનો અટકાવ થઈ શકે નહીં તેવા બેવફા અને નાલાયકોને સઝાએ પહોંચાડવાની તેઓ પાસે સત્તાજ નહીં.

ઇરાનથી હિંદુસ્તાન આવ્યા પછી પણ અથોરનાન અને બેહદીનો તરફથી જુદદીનવાળાઓને મઝદયસ્ની દીનમાં લેવાની હિલચાલ અનેકવાર થયલી આગળી રેવાયતો ઉપરથી દેખાઇ આવે છે તે કારોશ દરમેયાન પણ બાહોશ માણસોએ એવીજ ધાસ્તી રાખેલી નજર આવે છે, કે જુદદીનવાળાઓ એકવાર ઝરતોશ્તી દીન એખ્તયાર કર્યા પછી તે દીનને પાછી છોડી દઇને તેની ગીબત કરે તો શું કરવું? કાઊસ માહીયારની રેવાયતમાં એક ઠેકાણે આપણે એક સવાલ વાંચ્યે છિએ, કે "ગોર ખોદનાર અને મુર્દા બાળનાર તેમજ દુરવંદો અગર ભલી દીનમાં આવે તો તે સઝાવાર છે કે નહીં?"

આ સવાલનો ત્યાંજ જવાબ લખવામાં આવ્યો છે કે "અગર ભલી દીનના કાયદાઓને બરાબર સાચવે અને દીન ઉપર એતેકાદ લાવે અને (તે ભલી દીનમાં દાખેલ થનારથી) ભલી દીનને નુકસાન નહીં પહોંચે તો (તેને દીનમાં લેવો) રવા અને ઘટારત છે."

આ જવાબમાં એક એવી શર્ત નાખેલી છે, કે તે બાબતનો જોખમ કોઇ મોબેદ કે બેહદીન માથે લઇ શકેજ નહીં. ત્યારે એમજ ડરે છે, કે ઝરતોશ્તી પાદશાહી વગર મઝદયસ્ની દીનમાં જુદદીનોને દાખેલ કરવાનું અમલમાં મેલાયજ નહીં.

અબા હદૂયએ શાહો ચન્દાન્ નેસારૂ
કે દીનારૂ શુદ્દ ખારૂ ઝી શહુરૂયારૂ
ચુનીન્ શાહુ શન્ગલ્ અબા હફ્ત શાહુ
હમી રાન્દ મન્ઝેલ્ બમન્ઝેલ્ સેપાહુ
ચુ નઝ્દીકે ઈરાન્ ફરાઝ આમદન્દ
બચન્દાન્ ગેરાનમાયહુ સાઝ આમદન્દ
ચુ અઝ આમદન્ શાન્ શુદ્દ આગાહુ શાહુ
બેયારાસ્ત લશ્કરૂ બેરૂન્ શુદ્દ બરાહુ
બુઝોર્ગાને હરૂ શહુરૂ બરૂખાસ્તન્દ
પઝીરહુ શુદન્રા બેયારાસ્તન્દ
બેયામદ્દ શહનશાહુ તા નહુરવાન્
બેરફ્ પીરો હુશ્યારો દઉલત જવાન્
૩૨૭ દો શાહે ગેરાનમાયએ સરૂફરાઝ
રસીદન્દ પસ યકૂ બદીગરૂ ફરાઝ
ઝે અસ્પાન્ દો ખુસ્રવ્ ફોરૂદ્દ આમદન્દ
અબા પૂઝેશો બા દોરૂદ્દ આમદન્દ

ગેરેફ્તન્દ મરૂ યકૂ દેગરૂરા બબરૂ
દો શાહે સરફ્રાઝો દુ તાજવરૂ
પેયાદહુ બેશુદ્દ લશ્કરૂ અઝ હરૂદુ રૂય
જહાની સરાસરૂ પુરૂ અઝ ગોફ્તગૂય
દો શાહે દો કેશ્વરૂ રસીદહુ બહમ
હમી રફ્ત હરૂગૂનહુ અઝ બીશો કમ
બઝીન બરૂ નેશસ્તન્દ હરૂદુ સવારૂ
હમાન્ પુરૂ હોનરૂ લશ્કરે નામદારૂ
બઅયવાનહા તખ્તે ઝરૂરીન નેહાદ્દ
બરૂ ઊ જામહાએ બઆઇન્ નેહાદ્દ
બયકૂ તીરૂ પરૂતાબ્ બરૂ ખાન્ નેહાદ્દ
બરૂ બરૂરહો મોર્ઘે બેર્યાન્ નેહાદ્દ
ચુ નાન્ ખુર્દહુ શુદ્દ મજલેસે શાહુ વારૂ
બેયારાસ્ત પુરૂ બૂયો રન્ગો નેગારૂ
મય આવરૂદ્દ બરૂ ખાનો રામેશગરાન્
હમી ચામહુ બૂદ્દ અઝ કરાન્ તા કરાન્
૩૨૮ પરસ્તન્દગાન્ ઈસ્તાદહુ બપાય
બેહેશ્તી શુદહુ કાખો ગાહો સરાય
હમહુ જામે મય બૂદ્દ યકૂસરૂ બુલૂરૂ
તબફૂહાએ ઝરૂરીનો સુશ્કો બખૂરૂ
ઝે ઝરૂ અફૂસરી બરૂ સરે મયગુસારૂ
બપાય અન્દરૂન્ કફૂશે ગઉહરૂ નેગારૂ
ફેરૂમાન્દ ઝાન્ કાખ્ શન્ગલ્ શેગેફ્ત
બમય ખુરૂદન્ અન્દીશહુ અન્દરૂ ગેરેફ્ત
કે ઈરાન્ બેહેશ્તસ્ત યા બૂસ્તાન્
હમી બૂએ સુશ્કૂ આયદ્દ અઝ દૂસ્તાન્
ચુનીન્ ગોફ્ત બા શાહે ઈરાન્ બરાઝ
કે બા દુખ્તરમ શાહે દીદારૂ સાઝ
બેફરૂમૂદ તા ખાદેમાને સેયાહુ
પેદરૂશ ગુઝારન્દ નઝ્દીકે માહુ
હમી રફ્ત બા ખાદેમાન્ નામદારૂ
સરાએ દેગરૂ દીદ્દ હમચૂન બહારૂ

પાદશાહ બેહરામ માટેના હદયા અને કેટલીક નેસાર કરવાની ચીઝો કે જેમાં દીનાર તો તે પાદશાહની નઝરમાં તુચ્છ હતા તે લઈને,

પાદશાહ શંગલ એ પ્રમાણે બીજા સાત પાદશાહો સાથ-મંઝલ દર મંઝલ લશ્કર ચલાવતો હતો.

જ્યારે તેઓ આટલા બધા કીમતી માલ અસબાબ સાથે ઈરાનની નઝદીક આવી લાગ્યા,

અને જ્યારે પાદશાહ બેહરામને તેઓના આવવાની ખબર મળી-ત્યારે તેણે લશ્કર તૈયાર કર્યું અને તેને લેવા માટે રાહમાં આગળ વધ્યો.

દરેક શેહરના મોટા લોકો પણ તેને લેવા જવાની તૈયારી કરી નીકળ્યા.

શેહનશાહ બેહરામ જે અકલે બુઢ્ઢો અને બાહોશ તેમજ નસીબે જવાન હતો તે "નહરવાન" સુધી આવી લાગ્યો.

ત્યાં બન્ને માન પામેલા મોબ્ભાદાર પાદશાહો છેક એક બીજાની નઝદીક થઇ ગયા.

તે બન્ને પાદશાહો ઘોડા ઉપરથી નીચે ઉતર્યા-તાઝીમ તવાઝો સાથ ખયર આફીયત પુછતા અને સલામ અેકામ કરતા બન્ને એક બીજાને ભેટયા.

બન્ને સરફરાઝ અને તાજદાર પાદશાહોએ એક બીજાને બગલગીરી કીધી

બન્ને તરફનું લશ્કર પેયાદું થયું-સઘળો દેશ ગડબડ ભર્યો બન્યો.

તે બેહુ મુલકના બેહુ પાદશાહો સાથે મળ્યા-અને હરેક તરેહની વાતો કરવા લાગ્યા.

પછી તે બન્ને પાદશાહો પાછા ઘોડા ઉપર સવાર થયા-તેવીજ રીતે તે હોનર ભરેલું નામીચું લશ્કર પણ સવાર થઇ ચાલ્યું.

શેહરમાં આવ્યા બાદ બેહરામ ગૂરે પોતાના મેહલમાં સોનેરી તખ્ત મૂકાવ્યાં-અને ધારા પ્રમાણે તેની ઉપર રેશમી કપડાં પાંથર્યાં.

એક તીરના અદાઝા સુધીનો ખાણાંનો સુફરો બિછાવ્યો-અને તે ઉપર ભુંજેલાં હલવાન અને મુરઘી મૂકવામાં આવી.

જ્યારે ખાણું ખાઇ રહ્યા ત્યારે પાદશાહોને લાયકની એ રંગ રાગ ભરેલી મજલેસ તૈયાર કરવામાં આવી.

તે ખાણાંની મજલેસ ઉપર મય અને રામેશગરોને લાવવામાં આવી-એક નાકેથી બીજે નાકે સુધી ગાનતાન ચાલી રહ્યું.

ત્યાં ગોલામો ખડે પગે ઉભા હતા-તે અયવાન, તે મેહલ અને તખ્ત બેહેશ્ત મિસાલ બની ગયાં હતાં.

મયની સઘળી જામો બિલોરી હતી-તબકો સઘળી સોનેરી હતી અને કસ્તુરી તેમજ બીજી ખુશબો ત્યાં હતી.

મય પાનારીઓનાં સર ઉપર એકેકું સોનેરી તાજ હતું-અને પગમાં ગોહરની ભરતની સપાત હતી.

રાજા શંગલ તે મેહલનો દમામ જોઇ દંગ થઇ ગયો-અને મય પીતાં પીતાં વિચારવા લાગ્યો,

કે "ઇરાન દેશને બાગ કહિયે કે બેહેશ્ત કહિયે-અહીંના મિત્રોનાં શરીરમાંથી કસ્તુરીનો ઘમરાટ આવે છે."

પછી તેણે ખાનગીમાં ઇરાનના પાદશાહને એ પ્રમાણે કહ્યું-કે "હવે તું મારી બેટી સાથ મને મુલાકાત કરાવ"

તેણે હોકમ કીધો કે "ઝનાનખાનાના નોકરો-તેણીના બાપને તે માહતાબ જેવી છોકરી આગળ લઇ જાય."

બલન્દ અખ્તરો રહ્નુમાએ તોરા
હમી બરૂ સરે નીઝહ પીશે સેપાહ
બેયારમ ચુ ખુરૂશીદે તાબાન્ બરાહ
૩૬૦ **બદાન્ તા હરાન્ કસ કે દારદ ખરદ**
બમન્શૂરે આન્ દાદગરૂ બેન્ગરદ
મરા આફરીન્ બરૂ તો નફ્રીન્ બુવદ
હમાન્ નામે તૂ શાહે બીદીન્ બુવદ
ન યઝદાન્ પસન્દદ ન યઝદાન્ પરસ્ત
ન અન્દરૂ જહાન્ મરૂદુમે ઝીરૂદસ્ત
કે બીદાદ જૂયદ કસી દરૂ જહાન્
બેપીચદ સરૂ અઝ અહૂદે શાહનશાહાન્
બદાદો બમર્દી ચુ બહ્રામ શાહ
કસી નીઝ નન્હાદ બરૂ સરૂ કોલાહ
બદીન્ બરૂ જહાનદારૂ યઝદાન્ ગવાસ્ત
કે ઊરા ગવા ખાસ્તન્ નાસઝાસ્ત
કે બીદાદ જૂઈ હમી જન્ગે મન્
ચુનીન્ બા સેપહ કર્દન આહન્ગે મન્
નબાશી તો ઝીન્ જાય પીરૂઝગરૂ
નેયાબી હમાન્ ઝખ્તરે નીક બરૂ
અઝીન્ પસ નખાહમ ફેરેસ્તાદ કસ
બદીન્ જન્ગ્ યઝદાન્ મરા યારૂ બસ
ફેરેસ્તાદહ બા નામહ આમદ ચુ ગરૂદ
સુખુનહા બપીરૂઝ બરૂ યાદ કરૂદ
૩૬૧ **ચુ બરૂખાન્દ આન્ નામએ ખુશનવાઝ**
પુરૂ અઝ ખેશ્મ શુદ શાહે ગર્દનફરાઝ
ફેરેસ્તાદહરા ગોફ્ત ચન્દીન્ સોખન્
નગૂયદ જહાનદીદહ મર્દે કોહન્
ગરૂ અઝ ચાચ પયરા નેહી પીશે રૂદ
બનઉકે સનાનત ફેરેસ્તમ દોરૂદ
ફેરેસ્તાદહ આમદ બરે ખુશનવાઝ
ફેરાવાન્ સખુન્ ગોફ્ત બા ઊ બરાઝ
કે નઝદીકે પીરૂઝ તર્સે ખોદાય
ન બીનમ ખેરદ નીસ્તશ રહ્નુમાય
હમહ કીનહો જન્ગ્ જૂયદ હમી
બફર્માને યઝદાન્ ન પૂયદ હમી

હું ખુશનવાઝનો છાયો ઘણો વખત સુધી આ ઝમીનની સપાટી ઉપર રહેવા દઈશ નહીં."

પેલો એલચી ઝડપથી પાછો આવ્યો—અને સઘળી સાંભળેલી વાત તેને કહેવા લાગ્યો.

જ્યારે ખુશનવાઝે તે વાત સાંભળી અને નામુ વાંચ્યું-ત્યારે વીખરાયલાં લશ્કરને ભેગું કીધું.

તે લડાઈનાં મયદાનમાં લશ્કર લાવ્યો-પેલાં કરાર નામાને નેઝાની નોક ઉપર ધર્યું.

કે જે તેના બપાવાએ બેહરામ પાસથી મેળવ્યો હતો-જેમાં લખ્યું હતું કે "જયહૂન નદી આપણી સરહદ છે."

પછી તેણે લશ્કરમાંથી એક ચાલાક, સુભાષિત બોલનાર અને આબરૂદાર શખ્સને ચુંટી કાઢયો.

તેને કહ્યું કે "તું પીરોઝની નઝદીક જા તેની સાથ મીઠાસથી વાત કર અને તે જે જવાબ કહે તે સાંભળ.

તેને કહેજે કે તારા બુલંદ સેતારેના અને રેહનુમાઇ કરનાર બપાવાનું કરાર નામુ,

નેઝાની નોક ઉપર લગાડી ઝળકતા ખુરશીદની મિસાલ લશ્કરની રાહ વચ્ચે લાવીશ.

જેથી દરેક અકલમંદ શખ્સો-તે ઇન્સાફી પાદશાહનું ફર્માન જોશે.

અને મારી ઉપર આફ્રીન કરશે અને તારી ઉપર લઅનત નાખશે-તેમજ તારૂં નામ 'અધર્મી પાદશાહ' પાડશે.

યઝદાન પોતે અને યઝદાન પરસ્ત લોકો તેમજ દરેક દેશની રૈયત પણ એ વાત પસંદ કરશે નહીં.

કારણકે જે કોઇ શખ્સ શેહન્શાહોનાં કરાર નામાથી ફરે છે, તે જેહાનમાં ઝુલ્મ કરે છે.

ઇન્સાફ કરવામાં અને મર્દાનગી દેખાડવામાં પાદશાહ બેહરામ જેવા-બીજા કોઇ પણ પાદશાહે પોતાનાં સર ઉપર તાજ મૂકયું નથી.

દુન્યાની નેગહબાની કરનાર ખોદાતાલા આ બાબત ઉપર સાક્ષી છે-તો જો કે તે સાહેબને સાક્ષી તરીકે ગણવો ઘટારત નથી,

કે તું બે ઇન્સાફી ભરેલી રીતે મારી સાથે લશ્કર લઇ મારી ઉપર તુટી પડી, લડાઇ શોધે છે.

એમાં તું ફતેહમંદ નહીં થશે-તેમજ નેક સેતારાથી તું ફળ નહીં પામશે.

હવે પછી હું કોઈ પણ કાસેદ મોકલીશ નહીં-આ લડાઇમાં પાક યઝદાન મારો મદદગાર બસ થશે."

પેલો એલચી નામુ લઇ શેતાબ આવ્યો—અને સઘળી વાત તેણે પીરોઝ આગળ કહી.

જ્યારે ખુશનવાઝનું તે નામુ તેણે વાંચ્યું-ત્યારે ગરદનફરાઝ પાદશાહ ગુસ્સા ભરેલો થયો.

તેણે એલચીને કહ્યું કે "અનુભવી અને ઘડાયલો શખ્સ એવી વાતો કરતો નથી.

જો તું તારાં ચાચ શેહરથી નદી તરફ એક પગલું પણ આગળ મૂકશે-તો મારા નેઝાની નોકે તને આવકાર આપીશ."

એલચી પાછો ખુશનવાઝ આગળ આવ્યો—અને તેને ખાનગીમાં ઘણીક વાતો કહી.

કે "પીરોઝમાં ખોદાનો ડર રહેલો-હું જોતો નથી. ડહાપણ તેનો રેહનુમા બનેલો નથી.

તે તો કીનો અને લડાઈજ કરવા માગે છે-અને યઝદાનના ફર્માન ઉપર ચાલતો નથી."

ચુ બેશ્નીદ અઝ્ ઈન્ સખુન્ ખુશનવાઝ
બયઝદાન્ પનાહીદો ઓર્દેશ નમાઝ
ચુનીન્ ગોફ્ત કય દાવરે દાદ્ પાક્
તોઈ આફરીનન્દએ બાદો ખાક્
તો દાની કે પીરૂઝે બીદાદ્ગર્
ઝે બહ્રામ્ બીશી નદારદ્ હોનર્
સુખુનહાએ બીદાદ્ ગૂયદ્ હમી
બુઝોર્ગી બશમ્શીર્ જૂયદ્ હમી
પયે ઊ ઝે રૂએ ઝમીન્ બર્ ગુસેલ્
ન નીરૂશ બાદા ન દાનેશ ન દેલ્
બગેર્દે સેપહ્ બર્ યકી કન્દહ્ કર્દ્
સરશરા બેપૂશીદો આગન્દહ્ કર્દ્
કમન્દી ફ્રોરૂઓર્દહ્ બાલાએ ઊય
હમાન્ બીસ્ત્ રશ્ બૂદ્ પહ્નાએ ઊય

જ્યારે ખુશનવાઝે તેનાથી આવા સખુનો સાંભળ્યા-ત્યારે તેણે યઝ-દાનની પનાહ ચાહી અને તેને નમાઝ કરી,

તે એ પ્રમાણે બોલ્યો કે "ઓ રાસ્ત ઈન્સાફના ધણી!-તુંજ પવન અને ખાકનો પયદા કરનારો છે.

તું જાણે છે કે ઝુલ્મગાર પીરોઝ-બેહરામ કરતાં ઝયાદા હુનર ધરાવતો નથી.

તે બે ઇન્સાફી ભરેલા સખુનો બોલે છે-અને તલવારથી મોટાઇ શોધે છે.

માટે તેનાં કદમ આ ઝમીનની સપાટી ઉપરથી કાપી નાખજે-તેને ૩૬૨
કૌવત, દાનાઈ કે હિમ્મત કાંઇજ હોતું ના!"

પછી તેણે લશ્કરની આસપાસ એક ખાઇ ખોદાવી-અને તેનું મોં પાછું ઢંકાવી દઇ સરખું કરાવ્યું.

તે ખાઇ એક કમન્દ જેટલી ઊંડી હતી-તેમજ વીસ વામ જેટલી પોહોળી હતી.

રઝ્મે પીરૂઝ્ બા ખુશ્નવાઝ્ વ કોશ્તહ્ શુદને પીરૂઝ્.

——:o:——

ચુ ઇન્ કર્દહ્ શુદ્ નામે યઝદાન્ બેખાન્દ
ઝે પીશે સમર્કન્દ્ લશ્કર્ બેરાન્દ
અઝાન્ રૂય સર્ગશ્તહ્ પીરૂઝ શાહ્
હમી રાન્દ્ ચૂન્ બાદ્ લશ્કર્ બરાહ્
વઝીન્ રૂય પુર્ બીમ દેલ્ ખુશનવાઝ
હમી ગોફ્ત બા દાવરે પાક્ રાઝ
બર્ આમદ્ ઝે હર્ દુ સેપહ્ બૂકો કૂસ
હવા શુદ્ ઝે ગર્દે સેપહ્ આબ્નૂસ
ચુનાન તીર્ બારાન્ શુદ્ અઝ્ હર્ દો રૂય
કે ચૂન્ આબ્ ખૂન્ અન્દર્ આમદ્ બજૂય
હમાન્ગાહ્ ચૂન્ ગર્દ્ પીરૂઝ શાહ્
હમી રાન્દ્ બા ગોર્ઝો રૂમી કોલાહ્
ચુ નઝ્દીકે આન્ કન્દહ્ શુદ્ ખુશનવાઝ
સેપહ્દારે તુર્કાન્ અઝ્ ગશ્ત્ બાઝ
એનાન્રા બેપીચીદો બેન્મૂદ્ પોશ્ત
પસે ઊ સેપાહ્ અન્દર્ આમદ્ દુરોશ્ત
બર્ અન્ગીખ્તહ્ બારહ્ પીરૂઝ શાહ્
હમી તાખ્ત બા ખાર્ માયહ્ સેપાહ્
બકન્દહ્ દર્ ઓફ્તાદ્ બા ચન્દ્ મર્દ્
બુઝોર્ગાનો શીરાને રૂઝે નબર્દ્
ચુ હોર્મુઝ બેરાદર્શ ફર્રોખ કોબાદ્
બુઝોર્ગાનો શાહાને ખુસ્રવ નેઝાદ્
બદીન્ સાન્ નેગૂન્ શુદ્ સરે હફ્ત શાહ્
હમહ્ નામદારાને ઝર્રીન્ કોલાહ્
વઝાન્ જાયગહ્ શાદ્ દેલ્ ખુશનવાઝ
બનઝ્દીકીએ કન્દહ્ આમદ્ ફરાઝ
બર્ આવર્દ્ અઝાન્ કન્દહ્ હર્કસ્ કે ઝીસ્ત
હમી તખ્ત બર્ બખ્તે ઈશાન્ ગેરીસ્ત

પીરોઝની ખુશનવાઝ સાથની લડાઈ અને પીરોઝનું માર્યું જવું.

——:o:——

જ્યારે તે આ કરી રહ્યો ત્યારે તેણે પાક યઝદાનનું નામ લઇ-સમર-કંદ આગળથી લશ્કર ચલાવ્યું.

પેલી તરફથી દીવાનો પાદશાહ પીરોઝ પણ-પવનની ઝડપે પોતાનું લશ્કર રાહમાં આગળ ચલાવતો હતો.

આ તરફ ધાસ્તી ભરેલાં દિલનો ખુશનવાઝ-પાક દાવર આગળ પ્રાર્થના કરતો હતો.

બન્ને લશ્કરમાંથી કરનાય અને નગારાના આવાઝ નીકળ્યા-લશ્કરની ધૂળથી હવા કાળી થઈ ગઇ.

બન્ને તરફથી તીરનો વરસાદ એવો વરસ્યો-કે પાણીની મિસાલ લોહી નદીમાં ચાલવા લાગ્યું.

તેજ વખત પાદશાહ પીરોઝ વંટોળીયાની ઝડપે-માથાં ઉપર રૂમી કોલાહ અને હાથમાં ભારી ગોર્ઝ સાથ ઘોડો આગળ હાંકવા લાગ્યો.

જ્યારે ખુશનવાઝ પેલી ખાઇ આગળ આવ્યો-ત્યારે તે તુર્કીઓનો સરદાર ત્યાંથી પાછો ફર્યો.

તેણે ઘોડાની લગામ ફેરવી અને નાસવા માંડયું-ઇરાની લશ્કરે તેની ૩૬૩
પછાડી મઝબૂતીથી દોડવા માડયું.

પાદશાહ પીરોઝે પણ ઘોડો ડપટાવ્યો-અને થોડાક સિપાહો સાથ દોડવા લાગ્યો.

અને કેટલાક બુઝોર્ગો અને લડાઇને દહાડેના બહાદુર મર્દો સાથ પેલી ખાઈમાં ગબડી પડયો.

જેવા કે તેનો ભાઈ હોરમઝ અને મુબારક કોબાદ-બીજા બુઝોર્ગો અને પાદશાહી બુન્યાદના શાહઝાદાઓ તેમાં પડયા.

એ પ્રમાણે સોનેરી કોલાહના સાત નામદાર પાદશાહોનાં સર ઊંધાં પડયાં

ખુશનવાઝ તે જગ્યાએ ખુશહાલ દિલે-પેલી ખાઇની નઝદીક આવ્યો.

જે કોઈ કે જીવતા હતા તેઓને તે ખાઇમાંથી બાહેર કાઢયા-તેઓનું તખ્ત તેઓનાં નસીબ ઉપર રડવા લાગ્યું.

શીકસ્તહ સરો પોશ્તે પીરૂઝ શાહ
સરે નામદારાને બા ફરૂરો જાહ
કે શાહાન્ નબુદ ઝેન્દહ કસ જોઝ કોબાદ
શુદ આન્ લશ્કરો પાદ્શાહી બબાદ
હમી રાન્દ બા કામે દેલ ખુશનવાઝ
સરફ્રાઝ બા લશ્કરી રઝ્મસાઝ
૩૬૪ બતારાજ દાદ આન્ સેપાહો બનહ
ન કસ મયસરહ દીદ નહ મયમનહ
અઝ ઈરાનેયાન્ ચન્દ બોર્દન્દ અસીરૂ
ચે અફ્ગન્દહ બરૂ ખાકે તીરહ બતીરૂ
નબાયદ કે બાશદ જહાન્દારૂ ઝુફ્ત
દેલે ઝુફ્ત બા ખાકે તીરહરત જુફ્ત
ચુનીન્ આમદ ઈન્ ચર્ખે નાપાયદારૂ
ચે બા ઝીરૂદસ્તો ચે બા શહરૂયારૂ
બેપીચાનદ ઊરા કે ખુદ પર્વરદ
અગરૂ બીહુશસ્ત અરૂ સોતૂને ખરદ
નમાનદ બરીન્ ખાકૂ જાવીદ કસ
તોરા તૂશહ અઝ રાસ્તી બાદો બસ
ચુ બુગ્ઝશ્ત બરૂ કન્દહ બરૂ ખુશનવાઝ
સેપાહશ શુદ અઝ ખાસ્તહ બીનેયાઝ
બઆહન્ બેબસ્તન્દ પાએ કોબાદ
ઝે તખ્તો નેઝાદશ નકર્દન્દ યાદ
ચુ આગાહી આમદ બઈરાન્ સેપાહ
અઝાન્ કન્દહો રઝમે પીરૂઝ શાહ
ખોરૂશી બરૂઆમદ અઝ ઈરાન્ બદરૂદ
અઝાન્ શહરૂયારાને આઝાદ મરૂદ
૩૬૫ ચુ અન્દરૂ જહાન્ ઈન્ સખુન્ ગશ્ત ફાશ
ફેરૂદ આમદ અઝ તખ્તે ઝરૂરીન્ બલાશ
હમહ મૂએ શાહાનહ અઝ સરૂ બેકન્દ
હમી રીખ્ત બરૂ તખ્ત ખાકે નેઝન્દ
સેપાહીઓ શહરી બઈરાન્ ઝે દરૂદ
ઝનો મર્દો ફ્રદફ હમહ મૂયહ કરૂદ
હમહ કન્દહ મૂયો હમહ ખસ્તહ રૂય
હમહ શાહ ગૂયો હમહ શાહ જૂય
નેશસ્તહ હમહ બા ઘમો અન્દહાન્
બઅન્દીશહ આન્ કેહતરાનો મહાન્
કે તા ચૂન્ ગુઝીનન્દ ઈરાન્ ઝમીન્
ગુઝારન્દો બીનન્દ આન્ દશ્તે કીન્

દબદબા અને મરતબા સાથના નામદારોના સરદાર-પાદશાહ પીરોઝનું માથું અને પીઠ તુટી ગયાં હતાં.

તે શાહઝાદાઓમાંથી કોબાદ સિવાય કોઇ બીજું જીવતું રહ્યું નહીં હતું-એવી રીતે તે લશ્કર અને તેની પાદશાહી બરબાદ થઇ.

ખુશનવાઝ પોતાનાં દિલની મુરાદ પ્રમાણે લડાઇ કરનારાં એક સર ફરાઝ લશ્કર સાથે આગળ ચાલવા લાગ્યો.

તેણે તે લશ્કર અને અસબાબ લુટાવી દીધાં-તે લશ્કરની કોઇએ ડાબી કે જમણી સફ જોઇ નહીં.

ઈરાનીઓમાંથી કેટલાકને કયદ કીધા-ઘણાકો તીરથી સીઆહ ખાક ઉપર પડયા.

દેશની સંભાળ કરનાર પાદશાહ લોભી નહીં હોવો જોઇયે-કારણકે લોભી દિલ સીઆહ ખાકનોજ સાથી છે.

આ નાપાયદાર આસ્માન શું ચાકર સાથ કે શું પાદશાહ સાથ એવીજ રીતે વર્તે છે.

જેને તે પોતે પાળે છે તેનેજ કચડી નાખે છે પછી અગર તે અકલ વગરનો હોય અથવા અકલનો સ્થંભ હોય.

આ ખાક ઉપર કોઇ જાવેદાન સુધી રહેતુંજ નથી માટે તને બસ સચ્ચાઇનોજ તોશો હોજો! (યાને તું રાસ્તીજ એખ્તયાર કરજે).

જ્યારે ખુશનવાઝ પેલી ખાઇ પસાર કરી ગયો-ત્યારે તેનું લશ્કર લૂટેલા ખઝાનાથી હાજત વગરનું બન્યું.

તેઓએ કોબાદના પગ બેડીમાં સીકડયા-તેનાં તખ્ત અને તેની બુન્યાદનો કાંઈ પણ વિચાર કીધો નહીં

ઇરાનમાં જ્યારે ઈરાની લશ્કરને તે ખાઈની અને પાદશાહ પીરોઝની લડાઈની ખબર પડી,

ત્યારે તે સદગુણી લોકોના પાદશાહો માટે આખા ઈરાનમાંથી દુઃખના પોકારો નીકળ્યા.

જ્યારે દેશમાં આ વાત ઝાહેર થઇ-ત્યારે બલાશ સોનેરી તખ્ત ઉપરથી નીચે આવ્યો.

તેણે સઘળા પાદશાહી બાલ માથાં ઉપરથી પિંખી નાખ્યા અને તખ્ત ઉપર સીઆહ ખાક છાંટવા લાગ્યો.

ઈરાનમાં લશ્કરીઓ, શેહરીઓ, સ્ત્રીઓ, મર્દો અને બચ્ચાંઓ સઘળાં રડવા લાગ્યાં.

સઘળાઓએ બાલ પિંખ્યા અને ચેહરા ઝખ્મી કીધા-સઘળાંઓ પાદશાહનુંજ નામ પોકારતાં હતાં અને પાદશાહનેજ શોધતાં હતાં.

તે સઘળા નાના અને મોટાઓ દુઃખ અને ગમ સાથ વિચાર ચલાવવા માટે બેઠા,

કે "ઇરાન દેશના લોકો હવે શું ઠરાવ કરે-તે લડાઈનું મયદાન (જ્યાં પીરોઝ માર્યો ગયો તે) છોડી દે કે ફરી એકવાર તે જોવા જાય?"

બલાશ*

પાદ્શાહીએ બલાશ્ પન્જ્ સાલ્ વ દૂ માહ્ બૂદ્ બર્ તખ્ત્ નેશસ્તને બલાશ્ વ અન્દર્ઝ્ કર્દન્ અઈરાનેયાન્.

——:०:——

ચુ બેન્શસ્ત બા સૂગ્ માહી બલાશ
સરશ પુર્ ઝે ગર્દો રોખશ પુર્ ખરાશ
સેપાહ્ આમદો મૂબેદે મૂબદાન્
દેલીરાનો હમ નામવર્ બેખ્રદાન્
ફેરાવાન્ બેગોફ્તન્દ્ બા ઊ બપન્દ્
સુખુન્હા કે બૂદી વરા સૂદ્મન્દ્
બરાન્ તખ્તે શાહીશ બેન્શાન્દન્દ્
બસી ઝરૂરો ગઉહર્ બર્ અફ્શાન્દન્દ્
ચુ બેન્શસ્ત બર્ ગાહ્ ગોફ્ત અય રદાન્
બેજૂઈદ્ રાઝે દેલે બેખ્રદાન્
શુમારા બુઝોર્ગીસ્ત નઝદીકે મન્
ચુ રઉશન્ શવદ્ રાએ તારીકે મન્
બગીતી હરાન્ કસ કે નીકી કુનદ્
બેફ્રૂશીદ્ તા રાએ ઊ નશકનદ્
હરાન્ કસ કે બદ્ બાશદો બદ્સેગાલ્
નખાહમ હમી કારે ખુદ્રા હમાલ્
નુખોસ્તીન્ બપન્દશ્ તવાન્ગર્ કુનમ
ચુ નપ્ઝીરદ્ અઝ્ ખૂનશ અફ્સર્ કુનમ
હરાન્ કસ કઝીન્ લશ્કરે દર્પરસ્ત
બેનાલદ્ બરે મા યકી ઝીર્દસ્ત
દેલે મર્દે બીદાદ્ગર્ બેશ્કનમ
હમી બીખો શાખશ ઝે બુન્ બર્કનમ
મબાશીદ્ ગુસ્તાખ બા પાદ્શા
બવીઝહ્ કસી કૂ બુવદ્ પર્સા
કે ઊ ગાહ્ ઝહ્રસ્તો ગહ્ પાવઝહ્ર્
તો જૂયન્દહ્ અઝ્ ઝહ્ર્ તર્યાક્ બહ્ર્

બલાશની પાદશાહી પાંચ વર્ષ અને બે મહિના હતી, બલાશનું તખ્ત ઉપર બેસવું અને ઇરાનીઓને નસીહત કરવી.

——:०:——

જ્યારે બલાશ એક મહિનો સુધી માથે ધૂળ ભરી ઝખ્મી થયલાં મોઢાંએ સોગમાં બેસી રહ્યો,

ત્યારે લશ્કરીઓ, વડો વઝીર તેમજ સઘળા પેહલવાનો અને નામીચા દાનેશમંદો તેની આગળ આવ્યા

તેઓએ તેને ઘણીક શીખામણ દીધી અને તેને ફાયદો થાય તેવા સખુનો કહ્યા.

અને પછી તેને તે પાદશાહી તખ્ત ઉપર બેસાડયો-અને તેની ઉપર પુષ્કળ સોનું અને ગોહરો વધાવ્યાં.

જ્યારે બલાશ તખ્ત ઉપર બેઠો ત્યારે બોલ્યો કે "ઓ સરદારો!- ૩૬૬
તમો અકલમંદોનાં દિલનો ભેદ શોધો.

જ્યારે મારી સીઆહ અકલ પાછી રોશન થશે-ત્યારે તમો મારી નઝદીક બુઝોર્ગીજ પામશો.

દુન્યામાં જે કોઈ કે નેકી કરે-તેને માટે તમો લોકો કોશેશ કરજો કે તેના નેક વિચારો તુટી નહીં જાય.

જે કોઇ કે બદ વિચારનો મુજી હોય છે-તે પોતાનાં બૂરાં કામમાં કોઇને દખલ આપતો નથી,

તેવાને પહેલાં હું શીખામણ આપી તવંગર કરીશ-પણ જ્યારે તે શીખામણ કબૂલ નહીંજ કરશે ત્યારે તેને માથે લોહીનું તાજ પેહેરાવીશ.

મારી રૈયતમાંથી કોઇ અગર મારા ગમે એવા વફાદાર લશ્કરીઓમાંના કોઇએક માટે ફર્યાદ કરશે,

તો હું તે ઝુલ્મગાર મર્દનું દિલ તોડી નાખીશ-તેની બુનબેખ જડ-મૂળથી ઉખેડી નાખીશ.

તમો તમારા પાદશાહ સાથ અને ખસૂસ કરીને જે કોઈ કે પહરેઝગાર હોય તેની સાથ બેઅદબ બનતા ના.

કારણકે પાદશાહ કોઈ વખતે ઝેહર મિસાલ નઝરે પડે છે અને કોઇ વખત ઝેહરના ઉતાર જેવો દેખાય છે-તું ઝેહરમાંથી ઝેહરનો ઉતાર મેળવવા માગે છે (તે બને નહીં).

---

* ફિર્દોસી પ્રમાણે એ પીરોઝનો છોકરો. પણ યૂરોપિયન તવારીખનવેસો એને પીરોઝનો નાનો ભાઈ જણાવે છે. કોઇક લખનારા એનું નામ "પલાશ" કરીને લખે છે. પણ શાહનામાની દરેક કોપીઓમાં તેમજ બીજી ડીકસ્નરીઓમાં "બલાશ"જ જણાવે છે. આ પાદશાહની કારકીર્દી જાણવાજોગ નથી. પીરોઝ જ્યારે ખુશનવાઝની લડાઈ ઉપર ગયો, ત્યારે "સૂફરા" નામના શીરાઝના એક બહાદુર પેહલવાનના હાથ હેઠળ એને સોંપી ગયો હતો. સૂફરાએ જ્યારે ખુશનવાઝ સાથ લડાઇ કરી કોબાદને છોડવ્યો, ત્યારે બલાશે પોતાની રાઝી ખુશીથી ઈરાનનું તખ્ત છોડી કોબાદને સ્વાધીન કર્યું. આ પાદશાહે ટુંક મુદત સુધીજ એટલે ઇ. સ. ૪૮૭ સુધી રાજઅમલ ભોગવ્યો હતો.

ક્એ ગીતી તો ખુશ્નૂદીએ શાહ્ જૂય
મશવ્ પીશે તખ્તશ્ મગરૂ તાઝહ્ રૂય
૩૬૭ ચુ ખેશમ્ આવરદ્ શાહ્ પુઝેશ્ ગુઝીન્
હમી ખાન્ બબીદાહો દાદ્ આફ્રીન્
હરાન્ગહ્ કે ગૂઇ કે દાના શુદમ્
બહરૂ દાનેશી બરૂ તવાના શુદમ્
ચુનાન્ દાન્ કે નાદાન્ તરી આન્ ઝમાન્
મશવ્ બરૂ તને ખીશ બરૂ બદ્ગમાન્
અગરૂ કારૂ બન્દીદ્ પન્દે મરા
સખુન્ ગોફ્તને સૂદમન્દે મરા
ક્એ શાહાને દાનન્દહ્ યાબીદ્ ગન્જ
કસીરા ક્એ દાનેશ નદીદમ્ બરન્જ
બરૂ મેહ્તરાન્ આફ્રીન્ ખાન્દન્દ્
ક્એ દાનાઇએ ઊ ફેરૂમાન્દન્દ્
બગોફ્તન્દ્ યક્ બા દેગરૂ આન્ સેપાહ્
કે ઝીન્ શાહ્ રખ્શાન્દહ્ શુદ્ તાજો ગાહ્
ક્એ દીદારે ઊ ચશ્મે બદ્ દૂરૂ બાદ્
તને બદ્સેગાલાન્શ રન્જૂરૂ બાદ્
બરફ્તન્દ્ ખુશ્નૂદ્ અઝ્ ચયવાને ઊય
બયઝ્દાન્ સેપોર્દહ્ તનો જાને ઊય
પુરૂ અઝ્ મેહ્રૂ દેલ્હા ઝબાન્ પુરૂ સના
કે જાવીદ્ બાદા ચુનીન્ પાદ્શા

દુન્યામાં તું પાદશાહનીજ ખુશ્નૂદી શોધતો રહેજે-અને ખુશહાલ ચેહરા સિવાય તેનાં તખ્તની નઝદીક જતો ના.

જ્યારે પાદશાહ ગુસ્સો કરે ત્યારે તું ઓઝરખાહી કરજે-તેના ઈન્સાફ ગયર ઈન્સાફ ઉપર આફ્રીનજ કરતો રહેજે.

જે વખતે કે તું એમ કહે કે 'હું દાના થયો છું-અને દરેક અકલમાં પ્રવીણ થયો છું',

તો જાણજે કે તેજ વખતે તું સઉથી વધુ નાદાન છે-તું પોતાનાંજ તન ઉપર બદગુમાન ના બનતો.

જો મારી શીખામણ અને મારા ફાયદા ભરેલા સખુનો ઉપર તમો અમલ કરશો,

તો તમે દાનેશમંદ પાદશાહોથી ખઝાનોજ પામશો-મેં કોઇને વિદ્યાને સબબે દુ:ખી થયલો જોયો નથી."

સરદારોએ તેની ઉપર દુઆ કીધી-તેની દાનાઇથી અજબ થયા.

તે લશ્કરી સેપાહો એક બીજાને કહેવા લાગ્યા-કે "આ પાદશાહથી તાજ અને તખ્ત ઝળકતાં થયાં છે.

તેના ચેહરા ઉપરથી કોઈની બૂરી નઝર દૂર થજો!-તેના દુશ્મનોનાં તન દુ:ખી બનજો!"

તેઓ પાદશાહના જાન અને તનને યઝદાનને સોંપી તે મેહલમાંથી ખુશી થતા ઘર ગયા.

તેઓનાં દિલ તેનીજ મોહબતથી ભરેલાં હતાં અને ઝબાન તેનીજ વખાણથી ભરેલી હતી-કે "એવો પાદશાહ જાવેદાન સૂધી જીવતો રહેજો!"

આગાહી યાફ્તને સૂફરાય અઝ્ કોશતહ્ શુદને પીરૂઝ્ વ નામહ્ નેવેશતન્ બખુશ્નવાઝ્ વ પાસોખે આન્.

૩૬૮ બદાન્ગહ્ કે પીરૂઝ્ શુદ્ સૂએ જન્ગ્
યકી પહ્લવાન્ જોસ્ત્ બા રાયો સન્ગ્
કે બાશદ્ નેગહ્બાને તખ્તો કોલાહ્
બલાશે જવાન્રા બુવદ્ નીકૂખાહ્
બદાન્ કારૂ શાયેસ્તહ્ બુદ્ સૂફરાય
યકી માયહ્વરૂ બૂદો પાકીઝહ્ રાય
જહાન્દીદહ્ અઝ્ શહ્રે શીરાઝ્ બૂદ્
સેપહ્બુદ્ દેલો ગર્દન્ અફ્રાઝ્ બૂદ્
હમાન્ મરૂઝ્બાન્ બુદ્ બઝાબુલ્સેતાન્
બબોસ્તો બઘઝ્નીનો કાબુલ્સેતાન્
ચુ આગાહી આમદ્ સુએ સૂફરાય
ક્એ પીરૂઝે બીરાયો બીરહ્નુમાય
ક્એ મેઝ્ગાન્ સેરેશ્કશ બરોખ્ બરૂ ચકીદ્
હમહ્ જામએ પહ્લવી બરૂ દરીદ્
ક્એ સરૂ બરૂ ગેરેફ્તન્દ્ ગોર્દાન્ કોલાહ્
બમાતમ્ નેશસ્તન્દ્ બરૂ સૂગે શાહ્

સૂફરાનું પીરોઝના માર્યા જવાથી વાકેફ થવું અને ખુશનવાઝ ઉપર નામુ લખવું અને તેનો જવાબ મેળવવો.

જે વખતે કે પીરોઝ લડાઈપર ગયો-તે વખતે એક ડહાપણવાળો અને મરતબા સાથનો પેહલવાન શોધી કાઢયો,

કે જે તખ્ત અને તાજનો નેગેહબાન થાય-અને જવાન બલાશનો નેકખાહ બને.

તે કામને લાયકનો "સૂફરા" નામનો હતો-જે એક એક મોભાદાર અને પાકીઝેહ અકલનો શખ્સ હતો.

તે અનુભવી પેહલવાન શીરાઝ શેહરનો હતો-સરદારોના જેવી હિમ્મત તે ધરાવતો હતો અને ગર્દનફરાઝ હતો.

તેમજ તે ઝાબુલેસ્તાન, બોસ્ત, ગઝનીન અને કાબુલેસ્તાનનો જાગીર દાર હતો.

જ્યારે ડહાપણ વગરના અને રેહનુમાઇ વગરના પીરોઝ માટે તે સૂફરાયને ખબર પડી,

ત્યારે તેની આંખમાંથી તેના ચેહરા ઉપર આંસુની ધાર ચાલવા લાગી-અને સઘળો પેહલવાની પોશાક ફાડી નાખ્યો.

બીજા પેહલવાનોએ પણ સર ઉપરથી કોલાહ ફેંકી દીધી-અને પાદ-શાહના સોગ ઉપર માતમ કરવા બેઠા.

હમી ગોફ્ત બરૂ કીનએ શાહરૂયારૂ
બલાશે જવાન્ ચૂન્ ખુવદ્ ખાસ્તારૂ
બેદાનેસ્ત કાન્ કારૂ બી સૂદ્ ગશ્ત
સરે તખ્તે શાહી પુરૂ અઝ દુદ્ ગશ્ત
સેપાહે પરાગન્દહરા ગેરૂદ્ કરૂદ્
બેઝદ્ કૂસ વઝ દશ્ત બર્ખાસ્ત ગરૂદ્
ફરાઝ આમદશ તીધઝન્ સદ્ હઝારૂ
હમહ રઝમ જૂયો હમહ કીનહ દારૂ
દેરમ દાદો આન્ લશ્કરૂ આબાદ્ કરૂદ્
દેલે મરૂદુમે કીનહવરૂ શાદ્ કરૂદ્
ફેરેસ્તાદઈ ખાસ્ત શીરીન્ ઝબાન્
ખેરદ્મન્દો બીદારો રઉશન રવાન્
યકી નામહ બેન્વેશ્ત્ પુરૂ દાધો દરૂદ્
દો દીદહ પુરૂ અઝ આબો રોખસારહ ઝરૂદ્
બનામહ દરૂન પન્દહા કરૂદ્ યાદ્
ઝે જમશીદો કયખુસ્રવો કયકોબાદ્
વઝાન્પસ ફેરેસ્તાદ્ નઝદે બલાશ
કે શાહા તો અઝ મરૂગ ધરગીન્ મબાશ
કે ઈન્ દરૂદ્ હરૂ કસ બેબાયદ્ ચશીદ્
શેકીબાઇઓ નામ બાયદ્ ગુઝીદ્
ઝે બાદ્ આમદહ બાઝ ગર્દદ્ બદમ
યકી દાદ્ ખાનદ્શો દીગરૂ સેતમ
કુનૂન મન બદસ્તૂરીએ શાહરૂયારૂ
બેસીચમ બદીન્ કીનહો કાર્ઝારૂ
કે અઝ કીનએ ખૂને પીરૂઝ શાહ
બેનાલદ્ હમી બરૂ ફલક્ હૂરો માહ
ફેરેસ્તાદહ ઝીન્ રૂય બદર્શ્ત પાય
વઝાન્ રૂય પુરૂ કીન્ બેશુદ્ સૂફરાય
બેયારાસ્ત લશ્કરૂ ચુ પરૂરે તઝરૂવ્
બેયામદ્ ઝે ઝાબુલસેતાન્ સૂએ મરૂવ્
યકી મરૂદ્ બુગ્ઝીદ્ બીદારૂદેલ
કે આહેસ્તહ દારદ્ બગોફ્તારૂ દેલ
નવીસન્દએ નામહરા ગોફ્ત ખીઝ
કે આમદ્ સરે ખામહરા રસ્તખીઝ
યકી નામહ બેન્વીસ ઝી ખુશનવાઝ
કે અય બી ખેરદ્ રીમને દીવ્ સાઝ
ગુનહગારૂ કર્દી બયઝદાન્ તનત
શવદ્ મૂયહગરૂ બરૂ તો પીરાહનત
કે કરૂદ્ આનચે કર્દી તો અય બીવફા
બબીની કુનૂન ઝૂદ્ તીધે જફા
બેકોશ્તી શાહનશાહરા બી ગુનાહ
નબીરે જહાનદારે બહરામ શાહ
યકી કીને નવ્ સાખ્તી દરૂ જેહાન્
કે ઈન્ કીનહ હરૂગેઝ નગર્દદ્ નેહાન્
ચેરા પીશે ઊ ચૂન સગે ચાપલૂસ
નરફ્તી ચુ બરૂખાસ્ત આવાએ કૂસ
નેયાએ તો ઝીન્ ખાન્દાન્ ઝન્દહ બૂદ્
પેદરૂ પીશે બહરામ ચૂન બન્દહ બૂદ્
મન્ ઈનક્ બમરૂવ્ આમદમ કીનહજૂય
નમાનમ બહયતાલેયાન્ રન્ગો બૂય

સૂફરા બોલ્યો કે "જવાન બલાશ પાદશાહનો કીનો કેમ લઈ શકશે?"

તેણે જાણ્યું કે "હવે કામ હાથ તળેથી ગયું-અને આ શાહી તખ્ત બૂરી હાલતમાં આવી પડયું."

તેણે વીખરાયલાં લશ્કરને પાછું એકઠું કીધું-નગારાં ઠોકયાં અને ૩૬૯
મયદાનમાંથી ધૂળ ઉડી

એક લાખ તલવારના મારનારા, લડાઇ શોધનારા અને સઘળા કીનો લેનારા સવારો તેની આગળ આવ્યા.

તેણે પગાર આપી લશ્કરને તૈયાર કીધું-અને કીનો લેનાર શખ્સોનાં દિલ ખુશહાલ કીધાં.

તેણે એક શીરીન ઝબાનના, ડહાપણવાળા, ચાલાક અને રોશન જીવના એલચીને બોલાવ્યો,

પછી તેણે આંસુથી ભરેલી બન્ને આંખોએ અને ફિક્કા ચેહરાએ-દુઃખ અને બળાપા ભરેલું એક નામુ લખ્યું.

નામાની અંદર જમશીદ, કયખુસરૂ અને કયકોબાદની નસીહતો ટાંકી.

ત્યાર બાદ તે બલાશની નઝદીક મોકલ્યું-અને કહેવાડિયું કે "ઓ પાદશાહ! તું આ મોતથી ગમગીન ના થતો.

કારણકે આ દુઃખ તો દરેક જણે ખમવુંજ જોઇયે-ધીરજ અને કીર્ત્તિ એખ્તયાર કરવી જોઇયે.

પવનમાંથી આવેલો શખ્સ પવનમાંજ જાય છે-તેને એક જણ ઇન્સાફ કહે છે ત્યારે બીજો ઝુલ્મ કહે છે.

હવે હું તું પાદશાહના હુકમથી-આ કીના અને લડાઈ માટેની તૈયારી કરૂં છું,

કારણકે પાદશાહ પીરોઝનાં લોહીના કીના માટે-તો આસ્માન ઉપર ૩૭૦
આફતાબ અને માહતાબ પણ રૂદન કરે છે."

પેલા એલચીએ આ તરફ આવવા માટે કદમ ઉઠાવ્યા-કે પેલી તરફથી સૂફરા કીના ભરેલો થયો.

તેણે 'તીતર પક્ષીનાં પીછાંની માફકનું રંગબેરંગી પોશાકવાળું લશ્કર તૈયાર કર્યું-અને ઝાબુલથી મર્વ તરફ આવ્યો.

તેણે એક ચાલાક શખ્સ ચુંટી કાઢયો-કે જે વાત કરતી વખતે પોતાનાં દિલને શાન્ત રાખતો હતો.

તેણે મુન્શીને કહ્યું કે "ઉઠ-કલમની નોક ઉપર બલા આવી પડી છે.

ખુશનવાઝ તરફ એક નામુ લખ-કે 'ઓ એહરેમનનાં કામ કરનાર બેવકૂફ રીમન!

તેં તારાં બદનને પાક યઝદાન આગળ ગુનેહગાર કીધું છે-જેથી તારૂં પેહેરણ તારી ઉપર રૂદન કરતું થશે.

ઓ બેવફા શખ્સ! જેવું કામ કે તેં કર્યું છે તેવું બીજા કોણે કર્યું છે?-તું હવે જલ્દીથી ઝુલ્મ વરસાવનારી તલવાર જોશે.

દેશના નેગેહબાન પાદશાહ બેહરામના નબીરા-શેહનશાહ પીરોઝને બેગુનાહ મારી નાખ્યો છે.

તેં દુન્યામાં એક નવોજ કીનો ઉભો કીધો છે-કે જે કીનો કદી પણ ભૂલાશે નહીં.

જ્યારે લડાઈ કરવા માટેના નગારાંના આવાઝ નીકળ્યા ત્યારે તું તેની ૩૭૧
આગળ ચાપલૂશી ખોરા કુતરાની માફક શા માટે નહીં ગયો?

તારો બપાપો આ ખાન્દાનથીજ જીવતો હતો-અને તારો બાપ બેહરામની આગળ ગોલામ જેવો હતો.

હું હવડાં કીના લેવા માટે મર્વમાં આવી લાગ્યો છું-હું હયતાલી લોકોનું કાંઈ પણ રાચરચીલું રહેવા દઈશ નહીં.

અસીરાનો આન્ ખાસ્તહ્ હરૂચે હસ્ત
કઝાન્ રઝ્મગાહ્ આમદસ્તત બદસ્ત
હમહ્ બાઝ ખાહમ બશમ્શીરે કીન્
બમરૂવ આવરમ ખાકે તૂરાન્ ઝમીન્
નમાનમ જહાનરા બફર્ઝન્દે તૂ
બેસૂઝમ હમહ્ ખીશો પયવન્દે તૂ
બફર્માને યઝ્દાન્ બેબુરૂરમ સરત
ઝે ખૂન હમચુ દર્યા કુનમ કેશ્વરત
ન કીન્ બાશદ ઈન્ ચન્દ ગૂયમ દરાઝ
કે અઝ ખૂને પીરૂઝ ચૂન ખુશનવાઝ
શવદ ઝીરે ખાકે સેયહ્ દર્ તબાહ્
ઝે દૂઝખ રવાનશ ખુવદ દાદ ખાહ્
ફેરેસ્તાદહ્ બા નામએ સૂફરાય
ચુ શીરે દેલાવર્ બેયામદ ઝે જાય
૩૭૨ ચુ આશોફતહ્ આમદ બરે ખુશનવાઝ
બેશુદ પીશે તખ્તો બેબોર્દશ નમાઝ
બદ્ દાદ પસ નામએ સૂફરાય
સરફાઝે લશ્કર્ બેપર્દાખ્ત જાય
નવીસન્દહ્રા નામહ્ દાદો બેગોફ્ત
કે પેન્હાન્ બેગૂય આન્ચે ખૂબસ્તો ઝોફ્ત
બમેહ્તર્ ચુનીન્ ગોફ્ત મર્દે દબીર્
કે ઈન્ નામહ્ પુર્ ગોર્ઝો તીગસ્તો તીર્
શેકસ્તહ્ શુદ આન્ મર્દે જન્ગ્આઝમાય
અઝાન્ પુર્ સખુન નામએ સૂફરાય
હમ અન્દર્ ઝમાન્ ઝૂદ પાસોખ નેવેશ્ત
સખુન હરૂચે બૂદ અન્દર્ ખૂબો ઝેશ્ત
નુખોસ્તીન્ સખુન ગોફ્ત કઝ કેર્દગાર્
બેતર્સીમ વઝ ગર્દેશે રૂઝગાર્
કે હર્કસ કે બૂદહ્સ્ત યઝ્દાન્ પરસ્ત
નેયાવર્દ દર્ અહ્દે શાહાન્ શેકસ્ત
ફેરેસ્તાદમશ નામએ સૂદમન્દ
દેગર્ અહ્દે આન્ શહ્રૂયારે બલન્દ
બર્ ખાર્ બૂદ આન્ચે ગોફ્તમ સોખન્
હમાન્ અહ્દે આન્ શહ્રૂયારે કોહન્
૩૭૩ ચુ ઊ કીનહ્વર્ ગશ્તો મન્ ચારહ્ જૂય
સેપહ્રા ચુ રૂય અન્દર્ આમદ બરૂય
બપીરૂઝ બર્ અખ્તર્ આશોફતહ્ શુદ
ન બર્ કામે મા શાહે તૂ કોશ્તહ્ શુદ
ચુ બેશ્કસ્ત પયમાને શાહાને દાદ
નબૂદ અઝ જવાનીશ યક્ રૂઝ શાદ
નેયામદ પસન્દે જહાન્ આફરીન્
તો ગોફ્તી કે બેગ્રેફ્ત પાયશ ઝમીન્
હરાન્ કસ કે અહ્દે નેયા બેશ્કનદ
સરે રાસ્તીરા બપાય અફ્ગનદ
ચુ પીરૂઝ બાશદ બદશ્તે નબર્દ
શેકસ્તહ્ બકન્દહ્ દરૂન્ પુર્ ઝે ગર્દ
ગર્ આઈ તોરા આન્ હમ આરાસ્તહ્સ્ત
ન ગન્જો ન જન્ગ્આવરમ કાસ્તહ્સ્ત
ફેરેસ્તાદહ્ બા નામહ્ તાઝાન્ ઝે જાય
બયક્ હફતહ્ આમદ બરે સૂફરાય

ઈરાની કયદીઓ અને જે કાંઈ પણ ખઝાનો-કે તે લડાઈગાહમાંથી તારે હાથ આવ્યો છે,

તે સઘળો હું મારી કીનાની તલવારથી પાછો લઇશ-અને તુરાન ઝમીનની ખાક પણ હું મર્વમાં લઈ આવીશ.

તારાં ફરઝંદ માટે પણ આ તારો મુલક રહેવા દઇશ નહીં-તારા તમામ કુટુંબ અને કબીલાને બાળી નાખીશ.

પાક યઝદાનના હુકમથી હું તારૂં સર કાપીશ-અને લોહીએ કરી તારો મુલક એક દર્યા જેવો બનાવીશ.

તને વધારે શું કહું ? આ કાંઈ માત્ર કીનોજ નથી-પણ પાદશાહ પીરોઝનાં ખૂનથી ખુશનવાઝ જેવો બદકાર,

કાળી માટીની નીચેજ પડશે-અને દોઝખમાંથી તેનું રવાન પોકાર કરશે."

પેલો એલચી સૂફરાનું નામુ લઈ-દિલાવર સિંહની માફક ત્યાંથી નીકળ્યો.

તે ગુસ્સા ભરેલો ખુશનવાઝની આગળ આવ્યો-તે તેનાં તખ્ત આગળ ગયો અને તેને નમન કીધું.

પછી સૂફરાનું નામુ તેને આપ્યું-આથી તેનાં લશ્કરના સરદારો ત્યાંથી બાહેર ગયા.

પાદશાહે નવીસંદાને તે નામુ આપ્યું અને કહ્યું-કે " જે કાંઇ સારૂં યા માઠું હોય તે મને છુપી રીતે કહે."

નવીસંદાએ પાદશાહને કહ્યું-કે આ નામુ ગોર્ઝ, તલવાર અને તીરથીજ ભરેલું છે."

સુફરાનાં સખ્ત ભાષાનાં નામાએ કરી-તે લડાયક મર્દ અધમુઓ બન્યો.

પછી તે નામામાં કાંઈ સારૂં માઠું લખ્યું હતું-તેનો જવાબ તેણે તુરત લખાવ્યો.

શુરૂઆતમાં લખાવ્યું કે "અમો તો ખોદાથી તેમજ ઝમાનાની ગર્દેશથી ડરીનેજ ચાલ્યે છિયે.

કારણકે જે કોઈ યઝદાન પરસ્ત છે-તેણે પાદશાહોનો કોલ તોડયો નથી.

મેં તેની તરફ એક ફાયદા ભરેલું નામુ તેમજ તે બુલંદ દરજ્જાના પાદશાહ બેહરામનું કરાર નામુ મોકલ્યું.

પણ તેણે તો મારૂં કહેલું તેમજ તે પુરાણા પાદશાહનું કરાર નામુ તુચ્છકારી કાઢયું.

જ્યારે તે મારી ઉપર કીનાખોર બન્યો અને હું ચારો શોધનારો થયો-અને લશ્કર એક બીજાની સામે આવી ઉભું,

ત્યારેજ પીરોઝ ઉપર તેનો સેતારો ગુસ્સે થયો-કાંઇ અમારી મરજીથી તારો પાદશાહ માર્યો ગયો નથી.

જ્યારે તેણે ઇન્સાફી પાદશાહોનો કોલ તોડયો-ત્યારે તે પોતાની જવાનીમાં એક દહાડોબી ખુશહાલ રહ્યો નહીં.

એ વાત ખોદાતાલાને પસંદ પડી નહીં-તું કહે ગોયા આ ધરતીએજ તેના પગ પકડી લીધા.

જે કોઈ કે પોતાના નેયાગાનનું કરાર નામુ તોડે-અને રાસ્તીનાં સરને પગ નીચે નાખે,

તે પીરોઝની માફક લડાઈનાં મયદાનમાં-ધૂળથી ભરેલી ખાઈની અંદર ભાગી પડે છે.

અગરજો તું અહીં આવે તો તારે માટે પણ તે તેયાર છે-કાંઈ મારો ખઝાનો કે મારૂં લશ્કર ઘટી ગયું નથી."

એલચી તે નામુ લઈ ત્યાંથી ઉતાવળો ચાલ્યો-અને એક હફતામાં સૂફરા આગળ આવી લાગ્યો.

ચુ બરૂ ખાન્દ્ આન્ નામહ્રા પહ્લવાન્
બદુશ્નામ ખુક્શાદ્ ગૂયા ઝબાન્
ઝે મયદાન્ ખોરૂશીદ્ને ગાવ્ દુમ
શનીદન્દો આવાઝે ફ્ઈનહ્ ખુમ
બકશ્મીહન્ આવરૂદ્ ચન્દાન્ સેપાહ્
કે ખુરૂશીદ્ બરૂ ચરૂખ ગુમ કરૂદ્ રાહ્
બરીન્ હમ નેશાન રૂદ્ બુગ્ઝાશ્તન્દ્
હમી રાહ્રા ખાનહ્ પેન્દાશ્તન્દ્

જ્યારે સૂફરા પેહલવાને તે નામુ વાંચ્યું-ત્યારે તેને ગાળ દેવા લાગ્યો.

મયદાનમાંથી રણશિંગડાંના પોકાર-અને મોટાં નગારાંના આવાઝ સંભળાયા.

સૂફરા કશ્મીહનમાં એટલું બધું લશ્કર લઇ આવ્યો-કે જેથી ખુર- ૩૭૪
શીદે આસ્માન ઉપરની પોતાની રાહ પણ ગુમ કીધી.

એ પ્રમાણે તેઓ નદી ઓળંગી ગયા-આવી સફરને તેઓ પોતાનું ઘરજ સમજતા હતા.

રઝ્મે સૂફ્રાય બા ખુશ્નવાઝ્ વ રહાઈ યાફ્તને કોબાદ્ અઝ્ કયદે ખુશ્નવાઝ્.

——:o:——

ચુ આગાહી આમદ્ બરે ખુશનવાઝ્
બદશ્ત આમદો જન્ગ્રા કરૂદ્ સાઝ્

બબયકન્દ્ શુદ્ રઝ્મગાહી ગુઝીદ્
કે ચર્ખે રવાન્ રૂએ હામૂન્ નદીદ્
વઝીન્ રૂય પુરૂ કીનહ્ દેલ સૂફ્રાય
બકેર્દારે બાદ્ અન્દરૂ આમદ્ ઝે જાય
ચુ શબ્ તીરહ્ શુદ્ પહ્લવાને સેપાહ્
બપીલાને આસૂદહ્ બરૂ બસ્ત રાહ્
તલાયહ્ હમી ગશ્ત બરૂ હરૂદો રૂય
જહાન્ શુદ્ પુરૂ આવાઝે પરૂખાશજૂય
હમહ્ નામદારાનો કુન્દાવરાન્
મોહ્યયાએ જન્ગો નબર્દે યલાન્
ખોરૂશે સવારાને ઈરાન્ ઝમીન્
રસીદહ્ બગૂશે સેપહ્રે બરીન્
ઘવે પાસ્બાનાનો બાન્ગે જરસ
હમી આમદ્ અઝ્ હરૂસુઈ પીશો પસ
ચુનીન્ તા પદીદ્ આમદ્ અઝ્ તીઘ્ શીદ્
દરો દશ્ત શુદ્ ચૂન બુલૂરે સફીદ્
દો લશ્કરૂ હમી રઝ્મરા સાખ્તન્દ્
દેરફ્શે બુઝોર્ગી બરૂ અફ્રાખ્તન્દ્
અઝ્ આવાઝે ગોર્દાને પર્ખાશખરૂ
બેદરૂરીદ્ મરૂ અઝ્દહારા જેગરૂ
હવા પરૂરે કર્ગસ શુદ્ અઝ્ પરૂરે તીરૂ
ઝમીન્ શુદ્ ઝે ખૂને સરાન્ આબ્ગીરૂ
બહરૂસૂ કે દીદી તલી કશ્તહ્ બૂદ્
કેરા અઝ્ યલાન્ રૂઝ બરૂગશ્તહ્ બૂદ્
બેઝુબીદ્ અઝ્ કલ્બ્ગહ્ સૂફ્રાય
સેપાહ્ અન્દરૂ આમદ્ બજુન્દી ઝે જાય
વઝાન્ રૂય બા તીઘે કીન્ ખુશનવાઝ્
બશીબ્ અન્દરૂ અન્દાખ્ત અસ્પ અઝ્ ફરાઝ્
બદીદ્ આન્ કે શુદ્ રૂઝ્ગારશ દુરોશ્ત
એનાન્રા બપીચીદો બેન્મૂદ્ પોશ્ત

સૂફ્રાની ખુશનવાઝ સાથની લડાઈ અને ખુશનવાઝનાં બંદીખાનામાંથી કોબાદનું છૂટી જવું.

——:o:——

જ્યારે ખુશનવાઝને ખબર પડી-ત્યારે તે મયદાનમાં આવ્યો અને લડાઇની તૈયારી કીધી.

તે બયકન્દ (જે અફ્રાસિયાબનું પાય તખ્ત હતું ત્યાં) ગયો અને લડાઇ માટે તે જગ્યા પસંદ કીધી-જેથી ત્યાંનાં મયદાનની સપાટી ફરતું આસ્માન પણ જોઈ શકયું નહીં.

પેલી તરફથી સૂફરા પણ કીના ભરેલાં દિલે-પવનની ઝડપે ત્યાંથી નીકળી અહીં આવ્યો.

જ્યારે રાત અંધારી થઇ ત્યારે લશ્કરના પેહલવાનોએ-આસૂદા થયલા હાથીઓથી રસ્તો રોકયો.

બન્ને તરફથી તલાયા ફરવા લાગ્યા-તે મયદાન લડાયકોના પોકાર ભરેલું બન્યું.

સઘળા નામદારો અને પેહલવાનો-લડાઇ કરવા માટે તેમજ બહાદુર લોકો સાથ લડવા માટે તૈયારજ હતા.

ઈરાન સરઝમીનના સવારોના પોકારો-બુલંદ આસ્માનના કાનમાં જઈ પહોંચ્યા હતા.

પાસ્બાનોના ઘોઘાટ અને ઘંટના આવાઝ-આગળ, પાછળ અને દરેક બાઝૂથી નીકળતા હતા.

એમ કરતાં પહાડની બુલંદી ઉપરથી ખોરશીદ ઝાહેર થયો-અને પહા- ૩૭૫
ડની ખીણ અને મયદાન સફેદ બિલોરની માફક ઝળકતાં થયાં.

બન્ને લશ્કરે લડાઈની તૈયારી કીધી-તેઓએ પોતાના બુઝોર્ગી ભરેલા ઝુંડાઓ ઉભા કર્યાં.

લડાયક પેહલવાનોના પોકારથી-અઝદહાનાં જીગર પણ ફાટવા લાગ્યા.

તીરના પરથી હવા ગીદનાં પીછાની માફક બની-અને ઝમીન સરદારોનાં લોહીથી તળાવ માફક બની.

જે તરફ નઝર પડતી ત્યાં પેહલવાનોમાંથી જે કોઇનો દિવસ કે બરગસ્તે બન્યો હતો તેવા માર્યા ગયલાઓના ઢગલા દેખાતા હતા.

સૂફરાએ કલ્બગાહમાંથી ધસારો કર્યો-તેનું લશ્કર પણ તે જગ્યાએથી ધસારાબંદ નીકળ્યું.

પેલી તરફથી ખુશનવાઝે પણ કીનાની તલવાર લઈ-ટેકડી ઉપરથી મયદાનમાં ઘોડો ફેંકયો.

પણ તેણે જોયું કે તેનુ નસીબ તેના સાથ સખ્ત બન્યું છે-જેથી તેણે ઘોડાની લગામ ફેરવી નાસવા માડયું.

ચુ બાહે દમાન્ અઝ પસશ સૂફરાય
હમી તાખ્ત બા નીઝએ સરૂ ગઝાય
બસી કરૂદ અઝાન્ નામદારાન્ અસીરૂ
બસી કોશતહ શુદ હમ બશમ્શીરો તીરૂ
૩૭૬ હમી તાખ્ત પીશે કોહનદેઝ રસીદ
બરહ બરૂ બસી કોશતહો ખસ્તહ દીદ
ઝે બાલા નેગહ કરૂદ પસ ખુશનવાઝ
સેપહરા ઝે હામૂન્ નેશીબો ફરાઝ
હમહ રાહ પુરૂ કોશતહો ખાસ્તહ
શુદ આન્ દશ્ત ચૂન્ બાધે આરાસ્તહ

સેતામો સનાનો કોલાહે મેહી
સેલીહો કમરૂહાઓ અસ્પો રેહી
હમી બોરૂદ હરૂકસ સુએ સૂફરાય
તલી ગશ્ત ચૂન કૂહે અલબોરૂઝ જાય
નકરૂદ અન્દરાન્ ચીઝે તુર્કાન્ નેગાહ
બેબખ્શીદ યકસરૂ હમહ બરૂ સેપાહ
બલશકરૂ ચુનીન્ ગોફ્ત કેમ રૂઝ કારૂ
બકામે દેલે મા બુદ અઝ રૂઝગારૂ
ચુ ખુરૂશીદ બેનમાયદ અઝ ચરૂખ દસ્ત
બદીન્ દશ્ત ખીરહ નબાયદ નેશસ્ત
બકીને શાહનશાહે ઈરાન્ શવીમ
બરીન્ દેઝ બકેર્દારે શીરાન્ શવીમ
બદીન લશકરશ દસ્ત બરૂ બરૂ ઝદન્દ
હમી હરૂ કસી રાએ દીગરૂ ઝદન્દ
૩૭૭ બરીન્ હમ નેશાન્ તા ઝે ખમ્મે સેપેહરૂ
પદીદ આમદ આન્ ઝીવરે તાજે મેહરૂ
તબીરહ બરૂ આમદ ઝે પર્દહ સરાય
નેશસ્ત અઝ બરે બારહ બરૂ સૂફરાય
ફેરેસ્તાદઈ આમદ અઝ ખુશનવાઝ
બનઝદીકે સાલારે ગર્દનફરાઝ
કે અઝ જન્ગો પયકારો ખૂન રીખ્તન્
નબાશદ જોઝ અઝ રન્જો આવીખ્તન્
દો મર્દ બેરદમન્દો ગોર્દો જવાન્
બદૂઝખ ફેરેસ્તીમ હરૂદ રવાન્
અગરૂ બાઝ જૂઈ રહે બેખ્રદી
બેદાની કે ઈન કારૂ બૂદ યઝદી
ન બરૂબાદ શુદ કોશતહ પીરૂઝ શાહ
કઝ અખ્તરૂ સરૂ આમદ બરૂ સાલો માહ
ગુનહગારૂ ગશ્ત આન્ કે બેશકસ્ત અહદ
ગુઝીન્ કરૂદ હન્ઝલ બેચન્દાખ્ત શહદ
કુનૂન બૂદની બરૂ સરે મા ગુઝશ્ત
ખુનુક આન્ કે ગેર્દે દુરોશ્તી નગશ્ત
અસીરાનો આન્ ખાસ્તહ હરૂચે બૂદ
ઝરો સીમો અઝ ગઉહરે નાબેસૂદ
૩૭૮ ઝે અસ્પો સેલીહો ઝે તાજો ઝે તખ્ત
કે બુગ્ઝાશ્ત પીરૂઝે ગુમ દીદહ બખ્ત
ફેરેસ્તમ હમહ નઝદે સાલારે શાહ
ચે અઝ ગીઝહ ગન્જો ચે ચીઝે સેપાહ

સૂફરા પણ તેની પછાડી પવનની ઝડપે-પોતાના સર વિંધનાર નેઝા સાથ ઘોડો દોડાવવા લાગ્યો.

તે નામદારોમાંથી ઘણાકોને કયદી બનાવ્યા-અને ઘણાકો તીર તેમજ તલવારથી માર્યા ગયા.

ખુશનવાઝ "કોહનદેઝ" તરફ નાસતો હતો-તેણે રસ્તામાં પુષ્કળ મૂવેલા અને ઝખ્મી થયલા જોયા.

પછી ખુશનવાઝે ઊંચી જગ્યા ઉપરથી લડાઇનાં મયદાનમાંની ઊંચી નીચી જગ્યામાંનાં લશ્કર તરફ નેગાહ કીધી.

રસ્તામાં ઠેકાણે ઠેકાણે મૂવેલા પડેલા હતા તેથી તેમજ વેરવીખેર હાલતમાં અસ્બાબ પડેલો હતો તેથી-તે મયદાન જાણે બાગ મિસાલ ગોઠવાયલું દેખાતું હતું.

સોનેરી લગામો, ભાલાઓ અને બુઝોર્ગીની કોલાહો-હથિયારો, કમરબંદો, ઘોડાઓ અને ગોલામો,

એ સઘળું દરેક જણ સૂફરાની નઝદીક લઈ જવા લાગ્યો-જેથી તે જગ્યાએ અલ્બુર્ઝ પહાડ જેવડો એક ઢગલો થયો.

પણ સૂફરાએ તે તુર્કીઓની ચીઝો ઉપર જરા નઝર પણ નહીં કીધી-અને તે સઘળું લશ્કરને આપી દીધું.

તેણે લશ્કરને એમ કહ્યું કે "ઝમાનાની ચાલથી આજનું કામ આપણાં દિલની મુરાદ માફક બન્યું છે.

જ્યારે ખુરશીદ આસમાન ઉપરથી પોતાનો હાથ બતાવે (યાને સવાર પડે)-ત્યારે આ મયદાનમાં આપણે નકામા બેસી રહીશું નહીં.

પણ આપણે ઇરાનના શેહનશાહનો કીનો લેવા સિંહોની મિસાલ આ કિલ્લા ઉપર જઈશું."

એ વાત ઉપર તેનું લશ્કર એકમત થયું-અને દરેક જણે પોત પોતાનો વિચાર ઝાહેર કીધો

એવી રીતે આસમાનની કમાનમાંથી આફતાબનાં તાજમાંનું ગોહર ઝાહેર આવ્યું, ત્યાં સુધી તેઓએ એ બાબત ઉપર વિચાર ચલાવ્યા.

પછી છાવણીમાંથી નગારાંના આવાઝ નીકળ્યા-સૂફરા ઘોડા ઉપર સવાર થયો.

તેવામાં ખુશનવાઝ તરફથી એક એલચી ગરદનફરાઝ સરદારની પાસે આવ્યો,

અને કહ્યું કે "લડાઈ, ઝઘડા અને ખૂનામર્કીથી રંજ અને મારામારી સિવાય બીજું કાંઈ નીકળતું નથી.

તેમ કર્યાથી આપણ બન્ને અકલમંદ, બહાદુર અને જવાન શખ્સો પોતાનાં રવાનને દોઝખમાંજ મોકલિયે છિયે.

અગર તું ડહાપણની રાહે પાછો વિચાર કરશે-તો તું જાણશે કે આ કામ ખોદા તરફનું હતું.

પાદશાહ પીરોઝ ફોકટજ નથી માર્યો ગયો-કે કે તેના સેતારાની ચાલથી તેની ઉપરનાં વર્ષ અને મહિના પુરા થયા હતા.

જેણે કોલ તોડયો તે ગુનેહગાર થયો-તેણે મધ ફેંકી દીધું અને એળિયોજ પસંદ કીધો.

હવે જે બનવાનું હતું તે આપણી ઉપર બન્યું-જે શખ્સ સખ્તાઈની આસપાસ નથી ફરતો તેજ ભાગ્યશાળી કહેવાય છે.

ઈરાની કયદીઓ અને સોનું, રૂપું અને વિંધ્યા વગરના મોતીઓ વગેરેનો જે કાંઈ માલ અસ્બાબ અહીં પડેલો હતો,

તે તેમજ ઘોડા, હથિયાર, તાજ અને તખ્ત-કે જે હીન ભાગ્યનો પીરોઝ છોડી ગયો હતો,

તે સઘળી ખઝાનામાંની નામીચી ચીઝો કે શું લશ્કરનો માલ અસ્બાબ-સર્વ હું પાદશાહના સેપહસાલાર આગળ મોકલી આપું,

કે પીરૂઝગરૂ સૂએ ઈરાન્ શવી
બનઝદીકે શાહે દેલીરાન્ શવી
નબાશદ્ મરા સૂએ ઈરાન્ પસીચ
તો અઝ્ અહ્દે બહ્રામ ગર્દન મપીચ
શહનશાહ્ ગીતી બેબખ્શીદ્ રાસ્ત
મરા તુર્કો ચીનસ્તો ઈરાન્ તોરાસ્ત
ચુ બેશ્નીદ્ પયધામે ઊ સૂફ્રાય
બેયાવરદ્ લશ્કરૂ બપર્દેહ્ સરાય
ફેરેસ્તાદહ્રા ગોફ્ત પીશે સેપાહ્
બેગૂ આન્ચે બેશ્નીદી અઝ્ રઝ્મખાહ્
બેયામદ્ ફેરેસ્તાદએ ખુશનવાઝ
બેગોફ્ત આન્ચે બૂદ્ આશ્કારાઓ રાઝ
ચુનીન્ ગોફ્ત બા લશ્કરશ સૂફ્રાય
કે અકૂનૂન બરીન્ દરૂ ચે બીનીદ્ રાય
ચુનીન્ ગોફ્ત લશ્કર કે ફર્માન્ તોરાસ્ત
બદીન્ આશ્તી રાયો પયમાન્ તોરાસ્ત
બઈરાન્ નદાનદ્ કસી અઝ્ તો બેહ્
બમા બરૂ તોઈ શાહો સાલારો મેહ્
ચુનીન્ ગોફ્ત બા સરૂકશાન્ સૂફ્રાય
કે એમરૂઝ્ મારા જોઝ્ ઈન્ નીસ્ત રાય
કઝીશાન્ અઝીન્ પસ નખાહીમ જન્ગ્
બઇરાન્ બરમ ઈન્ સેપહ્ બી દેરન્ગ્
કે દરૂ દસ્તે ઈશાન્ બુવદ્ કયકોબાદ્
ચુ ફર્ઝન્દે પીરૂઝે ખુસ્રવ નેઝાદ્
હમાન્ મૂબેદે મૂબેદાન્ અરૂદશીરૂ
ઝે લશ્કરૂ બુઝોર્ગાન્ ચુ બરૂનાઓ પીરૂ
અગરૂ જન્ગ્ સાઝીમ બા ખુશનવાઝ
શવદ્ કારે બી સૂદ્ બરૂ મા દરાઝ
કોશન્દ આન્ કે દારદ્ અઝ્ ઈરાન્ અસીરૂ
કોબાદે જહાનજૂયો ચૂન્ અરૂદશીરૂ
અગરૂ નાસ્તી દરૂ મેયાનહ્ કોબાદ્
ઝે મૂબેદ્ નકર્દી દેલો મધઝ્ યાદ્
ગરૂ ઊરા ઝે તુર્કાન બદ્ આયદ્ બરૂય
બઈરાન્ નમાનદ્ જોઝ્ અઝ્ ગોફ્તગૂય
યકી નન્ગ્ બાશદ્ કે તા રસ્તખીઝ્
શવદ્ દરૂ મેયાને દેલીરાન્ જહીઝ્
ફેરેસ્તાદહ્રા નઘઝ્ પાસોખ દેહીમ
બરીન્ આશ્તી રાએ ફરૂરોખ નેહીમ
મગરૂ બાઝ્ બીનીમ રૂએ કબાદ્
કે બી ઊ સરે પાદશાહી મબાદ્
હમાન્ મૂબેદે મૂબેદાન્ અરૂદશીરૂ
કસીરા કે દારન્દ બરૂનાઓ પીરૂ
સેપાહશ હમી ખાન્દન્દ આફ્રીન્
કે ઈનસ્ત પયમાનો આઇનો દીન્
ફેરેસ્તાદહ્રા ખાન્દ પસ પહ્લવાન્
સખુન્ ગોફ્ત બા ઊ બશીરીન્ ઝબાન્
ચુનીન્ ગોફ્ત કીન્ યઝદી બૂદો બસ
જહાન્ બદ્ સેગાલદ્ નગૂયદ્ બકસ
બુઝોર્ગાને ઇરાન્ કે ગશ્તન્દ અસીરૂ
કોબાદસ્ત બા મૂબેદે અરૂદશીરૂ

કે અહીંથી તું ઇરાન તરફ બહાદુર લોકોના પાદશાહની નઝદીક ફતેહમંદી ભરેલો પાછો ફરે.

મારે કાંઈ ઇરાન ઉપર ચઢી આવવાની કોશેશ કરવી નથી-તું હવે પાદશાહ બેહરામના કોલકરારથી ઉલટો ના ચાલ.

શેહનશાહ બેહરામે દેશના સરખાજ ભાગ બક્ષેશ કીધા છે-જેની રૂએ મારૂં તુર્કેસ્તાન અને ચીન છે અને તારૂં ઈરાન છે."

જ્યારે સૂફરાએ તેનો એવો પયગામ સાંભળ્યો-ત્યારે તેણે લશ્કરને પાછું છાવણીમાં તેડયું.

અને એલચીને કહ્યું કે "તેં જે કાંઈ તે લડાયક પાદશાહથી સાંભળ્યું છે તે લશ્કર આગળ કહે."

આથી ખુશનવાઝના એલચીએ આવી-જે કાંઇ ઝાહેર અને છૂપું હતું તે કહ્યું.

સૂફરાએ પોતાનાં લશ્કરને કહ્યું કે "હવે એ બાબતમાં તમો શું સલાહકારક જૂઓ છો?"

લશ્કરે કહ્યું કે "જેવો તારો હોકમ-આવી સુલેહની સરતો કરવામાં તારાજ વિચારો કામના છે.

ઈરાનમાં, તારા કરતાં કોઈ વધારે સારી રીતે નથી સમજી શકતું- ૩૭૯
તુંજ અમારો શાહ, સરદાર અને વડો છે."

સૂફરાએ તે પેહલવાનોને કહ્યું-કે "આજે એ સિવાય આપણો બીજો વિચાર નથી,

કે તેઓ સાથે હવે પછી લડાઇ નહીં કર્યે-તેથી હું શેતાબ આ લશ્કને પાછો ઇરાનમાં લઈ જાઉં,

કારણકે પાદશાહી બુન્યાદના પીરોઝના બેટા કયકોબાદ જેવો શાહઝાદો તેઓના હાથમાં કયદ પડેલો છે.

તેમજ વડો વઝીર અર્દશીર-અને લશ્કરના નાના મોટા બુઝોર્ગો તેઓના હાથમાં છે.

અગર આપણે ખુશનવાઝ સાથે લડાઇ કરીશું-તો આપણી ઉપર નકામું કામ લામ્બુ થશે.

અને તેઓ દેશ જીતનાર કોબાદ અને અર્દશીર જે ઇરાની કયદીઓ ધરાવે છે, તેઓને મારી નાખશે.

જો તે કયદીઓ વચ્ચે કોબાદ નહીં હતે-તો વઝીર અર્દશીર માટે હું કાંઈજ વિચાર કરતે નહીં.

જો તુર્કીઓને હાથથી તેને કાંઈ હાનિ પુગી-તો ઈરાનમાં ગડબડ સિવાય બીજું કાંઇ જાગશે નહીં.

અને આપણને માથે એક એવી નામોસી રહી જશે કે તે રસ્તાખેઝ સુધી-બહાદુર લોકોની વચ્ચે જારીજ રહેશે.

માટે એલચીને આપણે ભલમનસાઇ ભર્યોજ જવાબ આપ્યે-અને ૩૮૦
આ સુલેહ ઉપર આપણા મુબારક વિચાર જણાવ્યે.

જેથી કદાચ આપણે કોબાદનો ચેહરો ફરીથી જોઇયે-કે તેના વગરની પાદશાહત હોતીજ નાહીં!

તેમજ વડા વઝીર અર્દશીર-અને બીજા જવાન કે બુઢા જે કયદ થયલા છે તેઓનો ચેહરો આપણે જોઇયે."

આથી સઘળું લશ્કર તેની ઉપર આફ્રીન કરવા લાગ્યું-કે "કોલ કરાર અને દીન ધર્મની રીત એજ છે."

પછી પેહલવાન સૂફરાએ પેલા એલચીને બોલાવ્યો-તેની સાથે મીઠાસથી વાતો કીધી.

તે બોલ્યો કે "આ બનાવ ખોદાઇજ હતો એટલે બસ-જેહાન જે બૂરા વિચાર કરે છે તે કોઇને કહેતી નથી.

ઈરાનના બુઝોર્ગો કે જેઓ કયદી થયા છે-જેમાં કોબાદ અને વઝીર અર્દશીર છે.

હેમરૂ હરૂકે દારન્દ બરૂપાય બન્દ
ફેરેસ્તીદ નઝદે મનશ અરૂજમન્દ
દેગરૂ ખાસ્તહ હરૂચે દારીદ નીઝ
ઝે દીનારો અઝ તાજો હરૂગૂનહ ચીઝ
ચકાયક ફેરેસ્તીદ નઝદીકે મન
બપીશે ગુઝોર્ગાને ઈન અન્જુમન
૩૮૧ બતારાજો કોશતન નેયાઝીમ દસ્ત
કે મા બી નેયાઝીમો યઝદાન પરસ્ત

ઝે જયહુન બરૂઝે દહમ બુગઝરીમ
બઝાનપસ પયે જન્ગ્‌રા નસપરીમ
હમહ હરૂચે ગોફતમ તોરા ગૂશ દારૂ
ચુ રફતી ચકાયક બરૂ બરૂ શુમારૂ
ફેરેસ્તાદહ હમ દરૂ ઝમાન ગશ્ત બાઝ
બેયામદ ગોરાઝાન બરે ખુશનવાઝ
બગોફત આનચે બેશનીદો ઊ ગશ્ત શાદ
હમાનગાહ બરૂદાશ્ત બન્દ અઝ કોબાદ
હમ અઝ મૂબેદે મૂબેદાન અરૂદશીરૂ
કસીરા કે બૂદન્દ અઝ ઈરાન અસીરૂ
હમહ ખાસ્તહ સરૂબસરૂ ગેરૂદ કરૂદ
ફુજા યાકૂત અઝ દશ્ત રૂઝે નબરૂદ
હમાન તખ્ત બા તાજે પીરૂઝ શાહ
હરાનચેહ પરાગન્દહ બુદ બરૂ સેપાહ
ફેરેસ્તાદ ચકુસરૂ બરે સૂફરાય
બદસ્તે યકી મર્દે પાકીઝહ રાય
ચુ લશ્કરૂ બેદીદન્દ રૂએ કોબાદ
ઝે દીદારે ઊ અન્જુમન ગશ્ત શાદ
૩૮૨ હમાન મૂબેદે મૂબેદાન અરૂદશીરૂ
અસીરાન કે બૂદન્દ બરૂનાઓ પીરૂ
બુઝોર્ગાન હમહ ખીમહ બુગઝાશ્તન્દ
હમહ દસ્ત બરૂ આસ્માન દાશ્તન્દ
કે પૂરે શહનશાહરા બી ગઝન્દ
બેદીદન્દ બા હરૂ કે બૂદ અરૂજમન્દ
હમાનગહ ફેરૂહેશ્ત પર્દહસરાય
સેપહબુદ બઅસ્પ અન્દરૂ આવરૂદ પાય
ઝે જયહુન ગુઝરૂ કરૂદ પીરૂઝો શાદ
અબા નામવરૂ મૂબેદો કયકોબાદ
ચુ આગાહી આમદ બઈરાન ઝમીન
અઝાન નીકુપય મેહતરે બાફરીન
હમ અઝ જન્ગો પયકારૂ બા ખુશનવાઝ
ઝે રાએ ચુનાન મર્દે નયરન્ગ સાઝ
કે અઝ જન્ગ બરૂગશ્ત પીરૂઝો શાદ
કુશાદહ શુદ અઝ બન્દ પાએ કોબાદ
હમાન મૂબેદે મૂબેદાન અરૂદશીરૂ
કસીરા કે બૂદન્દ બરૂનાઓ પીરૂ
બેયાવરૂદ અકનૂન ઝે જયહૂન ગુઝશ્ત
બઝ ઈરાન સેપાહસ્ત બરૂ કૂહો દશ્ત
૩૮૩ ખોરૂશી બરૂ આમદ ઝે ઈરાન કે ગૂશ
શો મેહતી હમી કરૂ દુશ્તી જાન ખોરૂશ

તેમજ બીજા જે કોઈ કે કયદીઓ છે-તેઓને તમો માન મરતબા સાથે મારી પાસે મોકલો.

બીજું જે કાંઇ માલ અસબાબ, દીનાર, તાજ અને બીજી જાતની ચીઝો કે તમો ધરાવો છો,

તે સઘળી આ અંજુમનના બુઝોર્ગોની નઝદીકમાં મારી આગળ મોકલો.

અમો લૂટફાટ અને ખૂનામરકી કરવા ઉપર અમારા હાથ લગાવીશું નહીં-કારણકે અમો કશી ચીઝની હાજત ધરાવતા નથી તેમજ અમો ખોદાની પરસ્તેશ કરનારા છિયે

દશ દહાડામાં અમો જયહૂન નદીમાંથી પસાર થઈ જઇશું-અને ત્યાર પછી લડાઇનાં કદમ ધરીશું નહીં

મેં તને જે કાંઇ કહ્યું છે તે સઘળું યાદ રાખજે-જ્યારે તું ત્યાં જઇ પુગે ત્યારે તેને બધું કહી સંભળાવજે."

પેલો એલચી તેજ વખત પાછો ફર્યો-તે ખુશહાલ દોડતો ખુશનવાઝની આગળ આવ્યો.

અને તેણે જે કાંઇ સાંભળ્યું હતું તે તેને કહી સંભળાવ્યું જે સાંભળી તે ખુશહાલ થયો તેજ વખત કોબાદના બંદ ખોલ્યા.

તેમજ વડા વઝીર અર્દશીરના-અને જે કોઇ કે ઇરાની કયદી હતા તેઓના બંદ છોડયા.

તમામ ખઝાનો કે જે લડાઇને દહાડે મયદાનમાંથી મેળવ્યો હતો તે સઘળો એકઠો કીધો.

તેમજ પાદશાહ પીરોઝનું તાજ અને તખ્ત-તેમજ જે કાંઇ માલ અસબાબ કે પોતાનાં લશકરને વહેંચી આપ્યો હતો,

તે સઘળું એક પાકીઝેહ વિચારના શખ્સને હાથે સૂફરાની આગળ મોકલ્યું.

જ્યારે ઈરાની લશકરે કોબાદનો ચેહરો જોયો-ત્યારે તેના દીદાર જોવાથી સઘળું લશકર ખુશી થયું.

તેમજ વડા વઝીર અર્દશીર-અને બીજા જવાન અને બુઢ્ઢા કયદીઓ હતા તેઓને જોઇને ખુશી થયું.

પછી સઘળા બુઝોર્ગો તમ્બુમાંથી બાહેર નીકળ્યા-અને સઘળાઓએ હાથ આસ્માન તરફ ઊંચા કરી ખોદાની બંદગી કરી,

કે "શેહનશાહના બેટાને અને તેની સાથે જે કોઈ કે મોભાદારો હતા તેઓને કાંઇ પણ ઈજા પામ્યા વગર પાછા જોયા."

પછી તેજ વખત છાવણી ઉપાડી-અને સરદાર સૂફરા ઘોડા ઉપર સવાર થયો.

અને નામદારી ભરેલા વઝીર અને પાદશાહ કોબાદ સાથ ફતેહમંદી ભરેલો અને ખુશહાલ જયહૂન નદી ઓળંગી ગયો.

જ્યારે ઈરાન ઝમીનમાં તે નેક કદમના વખણાયલા સરદાર વિષે ખબર પડી,

તેમજ ખુશનવાઝ સાથની તેની લડાઈની-અને આવા યુક્તિબાઝ મર્દની બાહોશીની ખબર પડી,

કે "તે ફતેહમંદ અને ખુશહાલ લડાઇથી પાછો ફર્યો છે-અને કોબાદનાં પગ બંદમાંથી ખુલ્લા થયા છે,

તેમજ વડા વઝીર અર્દશીરને- અને બીજા જે કોઇ કે જવાન બુઢ્ઢા કયદીઓ હતા, તેઓને છોડવ્યા છે,

અને તેઓને લઇ તે હમણાં જયહૂન નદી પસાર કરી આવ્યો છે- તેમજ પહાડ અને મયદાન ઉપર ઈરાની લશકર દેખાય છે,"

ત્યારે ઇરાનમાંથી એવા તો ખુશહાલીના પોકારો નીકળ્યા કે જેથી ગોયા કાન પણ બેહેરા થઈ જતા હતા.

બુઝોર્ગાને ફર્ઝાનહ્ બરૂ ખાસ્તન્દ
પઝીરહ્ શુદન્રા બેયારાસ્તન્દ
બલાશ આન્ ઝમાન્ તખ્તે ઝરૂરીન્ નેહાદ
કે બા પહ્લવાન્ બરૂ નેશીનદ્ કોબાદ
ચુ આમદ્ બશહ્રૂ અન્દરૂન્ સૂફરાય
બુઝોર્ગાન્ બેરફ્તન્દ્ પેશ્વાઝ જાય
પઝીરહ્ શુદન્રા બેયારાસ્ત શાહ્
હમી રફ્ત બા આનકે બૂદશ સેપાહ્
બલાશ આનઝમાન્ દીદ્ રૂએ કોબાદ
રહા ગશ્તહ્ અઝ્ બન્દ પીરૂઝો "શાદ
બરૂરા સબુક શાહ દરૂ બરૂ ગેરેફ્ત
ઝે હયતાલો ચીન્ દસ્ત બરૂ સરૂ ગેરેફ્ત
ઝે રાહ્ અન્દરૂ અયવાને શાહ્ આમદન્દ
ખલીદહ્ દેલો કીનહ્ખાહ્ આમદન્દ
બેફરૂમૂદ તા ખાન્ બેયારાસ્તન્દ
મયો રૂદો રામેશગરાન્ ખાસ્તન્દ
હમી બુદ જશ્ની ન બરૂ આરૂઝૂય
ઝે તીમારે પીરૂઝે આઝાદહ્ ખૂય
હમહ્ ચામહ્ ગૂ સૂફરારા સેતૂદ
બબરૂબત હમી રઝ્મે તૂરાન્ સોરૂદ
મેહાન્રા હમહ્ ચશ્મ બરૂ સૂફરાય
અઝૂ ગશ્તહ્ શાદો બદૂ તાઝહ્ રાય
હમહ્ શહ્રે ઈરાન્ બદૂ ગશ્તહ્ બાઝ
કસીરા કે બુદ કીનએ ખુશનવાઝ
બદૂ પહ્લવાન્ દેલ હમી શાદ કરૂદ
રવાન્રા ઝે અન્દીશહ્ આઝાદ કરૂદ
બેબુદ સૂફરાય અઝ્ જહાન્ બીહમાલ
હમી રફ્ત અઝીન્ ગૂનહ્ તા ચારૂ સાલ
નબૂદી બેઝ્ આન્ ચીઝ્ કૂ ખાસ્તી
જહાન્રા બરાએ ખુદ આરાસ્તી
ચુ ફર્માને ઊ દરૂ જહાન્ ગશ્ત ફાશ
બચર્બી બેપર્દાખ્ત ગાહ્ અઝ્ બલાશ
બદૂ ગોફ્ત શાહી નરાની હમી
બદાન્રા ઝે નીકાન્ નદાની હમી
હમહ્ પાદ્શાહી બબાઝી કુની
ઝે કઝ્ઝીઓ અઝ્ બીનેયાઝી કુની
કોબાદ અઝ્ તો બેસ્યારૂ દાના તરસ્ત
બદીન્ પાદ્શાહી તવાના તરસ્ત
બઅયવાને ખીશ અન્દરૂ આમદ બલાશ
નેયારસ્ત ગોફ્તન્ કે ઈદરૂ મબાશ
હમી ગોફ્ત બીરન્જ તખ્ત ઈન્ બુવદ
કે બી કૂશેશો બખ્ત નક્રીન્ બુવદ

દાના બુઝોર્ગો ઉઠયા-અને તેઓને એસ્તેકબાલ જવાની તૈયારી કીધી.

બલાશે તુરત સોનેરી તખ્ત મૂકાવ્યું-કે પેહલવાન સૂફરા સાથ કોબાદ તે ઉપર બેસે.

જ્યારે સૂફરા શેહેરમાં દાખેલ થયો-ત્યારે ત્યાંથી સઘળા બુઝોર્ગો તેને લેવા માટે ગયા.

પાદશાહે પોતે એસ્તેકબાલ જવાની તૈયારી કીધી-અને જે કાંઈ તેનું લશ્કર હતું તેની સાથ ચાલવા લાગ્યો.

બલાશે જ્યારે બંદમાંથી ફતેહમંદ અને ખુશહાલ છુટી ગયલા કોબાદનો ચેહરો જોયો,

ત્યારે ખુશહાલીથી તુરતજ તેને બગલમાં લીધો અને હયતાલ અને ચીનના મુલકથી હાથ ઉઠાવ્યો.

પછી તેઓ ઝખમી દિલે અને કીનાના વિચારો સાથ રાહમાંથી પાદશાહના મેહલમાં આવ્યા.

તેણે ફર્માવ્યું જેથી ખાણું તૈયાર કીધું-મય તમ્બુરા અને રામેશગરોને બોલાવી.

પણ ઉદાર દિલના પીરોઝના ગમને લીધે-તે ખુશહાલીની મજલેસ પોતાની ખાહેશ પ્રમાણેની નહીં હતી.

ગાનારાઓ સઘળી સૂફરાનીજ વખાણ ગાવા લાગ્યા-અને બેરબંગ ૩૮૪
ઉપર તુરાનની લડાઈના રાગો નીકળવા લાગ્યા.

સઘળા મોટાઓની નજર સૂફરા ઉપરજ હતી-તેનાથીજ તેઓ ખુશહાલ અને તેનાથી તેઓ ઉમેદ ભરેલા બન્યા હતા.

આખાં ઇરાનમાં જેઓને ખુશનવાઝ સાથ વેર હતું તેઓ સર્વ સૂફરા સાથ મળી ગયા.

તેનાથી પેહલવાનો પોતાનાં દિલ ખુશહાલ કરવા લાગ્યા-અને પોતાના જીવને ફિક્ર ચિન્તાથી મોકળો રાખવા લાગ્યા.

એ પ્રમાણે ચાર વર્ષ પસાર થવા આવ્યાં-આખા દેશમાંથી સૂફરાનો બરોબર્યો કોઈજ નહીં હતો.

તે જે કાંઇ ચાહતો હતો તેજ થતું હતું-આખા દેશને પોતાના વિચાર પ્રમાણેજ ચલાવતો હતો.

જ્યારે ઇરાન દેશમાં તેનોજ હોકમ ચાલવા લાગ્યો-ત્યારે તેણે મીઠાસથી બલાશ પાસેથી તખ્ત ખાલી કરાવ્યું.

તેને કહ્યું કે "તું પાદશાહી બરાબર કરતો નથી-ભલા અને નેક લોકોમાંથી બૂરા લોકોને ઓળખી શકતો નથી.

તું પાદશાહી સાથ ચેડાં કાઢે છે-બેહાદી અને બેપરવાઈથી રાજ કરે છે.

કોબાદ તારા કરતાં ઘણો દાના છે-અને રાજ કારોબાર ચલાવવા માટે વધુ શક્તિમાન છે."

આ સાંભળી બલાશ તેને એમ નહીં કહી શકયો કે "તું અહીંથી ૩૮૫
નીકળ" જેથી તે પોતાના મેહલમાં આવ્યો.

તે બોલવા લાગ્યો કે "આ વગર મેહનતે, વગર કોશેશે અને વગર નસીબે મળેલું તખ્ત એક શ્રાપ જેવું છે."

કોબાદ*

પાદ્શાહીએ કોબાદ્ પેસરે પીરૂઝ્ ચેહ્લો સે સાલ્ બૂદ્ બર્ તખ્ત્ નેશસ્તને કોબાદ્ વ અન્દર્ઝ્ કર્દન્ બઇરાનેયાન્.

પીરોઝના બેટા કોબાદની પાદશાહી તેતાલીસ વર્ષ હતી, કોબાદનું તખ્ત ઉપર બેસવું અને સરદારોને નસીહત કરવી.

ચુ બરૂ તખ્ત બેન્શસ્ત ફ્રૂરોખ કોબાદ
કોલાહે બુઝોર્ગી બસરૂ બરૂ નેહાદ
સુએ તયસફૂન શુદ ઝે શહરે સેતખરૂ
કે ગર્દનકશાન્રા બદાન્ બૂદ ફખરૂ
ચુ બરૂ તખ્તે પીરૂઝ બેન્શસ્ત ગોફ્ત
કે અઝ મન્ મદારીદ ચીઝી નેહોફ્ત
શુમારા સુએ મન્ કુશાદહસ્ત રાહ
બરૂઝે સપીદો શબાને સેયાહ
બુઝોરૂગ્ આન્ કસી કુ બગોફ્તારે રાસ્ત
ઝબાન્રા બેયારાસ્તો કઝ્ઝી નખાસ્ત
ચુ બખ્શાયેશ આરદ બખેશ્મ અન્દરૂન
સરે રાસ્તાન્ ખાનદશ રહ્નમૂન
નેહદ તખ્તે ખુશ્નૂદી અન્દરૂ જેહાન્
બેયાબદ બદાદ આફરીને મેહાન્
દેલે ખીશ ગરૂ દૂરૂ દારી ઝે કીન્
મેહાનો કેહાનત કુનન્દ આફરીન
૩૮૯ હરાન્ગહ કે શુદ પાદશા કઝ્ગૂય
ઝે કઝ્ઝી શવદ ઝૂદ પયકારૂ જૂય
સખુન્રા બેબાયદ શનીદન્ નુખોસ્ત
ચુ દાના શવી પાસોખ આરી દુરોસ્ત
ચુ દાનન્દહ મર્દુમ શવદ આઝૂવરૂ
હમી દાનેશે ઊ નેયાયદ બબરૂ

જ્યારે મુબારક કોબાદ તખ્ત ઉપર બેઠો-અને મોટાઇનું તાજ સર ઉપર મૂક્યું,

ત્યારે તે એસ્તખ્ર શેહરમાંથી તયસફૂન તરફ ગયો-કે જે શેહરથી બહાદુર લોકોને મોટાઇ હતી

જ્યારે તે પોતાના બાપ પીરોઝનાં તખ્ત ઉપર બેઠો ત્યારે બોલ્યો-કે "તમો લોકો કોઇ પણ બાબત મારીથી છૂપી રાખતા ના.

તમો માટે શું રોશન રોઝને વખતે કે સીઆહ રાતને વખતે મારી આગળ ફર્યાદ આવવાનો રસ્તો ખુલ્લોજ છે.

તેજ માણુસ મોટો છે કે જે સાચું બોલવા માટે પોતાની ઝબાનને સણગારેલી રાખે અને જૂઠાણાંને ધિક્કારે.

અને જ્યારે તે ગુસ્સામાં આવે ત્યારે પણ તે માયા મેહરબાની લાવે-તેને સાચા લોકોનો સરદાર પણ પોતાનો રેહનુમા ગણે છે.

તે આ દુન્યામાં ખુશહાલીનુંજ તખ્ત ગોઠવે છે-અને મોટાં માણસોની તારીફ વાજબી રીતે મેળવે છે.

જો તું પોતાનું દિલ કીનાથી દૂરજ રાખશે-તો મોટા અને નાના તારી તારીફજ ગાશે.

જ્યારે એક પાદશાહ જૂઠું બોલનારો બન્યો તો તે જૂઠાણાંએ કરી જલ્દીથી તે લડાયક બને છે.

કોઇની વાતને પહેલાં તો બરાબર સાંભળવી જોઇયે-જ્યારે તું બરાબર વાકેફગાર બનશે ત્યારેજ તું વાજબી જવાબ આપી શકશે.

જો દાનેશમંદ માણુસ લોભી બને છે-તો તેની દાનાઇ કાંઈ પણ ફળ આપતીજ નથી.

* પીરોઝનો છોકરો. આ પાદશાહને ખુશનવાઝના બંદમાંથી છોડવી સૂફરાએ ઈરાનની ગાદી અપાવી પણ ગાદીએ આવતાંજ બીજા અદેખા ઈરાનીઓએ પાદશાહના કાન ભંભેરવાથી તેણે પોતાના મદદગાર સૂફરાને મારી નખાવ્યો. જ્યારે ઈરાનની આખી પ્રજાએ એક પાદશાહનાજ મદદગાર સૂફરાને મારી નખાવેલો જાણ્યો, ત્યારે તેઓ કોબાદનાં કામથી બહુજ ગુસ્સે થયા અને તેને પકડી સૂફરાનાજ બેટા ઝરમેહરને હવાલે કરી તેના ભાઇ જામાસ્પને ગાદીએ બેસાડયો. ઝરમેહરે પોતાના બાપનાજ જેવી ભલાઇ દેખાડી બાપના ખૂની કોબાદને છોડી મેલી તેને સામી મદદ કરી ઈરાનની ગાદી પાછી અપાવી. આ પાદશાહ ઘણો નબળાં મનનો હોવાથી એના વખતમાં એક "મઝદક" નામનો ઠગારો ઝાહેર આવ્યો. તેણે પોતાની એક નવીજ દીન સ્થાપી જે રૈયતને ભારી નુકસાનકારક લાગવાથી શાહઝાદા નોશીરવાને તેને તેમજ તેની દીન પાળનારા સઘળા તેના ચેલાઓને મારી નખાવ્યા, પાદશાહ કોબાદ જો કે બહાદુર હતો, પણ મનનો નબળો હતો. એણે રોમનો સાથ ઘણીક લડાઇઓ કરી તેમાં ફતેહ મેળવી હતી. આ પાદશાહનો રાજઅમલ ઘણો લામ્બો એટલે ઈ. સ. ૪૮૭થી ૫૩૧ સુધી પાદશાહી ભોગવી પોતાના નોશીરવાન જેવા યાદગાર બેટાને મૂકી ૮૨ વર્ષની ઝઈફ ઉમરે મરણ પામ્યો.

હરાન્ગહ્ કે દાના બુવદ્ પુર્ શેતાબ્
ચુ દાનેશ મરૂરા ચુ દર્ શૂરહ્ આબ્
હમાન્ બેહ્ કે યાબદ્ દેલે લશ્કરી
હમી દર્ નેકૂહેશ કુનદ્ કેહ્તરી
તવાન્ગર્ કુજા સખ્ત્ બાશદ્ બચીઝ્
ફેરૂમાયહ્ તર્ શુદ્ ઝે દર્વીશ નીઝ્
ચુ દર્વીશે નાદાન્ કુનદ્ બરૂતરી
બદીવાનગી માનદ્ ઈન્ દાવરી
ચુ અયબે તને ખીશ દાનદ્ કસી
ઝે અયબે કસાન્ બર્ નગૂયદ્ બસી
સોતૂને ખેરદ્ બોરૂદ્બારી બુવદ્
ચુ તીઝી કુની તન્ બખારી બુવદ્
ચુ ખુર્સન્દ્ ગશ્તી બદાદે ખોદાય
તવાન્ગર્ શુદી યક્ દેલો પાક્ રાય
કે આઝાદહ્ દારી તનતરા ઝે રન્જ્
તને મર્દ બીઆઝ્ બેહ્તર્ ઝે ગન્જ્
મરાન્રા કે દાનેશ બુવદ્ તૂશહ્ બોરૂદ્
બમીરદ્ તનશ નામ હર્ગેઝ્ નમોરૂદ્

હમહ્ સર્બસર્ દસ્ત નીકી બરીદ્
જહાને જહાન્રા બબદ્ મસ્પરીદ્
હમહ્ મેહ્તરાન્ આફરીન્ ખાન્દન્દ્
ઝબર્જદ્ બતાજશ બર્ અફ્શાન્દન્દ્
જવાન્ બૂદ્ સાલશ સેપન્જા યકી
ઝે શાહી વરા બહ્રહ્ બૂદ્ અન્દકી
હમી રાન્દ્ કારે જહાન્ સૂફરાય
કોબાદ્ અન્દર્ અયવાન્ બુદી કદ્ખોદાય
હમહ્ કારહા પહ્લવાન્ રાન્દી
કસીરા બરે શાહ્ નન્શાન્દી
ન મૂબેદ્ મરૂરા ન ફર્માન્ ન રાય
જહાન્ પુર્ ઝે દસ્તૂરીએ સૂફરાય

જે વખતે કે એક દાનેશમંદ માણુસ આકળો બને છે-ત્યારે તેની અકલ ખારી ઝમીનમાંનાં પાણી જેવી થાય છે.

લશ્કર અને રૈયતનાં દિલને હરણ કરે અને ઠપકાના શબ્દોને ખમી જાય તે વધારે સારૂં.

જે તવંગર કે કોઇ ચીઝ બખ્શેશ કરવામાં સખ્તાઈ વાપરે-તે એક ભીખારી કરતાં પણ વધુ નીચ બનેલો હોય છે.

જો નાદાન ભીખારી મોટાઈ કરે-તો તે મોટાઇને ગાંડાપણું સમજવું.

જ્યારે કોઇ પોતાનાં દિલમાંની અયબ જાણે છે-ત્યારે તે બીજાઓની અયબ કાઢવા નીકળતો નથી.

દાનાઇનો સ્થંભ એજ સહનશીલતા છે-જ્યારે તું ગુસ્સો કરે છે ત્યારે તું પોતાનાં શરીરને ખુવારીમાં નાખે છે.

જો તુ ખોદાના ઇન્સાફ ઉપર રાઝી થયો-તો એમજ સમજ કે તું તવંગર, એકમતનો અને પાક વિચારનો બન્યો.

કારણકે ખોદા ઉપર સબૂરી રાખવાથી તું તારાં શરીરને રંજથી મોકળું ૩૮૭
રાખશે લોભ વગરના માણુસનું શરીર એક ખઝાના કરતાં વધારે સારૂં હોય છે.

જે કોઈ શખ્સની અંદર કે ડહાપણનો ભંડાર હોય છે-તેનું શરીર મરણ પામે છે પણ તેનું નામ કદી પણ નાબૂદ થતું નથી (યાને તે હમેશ યાદગાર રહી જાય છે).

તમો સઘળાઓ નેકી કરવા તરફજ હાથ લમ્બાવો-આ ફરતા ઝમાનાને બૂરાઈ ઉપર ના સોંપો."

સઘળા સરદારોએ તેની ઉપર દુઆ કીધી-અને તેનાં તાજ ઉપર પોખરાજનો વધાવો કીધો.

તે પાદશાહ જવાન હતો અને તેની ઉમર સોલ વર્ષની હતી-અને પાદશાહી ચલાવવાની આવડ તેને થોડીજ હતી.

જેથી દેશનો કારોબાર સૂફરા ચલાવતો હતો-કોબાદ પોતે તો ફક્ત મેહલમાંજ સાહેબી કરતો હતો.

સઘળાં કામો પેહલવાન સૂફરા ચલાવતો હતો-અને કોઇને પાદશાહ આગળ જવા દેતો નહીં હતો.

પાદશાહનો કોઈ વઝીર નહીં હતો કે નહીં તેનો કાંઇ હોકમ કે નહી તેની સલાહ હતી-સઘળો દેશ સૂફરાનાજ હુકમ પ્રમાણે ચાલતો હતો.

રફ્તને સૂફરાય બશીરાઝ્ વ બદ્-ગુમાન્ કર્દને ઈરાનેયાન્ કોબાદ્રા બર્ સૂફરાય વ કોશતને ઊ સૂફરાયરા.

—:o:—

ચુનાન્ બૂદ્ તા બીસ્તો સે સાલહ્ ગશ્ત
બજામ અન્દરૂન બાદહ્ ચૂન્ લાલહ્ ગશ્ત
બેયામદ્ બરે તાજવર્ સૂફરાય
બદસ્તૂરીએ બાઝ્ ગશ્તન્ બજાય
સેપહ્બદ્ ખુદો લશ્કરશ સાઝ્ કરૂદ્
બેઝદ્ કૂસો આહન્ગે શીરાઝ્ કરૂદ્
હમી રફ્ત શાદાન્ સુએ શહ્રે ખીશ
ઝે હર્ કામ બર્દાશતહ્ બહ્રે ખીશ

સૂફરાનું શીરાઝ જવું અને ઈરાનીઓએ કોબાદને સૂફરા ઉપર બદગુમાન કરવો અને તેણે સૂફરાને મારી નાખવો.

—:o:—

તેવીસ વર્ષ સુધી આ રીતે કામ ચાલ્યું-પ્યાલાંમાં લાલાનાં ફૂલ જેવો લાલ રંગનો મય ભરેલો રહેતો હતો (એટલે ખુશીમાં વખત ગુઝારતો હતો).

હવે સૂફરા પોતાને વતન પાછો ફરવાની પરવાનગી લેવા માટે પાદશાહ આગળ આવ્યો.

તે સરદારે પોતે અને તેનાં લશ્કરે તૈયારી કીધી-નગારાં ઠોકયાં અને ૩૮૮
શીરાઝ જવાનો ઈરાદો કીધો.

તે દરેક કામથી પોતાની મુરાદ મેળવીને ખુશહાલ પોતાનાં શેહર તરફ ચાલવા લાગ્યો.

હમહ પારૂસ ઊરા શુદહ ચૂન રહી
હમહ બૂદ જોઝ તાજે શાહનશાહી
બદાન્ બુદ કે મન્ શાહ બેન્શાન્દમ
બશાહી બરૂ આફરીન ખાન્દમ
ગરૂ અઝ મન કસી ઝેશ્ત ગૂયદ બદૂય
વરા સરૂદ ગૂયદ બેરાનદ ઝે રૂય
હમી બાઝ જોસ્તી ઝે હર કેશ્વરી
ઝે હર નામદારીઓ હર મેહતરી
ચુ આગાહી આમદ બકૈખોસરૂ કોબાદ
ઝે શીરાઝો અઝ કારે બીદાદો દાદ
હમી ગોફ્ત હર કસ કે જોઝ તાજ શાહ
નદારદ અઝ ઈરાન ઝે ગન્જો સેપાહ
ન ફર્માનશ બાશદ બચીઝી ન રાય
જહાની શુદહ બન્દએ સૂફરાય
હરાન્ કસ કે બુદ રાઝદારે કોબાદ
બરૂ ઈન્ સુખુનહા હમી કરૂદ યાદ
કે અઝ શહરૂયારી બનામી પસન્દ
ચેરા કર્દી અય શહરૂયારે બલન્દ
ઝે ગન્જે તો આગન્દહ તરૂ ગન્જે ઊય
બેબાયદ ગુસેસ્ત અઝ જેહાન રન્જે ઊય
હમહ પારૂસ ચૂન બન્દએ ઊ શુદન્દ
બુઝોર્ગાન પરસ્તન્દએ ઊ શુદન્દ
ઝે ગોફ્તાર બદ શુદ દેલે કયકોબાદ
ઝે રન્જશ બદેલ બરૂ નકરૂદ ઈચ યાદ
હમી ગોફ્ત અગરૂ મન ફેરેસ્તમ સેપાહ
સરે ઊ બેગર્દદ શવદ કીનહ ખાહ
ચુનૂ દુશ્મની કર્દહ બાશદ બગન્જ
અઝૂ દીદહ બાયદ બસી દર્દો રન્જ
કુનદ હર કસી યાદ કેર્દારે ઊય
નેહાની નદાનન્દ બાઝારે ઊય
દર ઈરાન નદાનમ કસી રઝમખાહ
કે રાનદ સુએ જન્ગે ઊ બા સેપાહ
બદૂ ગોફ્ત ફર્ઝાનહ મન્દીશ અઝીન્
કે ઊ શહરૂયારી શવદ બાફરીન
તોરા બન્દગાનન્દો સાલાર હસ્ત
કે સાયન્દ બરૂ ચર્ખે ગર્દન્દહ દસ્ત
ચુ શાપૂરે રાઝી બેજુમ્બદ ઝે જાય
બેદરૂરદ દેલે બદકુનશ સૂફરાય
શનીદ ઈન્ સખુન શાહો નીરૂ ગેરેફ્ત
હૈોનરૂહા બેશોસ્ત અઝ દેલ આહ ગેરેફ્ત
હમાનગહ જહાનદીદહરા કયકોબાદ
બેફરૂમૂદ તા બરૂ નેશીનદ ચુ બાદ
બનચ્રીદકે શાપૂરે રાઝી શવદ
બઆવાઝે નખ્ચીર બાઝી શવદ
હમ અન્દરઝમાન બરૂ નેશાનદ વરા
ઝે રય સૂએ દરગાહ ખાનદ વરા
દો અસ્પહ ફેરેસ્તાદહ આમદ બરચ
ચુ બાદે ખઝાની બફર્માને કચ
ચુ દીદશ બેપુર્સીદ સાલારે બારૂ
વઝૂ બેસ્તદ આન નામએ શહરૂયાર

તમામ પારસ તેના નોકર માફક બનેલું હતું-તેની પાસે પાદશાહી તાજ સિવાય સઘળું હતું.

તે પોતે એમ વિચારતો હતો કે "મેં પાદશાહને બેસાડયો છે-અને પાદશાહ તરીકેની તેની ઉપર દોઆ કીધી છે,

તેથી હવે જો કોઇ મારે માટે તેની આગળ ભૂંડું બોલશે-તો પાદશાહ તેને ઠપકો દઇને હાંકી કાઢશે."

તે દરેક મુલકમાંથી હરેક નામદારો અને સરદારો પાસેથી ખંડણી ઉઘરાવતો હતો.

જ્યારે તેનાં ઇન્સાફી અને ગયર ઇન્સાફી કામોની ખબર શીરાઝ શેહરથી મુબારક કોબાદને મળી,

ત્યારે દરેક જણ બોલવા લાગ્યો કે "આપણો પાદશાહ એક તાજ સિવાય નથી ઈરાનનો ખઝાનો ધરાવતો કે નથી લશ્કર ધરાવતો.

કોઈ પણ ચીઝ ઉપર તેનો હુકમ ચાલતો નથી તેમજ કશી બાબતમાં તેની સલાહ લેવાતી નથી-સઘળો દેશ સૂફરાનોજ તાબેદાર બનેલો છે."

જે કોઇ કે કોબાદના વિશ્વાસુ દોસ્ત હતા-તેઓ આ વાત તેને કહેતા,

કે "ઓ મોટા દરજ્જાના પાદશાહ! આ આખી શેહનશાહતમાંથી તેં અમથી નામનીજ પાદશાહી શા માટે પસંદ કરી છે?

તારા ખઝાના કરતાં તેનો ખઝાનો વધુ ભરપુર છે-માટે હવે ઈરાન દેશમાંથી તેની પીડા ટાળવી જોઇયે.

સઘળું પાર્સના મુલકનું લોક તેનુંજ તાબેદાર બન્યું છે-અને ત્યાંના મોટાઓ તેનાજ પરસ્તાર બન્યા છે."

તે વાતથી પાદશાહ કોબાદનું દિલ બૂરૂં બન્યું-અને તેણે ખેંચેલી રંજ પોતાનાં દિલમાંથી કાઢી નાખી.

અને તે એ પ્રમાણે બોલવા લાગ્યો કે "અગરજો હું તેની સામે લશ્કર મોકલું છું-તો તેનું મગઝ ફરી જશે અને તે કીનેખાહ બનશે.

અને જ્યારે તે પોતાના ભારી ખઝાના સાથ આપણી સામે દુશ્મની ઝાહેર કરશે-ત્યારે તેનાથી આપણને ઘણી તકલીફ અને દુઃખ જોવું પડશે.

દરેક જણ તો તેનાં કીધેલા કામનાજ યાદ કરશે-પણ તેઓ તેનો છૂપો ભેદ જાણશે નહીં.

ઇરાનમાં હું કોઇને પણ એવો લડાયક જાણતો નથી-કે જે તેની તરફ લડાઈ માટે લશ્કર લઇને જાય."

એક દાનાએ પાદશાહને કહ્યું કે "તે એક સ્વીકારેલો પાદશાહ થશે એવો અંદેશો તું કદીથી ના કર.

તારૂં લશ્કર ઘણું છે અને સરદારો પણ છે કે જેઓ ફરતા આસમાન ઉપર હાથ નાખી શકે છે.

જ્યારે શાપૂરે રાઝી (યાને રય શેહરનો રહેનારો શાપૂર) મયદાનમાં નીકળે-ત્યારે બૂરા કરતુકના સૂફરાનું દિલ ચીરી નાખે."

પાદશાહે આ સખુન સાંભળ્યા અને તેને કૌવત આવ્યું-પોતાનાં દિલમાંના હુનરો કાઢી નાખી અયબ પકડી.

તેજ વખત શાહ કોબાદે એક અનુભવી શખ્સને-ફર્માવ્યું કે "ઝડપથી ઘોડે સવાર થાય.

અને શિકારે જવાને બહાને શાપૂર રાઝી આગળ જાય,

અને તુરત તેને ઘોડા ઉપર સવાર કરે-અને રય શેહરથી આ દરગાહ તરફ બોલાવી લાવે."

પાદશાહનાં ફર્માનથી પેલો કાસેદ પોતાની સાથ બે ઘોડા રાખી ચોમાસાના પવનની ઝડપે રય શેહરમાં આવી લાગ્યો.

જ્યારે તેને દરબારના વડાએ જોયો ત્યારે પૂછયું-અને તેની પાસેથી પાદશાહનું નામુ લીધું.

બેયામદ બશાપૂરે શાઝી સેપોરૂદ
સવારે સરફ્રાઝરા પીશ બોરૂદ
ચુ બરૂ ખાન્દ આન્ નામએ કયકોબાદ
બેખન્દીદ શાપૂરે મેહુરકૂ નેઝાદ
કે બરૂ સૂફરા દુશ્મન્ અન્દરૂ જેહાન્
નબૂદી જોઝ ઊ આશકારો નેહાન્
ચુ બેશનીદ ફર્માન્બરાન્રા બેખાન્દ
સુએ તયસફૂન્ તીઝ લશકરૂ બેરાન્દ
ચુ આવરૂદ લશકરૂ બનઝદીકે શાહુ
હમ અન્દરૂઝમાન્ બરૂ કુશાદન્દ રાહુ
ચુ દીદશ જહાન્દારૂ બેન્વાખ્તશ
બરે તખ્તે પીરૂઝહુ બેન્શાખ્તશ
બદૂ ગોફૂત અઝીન્ તાજ્ બી બહુરહુ અમ
બબીહૂદહુ અન્દરૂ જહાન્ શહુરહુ અમ
હમહુ સૂફરારાસ્ત બહુરૂ અઝ મેહી
હમી નામ્ બીનમ્ ઝે શાહન્શેહી
અઝીન્ દાદો બીદાદ દરૂ ગર્દનમ્
બફર્જામ રૂઝી બેપીચદ તનમ્
બઈરાન્ બેરાદરૂ બુદી કદખોદાય
બેહુ અસ્તી ઝે બીદાદગરૂ સૂફરાય
બદૂ ગોફૂત શાપૂરૂ કે અય શહુરૂયારૂ
દેલતરા અઝીન્ કારૂ રન્જહુ મદારૂ
યકી નામહુ બાયદ નેવેશતન્ દુરોશ્ત
તોરા ફરૂરો નામો નેઝાદસ્તો પોશ્ત

બેગૂયશ કે અઝ તાજે શાહન્શેહી
મરા બહુરહુ રન્જસ્તો ગન્જે તેહી
તોઇ બાઝ્ ખાહો મનમ્ બા ગુનાહુ
નખાહમ્ કે ખાની મરા નીઝ શાહુ
ફેરેસ્તાદમ્ ઈનક યકી પહુલવાન્
ઝે કેર્દારે તૂ ચન્દ બાશમ્ નવાન્
ચુ નામહુ બરીનગૂનહુ બાશદ બરૂય
ચુ મન્ બાશમો લશકરે જન્ગજૂય
નમાનમ્ કે બરૂહમ ઝનદ નીઝ ચશમ્
નગૂયમ્ સખુન્ પીશે ઊ જોઝ બ ખશમ્
નવીસન્દએ નામહુરા ખાન્દન્દ
બનઝદીકે શાપૂરૂ બેન્શાન્દન્દ
બગોફૂત આન્ સુખુનહા કે બા શાહુ ગોફૂત
નેવેશ્તો બેપીચીદ અન્દરૂ નેહોફૂત
ચુ બ. નામહુ બરૂ મોહુરૂ બેન્હાદ શાહુ
બેયાવરૂદ શાપૂરૂ લશકરૂ બરાહુ
ગુઝીન્ કરૂદ પસ હરૂકે બુદ નામદારૂ
પરાગન્દહુ અઝ લશકરે શહુરૂયારૂ
ખુદો નામદારાને પર્ખાશજૂય
સુએ શહુરે શીરાઝ્ બેન્હાદ રૂય
ચુ આગાહુ શુદ ઝાન્ સખુન સૂફરાય
હમાન્ગહુ બેયાવરૂદ લશકરૂ ઝે જાય
પઝીરહુ શુદશ બા સેપાહી ગરાન્
ગુઝીદહુ સવારાને જઉશનવરાન્

અને શાપૂર રાઝી આગળ આવી તે સ્વાધીન કર્યું-તેમજ પેલા સરફરાઝ સવારને પણ તેની નઝદીક લઇ ગયો.

શાપૂર જે મેહરકની બુન્યાદનો હતો તેણે જ્યારે પાદશાહ કોબાદનું નામુ વાચ્યું ત્યારે તે હસ્યો.

કારણકે આખા દેશમાં શાપૂર સિવાય સૂફરાનો કોઇ ઝાહેર કે છુપો દુશ્મન હતોજ નહીં.

તેણે જ્યારે તે નામુ સાંભળ્યું ત્યારે પોતાના નોકરોને બોલાવ્યા-અને ૩૫૧
તયસફૂન તરફ શેતાબ લશ્કર ચલાવ્યું.

જ્યારે તે પોતાનુ લશ્કર પાદશાહની નઝદીક લાવ્યો-ત્યારે તેજ વખતે તેઓએ તેને રસ્તો આપ્યો.

જ્યારે પાદશાહે તેને જોયો ત્યારે તેને નવાઝયો-અને તેને પીરોઝાનાં તખ્ત ઉપર બેસાડયો.

પાદશાહે તેને કહ્યું કે "આ રાજકારોબારમાં મારો કશો પણ હિસ્સો નથી-હું તો આ દેશના ફોકટનોજ વખણાયલો છું.

મોટાઇનો સઘળો ભાગ સૂફરાજ ભોગવે છે-આ શેહનશાહતમાંથી હું તો ફટક મારૂં નામજ જોઉં છું.

લોકોની ફર્યાદ અને તેઓ ઉપરના ઝુલ્મ મારી ગર્દન ઉપર રહેવાથી-શેવટે કોઇ દહાડે મને દુ:ખ જોવું પડશે.

ઇરાન દેશ ઉપર જો મારો ભાઈ બલાશ સાહેબ બન્યો હતે-તો તે આ ઝુલ્મગાર સૂફરા કરતાં ભલો હતે."

શાપૂરે તેને કહ્યું કે "ઓ પાદશાહ!-આ કામથી તારાં દિલને દુ:ખી ના બનાવ

તને ખોદાતાલાએ ખોરેહ અને કીર્ત્તિ બખ્શી છે તેમજ તું બુન્યાદી છે અને તારા મદદગારો પણ છે-તો તારે તેની ઉપર સખ્ત ભાષામાં એક નામુ લખવું જોઇયે.

તું તેને લખ કે 'પાદશાહી તાજ માથે મૂકયાથી-તો મારે હિસ્સે દુ:ખ આવ્યું છે અને ખાલી ખઝાનોજ આવ્યો છે.

તું ખંડણી લીયે છે અને હું ગુનેહગાર બનુ છું-હું નહીં ધારતો કે ૩૫૨
તું મને પાદશાહ તરીકે પણ ગણતો હોય

માટે હવડાં આ એક પેહલવાનને મેં મોકલી આપ્યો છે-તારાં કામથી હું કયાં સૂધી દુ:ખી બન્યા કરૂં?'

જ્યારે એવું નામુ તેની ઉપર લખાશે-અને હું જેવો પેહલવાન અને મારૂં લડાયક લશ્કર ત્યાં હોઇશું,

તો પછી હું તેને આંખનો પલકારો મારે એટલો વખત પણ જીવતો રાખીશ નહીં-અને તેની સાથ ગુસ્સા સિવાય બીજી વાતજ નહીં કરીશ."

પછી નામુ લખનાર મુન્શીને બોલાવ્યો-અને તેને શાપૂરની નઝદીક બેસાડયો.

તેણે જે સખુનો કે પાદશાહ આગળ કહ્યા હતા તે સઘળા મુન્શીને કહ્યા-તેણે તે લખ્યા અને કાગઝ બંદ કીધું.

જ્યારે નામા ઉપર પાદશાહે પોતાની મોહર કીધી-ત્યારે શાપૂરે લશ્કરને બાહેર કાઢયું.

તેણે પાદશાહનાં લશ્કરમાંથી જે કોઈ નામદારો કે વીખરાઇ ગયલા હતા તેઓને ભેગા કીધા.

અને પોતે તેમજ લડાયક નામદારો-શીરાઝ શેહર તરફ ચાલ્યા.

જ્યારે સૂફરા તે વાતથી વાકેફ થયો-ત્યારે તેજ વખત તેણે પોતાનું લશ્કર આગળ ચલાવ્યું.

તેણે બખ્તરવાળા સવારો ચુંટી કાઢયા અને ભારી લશ્કર સાથે તેને ૩૫૩
એસ્તેકબાલ ગયો.

રસીદન્દ પસ યકૂ બદીગર ફરાઝ
ફેરૂદ આમદન્દ આન્ દો ગર્દનફરાઝ
ચુ બેન્શસ્ત શાપૂર બા સૂફરાય
ફેરાવાન્ બેદન્દ અઝ બદો નીકૂ રાય
બદ્દ દાદ પસ નામએ શહરૂયાર
સખુન રફ્ત હરગૂનહ દુશવારો ખાર
ચુ બર ખાન્દ આન્ નામહરા પહલવાન્
બેપેઝમોર્દો શુદ કુન્દો તીરહ રવાન્
ચુ આન્ નામહ બર ખાન્દ શાપૂર ગોફ્ત
કે અકૂનૂન સખુનરા નબાયદ નેહોફ્ત
તોરા બન્દ ફરમૂદ શાહે જેહાન્
ફેરાવાન્ બેનાલીદ પીશે મેહાન્
બદાન્ સાન્ કે બર ખાન્દી નામહરા
તો દાની શહનશાહ ખુદ કામહરા
સુનીન્ દાદ પાસોખ બદ્દ પહલવાન્
કે દાનદ મરા શહરૂયારે જહાન્
કે આન્ રન્જો સખ્તી કે બોર્દમ ઝે શાહ
કે રફ્તમ ઝે ઝાબુલસેતાન્ બા સેપાહ
૩૯૪ બમર્દી રહાનીદમ ઊરા ઝે બન્દ
નમાન્દમ કે આયદ બરૂયશ ગઝન્દ
મરા દસ્તહા બૂદ નઝદીકે શાહ
હમાન્ નઝદે ગોર્દાને ઈરાન્ સેપાહ
ગર અયદૂન કે બન્દસ્ત પાદાશે મન્
તોરા રન્જહ કર્દન બપખાશે મન્
નખાહમ ઝમાન્ અઝ તો પાયમ બબન્દ
કે બાશદ મરા બન્દે તૂ સૂદમન્દ
ઝે યઝદાનો અઝ લશ્કરશ નીસ્ત શરમ
કે મન ચન્દ પાલૂદહ અમ ખૂને ગરમ
બદાનગહ કે ઝ શાહ દર બન્દ બૂદ
બયઝદાન મરા સખ્ત સઉગન્દ બૂદ
કે દસ્તમ ન બીન્દ બજોઝ દસ્તે તીઘ
બજન્ગ આફ્તાબ અન્દર આરમ બમીઘ
મગર સર દેહમ યા સરે ખુશનવાઝ
બમર્દી ઝે તખ્ત અન્દર આરમ બકાઝ
કુનૂન બન્દ ફરમૂદ બન્દમ રવાસ્ત
સુખુનહાએ નાસૂદમન્દમ ચેરાસ્ત
ઝે ફર્માને ઊ હીચગૂનહ મગરદ
ચુ પીશાયહ દાન્ બન્દ બર પાએ મર્દ
૩૯૫ ચુ બેદનીદ શાપૂર પાયશ બેબસ્ત
બેઝદ નાએ રૂઇનો ખુદ બર નેશસ્ત
બેયાવર્દશ અઝ પારૂસ પીશે કોબાદ
કોબાદ અઝ ગુઝશતહ નકરૂદ ઈચ યાદ
બેફરમૂદ તા બઝેન્દાન બરન્દ
બનઝદીકે નાહુશમન્દાન બરન્દ
બશીરાઝ ફરમૂદ તા હરચે બૂદ
ઝે મર્દાનો અઝ ગન્જો કેશ્તો દારૂદ
બેયારન્દ યકસર સુએ તયસફૂન
સુપારદ બગન્જૂરે ઊ રહનમૂન
ચુ યક હફ્તહ બુગ્ઝશ્ત હરગૂનહ રાય
હમી રાન્દ બા મૂબેદ અઝ સૂફરાય

પછી જ્યારે બન્ને એક બીજાની નઝદીક આવી પહોંચ્યા-ત્યારે તે બન્ને ગર્દનફરાઝ પેહલવાનો પોત પોતાના ઘોડા ઉપરથી નીચે ઉતર્યા.

જ્યારે શાપૂર સૂફરાની સાથે બેઠો-ત્યારે સારી માઠી ઘણીક વાત ચલાવી.

પછી તેણે પાદશાહનું નામુ સૂફરાને આપ્યું-અને તે વાત દરેક રીતે બૂરા અને હલકા દરજ્જાએ પુગી.

જ્યારે પેહલવાને તે નામુ વાંચ્યું-ત્યારે તેનો ચેહરો કરમાઇ ગયો તે સુસ્ત અને સીઆહ જીવનો બન્યો.

જ્યારે સૂફરાએ તે નામુ વાંચ્યું ત્યારે શાપૂર બોલ્યો-કે "હવે મને આ વાત છૂપાવવી જોઇયે નહીં.

કે દેશના પાદશાહ કોબાદે તને કયદ કરવા ફર્માવ્યું છે-તેણે પોતાના સરદારો સામે તારી ઘણીજ ફર્યાદ કીધી છે.

જેવી રીતે કે તેં આ નામામાં પણ વાંચ્યું તું આપ એખ્તયાર શેહન્શાહ કોબાદને પિછાનતો હશે"

તે પેહલવાને તેને જવાબ દીધો કે "દેશનો પાદશાહ મને પિછાને છે,

કે મેં પાદશાહને માટે કેવી રંજ અને સખ્તી ખેંચી-હું ઝાબુલથી લશ્કર લઇ ત્યાં ગયો.

અને મેં મારી મર્દાનગીથી તેને બંદમાંથી છોડવ્યો મેં તેને કશી પણ ઇજા પહોંચવા દીધી નહીં.

મને પાદશાહની નઝદીક તેમજ ઈરાની લશ્કરના પેહલવાનોની આગળ ઘણો મરતબો હતો.

હવે જો કે એ સઘળાંનો બદલો બેડીજ છે-અને તને મારી સાથે લડવાની તકલીફ આપવી છે,

તો હું તારી પાસથી પણ ઢીલ માંગતો નથી તું મારા પગ બાંધ-કારણકે તારી બેડીજ મને ફાયદાકારક થશે.

પાદશાહને ખોદાતાલાની તેમજ તેનાં લશ્કરની કાંઈ પણ શર્મ નથી-કે મેં તેને માટે મારૂં કેટલુંક જીવતુ લોહી રેડ્યું છે.

જે વખતે કે પાદશાહ કયદમાં હતો-તે વખતે મેં યઝદાનના સખ્ત સઉગંદ લીધા હતા.

કે 'મારો હાથ તલવારની મૂઠ સિવાય બીજું કાંઇજ જોશે નહીં-હું લડાઇમાં આફતાબને પણ વાદળ તળે છૂપાવી દઇશ.

યા તો હું પોતાનું સર આપીશ યા તો બહાદુરીથી ખુશનવાઝનું સર તેનાં તખ્ત ઉપરથી મારા કબ્જામાં લાવીશ.'

હવે જ્યારે તેણે મને કયદ કરવાનોજ હોકમ કીધો છે તો મને બેડીજ લાયક છે મારે વગર ફોકટની વાતો શા માટે કરવી જોઇયે?

તું પાદશાહના હોકમથી કોઇ પણ રીતે ના ફર-અને બહાદુર મર્દના પગ ઉપરની બેડીને તું એક સાણગાર માફક ગણ"

જ્યારે શાપૂરે એવું સાંભળ્યું ત્યારે તેના પગ બાંધ્યા-અને પછી પિત્તળની કરનાય વજાડીને પોતે સવાર થયો.

તેને પાર્સથી કોબાદની નઝદીક લઇ આવ્યો-કોબાદે તેની આગળી સેવાને જરા પણ યાદ કીધી નહીં.

તેણે હોકમ કીધો કે "એન બંદીખાનામાં ગાંડા માણસોની નઝદીક લઈ જાય."

અને શીરાઝમાં તેના માણસો, ખઝાનો અને ખેતીવાડીને લગતો સામાન કે જે કાંઇ હતો, તેને માટે ફર્માવ્યું,

કે "તે સઘળું તયસફૂન લઇ આવી-પોતાના રેહનુમા ખઝાનચીને સોંપી આપે."

એ વાતને જ્યારે એક અઠવાડિયું થઇ ગયું-ત્યારે કોબાદ પોતાના વડા વઝીર સાથ સૂફરાની બાબતમાં વિચાર કરવા બેઠો.

શુનીન્ ગોફ્તૂ પસ્ શાહરા રહનમૂન્
કે ચારન્દ બા ઊ હમહ્ તયસફૂન્
હમાન્ લશ્કરો ઝીરૂદસ્તાને મા
ઝે દેહકાનો અઝ્ દરૂપરસ્તાને મા
ગરૂ ઊ અન્દરૂ ઈરાન્ બેમાનદ દુરોસ્ત
ઝે શાહી બેબાયદ તોરા દસ્ત શોસ્ત
બદ્અન્દીશે શાહે જહાન્ કશ્તહ્ બેહ્
સરે બખ્તે બદ્ખાહ્ બરૂગશ્તહ્ બેહ્
ચુ બેશ્નીદ મેહતરૂ ઝે મૂબેદ સોખન્
બનવ્ તાખ્ત બીઝારૂ ગશ્ત અઝ્ કોહન્
બેફરૂમૂદ પસ્ તાશ બીજાન્ કુનન્દ
બરૂ બરૂ દેલે દૂદહ્ પીચાન્ કુનન્દ

પછી તે સલાહકારે પાદશાહને એમ કહ્યું-કે "આખું તયસફૂન તેની તરફ મોહબત ધરાવે છે.

તેમજ આપણું લશ્કર આપણી રૈયત-ખેડુતો અને દરબારીઓ પણ તેનીજ તરફેનમાં છે.

અગરજો તે ઇરાનમાં સહી સલામત રહેશે-તો તને આ પાદશાહીથી હાથ ધોવા પડશે.

દેશના પાદશાહનો દુશ્મન તો મૂવેલોજ ભલો-બદખાહ શખ્સનું બખ્ત બરગશ્તે થયલુંજ ભલું."

જ્યારે પાદશાહે વઝીરને મોઢેથી એવી વાત સાંભળી-ત્યારે તે આગળી ૩૯૬
વાતથી કંટાળી જઇ નવી વાત ઉપર દોડયો.

તેણે ફર્માવ્યું કે "સૂફરાને બેજાન કરે-અને તેની ઉપર તેનાં કુટુંબનું દિલ દુઃખી બનાવે"

બન્દ્ કર્દને ઈરાનેયાન્ કોબાદ્રા વ સેપોર્દનશ્ બદસ્તે ઝર્મેહ્ર્ પેસરે સૂફ્રાય વ બર્ તખ્ત્ નેશાનીદને જામાસ્પ્ બેરાદરે કોબાદ્રા.

ઈરાનીઓએ કોબાદને કયદ કરવો અને તેને સૂફરાના બેટા ઝરમેહરના હાથમાં સોંપવો અને કોબાદના ભાઈ જામાસ્પને તખ્ત ઉપર બેસાડવો.

ચુ આગાહી આમદ બઈરાનેયાન્
કે આન્ પીલતન્રા સરૂઆમદ ઝમાન્
ખોરૂશી બરૂ આમદ ઝે ઈરાન્ બદરૂદ
ઝનો મર્દો કૂદક્ હમહ્ મૂયહ્ કરૂદ
બનફ્રીન્ ઝબાનહાએ ઈરાનેયાન્
બેયાઝૂદો બરૂખાસ્ત રાઝ અઝ્ મેયાન્
બરૂ આશોફૂત ઈરાનો બરૂખાસ્ત ગરૂદ
હમી હરૂ કસી કરૂદ સાઝે નબરૂદ
હમી ગોફ્તૂ હરૂ કસ્ કે તખ્તે કોબાદ
અગરૂ સૂફ્રા શુદ બઈરાન્ મબાદ
સેપાહીઓ શહ્રી હમહ્ શુદ યકી
નબોર્દન્દ નામે: કોબાદ અન્દકી
બેરફ્તન્દ યકસરૂ બઅયવાને શાહ્
ઝે બદગૂય પુરૂ દર્દો ફર્યાદ્ ખાહ્
કસી કૂ બરે શાહ્ બદગૂય બૂદ
બરૂ અન્દીશએ બદ બલાજૂય બૂદ
ગેરેફ્તન્દો બોર્દન્દ અઝ્ અયવાન્ કશાન્
ઝે જામાસ્પ્ જોસ્તન્દ યન્દી નશાન્
કે કેહ્તરૂ બેરાદરૂ બુદ ઊ સરૂફરાઝ્
કોબાદશ હમી પર્વરીદી બનાઝ્
વરા બરૂ ગુઝીદન્દો બેન્શાન્દન્દ
બશાહી બરૂ આફરીન ખાન્દન્દ
બઆહન્ બેબસ્તન્દ પાએ કોબાદ
ઝે ફરૂરો નેઝાદશ નકર્દન્દ યાદ
યકી પૂરૂ બુદ સૂફરારા ગુઝીન્
બેરદમન્દો પાકીઝહો બાફરીન્

જ્યારે ઈરાનીઓને ખબર પડી-કે "તે પીલતન સૂફરાનો ઝમાનો આખેર થયો છે."

ત્યારે ઇરાનમાંથી દુઃખનો પોકાર ઉઠયો-સ્ત્રીઓ, મર્દો અને બાળકો સઘળાં રડવા લાગ્યાં.

ઇરાનીઓની ઝબાન કોબાદ ઉપર લઅનત વરસાવવા લાગી અને તેનું કાવતરૂં સઘળું ખુલ્લું પડી ગયું.

સઘળું ઈરાન છેડાઇ પડયું અને બળવો ઉઠાવ્યો-દરેક જણે લડાઇની તૈયારી કરવા માંડી.

દરેક જણ બોલવા લાગ્યો કે "જો સૂફરા માર્યો ગયો તો હવે કોબાદનું તખ્ત ઈરાનમાં હોતુંજ ના!"

લશ્કરીઓ અને શેહરીઓ સઘળા એકમત થઇ ગયા-તેઓએ કોબાદનું જરા નામ વટિક લીધું નહીં.

સઘળાઓ પાદશાહના મેહલમાં ધુસી ગયા-તેના ભૂંડા સલાહકારોથી તેઓ દુઃખી હતા અને દાદ માંગતા હતા.

જે કોઈ કે પાદશાહની દરબારમાં બદગૂઇ કરનારા હતા-અને પોતાના બૂરા વિચારોથી ફેસાદ મચાવનારા હતા,

તેઓને પકડયા અને મેહલમાંથી ખેંચી બાહેર લઈ ગયા-તેઓએ ૩૯૭
જામાસ્પને ખંતથી શોધી કાઢયો,

કે જે સરફરાઝ તેનો નાનો ભાઈ હતો-અને કોબાદ જેને લાડથી પાળતો હતો.

તેઓએ તેને પસંદ કીધો અને તખ્ત ઉપર બેસાડયો-અને તેની ઉપર પાદશાહ તરીકેની દુઆ કીધી.

તેઓએ કોબાદના પગ લોઢાંની બેડીથી સીકડયા-અને તેના દબદબા કે બુન્યાદનો કાંઇ પણ વિચાર કીધો નહીં.

સૂફરાનો એક વહાલો બેટો હતો-જે અકલમંદ, પવિત્ર અને કીર્ત્તિવંતો હતો.

જવાની બીઆઝારો ઝરૂમેહુરૂ નામ
કે અઝ નામે ઊ બુદ પેદરૂ શાદકામ
સેપોર્દન્દ બસ્તહુ બદ શાહુરા
બદાનગૂનહુ બદ શાહુ બદખાહુરા
કે આન મેહુરૂબાન કીનએ સૂફરાય
બેખાહદ બદરૂદ અઝ જહાન કદખોદાય
બેયાઝારૂ ઝરૂમેહુરે યઝદાન પરસ્ત
નસૂદી બબદ બા જહાનદારૂ દસ્ત
પરસ્તેશ હમી કરૂદ પીશે કોબાદ
વઝાન બદ નકરૂદ ઈચ બા શાહુ યાદ
૩૯૮ જહાનદારૂ અઝુ માન્દ અન્દરૂ શેગેફ્ત
બઝરૂમેહુરૂ બરૂ આફ્રીન બરૂ ગેરેફ્ત
હમી કરૂદ પૂઝેશ કે બદખાહે મન
પુરૂ આશૂબ કરૂદ અખ્તરો માહે મન
ગરૂ અયદૂન કે યાબમ રહાઈ ઝે બન્દ
તોરા બાશમ અઝ હરૂ બદી સૂદમન્દ
ઝે દેલ પાકુ બરૂદારમ અઝારે તૂ
કુનમ ચશ્મ રઉશન બદીદારે તૂ
બદૂ ગોફ્ત ઝરૂમેહુરૂ કય શહુરૂયારૂ
રવાનરા બદીન કારૂ રન્જહુ મદારૂ
પેદરૂ ગરૂ નકરૂદ આનચે બાયેસ્ત કરૂદ
ઝે મર્ગશ પેસરૂ ગુર્મો તીમારૂ ખરદ
તોરા મન બસાને યકી બન્દહુ અમ
બપીશે તો અન્દરૂ પરસ્તન્દહુ અમ
ચુ ગૂઈ બસઉગન્દ પયમાન કુનમ
કે હરૂગેઝ વફાએ તોરા નેશકનમ
ચુ ઝરૂમેહુરૂ ગોફ્ત ઇનો ખુસ્રવ શનીદ
દેલે શાહુ અઝ ખુરૂરમી બરૂદમીદ
અઝુ અયમની યાફ્ત જાને કોબાદ
ઝે ગોફ્તારે આન પુરૂ ખેરદ ગશ્ત શાદ
૩૯૯ અઝાન પસ બરૂ રાઝ બુકુશાદો ગોફ્ત
કે અન્દીશહુ અઝ તૂ નખાહમ નેહોફ્ત
કુશાદહુસ્ત બરૂ પન્જ તન રાઝે મન
જોઝ ઈન નશનવદ યકુ તન આવાઝે મન
બેખાનીમ શાનો કુશાઈમ રાઝ
અગરૂ માન બદાન મરૂદુમ આયદ નેયાઝ
અગરૂ બન્દ બરૂદારી અઝ પાએ મન
ચુનાન દાન કે બરૂખુર્દી અઝ રાએ મન

તે એક નિર્દોષ જવાન્યો હતો જેનું નામ "ઝરમેહર*" હતું-તેનાં નામથીજ તેનો બાપ ખુશહાલ રહેતો હતો.

તે ઝરમેહરને તેઓએ કયદ કીધેલા કોબાદને જેવી રીતે કોઇ બૂરી ચાલના દુશ્મનને સોંપે તેમ સોંપી આપ્યો.

એવી મતલબથી કે તે મેહરબાન બેટો દુઃખી થઇને સૂફરાનો કીનો તે પાદશાહ પાસેથી લેશે.

પણ તે નિર્દોષ ખોદાના પૂજારી ઝરમેહરે-પાદશાહ ઉપર બદીનો હાથ ચલાવ્યોજ નહીં.

અને સામી તે કોબાદની સેવા કરવા લાગ્યો-તેનાં ભૂંડા કરતુક માટે તે એક બોલ પણ બોલ્યો નહીં.

પાદશાહ કોબાદ એ જોઇ અજબ થયો-અને ઝરમેહર ઉપર આફ્રીન કીધી.

તે આઝરખાહી કરવા લાગ્યો કે "મારા દુશ્મને-મારા ઝળકતા સેતારાને અને મારા માહતાબને પીડા ભરેલા કીધા.

અગરજો હું આ કયદમાંથી છુટકારો પામીશ તો તારી ઉપરની કોઇ પણ આફતથી તને મદદગાર થઈશ.

તારા દિલનું સઘળું દુઃખ દૂર કરીશ-અને તને જોઈ મારી આંખો રોશન કરીશ."

ઝરમેહરે તેને કહ્યું કે "ઓ પાદશાહ!-આ કામમાં તારા જીવને દુઃખી ના કર.

જો મારા બાપે જે કાંઇ કરવું ઘટતું હતું તે જો નહીં કીધું હોય-તે તેનાં મોત પછી તેના છોકરાએ કીધુ છે અને દિલસોઝી દેખાડી છે.

હું પોતે તો તારો ગોલામ છું-તારી આગળ ખિદમતગાર તરીકે ઉભો છું.

જો તું હોકમ કરે તો હું સઉગંદ લઉં-કે હું કદીબી તારી તરફની વફાદારી તોડીશ નહીં."

જ્યારે ઝરમેહર આ પ્રમાણે બોલ્યો અને પાદશાહે તે સાંભળ્યું-ત્યારે પાદશાહનું દિલ ખુશહાલીથી ખીલ્યું.

તેનાથી કોબાદનો જીવ નચિન્ત થયો-અને તે ડહાપણ ભરેલા શખ્સની વાતથી ખુશી થયો.

પછી પોતે તેની આગળ ભેદ ખોલી બોલ્યો-કે "તારેથી હું મારો વિચાર છુપાવવા માગતો નથી.

મારો ભેદ પાંચ જણની આગળ ખુલ્લો છે-એ સિવાય કોઇ બીજાએ મારી વાત સાંભળી નથી.

અગરજો આપણને તે માણસોની ઝરૂર લાગશે-તો આપણે તેઓને તેડીને ભેદ ખુલ્લો કરીશું.

જો તું મારા પગમાંની બેડી કાઢી નાખશે-તો તું એમજ જાણ કે તેં મારા વિચારથી ફાયદોજ મેળવ્યો."

---

* આ ઝરમેહરને મોહલમાં તેમજ બીજી એકાદ નકલમાં "રઝમેહર" લખ્યો છે.

ગુરીખ્તને કોબાદ્ બહમૂરાહીએ ઝર્મેહ્ર્ અઝ્ બન્દ્ વ બઝની ગેરેફ્તને દુખ્તરે દેહ્કાન્ વ પનાહ્ ગેરેફ્તન્ બહયતાલેયાન્.

ચુ બેશ્નીદ ઝરૂમેહ્રે પાકીઝહ્ રાય
સબુક્ બન્દ્રરા બર્ ગેરેફ્તશ ઝે પાય
શબે તીરહ્ અઝ શહ્ર્ બીરૂન શુદન્દ
ઝે દીદારે દુશ્મન બહામૂન શુદન્દ
ફેરેસ્તાદો આન્ પન્જ તન્રા બેખાન્દ
હમહ્ રાઝ્હા પીશે ઈશાન્ બેરાન્દ
સુએ શહ્રે હયતાલ્ કર્દન્દ રૂય
અઝ્ અન્દીશગાન્ ખસ્તહો રાહ્જૂય
બરીન્ગૂનહ્ સર્ગશ્તહ્ આન્ હફ્ત મર્દ
બઅહ્વાઝ રફ્તન્દ તાઝાન્ ચુ ગર્દ
રસીદન્દ પૂયાન બપુર્માયહ્ દેહ્
બદેહ્ દર્ યકી નામબર્દાર્ મેહ્
બદાન્ ખાને દેહ્કાન્ ફેરૂદ આમદન્દ
બેબૂદન્દો યક્ બારહ્ દમ બર્ ઝદન્દ
યકી દુખ્તરી દાશ્ત દેહ્કાન્ ચુ માહ્
ઝે મુશ્કે સેયહ્ બર્ સરશ બર્ કોલાહ્
જહાન્જૂય ચૂન્ રૂએ દુખ્તર્ બેદીદ
ઝે મઘ્ઝે જવાન શુદ ખેરદ નાપદીદ
હમાન્ગહ્ બેયામદ બઝરૂમેહ્ર્ ગોફ્ત
કે બા તૂ સખુન્ દારમ અન્દર્ નેહોફ્ત
બેરવ્ ઝૂદ અઝ મન્ બદેહ્કાન્ બેગૂય
મગર્ જોફ્તે મન્ ગર્દદ ઈન્ માહ્રૂય
બેશુદ તીઝ્ રાઝ્રા બદેહ્કાન્ બેગોફ્ત
કે ગર્ દુખ્તરે ખૂબ્રા નીસ્ત જોફ્ત
યકી પાક્ અમ્બાઝશ આરમ બજાય
કે ગર્દી બઅહ્વાઝ બર્ કદખોદાય
ગેરાન્માયહ્ દેહ્કાન્ બઝરૂમેહ્ર્ ગોફ્ત
કે ઈન્ દુખ્તરે ખૂબ્રા નીસ્ત જોફ્ત
અગર્ હસ્ત શાયેસ્તહ્ ફર્માન્ તોરાસ્ત
મરીન્રા બદાન્ દેહ્ કે ઊરા હવાસ્ત
બેયામદ ખેરદમન્દ નઝ્દે કોબાદ
કે ઈન્ માહ્ બર્ શાહ્ ફરૂખોન્દહ્ બાદ
પસન્દીદીઓ નાગહાન્ દીદી અશ
બદાન્સાન્ કે દીદી પસન્દીદી અશ
કોબાદ આન્ પરીચ્હરા પીશ ખાન્દ
બઝાનૂએ કુન્દાવરશ બર્ નેશાન્દ
અબા ઊ યક્ અન્ગુશ્તરી બૂદ બસ
કે અર્ઝે નેગીનશ નદાનેસ્ત કસ
બદૂ દાદો ગોફ્ત ઈન્ નેગીન્રા બેદાર્
બુવદ રૂઝ કીન્રા શવમ ખાસ્તાર્

કોબાદનું ઝરમેહરની મદદથી બંદમાંથી નાસી જવું અને એક દેહકાનની છોકરી સાથે પરણવું અને તેણે હયતાલીઓની પનાહ પકડવી.

જ્યારે પાકીઝેહ વિચારના ઝરમેહરે એવું સાંભળ્યું-ત્યારે તુરત તેના પગમાંથી બેડી ખોલી નાખી.

તેઓ અંધારી રાતે શેહરમાંથી બાહેર પડયા-અને દુશ્મનની નઝરથી છૂપા મયદાન તરફ ગયા.

કોઇને મોકલી પેલા પાંચે જણને બોલાવ્યા-અને સઘળો ભેદ તેઓની નઝદીક ખુલ્લો કીધો.

પછી હયતાલના ઇલ્લાકા તરફ રવાના થયા-ચિન્તાથી તેઓ ગભરાતા ગભરાતા રસ્તો કાપતા હતા.

એ પ્રમાણે પેલા પરેશાન થયલા સાત જણાઓ-ધૂળારાંની માફક શિતાબ દોડતા અહવાઝ શેહરમાં ગયા.

જ્યાં તેઓ દોડતા એક આબાદી ભરેલાં ગામડાંમાં પહોંચ્યા-તે ગામડાંનો પટેલ એક નામીચો શખ્સ હતો.

તેઓ તે દેહકાનનાં ઘરમાં ઉતર્યા-જરા થોભ્યા અને થોડીવાર દમ ૪૦૦
ખાધો.

હવે તે દેહકાનની માહતાબ મિસાલની એક બેટી હતી-જેણીનાં સર ઉપર કાળી કસ્તુરીની કોલાહ હતી.

પાદશાહે જ્યારે તે છોકરીનો ચેહરો જોયો-ત્યારે તેના જવાન મગઝમાંથી અકલ ગુમ થઇ ગઈ.

તેજ વખતે તેણે ઝરમેહર આગળ આવી કહ્યું-કે "તને કાંઈ છૂપી વાત કહેવી છે.

તું શેતાબ જા અને મારી તરફથી દેહકાનને પૂછ-કે જેથી કદાચને આ માહતાબને મોંની છોકરી મારી મોહરદાર બને."

તે તુરત ગયો અને પેલા દેહકાનને તેનો ભેદ કહ્યો-કે "અગર તારી ખૂબસૂરત બેટીનો કોઈ ખાવંદ નહીં બન્યો હોય,

તો હું તેણીનો એક એવો નેક ધણી લાવી આપું-કે જેથી તું આખાં અહવાઝનો ધણી બને"

સુખવાસી દેહકાને ઝરમેહરને કહ્યું કે "આ ખૂબસૂરત બેટી હજુ કાંઈ પરણેલી નથી

જો તે કોઈ લાયકજ છે તો જેમ તારી મરજી-આ છોકરીને તું તેને આપ કે જે શખ્સને તેણી લાયક હોય."

તે અકલમંદ શખ્સ કોબાદની નઝદીક આવ્યો-અને બોલ્યો કે "આ માહતાબ તું પાદશાહને મુબારક હોજો!

તેં તેણીને અચાનક જોઇ અને પસંદ કીધી-જેવી જોઇ તેવીજ ૪૦૧
પસંદ કીધી."

કોબાદે પેલી પરીપયકરને પોતાની પાસે બોલાવી-અને પોતાના પાદશાહી ખોળા ઉપર બેસાડી.

તેની પાસે માત્ર એક વીંટીજ હતી-કે જે નેગીનાની કીમત કોઇ કરી જાણતુંજ નહીં હતું.

તે તેણીને આપી અને કહ્યું કે "આ વીંટીને તું સંભાળી રાખજે-એવો દહાડો આવશે કે હું એ તારી પાસે માંગીશ."

બદાન્ દેહ્ ચકી હકૂતહ્ અઝ્ બહ્રે માહ્
હમી બૂદો હશ્તુમ બેયામદ્ પગાહ્
બરે શાહે હયતાલેયાન્ શુદ્ કોબાદ્
ગુઝશ્તહ્ સુખુનહા બરૂ કરદ્ યાદ્
બેગોફ્ત આન્ચે કર્દન્દ ઈરાનેયાન્
બદીરા બેબસ્તન્દ ચકૂચક્ મેયાન્
બદ્ ગોફ્ત શાહ્ અઝ્ બદે ખુશનવાઝ્
હમાના બદીન્ ફ્ઝત આમદ્ નેયાઝ
બપયમાન્ સેપારમ્ તોરા લશ્કરી
અઝાન્ હર્ ચકી બર્ સરાન્ અફ્સરી
અગર્ બાઝ્ યાબી તો ગન્જો કોલાહ્
ચધાની મરા બાશદો ગન્જો ગાહ્
૪૦૨ મરા બાશદ્ આન્ મર્ઝો ફર્માને મન્
નેગહ્દારી ઈન્ અહ્દો પયમાને મન્
ઝબર્દસ્તરા ગોફ્ત ખન્દાન્ કોબાદ્
કઝાન્ બૂમ હર્ગેઝ્ નગીરીમ યાદ્
ચુ ખાહી ફેરેસ્તમત્ બીમર્ સેપાહ્
ચધાની કે બાશદ્ કે દારમ્ નેગાહ્
ચુ કર્દન્દ અહ્દ્ આન્ દો ગર્દન્ફરાઝ્
દરે ગન્જ્ બુક્શાદો દીનારો સાઝ્
બદ્ દાદ્ શમ્શીરઝન્ ચેહ્લ્ હઝાર્
હમહ્ નામદારાનો ગોર્દો સવાર્
ઝે હયતાલેયાન્ સૂએ અહ્વાઝ્ શુદ્
સરાસર્ જહાન્ જ઼ પુર્ આવાઝ્ શુદ્

તે પેલી માહતાબને ચેહરેની અકરતને લીધે એક અઠવાડિયું તેજ ગામમાં-થોભ્યો અને આઠમે દહાડે બામદાદ પડતાં,

કોબાદ હયતાલીઓના પાદશાહની નઝદીક ગયો-અને તેની આગળ સઘળી ગુઝરેલી વાતો કહી સંભળાવી.

ઇરાનીઓએ શું શું કીધું અને કેવી રીતે સઘળાઓએ ભૂંડાઈ કરવા ઉપર કમર બાંધી તે કહ્યું.

તે પાદશાહે કોબાદને કહ્યું કે "ખુશનવાઝની બૂરાઈથી-બેશક તને આજે આ આફતમાં નાખ્યો છે.

હું તને એક લશ્કર કે જેના દરેકનાં માથાં ઉપર તાજ હોય તે એવી શર્તે સોંપી આપું,

કે જે તું તારો ખઝાનો અને તારૂં તાજ પાછું મેળવે-તો ચગાનનો મુલક અને તેનો ખઝાનો તેમજ તખ્ત મારાં ગણાય.

તે મુલક મારો કહેવાય અને ત્યાં મારૂંજ ફર્માન ચાલે-અને તું આ મારાં વચન અને કોલને નેગાહ રાખે."

કોબાદે હસતાં હસતાં તે ઝબરદસ્તને જવાબ દીધો-કે "તે મુલકનો હું કદી વિચાર પણ નહીં કરીશ.

અને જ્યારે તું માંગશે ત્યારે હું અસંખ્ય લશ્કર પણ મોકલીશ-ચગાન શું ચીઝ છે કે તે હું જાળવી રાખું?"

જ્યારે તે બન્ને ગરદનફરાઝ પાદશાહોએ એવી રીતનો કોલકરાર કર્યો-ત્યારે તેણે પોતાના ખઝાનાનો દરવાઝો ખોલ્યો અને તેને દીનાર અને બીજો અસ્બાબ,

તેમજ તલવાર મારનારા ચાળીસ હઝાર નામદારો, પેહલવાનો અને સવારો આપ્યા.

કોબાદ હવે હયતાલી લોકો આગળથી અહવાઝ તરફ ગયો-જેનાથી સઘળો દેશ ચકચાર ભરેલો બન્યો.

બાઝ્ગશતને કોબાદ્ અઝ્ હયતાલ્ બઈરાન્ વ આગાહી યાફ્તન્ અઝ્ ઝાદને પેસરશ્ નૂશીરવાન્ વ બાઝ્ બર્ તખ્ત્ નેશસ્તનશ્.

કોબાદનું હયતાલથી ઇરાન પાછું ફરવું અને તેના બેટા નોશીરવાનના જન્મવાની વધાઈ પામવી અને તેનું તખ્ત ઉપર બેસવું.

ચુ નઝ્દીકીએ ખાને દેહ્કાન્ રસીદ્
હમહ્ કૂય મર્દુમ પરાગન્દહ્ દીદ્
હમહ્ મોઝ્દહ્ બોર્દન્દ નઝ્દે કોબાદ્
કે ફર્ઝન્દ્ બર્ શાહ્ ફર્ખોન્દહ્ બાદ્
પેસર્ ઝાદ્ બોકૂતે તો દર્ શબ્ ચકી
કે અઝ્ માહ્ પયદા નબૂદ્ અન્દકી
ચુ બેશ્નીદ્ દર્ ખાનહ્ શુદ્ શાદકામ
હમાન્ગાહ્ કેસ્રાશ કર્દન્દ નામ
૪૦૩ ઝે દેહ્કાન્ બેપુર્સીદ્ અઝાન્ પસ કોબાદ્
કે અય નીકૂબખ્ત અઝ્ કે દારી નેઝાદ્
બદ્ ગોફ્ત કઝ્ આફ્રીદૂને ગોર્દ્
કે અઝ્ તોખ્મે ઝહ્હાક્ શાહી બેબોર્દ્
પેદર્ હમ્ચુનીન્ ગોફ્તો માદર્ ચુનીન્
કે બર્ આફ્રીદૂન્ કુનીમ આફ્રીન્

જ્યારે તે દેહકાનના ઘરની નઝદીક આવી પહોંચ્યો-ત્યારે મોહલ્લામાં માણસો વીખરાયલાં જોયા.

સઘળાઓ કોબાદની નઝદીક વધાઇ લઇ ગયા-કે "તારો બેટો તું પાદશાહ ઉપર મુબારક હોજો!

તારી ધણીઆણીએ ગઇ રાતે એક બેટાનો જન્મ આપ્યો છે-કે જે માહતાબથી કશો પણ ઉતરતો નથી"

જ્યારે તેણે એવું સાંભળ્યું ત્યારે ખુશી થતો ઘરમાં ગયો-તેજ વખત તેઓએ તેનું નામ "કેસ્રા" (ખુસરૂ) પાડયું.

પછી કોબાદે પેલા દેહકાનને પૂછયું-કે "એ નેકબખ્ત શખ્સ તું કોણથી બુન્યાદ ધરાવે છે?"

તે બોલ્યો કે "મારી અવલાદ બહાદુર ફરીદૂનથી છે-કે જેણે ઝહ્હાકનાં ખાન્દાનમાંથી પાદશાહી છીનવી લીધી હતી.

મારો બાપ એમજ કહેતો હતો તેમજ મારી મા પણ એવીજ રીતે બોલતી હતી-કે 'અમો અમારાં ખાન્દાન માટે પાદશાહ ફરીદૂન ઉપર દોઆ કર્યેં છિયે.'"

જે ગોફ્તારે ઊ શાદ્ તર્ શુદ્ કોબાદ્
હમાનગાહ્ તાજે કઈ બર્ નેહાદ્
અમારી બેસીચીદો આમદ્ બરાહ્
નેશસ્તહ્ બદ્ અન્દરૂન જોફ્તે શાહ્
બેયાવરદ્ લશ્કર્ સુએ તયસફૂન્
દેલ્ અઝ્ દર્દે ઈરાનેયાન્ પુર્ જે ખૂન
બઈરાન્ હમહ્ સાલ્ખુર્દહ્ રદાન્
નેશસ્તન્દ્ બા નામ્વર્ બેખ્રદાન્
કે ઈન્ કાર્ ગર્દદ્ બમા બર્ દરાઝ્
મેયાને દો શાહો દો ગર્દન્ફરાઝ્
જે રૂમો જે ચીન્ લશ્કર્ આયદ્ ફુનૂન્
બેરીઝન્દ્ અઝીન્ મરૂઝ્ બેસ્યાર્ ખૂન્
યકી ગોફ્ત અઝાન્ જુમ્લહ્ કય મેહ્તરાન્
સરફ્રાઝો ગોર્દાનો જન્ગ્આવરાન્
બેબાયદ્ ખરામીદ્ સૂએ કોબાદ્
મગર્ કાન્ સુખુન્હા નગીરદ્ બયાદ્
બેયારીમ્ જામાસ્પે દહ્ સાલહ્રા
કે બા દુર્ર્ હમતા કુનદ્ ઝાલહ્રા

મગર્ માન્ જે તારાજો ખૂન્ રીખ્તન્
બયકુસૂ ગેરાઈમ્ અઝ્ આવીખ્તન્
બેરફ્તન્દ્ ચફુસર્ બરે કયકોબાદ્
બેગોફ્તન્દ્ કય શાહે ખુસ્રવ્ નેઝાદ્
ગર્ અઝ્ તૂ દેલે મર્દુમાન્ ખસ્તહ્ શુદ્
બશૂખી દેલો દીદહા શસ્તહ્ શુદ્
કુનૂન કામે દેલ રાન્ બદાન્ કત હવાસ્ત
કે શાહે જહાન્ બર્ જહાન્ પાદ્શાસ્ત
પેયાદહ્ હમહ્ પીશ અન્દર્ દવાન્
બેરફ્તન્દ્ પુર્ ખાકો તીરહ્ રવાન્
ગુનાહે બુઝોર્ગાન્ બેબખ્શીદ્ શાહ્
જે ખૂન્ રીખ્તન્ કર્દ્ પૂઝેશ બરાહ્
બેબખ્શીદ્ જામાસ્પરા હમચુનીન્
બુઝોર્ગાન્ બર્ ખાન્દન્દ્ આફરીન્
બેયામદ્ બતખ્તે કઈ બર્નેશસ્ત
વરા ગશ્ત જામાસ્પ્ મેહ્તર્ પરસ્ત
હમહ્ કારે આન્ પાદ્શાહીએ ખીશ
બઝર્મેહ્ર્ બેસ્પોર્દો બેન્શાન્દ્ પીશ
વરા ગશ્ત આન્ શાહી આરાસ્તહ્
જહાન્ ગશ્ત પુર્ દાદો પુર્ ખાસ્તહ્
બદીન્ગૂનહ્ તા ગશ્ત કેસ્રા બુઝોર્ગ્
યકી ફૂદકી શુદ્ દેલીરો સુતોર્ગ્
બફર્હન્ગેયાન્ દાદ્ ફર્ઝન્દરા
ચુનાન્ તાઝહ્ શાખે બર્મન્દરા
હમહ્ કાર્ ઈરાનો તૂરાન્ બેસાખ્ત
બગર્દૂન્ કોલાહે મેહી બર્ ફરાખ્ત
વઝાન્ પસ બેયાવર્દ્ લશ્કર્ બરૂમ
શુદ્ આન્ બૂમ ઊરા ચુ યક્ મોહ્રહ્ મૂમ
હમી કર્દ્ અઝ્ બૂમો બર્ ખારુસાન્
અઝ્ ખાસ્ત ઝેન્હાર્ દ્ શારુસાન્

તેની વાતથી કોબાદ વધારે ખુશહાલ બન્યો-અને ત્યાંથી રવાના થવા માટે પોતાનું પાદશાહી તાજ માથાં ઉપર મેલ્યું.

એક અમારી તૈયાર કરી તેમાં પાદશાહની રાણીને બેસાડી ચાલવા માંડયું.

તે તયસફૂન તરફ લશ્કર લાવ્યો-તેનું દિલ ઈરાનીઓનાં દુઃખથી ખૂન ભરેલું હતું.

આ ઉપરથી ઈરાનમાં સઘળા અનુભવી સરદારો-અને નામીચા દાનાઓ મસ્લહત કરવા બેઠા,

કે "આ બન્ને ગર્દનફરાઝ પાદશાહો વચ્ચે-આપણી ઉપર આ કામ લાગ્યુ થઈ પડશે.

હવે રૂમ અને ચીનથી લશ્કર આવશે-અને આ મુલકમાંથી પુષ્કળ લોહી રેડાશે."

તેઓમાંથી એક બોલ્યો કે "ઓ સરદારો-સરફરાઝો, પેહલવાનો અને લડાયકો!

આપણને કોબાદ પાસે ખુશી થતા જવું જોઇયે-કદાચ તે આગળી ૪૦૪
વાતો વીસરી જશે.

આપણે દશ વર્ષની ઉમરના જામાસ્પને આગળ કરીશું-કે જેથી તે ઝાકળનાં ટીપાંનો મોતી સાથ મુકાબલો કરે (યાને નાના છોકરા સાથ નહીં લડતાં પાછો તખ્તે આવી બેસે).

તેમ કર્યાથી લડાઈ અને ખૂનરેઝીમાંથી આપણે બાજૂએ થઈ જઇયે."

આથી તે સઘળાઓ પાદશાહ કોબાદની નઝદીક ગયા-અને બોલ્યા કે "ઓ શાહી બુન્યાદના પાદશાહ!

જો લોકોનાં દિલ તારાથી રંજીદા થયાં હતાં-અને તેઓનાં દિલમાંથી અને આંખોમાંથી શર્મ નીકળી ગઈ હતી,

તો હવે તારાં દિલની જે કાંઈ ખાહેશ હોય તે બજા લાવ-કારણકે દેશનો પાદશાહ દેશ ઉપરજ પાદશાહ હોય છે"

એવી રીતે તેઓ સઘળા ધૂળ ભરેલા અને સીઆહ જીવ સાથ પેયાદા ચાલતા કોબાદ આગળ ગયા.

આથી પાદશાહે ઈરાનના બુઝોર્ગોનો ગુનાહ માફ કીધો-અને રસ્તે ચાલતાં લડવાના વિચારની દિલગીરી ઝાહેર કરી.

જામાસ્પનોબી એવીજ રીતે ગુનાહ માફ કીધો-જેથી સઘળા બુઝોર્ગોએ તે પાદશાહ ઉપર આફ્રીન કીધી.

પછી કોબાદ આવી પાદશાહી તખ્ત ઉપર બેઠો-અને જામાસ્પ પાદશાહનો વફાદાર બન્યો.

પોતાની પાદશાહીનો સઘળો કારોબાર-ઝરમેહરને સોંપ્યો અને તેને ૪૦૫
પોતાની આગળજ રાખ્યો.

તેનાથીજ તે પાદશાહી પાછી આરાસ્તા થઈ-તેમજ તે દેશ ઇન્સાફથી અને ખઝાનાથી ભરપુર બન્યો.

એમ કરતાં કેસ્રા (નોશીરવાન) મોટો થયો-તે એક બહાદુર અને આંગે ભરેલો છોકરો નીકળ્યો.

કોબાદે આવી તાઝી ફળદ્રુપ ડાળી જેવાં પોતાનાં ફર્ઝંદને એલ્મ શીખવનાર ઉસ્તાદના હાથમાં સોંપી આપ્યો.

તેણે ઇરાન અને તુરાન દેશનો સઘળો કારોબાર બરાબર ગોઠવીને-પોતાની મોટાઇની કોલાહ આસ્માન ઉપર ઉભી કીધી.

ત્યાર બાદ તે રૂમમાં લશ્કર લઈ ગયો-તે મુલક તેને માટે એક મીણના મોહરા માફક નર્મ બની ગયો.

તે મુલકને તે એક કાંટાની ઝાડી માફક વયરાન કરવા લાગ્યો-એ શેહરોએ તેનેથી પનાહ ચાહી.

યકી હેન્દેયાઓ દેગરૂ ફારકીન
બેયામૂખ્ત શાન્ ઝન્દો બેન્હાદ દીન
નેહાદ અન્દર આન્ મરૂઝ આતેશકદહ
બુઝોર્ગીઓ નવરૂઝો જશ્ને સદહ
મદાઈન્ પય અફગન્દ જાએ કેયાન્
પરાગન્દહ બેસ્યાર સૂદો ઝેયાન્
૪૦૬ વઝ્ અહવાઝ્ તા પારૂસ યક્ શારૂસાન્
બેકર્દી બરઆવરૂદ બીમારૂસાન્
અરશ ખાન્દ આન્ શારૂસાન્રા કોબાદ
કે તાઝી કુનૂન્ નામ હોલવાન્ નેહાદ
કુશાદન્દ હરૂજાય ફહી પુર્ આબ્
ઝમીન્ શુદ હમહ જાએ આરામો ખાબ્

તે બેમાંનું એક હિન્દેયા અને બીજું ફારકીન હતું-તે બન્ને શેહરના લોકોને ઝંદ અવસ્તા શીખવીને ત્યાં ઝરતોશ્તી દીન જારી કીધી.

તે મુલકમા તેણે એક આતશકદેહ સ્થાપ્યું-અને ઇરાન દેશની મોટાઇ, નવરૂઝ અને જશ્નેસદેહના રીત રેવાજ જારી કીધા.

મદાઈનને પાયતખ્ત બનાવવાનું શુરૂ કર્યું-જે આબાદીથી તેમજ વયરાનીથી ભરેલું હતું.

અહવાઝથી પાર્સ સૂધીની વચ્ચે એક શેહર-વસાવ્યું અને ત્યાં હોસ્પીટલ બાંધી.

કોબાદે તે શેહરનું નામ "અરશ" રાખ્યું-કે જેને હમણાં "હોલવાન" કહે છે.

દરેક જગ્યાએ પાણીની નેહરો ખોદવામાં આવી હતી-અને તેમ કરીને તમામ દેશ વસઇને આબાદ થયો હતો.

દાસ્તાને કોબાદ્ બા મઝ્દક્ વ પઝીરોફ્તને કોબાદ્ દીને ઊરા.

મઝદક* અને કોબાદનું દાસ્તાન અને કોબાદે તેની દીન કબૂલ કરવી.

બેયામદ યકી મરૂદ મઝ્દક્ બનામ
સખુનગૂયો બા દાનેશો રાયો કામ
ગેરાન્માયહ મર્દીઓ દાનેશ ફરૂશ
કોબાદે દેલાવર બદૂ દાદ ગૂશ

બનઝ્દે શહન્શાહ દસ્તૂર ગશ્ત
નેગહબાને આન્ ગન્જો ગન્જૂર ગશ્ત
ઝે ખુશ્કી ખુરેશ તન્ગ્ શુદ દર જેહાન્
મેયાને કેહાનો મેયાને મેહાન્
ઝે રૂએ હવા બરફ શુદ નાપદીદ
બઇરાન્ કસી બર્ફો બારાન્ નદીદ
મેહાને જહાન્ બર દરે કયકોબાદ
હમી હરકસ અઝ્ આબો નાન્ કરૂદ યાદ
બદીશાન્ ચુનીન્ ગોફ્ત મઝ્દક્ કે શાહ
નુમાયદ શુમારા બઉમ્મીદ રાહ
૪૦૭ દવાન્ ખુદ બેયામદ બરે શહરૂયાર
ચુનીન્ ગોફ્ત કય શાહે પરહીઝ્ગાર
બગીતી સખુન્ પુર્સમ અઝ્ તૂ યકી
ગર અયદૂન્ કે પાસોખ દેહી અન્દકી

એવામાં એક મઝદક નામનો મર્દ ઈરાનમાં આવ્યો-જે બોલીદરાઝ, અનુભવી, વિચારવંતો અને કાંઈક ભાગ્યશાળી હતો.

તે શખ્સ ખાનદાની હતો પણ પોતાના અનુભવનો ભપકો અને મોટાઈ દેખાડતો હતો-અને તે ઉપરથી પાદશાહ કોબાદે તેનું કહ્યું સાંભળવા માટે તેને દરબારમાં બોલાવ્યો.

આથી તે શેહનસાહનો વઝીર બન્યો-અને તેના ખઝાનાનો નેગેહબાન અને ખઝાન્ચી થયો.

તેવામાં દેશમાં વરસાદ વગર નાનાં તેમજ મોટાઓ માટે ખોરાક ઓછો થયો.

વાદળમાંથી બરફજ ગુમ થઈ ગયું-ઈરાનમાં કોઇએ બરફ કે વરસાદ તેયોજ નહીં

દેશના દરેક મોટાઓ પાદશાહ કોબાદના દરવાઝા આગળ આવી ખોરાક પાણી માટે માગણી કરવા લાગ્યા.

તેઓને મઝદકે કહ્યું કે "પાદશાહ-તમોને આશા ભરેલો માર્ગ બતાવશે."

પછી પોતે દોડતો પાદશાહની નઝદીક આવ્યો-અને બોલ્યો કે "ઓ પરહેઝગાર પાદશાહ!

જો તું કાંઈ પણ જવાબ દેવાની મેહરબાની કરે તો-દુન્યાદારીને લગતી એક વાત તને પૂછવા માગું છુ."

* કોબાદની પાદશાહીના દશમાં વર્ષે મઝદક નામના શખ્સે તેની દરબારમાં પગ મેલ્યો હતો. અને પયગમ્બરીનો દઅવો કર્યો હતો. આ મૂજી શખ્સ શામ (Syria)નો વતનદાર હતો. કેટલાક લખનારા એને ખુરાસાન ઈલાકાના નિશાપૂર શેહરનો રહેવાસી લખે છે. કોઇક બીજાઓ એને અસ્તખ્રના રહેવાસી કહે છે. આ બદકાર શખ્સની ઝિંદગીનો અહવાલ વાંચતાં જણાય છે, કે તે દુન્યામાં નીતિ રીતીના સંસારનો સર્વથી મોટો નાશ કરનારો હતો. તે સર્વથી પહેલો સર્વથી મોટો સમષ્ટીવાદી (Socialist) હતો. તેણે દેશની ખાનાખરાબીના અને પ્રજાની પાયમાલીના અનેક ફતવા આપ્યા હતા. તેમાં સર્વથી વધારે ખરાબ આ હતો કે દઉલત અને સ્ત્રી કોઈ એક માણસની નહીં કહેવાય, પણ તે તો દરેકની સામાન્ય મિલ્કત કહેવાય. કારણકે જીવવાળી અને નિરજીવ ચીઝો ખોદાની પયદા કરેલી વસ્તુ હોય છે. અને ખોદા તેનો માલેક કહેવાશે. માટે તેની માલેકીનો દઅવો કોઈ એક માણસ કરી શકે નહીં. તે ઉપર દરેક માણસનો હક્ક હોય છે.

મઝદક તેજ ઇતિહાસિક માણસ હતો, કે જેણે આવા ફતવાથી ઈરાની પાદશાહો ઉપર તેમજ ઈરાની પ્રજા ઉપર ગોત્રગમન એટલે કે નિકટના સગાં સાથના આડા વ્યવહારનો આરોપ મેલવાનું કારણ યૂરોપ ખંડના બેખબર લખનારાઓને આપ્યું છે.

કોબાદે સરાયન્દહ્ગોફ્તશ બેગૂય
બમન્ તાઝહ્ કુન્ દર્ જેહાન્ આબ્રૂય
બદૂ ગોફ્ત કાન્ કસ કે મારશ ગઝીદ
હમી અઝ્ તનશ જાન્ બેખાહદ પરીદ
યકી દીગરીરા બુવદ પાવઝહ્ર
ગઝીદહ્ નેયાબદ ઝે તર્યાક્ બહ્ર
સઝાએ ચુનીન્ મરદ ગૂઈ કે ચીસ્ત
કે તર્યાક્ દારદ હેરમ સન્ગ્ નીસ્ત
ચુનીન્ દાદ પાસોખ વરા શહ્રયાર્
કે ખૂનીસ્ત આન્ મરદ તર્યાક્ દાર્
બખૂને ગઝીદહ્ બેબાયદશ કોશ્ત
બદર્ગાહ્ ચૂન્ ખસ્મશ આરદ બમોશ્ત
ચુ બેશનીદ બર્ખાસ્ત અઝ્ પીશે શાહ્
બેયામદ બનઝદીકે ફર્યાદ ખાહ્
બદીશાન્ ચુનીન્ ગોફ્ત કઝ્ શહ્રયાર્
સખુન્ કર્દમ અઝ્ હર્ દરી ખાસ્તાર્
બેબાશીદ તા બામદાદાન્ પગાહ્
નુમાયમ શુમારા સુએ દાદ રાહ્
બેરફ્તન્દો શબ્ગીર્ બાઝ્ આમદન્દ
શખૂદહ્ દેલો પુર્ ગોદાઝ્ આમદન્દ
ચુ મઝ્દક્ ઝે દૂર્ આન્ ગવાનરા બેદીદ
ઝે દર્ગહ્ સુએ શાહે ઇરાન્ દવીદ
ચુનીન્ ગોફ્ત કય શાહે પીરૂઝ બખ્ત
સખુન્ ગૂયો બીદારો ઝીબાએ તખ્ત
સખુન્ ગોફ્તમો પાસોખશ દાદી અમ
બપાસોખ દરે બસ્તહ્ બુકુશાદી અમ
ગર્ અયદૂન્ કે દસ્તૂર્ બાશદ કુનૂન્
બેગૂયમ સખુન્ તા બુવદ રહ્નમૂન્
બદૂ ગોફ્ત બર્ ગૂયો લબ્રા મબન્દ
કે ગોફ્તાર્ બાશદ મરા સૂદમન્દ
ચુનીન્ ગોફ્ત કય નામવર્ શહ્રયાર્
કસીરા કે બન્દી બબન્દ ઉસ્તુવાર્
ખુરેશ બાઝ્ ગીરન્દ અઝ્ તા બેમોરદ
બબીચારગી જાને શીરીન્ સેપોરદ

વખાણુ કરનાર પાદશાહ કોબાદે તેને કહ્યું કે "બોલ-અને દુન્યામાં મારી આબરૂ રોશન કર."

મઝદકે પૂછ્યું કે "જે માણસને કે સાપે કરડયો હોય-અને તેનાં તનમાંથી જીવ નીકળી જવા માગતો હોય,

અને એક બીજાની પાસે પાવઝેહર (તે ઝેહરનો ઉતાર) હોય-છતાં પેલો સાપે કરડેલો શખ્સ તે પાવઝેહરનો ફાયદો નહીં મેળવી શકે,

તો તું કહે કે પેલા તર્યાક ધરાવનારા મર્દ માટે શું સઝા છે?-કારણકે તે પાવઝેહર પૈસાથી તો ખરીદી શકાતુંજ નથી."

પાદશાહે તેને એવો જવાબ આપ્યો-કે "તે તર્યાક ધરાવનાર મર્દ પેલાનો ખૂની છે.

અને તેને જો તેનો દુશ્મન પકડીને મારી દરગાહમાં લાવે તો તેને પેલા સાપે કરડેલા શખ્સનાં ખૂન માટે મારીજ નાખવો જોઇયે."

એ સાંભળી તે પાદશાની આગળથી ઉઠયો-અને પેલા ફર્યાદ કરનારા-ઓની નઝદીક આવ્યો.

અને તેઓને એવો જવાબ દીધો કે "મેં પાદશાહ સાથ તમો દરે-કની ફર્યાદ બાબત વાતચિત્ત કરી છે.

તમો સવારે બામદાદ સૂધી થોભી જાઓ-હું તમોને ઈન્સાફ તરફ- ૪૦૮
નોજ માર્ગ દેખાડીશ."

તેઓ ગયા અને સવારે ઝખ્મી દિલે અને ગમ ભરેલા પાછા આવ્યા.

મઝદકે જ્યારે દૂરથી તે સરદારોને જોયા-ત્યારે દરગાહમાંથી ઇરાનના પાદશાહ પાસે દોડયો.

અને એ પ્રમાણે બોલ્યો કે "ઓ સુભાષિત બોલનાર, ચાલાક અને તખ્તને શોભા આપનાર ફતેહમંદ બખ્તના પાદશાહ!

મેં તને જે વાત પૂછી હતી અને તેનો તેં મને જવાબ આપ્યો હતો-અને તે જવાબથી તેં મારો બંધ દરવાઝો ખુલ્લો કર્યો હતો.

હવે જો તારો હોકમ મળે તો હું એક વાત કહું કે જે તને ઉપ-યોગી થઇ પડશે."

પાદશાહે કહ્યું કે "બોલ અને તારા હોઠને બંદ ના રાખ-તારી વાતથી મને ફાયદોજ થશે."

મઝદક બોલ્યો કે "ઓ નામવર પાદશાહ!-તું જે કોઇને કે મઝ-બૂત બંદમાં બાંધે.

અને તેને તારાં માણસો ખાવાનું નહીં આપે જેથી તે મરી જાય-અને લાચારીએ તે પોતાનો પ્યારો જીવ ખોઈ દે,

---

પાદશાહ કોબાદના મનની વળણુ લગાર દુરાચારી હતી. તેથી તુરત મઝદકના પાપી હાથમાં તે સપડાયો. અને તેના ફતવાથી પોતાની જવાન ખૂબસૂરત બેહેન સાથ આડો માર્ગ લેવા લાગ્યો. જ્યારે મઝદકે કોબાદને પોતાના કાવાદાવાનો ભોગ થયલો જોયો, કે તુરત તેણે નોશીરવાનની માની માગણી કરી. જે ઉપરથી નોશીરવાન અને મઝદક વચ્ચે દુશ્મનીનું બી રોપાયું.

મઝદક એક નહીં પણ અનેક બૂરા ફતવાઓ આપતો હતો પણ પોતે તે પ્રમાણે ચાલતો હતો નહીં, તો જો કે તે પોતે તો પરહેઝગારીનો વેશ લઈ ફરતો હતો. ટુંક મુદતમાં હઝારો ભૂખે મરતા લોકો તેના ચેલા બની ગયા અને દેશમાં તેઓએ લૂટફાટનું કામ ચાલુ કર્યું. આથી અમીર ઉમ્રાઓ અને વઝીરોએ કોબાદને કયદ કર્યો. પણ ત્યાંથી છૂપી રીતે છટકી જઇ હય-તાલના પાદશાહનો આસરો લીધો અને તેની મદદ લઈ પાછો ઇરાનમાં આવી રૈયત સાથ સલાહ કરી અને મઝદકના તરીકાની તપાસ માટે નોશીરવાનને મુકરર કર્યો. નોશીરવાને દાના મોબેદોની મજલેસમાં તેના મૂજી ફતવાઓની તપાસ લીધી અને જ્યારે તેનું સઘળું ખોટારૂં ઝાહેર થયુ ત્યારે તેને તેના ત્રીસ હઝાર ચેલાઓ સાથ મારી નાખ્યો. બીજા લખનારાઓ આ ચેલાઓની સંખ્યા એંસી હઝારની કહે છે.

ઝાહેરમાં નોશીરવાનની ધાકથી જો કે મઝદકનો તરીકો નાબૂદ થયલો જણાયો, પણ છૂપી રીતે તે ચાલુજ હતો. આખી શેહનશાહતમાં આ નાપાક મઝદકના નાશકારક ફતવાઓનાં બીયાં જગેજગ પથરાઇ ગયાં હતાં. અને આજ સુધી તે બીયાં ઈરાન અને અફગાનેસ્તાનમાં ઠેકાણે ઠેકાણે ઉગી નીકળતાં જણાય છે. મઝકૂર દેશોમાં આજે લોકો ઈસ્લામી દીન પાળે છે ખરા, પણ દૂર દરાઝ પહાડો અને ખીણોમાં વસતા લૂટફાટ કરનારા વહેશી માણસો મઝદકના તરીકાનો ઉપયોગ કરતા હજી જણાય છે. તેઓ ફાર્સીમાં "ચરાઘકુશ" અને પશ્તૂ ભાષામાં "ઓરમાર"ને નામે ઓળખાય છે.

સુકાફાતે આન્ કમ્ કે નાન્ દાશ્ત ઊય
મરીન્ બસ્તહુરા ખારૂ બુગ્ઝાશ્ત ઊય
૪૦૯ ચે બાશદ બેગૂયદ મગરૂ પાદશા
કે ઇન્ મરૂદ દાના બુદો પારૂસા
ચુનીન્ દાદ પાસોખ કે બીકન્ તનશ
કે ખૂનીસ્ત ના કર્દહુ દરૂ ગર્દનશ
ચુ બેશ્નીદ મઝદકૂ ઝમીન્ બૂસહુ દાદ
ખરામાન્ બેયામદ ઝે પીશે કોબાદ
બદરૂગાહુ ઊ શુદ બઅન્જુમનહુ ગોફ્ત
કે જાઇ કે ગન્દુમ બુવદ દરૂ નેહોફ્ત
શવીદો હમહુ બહુરહુ જૂ બરૂ ગુઝીદ
બહા ગરૂ બેગીરન્દ ઝરૂ બેસ્પરીદ
બતારાજ દાદ આન્ કે બૂદશ બશહુરૂ
બદાન્ તા યકાયકૂ બેયાબન્દ બહુરૂ
દવીદન્દ હરૂ કસ કે બુદ ગુર્સનહુ
બતારાજે ગન્દુમ શુદન્દ અઝ્ બુનહુ
ચે અમ્બારે શહુરી ચે આને કોબાદ
બયકૂ દાનહુ ગન્દુમ નબૂદન્દ શાદ
ચુ દીદન્દ રફ્તન્દ કારૂઆગહાન્
બનઝદીકે બીદારૂ શાહે જહાન્
કે તારાજ કર્દન્દ અમ્બારે શાહુ
બમઝદકૂ હમી બાઝ્ ગર્દદ ગુનાહુ
૪૧૦ કોબાદ આન્ સખુન્ ગૂયરા પીશ ખાન્દ
ઝે તારાજ ચન્દી સુખુન્હા બેરાન્દ
ચુનીન્ દાદ પાસોખ કે નૂશહુ બુદી
ખેરદરા બગોફ્તારૂ તૂશહુ બુદી
સખુન્ હરૂચે બેશ્નીદમ અઝ્ શહુરૂયારૂ
બેગોફ્તમ બબાઝારેયાન્ ખારૂ ખારૂ
બશાહે જહાન્ ગોફ્તમ્ અઝ્ મારો ઝહુરૂ
વઝાન્ કસ કે તર્યાકૂ દારદ બબહુરૂ
બદીન્ બન્દહુ પાસોખ ચુનીન્ દાદ શાહુ
ઝે તર્યાકૂ દારો ઝે તર્યાકૂ ખાહુ
કે ગરૂ મારૂ કોશ્તહુ બેમીરદ બશહુરૂ
નેયાબદ અઝાન્ મર્દે તર્યાકૂ બહુરૂ
બેખાહન્દ ખૂનશ અઝાન્ મર્દે ઝફ્ત
કે કારે શાહી ખુરદ નત્વાન્ ગેરફ્ત
ચુ શુદ ગુરૂસનહુ નાન્ બુવદ પાવઝહુરૂ
બસીરી નખાહદ ઝે તર્યાકૂ બહુરૂ
અગરૂ દાદગરૂ બાશી અય શહુરૂયારૂ
દરૂ અમ્બારૂ ગન્દુમ નેયાયદ બકારૂ
શેકમ ગુર્સનહુ ચન્દ મરૂદુમ બેમોરદ
કે અમ્બારે આસૂદહુ જાનશ બેબોરદ
૪૧૧ ઝે ગોફ્તારે ઊ તન્ગદેલ શુદ કોબાદ
બેશુદ તીઝ્ મગ્ઝશ ઝે ગોફ્તારે દાદ
વઝાન્ પસ બેપુર્સીદો પાસોખ શનીદ
દેલો જાને ઊ પુરૂ ઝે ગોફ્તારૂ દીદ
ઝે ચીઝી કે ગોફ્તન્દ પયગમ્બરાન્
હમાન્ દાદગરૂ મૂબેદાનો રદાન્
ઝે ગોફ્તારે મઝદકૂ હમી કમ્ઝહુ ગશ્ત
સુખુનહા ઝે અન્દાઝહુ અન્દરૂ ગુઝશ્ત

તો તે માણુસ કે જેની પાસે રોટી હતી અને તેણે આ કયદીને ખુવાર છોડી દીધો તેની સઝા,

શું હોય? તે કહાચ પાદશાહ ફર્માવે-કારણકે તે મરણ પામેલો કયદી અકલમંદ અને પર્હીઝગાર માણસ હતો.”

પાદશાહે જવાબ દીધો કે “તેનાં શરીરના કકડા કરવા જોઇયે-કારણ તેની ગફલતથી તેની ગર્દન ઉપર ખૂનનો આરોપ ચઢયો છે.”

જ્યારે મઝદકે એવું સાંભળ્યું ત્યારે ઝમીનને બોસો દઇ-કોબાદની નઝદીકથી ખુશહાલ ચાલી આવ્યો.

અને પાદશાહની દરગાહમાં જઈ પેલાં એકઠાં મળેલાં લોકોને કહ્યું-કે “જે જગ્યાએ ઘઉંનો જથ્થો ભરેલો હોય,

ત્યાં તમો જાઓ અને તમારે હિસ્સેનો જેટલો જોઇયે એટલે લેઓ-અગર તેની કીમત તેઓ લેવા માગે તો તમો પૈસા આપજો”

તેણે શેહરમાં પોતાની જે કાંઇ અનાજની વખાર હતી તે લૂટાવી દીધી-જેથી દરેક માણુસને તેનો ભાગ મળે.

હવે જેઓ ભૂખ્યા હતા તેઓ દોડયા-અને ઘઉંની વખારો છેકવેરથી લૂટવા પડયા.

શું શેહરીઓની વખાર કે શું કોબાદની વખારો લૂટાઈ ગઇ-તેઓ એક ઘઉંના દાણા માટે પણ સંતોષી રહ્યા નહીં.

અમલદારોએ જ્યારે એ જોયું ત્યારે દેશના આ ચાલાક પાદશાહની નઝદીક ફર્યાદ ગયા,

કે “પાદશાહની અનાજની વખાર લોકોએ લૂટી તારાજ કરી નાખી છે-એનો વાંક મઝદકની ઉપર લાગુ ગડે છે.”

કોબાદે તે સુભાષિત બોલનારને તેડાવી મંગાવ્યો-અને તે લૂટ માટે કેટલીક વાતો કીધી.

તેણે એવો જવાબ આપ્યો કે “તું ખુશહાલ છવજે-અકલને તારી વાતોથી ખોરાક મળજો!

પાદશાહને મોઢેથી જે મે સાંભળ્યું-તે મેં જઇને ભૂખે મરતા કંગાલ બાઝારના લોકોને કહ્યું.

મેં તું દેશના પાદશાહને સાપ અને ઝેહરને માટે પૂછ્યું-તેમજ તેને માટે કે જેની પાસે તે ઝેહરનો ઉપાય હોય તે માટે પૂછ્યું.

અને મુજ બંદાને પાદશાહે તે તર્યાક ધરાવનાર અને તર્યાક માંગનારને માટે એવો જવાબ આપ્યો,

કે “અગર સાપનો કરડેલો શેહરમાં મરી જાય-અને તે તર્યાક ધરાવનારા મર્દથી તેને તેના ઉપાયનો હિસ્સો નહીં મળે,

તો તે બખીલ માણુસ પાસથી પેલાનાં ખૂનનો બદલો લેવો જોઇયે-કારણકે પાદશાહી હોકમને તુચ્છ નહીં સમજવો જોઇયે.

હવે જો કોઇ ભૂખ્યો થયો તો તેને માટે રોટીજ તેનો એલાજ છે-એક ધરાયલા શખ્સને તે તર્યાકની ઝરૂર નથી પડતી.

ઓ પાદશાહ! જો તું ઈન્સાફી હોય-તો તું વિચારી લે કે વખારમાં ભરેલા ઘઉં કાંઇ કામ નથી લાગતા.

ભૂખે પેટે કેટલાં માણુસો મરી ગયાં?-તું જાણુ કે અનાજની ભરેલી વખારેજ તેઓના જીવ લીધા.”

મઝદકની વાતથી કોબાદ રંજીદા થયો-તેની આવી રીતની ઈન્સાફી વાતથી તેનું મગઝ ફરકેરાયું.

ત્યાર બાદ પાદશાહે તેને કેટલાક સવાલો કર્યા અને તેના જવાબો સાંભળ્યા-પાદશાહે તેનું મન તકરારથી ભરપુર જોયું.

સંદાશા લઈ જનારાઓથી અને વળી પ્રમાણિક સલાહકારો તેમજ ડાહ્યા પુરૂષોથી જે પાદશાહે સાંભળ્યું હતું,

તે સઘળું મઝદકની વાતથી ફેરવતો ગયો-અને તે વાત હવે હદથી બાહેર ગઇ.

બરૂ અન્જુમન શુદ્દ ફેરાવાન્ સેપાહુ
બસી કસ બબીરાઙ્કી આમદ્દ ઝે રાહુ
હમી ગોફ્રૂત હરૂ કૂ તવાન્ગરૂ બુવદ્દ
તેહી દસ્ત બા ઊ બરાબરૂ બુવદ્દ
નબાયદ્દ કે બાશદ્દ કસી બરૂ ફેઝૂદ્દ
તવાન્ગરૂ બુવદ્દ તારો દર્વીશ પૂદ્દ
જહાન રાસ્ત બાયદ્દ કે બાશદ્દ બચીઝ
ફ્રેઝૂની તવાન્ગરૂ હરામસ્ત નીઝ
ઝનો ખાનહો ચીઝ બબ્શીદનીસ્ત
તેહી દસ્ત કસ બા તવાન્ગરૂ યકીસ્ત
મન ઈનરા કુનમ રાસ્ત તા દીને પાકૂ
શવદ્દ વીઝાહુ પયદા બલન્દ્દ અઝ મધાકૂ
હરાન્ કસ કે ઊ જોઝ બદીન્ દીન્ બુવદ્દ
ઝે યઝદાન્ બદાન્ દીવ નફ્રીન્ બુવદ્દ
અગરૂ પીરૂ બૂદી અગરૂ કૂદકી
હમા ગશ્ત દર્વીશ બા ઊ યકી
અઝીન્ બેસ્તદી ચીઝો દાદી બદાન્
ફેરૂમાન્દહુ અઝ કારે ઊ મૂબદાન્
ચુ બેશ્નીદ્દ દરૂ દીને ઊ શુદ્દ કોબાદ્દ
ઝે ગીતી બગોફૂતારે ઊ બૂદ્દ શાદ્દ
વરા શાહુ બેન્શાન્દ્દ બરૂ દસ્તે રાસ્ત
નદાનેસ્ત લશ્કરૂ કે મૂબેદ્દ કુજાસ્ત
બરે ઊ શુદ્દ આન્ કસ કે દર્વીશ બૂદ્દ
વગરૂ નાનશ અઝ કૂશેશે ખીશ બૂદ્દ
બગેર્દે જહાન્ તાઝહુ શુદ્દ દીને ઊય
નેયારસ્ત જોસ્તન્ કસી કીને ઊય
તવાન્ગરૂ હમી સરૂ ઝે નીકી બેકાશ્ત
સેપોર્દી બદર્વીશ ચીઝી કે દાશ્ત

ઘણાંક લશ્કરી સેપાહો મઝદક આગળ એકઠા થવા લાગ્યાં-અને બીજાં ઘણાંક લોકો સીધી રાહ છોડી તેણે દેખાડેલા આડા માર્ગ ઉપર ઉતરી પડયાં.

તે એવો ફતવો આપવા લાગ્યો કે "જે કોઇ પૈસાદાર છે-તે એક ગરીબ માણસની બરાબરનોજ કહેવાય છે.

એવું નહીં બનવું જોઇયે કે કોઇની દઉલત ઝેયાદા હોય-પણ પૈસાવાળા અને ગરીબોએ તાણા અને વાણાની માફક એકસરખી પંક્તિએ રહેવું જોઇયે.

દુન્યામાં લોકો માલમતામાં એકસરખાં હોવા જોઇયે-દઉલતમંદો વધારે દઉલત ધરાવે તે હરામ કહેવાય.

તે તવંગરોએ પોતાની સ્ત્રીઓને મિલ્કતને અને માલમતાને ગરીબોને આપી દેવી જોઇયે-ગરીબો અને તવંગર એકજ પંક્તિના હોવા જોઇયે.

માટે આ બીના હું બરાબર કરીશ કે જેથી પવિત્ર દીનની રીત રસમ-ખસૂસ કરીને જે હાલ છૂપાયલી છે તે ઝાહેરમાં આવે.

જે કોઇ શખ્સ કે આ દીન સિવાય કશી બીજી દીન ઉપર હશે-તો ૪૧૨
તે દેવ ઉપર યઝદાનની લઆનત પડશે."

તેના ફતવા પ્રમાણે અગર કોઇ બુઝોર્ગ શખ્સ હતો કે કોઈ જવાન શખ્સ હતો-તેની સાથ એક ફકીર સરખોજ ગણાતો હતો.

તે એક પૈસાવાળાની પાસેથી ચીઝો લઇ લેતો અને કોઈ ગરીબને આપી દેતો-મઝદકનાં આવી રીતનાં કામોથી સઘળા દાનાઓ લાચાર બની ગયા.

જ્યારે પાદશાહ કોબાદે એવું સાંભળ્યું ત્યારે તે તેની દીનમાં ગયો-દુન્યામાં તે બસ તેનીજ વાતમાં ખુશહાલ રહેતો.

પાદશાહે તેને પોતાના જમણા હાથ ઉપર બેસાડયો હતો-તેનાં લશ્કરે એમ પણ નહીં જાણ્યું કે "તેનો વડો વઝીર કયાં છે?"

જે કોઈ કે દરવેશ લોકો હતા અથવા જે કોઈ પોતાની મેહનતથી રોટી પયદા કરતા હતા તેઓ તેની સાથ જોડાયા.

ઈરાન દેશની આસપાસ તેનીજ દીન ફેલાવા લાગી-કોઇએ તેની સાથ કીનો શોધવાની હિમ્મત કીધી નહીં.

ધનવાન શખ્સો પોતાની પાસની ચીઝો ગરીબોને સોંપવા લાગ્યાથી તેઓ પણ નેકીના માર્ગ ઉપરથી પોતાનાં સર ફેરવવા લાગ્યા.

સર્ બાઝ્ ઝદને નૂશીરવાન્ અઝ્ દીને મઝૂદક્ વ કોશતન્ ઊરા બપયરવાનશ્.

——:o:——

ચુનાન્ બુદ્દ કે યક્ રૂઝ મઝદક્ પગાહુ
ઝે ખાનહુ બેયામદ્દ બનઝદીકે શાહુ
ચુનીન્ ગોફૂત કઝ દીન્ પરસ્તાને મા
હમ અઝ પાક દેલ્ ઝીરૂદસ્તાને મા
ફેરાવાન્ ઝે ગીતી સરાન્ બરૂ ઝદન્દ્દ
ફેરૂદ્દ આવરમ શાન્ વગરૂ બુગ્ઝરન્દ્દ
ઝે મઝદક્ રાનીદ્દ ઈન્ સુખુનહા કોબાદ્દ
બસાલારૂ ફરૂમૂદ્દ તા બારૂ દાદ્દ
ચુનીન્ ગોફૂત મઝદક્ બપુરૂમાયહુ શાહુ
કે ઈન્ ખાનહુ તન્ગસ્તો ચન્દીન્ સેપાહુ
હમાના નગુન્જન્દ્દ દરૂ પીશગાહુ
બહામૂન ખરામદ્દ કુનદ્દ શાન્ નેગાહુ

નોશીરવાને મઝદકની દીનનો ઈનકાર કરવો અને તેને તેના સાથીઓ સાથ મારી નાખવો.

——:o:——

એવું બન્યું કે એક દહાડો બામદાદે મઝદક-પોતાનાં ઘરમાંથી પાદશાહની નઝદીક આવ્યો.

અને બોલ્યો કે "આપણી દીન પાળનારાઓમાંથી-તેમજ આપણાં નેકદિલના તાબેદારોમાંથી,

દેશના ઘણાક સરદારો દરવાઝા ઉપર આવ્યા છે-તેઓને હું અંદર ૪૧૩
લાઉં યા તેઓ ચાલી જાય?"

કોબાદે મઝદકની એ વાત સાંભળી-દરબારના વડાને હોકમ કર્યો જેથી તેઓને દાખેલ કીધા.

મઝદકે મોબ્બાદાર પાદશાહને કહ્યું-કે "આ મકાન સાંકડું છે અને માણસો ઘણાં છે.

ખચીત કે તેઓ આ દરબારમાં સમાશે નહીં-તેથી પાદશાહે મયદાનમાં આવી તેઓને જોવા."

બેફરૂમૂદ તા તખ્ત બીરૂન બરન્દ
અઝ અયવાને શાહી બહામૂન બરન્દ
બદશ્ત આમદ અઝ મઝદકી સદ હઝાર
બેરફતન્દ શાદાન્ બરે શહરયાર
ચુનીન્ ગોફત મઝદક બશાહે ઝમીન્
કે અય બરતર અઝ દાનેશો આફરીન્
ચુનીન્ દાન્ કે કેસ્રા ન બર દીને માસ્ત
ઝે દીન્ સર કશીદન વરા કય સઝાસ્ત
યકી દસ્તખત્તશ બેબાયદ સેતદ
કે સર બાઝ ગર્દાનદ અઝ રાહે બદ
બેપીચાનદ અઝ રાસ્તી પન્જ ચીઝ
કે દાના બરીન્ પન્જ નફૂઝદ નીઝ
૪૧૪ કુજા રશ્કો ખેશમસ્તો કીનો નેયાઝ
બપન્જુમ કે ગર્દદ બરૂ ચીરહ આઝ
તો ગર ચીરહ બાશી બરીન્ પન્જ દીવ
પદીદ આયદત રાહે ગયહાન્ ખેદીવ
અઝીન્ પન્જ મારા ઝનો ખાસ્તસ્ત
કે દીને બેહી દર જહાન્ કાસ્તસ્ત
ઝનો ખાસ્તહ નાયદ અન્દર મેયાન્
ચુ દીને બેહીરા નખાહી ઝેયાન્
બદીન્ દુ બુવદ રશ્કો આઝો નેયાઝ
કે બા ખેશ્મો કીન્ અન્દર આયદ બરાઝ
હમી દીવ પીચદ સરે બેખ્રદાન્
નબાયદ નેહાદ ઈન દદ અન્દર મેયાન્
ચુ ઈન ગોફતહ શુદ દસ્તે કેસ્રા ગેરેફત
બદૂ માન્દહ બુદ શાહે ઈરાન શેગેફત
અઝ નામવર દસ્ત બેસ્તદ બખશ્મ
બતુન્દી ઝે મઝદક બેતાબીદ ચશ્મ
બમઝદક ચુનીન્ ગોફત ખન્દાન્ કોબાદ
કે અઝ દીન કેસ્રા ચે દારી બયાદ
ચુનીન્ ગોફત મઝદક કે ઊ રાહે રાસ્ત
નેહાની નદારદ ન બર દીને માસ્ત
૪૧૫ હમાનગહ ઝે કેસ્રા બપુર્સીદ શાહ
કે અઝ દીને બેહ બુગ્ઝરી ચીસ્ત રાહ
બદૂ ગોફત કેસ્રા ચુ યાબમ ઝમાન્
બેગૂયમ કે કઝ્ઝસ્ત યકસર ગમાન્
ચુ પયદા શવદ કઝ્ઝીઓ કાસ્તી
દેરફ્શાન્ શવદ પીશે મન રાસ્તી
બદૂ ગોફત મઝદક ઝમાન ચન્દ રૂઝ
હમી ખાહી અઝ શાહે ગીતી ફેરૂઝ
વરા ગોફત કેસ્રા ઝમાન્ પન્જ માહ
શશુમરા હમહ બાઝ ગૂયમ બશાહ
બરીન્ બર નેહાદન્દો ગશતન્દ બાઝ
બઅયવાન્ શુદ આન્ શાહે ગર્દનફરાઝ
ફેરેસ્તાદ કેસ્રા બહર જાય કસ
કે દાનન્દઈ દીદો ફર્યાદરસ
કસ આમદ સુએ ખરરએ અર્દશીર
કે આયદ બદરગાહ હોરમુઝદે પીર
ઝે એસ્તખર મેહર આઝરે ફારસી
બેયામદ બદરગાહ બા યાર સી

પાદશાહે હોકમ કીધો કે "તખ્ત બાહેર કાઢે-અને પાદશાહી અયવાનમાંથી મયદાનમાં લઈ જાય."

તે મયદાનમાં મઝદકી ટોળામાંથી એક લાખ માણસ આવ્યાં-અને તેઓ ખુશહાલ પાદશાહની નઝદીક હાઝેર થયાં.

ત્યાં મઝદકે દેશના પાદશાહ કોબાદને એ પ્રમાણે કહ્યું-કે "ઓ ડહાપણ અને વખાણને લાયકથી પણ વધુ ચઢિયાતા પાદશાહ!

તું જાણ કે કેસ્રા (નોશીરવાન) આપણી દીન ઉપર આવતો નથી-શું તેણે એમ દીનથી સર ફેરવવું સઝાવાર છે?

તેની પાસે એક લખત લખાથી લેવું જોઇયે-કે તે પોતાની બૂરી રાહથી સર ફેરવે.

માણસને પાંચ ચીઝ રાસ્તીથી ફેરવે છે-અકલમંદો વટિક એ પાંચમાં વધારો કરી શકતા નથી.

કે જે અદેખાઈ, ગુસ્સો, કીનો અને હાજત છે-અને પાંચમી ચીઝ લોભ છે કે જે સર્વ ઉપર ગાલેબ થાય છે.

જો તું આ પાંચ જાતના દેવો ઉપર ગાલેબ થાય તોજ તને ખોદાતાલાની રાહનો માર્ગ દેખાય.

એ પાંચ દેવ જેવી ખસ્લતથી માણુસ દઉલત અને રૂપ સુંદરીઓ એકઠી કરે છે-કારણકે ભલી દીન દુન્યામાંથી નાબૂદ થઈ છે.

જો તું ભલી દીનને નુકસાન નહીં કરવા માગતો હોય-તો સ્ત્રી અને દઉલત એ બન્ને તેની વચ્ચે આવવાં નહીં જોઇયે.

એ બન્નેથીજ અદેખાઈ, લોભ અને હાજત પયદા થાય છે-કારણકે ગુસ્સો અને કીનો છૂપી રીતે અંદર ભેળાય છે.

આ દેવની ખસ્લત તો અકલમંદોનાં માથાં ફેરવી મૂકે છે-આ ફાડીખાનાર જાનવરો (યાને પાંચ બૂરી ખસ્લતો) આપણા શરીરમાં રહેવાં જોઇયે નહીં."

જ્યારે મઝદક એટલું બોલી રહ્યો ત્યારે તેણે નોશીરવાનનો હાથ પકડ્યો-આ જોઇ ઈરાનનો પાદશાહ પણ અજબ રહ્યો.

પણ તે નામવરે ગુસ્સાથી પોતાનો હાથ તેના હાથમાંથી છોડાવી લીધો-અને મઝદક તરફથી ગુસ્સામાંજ આંખો ફેરવી નાખી.

આથી કોબાદે હસતાં હસતાં મઝદકને પૂછ્યું-કે "દીનને માટે તું નોશીરવાનની વાત શા માટે વચ્ચે લાવે છે?"

મઝદક બોલ્યો કે "અંદરખાનેથી તે સચાઇનો માર્ગ એખ્તયાર કરતો નથી અને તે આપણી દીન ઉપર યકીન પણ લાવતો નથી."

તેજ વખત પાદશાહે નોશીરવાનને પૂછ્યું-કે "આ ભલી દીનથી ફરી જવાનું તને કારણ શું?"

નોશીરવાને જવાબ દીધો કે "જો મને વખત મળે તો હું સાબેત કરી આપું કે આ એના વિચારો સઘળા ખોટા છે.

જ્યારે આ દીનનું જૂઠાણું અને અપ્રમાણિકપણું ઝાહેર થાશે ત્યારેજ મારી સચ્ચાઈ વધુ ઝળકતી બનશે."

મઝદકે તેને પૂછ્યું કે "તું દેશને રોશન કરનારા પાદશાહ પાસેથી કેટલા દિવસની મેહલત માગે છે?"

નોશીરવાને જવાબ દીધો કે "પાંચ મહિનાનો વખત-છઠે મહિને હું પાદશાહને સઘળું ખુલ્લું કરી આપીશ."

એવો ઠરાવ કરી તેઓ સઘળા પાછા ફર્યા-અને ગરદન ફરાઝ પાદશાહ પોતે પાછો મેહલમાં ગયો.

કેસ્રાએ (નોશીરવાને) હોશ્યાર અને મદદગાર માણસોને જોઇને દરેક જગ્યાએ રવાના કીધા.

આથી એક જણ ખુરએ અર્દશીર તરફ આવ્યો-કે "બુઝોર્ગ હોરમઝદ પાદશાહની દરગાહમાં આવે."

એસ્તખ્રથી પાર્સનો મેહરઆઝર ત્રીસ મિત્રો સાથ દરગાહમાં આવ્યો.

નેશસ્તન્દ દાનેશ પેજૂહાન્ બહમ
સખુન્ રફ્તુ હરૂગૂનહ્ અઝ્ બીશો કમ
બકેસ્રા સેપોર્દન્દ યક્સરૂ સોખન્
બેરદમન્દો દાનન્દગાને કોહન્
ચુ બેશ્નીદ કેસ્રા બનઝ્દે કોબાદ
બેયામદ ઝે મઝ્દક્ હમી કરૂદ યાદ
કે અકૂનૂન્ ફરાઝ્ આમદ આન્ રૂઝગારૂ
કે દીને બેહીરા કુનમ ખાસ્તારૂ
ગરૂ અયદૂન્ કે ઊરા બુવદ રાસ્તી
શવદ દીને ઝરૂદુશ્ત દરૂ કાસ્તી
પઝીરમ મન્ આન્ પાક્ દીને વરા
ઝે જાન્ બરૂ ગુઝીનમ ગુઝીને વરા
ચુ રાહે ફરીદૂન્ શવદ ના દુરોસ્ત
ઊઝયરો મસીહાઓ હમ ઝન્દવોસ્ત
સખુન્ ગોફ્તને મઝ્દક્ આયદ બજાય
નબાયદ બગીતી જોઝ્ ઊ રહનુમાય
ગરૂ અયદૂન્ કે ઊ કઝ્ઝ્ ગૂયદ હમી
રહે પાક્ યઝ્દાન્ નજૂયદ યમી
તો બીઝારૂ શવ્ અઝ્ રહે દીને ઊય
બેનેહ્ દૂરૂ ના ખુરૂરમ આઇને ઊય
બમન્ દેહ્ વરા વાન્ કે દરૂ દીને ઊસ્ત
મબાદા યકીરા બતન્ મગ્ઝો પૂસ્ત
ગવા કરૂદ ઝરૂમેહરો ખરૂરાદરા
ફરાઇનો બન્દૂયો બેહ્ઝાદરા
વઝાન્ જાયગહ્ શુદ બઅયવાને ખીશ
નેગહ્દાશ્ત આન્ રાસ્ત પયમાને ખીશ
ચુ શબ્ગીરૂ બેન્મૂદ ખુરૂશીદ તાજ્
ઝમીન્ શુદ બકેર્દારે દર્યાએ આજ્
હમી રાન્દ ફર્ઝન્દે શાહે જેહાન્
સખુન્ ગૂય બા મૂબેદાનો મેહાન્
બરાબરૂ બઅયવાને શાહ્ આમદન્દ
સખુન્ગૂયો જૂયન્દહ્ રાહ્ આમદન્દ
હેલારાય ફ્રૂદક્ સુએ કયકોબાદ
બેયામદ સખુનરા દરૂ અન્દરૂ કુશાદ
ચુનીન્ ગોફ્ત મૂબેદ બપીશે ગોરૂહ્
બમઝ્દક્ કે અય મર્દે દાનેશ પેજૂહ્
યકી દીને નવ્ સાખ્તી દરૂ જહાન્
નેહાદી ઝનો ખાસ્તહ્ દરૂ મેયાન્
ચે દાનદ પેદરૂ કશ્ કે બાશદ પેસરૂ
પેસરૂ હમચુનીન્ ચૂન્ શેનાસદ પેદરૂ
ચુ મરૂદુમ બરાબરૂ બુવદ દરૂ જેહાન્
નબાશન્દ પયદા કેહાનો મેહાન્
કે બાશદ કે જૂયદ દરે કેહ્તરી
ચે ગૂનહ્ તવાન્ સાખ્તન્ મેહ્તરી
કે બાશદ મરાઓ તોરા કારૂગરૂ
ચુ મરૂદુમ જુદા માનદ અઝ્ બેહ્ બતરૂ
કસી કૂ બુરદ જાયો ચીઝશ કેરાસ્ત
કે શુદ કારૂગરૂ બન્દહ્ બા શાહ્ રાસ્ત
જહાન્ ઝીન્ સખુન્ પાક્ વીરાન્ શવદ
નબાયદ કે ઇન્ બદ બઇરાન્ શવદ

સઘળા વિદ્વાનો સાથે બેઠા-અને દરેક તરેહની વધતી ઓછી વાત કીધી.

પછી અકલમંદો અને અનુભવી દાનાઓએ-સઘળી વાત નોશીર- ૪૧૬
વાનને કહી.

જ્યારે નોશીરવાને સાંભળ્યું ત્યારે તે કોબાદની નઝદીક-આવ્યો અને મઝદક વિષે વાત કરવા લાગ્યો.

તે બોલ્યો કે "હવે તે વખત નઝદીક આવ્યો છે-કે હું ભલી દીન માટે તપાસ કરૂં.

અગરજો તેની દીન રાસ્તી હશે-અને ઝરતોશ્તી દીન ખોટી સાબેત થશે,

તો હું તેની તે પાક દીન કબૂલ કરીશ-તેની પસંદ કીધેલી દીનને મારા જીવથી ઝેયાદ ગણીશ.

જે દીનનો રસ્તો પાદશાહ ફરીદૂને લીધો હતો તે જો ખોટો ઠરે-મૂસા, ઈસુખ્રીસ્ટ અને વળી ઝંદ અવસ્તા પણ ખોટા ઠરે,

તો પછી મઝદકનુંજ કહેલું સાચું ઠરે-અને તે તેના સિવાય દુન્યામાં કોઇ બીજો પયગમ્બર જોયેજ નહીં.

પણ જો એમ ઠરે કે તે ઉલટું બોલે છે-અને પાક યઝદાનની રાહ ઉપર નથી ચાલતો,

તો તું તેની દીનની રાહથી પાછો ફરજે-અને તેની ખરાબ રીતભાત દૂર કરજે.

અને તેને તેમજ તેની દીનવાળાઓને તું મને સોંપી આપજે-તેઓ એકનાં પણ બદન ઉપરનું ચામડું કે મગઝ કાયમ રહે એવું કદી પણ બનતું ના !"

આ વાત ઉપર તેણે ઝરમેહર, ખરરાદ, ફરાઇન, બન્દૂય અને બેહઝાદ ૪૧૭
નામના શખ્સોને સાક્ષી તરીકે રાખ્યા.

પછી પોતાના મેહલમાં ગયો-તેણે પોતાના સાચા કોલને પાળ્યો.

જ્યારે સવારે ખોરશીદે પોતાનું તાજ બતાવ્યું-અને ઝમીન હાથી-દાંતના દર્યા માફક સફેદ થઈ,

ત્યારે દેશના પાદશાહનો છટાદાર બોલનારો બેટો નોશીરવાન પેલા દાનાઓ અને સરદારો સાથ ચાલવા લાગ્યો.

તે સુભાષિત બોલનારા અને રાહ શોધનારા શખ્સો પાદશાહના મેહ-લની નઝદીક આવી લાગ્યા.

દિલચસ્પ જવાન નોશીરવાન પાદશાહ કોબાદ આગળ-આવ્યો અને વાત શુરૂ કીધી.

ત્યાં તે ટોળાંની વચ્ચે એક દાનાએ પેલા મઝદકને એ પ્રમાણે સવાલ કીધો કે "ઓ દાનાઈ શોધનારા શખ્સ !

તેં દુન્યામાં એક નવીજ દીન ઉભી કીધી છે-અને સ્ત્રીઓ તેમજ સઘળા માલ અસ્બાબને સર્વના સામાન્ય ઉપયોગમાં રાખ્યા છે,

તો બાપ પોતાના બેટાને કેમ ઓળખી શકશે ?-તેમજ બેટો બાપને કેમ ઓળખી શકે ?

જ્યારે દુન્યામાં સઘળાં માણસો એકજ પંક્તિના થશે-તો મોટા અને નાના માલૂમ પડશેજ નહીં.

ત્યારે એવો શખ્સ કોણ હશે કે જે ચાકરી કરવા જાય ?-તેમજ ૪૧૮
નોકર વગર કોઈ શેઠાઇ પણ કેમ કરી શકશે ?

તારા અને મારા કામ કરનાર કોણ રહેશે-ભલાં ભૂંડાં માણસમાં તફાવત કેમ રહેશે ?

જો એક ખિદમત કરનારો ગોલામ પાદશાહનીજ બરાબરનો થયો-તો પછી જ્યારે કોઈ મરી જાય ત્યારે તેનાં ઘરબાર અને માલ મિલ્કત કોણના કહેવાશે ?

આવી રીતની તારી વાતોથી તે સઘળો દેશ વયરાન થઈ જશે-આવી બદી ઈરાનમાં દાખેલ થવી નહીં જોઇયે.

હમહુ કહખોદાયન્દો મઝદૂરૂ કીસ્ત
હમહુ ગન્જ દારન્દો ગન્જૂરૂ કીસ્ત
ઝે દીન આવરાન્ ઇન્ સખુન્ કસ નગોફત
તો દીવાનગી દારી અન્દરૂ નેહોફ્ત
હમહુ મરૂદુમાન્‌રા બદૂઝખ બરી
હમહુ કારે બદરા બબદ નશમરી
ચુ બેશનીદ ગોફતારે મૂબેદ કોબાદ
બરૂ આશોફતો અન્દરૂ સખુન દાદ દાદ
ગેરાન્‌માયહુ કેસ્રા વરા યારૂ ગશ્ત
દેલે મર્દે બી દીન્ પુરૂ આઝારૂ ગશ્ત
પુરૂ આવાઝ શુદ અન્જુમન્ સરૂબસરૂ
કે મઝદકૂ મબાદા બરે તાજ્‌વરૂ
૪૧૯ હમી દારદ આન્ દીને યઝદાન તબાહુ
મબાદા બરીન્ નામવરૂ બારૂગાહુ
અઝાન્ દીન્ જહાન્‌દારૂ બીઝારૂ શુદ
સરે સરૂકશાન્ પુરૂ ઝે તીમારૂ શુદ
બકેસ્રા સેપોર્દશ હમાન્‌ગાહુ શાહુ
અબા હરૂ કે ઊ દાશ્ત આન્ દીનો રાહુ
બદાન્ રાહુ બુદ નામવરૂ સેહુ હઝારૂ
બફર્ઝન્દ ગોફ્ત આન્ ઝમાન્ શહરૂયારૂ
કે બા ઈન્ સરાન્ હરૂચે ખાહી બેકુન
વઝીન્ પસ ઝે મઝદકૂ મગર્દાન્ સખુન
બદરૂગાહે કેસ્રા યકી બાઘ બૂદ
કે દીવારે ઊ બરૂતરૂ અઝ રાઘ બૂદ
હમહુ ગેરૂદ બરૂ ગેર્દે આન્ કન્દહુ કરૂદ
મરીન્ મરૂદુમાન્‌રા પરાગન્દહુ કરૂદ
બેકેશ્તન્દ શાન્ હમ બસાને દેરખ્ત
ઝબરૂ પાયો સરૂ ઝીરૂ આગન્દહુ સખ્ત
બમઝદકૂ ચુનીન્ ગોફ્ત કેસ્રા કે રવ
બદરૂગાહે બાઘે ગેરાન્‌માયહુ શવ
ઝે તોખ્મી કે કેશ્તી બદીન્ રૂઝગારૂ
તોરા દાદ બર ના હુશીવારૂ બારૂ
૪૨૦ દેરખ્તાન્ બેબીની કે આન્ કસ નદીદ
ન અઝ કારૂદારાને પીશીન્ શનીદ
બેશુદ મઝદકો બાઘ બુકુશાદ દરૂ
કે બીનદ મગરૂ દરૂ ચમન્ બારૂવરૂ
હમાન્‌ગહ ચુ દીદ અઝ તનશ રફ્ત હુશ
બરૂ આમદ બનાલહુ અઝૂ યકૂ ખોરૂશ
યકી દારૂ ફરૂમૂદ કેસ્રા બબન્દ
ફેરૂહેશ્ત અઝ દારૂ પીચાન કમન્દ
નેગૂન્‌બખ્તરા ઝેન્દહુ બરૂ દારૂ કરૂદ
સરે મર્દે બી દીન્ નેગૂન્‌સારૂ કરૂદ
વઝાન્ પસ બેકોશ્તશ બબારાને તીરૂ
તો ગરૂ બાહોશી રાહે મઝદકૂ મગીરૂ
બુઝોર્ગાન્ શુદન્દ ઈમન અઝ ખાસ્તહુ
ઝનો ઝાદહો બાઘે આરાસ્તહુ
હમી બૂદ બા શરૂમ ચન્દી કોબાદ
ઝે નફ્રીન્ બમઝદકૂ હમી કરૂદ યાદ
બદર્વીશ બખ્શીદ બેસ્યારૂ ચીઝ
બરૂ આતેશકદહુ બેલ્ખાત અફૂગન્દ નીઝ

જો સઘળાજ શેઠ બને તો ચાકર કોણ?-જો સઘળાજ ખઝાનો ધરાવનારા હોય તો તેના ખઝાન્ચી કોણ?

દીન લાવનારા પયગમ્બરોમાંથી કોઇએ પણ એવી વાત કહી નથી-તું તારાં દિલમાં ગાંડાપણુંજ ધરાવે છે.

તું સઘળાં માણસોને દોઝખમાંજ ઘસડી લઇ જાય છે-સઘળાં બૂરાં કામોને તું ખરાબી ભરેલાં ગણતોજ નથી."

જ્યારે પાદશાહ કોબાદે તે દાના મોબેદની એવી વાત સાંભળી-ત્યારે તે ગુસ્સે થયો અને તેના બોલવાને ઇન્સાફ આપ્યો.

મોહ્‌બાદાર નોશીરવાન તેનો મદદગાર થયો-પેલા અધર્મી મર્દનું દિલ દુઃખ ભરેલું થયું.

સઘળા ભેગા મળેલા લોકો પોકારી ઉઠયા-કે "મઝદક પાદશાહની આગળ હોતોજ ના!

તે પાક યઝદાનની દીન ખરાબ કરે છે-માટે તે આ નામદારી ભરેલી દરબારમાં હોતોજ ના!"

પાદશાહ તેની દીનથી કંટાળી ગયો-અને સરદારોનાં સર ગમ ભરેલાં બન્યાં.

તેજ વખત પાદશાહે મઝદકને અને બીજા જે કોઈ કે તેની દીન અને રાહ ઉપર ચાલતા હતા તેઓને નોશીરવાનને સોંપી આપ્યા.

તે તેની રાહ ઉપર ચાલનાર ત્રણ હઝાર નામીચા શખ્સો હતા-પાદશાહે તેજ વખત પોતાના બેટાને કહ્યું,

કે "આ સરદારોને તારે ગમે તે કર-અને હવે પછીથી મઝદકની વાત મારી આગળ લાવતોજ ના."

નોશીરવાનની દરગાહમાં એક બાગ હતો-કે જેની દીવાર પહાડ કરતાં ઊંચી હતી.

તેની આસપાસ એક ખાઈ ખોદી-અને તે ખાઈમાં પેલાં મઝદકી માણસોને છૂટાં છૂટાં વીખેરી નાખ્યાં.

અને તેઓનાં માથાં નીચે દાટી ટાંટિયા ઉપર રાખી સખ્ત રીતે-ઝાડની માફક રોપી દીધા.

પછી નોશીરવાને મઝદકને એ પ્રમાણે કહ્યું કે-"હવે તું પેલા કીમતી બાગવાળી દરગાહ તરફ જા.

જે કાંઈ બી કે તેં રોપ્યાં હતાં તેનાં ફળ, ઓ બેવુકૂફ શખ્સ! હવડાં તને મળ્યાં છે.

તું એવાં ઝાડ જોશે કે જેવાં કોઇએ જોયાં નહીં હશે-તેમજ આગળા વાકેફગારોથી સાંભળ્યાં પણ નહીં હશે."

આથી મઝદક ગયો અને પેલા બાગનો દરવાજો ખોલ્યો-કે બાગમાં પેલાં ફળદ્રુપ ઝાડ જોય.

પણ તે જોતાંજ તુરત તેનાં તનમાંથી હોશ જતો રહ્યો-તેનાથી હાય અફસોસનો એક પોકાર નીકળી પડયો.

પછી નોશીરવાને એક ઊંચી શૂલી ઉભી કરવા ફર્માવી-તે શૂળીમાં વળ ખાધેલી એક કમંદ નીચે લટકાવી.

અને તે ઊંધે નસીબનાને જીવતો ફાંસીએ ચઢાવ્યો-તે અધર્મી મર્દનું સર ઊંધું લટકાવ્યું.

પછી તેને તીરના વરસાદે કરી મારી નખાવ્યો-ઓ ભાઇ! જો તું હુશ્યાર હોય તો મઝદકવાળો માર્ગ ના પકડતો.

હવે સઘળા મોટાઓ પોતાના ખઝાના, બાયડી છોકરાં અને આબાદ થયલા બાગ બગીચાઓથી નચિન્ત બન્યા.

કોબાદ કેટલોક વખત સુધી શર્મિંદગી ભરેલોજ રહેવા લાગ્યો-અને મઝદક ઉપર લઅનતજ નાખવા લાગ્યો.

તેણે ઘણીક ચીઝો દરવીશોને ખેરાત કીધી-આતશકદેહ ઉપર પણ ભેટ ચઢાવી.

ઝે કેસ્રા ચુનાન્ શાહ્ શુદ્ શાહ્રૂયાર્
કે શાખશ હમહ્ ગઉહર્ આવરદ્ બાર્
વઝાન્ પસ્ હમહ્ રાય બા ઊ ઝદી
સખુન્ હરૂચે ગોફ્તી પેદર્ બેશનદી

પાદશાહ હવે નોશીરવાનથી ઘણો ખુશી થયો-કારણકે તેનાં ઝાડની ડાળી તમામ ગોહરનાંજ ફળ લાવી.

ત્યાર પછી તે સઘળી બાબતની મસ્લહત તેની સાથેજ કરતો હતો- ૪૨૧
તે જે કાંઇ વાત કહેતો તે બાપ સાંભળતો હતો.

સેપરી શુદને રૂઝ્ગારે કોબાદ્ વ અન્દર્ઝ્ કર્દન્ દર્ બારએ નૂશીરવાન્.

—:૦:—

ઝે શાહીશ ચૂન્ સાલ્ બુગ્ઝશ્ત ચેલ્
ઘમે રૂઝે મરુગ્ અન્દર્ આમદ્ બદેલ્
યકી નામહ્ બેન્વેશ્ત ખુશ બર્ હરીર્
બદાન્ ખત્તે શાયેસ્તહો દેલ્પઝીર્
નુખોસ્ત આફરીન્ કરૂદ્ બર્ દાદ્ગર્
કે ઊ દાદ્ દીનો ખેરદ્ હમ હોનર્
બેબાશદ્ હમી બીગુમાન્ હરૂચે ગોફ્ત
ચે બર્ આશ્કારા ચે અન્દર્ નેહોફ્ત
સરે પાદ્શાહીશરા કસ્ નદીદ્
નશુદ્ ખાર્ હર્ કસ્ કશ ઊ બર્ ગુઝીદ્
હરાન્ કસ્ કે બીનીદ્ ખત્તે કોબાદ્
બજોઝ્ પન્દે દાના મગીરીદ્ યાદ્
બકેસ્રા સેપોર્દમ સઝાવાર્ તખ્ત
પસ્ અઝ્ મર્ગે મા ઊ બુવદ્ નીકૂબખ્ત
કે યઝ્દાન્ અઝીન્ પૂર્ ખુશ્નૂદ્ બાદ્
દેલે બદ્સેગાલશ પુર્ અઝ્ દૂદ્ બાદ્
બદીન્ મેહ્ર્ જોસ્તીમ બર્ મૂબદાન્
ચે બર્ ઝીરૂદસ્તાનો ચેહ્ બર્ રદાન્
ઝે ગોફ્તારે ઊ હીચ્ મપ્રાગનીદ્
અઝ્ શાહ્ બાશીદો ગન્જ આગનીદ્
બરાન્ નામહ્ બર્ મોહ્રે ઝરૂરીન્ નેહાદ્
બરે મૂબેદે રામબર્ઝીન્ નેહાદ્
બહશ્તાદ્ શુદ્ સાલેયાને કોબાદ્
નબુદ્ રૂઝે પીરી હમ અઝ્ મરુગ્ શાદ્
બગીતી દર્ અઝ્ મરુગ્ ખુશ્નૂદ્ કીસ્ત
કે ફર્જામે કારશ નદાનદ્ કે ચીસ્ત
બેમોર્દ જહાન્ સુરૂદુરી માન્દ્ અઝૂય
શુદ્ આન્ રન્જો આસાનીઓ રન્ગો બૂય
ઝે ગેરૂદ્ આવરીદન્ કે યાબદ્ બેહી
કે મીરફ્ત બાયદ્ બદસ્તે તેહી
તનશરા બદીબા બેયારાસ્તન્દ્
ગુલો મુશ્કો કાફૂરો મય ખાસ્તન્દ્
યકી દખ્મહ્ કર્દન્દ્ શાહન્શેહી
યકી તખ્તે ઝરૂરીનો તાજે મેહી
નેહાદન્દ્ બર્ તખ્તે ઝર્ શાહ્રા
બેબસ્તન્દ્ તા જાવેદાન્ રાહ્રા

કોબાદના ઝમાનાનું આખેર થવું અને નોશીરવાનને માટે તેણે વસીઅત કરવી.

—:૦:—

જ્યારે કોબાદની પાદ્શાહીનાં ચાળીસ વર્ષ પસાર થયાં-ત્યારે તેનાં દિલમાં મોતના દિવસનો ગમ આવ્યો.

તેણે રેશમી કપડાં ઉપર લાયક અને દિલપઝીર હુરૂફે એક સારૂં જેવું નામુ લખાવ્યું.

તે નામા ઉપર પહેલાં દાદગર દાદાર ઉપર દોઆ લખી-કે "જે સાહેબે આપણને દીન-ધર્મ, દાનાઈ તેમજ દરેક જાતના હોનરો બક્ષેશ કર્યા છે.

તે સાહેબે જે કાંઇ ધાર્યું હશે તે શું ઝાહેર રીતે કે શું છૂપી રીતે થયા વગર રહેશેજ નહીં.

તેની પાદશાહીની ટોંચ (શુરૂઆત) કોઇએ જોઈજ નથી-જે કોઈ શખ્સ ઉપર કે ખોદાની પસંદગી ઉતરી તે કદી પણ ખુવાર થતો નથી.

તમો જે કોઇ કે પાદશાહ કોબાદનું આ વસીયત નામુ જુઓ-તો તેને દાના શખ્સની વસીઅત સિવાય બીજું કાંઈ સમજતાજ ના.

હું આ લાયક તખ્ત નોશીરવાનને સોંપી જાઉં છું-મારાં મોત પછી તેજ ભાગ્યશાળી પાદશાહ બનશે.

પાક યઝદાન આ મારા બેટાથી ખુશહાલ હોજો!-અને તેના દુશ્મનનું દિલ દુઃખી બનજો!

મેં વઝીરો ઉપર, રૈયત ઉપર તેમજ ડાહ્યા માણસો ઉપર આ કામ કરી મેહરબાની કીધી છે.

તમો તેના હોકમથી જરા પણ ફરતા ના-તેનાથી તમો ખુશહાલ ૪૨૨
રહેજો અને ખઝાનો ભેગો કરજો."

પછી તે વસીયત નામા ઉપર સોનેરી મોહર કીધી-અને તે વડા વઝીર રામબર્ઝીન આગળ મૂક્યું.

કોબાદની ઉમર એંસી વર્ષની થઈ હતી-અને તે બૂઢાપાના દિવસે પણ મોતથી રાઝી નહીં હતો.

આ દુન્યામાં મોતથી કોણ ખુશહાલ થાય છે?-કારણકે કોઇ પોતાનાં કામનું શેવટ જાણતું નથી કે ત્યાર પછી તેનું શું થશે?

તે પાદશાહ મરણ પામ્યો અને આ દુન્યા તેનાથી ખાલીજ રહી-તેની સઘળી રંજ, સુખ અને રંગરાગ જતો રહ્યો.

ખઝાનો એકઠો કરવાથી કોણ ભલાઈ પામે છે?-કારણકે આખેરે તો ખાલી હાથેજ જવું પડે છે.

પછી ગોલાબ, કસ્તુરી, કપૂર અને મય મંગાવી-તે પાદશાહનાં શરીરને સાફ કરી રેશમી કપડાંમાં સજ્જ કીધું.

તેઓએ એક પાદશાહી દખ્મુ બનાવ્યું-અને તેમાં એક સોનેરી તખ્ત અને શેહન્શાહી તાજ મેલ્યું.

કુશાદહ કુનદ કારહાએ નેહાન્
બેઝદ કૂસો અઝ્ જાએ લશ્કર્ બેરાન્દ
હમી માહો ખુર્શીદ અઝ્ ખીરહ માન્દ
ઝે બસ્ લશ્કરો ગઉહરો સીમો ઝર્
કમર્હાએ ઝરીનો ઝરીન્ સેપર્
૪૫૪ તો ગોફ્તી બકાન્ અન્દરૂન ઝર્ નમાન્દ
હમાન્ દુર્રે ખુશાબો ગઉહર્ નમાન્દ
તન્આસાન્ બસૂએ ખોરાસાન્ કશીદ
સેપહરા બઆઇને સાસાન્ કશીદ
બહર્ બૂમે આબાદ કૂ બર્ ગુઝશ્ત
સરાપર્દહો ખીમહા ઝદ બદશ્ત
ચુ બર્ખાસ્તી નાલએ કર્રનાય
મનાદીગરી પીશ કર્દી બપાય
કે અય ઝીરદસ્સ્તાને શાહે જેહાન્
કે દારદ ગઝન્દી ઝે મા દર્ નેહાન્
મખોસ્પીદ નાઈમન્ અઝ્ શહ્રયાર્
મદારીદ અન્દીશહ જાન્રા નેઝાર્
અઝીન્ગૂનહ લશ્કર્ બગોર્ગાન્ કશીદ
હમી તાજો તખ્તે બુઝોર્ગાન્ કશીદ
ચુનાન્ દાન્ કે કમ્મી નેયાયદ ઝે દાદ
હોનર્ બાયદ અઝ્ શાહો રાયો નેઝાદ
ઝે ગોર્ગાન્ બસારીઓ આમુલ્ શુદન્દ
બહન્ગામે આવાએ બુલ્બુલ્ શુદન્દ
દરો દશ્ત યક્સર્ હમહ બીશહ બૂદ
દીલે શાહે ઈરાન્ પુર્ અન્દીશહ બૂદ
૪૫૫ ઝે હામૂન બકૂહી બર્આમદ બલન્દ
યકી તાઝીયે બર્નેશસ્તહ સમન્દ
સુએ કૂહો આન્ બીશહો બેન્ગરીદ
ગુલો સુમ્બુલો આબો નખ્ચીર્ દીદ
ચુનીન્ ગોફ્ત કય દાવરે કેર્દેગાર્
જહાન્દારો પીરૂઝો પર્વર્દેગાર્
તોઈ આફ્રીનન્દએ હૂરો માહ
કુશાયન્દહો હમ નુમાયન્દહ રાહ
જહાન્ આફરીદી બદીન્ ખુર્રમી
કે અઝ્ આસ્માન્ નીસ્ત પયદા ઝમી
કસી કૂ બોઝ્ અઝ્ તૂ પરસ્તદ હમી
રવાન્રા બદૂઝખ ફરસ્તદ હમી
અઝ્ ઈરાન્ ફરીદૂને યઝ્દાન્ પરસ્ત
બદીન્ ગૂનહ બર્સાખ્ત જાએ નેશસ્ત

નોશીરવાનનું પોતાની પાદશાહીની આસપાસ ફરવા નીકળવું અને ઈરાન તથા તૂરાન વચ્ચેની હદના રસ્તા ઉપર દીવાર ઉભી કરવી.

દાનાઇ ભરેલા નોશીરવાને એવો વિચાર કીધો કે "તે પોતાના મુલક-માંથી થોડોક વખત બાહેર જાય.

અને આ ખુશી ભરેલા દેશની આસપાસ એક ફેરો મારે–અણઘટતાં છૂપાં કામો ખુલ્લાં કરે."

આથી તેણે નગારાં વગડાવ્યાં અને ત્યાંથી લશ્કર આગળ ચલાવ્યું-તેનાથી આફતાબ અને માહતાબ પણ અજબ રહેવા લાગ્યા.

પુષ્કળ લશ્કરથી અને પુષ્કળ ગોહર, રૂપાં અને સોનાથી તેમજ પુષ્કળ સોનેરી કમરબંદો અને સોનેરી ઢાલોએ કરીને,

તું કહે ગોયા ખાણોમાં સોનું રૂપું રહ્યું નહીં તેમજ આબદાર મોતી અને ગોહરો રહ્યાંજ નહીં.

તેણે નચિન્તાઈથી ખુરાસાન તરફ સાસાની પાદશાહોની રીત રેવાજ મૂજબ લશ્કર ચલાવ્યું.

જ્યાં પણ કેથે તે આબાદ મુલકમાંથી પસાર થતો-તો ત્યાં મયદાન-માંજ સરાપરદા ઠોકતો.

અને જ્યારે કરનાયના પોકાર ઉઠતા-ત્યારે એક મનાદી પોકારનારને ત્યાં ઉભો કરતો.

તે પોકારતો કે "ઓ દેશના પાદશાહની રૈયતના લોકો!-કે જેઓ અમારી તરફથી છૂપી રીતે નુકસાન ખમતા હોય,

તેઓ પાદશાહથી નિરાશ થઈ ના સૂતા અને તે અંદેશાથી તમારા જીવને સુસ્ત રાખતા ના (યાને તે તમારૂં દુઃખ પાદશાહને આવીને કહો)."

એજ પ્રમાણે તે ગુરગાનમાં લશ્કર લઇ ગયો-તે પોતાની સાથ બુઝો-ર્ગોનું તાજ અને તખ્ત લેતો ગયો.

તું યાદ રાખજે કે ઈન્સાફથી હાનિ પુગતી નથી-પાદશાહોને તો હોનરો, વિચાર શક્તિ અને ઊંચી બુન્યાદ જોઇયે.

પછી બુલબુલના સુરોદ ગાવાના વખત ઉપર પાદશાહ ગોરગાનથી સારી અને આમુલ તરફ ગયો.

જ્યાં ખીણ અને મયદાન સઘળું જંગલી ઝાડથી ભરાયલું હતું-એ જોઇ ઈરાનના પાદશાહનું દિલ વિચારવંત બન્યું.

તે એક અરબી ઘોડા ઉપર સવાર થઇને પેલાં જંગલમાંથી એક બુલંદ પહાડ ઉપર ચઢયો.

તેણે તે પહાડ અને જંગલો તરફ નઝર કીધી ત્યાં ગોલાબ, સુમ્બુલ, પાણીના ઝરા અને શેકાર જોયા.

તે બોલ્યો કે "ઓ દુન્યાને પયદા કરનાર અને તેની સંભાળ રાખ-નાર ફતેહમંદ અને ઇન્સાફી પર્વર્દેગાર!

તું આફતાબ અને માહતાબનો પયદા કરનારો છે-તું સર્વનો માર્ગ ખુલ્લો કરનારો તેમજ રાહ દેખાડનારો છે.

તેં એવી રીતની ખુશી ભરેલી દુન્યા પયદા કીધી છે-કે આસ્માનમાંથી ઝમીન પણ ઓળખાતી નથી (યાને બન્નેમાં કશો ફર્ક માલૂમ પડતો નથી).

જે કોઇ કે તારા સિવાય બીજાની પરસ્તેશ કરે છે-તે પોતાનાં રવા-નને દોઝખમાં મોકલે છે.

એનેજ માટે યઝદાન પરસ્ત પાદશાહ ફરીદૂને ઇરાનમાંથી પોતાની બેઠક ઊંચકી આ જગ્યાએ બનાવી હતી.

બસી ખૂબ્ જાયસ્તો બસ દેલ્ પઝીરૂ
કે આબશ ગોલાબસ્તો ખાકશ અબીરૂ
બદૂ ગોફૂત ગૂયન્દહ્ અય દાદ્ગરૂ
ગરૂ ઈદરૂ નબૂદી જે તુર્કાન્ ગુઝરૂ
અઝીન્ માયહ્વરૂ જાહો ઈન્ ફરૂરેહી
દેલે મા જે રામેશ નબૂદી તેહી
નેયારીમ ગર્દન્ બરૂ અફ્રાખ્તન્
જે બસ કોશ્તનો ઘારતો તાખ્તન્
નમાનન્દ બેસ્યારો અન્દક્ બજાય
જે પરૂરન્દહો મરૂદુમો ચારૂપાય
ગઝન્દી કે આયદ્ બઈરાન્ સેપાહ્
જે કેશ્વરૂ બકેશ્વરૂ જોઝ ઈન્ નીસ્ત્ રાહ્
બસી પીશ અઝીન્ ફૂશેશો રઝમ બૂદ
ગુઝરૂ તુરૂફ્રા રાહ્ ખારઝમ બૂદ
કુનૂન્ ચૂન્ જે દેહ્કાનો બાઝારૂગાન્
બેરૂન્ આવરદ સરૂ દેહદ રાયગાન્
સેપાહ્ આવરીદી બદીન્ જાયગાહ્
બેગરૂદાન્ બદ અઝ માઓ બરૂ બન્દ રાહ્
નકાહદ અઝીન્ ગન્જ્ કફૂઝાયેશસ્ત
બમા બરૂ કુનૂન્ જાએ બખ્શાયેશસ્ત
સેરેશ્ક્ અઝ દો દીદહ્ બેબારીદ શાહ્
ચુ બેશ્નીદ ગોફ્તારે ફર્યાદ્ખાહ્
બદસ્તૂરૂ ગોફ્ત આન્ ઝમાન્ શહ્રૂયારૂ
કે પીશ આમદ ઈન્ કારે દુશ્વારૂ ખારૂ
નશાયદ કઝીન્ પસ ચમીમો ચરીમ
વગરૂ તાજ્રા ખીશતન્ પર્વરીમ
જહાન્દારૂ નપસન્દદ અઝ મા સેતમ
કે મા શાદ બાશીમો દેહ્કાન્ દેઝમ
ચુનીન્ ફૂહો ઈન્ દશ્તહાએ ફરાખ
હમહ્ અઝ દરે બાઘો મયદાનો કાખ
પુરૂ અઝ ગાવો નખ્ચીરો આબે રવાન્
કે અઝ દીદનશ તાઝહ્ ગર્દદ રવાન્
નમાનીમ કીન્ બૂમ વયરાન્ કુનન્દ
હમી ઘારત અઝ શહ્રૂ ઈરાન્ કુનન્દ
જે શાહીઓ અઝ રાયો ફર્ઝાનગી
નશાયદ ચુનીન્ હમ જે મર્દાનગી
નખાનન્દ બરૂ મા હમી આફરીન્
કે વયરાન્ બુવદ બૂમે ઈરાન્ ઝમીન્
બદસ્તૂરૂ ફરૂમૂદ કઝ હેન્દો રૂમ
કુજા નામ બાશદ બઆબાદ બૂમ
જે હરૂ કેશ્વરી મરૂદુમે પીશબીન્
કે ઉસ્તાદ ચાબી બદીન્ બરૂ ગુઝીન્
યકી બારહ્ અઝ આબ્ બરૂ કશ બલન્દ
બુનશ પહ્નો બાલાએ ઊ દહ્ કમન્દ
બસન્ગો બસારૂજ્ અઝ ઝર્ફે આબ્
બરૂ આવર્દહ્ તા ચશમએ આફૂતાબ્
હમાના કઝીનગૂનહ્ સાઝીમ બન્દ
જે દુશ્મન્ બઈરાન્ નેયાયદ ગઝન્દ
નબાયદ કે બાશદ કસી ઝીન્ બરન્જ
બેદેહ્ હરૂચે ખાહન્દો ;બુફ્શાય ગન્જ

ઘણી સુંદર અને ઘણી દિલ પસંદ જગ્યા છે-કે જેનું પાણી ગોલાબ છે અને જેની ખાક અબીર છે.”

ત્યારે ત્યાંના એક સુભાષિત બોલનાર શખ્સે તેને કહ્યું કે “એ ઇન્સાફી પાદશાહ!-અગરજો અહીં તુર્કી લોકોની આવજાવ નહીં હતે,

તો આવી આ રળિયામણી અને સુંદર જગ્યા માટે-અમારાં દિલ ખુશહાલીથી કદી પણ ખાલી નહીં રહેતે.

પણ હમણા તો પુષ્કળ ખૂના મરકી, લૂટફાટ અને લોકો ઉપર થતા ૪૫૬
હુમ્લાને સબબે-અમો સુખ્ખેથી ફરી હરી શકતા નથી.

પક્ષીઓ, માણસો કે ઢોરોમાંથી-થોડાં કે ઘણાં કાંઇ પણ તેઓ રહેવા દેતા નથી.

આ ઈરાની પ્રજા ઉપર જે દુઃખ પડે છે-તે એક મુલકથી બીજા મુલકમાં જવાનો માર્ગ આ સિવાય બીજો કોઈ નથી તેથીજ પડે છે.

એની અગાઉ પણ ઘણી કોશેશ અને લડાઈ થઇ હતી-જેથી તુર્કીઓની આવજાવ ખારઝમને માર્ગે થઈ હતી.

પણ હવડાં જો કોઈ ખેડુત કે વેપારી-બાહેર નીકળે છે તો તેનું સર ફોકટમાં ઉડી જાય છે.

માટે હવે જ્યારે તું આ તરફ લશ્કર લાવ્યો છે-તો અમો ઉપરની આફત દૂર કર અને એ રસ્તો બંધ કર.

એમ કર્યાથી તારો ખઝાનો ઘટશે નહીં પણ વધશે-હવડાંજ અમો ઉપર બખ્શેશ કરવાનો વખત છે.”

જ્યારે પેલા દાદ ચાહનારની એવી વાત સાંભળી-ત્યારે પાદશાહે પોતાની બન્ને આંખમાંથી આંસુ વરસાવ્યાં.

પછી પાદશાહે તુરત વઝીરને કહ્યું-કે “આપણી આગળ એક બહુજ મુશ્કેલી ભર્યું કામ આવી પડ્યું છે.

એ પછી ફરવું હરવું અને ખાનીપીની કરવી અપાણને સઝાવાર નથી-અથવા માથે તાજ મૂકી પર્વરેશ થવું લાયક નથી.

આપણે ખુશહાલ રહીે અને આ ખેડુતો દુઃખી થાય એ આપણી ૪૫૭
તરફનો સિતમ ખોદાતાલા પસંદ કરશે નહીં.

આવા બુલંદ પહાડો અને આવાં બોહોળાં જંગલો-જે તમામ બાગ, મયદાન અને મેહલને લાયકના છે.

આ જગ્યા ઢોર, શેકાર અને વહેતાં પાણીથી ભરપુર છે-કે જેને જોવાથી આપણો જીવ પણ તાઝો થાય છે,

તેવી આ જગ્યાને આપણે તેઓથી વયરાન થવા દઇશું નહીં-અને ઈરાનનાં શેહરમાંથી આવી સરસ જગ્યા લૂટાવા દઈશું નહીં.

આપણી આવી પાદશાહત, વિચાર શક્તિ, ડહાપણ અને બહાદુરી છતાં એવી રીતનું બનવું ઘટતું નથી.

જ્યારે ઇરાન ઝમીનનોજ મુલક એવી રીતે વયરાન થાય-તો પછી આપણી વખાણ કોઇ કરશેજ નહીં.”

પછી નોશીરવાને પોતાના વઝીરને હુકમ કીધો કે “હિંદુસ્તાનમાંથી અને રૂમ કે જેનું નામ આબાદ બૂમ છે ત્યાંથી,

તેમજ દરેક મુલકમાંથી દૂર અંદેશ માણસો-કે જેઓ આ કામમાં પ્રવીણ હોય તેઓને ચુંટી કાઢ.

અને છેક પાણીવેરથી એક બુલંદ દીવાર ઉભી કર-જેનો પાયો પોહોળો હોય અને જેની ઉચાઈ દશ કમંદની હોય.

પાણીની ઊંડાઈથી તે છેક આફતાબના ચશમા સૂધી પત્થર અને ચૂનાથી બાંધેલો બનાવ.

એમ કરી ઝરૂર આપણે તેઓનો માર્ગ બંધ કરીશું-અને દુશ્મન ૪૫૮
લોકોથી ઈરાન ઉપર ઈઝા પુગશે નહીં.

એવું નહીં બનવું જોઇયે કે આ કામ કરવાથી કોઇ શખ્સ દુઃખમાં રહે-આપણો ખઝાનો ખોલજે અને તેઓ જે કાંઈ માંગે તે આપજે.

કશાવર્ઝી દેહકાનો મર્દે નેઝાદ
નબાયદ કે આઝારૂ યાબદ ઝે બાદ
યકી પીરૂ મૂબેદ બદાન્ કારૂ કરૂદ
બેયાબાન્ હમહ પીશે દીવારૂ કરૂદ
દરી બરૂ નેહાદન્દ અઝ આહન બુઝોરૂગ્
રમહ યકુસરૂ ઈમન શુદ અઝ બીમે ગોરૂગ્
હમહ રૂએ કેશવરૂ નેગહબાન નેશાન્દ
ચુ ઈમન્ શુદ અઝ દશ્ત લશકરૂ બેરાન્દ

એવું ના બનવા દેતો કે કોઈ ખેડુત કે ગામડિયો અથવા કોઈ ખાન્દાની શખ્સ પવનથી પણ નુકસાન પામે."

એક બુઢ્ઢા વઝીરે તે કામ પાર પાડયું-તેણે સઘળું તે બાંધેલી દીવારથી ઘેરી લીધું.

તેમાં લોઢાંનો એક મોટો દરવાઝો મૂક્યો-જેથી સઘળા લોકો વરૂની ધાસ્તીથી બિલ્કુલ નચિન્ત બન્યાં.

તેણે પોતાના મુલકની સઘળી જગ્યાએ ચોકીબાનો રાખ્યા-અને પાદશાહ જ્યારે તે કામ કરી નચિન્ત થયો ત્યારે પેલાં જંગલમાંથી લશ્કર આગળ ચલાવ્યું.

ગૂશ્‌માલી દાદને નૂશીરવાન્ અલાનેયાન્ વ બલૂચેયાન્ વ ગીલાનેયાન્‌રા.

:o:

ઝે દર્યા બરાહે અલાના કશીદ
યકી મરૂઝ વયરાનો બીકારૂ દીદ
બઆઝાદગાન્ ગોફ્ત નન્ગસ્ત ઈન્
કે વયરાન્ બુવદ બૂમે ઈરાન્ ઝમીન્
નબાયદ કે બાશીમ હમદાસ્તાન્
કે દુશ્મન્ ઝનદ ઝીન્ નેશાન્ દાસ્તાન્
ચુ ખુરૂશીદ બરૂઝદ સરૂ અઝ બાખ્તરૂ
બરૂ આવરૂદ રખ્શાન્દહ ઝરૂરીન્ કમરૂ
ઝે લશકરૂ ફેરેસ્તાદઈ બરૂ ગઝીદ
સખુનગૂયો દાના ચુનાન્ ચૂન્ સઝીદ
બદૂ ગોફ્ત શબ્ગીરૂ અઝ ઈદરૂ બેપૂય
બદાન્ મરૂઝબાનાને લશકરૂ બેગૂય
શનીદમ ઝે ગોફ્તારે કારૂઆગેહાન્
સખુન હરૂચે ગોફ્ત આશકારો નેહાન્
કે ગોફ્તીદ મારા ઝે કેસ્રા ચે બાક
ચે ઈરાન્ બરે મા ચે યક મુશ્તે ખાક
કુનૂન મા બનઝદે શુમા આમદીમ
સરાપર્દેહો ગાહો ખીમહ ઝદીમ
બેયાબાન્ ફરાખસ્તો કૂહશ બલન્દ
સેપાહ અઝ દરે તીરો ગોર્ઝો કમન્દ
દરો ધારૂ જાએ કમીને શુમાસ્ત
બરો બૂમો કૂહો ઝમીને શુમાસ્ત
હમહ જન્ગજૂયાને બીગાનહ ઈમ
સેપાહો સેપહબુદ ન ઝીન્ ખાનહ ઈમ
ફેરેસ્તાદહ આમદ બેગોફ્ત ઈન્ સખુન
કે સાલારે ઈરાન્ ચે અફગન્દ બુન
સેપાહે અલાની શુદન્દ અન્જુમન
બુઝોર્ગાનો ફર્ઝાનઓ રાયઝન
સેપાહી કે શાન્ તાખ્તન્ પીશહ બૂદ
વઝ આઝાદ મર્દી કમ અન્દીશહ બૂદ
વઝીશાન્ બુદી શહરે ઇરાન્ બબીમ
નમાન્દહ બકસ જામહો ઝરૂરો સીમ

નોશીરવાને અલાનીઓ, બુલુચીઓ અને ગીલાનીઓને સઝા કરવી.

:o:

હવે પાદશાહ દર્યો પસાર કરી અલાનાની રાહ ઉપર આવી લાગ્યો-ત્યાં તેણે એક વયરાન અને નકામી જગ્યા જોઈ.

તેણે પોતાના ઉમ્રાઓ લોકોને કહ્યું કે "આ શર્મ ભરેલી વાત છે-કે ઈરાન સરઝમીનનાં મુલકો વયરાન રહે.

આપણા દુશ્મનો એવી રીતની વાત કરે-તેની સાથ આપણને મળતા થવું ઘટતું નથી"

જ્યારે ખોરશીદે પૂર્વ દિશાથી પોતાનું સર ઉઠાવ્યું-અને ઝળકતો સોનેરી કમરબંદ બાહેર લાવ્યો,

ત્યારે લશ્કરમાંથી એક બોલીદરાઝ, વિદ્વાન અને દરેક રીતનો લાયક એલચી ચુંટી કાઢયો.

તેને કહ્યું કે "બામદાદે અહીંથી રવાના થઈ-પેલી તરફના લશ્કરના વડાઓને કહે,

કે મેં મારા જાસુસો તરફથી જે કાંઈ છૂપી કે ઝાહેર વાતો થઈ છે તે સઘળી સાંભળી છે,

કે તમો લોકો એમ બોલ્યા કે 'અમોને નોશીરવાનથી બીક શાની છે?-ઈરાન શું ચીઝ છે? તે અમારી આગળ એક મૂઠી ખાક બરાબર છે.'

તો હવે અમો તમારી નઝદીક આવ્યા છિયે-અને સરાપરદા, છાવણી અને તમ્બુઓ ઠોકયા છે.

આ મયદાન ખોહોળું છે અને તેના પહાડો ઊંચા છે-તમારૂં લશ્કર તીર ગોર્ઝ અને કમંદ સાથનું છે.

વળી પહાડની કટાણુ અને ગાર તમારી કમીગાહની જગ્યા છે-આ મુલક, પહાડ અને ઝમીન પણ તમારીજ છે.

અમારૂં લશ્કર અને સરદારો કાંઇ અહીંના રહેવાસી નથી-અમો સઘળા લડવૈયાઓ અજાણ્યા છિયે."

પેલો એલચી ગયો અને જે કાંઈ ઈરાનના પાદશાહે કહ્યું હતું તે સઘળું તેઓને કહ્યું.

આથી અલાની લશ્કર તેમજ તેઓના સરદારો, દાનાઓ અને સલાહકારો એકઠા મળ્યા.

તે લશ્કર કે જેઓનો ધંધો લૂટનો હતો-અને ઈરાની બહાદુરોનો તેઓને કાંઈ પણ વિચાર હતોજ નહી,

અને જેઓથી ઈરાન શેહર ધાસ્તીમાં રહેતું હતું-કોઇની પણ પાસે કપડાં ચપડાં કે સોનું રૂપું રહેતું હતું નહીં.

ઝનો મરૂદ બા ફૂદકો ચારૂપાય
બહામૂન્ રસીદી નમાન્દી બજાય
ફેરેસ્તાદહૂ પયઘામે શાહે જેહાન્
બદીશાન્ બેગોફૂત આશકારો નેહાન્
રોખે નામ્દારાન્ અઝાન્ તીરહૂ ગશ્ત
દેલ્ અઝ્ ગોફૂતે નૂશીરવાન્ ખીરહૂ ગશ્ત
બુઝોર્ગાને આન્ મર્ઝો કુન્દાવરાન્
બેરફૂતન્દ બા સાવો બાઝે ગરાન્
હમાન્ બર્દહો જામહો સીમો ઝર્
ગેરાન્માયહૂ અસ્પાને બેસ્યાર્ મર્
અઝીશાન્ હરાન્ કસ કે પીરાન્ બુદન્દ
સખુનગૂયો દાનેશ પઝીરાન્ બુદન્દ
હમહૂ પીશે નૂશીરવાન્ આમદન્દ
ઝે કારે ગુઝશ્તહૂ નવાન્ આમદન્દ
ચુ પીશે સરાપર્દએ શહૂરૂયાર્
રસીદન્દ બા હદ્દયહો બા નેસાર્
ખોરૂશાનો ઘલ્તાન્ બખાક્ અન્દરૂન્
હમહૂ દીદહૂ પુર્ આબો દેલ્ પુર્ ઝે ખૂન્
બેરહ્ ચૂન્ બુવદ્ બા દેલાવર્ બરાઝ્
બશર્મો બપૂઝેશ નેયાયદ નેયાઝ્
બરીશાન્ બેબખ્શૂદ બીદાર્ શાહૂ
બેબખ્શીદ ચફૂસર્ ગુઝશ્તહૂ ગુનાહૂ
બેફરૂમૂદ પસ હરૂચે વીરાન્ શુદહૂસ્ત
કુનામે પલન્ગાનો શીરાન્ શુદહૂસ્ત
યકી શારૂસાની બરૂઆરન્દ ઝૂદ
બદ્ અન્દરૂન્ જાએ કેશ્તો દોરૂદ
યકી બારઈ ગેર્દશ અન્દર્ બલન્દ
બદાન્ તા ઝે દુશ્મન્ નેયાયદ ગઝન્દ
બેગોફૂતન્દ બા નામવર્ શહૂરૂયાર્
કે મા બન્દગાનીમ બા ગૂશવાર્
બરૂઆરીમ ઝીન્સાન્ કે ફરૂમૂદ શાહૂ
યકી બારહી નામવર્ જાયગાહૂ
વઝાન્ જાયગહૂ શાહૂ લશ્કર્ બેરાન્દ
બહેન્દૂસ્તાન્ રફૂતો ચન્દી બેમાન્દ
બફરૂમાન્ હમહૂ પીશે ઊ આમદન્દ
બજાન્ હર્ કસી ચારહૂજૂ આમદન્દ
બદર્યાએ હેન્દૂસ્તાન્ તા દો મીલ્
દેરમ્ બૂદો દીનારો અસ્પાનો પીલ્
બુઝોર્ગાન્ હમહૂ પીશે શાહૂ આમદન્દ
ઝદ્દદહૂ દેલો નીકૂખાહૂ આમદન્દ
બેપુર્સીદ કેસ્રાએ બેન્વાખ્ત શાન્
બર્ અન્દાઝહૂ બર્ જાયગહૂ સાખ્ત શાન્
બદેલ્ શાદ બરૂગશ્ત અઝાન્ જાયગાહૂ
જહાની પુર્ અઝ્ અસ્પો પીલો સેપાહૂ
હમી રફૂતો આગાહી આમદ બશાહૂ
કે ગશ્ત અઝ્ બુલૂચી જહાની તબાહૂ
ઝે બસ ઘારતો કુશ્તનો તાખ્તન્
ઝમીન્રા બઆબ્ અન્દર્ અન્દાખ્તન્
ઝે ગીલાન્ તબાહી ફેઝૂનસ્ત અઝીન્
ઝે નફ્રીન્ પરાગન્દહૂ ગશ્ત આફરીન્

સ્ત્રીઓ અને મર્દો પોતાનાં બચ્ચાં છોકરાં અને ગાય ઢોર સાથ-પોતાનાં ઘરમાં નહીં રહેતાં મયદાનમાં નીકળી પડતાં હતાં.

પેલા એલચીએ તેઓને દેશના પાદશાહનો ઝાહેર તેમજ છૂપો પયગામ કહ્યો,

તે સાંભળીને પેલા નામદારોના ચેહરા સીઆહ થયા-અને નોશીરવાનની વાતથી તેઓનાં દિલ હયરાન રહ્યાં.

તે મુલકના મોટાઓ અને પેહલવાનો-ભારી ખંડણી અને મેહસૂલ સાથ નોશીરવાન આગળ ગયા.

તેમજ ગોલામો, કપડાંના તાકાઓ, સોનું રૂપું-અને ઊંચી તોખ્મનાં પુષ્કળ ઘોડાઓ સાથ,

તેઓમાંથી જે કોઈ કે બુઢ્ઢા, સારા બોલનારા અને અકલ પસંદ શખ્સો હતા,

તેઓ સઘળા પોતે કીધેલાં કામો માટેનો પસ્તાવો કરતા નોશીરવાન આગળ આવ્યા.

જ્યારે તેઓ નોશીરવાનની છાવણી આગળ હદયા અને નેસાર સાથ આવી પહોંચ્યા,

ત્યારે તે સઘળાઓ રડવા અને ખાકમાં લોટવા લાગ્યા-સઘળાંની ૪૬૧
આંખ આંસુ ભરેલી અને દિલ લોહી ભરેલાં હતાં.

એક બહાદુર શખ્સની અંદર જો અકલ છૂપાયલી હોય છે-તો તેને શર્માવાની કે માફી માગવાની ઝરૂર પડતીજ નથી.

તે બાહોશ પાદશાહે તેઓ ઉપર બક્ષેશ કીધી-અને સઘળી થઈ ગયલી તકસીર માફ કીધી.

પછી પાદશાહે ફર્માવ્યું કે "જે કાંઈ જગ્યા કે વયરાન થયલી છે-અને જ્યાં ચિત્તા વાઘ અને સિંહોનું રહેઠાણ થયલું છે,

ત્યાં તુરતજ એક શેહર ઉભું કરે-અને તેની અંદર ખેતીવાડીની જગ્યા બનાવે.

તેની આસપાસ એક બુલંદ કોટ બાંધી લે-કે જેથી તે શેહરને દુશ્મનોથી નુકસાન નહીં પુગે."

તેઓએ નામવર પાદશાહને કહ્યું-કે "અમો તો તારા કાનમાં કડી પેહેરેલા ગોલામો છિયે.

જેવી રીતે કે તું પાદશાહે ફરમાવ્યું છે તેવી રીતે તે નામીચી જગ્યાએ એક કોટ બાંધીશું."

હવે પાદશાહે તે જગ્યાએથી લશ્કર આગળ ચલાવ્યું-તે હિંદુસ્તાન તરફ ગયો અને થોડો વખત ત્યાં થોભ્યો.

તેનાં ફર્માન મુજબ સઘળાઓ તેની નઝદીક આવ્યા-દરેક જણ પોતાના જીવનોજ ચારો શોધતા આવ્યા.

હિંદુસ્તાનના દર્યા કિનારાથી બે માયલ સૂધી-દિરમ અને દીનારની ૪૬૨
થેલી, ઘોડાઓ અને હાથીઓ હતા.

ત્યાંના સઘળા સરદારો સાફ અંતઃકરણે અને વફાદારી સાથે પાદશાહની આગળ આવ્યા.

કેસ્રાએ તેઓની ખયર આફીયત પૂછી તેઓને નવાઝયા-અને દરેકના દરજ્જા પ્રમાણે તેઓની જગ્યા કીધી

પછી ખુશહાલ દિલે ત્યાંથી તે પાછો ફર્યો-તમામ ઝમીન ઘોડા, હાથી અને લશ્કર ભરેલી થઈ.

પાદશાહ આગળ વધતો હતો તેવામાં તેને ખબર મળી-કે "બુલૂચી લોકોથી આ મુલક ખરાબ થઈ ગયો છે.

બેહદ લૂટફાટથી, ખૂનરેઝીથી અને ધાડથી-ખેતીનો નાશ થયો છે.

વળી ગીલાનમાં લૂટારાઓની સંખ્યા બુલૂચીઓ કરતાં વધારે છે-ગરીબોની બદ દુઆથી દેશ ઉપરના આશીષ ઘટી ગયા છે."

હેલે શાહ નૂશીરવાન્ શુદ ઘમી
બરૂ આમીખ્ત અન્દુહ બા ખુર્રમી
બઈરાનેયાન્ ગોફ્તુ અલાનાનો હન્દ
શુદ અઝ બીમે શમ્શીરે મા ચૂન્ પરન્દ
પસન્દહ નબાશીમ બા શહ્રે ખીશ
હમી શીરૂ જૂઈમ બી જાન્ ઝે મીશ
૪૬૩ બદ્ ગોફ્તુ યૂયન્દહ કય શહ્રયારૂ
બપાલીઝ ગુલ નીસ્ત બી રન્જે ખારૂ
હમાન્ મરૂઝ તા બૂદ બા રન્જ બૂદ
ઝે બહ્રે પરાગન્દને ગન્જ બૂદ
ઝે કારે બુલૂચ અરૂજમન્દ અરૂદશીરૂ
બેકૂશીદ બા કારૂ દાનાને પીરૂ
નબૂદ સૂદમન્દી બઅફૂસૂનો રન્ગ્
ન અઝ બન્દો રન્જો ન પયકારો જન્ગ્
અગરૂ ચન્દ બૂદ ઈન્ સખુન નાગુઝીરૂ
બેપૂશીદ બરૂ ખીશતન્ અરૂદશીરૂ
ઝે ગોફ્તારે દેહકાન્ બરૂ આશોફ્ત શાહ
બસૂએ બુલૂચ અન્દરૂ આમદ ઝે રાહ
ચુ આમદ બનઝ્દીકે આન્ ખુરૂમ કુહ
બેગર્દીદ ગેરૂદ અન્દરશ બા ગોરૂહ
બદાન્ગૂનહ ગેરૂદ અન્દરૂ આમદ સેપાહ
કે બસ્તન્દ બરૂ બાદો બરૂ મૂર રાહ
હમહ દામને કૂહ તા કુએ શખ
સેપહ બૂદ બરૂસાને મૂરો મલખ
મનાદીગરી ગેર્દ લશ્કર્ બેગશ્ત
ખોરૂશ આમદ અઝ કૂહ વઝ ઘારો દશ્ત
૪૬૪ કે હરગેઝ બુલૂચી બેયાબન્દ ખોરૂદ
ચે અઝ તીઘદારાનો મર્દાને ગોરૂદ
વગરૂ અન્જુમન્ બાશદ અરૂ અન્દકી
નબાયદ કે યાબદ રહાઈ યકી
ચુ આગાહ શુદ લશ્કરૂ અઝ ખેશ્મે શાહ
સવારો પેયાદહ બેબસ્તન્દ રાહ
અઝીશાન્ ફેરાવાનો અન્દક નમાન્દ
ઝનો મર્દ જન્ગીઓ કૂદક નમાન્દ
સરાસરૂ બશમ્શીરૂ બુગ્ઝાશતન્દ
સેતમ કર્દને લૂચ બર્દાશતન્દ
બેશુદ ઈમન્ અઝ રન્જે ઈશાન્ જેહાન્
બુલૂચી નમાન્દ આશકારો નેહાન્
ચુનાન્ બુદ કે બરૂ કૂહે ઈશાન્ ગલહ
બુદી બી નેગહબાનો કર્દહ યલહ
શબાની નબૂદી બરે ગૂસ્ફન્દ
બહામૂનો બરૂ તીઘે કૂહે બલન્દ
હમહ રન્જહા ખારૂ બુગ્ઝાશતન્દ
દરો કૂહરા ખાનહ પેન્દાશતન્દ
અઝાન્ જાયગહ સૂએ ગીલાન્ કશીદ
ચુ રન્જ આમદ અઝ ગીલો દીલમ્ પદીદ
૪૬૫ ઝે દર્યા સેપહ બૂદ તા તીઘે કૂહ
હવા પુરૂ દેરફૂશો ઝમીન્ પુરૂ ગોરૂહ
પરાગન્દ બરૂ ગેર્દ ગીલાન્ સેપાહ
કે શુદ રઉશનાઈ ઝે ખુરૂશીદો માહ

આ સાંભળી પાદશાહ નોશીરવાનનું દિલ ગમગીન બન્યું-તેની ખુશહાલી સાથ ગમ ભેળાયો.

તેણે ઇરાનીઓને કહ્યું કે "અલાનાન અને હિંદુસ્તાનના મુલકો-આપણી તલવારની ધાકથી નર્મ રેશમ જેવા થયા છે.

આપણાં પાયતખ્તની ઉપરજ સન્તોષ પકડવાનો નથી-મૂતેલાં ગોસ્ફંદમાંથી પણ દૂધ કાઢવું જોઇયે (એટલે નિરૂપાય છતાં કોશેશ કરવી જોઇયે)."

એક જણ બોલ્યો કે "ઓ પાદશાહ!-બાગમાં કાંટાનાં દુઃખ વગરનો ગોલાબ થતોજ નથી.

તેમજ આ મુલક પણ જ્યારથી વસ્યો છે ત્યારથી અત્યાર સુધી મેહનત આપતોજ રહ્યો છે ગોયા પૈસાની બરબાદી કરવાજ વસ્યો છે.

એ બુલૂચીઓને માટે મોટા પાદશાહ અર્દશીરે પોતાના બુઝોર્ગ વઝીરો સાથ ઘણી કોશેશ કરી હતી,

પણ તેની ગમે એવી યુક્તિથી, દાવપેચથી, મેહનતથી કે લડાઇથી કાંઈ પણ ફાયદો થયો નહીં

જો કે આ બીના દૂર થઈ શકે તેવી નહીં હતી તો પણ અર્દશીરે તે વાત મનમાંજ રાખી અને કોઇને કહી નહીં"

પેલા દેહકાનની વાતથી પાદશાહ ગુસ્સે થયો-અને તુરત તેણે બુલૂચ તરફનો રસ્તો પકડ્યો.

જ્યારે તે ત્યાંના બુલંદ પહાડની નઝદીક આવ્યો-ત્યારે તે પોતાનાં લશ્કર સાથે તેની આસપાસ ફરી વળ્યો.

એવી રીતનું લશ્કર આસપાસ ફરી વળ્યું-કે જેથી પવનનો તેમજ એક કીડીનો માગ પણ બંધ પડી ગયો.

તે પહાડની કહાણથી તે રેતીનાં રણ સુધી-કીડી અને તીડની મિસાલ લશ્કર ફરી વળ્યું.

પછી એક મનાદી પોકારનાર તે લશ્કરની આસપાસ ફર્યો-અને તે પહાડ, ગાર અને મયદાનમાંથી એવો પોકાર નીકળ્યો,

કે "કદીબી એક બુલૂચી પછી તે એક નાનો છોકરો અથવા તલવાર ધરાવનાર યા પેહલવાન મર્દમાંનો કોઇ હોય તેને જો આપણા લશ્કરીઓ મેળવે,

પછી તેઓ ઘણા હોય કે થોડા હોય-તો પણ એકનબી જવા દેવો નહીં."

જ્યારે સઘળું લશ્કર પાદશાહના ગુસ્સાથી ખબરદાર થયું-ત્યારે ઘોડેસવારોએ અને પેયાદા સિપાહીઓએ તેઓના માર્ગ ઘેરી લીધો.

અને બુલૂચીઓમાંના શું અકરત કે લડાયક મર્દ કે શું નાના છોકરાંઓમાંથી શું ઘણા કે થોડા કોઈ બચ્યા નહીં

તે સઘળાંને ઇરાનીઓની તલવાર ઉપરજ છોડયાં-એવી રીતે બુલૂચીઓનો ઝુલ્મ કરવાનો છેડો લાવ્યા

તે દેશ તેઓનાં દુઃખથી નચિન્ત બન્યો-એક પણ બુલૂચી શું ઝાહેર કે છૂપો કેથે રહ્યો નહીં.

આથી એવું બન્યું ત્યાંના પહાડો ઉપર પશુઓના ટોળાં કોઇ પણ રખેવાળ વગર ચરવા લાગ્યાં.

તે જંગલમાં કે બુલંદ પહાડની ટોચ ઉપર ગોસ્ફંદની સંભાળ માટે એક પણ ગોવાળિયાની ઝરૂર પડતી હતી નહીં.

સઘળાં લોકો આગળી મૂસીબતો ભૂલીજ ગયા-અને ખીણ કે પહાડને પોતાનું ઘરજ સમજવા લાગ્યા.

હવે જ્યારે ગીલાની અને દીલમી લોકોના ઝુલ્મની ખબર પાદશાહને પડી-ત્યારે તેણે ત્યાંથી લશ્કર ગીલાન તરફ ખેંચ્યુ.

ત્યાંના દર્યાથી તે પહાડની બુલંદી સૂધી લશ્કર હતું-ત્યાંની હવા સઘળી ઝુંડાથી ભરેલી અને ઝમીન લશ્કરથી ભરેલી બની.

ગીલાનની આસપાસ લશ્કર વીખરાઈ ગયું-જેથી આફતાબ અને માહતાબની રોશની પણ ગુમ થઇ ગઇ.

ચુનીન્ ગોફ્તૂ ફીદરૂ કે ખુર્દો બુઝોરુગ્
નબાયદ્ કે માનદ્ પયે શીરો ગોરુગ્
ચુનાન્ શુદ્ કે કોશતન્ હમહ્ બૂમો રોસ્ત
કે અઝ્ ખૂન્ હમહ્ રૂએ કેશવરૂ બેશોસ્ત
કે બસ્ કુશતનો ધારતો સૂખતન્
ખોરૂશ આમદો નાલએ મર્દો ઝન્
કે કોશતહ્ બહરૂસૂ યકી તૂદહ્ બૂદ્
ગેયાહા બમઘઝે સરૂ આલૂદહ્ બૂદ્
કે ગીલાન્ હરાન્ કસ્ કે જન્ગી બુદન્દ્
હુશીવારૂ બા દાદો સન્ગી બુદન્દ્
બેબસ્તન્દ્ યકૂસરૂ હમહ્ દસ્તે ખીશ
ઝનાન્ અઝ્ પસો કૂદકે ખુરૂદ્ પીશ
ખોરૂશાન્ બરે શાહ્રૂયારૂ આમદન્દ્
દરીદહ્ બરો ખાકૂસારૂ આમદન્દ્
શુદન્દ્ અન્દરૂ આન્ બારૂગાહ્ અન્જુમન્
હમહ્ દસ્તહા બસ્તહો ખસ્તહ્ તન્
કે મા બાઝ્ ગશ્તીમ્ અઝાન્ બદ્ કુનેશ
મગરૂ શાહ્ ગર્દદ્ ઝે નાખુશ મનેશ
અગરૂ શાહ્રા દેલ્ ઝે ગીલાન્ બેખસ્ત
બેબુરૂરીમ સરૂહા ઝે તન્હા બદસ્ત
દેલે શાહ્ ખુશનૂદ્ ગર્દદ્ મગરૂ
ચુ બીનદ્ બુરીદહ્ યકી તૂદહ્ સરૂ
ચુ ઝાન્ સાન્ ખોરૂશ આમદ્ અઝ્ બારૂગાહ્
વઝાન્ગૂનહ્ આવાઝ્ બેશ્નીદ્ શાહ્
બરીશાન્ બેબખ્શૂદ્ શાહે જેહાન્
ગુઝશ્તહ્ શુદ્ અન્દરૂ દેલે ઊ નેહાન્
નવા ખાસ્ત અઝ્ ગીલો દીલમ્ દો સદ્
કઝાન્ પસ્ નગીરદ્ કસી રાહે બદ્
યકી પહ્લવાન્ નઝ્દે ઈશાન્ બેમાન્દ્
ચુ બાયેસ્તહ્ શુદ્ કારૂ લશ્કરૂ બેરાન્દ્

પછી પાદશાહે એવો હોકમ કીધો કે "અહીં નાનાં અને મોટાંમાંથી-કેથે પણ સિંહ કે વરૂનાં પગલાં રહેવા દેવાં નહીં."

આથી એવું બન્યું કે તે સઘળી જગ્યાએ ચાલતી ખૂના મરકીથી-તે મુલકની તમામ સપાટી લોહીથી ધોઇ કાઢી.

પુષ્કળ કાપાકાપી, લૂટ અને આગ લગાડવાથી-મર્દ અને અઉરતનાં રૂદનના પોકારો નીકળ્યા.

કપાયલાં માણસોના ચો તરફ ઢગલા થયા હતા-તેઓનાં માથાંમાંનાં ભેજાંની સાથ રસ્તા ઉપરનું ઘાસ ભેળાઈ ગયું હતું.

ગીલાનમાંથી જે કોઈ કે લડાયક, હુશ્યાર, ઈન્સાફી અને વઝનદાર શખ્સો હતા,

તેઓ સઘળાઓએ પોત-પોતાના હાથ બાંધ્યા-અને પોતાનાં નાનાં બાળકોને આગળ અને બાયડીઓને પાછળ ચલાવી,

તેઓ રડતા પોકારતા, ચીરાએલી છાતીએ અને કમીની હાલતે પાદશાહની નઝદીક આવ્યા.

સઘળાઓ બાંધેલા હાથે અને ઝખમી તને-તે દરબારમાં એકઠા થયા.

અને બોલ્યા કે "અમો અમારાં તે બૂરાં કામથી પશેમાન થઇ પાછા ૪૬૬
ફર્યા છિયે-કદાચ હવે પાદશાહ પણ પોતાના નાખુશ વિચારથી પાછો ફરે.

અગરજો પાદશાહનું દિલ ગીલાનથી ઝખમી થયું છે-તો અમો પોતાનેજ હાથે અમારાં માથાં શરીર ઉપરથી કાપી નાખીશું.

જ્યારે તે અમારાં કાપેલાં માથાંનો એક ઢગલો જોશે-ત્યારે કદાચ પાદશાહનું દિલ તેથી ખુશહાલ થશે."

જ્યારે દરગાહમાંથી એવી રીતનો પોકાર નીકળ્યો-અને તેવી રીતનો આવાઝ પાદશાહે સાંભળ્યો,

ત્યારે દેશના પાદશાહે તેઓ ઉપર બક્ષેશ કીધી-અને સઘળી બનેલી વાતો તેનાં દિલમાંજ છૂપાઇ ગઇ.

પણ તેણે ગીલાન અને દીલમમાંથી બસો જવાનોને ગિરવી માગ્યા-કે હવે પછી કોઇ પાછી બૂરી રાહ પકડે નહીં.

તેઓની નઝદીક એક પોતાની તરફનો પેહલવાન રાખ્યો-એવી રીતે જ્યારે સઘળું કામ બરાબર થયું ત્યારે તેણે ત્યાંથી લશ્કર આગળ ચલાવ્યું.

રસીદને મુન્ઝેરે તાઝી નઝ્દે નૂશીરવાન્ બફર્યાદે બીદાદે કયસરે રૂમ્.

કે ગીલાન્ બરાહે મદાઈન્ કશીદ્
શુમારો કરાને સેપહ્રા નદીદ્
બરહ્ બરૂ યકી લશ્કરી બી કરાન્
પદીદ્ આમદ્ અઝ્ દૂરૂ નીઝહ્વરાન્
સવારી બેયામદ્ બ કેર્દારે ગરૂદ્
કઝાન્ લશ્કરે ગશ્ન્ બુદ્ પાયમરૂદ્
પેયાદહ્ શુદ્ અઝ્ અસ્પો બુકુશાદ્ લબ્
ચુનીન્ ગોફ્તૂ કીન્ મુન્ઝેરસ્ત અઝ્ અરબ્
ચુ મુન્ઝેરૂ બેયામદ્ બનઝ્દીકે શાહ્
હમહ્ મેહ્તરાન્ બરૂ કુશાદન્દ્ રાહ્

મુન્ઝેર તાઝીનું નોશીરવાન આગળ કયસર રૂમના ઝુલ્મની ફર્યાદ કરવા જવું.

તે ગીલાનથી મદાઇનની રાહ તરફ ચાલ્યો-તેનાં લશ્કરનો શુમાર અને હદ કોઇને માલૂમ હતીજ નહીં.

રસ્તે ચાલતાં દૂરથી ભાલાદાર સરદારોનું એક હદ વગરનું લશ્કર દેખાયું.

તે ભારી લશ્કરમાંથી એક સવાર કે જે હિમ્મતવાન મર્દ હતો તે શિતાબી કરતો આવ્યો.

તે ઘોડા ઉપરથી નીચે ઉતર્યો અને એ પ્રમાણે બોલ્યો કે "આ ૪૬૭
અરબેસ્તાનથી આવેલો પાદશાહ મુન્ઝેર છે."

પછી જ્યારે મુન્ઝેર પાદશાહની નઝદીક આવ્યો-ત્યારે સઘળા સરદારોએ તેને માર્ગ આપ્યો.

બેપુર્સીદ અઝ શાહો શાદી નમૂદ
કે દીદારે ઊ રઉશનાઈ ફેઝૂદ
જહાનદીદહ્ મુન્ઝેરૂ ઝબાન્ બરૂ કુશાદ
કે રૂમી કે કયસરૂ હમી કરૂદ યાદ
બદૂ ગોફૂત અગરૂ શાહે ઈરાન્ તોઈ
નેગહ્દારો પોશ્તે દેલીરાન્ તોઇ
ચેરા રૂમેયાન્ શહરૂયારી કુનન્દ
બદશ્તે સવારાન્ સવારી કુનન્દ
વગરૂ શાહ બરૂ તખ્તે કયસરૂ બુવદ
સઝદ ગરૂ સરફ્રાઝ બી સરૂ બુવદ
ચુ દસ્તૂરૂ બાશદ ગેરાન્માયહ્ શાહ
ન બીનદ ચુ મા નીઝ ફ્રર્યાદ ખાહ
સવારાને દશ્તી કે રૂમી સવારૂ
બેહ આયન્દ દરૂ કોશેશે કારૂઝારૂ
કે ગોફૂતારે મુન્ઝેરૂ બરૂ આશોફૂત શાહ
કે કયસરૂ હમી બરૂ ફરાઝદ કોલાહ
૪૬૮ કે લશ્કરૂ ઝબાન્આવરી બરૂ ગુઝીદ
કે ગોફૂતારે કયસરૂ બેદાનદ શનીદ
બદૂ ગોફૂત અઝ ઈદરૂ બેરવ્ તા બરૂમ
મેયાસાય હીચ અન્દરૂ આબાદ બૂમ
બકયસરૂ બેગૂય અરૂ નદારી ખરદ
કે રાએ તો મગ્ઝે તો કયફરૂ બરદ
અગરૂ શીરે જન્ગી બેતાઝદ બગૂરૂ
કબાબશ કુનદ શીરૂ દરૂ આબે શૂરૂ
કે મુન્ઝેરૂ તોરા દાદ યાબી બસસ્ત
કે ઊરા નેશસ્ત અઝ બરે કરૂગસસ્ત

ચપે ખીશ પયદા કુન્ અઝ દસ્તે રાસ્ત
ચુ પયદા કુની મરૂઝ જૂઈ રવાસ્ત
ચુ બખ્શન્દએ બૂમો કેશ્વરૂ મનમ
બગીતી સરફ્રાઝો મેહ્તરૂ મનમ
હમી આન્ કુનમ કારૂ કઝ મન સઝદ
નમાનમ કે બાદી બરૂ ઊ બરૂ વઝદ
ચુ બા તાઝેયાન્ દસ્ત યાઝી બકીન્
યકી દરૂ નેહાન્ ખીશતન્રા બેબીન્
વદીગરૂ કે આન્ પાદ્શાહી મરાસ્ત
દરે ગાવ તા બોર્જે માહી મરાસ્ત
૪૬૯ અગરૂ મન્ સેપાહી ફેરેસ્તમ બરૂમ
તોરા તીઘે પૂલાદ ગર્દદ ચુ મૂમ
ફેરેસ્તાદહ્ અઝ પીશે નૂશીરવાન્
બેયામદ બકેર્દારે આબે રવાન્
બરે કયસરૂ આમદ પયામશ બેદાદ
બેપીચીદ બીમાયહ્ કયસરૂ કે દાદ
નદાદ ઈચ પાસોખ વરા જોઝ ફેરીબ્
હમી દીદ દૂરૂ અઝ બલન્દી નેશીબ્
ચુનીન ગોફૂત કઝ મુન્ઝેરે કમ ખરદ
સખુન બાવરૂ આન કુન કે અન્દરૂ ખરદ
અગરૂ ખીરહ મુન્ઝેરૂ બેનાલદ હમી
બદીનચૂનહ બરૂ બદ બેબાલદ હમી

પાદશાહે તેની ખયર આફીયત પૂછી અને ખુશહાલી બતાવી-અને તેના દીદાર જોવાથી તેની ખુશીમાં વધારો થયો.

અનુભવી મુન્ઝેરે પોતાની ઝબાન ખોલી-રૂમ અને કયસરની વાત બિયાન કરવા લાગ્યો.

તે બોલ્યો કે "જો તું ઈરાનનો શાહ છે-અને બહાદુર લોકોનો નેગેહબાન અને મદદગાર છે,

તો રૂમીઓ પાદશાહી શા માટે કરે?-અને અરબેસ્તાન ઉપર ચઢાઇ શા માટે કરે?

જો તખ્ત ઉપર રાજ ચલાવવા કયસર હોય-તો બહાદુર માણુસોનાં માથાં કપાવાંજ જોઇયે

જો પ્રતાપિ પાદશાહનો હોકમ હોય-તો મારા જેવાને દાદ ચાહવા અત્રે આવવાની ઝરૂર નથી.

લડવામાં અરબ સવાર રૂમી સવાર કરતાં ઘણો સારો હોય છે."

મુન્ઝેરની વાતથી પાદશાહ ગુસ્સે થયો-કે "કયસર એવી રીતે પોતાનું તાજ ઊંચું ચઢાવે છે."

તેણે લશ્કરમાંથી એક છટાદાર બોલનારો ચુંટી કાઢયો-કે જે કયસરની ઝબાન સમજી શકતો હોય.

તેણે કહ્યું કે "તું અહીંથી રૂમ તરફ જા-તે આબાદ મુલકમાં જરા પણ થોભતો ના.

અને કયસરને કહે કે જો તું ડહાપણ નહીં ધરાવશે-તો તે તારી અકલની સઝા તારાં મગઝને ખમવી પડશે.

જો તારા જેવો વિકરાળ સિંહ એક ગોરખર ઉપર દોડે તો અલબત્તેહ તેને પકડી લાવીને તારાં શૂરાબ નામનાં શેહરમાં તું ભુંજી ખાય.

જે ખરાબી તેં અરબેસ્તાનમાં કીધી છે તે તારી પાસેથી ભરપાઈ કરવાને મુન્ઝેર પુરેપુરૂં બળ ધરાવે છે-કારણકે તેનું રહેઠાણ ગરૂડ પક્ષીના મુકામની પાસે છે.

તારો ડાબો હાથ કયાં છે અને જમણો કઈ બાજૂએ છે તે પહેલાં જોઈ કાઢ-અને ત્યાર બાદ દેશ જીતવાની કોશેશ કરજે.

જ્યારે જગ્યાઓ અને મુલકોનો બક્ષનારો હું છું-તેમજ દુન્યામાં સરફરાઝ થયલો અને સરદાર હુંજ છું,

ત્યારે હું મારા પોતાના દરજ્જાને છાજતુંજ કામ કરીશ-અને મુન્ઝેરને જરા હવા પણ લાગવા દઇશ નહીં.

અરબો સાથ લડવા માંગે તે પહેલાં તું તારૂં બળ કેટલું છે તેનો વિચાર મનમાંજ લાવજે.

વળી બીજું એ કે અરબેસ્તાનનું રાજ્ય મારા તાબામાં છે-ગાવના બુર્જથી તે માહીના બુર્જ સૂધી સઘળું મારૂંજ છે.

અગરજો હું તારાં રૂમમાં મારૂં લશ્કર મોકલીશ-તો તારી પોલાદની તલવાર મોમ જેવી નર્મ થઇ જશે"

પેલો એલચી નોશીરવાન આગળથી વહેતાં પાણીની મિસાલ શિતાબીથી ચાલ્યો.

તે કયસરની નઝદીક આવ્યો અને પાદશાહનો સંદેશો પુગાડયો-પણ તે કમીના કયસરે આવા વાજબી ઇન્સાફથી સર ફેરવ્યું.

અને તેણે ફરેબ આપનારા જવાબ સિવાય બીજો કાંઇ જવાબ આપ્યો નહીં-તે ઊંચાણથી નીચાણ લગીનું લમ્બાણ તપાસવા લાગ્યો.

અને પછી એવો જવાબ દીધો કે "બેવુકૂફ મુન્ઝેર તરફથી-જે વાત કે માનવા લાયક હોય તેજ માન.

જો મુન્ઝેર બેવુકૂફીથી ફર્યાદ કરતો હોય-તો જાણવું કે તે પોતાની ખરાબી કરવાને તત્પર છે.

ગરૂ અયદૂન્ કે અઝ્ દશ્તે નીઝહૂવશાન્
બેનાલદ્દ કસી અઝ્ કરાન્ તા કરાન્
ઝમીન્ આન્ કે બાલાસ્ત પહૂના કુનમ
બદાન્ દશ્તે બી આબ્ દર્યા કુનમ
ફેરેસ્તાદહ બેશ્નીદો આમદ્દ શુ ગરૂદ્દ
સુખુનહાએ કયસરૂ હમહ યાદ્દ કરૂદ્દ
બરૂ આશોફૂત કેસ્રા બદસ્તૂરૂ ગોફૂત
કે બા મધઝે કયસરૂ ખેરદ્દ નીસ્ત જોફૂત
મન્ ઊરા નુમાયમ્ કે ફર્માન્ કેરાસ્ત
જહાન્ જોસ્તનો જન્ગો પયમાન્ કેરાસ્ત
ઝે બીશીઓ અઝ્ ગર્દન્ અફ્રાખ્તન્
વઝીન્ ફૂશોશો ઘારતો તાખ્તન્
પશીમાની અફ્ઝૂન્ ખુરદ્દ ઝાન્ કે હસ્ત
બશબ્ ઝીરે આતેશ કુનદ્દ હરૂદુ દસ્ત

જો અરબેસ્તાનમાંથી કોઈ ફર્યાદ કરતો હોય તો એક છેડાથી બીજા છેડા સુધી,

જ્યાં પણ ઈમારત વગેરેની ઊંચાઈ જોઇશ તેને ઝમીન બરાબર કરી નાખીશ—અને તે પાણી વગરનાં મયદાનને લોહીના દર્યામાં ફેરવી નાખીશ."

એલચીએ એવું સાંભળ્યું અને તે શેતાબ નોશીરવાન આગળ આવ્યો—અને કયસરની સઘળી વાતો કહી સંભળાવી.

નોશીરવાન ગુસ્સે થયો અને પોતાના વઝીરને કહ્યું કે "કયસરનાં મગઝમાં અકલ રહીજ નથી.

૪૭૦ હું તેને દેખાડીશ કે હોકમ કોણનો ચાલે છે-દેશ જીતવો, લડાઇ કરવી અને કોલ કરાર કરવા, એ કોણને માટે છે?

તેના લોભથી, તેમજ તેની મગરૂરીથી—અને આવી રીતની કોશેશ કરવાથી, લૂટફાટ કરવાથી અને હુમ્લા કરવાથી,

તે આગળાં મૂર્ખાઇ ભરેલાં કામથી આજે પસ્તાતો રહ્યો છે, તેના કરતાં પણ હાલનાં કામથી તે વધારે પસ્તાતો રહેશે—અને રાત રાતે (એટલે ખાનગી રીતે) તે પોતાના બન્ને હાથો બાળી નાખવા તૈયાર થશે."

પછી તેણે ફર્માવ્યું જેથી કરનાય વજાડી-ચો તરફથી લશ્કર એકઠું થયું.

બેફરૂમૂદ્દ તા દરૂ દમીદન્દ્દ નાય
સેપાહ અન્દરૂ આમદ્દ ઝે હરૂસૂ બજાય
ઝે દરૂગાહ બર્ખાસ્ત આવાએ કૂસ
ઝમીન્ કીરૂ ગૂન્ શુદ્દ હવા આબ્નૂસ
ગુઝીન્ કરૂદ્દ અઝાન્ લશ્કરે નામદારૂ
સવારાને શમ્શીરૂ ઝન્ સદ્દ હઝારૂ
બમુન્ઝેરૂ સેપોરૂદ્દ આન્ સેપાહે ગરાન્
બેફરૂમૂદ્દ કઝ્ દશ્તે નીઝહૂવરાન્
સેપાહી બરૂ અઝ્ જન્ગજૂયાન બરૂમ
કે આતેશ બરૂઆરન્દ્દ અઝાન્ મર્ઝો બૂમ
કે હરૂ ચન્દ્દ મન્ શહરૂયારી નવમ
બદીન્ કીનહ બરૂ નામદારી નવમ
ઝે રૂમો ઝે રૂમી મદારૂ ઈચ બાકૂ
ચે રૂમી બરે મન્ ચે યક્ મુશ્ત ખાકૂ
ફેરેસ્તાદઈશ કુનૂન ચરૂબ્ગૂય
અઝ્ ઈરાન્ ફેરેસ્તમ્ બનઝ્દીકે ઊય
મગરૂ ખુદ્દ નેયાયદ્દત અઝીન્ પસ ગઝન્દ્દ
બકયસરૂ ખુવદ્દ રૂમ મારા પસન્દ્દ

દરગાહમાંથી નગારાના આવાઝ નીકળ્યા—ઝમીન ડામરના રંગની બની અને હવા સીસમ જેવી કાળી થઇ.

તેણે તે નામદારી ભર્યાં લશ્કરમાંથી તલવાર મારનારા એક લાખ સવારો ચુંટી કાઢયા.

અને તે ભારી લશ્કર મુન્ઝેરને સોંપ્યું—અને તેને ફર્માવ્યું કે "તારાં ભાલાદાર અરબી લશ્કરમાંથી પણ,

લડાયક સિપાહોનું એક લશ્કર રૂમમાં લઇ જા—કે જેઓ તે મુલકમાંથી આગના શોલા ઉઠાડે.

જો કે હું ગમે એવો એક નવોજ પાદશાહ છું અને આ કીનો લેવામાં એક નવોજ નામદાર છું,

તો પણ તારે રૂમ દેશથી અને રૂમી લોકોથી જરાબી બીવું નહીં—કારણકે તે રૂમી લોક મારી નઝદીક એક મુઠી ખાક બરાબર છે.

૪૭૧ હમણા હું એક છટાદાર બોલનારો એલચી ઇરાનથી તેની નઝદીક મોકલું છું.

ભલે કયસર રૂમ દેશનો ધણી રહે—પણ હવે પછી તને કયસરથી કાંઈ દુઃખ જોવું પડશે નહીં."

નામએ શાહે કેસ્રા બકયસરે રૂમ.

નવીસન્દઈ ખાસ્ત અઝ્ બારૂગાહ
બકયસરૂ યકી નામહ ફરૂમૂદ્દ શાહ
ઝે નૂશીરવાન્ શાહે ફરૂરોખ્ નેઝાદ્દ
જહાન્ગીરો ઝેન્દહ કુને કયકોબાદ્દ
બનઝ્દીકે કયસરૂ સરફ્રાઝે રૂમ
નેગહબાને આન્ મર્ઝે આબાદ્દ બૂમ
સરે નામહ કરૂદ્દ આફરીન્ અઝ્ નુખોસ્ત
ગેશાનમાયગી જોઝ્ ઝે યઝદાન્ નજોસ્ત
ખોદાવન્દે ગર્દન્દહ ખુરૂશીદો માહ
કઝૂયસ્ત પીરૂઝીઓ દસ્તગાહ

પાદશાહ કેસ્રાનું કયસરે રૂમ ઉપરનું નામુ.

પછી તેણે દરબારમાંના મુન્શીને બોલાવ્યો—અને પાદશાહે કયસર ઉપર એક નામુ લખવા ફર્માવ્યું.

કે "મુબારક બુન્યાદના પાદશાહ નોશીરવાન કે જે દેશનો જીતનારો અને શાહ કોબાદનું નામ જીવતું કરનારો છે તેની તરફથી,

રૂમના સરદાર કયસર તરફ કે જે આબાદ મુલકનો નેગેહબાન છે, તેની નઝદીક પુગે."

પ્રથમ નામાને મથાળે તે સાહેબની દુઆ લખી—અને પાક યઝદાન સિવાય બીજા કોઈથી પોતાની મોટાઈ શોધી નહીં.

કે "જે ફરતાં ખુરશીદ અને માહતાબનો સાહેબ છે-જે સાહેબથીજ ફતેહમંદી અને કૌવત મળે છે.

કે બીરૂન્ શુદ અઝ રાએ ગર્દાન્ સેપેહરૂ
અગરૂ જન્ગ્ જૂયદ અગરૂ દાદો મેહરૂ
તો ગરૂ કયસરે રૂમો ગરૂ મેહતરી
મકુન્ ઇચ બા તાજેયાન્ દાવરી
વગરૂ ઓશ ગીરી ઝે ચન્ગાલે ગોરૂગ્
તો દાની કેઝૂ રન્જ બીની બુઝોરૂગ્
૪૭૨ વગરૂ સૂએ સુન્જેરૂ ફેરેસ્તી સેપાહ
નમાનમ બતૂ લશકરો તાજો ગાહ
અગરૂ ઝીરૂદસ્તી શવદ પુરૂ મનેશ
બશમ્શીરૂ યાબદ ઝે મા સરૂઝનેશ
તો ઝાન્ મરૂઝ ચકુ રશ મનેહ પીશ પાય
ચુ ખાહી કે પયમાન્ બેમાનદ બજાય
અગરૂ બુગ્ઝરી ઝીન્ સખુન્ બુગ્ઝરમ
સરો ગાહે તૂ ઝીરે પય બેસ્પરમ
દોરૂદ અઝ ખોદાવન્દે દીહીમો ઝૂરૂ
બદાન્ કૂ નજૂયદ બબીદાદ શૂરૂ
નેહાદન્દ બરૂ નામહ બરૂ મોહરે શાહ
સવારી ગુઝીદન્દ અઝાન્ બારૂગાહ
સુનાન્ ચૂન્ બેઆયેસ્ત ચીરહ ઝબાન્
જહાન્દીદહો ગોર્દો રઉશન્ રવાન્

ફરતાં આસ્માનના એરાદાથી કોણ બચી ગયું છે?-પછી તે લડાઈ કરવા તૈયાર થતો હોય કે ઇન્સાફ અને મોહબત માંગતો હોય.

અગરજો તું રૂમનો કયસર છે કે અગર સરદાર છે-તો પણ તું અરબો સાથે કશી બાબતનો ઝઘડો ના કર.

જો તું વરની ચુંગાલમાથી મેહું છીનવી લેવા માગતો હોય-તો તું જાણ કે તેમ કર્યાથી તને મોટી રંજ વેઠવી પડશે.

જો તું સુન્જેર સામે લશ્કર મોકલશે-તો હું તારૂં લશ્કર, તાજ અને તખ્ત રહેવા દહશ નાહીં.

જો કોઇ તાબેદાર થઇને મોટાઈ કરવા નીકળે તેને અમારી તરફથી તલવારની સઝા મળશે.

જો તું ચાહતો હોય કે આપણા કોલકરાર કાયમ રહે-તો તું પોતાના મુલકની હદથી એક ગઝ પણ કદમ આગળ ના મૂકતો.

અગરજો તું આ મારા હોકમથી ફરશે તો હું પણ આપણા કોલ-કરારથી ફરીશ અને તારૂં સર અને તખ્ત પગ હેઠળ કચડીશ.

તાજ અને કીવાના સાહેબ તરફથી તે શખ્સ ઉપર દોઆ હોજો! કે જે ગયર ઇન્સાફીથી ઝઘડો શોધતો નથી."

નામા ઉપર પાદશાહની મોહર કીધી-અને તે દરબારમાંથી એક સવાર પસંદ કરવામાં આવ્યો.

કે જેવો જોઇયે તેવો બોલીદરાઝ-અનુભવી, બહાદુર અને રોશન જીવનો હતો.

રસીદને નામએ નૂશીરવાન્ નઝૂદે કયસર્ વ ફેરેસ્તાદને કયસર્ પાસોખે આન્.

:0:

ફેરેસ્તાદહ બા નામએ શહરૂયારૂ
બેયામદ બરે કયસરે નામદારૂ
બદ્દ આફરીન્ કર્દો નામહ બેદાદ
હમહ રાએ કેસ્રા બદ્દ કરૂદ યાદ
સુખુનહાશ બેશનીદો નામહ બેખાન્દ
બેપીચીદો અન્દરૂ શેગેફ્તી બેમાન્દ
૪૭૩ ઝે ગોફ્તારે કેસ્રા સરફ્રાઝ મરૂદ
બરૂ પુરૂ ઝે ચીન્ કર્દો રોખસારહ ઝરૂદ
નવીસન્દઈ ખાન્દો પાસોખ નેવેશ્ત
પદીદારૂ કરૂદ અન્દરૂ ખૂબો ઝેશ્ત
સરે નામહ ચૂન્ ગશ્ત મુશ્કીન્ ઝે કારૂ
નુખોસ્ત આફરીન્ કરૂદ બરૂ કેર્દેગારૂ
નેગારન્દએ બરૂ કશીદહ સેપેહરૂ
કઝૂયસ્ત આરામો પર્ખાશો મેહરૂ
બગીતી યકીરા કુનદ તાજવરૂ
વઝૂ બેહ યકી પીશે ઊ બા કમરૂ
અગરૂ ખુદ સેપહરે રવાન્ ઝીરે તોસ્ત
સરે મુશ્તરી ઝીરે શમ્શીરે તોસ્ત
બહીવાન્ નેગહ કુન્ કે રૂમી નેઝાદ
બતોખ્મે કયાન્ બાઝ હરૂગેઝ નદાદ

નોશીરવાનનું નામુ કયસરની નઝદીક પહોંચવું અને કયસરે તેનો જવાબ મોકલવો.

:o:

તે એલચી પાદશાહનું નામુ લઈ નામદાર કયસરની નઝદીક આવ્યો.

તેના ઉપર દુઆ કીધી અને પેલું નામુ આપ્યું-તેમજ નોશીરવાનના સઘળા વિચારો તેને કહી સંભળાવ્યા.

કયસરે તે સખુનો સાંભળ્યા અને નામુ વાંચ્યું જેથી તે ગુસ્સે થયો અને અજબ રહ્યો.

નોશીરવાનની વાતથી તે સરફરાઝ મર્દે પોતાનાં ભવાં કરચલી ભરેલાં કીધાં અને ચેહરો ફિક્કો બનાવ્યો.

પછી એક મુન્શીને બોલાવ્યો અને તેનો જવાબ લખ્યો-તેની અંદર સઘળું સારૂં માઠું દર્શાવ્યું

જ્યારે તે નામાની શુરૂઆત કસ્તુરીવાળી સીઆહીથી થઈ ત્યારે પહેલા તે ખોદાતાલા ઉપર દુઆ કીધી.

કે "જે ઊંચાં આસ્માનનો ચીતારનાર છે-કે જેનાથીજ આરામ, લડાઇ, અને મોહબત પણ છે.

દુન્યામાં તે એકને પાદશાહ કરે છે-અને તેનીથી ચઢિયાતા બીજા શખ્સને તેનો ખિદમતગાર બનાવે છે.

અગર ફરતો આસ્માન પોતે તારાં ફર્માન હેઠળ હોય-તેમજ બૃહ-સ્પતિ સેતારાનું સર તારી તલવાર હેઠળ હોય,

તો પણ તું પોતાનાં દફતરમાં તપાસ કર કે રૂમી અઊલાદના કોઈ પણ શખ્સે-કયાની તોખ્મના પાદશાહને કદી પણ ખેરાજ આપ્યું નથી.

તો ગરૂ શહેરૂયારી ન મન્ કેહુતરમ
હુમાન્ બા સરો અફૂસરો કેશ્વરમ
ચે બાયદ પેઝીરોફૂત ચન્દી ફેસૂસ
ઝે બીમે પયે પીલો આવાએ કૂસ
બેખાહમ કુનૂન અઝ્ શુમા બાઝો સાવ્
કે દારદ બપખાંશ બા રૂમ તાવ્
સેકન્દરૂ શનીદી બઈરાન્ ચે કરૂદ
ઝે મા બૂદ આન્ શાહે આઝાદ મરૂદ
નેહોફૂતહુ નશુદ તીઘે એસ્કન્દરી
ચે સાઝી બમા બરૂ ચુનીન્ દાવરી
બતારાજ બોર્દન્દ ચફૂ ચન્દ ચીઝ્
ગુઝશ્ત આન્ સેતમ બરૂ નગીરીમ્ નીઝ્
ઝે દશ્તે સવારાને નીઝહુવરાન્
બરૂઆરીમ ગરૂદ અઝ્ કરાન તા કરાન્
ન ખુરૂશીદ નૂશીરવાન્ આફરીદ
વગરૂ બેસ્તદ અઝ્ ચર્ખે ગર્દાન્ કલીદ
કે કસ્ મી નબાયદ ઝે શાહન્શહાન્
હમહુ કામે ઊ બાયદ અન્દરૂ જહાન્
ફેરેસ્તાદહુરા હીચ પાસોખ નદાદ
ઝે તુન્દીએ કેસ્રા નેયામદ્શ યાદ
ચુ મોહુરૂ અઝ્ બરે નામહુ બેન્હાદ ગોફૂત
કે બા મન મસીહો ચલીપાસ્ત જોફૂત
ફેરેસ્તાદહુ બા ઊ નઝદ હીચ દમ
દેઝમ દીદ પાસોખ બેયામદ દેઝમ
બેયામદ બરે શાહે ઈરાન્ ચુ ગરૂદ
સુખુનહાએ કયસરૂ હમહુ યાદ કરૂદ

જો તું પાદશાહ છે તો હું તારા કરતાં કાંઈ ઉતરતો નથી-પણ સરદારો, તાજ અને મુલક ધરાઉં છું.

હાથીનાં કદમની અને નગારાંના આવાઝની જૂઠી બીકથી-મારે શા માટે એટલો બધો અફસોસ કરવો જોઇયે?

હવે તો હું તમો લોકો પાસેથીજ મેહસૂલ અને ચોથાઈ લઇશ-રૂમ સાથ લડવાની કોણ તાકત ધરાવે છે?

તેં સાંભળ્યું તો હશે કે સિકંદરે ઈરાનમાં શું શું કીધું હતું?-તે ૪૭૪
આલીજાહ મરતબાનો શખ્સ અમારામાંનોજ હતો.

સિકંદરી તલવાર કાંઇ હજી છૂપાઈ ગઇ નથી-તું અમારી ઉપર એવી રીતની સરજોરી શા માટે કરે છે?

તેઓ (અરબો) અમારી કેટલીક માલ મિલ્કત લૂટી લઈ ગયા છે-તે ઝુલ્મ તો પસાર થઇ ગયો છે પણ હવે એવું કદીબી અમો બનવા દઈશું નહીં.

એવા ભાલાદાર અરબ સવારોની તો અમો એક નાકાથી બીજા નાકા સૂધી ગર્દ કાઢીજ નાખીશું.

રોશન ખુરશીદ કાંઇ નોશીરવાને બનાવ્યો નથી-અથવા તેણે કાંઇ ફરતાં આસ્માનની કુચી છીનવી લીધી નથી,

કે દુન્યામાં કોઈ બીજો શેહનશાહ હોયજ નહીં અને સઘળી તેનીજ ખાહેશ પાર પડવી જોઇયે?"

કયસરે ઈરાની એલચીને કાંઇ પણ મોઢે તો જવાબ કહેવાડયો નહીં-તેણે નોશીરવાનના ગુસ્સાની કશી દરકાર કીધીજ નહીં.

તેણે જ્યારે તે નામા ઉપર મોહર કીધી ત્યારે તે બોલ્યો કે "મારો પયગમ્બર ક્રાઇસ્ટ અને તેનો પવિત્ર ક્રૉસ મારો મદદગાર છે."

પેલા એલચીએ તેની સાથે કાંઇબી વાત કીધી નહીં-પણ તે દુ:ખ ભર્યો જવાબ જોઇ દિલગીર પાછો ફર્યો.

તે તુરતજ ઇરાનના પાદશાહની આગળ આવ્યો અને કયસરની તમામ વાતો કહી સંભળાવી.

રફ્તને કેસ્રા બજન્ગે કયસર્.

ચુ બરૂ ખાન્દ આન્ નામહુરા શહેરૂયારૂ
બરૂ આશોફૂત બા ગર્દેશે રૂઝગારૂ
હમહુ મૂબેદાનો રદાન્રા બેખાન્દ
વઝાન્ નામહુ ચન્દી સુખુનહા બેરાન્દ
સે રૂઝ અન્દરાન્ બૂદ બા રાએઝન્
ચે બા પહુલવાનાને લશ્કરૂ શેકન્
ચહારોમ બદાન્ રાસ્ત શુદ રાએ શાહુ
કે આરદ સુએ જન્ગે કયસરૂ સેપાહુ
બરૂ આમદ ઝે દરૂ નાલએ ગાવ્ દુમ
ખોરૂશીદને કૂસો રૂઇનહુ ખુમ
બરૂ આરામશ અન્દરૂ નબૂદશ દેરન્ગ્
હમી અઝ્ પયે રાસ્તી જોસ્ત જન્ગ્
સેપહુ બરૂ ગેરેફૂતો બુનહુ બરૂ નેહાદ
ઝે યઝ્દાને નીકી દેહેશ કરૂદ યાદ
યકી ગરૂદ બરૂ શુદ કે ગોફૂતી સેપેહુરૂ
બદર્યાએ કીરૂ અન્દરૂ આવરૂદ ચેહુરૂ
બેપૂશીદ રૂએ ઝમીન્રા બનઅલ્
હવા ચફૂસરૂ અઝ્ પર્નેયાન્ ગશ્ત લઅલ્

નોશીરવાનનું કયસરની લડાઇમાં જવું.

જ્યારે પાદશાહે તે નામુ વાંચ્યું-ત્યારે તે ઝમાનાની ગર્દેશ સાથ ૪૭૫
ગુસ્સે થયો.

તેણે સઘળા વઝીરોને અને સરદારોને બોલાવ્યા-અને તે નામા વિષે ઘણીક વાતો ચલાવી.

તેણે લશ્કરની સફ તોડનારા પેહલવાનો અને પોતાના સલાહકારો સાથ ત્રણ દિવસ તે મસ્લહતમાં ગુઝાર્યાં.

ચોથે દિવસે પાદશાહનો વિચાર નક્કી થયો-કે "કયસરની લડાઈ માટે પોતે લશ્કર આગળ ચલાવે."

હવે દરબારમાંથી કરનાય, નગારાં અને ઢોલના પોકારો નીકળ્યા.

પાદશાહે આરામ લેવાની પણ કશી ઢીલ કીધી નહીં-તે સચ્ચાઇને ખાતેરજ લડાઈ કરતો હતો.

તેણે લશ્કર ભેગું કીધું અને સઘળો અસ્બાબ લાઢયો-અને નેકી પહોંચાડનારા ખોદાની યાદ કરી ચાલુ મૂક્યું.

લશ્કરથી એટલી તો ધૂળ ઉઠી કે ગોયા આસ્માને પોતાનો ચેહરો ડામરના દર્યામાં છૂપાવ્યો.

ઘોડાઓની નઅલે કરીને ઝમીનની સપાટી ઢાંકી નાખી-રેશમી ઝુંડાઓથી સઘળી હવા લાલ બની ગઈ.

નબુદ બરૂ ઝમીન્ પશ્શહુરા જાયગાહ્
ન અન્દરૂ હવા બાદ્રરા માન્દ રાહ્
૪૭૬ ઝે જૂશે સવારાનો અઝ ગર્દે પીલ્
ઝમીન્ શુદ બકેર્દારે દર્યાએ નીલ્
જહાન્દારૂ બા કાવેયાની દેરફ્શ
હમી રફ્ત બા તાજો ઝરૂરીનહ્ કફ્શ
હમી બરૂ શુદ આવાઝ શાન્ તા દો મીલ્
બપીશે સેપાહ્ અન્દરૂન્ કૂસો પીલ્
પસે પોશ્તો પીશ અન્દરૂ આઝાદગાન્
બેશુદ તીઝ તા આઝરૂ આબાદગાન્

ચુ ચશ્મશ બરૂ આમદ બઆઝરૂ ગોશસ્પ
પેયાદહ્ શુદ અઝ દૂરો બુગ્ઝાશ્ત અસ્પ
ઝે દસ્તૂરે પાકીઝહ્ બર્સમ બજોસ્ત
દો રોખરા બઆબે દો દીદહ્ બશોસ્ત
બબાઝ અન્દરૂ આમદ બઆતેશકદહ્
નેહાદન્દ ગાહી બઝરૂ આઝદહ્
નેહાદહ્ બદ્દ નામએ ઝન્દવોસ્ત
બઆવાઝ બરૂખાન્દ મૂબેદ દુરોસ્ત
રદો હીરૂબુદ પીશ ઘલ્તાન્ બખાક્
હમહ્ દામને જામહા કર્દહ્ ચાક્
બુઝોર્ગાન્ બરૂ ગઉહરૂ અફ્શાન્દન્દ
બઝમઝમ હમી આફરીન્ ખાન્દન્દ
૪૭૭ ચુ નઝદીક તરૂ શુદ સેતાયેશ ગેરેફ્ત
જહાન્ આફરીન્રા નેયાયેશ ગેરેફ્ત
વઝૂ ખાસ્ત પીરૂઝીઓ દસ્તગાહ્
નમૂદન્ દેલશરા સુએ દાદ રાહ્
પરસ્તન્દગાન્રા બબખ્શીદ ચીઝ
બજાઈ કે દર્વીશ દીદન્દ નીઝ
યકી ખીમહ્ ઝદ પીશે આતેશકદહ્
કશીદન્દ લશ્કરૂ ઝે હરૂ સૂ રદહ્
દબીરે ખેરદમન્દરા પીશ ખાન્દ
સુખુનહાય બાયેસ્તહ્ ચન્દી બરાન્દ
યકી નામહ્ ફરૂમૂદ બા આફરીન્
સુએ મરૂઝબાનાને ઈરાન્ ઝમીન્
કે તરૂસન્દહ્ બાશીદો બીદારૂ બીદ
જહાન્રા ઝે દુશ્મન્ નેગહ્દારૂ બીદ
કોનારન્ગ યા પહ્લવાન્ હરૂકે હસ્ત
હમહ્ દાદ જૂઈદ બા ઝીરૂદસ્ત
બેદારીદ ચન્દાન્ કે બાયદ સેપાહ્
બદાન્ તા નેયાબદ બદઅન્દીશ રાહ્
દેરફ્શે મરા તા ન બીનદ કસી
નબાયદ કે ઈમન્ બેખોસ્પદ બસી
૪૭૮ અઝ આતેશકદહ્ તા બેશુદ સૂએ રૂમ
પરાગન્દહ્ શુદ ઝૂ ખબરૂ ગેર્દે બૂમ
બપીશ આમદ આન્ કસ કે ફર્માન્ ગુઝીદ
ઝે ગોર્દાન્ બરો બૂમ શુદ નાપદીદ
જહાનજૂય બા હદયહો બા નેસારૂ
ફેશાવાન્ બેયામદ બરે શહ્રૂયારૂ

ઝમીન ઉપર એક મચ્છરને ઉડવા માટે પણ જગ્યા બાકી રહી હતી નહીં-તેમજ આકાશમાં પવનને પણ માર્ગ મળતો હતો નહીં.

સવારોના જોશથી અને હાથીઓની ધૂળથી-ઝમીન નીલ નદીની મિસાલ થઈ

દેશની સંભાળ કરનાર પાદશાહ પોતે કાવેયાની ઝુંડા સાથ-માથાં ઉપર તાજ અને પગમાં સોનેરી જોડા પેહેરી ચાલવા લાગ્યો.

તેઓના પોકારો બે માઈલ સુધી જતા હતા-તે લશ્કરની હરોલમાં નગારાં અને હાથીઓ હતા.

લશ્કરની પીઠ પાછળ તેમજ હરોલમાં ઉમરાવી ખાન્દાનના લોકો ચાલતા હતા એ પ્રમાણે તે પાદશાહ શેતાબી કરતો આઝર "આબાદગાન" નામના આતશકદેહ સુધી ગયો

જ્યારે તેની નજર આઝર ગોશસ્પના કેબ્લા ઉપર પડી ત્યારે દૂરથી તે ઘોડા ઉપરથી ઉતરી પડી પેયાદો થયો.

પાદશાહે ક્રિયા કરવા માટે પાકીઝેહ દસ્તૂર પાસેથી બર્સમ માગી લીધી અને તેનાથી બંદગી કરી બન્ને ગાલને આંખોનાં આંસુથી ધોઈ કાઢયા.

તે બાજ બર્સમની ક્રિયા સાથેજ આતશકદેહમાં આવ્યો સોનાથી જડેલું એક તખ્ત ત્યાં મૂકવામાં આવ્યું.

તેની ઉપર ઝંદ અવસ્તાની કેતાબ મૂકીને-એક મોબેદે બુલંદ આવાઝે શુદ્ધ ઉચ્ચારે ભણવા માંડયું.

સરદારો અને હેરબુદો તે કેબ્લા આગળ ઝમીન ઉપર લોટવા લાગ્યા-અને પોતાના પોશાકની દામન ચાક કરવા લાગ્યા

સઘળા મોટાઓએ તે કેબ્લા ઉપર ગોહરો વધાવ્યાં-અને ગણગણતા આવાઝે તેની ઉપર દોઆ કરવા લાગ્યા.

જ્યારે પાદશાહ તે કેબ્લાની વધારે આગળ ગયો ત્યારે તેની સેતાયેશ કીધી-દુન્યાના પયદા કરનાર સાહેબની નેયાયેશ કીધી.

અને તેનાથી ફતેહમંદી અને લડવાની શક્તિ માગી-અને પોતાનાં દિલને ઈન્સાફ તરફનોજ માર્ગ દેખાડવાની ખાહેશ ચાહી.

તે કેબ્લાની પરસ્તેશ કરનારા મોબેદોને તેમજ જે જગ્યાએ કે દરવીશોને જોયા તેઓને કેટલીક ચીઝો બક્ષેશ કીધી.

તેણે આતશકદેહ આગળ એક તમ્બુ માર્યો-લશ્કરે ચો તરફથી સફ સમારી.

તેણે એક અકલમંદ મુન્શીને નઝદીક બોલાવ્યો-અને કેટલાક ઘટતા સખુનો કહ્યા.

અને ઇરાન ઝમીનના સરદારો તરફ-દુઆ સલામ સાથનું એક નામુ લખવા ફર્માવ્યું.

કે "તમો ખોદાથી ડરતા રહેજો અને હુશયાર રહેજો-અને દેશને દુશ્મનોથી નેગાહ રાખજો.

તમો હાકેમ અથવા પેહલવાન જે પણ હોય-તે પોતાના તાબાની રૈયત સાથ ઈન્સાફથીજ વર્તજો.

જેટલું પણ રાખવા ઘટતું હોય તેટલું લશ્કર રાખજો-કે જેથી દુશ્મનો આપણી તરફનો માર્ગ મેળવવા પામે નહીં.

જ્યાં સુધી તમો કોઈ પણ મારા ઝુંડાને ફતેહ કરીને પાછો આવતાં જુઓ નહીં-ત્યાં સુધી કોઇયે નચિન્ત ઘણો વખત સૂવું નહીં."

હવે પાદશાહ પેલાં આતશકદેહનાં મકાનમાંથી નીકળી રૂમ તરફ ગયો તેટલાં સુધીમાં-તેની ખબર તે મુલકની આસપાસ ફેલાઇ ગઈ.

જે કોઈ પાદશાહો કે તેના તાબેદાર હતા તે સઘળા તેની આગળ આવ્યા-પેહલવાનોથી તે મુલક ઢંકાઈ ગયો.

ઘણાક પાદશાહો હદયા અને નેસાર લઈ નોશીરવાન આગળ આવ્યા.

બહર્ બૂમો બર્ કે ફેરૂદ આમદી
કે હર્ સૂ પયામો દોરૂદ આમદી
કે ગીતી બહર્ સૂ કે લશ્કર્ કશીદ
જોસ્ અઝ બઝ્મો નખ્ચીર્ ચીઝી નદીદ
ચુનાન્ બુદ કે હર્ શબ્ કે ગોર્દાન્ હઝાર્
બબઝ્મ આમદન્દી બરે શહ્રૂયાર્
ચુ નઝદીક્ શુદ રઝ્મરા સાઝ કરૂદ
સેપહ્રા દેરમ દાદન્ આધાઝ કરૂદ
સેપહ્બુદ્શ શીરૂએ બહ્રામ બૂદ
કે દર્ જન્ગ્ બા રાયો આરામ બૂદ
ચપે લશ્કરશરા બફર્હાદ દાદ
બસી પન્દહા બર્ દેલશ કરૂદ યાદ
ચુ ઉસ્તાદે બર્ઝીન્ અબર્ મયમનહ્
ગોશસ્પે જહાન્જૂય પીશે બનહ્
બકલ્બ્ અન્દરૂન્ બૂદ મેહ્રાન્ બપાય
કે દર્ કીનહ્ગહ્ દાશ્તી દેલ્ બજાય
તલાયહ્ બહોર્મુઝદે ખર્રાદ દાદ
રવાનો દેલશરા ખેરદ યાદ દાદ
બહર્ સૂ બેરફ્તન્દ કાર્ આગેહાન્
બદાન્ તા નમાનદ સખુન્ દર્ નેહાન્
કે લશ્કર્ જહાન્દીદગાન્રા બેખાન્દ
બસી પન્દો અન્દર્ઝે નીકૂ બેરાન્દ
ચુનીન્ ગોફ્ત કય લશ્કરે બી કરાન્
કે પુર્માયગાનો કે કુન્દાવરાન્
અગર્ યકતન્ અઝ રાહે મન્ બુગ્ઝરીદ
દમે ખીશ બી રાએ મન્ બેશ્મરીદ
બદર્વીશ મર્દુમ રસાનીદ રન્જ
વગર્ બર્ બુઝોર્ગાન્ કે દારન્દ ગન્જ
ગર્ આહન્ગ્ બર્ મીવહ્દારી કુનીદ
વગર્ ના પસન્દીદહ્ કારી કુનીદ
વગર્ કેશ્તમન્દી બેપૂશદ બપાય
વગર્ પીશે લશ્કર્ બેજુમ્બદ ઝે જાય
બયઝદાન્ કે ઊ દાદ દીહીમો ઝૂર્
ખોદાવન્દે બહ્રામો કયવાનો હૂર્
કે દર્ દમ મેયાનશ બેખુર્રમ બતીઘ
અગર્ ચૂન સેતારહ્ શવદ ઝીરે મીઘ
બપીશહ્ સેપહ્ બર્ તલાયહ્ મનમ
જહાન્જૂય બર્ કલ્બ્ પાયહ્ મનમ
નેગહ્બાને પીલો સેપાહો બનહ્
ગહી બર્ ચપમ ગાહ્ બર્ મયમનહ્
બખુશ્કી રવમ ગર્ બદર્યાએ આબ્
નજૂયમ બરઝ્મ અન્દર્ આરામો ખાબ્
મનાદીગરી નામે ઊ શીરૂઝાદ
ગેરેફ્ત આન્ સુખુન્હાએ કેસ્રા બયાદ
બેયામદ દમાન્ ગેર્દે લશ્કર્ બેગશ્ત
બહર્ ખીમહો ખર્ગહી બર્ ગુઝશ્ત
ખોરૂશીદ કય બી કરાનહ્ સેપહ્
ચુનીનસ્ત ફર્માને બીદાર્ શાહ્
કે ગર જોશ બદાદો બમેહ્રો ખરદ
કસી સૂએ ખાકે સેયહ્ બેનગરદ

જે મુલક અને ઝમીન ઉપર કે તે ઉતારો લેતો-તો ત્યાં ચો તરફથી તાબેદારીના પયગામો અને દોઆ સલામો આવતી હતી.

જે જે મુલકમાંથી કે તે લશ્કર પસાર કરી જતો-તે તરફ ખુશાહાલીની મજલેસ અને શેકાર સિવાય બીજું કાંઇ પણ જોતો હતો નહીં.

એવું બનતું હતું કે પેહલવાનોમાંથી દર રાતે એક હઝાર પેહલવાનો-ખુશાહાલીની મજલેસ માટે પાદશાહની નઝદીક આવતા હતા.

જ્યારે તે રૂમની નઝદીક જઈ પુગ્યો ત્યારે લડાઈની તૈયારી કીધી-લશ્કરને પગાર આપવો શુરૂ કીધો.

તે લશ્કરનો સેપહસાલાર બેહરામનો બેટો શીરૂય હતો-કે જે લડાઇના હન્ગામમાં વિચારવંત અને શાન્ત રહેતો હતો.

લશ્કરની ડાબી બાઝૂ ફર્હાદને સોંપી આપી-અને તેને ઘણીક શીખામણો દીધી.

જ્યારે જમણા હાથ ઉપર બર્ઝીનનો છોકરો ઉસ્તાદ ઉભો-અને સઘળા માલ અસ્બાબ આગળ દેશ જીતનાર ગુશસ્પ ઉભો રહ્યો.

લશ્કરના વચલા ભાગમાં મેહરાન ઉભો હતો-કે જે લડાઈના વખતમાં ૪૭૯
પોતાનું દિલ ઠેકાણે રાખતો હતો.

ખરરાદના બેટા હોરમઝદને લશ્કરની ચોકી કરવાનું કામ આપ્યું-અને તેના જીવ અને દિલને ડહાપણ રાખવાની યાદ આપી.

ચો તરફ અનુભવી જાસૂસો ગયા કે જેથી કાંઈ પણ વાત પાદશાહથી છૂપી નહીં રહે.

લશ્કરમાંથી અનુભવી સરદારોને બોલાવ્યા-અને ઘણીક અચ્છી નસીહતો અને શીખામણો આપી.

પાદશાહ એ પ્રમાણે બોલ્યો કે "ઓ મારા બેશુમાર લશ્કરીઓ!-તમો નામીચા શખ્સોમાંથી તેમજ બહાદુર શખ્સોમાંથી,

અગરજો એક જણ પણ મારી રાહથી ફરશો-અને મારા હોકમ વગર તમો પોતાનો દમ પણ લેશો,

ગરીબ માણસોને ઈઝા પહોંચાડશો-અથવા ગંજ ધરાવનારા મોટાઓ ઉપર ઝુલ્મ કરશો,

અગર કોઈનાં મેવાવાળાં ઝાડને નુકસાન પુગાડશો-અથવા કશું પણ ના લાયક કામ કરશો,

અગર કોઈના અનાજનાં ખેતરોને પગ તળે ખુંદશો-અથવા કોઈ હોકમ વગર પોતાની જગ્યાથી લશ્કરની આગળ વધશો,

તો પાક યઝદાન કે જેણે મને તાજ અને કૌવત આપ્યું છે અને જે મંગળ, શનિ અને રવિ (આફતાબ)નો સાહેબ છે તેના કસમથી કહું છું,

કે તે શખ્સ અગર સેતારાની માફક વાદળ નીચે પણ છૂપાઇ જશે, ૪૮૦
તો પણ એક પળમાં તેની કમર મારી તલવારે કરી કાપી નાખીશ.

લશ્કરની હરોલમાં તેની સંભાળ કરનાર તરીકે હું છું-લશ્કરની કલ્બગાહ ઉપર સરદાર તરીકેની જગ્યા ધરાવનારો હું છું.

લશ્કર હાથીઓ અને સઘળા અસ્બાબના નેગેહબાન તરીકે-કોઇ વખત લશ્કરની ડાબી બાઝૂ અને કોઇ વખત જમણી બાઝૂ ઉપર હું રહીશ.

અગરજો હું ઝમીન ઉપર કે દર્યાનાં પાણી ઉપર ચાલતો હોઇશ તો પણ લડાઇના હન્ગામમાં હું આરામ કે ખાબ કરીશ નહીં."

શીરઝાદ નામના એક ડાંડી પીટનારે-નોશીરવાનના આ સખુનો સઘળાં લશ્કરને ઝાહેર કીધા.

તે દોડતો આવ્યો અને લશ્કરની આસપાસ ફર્યો-દરેક તમ્બુ અને રાવટીઓમાં ગયો.

અને મનાદી પોકારી કે "ઓ ગણત્રી વગરનાં લશ્કરના સેપાહો!-આપણા બાહોશ પાદશાહનું ફર્માન એવું છે,

કે અગર કોઇ ઈન્સાફ, દયા અને ડહાપણ સિવાય આ સીઆહ ખાક તરફ નઝર કરશે,

બરાન્ તીરહ્ ખાકશ બેરીઝન્દ ખૂન
ચુ આયદ કે ફર્માને યઝદાન્ બેફન
બપન્દે મનાદી નશુદ શાહ્ રામ
બરૂઝે સફીદો શબે તીરહ્ ફામ
૪૮૧ હમી ગેર્દે લશ્કર્ બેગશ્તી બરાહ્
હમી દાશ્તી નીકો બદ્રા નેગાહ્
કે કારે જહાન્ આગહી દાશ્તી
બદો નીકુરા ખાર્ નુગ્ઝાશ્તી
કે લશ્કર્ કસી કૂ બેમુર્દી બરાહ્
વરા દખ્મહ્ કર્દી બદાન્ જાયગાહ્
વગર્ બાઝ્ માન્દી અઝૂ સીમો ઝર્
કમાનો કમન્દો કોલાહો કમર્
બદો નીકૂ બા મોર્દહ્ બૂદી બખાક્
નબૂદી જુદા ચીઝ્ અઝ્ દર્ મઘાક્
જહાની બદ્ માન્દહ્ અન્દર્ શેગેફ્ત
કે નૂશીરવાન્ આન્ બુઝોર્ગી ગેરેફ્ત
બહર્ જાયગાહી કે જન્ગ્ આમદી
વરા રાયો હુશો દેરન્ગ્ આમદી
ફેરેસ્તાદઈ ખાસ્તી રાસ્ત ગૂય
કે રફ્તી બરે દુશ્મને ચારહ્ જૂય
અગર્ ચાકૂતન્દી સુએ દાદ રાહ્
નકર્દી સેતમ આન્ ખેરદમન્દ શાહ્
અગર્ જન્ગ્ જોસ્તી બજન્ગ્ આમદી
બખેશમે દેલાવર્ નહન્ગ્ આમદી
૪૮૨ બતારાજ દાદી હમહ્ બૂમો રોસ્ત
જહાન્રા બદાદો બશમ્શીર્ જોસ્ત
બકેર્દારે ખુરૂશીદ બુદ રાએ શાહ્
કે બર્ તરૂરો ખુશ્કી બેતાબદ બરાહ્
નદારદ ઝે કસ રઉશનાઈ દેરીઘ
ચુ બુગ્રીઝદ અઝ્ ચર્ખે ગર્દન્દહ્ મીઘ
હમશ દાદો બખ્શેશ હમશ રન્ગો બૂય
હમશ દુર્રે ખૂશાબો હમ આબે જૂય

ફેરૂઘે બલન્દી નપૂશદ ઝે કસ
દેલઅફ્રૂઝ રખ્શન્દહ્ ઊયસ્તો બસ
શહનશાહ્ બા દાદો બા રાયો ફર્
જહાન્રા હમી દાશ્ત દર્ ઝીરે પર્
વરા જન્ગો બખ્શેશ ચુ બાઝી બુદી
અઝીરા બદાન્ સર્ફરાઝી બુદી
અગર્ પીલો શીર્ આમદન્દીશ પીશ
નબર્દાશ્તી જન્ગ્ યક્ રૂઝ્ બીશ
સેપાહી કે બા ખૂદો ખફ્તાન્ બજન્ગ્
બપીશે સેપાહ્ આમદી બી દેરન્ગ્
અગર્ કોશ્તહ્ બૂદી અગર્ બસ્તહ્ ઝાર્
બઝેન્દાને પીરૂઝગર્ શહર્યાર્

તો જેમ કોઇ ખોદાતાલાના હોકમથી હલટો ચાલે (અને તેનું ખૂન રેડવામાં આવે)-તેમ તે શખ્સનું ખૂન તેજ સીઆહ ખાક ઉપર રેડવામાં આવશે.”

મનાદીથી નસીહત આપીનેજ પાદશાહ નોશીરવાન ધરાયો નહીં-પણ પોતે રોશન રોઝને વખતે કે અંધારી રાતને વખતે,

પોતાનાં લશ્કરની આસપાસ ફરવા લાગ્યો-તે દરેક ભલા અને બૂરા લોકોની તપાસ રાખતો.

અને લોકોનાં કામથી દરેક રીતે વાકેફ થતો નેક અને બદને હલકા ગણુતો હતો નહીં.

લશ્કરમાંથી જે કોઈ કે રસ્તામાં મરણ પામતો તો તેજ જગ્યામાં તેનું દખ્મુ બનાવતો હતો.

અને જો તેની પાસનું સોનું, રૂપું કે કમાન, કમંદ, કોલાહ અને કમરબંદ રહી જતાં,

તો તે સઘળું સારૂં કે માઠું પેલા મરણ પામેલાની સાથેજ ખાકમાં જતું હતું-તે ખાડામાં પણ તેની ચીઝો તેનાથી જુદી પડતી નહીં.

સઘળાં લોકો તે માટે અજબ રહ્યાં કે નોશીરવાને આવી રીતથી બુઝોર્ગી એખ્તયાર કીધી.

જે પણ જગ્યાએ કે તેની સામે લડાઈ આવતી-તો તુરત તેને વિચાર શક્તિ, હુશ્યારી અને સહનશીલતા આવી જતી હતી.

તે વખતે તે એક રાસ્ત બોલનારો એલચી શોધી કાઢતો કે જે પેલા ચારો શોધનાર દુશ્મન આગળ જતો.

પછી જો તે દુશ્મનો વાજબી માર્ગ પકડતા-તો તે ડહાપણવાળો પાદશાહ તેઓ ઉપર સિતમ ગુઝારતો હતો નહીં.

પણ જો તે દુશ્મન લડાઇ શોધતો અને લડાઇમાં આવતો-તો તે પણ દિલાવર મગરમચ્છના ગુસ્સા સાથ લડાઈમાં ઉતરતો.

અને તેનો સઘળો મુલક અને જગ્યા લૂટાવી દેતો-એ પ્રમાણે નોશીરવાને સઘળો દેશ ઇન્સાફથીજ હાથ કર્યો.

ઝમીન તેમજ દર્યા ઉપર પડતાં સૂર્યનાં કિરણ મિસાલ પાદશાહ નોશીરવાનના વિચારો રોશન હતા.

જ્યારે ફરતાં આસ્માન ઉપરથી વાદળાં નીકળી ગયાં-કે તે પોતાનાં કિરણ સર્વ ઉપર નાખે છે,

પૃથ્વી ઉપર ઈન્સાફ અને બખ્શેશ પાથનાર તેજ છે વનસ્પતિનો રંગ અને ખુશબોઇ તેનાથી છે-ઝળકતાં મોતી તેનાથીજ થાય છે અને નદીમાં પાણી તેનાથીજ વહેતાં રહે છે.

તે પોતાની મોટાઈનાં કિરણ કોઇથી છૂપાવતો નથી દિલને હુશ્યારી આપનારો સેતારો તેજ એકલો છે.

એ પ્રમાણે શેહનશાહ પોતાના ઇન્સાફ, ડહાપણ અને ખોદાઈ ખોરેહ સાથ-સઘળા મુલકોને પોતાના આસરા હેઠળ રાખવા લાગ્યો.

તેને મનથી લડાઇ અને બક્ષેશ તો રમત મિસાલ હતાં-અને એજ સબબથી તેને મોટાઈ મળતી હતી.

અગરજો હાથી કે સિંહ તેની સામા આવતા તોપણ તે એક દહાડો પણ લડાઇ બંધ પાડતો હતો નહીં.

જે લડાયક સેપાહ કે બખ્તર અને લોઢાંની ટોપી પેહેરી તેનાં લશ્કર સામે લડાઈ લડવા આવતો તો તુરતજ,

તે માર્યો જતો હતો અથવા તો ફતેહમંદ પાદશાહનાં કયદખાનામાં ખુવારી સાથ કયદ પડતો હતો.

ગેરેફ્તને નૂશીરવાન્ ચન્દ્ દેઝ્રા દર્ રાહે રૂમ્.

——:૦:——

ચુનીન્ તા બેયામદ્ બદાન્ શારૂસાન્
કે શૂરાબ્ બુદ્ નામે આન્ કારૂસાન્
અઝ્ ઈરાન્ ચુ ગુશ્તાસ્પ્ આમદ્ બરૂમ
ગેરેફ્ત અન્દરાન્ શહ્રે શૂરાબ્ બૂમ
બર્આવર્દઈ દીદ્ સર્ દર્ હવા
પુર્ અઝ્ મર્દુમો સાઝે જન્ગો નવા
ઝે ખારા બેયફ્ગન્દહ્ દર્ ઝર્ફે આબ્
કશીદહ્ સરે બારહ્ અન્દર્ સહાબ્
બગેર્દે હેસાર્ અન્દર્ આમદ્ સેપાહ્
નદીદન્દ જાઈ બદર્ગાહ્ રાહ્
બદ્ સાખ્ત અઝ્ ચાર્ સૂ મન્જનીક્
બપાય આમદ્ આન્ બારએ જાસલીક્
બર્ આમદ્ ઝે હર્ સૂ દમે રસ્તખીઝ્
નદીદન્દ જાઈ ગુઝારો ગુરીઝ્
ચુ ખુર્શીદે તાબાન્ ચુ ગુમ્બદ્ બેગશ્ત
શુદ્ આન્ બારએ દેઝ્ બકેર્દારે દશ્ત
ખોરૂશે સવારાનો ગર્દે સેપાહ્
હમાન્ દૂદે આતેશ બર્ આમદ્ બમાહ્
હમહ્ હેસેન્ બી તન્ સરો પાય બૂદ્
તને બી સરાન્ શાન્ દેગર્ જાય બૂદ્
ધવે ઝીન્હારો ખોરૂશે ઝનાન્
ફેઝૂન શુદ્ ઝે ઝખ્મે તબીરહ્ ઝનાન્
વઝીશાન્ હરાન્ કસ કે પુર્માયહ્ બૂદ્
બગન્જો બમર્દી ગેરાન્સાયહ્ બૂદ્
બેબસ્તન્દો કર્દન્દ બર્ પીલ્ બાર્
ખોરૂશ આમદો નાલએ ઝીન્હાર્
ન બખ્શૂદ્ બર્ કસ બહન્ગામે રઝ્મ
ન બર્ ગન્જો દીનાર્ હન્ગામે બઝ્મ

વઝાન્ જાયગહ્ લશ્કર્ અન્દર્ કશીદ્
બરહ્ બર્ દેઝી દીગર્ આમદ્ પદીદ્
કે દર્ બન્દે ઊ ગન્જે કયસર્ બુદી
નેગહ્બાને આન્ દેઝ્ તવાન્ગર્ બુદી
કે આરાયેશે રૂમ બુદ્ નામે ઊય
ઝે કેસ્રા બદ્ આમદ્ બફર્જામે ઊય
બદાન્ દેઝ્ નેગહ્ કર્દ્ બીદાર્ શાહ્
હનૂઝ્ અન્દરાન્ ના રસીદહ્ સેપાહ્
બેફર્મૂદ્ તા તીર્ બારાન્ કુનન્દ્
હવા ચૂન તગર્ગે બહારાન્ કુનન્દ્
બમર્દી સરાન્ બારહ્રા બેસ્તદન્દ્
બશાહ્રો બદેઝ્ આતેશ અન્દર્ ઝદન્દ્
બદાન્ દેઝ્ યકી જાન્વર્ દર્ નમાન્દ્
બદાન્ બૂમો બર્ ખારો ખાવર્ નમાન્દ્
હમહ્ ગન્જે કયસર્ બતારાજ દાદ્
સેપહ્રા હમહ્ બદ્રહો તાજ દાદ્

નોશીરવાને રૂમના માર્ગમાં કેટલાક કિલ્લાઓ હાથ કરવા.

——:૦:——

એમ કરતાં તે પાદશાહ "શૂરાબ" નામનાં એક ઉદયોગી શેહર ૪૮૩
સૂધી આવી પહોંચ્યો.

જ્યારે પાદશાહ ગુશ્તાસ્પ ઇરાન દેશથી રૂમના મુલક તરફ આવ્યો હતો-ત્યારે તે આ શૂરાબ શેહરમાં કેટલોક વખત રહ્યો હતો.

ત્યાં પાદશાહે એક કિલ્લો હવામાં માથું ઊંચકેલો અને માણસો તેમજ લડાઈનાં હથિયારો અને સરસામાનથી ભરેલો જોયો.

જેનો કાળા પત્થરનો પાયો છેક પાણીનાં ઊંડાણમાં નાખેલો હતો-અને તે કિલ્લાનું સર વાદળમાં પુગેલું હતું.

તે કિલ્લાની આસપાસ ઇરાની લશ્કર ફરી વળ્યું-પણ દરવાઝામાં દાખેલ થવાનો કોઈ પણ માર્ગ તેઓએ જોયો નહીં.

કિલ્લો તોડવાનાં યંત્રો તેની આસપાસ ગોઠવી દીધાં-કે તુરત તે ખ્રીસ્ટીઓનો કિલ્લો નીચે આવ્યો.

ચો તરફથી રસ્તાખેઝના પોકાર ઉઠયા-તે કિલ્લામાંના લોકોને બચવા કે નાસવાની જગ્યા રહી નહીં.

જ્યારે ઝળકતો ખોરશીદ અસ્ત પામ્યો-ત્યારે તે કિલ્લાની દીવાર મયદાનની બરાબર થઇ ગઈ

સવારોના પોકારો અને લશ્કરની ધૂળ-તેમજ આતશનો ધૂમાડો માહતાબ ઉપર ચઢયો.

આખે કિલ્લે શરીર વગરનાં માથાં અને હાથ પગ પડેલા હતા-તેઓનાં સર વગરનાં શરીર વળી બીજીજ જગ્યાએ પડયાં હતાં.

તેઓના પનાહ માગવાના પોકારો અને અઉરતોની કલાપીટ-તે ગોયા ૪૮૪
નગારાંના આવાઝ કરતાં પણ વધુ હતી.

તેઓમાંથી જે કોઇ કે તવંગર હતા-અને ખઝાનામાં તેમજ મર્દાનગીમાં ઝિયાદા હતા,

તેઓને બાંધીને હાથી ઉપર લાદ્યા-ત્યાં રડવાનો અને પનાહ માગવાનો પોકાર ઉઠી રહ્યો.

તે લડાઇને વખતે કોઇ ઉપર પણ દયા દેખાડતો નહીં હતો-તેમજ ખુશીની દરબારમાં દઉલત અને ગંજ ઉપર દયા દેખાડતો નહીં હતો (એટલે દઉલત દુન્યા છુટથી આપી દેતો હતો).

પછી ત્યાંથી લશ્કર આગળ ચલાવ્યું-અને રસ્તામાં એક બીજો કિલ્લો દેખાયો.

કે જેની અંદર કયસરનો ખઝાનો ભરેલો હતો-તે કિલ્લાનો નેગેહબાન એક તવંગર શખ્સ હતો.

તે કિલ્લાનું નામ "આરાયેશે રૂમ" કરી હતું-નોશીરવાનથી તેનું શેવટ પણ બૂરૂંજ આવ્યું.

તે બાહોશ પાદશાહે પેલા કિલ્લા ઉપર નઝર ફેંકી-હજી તેમાં લશ્કર દાખેલ થયું નહીં હતું.

પાદશાહે હોકમ કીધો કે "તીરનો વરસાદ વરસાવે-અને હવાને બહારની મોસમનાં કરાંની મિસાલ બનાવે."

આથી સરદારોએ બહાદુરીથી તે કિલ્લાનો કબ્ઝો લીધો-અને તે શેહર અને કિલ્લાને આગ લગાડી.

તે કિલ્લામાં એક પણ જાનદાર બચ્યું નહીં-તે મુલકમાં કાંટો કે ૪૮૫
કચરો કાંઈ રહ્યો નહીં.

તેણે કયસરનો તમામ ખઝાનો લૂટાવી દીધો-અને પોતાનાં લશ્કરને સઘળી પૈસાની થેલીઓ અને તાજો આપ્યાં.

બરૂ આવરૂદ અઝાન્ શારૂસાન્ રસ્તખીઝ્
હમહ્ બરૂ ગેરેફ્તન્દ રાહે ગુરીઝ્
ખોરૂશ આમદ અઝ્ કૂદકો મર્દો ઝન્
હમહ્ પીશે બરૂના શુદન્દ અન્જુમન્
બપીશે ગેરાન્માયહ્ શાહ્ આમદન્દ
ઘેરીવાનો ફર્યાદ ખાહ્ આમદન્દ
કે દસ્તૂરો ગન્જૂરો ગન્જ્ આને તોસ્ત
બરૂમ અન્દરૂન્ સૂદો રન્જ્ આને તોસ્ત
બજાન્ વીઝહ્ ઝેન્હારૂ ખાહે તો ઈમ્
પરસ્તારે ફરૂરે કોલાહે તો ઈમ્
બેફરૂમૂદ શાહ્ તા નકોશ્તન્દ નીઝ્
બદીશાન્ બેબખ્શીદ બેસ્યારૂ ચીઝ્

તે શેહરમાં તેઓએ રસ્તાખેઝ ઉઠાવી-ત્યાંનાં સઘળાં લોકો નાસવા લાગ્યાં.

મરદો, બાયડીઓ અને બચ્ચાંઓનો પોકાર ઉઠયો-સઘળા બુઢ્ઢા અને જવાનો એકઠા થયા.

અને તેઓ પોકારતા અને ફર્યાદ ચાહતા નામદાર પાદશાહ આગળ આવ્યા,

કે "અમારો વડો વઝીર, અમારો ખઝાન્ચી અને ખઝાનો એ સઘળું તારૂંજ છે અને આ રૂમના મુલકનો નફો કે નુકસાન તારાજ હાથમાં છે.

અમો ખાલેસ દિલથી તારી પાસ અમારા જાનની પનાહ માગ્યે છિયે-અમો તારાં પાદશાહી તાજના દબદબાના પૂજારી છિયે."

આથી પાદશાહે હોકમ કર્યો જેથી તેનાં લશ્કરે કતલ ચલાવવાની બંદ કીધી-પાદશાહે વળી તેઓને ઘણીક ચીઝો બક્ષેશ પણ કીધી.

રઝ્મે નૂશીરવાન્ બા ફર્ફૂરેયૂસ્ સેપેહ્સાલારે કયસર્ વ શેકસ્ત્ દાદન્ વ ગેરેફ્તને કાલીનેયૂસ્ વ અન્તાકેયહ્

નોશીરવાનની કયસરના સેપેહસાલાર ફર્ફૂરિયૂસ સાથની લડાઈ અને તેને હરાવવું તથા કાલીનિયૂસ અને અંતાકિયાનું લેવું.

વઝાન્ જાયગહ્ લશ્કરૂ અન્દરૂ કશીદ
વઝ્ આરાયેશો રૂમ બરૂતરૂ કશીદ
કસ આમદ બેગોફ્ત આન્ કે કયસરૂ સેપાહ્
ફેરેસ્તાદો ઈનક્ બેયાયદ જે રાહ્
૪૮૬ ચુ બેશ્નીદ આમદ સેપાહી ગરાન્
હમહ્ નીઝહ્ દારાને જઉશનવરાન્
બલશ્કરૂ બેગોફ્ત આન્ચે બેશ્નીદ શાહ્
બદાન્ તા બેસીચીદહ્ બાશદ સેપાહ્
બેરફ્તન્દ ચૂન્ કૂહે આહન્ જે જાય
ખોરૂશ આમદો નાલએ કરૂરનાય
નવન્દી જે ગોફ્તારે કારૂઆગહાન્
બેયામદ બનઝ્દીકે શાહે જહાન્
કે કયસરૂ સેપાહી ફેરેસ્તાદ પીશ
અઝાન્ નામદારાનો ગોર્દાને ખીશ
બપીશ અન્દરૂન પહ્લવાની બુઝોરૂગ
સેપાહી હમહ્ રઝ્મ જૂયાન્ ચુ ગોરૂગ
બરૂમીશ ખાનન્દ ફરૂફૂરેયૂસ
સવારી સરફ્રાઝ્ બા બૂકો કૂસ
ચુ ઈન્ ગોફ્ત શુદ પીશે બીદારૂ શાહ્
પદીદ આમદ અઝ્ દૂર ગર્દે સેપાહ્
બેખન્દીદ અઝૂ શહ્રૂયારે જેહાન્
બદૂ ગોફ્ત કીન્ નીસ્ત અઝ્ મા નેહાન્
કે મા જન્ગ્રા પીશ અઝીન્ સાખ્તીમ
અઝ્ અન્દીશહ્ હરૂગેઝ્ નપર્દાખ્તીમ
૪૮૭ કયે તાજ્વરૂ બરૂ લબ્ આવર્દહ્ કફ
બેફરૂમૂદ તા બરૂ કશીદન્દ સફ

પછી ત્યાંથી લશ્કર આગળ ચલાવ્યું અને આરાયેશે રૂમથી પાદશાહ આગળ વધ્યો.

એટલામાં એક જાણે આવી પાદશાહને કહ્યું કે "કયસરે લશ્કર-મોકલ્યું છે અને તેઓ રાહમાંથી હવડાં આવી લાગશે."

જ્યારે તેણે સાંભળ્યું કે "સઘળા નેઝા ધરાવનારા અને બખતરી સવારોનું એક ભારી લશ્કર આવે છે,"

ત્યારે પાદશાહે જે કાંઇ સાંભળ્યું હતું તે પોતાનાં લશ્કરને કહ્યું-જેથી લશ્કર પોતાની તૈયારીમાં રહે.

તેઓ એક લોઢાંના પહાડની મિસાલ આગળ વધ્યા-લડાઈના પોકાર અને કરનાયના આવાઝ નીકળ્યા.

અનુભવી જાસૂસોના કહેવાથી એક કાસેદ-દેશના પાદશાહની નઝદીક આવ્યો,

અને બોલ્યો કે "કયસરે પોતાના નામદારો અને પેહલવાનોનું એક લશ્કર આગળથી મોકલી આપ્યું છે.

તે લશ્કરની હરોલમાં એક મોટો પેહલવાન ચાલે છે-અને તેની સાથના સઘળા સેપાહો વરૂની મિસાલ લડાઈ શોધનારા છે.

તે સરદારને રૂમી ઝબાનમાં 'ફરફૂરિયૂસ' (બેલિસેર્યસ) કહે છે-તે કરનાય અને નગારાં સાથનો એક સરફરાઝ સવાર છે."

જેવી તે ચાલાક પાદશાહ આગળ આ વાત થઇ-કે તેવીજ લશ્કરની ધૂળ દૂરથી નઝર આવી.

આ પયગામથી દેશનો પાદશાહ નોશીરવાન હસવા લાગ્યો-અને પેલા કાસેદને કહ્યું કે "અમારીથી આ વાત કાંઇ છૂપી રહી નથી.

કારણકે અમોએ તો એ આગમચની લડાઈની તૈયારી કરી રાખી છે-અને લડાઇની બાબત ઉપર વિચાર ચલાવવાથી હજી અમો પરવાર્યા પણ નથી."

પછી તાજદાર પાદશાહે ગુસ્સામાં આવી-હોકમ કીધો જેથી ઈરાની લશ્કરે સફ ખેંચી.

સેપાહી બેયામદ્ બપીશે સેપાહ્
કે શુદ્ બસ્તહ્ અઝ ગરૂદ્ બરૂ બાદ્ રાહ્
શુદહ્ નામવરૂ લશ્કરી અન્જુમન્
ચલાને સરફ્રાઝો શમ્શીરૂઝન્
હમહ્ જન્ગ્રા તન્ગ્ બસ્તહ્ મેયાન્
બુઝોર્ગાનો ફર્ઝાનગાનો મેહાન્
બખૂન્ આબ્ દાદહ્ હમહ્ તીઘરા
બદાન્ તીઘે બુરૂન્દહ્ મરૂ મીઘરા
સેપહ્રા નબુદ્ બીશતરૂ ઝાન્ દેરન્ગ્
કે નખ્ચીરૂ ગીરદ્ ઝે બાલા પલન્ગ્
બહરૂસૂ ઝે રૂમી તલી કશ્તહ્ બૂદ્
દેગરૂ ખસ્તહ્ અઝ જન્ગ્ બરુગશ્તહ્ બૂદ્
બેશુદ્ ખસ્તહ્ અઝ જન્ગ્ ફરૂફૂરેયૂસ
દરીદહ્ દેરફૂશો નેગૂન્સારૂ કૂસ
સવારાને ઈરાન્ બસાને પલન્ગ્
બહામૂન્ કુજા ઘોર્મશ્ આયદ્ બચન્ગ્
પસો રૂમેયાન્ દરૂ હમી તાખ્તન્દ્
દરો દશ્ત અઝીશાન્ બેપર્દાખ્તન્દ્
ચુનાન્ હમ હમી રફ્તૂ બા સાઝે જન્ગ્
સેપાહી હમહ્ ગોર્ઝો ખન્જરૂ બચન્ગ્
સેપહ્રા બહામૂની અન્દરૂ કશીદ્
બરૂઆવર્દએ દીગરૂ આમદ્ પદીદ્
દેઝી બૂદ્ બા લશ્કરો બૂકો કૂસ
કુજા ખાન્દન્દીશ કાલીનેયૂસ
સરે બારએ ઊ નદીદી ઓકાબ્
ચકી કન્દહ્ ગેરૂદ્ અન્દરશ્ પુરૂ ઝે આબ્
ચકી શારૂસાન્ ગેર્દશ્ અન્દરૂ ફરાખ
પુરૂ અયવાનો મયદાનો પાલીઝો કાખ
ઝે રૂમી સેપાહી બુઝોરૂગ્ અન્દરૂય
હમહ્ નામદારાને પર્ખાશજૂય
દો ફર્સન્ગ્ પીશ્ અન્દરૂન્ બૂદ્ શાહ્
સેયહ્ ગશ્તહ્ ગીતી ઝે ગર્દે સેપાહ્
ખોરૂશી બરૂઆમદ્ ઝે કાલીનેયૂસ
કઝાન્ નઅરહ્ અન્દરૂ શુદ્ આવાએ કૂસ
બદાન્ શારૂસાન્ દરૂ નેગહ્ કરૂદ્ શાહ્
હમી હરૂઝમાની ફેઝૂન્ શુદ્ સેપાહ્
બદરૂવાઝહા જન્ગ્ બરૂ સાખ્તન્દ્
હમી તીરે કારૂરહ્ અન્દાખ્તન્દ્
ચુ ખુરૂશીદે તાબન્દહ્ બરૂગશ્ત્ ઝરૂદ્
ઝે ગર્દન્દહ્ યકૂ નીમહ્ શુદ્ લાજવરૂદ્
અઝાન્ બારએ દેઝ નમાન્દ્ અન્દકી
હમહ્ શારૂસાન્ બા ઝમીન્ શુદ્ યકી
ખોરૂશી બરૂ આમદ્ ઝે દરૂગાહે શાહ્
કે અય નામદારાને ઈરાન્ સેપાહ્
હમહ્ પાક્ અઝીન્ શહ્રૂ બીરૂન્ શવીદ્
બતારીકી અન્દરૂ બહામૂન્ શવીદ્
અગરૂ હીચ બાન્ગે ઝનો મર્દે પીરૂ
વગરૂ ધારતો શૂરશો દારો ગીરૂ
બગૂશે મન્ આયદ્ બતારીક્ શબ્
કે ખુરૂશાયદ્ અઝ રન્જ યકૂ મરૂદ્ લબ્

તેવામાં તે લશ્કરની સામે એક બીજું લશ્કર આવી લાગ્યું-કે જેની ધૂળથી હવાનો માર્ગ પણ રોકાઇ ગયો.

તલવાર મારનારા સરફરાઝ પેહલવાનોનું-એક નામીચું લશ્કર ત્યાં એકઠું થયું.

સઘળા મોટાઓ, દાનાઓ અને સરદારોએ લડાઇ માટેજ પોતાની કમર તંગ બાંધેલી હતી.

સઘળાઓએ પોતાની તલવારોને લોહીનુંજ પાણી પાયું હતું-તે વાદળ કાપનારી તલવારે કરી,

દુશ્મનનાં લશ્કરને એટલો પણ વખત નહીં મળ્યો હતો-કે જેટલો એક ચિત્તો વાઘ પહાડ ઉપરથી આવી એક શિકારને પકડે.

ચો તરફ માર્યા ગયલા રૂમીઓના ઢગલા થયા-અને બીજા ઝખમી થયલાઓ લડાઇમાંથી નાસી ગયા.

ફરફૂરિયૂસ પણ ઝખમી થઈ લડાઇમાંથી નાસી ગયો-તેનો ઝુંડો ફાટી ગયો અને નગારાં ઊંધાં પડયાં.

ઈરાનના સવારો જેમ શિકારનાં મયદાનમાં એક ચિત્તો વાઘ પોતાની ચુન્ગાલમાં મેઢું પકડવા માટે દોડે,

તેમ રૂમીઓની પછાડી દોડવા લાગ્યા-અને તે લોકોથી ત્યાંનું મયદાન અને ખીણ ખાલી કરી નાખી.

એવીજ રીતે પાદશાહ લડાઈના અસ્બાબ સાથ તેમજ હાથમાં ગોર્ઝ ૪૮૮
અને તલવાર સાથના સઘળાં લશ્કર સાથ આગળ ચાલવા લાગ્યો.

પોતાનાં લશ્કરને એક મયદાનમાં લઇ ગયો-જ્યાં એક બીજો કિલ્લો નઝર આવ્યો.

તે લશ્કર, કરનાય અને નગારાં સાથનો ભરેલો એક કિલ્લો હતો-કે જેને તેઓ "કાલીનિયૂસ" કહેતા હતા.

તે કિલ્લાની ટોચ ઓકાબ પક્ષી પણ જોઇ શકતું હતું નહીં-તેની આસપાસ પાણીથી ભરેલી એક ખાઇ હતી.

તેની આસપાસ અયવાનો, મયદાનો, બાગો અને મેહલો સાથનું એક બોહોળું શેહર હતું.

તેની અંદર સઘળું લડાયક નામદારોનું એક મોટું રૂમી લશ્કર હતું.

તે કિલ્લાથી પાદશાહ બે ફર્સંગ દૂર હતો-તેનાં લશ્કરની ધૂળથી જેહાન સીઆહ થઇ હતી.

હવે કાલીનિયૂસમાંથી પણ લડાઇનો પોકાર નીકળ્યો-કે જે પોકારથી નગારાંના આવાઝ પણ ઢંકાઇ ગયા.

પાદશાહે તે શેહર ઉપર નેગાહ કીધી-તો દરેક વખત લશ્કર વધતુંજ જતું માલૂમ પડયું.

તેઓએ દરવાઝા ઉપરજ લડાઇ શુરૂ કીધી-તીર અને કાફરા (દારૂ ગોળો ભરેલું લડાઈનું હથિયાર) ફેંકયાં.

જ્યારે ઝળકતો ખોરશીદ અસ્ત પામ્યો-અને આસ્માનનો એક ભાગ ૪૮૯
કાળો થયો (યાને રાત પડવા આવી),

ત્યારે તે કિલાની સફીલ જરાક પણ બાકી રહી નહીં-તમામ શેહર ઝમીનદોસ્ત થઈ ગયું.

પછી પાદશાહની દરગાહમાંથી મનાદી નીકળી-કે "ઓ ઇરાની લશ્કરના નામદારો!

તમો સઘળા આ શેહરમાંથી બાહેર જાઓ-આ અંધારી રાતે અહીંથી પાછા મયદાનમાં જાઓ.

અગરજો આ શેહરમાંથી કોઈ પણ બુઢ્ઢા મર્દો અને અઉરતોનો ફર્યાદનો પોકાર-અથવા તો લૂટફાટ, ગડબડ અને ધરપકડના પોકારો,

આ અંધારી રાતે મારા કાનમાં આવશે-અથવા આ લોકમાંથી કોઇ પણ શખ્સ પોતાનાં દુઃખની ફર્યાદ કરશે,

હુમ અન્દર્ ઝમાન્ આન્ કે ફર્યાદ્ અઝ્ રૂસ્ત
પુર્ અઝ્ કાહ્ બીનીદશ આગન્દહ્ પૂસ્ત
ચુ બર્ ઝદ્ ઝે ખર્ચન્ગ્ ચન્ગ્ આફતાબ્
બેફ્રૂખ્તહ્ રન્જો બેપાલૂદ્ ખાબ્
તબીરહ્ બર્ આમદ્ ઝે દર્ગાહે શાહ્
ગેરાન્માયગાન્ બર્ ગેરેફ્તન્દ્ રાહ્
અઝાન્ દેઝ્ વઝાન્ શારૂસ્તાન્ મર્દો ઝન્
બદર્ગાહે કેસ્રા શુદન્દ્ અન્જુમન્
૪૬૦ કે ઈદર્ ઝે જન્ગી સવારી નમાન્દ્
દરીન્ શારૂસ્તાન્ નામદારી નમાન્દ્
હમહ્ ખસ્તહો કોશ્તહ્ શુદ્ બીગુનાહ્
ગહ્ આમદ્ કે બખ્શાયેશ આયદ્ ઝે શાહ્
ઝનો ફૂદકે ખુર્દ્ બા મર્દે પીર્
ન ખૂબ્ આયદ્ અઝ્ દાદે યઝ્દાન્ અસીર્
ચુનાન્ શુદ્ દેઝો બારએ શારૂસ્તાન્
કઝીન્ પસ નબીની જેઝ્ અઝ્ ખારૂસ્તાન્
ચુ કયસર્ ગુનહ્ગાર્ શુદ્ મા કે ઈમ
બકાલીનેયૂસ અન્દરૂન્ બર્ ચે ઈમ
બદાન્ રૂમેયાન્ બર્ બેબખ્શૂદ્ શાહ્
ગુનહ્ગાર્ શુદ્ રસ્તહ્ યા બી ગુનાહ્
બસી ખાસ્તહ્ પીશે ઈશાન્ બેમાન્દ્
વઝાન્ જાયગહ્ તીઝ્ લશ્કર્ બેરાન્દ્
હરાન્ કસ કે દીદ્ અઝ્ દરે કાર્ઝાર્
બેબસ્તન્દ્ બર્ પીલો કર્દન્દ્ બાર્
બઅન્તાકેયહ્ દર્ ખબર્ શુદ્ કે શાહ્
અબા પીલો લશ્કર્ દર્ આમદ્ ઝે રાહ્
સેપાહી દરાન્ શહર્ બુદ્ બી કરાન્
દેલીરાને રૂમીઓ કુન્દાવરાન્
૪૬૧ સે રૂઝ્ અન્દરૂન્ શાહ્રા શુદ્ દેરન્ગ્
બદાન્ તા નબાશદ્ બબીદાદ્ જન્ગ્
ચહારોમ સેપાહ્ અન્દર્ આમદ્ ચુ કૂહ્
દેલીરાને ઈરાન્ ગોરૂહા ગોરૂહ્
બેરફ્તન્દ્ યક્સર્ સવારાને રૂમ
ઝે બહ્રે ઝનો ફૂદકો ગન્જો બૂમ
સે જન્ગે ગેરાન્ કર્દહ્ શુદ્ દર્ સે રૂઝ
ચહારોમ ચુ બેફ્રૂખ્ત ગીતી ફેરૂઝ્
કુશાદહ્ શુદ્ આન્ મર્ઝે આબાદ્ બૂમ
સવારી નદીદન્દ્ જન્ગી ઝે રૂમ
બશહ્ર્ અન્દર્ આમદ્ સરાસર્ સેપાહ્
પઈરા નબુદ્ બર્ ઝમીન જાય રાહ્
બુઝોર્ગાન્ કે બા તખ્તો અફ્સર્ બુદન્દ્
હમાન્જા કે ગન્જૂરે કયસર્ બુદન્દ્
બશાહે જહાન્દાર્ દાદન્દ્ ગન્જ
બચન્ગ્ આમદશ ગન્જ ચૂન બેરૂદ્ રન્જ
વઝીશાન્ હરાન્ કસ કે જન્ગી બુદન્દ્
નેહાદન્દ્ બર્ પોશ્તે પીલાન્ બબન્દ્
અસીરાનો આન્ ગન્જે કયસર્ ઝે રાહ્
બસૂએ મદાઈન્ ફેરેસ્તાદ્ શાહ્
૪૬૨ બેગર્દીદ્ બર્ ગેર્દે આન્ શહર્ શાહ્
ઝમીન્ દીદ્ રખ્શાન્ તર્ અઝ્ ચરૂખ માહ્

તો તેજ વખત જે શખ્સને માટે ફર્યાદ થઇ હશે-તેનાં બદન ઉપરનાં ચામડાંને તમો ઘાસથી ભરેલું જોશો."

જ્યારે કર્ક રાશિમાંથી આફતાબે પોતાનો પંજો બાહેર કાઢયો-રંજ દૂર કીધી અને ઊંઘને ધોઈ કાઢી,

ત્યારે શાહની દરગાહમાંથી નગારાંના આવાઝ નીકળ્યા-અને સઘળા સરદારો ત્યાં આવવા લાગ્યા.

હવે પેલા કિલ્લામાંથી તેમજ શેહરમાંથી મર્દો અને અઉરતો-નોશીરવાનની દરબારમાં એકઠાં થયાં,

અને બોલ્યાં કે "અહીં અમારાં શેહરમાં લડાયક સવારોમાંથી કે નામદારી ભરેલા શખ્સોમાંથી એક પણ નામદાર રહ્યો નથી.

સઘળા બે ગુનાહ માર્યા ગયા છે અને ઝખ્મી થયા છે હવે વખત આવ્યો છે કે તું પાદશાહ અમોને માફી બક્ષ

અઉરતો, નાના બચ્ચાંઓ અને બુઢ્ઢા શખ્સો-કયદ પડે એ ખોદાના ઈન્સાફથી જોતાં ઠીક ગણાય નહીં.

અમારો કિલ્લો અને શેહરની દીવાર એવાં થઇ ગયાં છે-કે હવે પછી તું ત્યાં વયરાની સિવાય બીજું કાંઇ જોશે નહીં.

જો નાહકનું લોહી રેડાવીને કયસર ગુનેહગાર થયો છે તો આપણે કોણ છિયે (યાને આપણે શું કામ ગુનાહ કર્યે)-કાલીનિયુસનાં આપણે શા માટે રહ્યે?"

પાદશાહે તે રૂમીઓ ઉપર દયા કીધી જેથી ગુનેહગારો કે બેગુનાહ સઘળા છૂટી ગયા.

તેઓ પાસે ઘણેક ખઝાના બચી રહ્યો અને ત્યાંથી પાદશાહે પોતાનાં લશ્કરને આગળ હંકાર્યું

તેઓએ જે કોઇને કે લડાઇને લાયકના જોયા તેઓને બાંધીને હાથી ઉપર લાદી દીધા.

હવે અંતાકીયામાં ખબર થઇ કે "પાદશાહ-હાથીઓ અને લશ્કર સાથ ચાલ્યો આવ્યો છે."

તે શેહરમાં રૂમી લોકોના બહાદુરો અને પેહલવાનોનું એક ભારી લશ્કર હતું.

જેથી પાદશાહે ત્રણ દિવસ સુધી લડાઈ કરવાની ઢીલ કીધી-એટલાજ માટે કે તે લડાઇ ગયર ઇન્સાફી ભરેલી નહીં થાય.

ચોથે દહાડે ઈરાની બહાદુરોનું લશ્કર ટોળેટોળાં બની પહાડની માફક આગળ વધ્યું.

આથી રૂમના સવારો પણ પોતાનાં બાયડી, છોકરાં, ખઝાના અને મુલકના બચાવ માટે સામે ગયા.

ત્રણ દહાડામાં ત્રણ ભારી લડાઇયો થઈ ચોથે દિવસે જ્યારે દુન્યાને રોશન કરનારો આફતાબ ઝાહેર થયો.

ત્યારે તે આબાદ મુલકનો માર્ગ ખુલ્લો થયો-રૂમમાંથી એક પણ લડાયક સવાર નઝરે પડ્યો નહીં.

સઘળું લશ્કર શેહરમાં દાખેલ થયું-ત્યાં મૂવેલાં લોકોથી ઝમીન ઉપર પગ મૂકવાની પણ જગ્યા રહી હતી નહીં.

ત્યાંના તખ્તો તાજ ધરાવનારા મોટાઓ કે જેઓ તે જગ્યાના કયસરના ખઝાન્ચી તરીકે હતા,

તેઓએ તે ખઝાનો દેશના નગેહબાન નોશીરવાનને હવાલે કીધો-એ પ્રમાણે જ્યારે પાદશાહે રંજ ખેંચી ત્યારે તેના બદલામાં તેના હાથમાં ગંજ આવ્યો.

તેઓમાંથી જે કોઇ કે લડાયકો હતા-તેઓને બાંધી હાથીઓની પીઠ ઉપર લાદ્યા.

તે સઘળા કયદીઓ અને કયસરનો ખઝાનો-તેજ રાહમાંથી-પાદશાહે પોતાનાં પાયતખ્ત મદાઈન તરફ મોકલી આપ્યો.

પાદશાહ તે શેહરની આસપાસ ફર્યો-ત્યાંની ઝમીન તેણે આસ્માન ઉપરના માહતાબ કરતાં પણ વધારે ઝળકતી જોઈ.

કે બાઘો કે મયદાનો આબે રવાન્
હમી તાઝહ્ શુદ્ પીર્ ગશ્તહ્ જવાન્
ચુનીન્ ગોફ્ત બા મૂબેદાન્ શહ્રયાર્
કે અન્તાકીઅસ્ત ઈન્ અગર્ નવ્ બહાર્
કસી ક્હ નદીદસ્ત ખુર્રમ બેહેશ્ત
કે મુશ્કશ હમહ્ ખાક્ ઝરીનશ ખેશ્ત
દેરખ્તશ કે યાકૂતો આબશ ગોલાબ્
ઝમીનશ સેપહ્ર્ આસ્માન્ આફ્તાબ્
નેગહ્ કર્દ્ બાયદ્ બદીન્ મર્ઝો બૂમ
કે આબાદ્ બાદા હમહ્ બૂમે રૂમ

ત્યાંના બાગો, મયદાનો અને વહેતાં પાણીથી-બુઢા થયલાઓ પણ પાછા જવાન અને તાઝા બનતા હતા.

પાદશાહે પોતાના વઝીરોને એ પ્રમાણે કહ્યું-કે "આ શું અંતાકીયા શેહર છે કે વસંત રૂતુનો બાગ છે?

જે કોઇએ કે ખુશી ભરેલું બેહેશ્ત જોયું નહીં હોય-તેણે આ શેહર કે જેની સઘળી ખાક કસ્તુરી જેવી છે અને ઇંટ સોનેરી છે,

જેનાં ઝાડ યાકૂત જેવાં અને પાણી ગોલાબ જેવાં છે-જેની ઝમીન આસ્માન જેવી અને જ્યાંનું આસ્માન આફતાબ જેવું રોશન છે,

તે જોવું અને આવી સરસ જગ્યા ઉપર નેગાહ પહોંચાડવી જોઇયે-રૂમનો તમામ મુલક આબાદ હોજો!"

આબાદ્ કર્દને નૂશીરવાન્ શહ્રે ઝીબે ખુસ્રવ્રા બમાનન્દે અન્તાકેયહ્ વ જાય દાદને અસીરાને રૂમ્રા દર્ આન્ ઝમીન્.

:0:

નોશીરવાને અંતાકીયાની માફક "ઝીબે ખુસરૂ" નામનું શેહર આબાદ કરવું અને તે જગ્યાએ રૂમના કયદીઓને વસાવવા.

:o:

યકી શહ્ર્ ફર્મૂદ્ નૂશીરવાન્
બદ્ અન્દરૂન્ કાખો આબે રવાન્
બકેર્દારે અન્તાકેયહ્ ચૂન્ ચરાઘ્
પુર્ અઝ્ ગુલશનો કાખો મયદાનો બાઘ્
બુઝોર્ગાને રઉશન્ દેલો શાદ્ કામ્
વરા ઝીબે ખુસ્રવ્ નેહાદન્દ્ નામ્
શુદ્ આન્ ઝીબે ખુસ્રવ્ ચુ ખુર્રમ બહાર્
બેહેશ્તી પુર્ અઝ્ બૂયો રન્ગો નેગાર્
અસીરાન્ કઝાન્ શહ્રહા બસ્તહ્ બૂદ્
બબન્દે ગરાન્ દસ્તો પા ખસ્તહ્ બૂદ્
બેફર્મૂદ્ તા બન્દ્ બર્દાશ્તન્દ્
બદાન્ શહ્રે નવ્ શાદ્ બુગ્ઝાશ્તન્દ્
ચુનીન્ ગોફ્ત કીન્ નવ્ બર્ આવર્દહ્ જાય
હમહ્ ગુલશનો બૂસ્તાનો સરાય
બેકર્દીમ્ તા હર્ કસીરા બકામ્
યકી જાય બાશદ્ સઝાવારે નામ્
બેબખ્શીદ્ બર્ હર્ કસી ખાસ્તહ્
ઝમીન્ ચૂન્ બેહેશ્તી શુદ્ આરાસ્તહ્
કે બસ્ બર્ઝનો કૂયો બાઝાર્ગાહ્
તો ગોફ્તી નમાન્દસ્ત બર્ ખાક્ રાહ્
બેયામદ્ યકી પુર્ સખુન્ કફ્શગર્
ચુનીન્ ગોફ્ત કય શાહે બીદાદ્ગર્
બકાલીનેયૂસ અન્દરૂન્ ખાને મન્
યકી તૂદ્ બુદ્ પીશે બાલાને મન્
અઝીન્ ઝીબે ખુસ્રવ્ મરા સૂદ્ નીસ્ત
કે પીશે દરે ખાને મન્ તૂદ્ નીસ્ત

પછી નોશીરવાને એક શેહર કે જેમાં મેહલો અને વહેતાં પાણીના ઝરા હોય તેવું બનાવવા હોકમ કર્યો.

તે અંતાકીયાની મિસાલ બાગો, મેહલો, મયદાનો અને વાડીઓથી ભરપુર ચેરાગ માફક ઝળકતું બનાવ્યું.

રોશન દિલના અને આનંદી બુઝોર્ગ લોકોએ-તે શેહરનું નામ "ઝીબે ખુસરૂ*" રાખ્યું.

જ્યારે તે ઝીબે ખુસરૂ ખુશી ભરેલા બહારની મિસાલ રઊનક ભરેલું અને ચીતારવાળું બેહેશ્ત થયું,

ત્યારે જે કયદીઓ કે શેહરોમાંથી પકડી લાવ્યો હતો-અને જેઓના ૪૯૩
હાથ પગ ભારી બેડીઓથી ઝખમી થયા હતા,

તેઓના બંદ ખોલી દેવાનો તેણે હોકમ કીધો-અને તે સઘળાઓને પેલાં નવાં શેહરમાં ખુશહાલ છોડી દીધા.

પાદશાહ બોલ્યો કે "આ નવી બનાવેલી જગ્યા-આ સઘળા બાગો, વાડીઓ અને મકાનો,

અમોએ તૈયાર કર્યાં છે કે જેથી દરેક જણને પોતાની ખાહેશ મૂજબ-પોતાના દરજ્જાને છાજતી જગ્યા થઈ પડે."

પાદશાહે દરેક જણને સઘળા અસ્બાબની પણ બક્ષેશ કીધી-જેથી તે જગ્યા એક બેહેશ્ત માફક સણગારેલી થઈ.

ત્યાંના ઘણાક મોહલ્લાઓ, ગલીઓ અને બાઝારોએ કરી-તું કહે ગોયા કેથે પણ ફાલતુ જગા રહી નહીં હતી.

હવે એક બકબક કરનારો મોચી નોશીરવાન આગળ આવ્યો-અને એ પ્રમાણે બકવા લાગ્યો કે "ઓ ઝુલ્મગાર પાદશાહ!

કાલીનિયૂસ શેહરનાં મારાં ઘરનાં આગણાંમાં એક સેતુરનું ઝાડ હતું.

આ ઝીબે ખુસરૂ શેહરથી મને કાંઇ પણ ફાયદો નથી-કારણકે મારા ઘરના દરવાઝા આગળ સેતુરનું ઝાડ નથી."

---

* યાને નોશીરવાનનું આબાદ કીધેલું. નોશીરવાનનું અસલ નામ "ખુસરૂ" (કેસ્રા) હતું તે ઉપરથી દાનાઓએ તેનું નામ "ઝીબે ખુસ્રવ" રાખ્યું.

બેખન્દીદ બેસ્યારૂ અઝાન્ શાહરૂયારૂ
કે આમદ બરાન્ તૂદે ખુદ ખાસ્તારૂ
૪૯૪ બેફરૂમૂદ તા બરૂ દરે શરૂ બખ્ત
બેકેશતન્દ શાદાબ્ ચન્દીન્ દેરખ્ત
યકી મર્દે તર્સા ગુઝીન્ કરૂદ શાહ
બદુ દાદ ફર્માનો ગન્જો સેપાહ
બદુ ગોફ્ત કીન્ ઝીએ ખુસ્રવ્ તોરાસ્ત
ઘરીબાનો ઈન્ ખાનએ નવ્ તોરાસ્ત
બસાને દેરખ્તે બરૂમન્દ બાશ
પેદરૂ બાશ ગહ ગાહ ફર્ઝન્દ બાશ
બેબખ્શો બેયારાયો ઝફ્તી મકુન્
બરૂ અન્દાઝહ બાયદ ઝે હરૂ દરૂ સખુન્
અઝ અન્તાકેયહ શાહ લશ્કરૂ બેરાન્દ
જહાનદીદહ તર્સા નેગહબાન્ બેમાન્દ
પસ આગાહી આવરૂદ ફરૂફૂરેયૂસ
બેગોફ્ત આનચે આમદ બેકાલીનેયૂસ
બકયસરૂ ચુનીન્ ગોફ્ત કામદ સેપાહ
જહાનદીદહ કેસ્રાઓ પીલાનો ગાહ
સેપાહસ્ત ચન્દાન્ કે દર્યાઓ કૂહ
હમી ગર્દદ અઝ ગર્દે અસ્પાન્ સોતૂહ
બેપીચીદ કયસરૂ ઝે ગોફ્તારે ખીશ
ખુઝોર્ગાને ફર્ઝાનહરા ખાન્દ પીશ
૪૯૫ ઝે નૂશીરવાન્ શુદ દેલશ પુરૂ હેરાસ
હમી રાય ઝદ રૂઝો શબ્ દરૂ સે પાસ
બદુ ગોફ્ત મૂબેદ કે ઈન્ રાય નીસ્ત
કે બા જન્ગે કેસ્રા તોરા પાય નીસ્ત
બરૂ આરન્દ અઝીન્ મર્ઝે આબાદ ખાક
શવદ કર્દએ કયસરાન્ દરૂ મઘાક
ઝબાને સરાયન્દયે રાએ સોસ્ત
બજોઝ રન્જે ઈન્ પાદશાહી નજોસ્ત
હમહ રાએ ઈશાન્ બદાન્ શુદ દુરોસ્ત
કે રઝમે દેલીરાન્ નબાયેસ્ત જોસ્ત

પાદશાહ તેની વાત ઉપર ઘણોક હસ્યો–કે "આ માણુસ તુત (સેંતુરી) નો દાવો કરવા આવ્યો છે."

પછી પાદશાહે હુકમ કીધો જેથી તે કમબખ્તના દરવાઝા આગળ–કેટલાંક લીલાં સેંતુરનાં ઝાડો રોપ્યાં.

પછી પાદશાહે તેઓમાંથી એક ક્રીસ્ટીને ચુંટી કાઢયો–અને તેને તે રૂમીઓથી વસાયલાં શેહરની હકૂમત ખઝાનો અને લશ્કર સોંપી આપ્યું.

અને કહ્યું કે "આ 'ઝીબે ખુસરૂ' શેહર, અહીંના પરદેશી રહેવારીઓ અને આ નવાં મકાનો તારેજ સ્વાધીન છે.

માટે તું એક ફળદ્રુપ ઝાડની પમે રહેજે–ઘડીકમાં બાપ થઈ રહેજે અને ઘડીકમાં બેટો થઇ રહેજે.

બક્ષેશ કરતો રહેજે, શેહરને સણગારેલું રાખજે–અને કોઇ પણ વાતમાં બખીલી ના કરતો–દરેક બાબતમાં અંદાઝા પ્રમાણે વાત કરજે."

પછી અંતાકીયાથી પાદશાહે લશ્કરને આગળ ચલાવ્યું–પેલો અનુભવી ક્રીસ્ટી ત્યાં નેગેહબાન તરીકે રહ્યો.

હવે રૂમીઓના સરદાર ફરફૂરિયૂસે કાલીનિયૂસમાં આવી જે કાંઈ બન્યું હતું તે કયસરને કહ્યું.

તેણે કયસરને એ પ્રમાણે કહ્યું કે "અનુભવી નોશીરવાન, તેમજ તેનું લશ્કર, હાથીઓ અને તખત અત્રે આવી લાગ્યાં છે.

તેનું લશ્કર એટલું મોટું છે કે દર્યા અને પહાડ પણ–તેઓના ઘોડાઓની ધૂળથી આજેજ થાય છે."

કયસર પોતાની વાતથી પસ્તાવો કરવા લાગ્યો અને બીજા દાનાઓ અને બુઝોર્ગોને પોતાની નઝદીક બોલાવ્યા.

તેનું દિલ નોશીરવાનથી ધાસ્તી ભરેલું બન્યું–તે પેલાઓ સાથ આખો દહાડો અને આખી રાત વિચાર ચલાવવા લાગ્યો.

વડા વઝીરે કયસરને કહ્યું કે "તેની સામા થવું એ કાંઈ સારી સલાહ નથી કારણકે તુજમાં નોશીરવાનની લડાઇની તાકત નથી.

તેઓ આ આબાદ મુલકની ગર્દ કાઢી નાખશે–અને આગળા કયસરોનું કીધેલું સઘળું ધૂળ મેળવશે.

જે માણસ કમ અકલ હશે તેજ આ રાજ્ય ઉપર આફત લાવવાની વાત કરશે."

તે સઘળાઓના વિચાર આ બાબત ઉપર એકમત થયા–કે "ઈરાની બહાદુરો સાથ લડાઈ કરવી નહીં."

પયઘામે કયસરે રૂમ્ નઝૂદે નૂશીરવાન્ બા બાઝો સાઝ્.

ચુ બેશનીદ કયસરૂ દેલશ ખીરહ ગશ્ત
ઝે નૂશીરવાન્ રાએ ઊ તીરહ ગશ્ત
ગુઝીન્ કરૂદ અઝાન્ ફીલસૂફાને રૂમ
સુખુનગૂય બા દાનેશ અઝ પાકૂ બૂમ
બજાય આમદ અઝ મૂબેદાન્ શસ્ત મરૂદ
ઝદૂદહ રવાનો બેરહરા ઝે ગરૂદ
પયામી ફેરેસ્તાદ નઝદીકે શાહ
ગેરાનમાયગાન બરૂ ગેરેફ્તન્દ રાહ
ચુ મેહરાસે દાનન્દહ શાન્ પીશ રવ
ગવી દરૂ બેરદ પીરો દરૂ સાલ નવ

કયસરે રૂમનો ખંડણી અને ચોથાઈ સાથનો નોશીરવાન ઉપર પયગામ.

જ્યારે કયસરે એવું સાંભળ્યું ત્યારે તેનું દિલ ગભરાત ભરેલું થયું–નોશીરવાનની ધાસ્તીથી તેની અકલ સીઆહ બની.

તેણે પોતાના પાક મુલકના રૂમી ફીલસૂફોમાંથી ડહાપણ સાથના સુભાષિત બોલનારા ચુંટી કાઢયા.

સાઠ દાનેશમંદો ત્યાં આવ્યા–જેઓનાં દિલ મૂર્ખાઈની ધૂળથી સાફ થયલાં હતાં.

તેણે પાદશાહની નઝદીક એક પયગામ મોકલ્યો–પેલા ઊંચી પદવીના શખ્સો રવાના થયા.

મેહરાસ જેવો દાના મર્દ તેઓનો આગેવાન હતો–તે બહાદુર શખ્સ અકલમાં બુઢ્ઢો અને ઉમરમાં જવાન હતો.

કે હર્ ચીઝ ગન્જી બપીશ અન્દરૂન્
શુમારશ ગુઝર્ કરદ બર્ ચન્દો ચૂન્
બસી લાબહો પન્દો નીકૂ સોખન્
પશીમાન્ કે ગોફ્તારહાએ કોહન્
ફેરેસ્તાદ બા બાઝો સાવે ગરાન્
ગેરઉગાન્ કે ખીશાનો કુન્દાવરાન્
ચુ મેહરાસ નઝ્દીકે કેસ્રા રસીદ
બરૂમી એકી આફરીન્ ગુસ્તરીદ
તો ગોફ્તી કે અઝ્ તીઝીઓ રાસ્તી
સેતારહ્ બર્ આરદ હમી ઝાસ્તી
બકેસ્રા ચુનીન્ ગોફ્ત કય શહરયાર્
જહાન્‌રા બદીન્ અર્જમન્દી મદાર્
બરૂમી તો અકનૂનો ઈરાન્ તેહીસ્ત
હમહ્ મરઝ્ બીઅર્ઝો બીફરરેહીસ્ત
બદાન્‌ગહ્ કે કયસર્ નબાશદ બરૂમ
નસન્જદ બઘ્ફ પશહ્ ઈન્ મર્ઝો બૂમ
હમહ્ સૂદમન્દી ઝે મર્દમ બુવદ
ચુ ઊ ગુમ શવદ નીકુઈ કમ બુવદ
ગર્ ઈન્ રસ્તખીઝ્ અઝ્ પયે ખાસ્તહસ્ત
કે આર્ઝમો દાનેશ બદાન્ કાસ્તહસ્ત
બેયાવર્દમ ઈનક્ હમહ્ ગન્જે રૂમ
કે રઉશન્ રવાન્ બેહતર્ અઝ્ ગન્જો બૂમ
ચુ બેશનીદ અઝ્ ઈન્ સખુન્ શહરયાર્
દેલશ ગશ્ત ખુર્રમ ચુ બાઘે બહાર્
બેપેઝરોફ્ત અઝ્ આન્ચે આવર્દહ્ બૂદ
અગર્ બદરએ ઝર્ અગર્ બર્દહ્ બૂદ
ફેરેસ્તાદગાન્‌રા સેતાયેશ ગેરેફ્ત
બરાન્ નીકુઈહા ફેઝાયેશ ગેરેફ્ત
બદ્ ગોફ્ત કય મર્દે રઉશન્ ખરદ
નબર્દહ્ કસી ઝૂ ખેરદ પર્વરદ
અગર્ ઝર્ બેગર્દદ હમહ્ ખાકે રૂમ
તો સન્ગી તરી ઝાન્ સરફ્રાઝ્ બૂમ
નેહાદન્દ બર્ બૂમો બર્ બાઝો સાવ્
પુર્ આગન્દહ્ દીનાર્ સદ ચર્મે ગાવ્
કે હર્ સાલ્ કયસર્ બરે શહરયાર્
ફેરેસ્તદ અબા હદયહો બા નેસાર્
નગર્દદ સેપાહશ બગેર્દે યમન્
નખાહન્દ ચીઝી અઝાન્ અન્જુમન્
વઝાન્ જાયગહ્ નાલએ ગાવ્‌દુમ
શનીદન્દો આવાઝે રૂઈનહ્ ખુમ
જહાન્‌દારે બીદાર્ લશ્કર્ બેરાન્દ
બશામ્ આમદો રૂઝ્ગારી બેમાન્દ
બેયાવરદ ચન્દાન્ સેલાહો સેપાહ્
હમાન્ બદરહો બર્દહો તાજો ગાહ્
કે પોશ્તે ઝમીન્‌રા હમી દાદ ખમ
ઝે પીલાનો અઝ્ બદરહાએ દેરમ
વઝાન્ મરઝ્ ચૂન્ રફ્તન્ આમદ્‌શ રાય
બશીરૂએ બહરામ બેસ્પોરદ જાય
બદ્ ગોફ્ત કીન્ બાઝે કયસર્ બેખાહ્
મકુન્ હીચ સુસ્તી બરૂઝો બમાહ્

દરેક ચીઝનો એક ભારી ખઝાનો આગળ ચાલતો હતો-કે જેની ગણત્રી કેટલી અને કેવી તે પોતાની હદ કુદાવી ગઇ હતી. ૪૯૬

કયસરે તેઓ સાથ આગળ બોલાયલા સખુનો માટેની માફી, ઘણીક મિત્રતગીરી, શિખામણ અને સારી વાતોનું નામુ,

તેમજ ભારી ખંડણી અને ચોથાઈ સાથ પોતાના ખેશીઓ અને પેહલવાનોમાંથી કેટલાકોને ગિરો તરીકે મોકલી આપ્યા.

જ્યારે મેહરાસ નોશીરવાન આગળ જઈ પહોંચ્યો-ત્યારે તે રૂમી ભાષામાં તેની ઉપર દુઆ કરવા લાગ્યો.

તું કહે ગોયા તે પોતાની ચાલાકી અને સચ્ચાઈથી-પોતાની બાંય-માંથી સેતારા બાહેર કાઢે છે.

તેણે નોશીરવાનને કહ્યું કે "ઓ પાદશાહ!-દુન્યા ઉપર એટલી બધી મોહબ્બત ના રાખ.

તું તો હમણા રૂમ દેશમાં છે અને તારૂં ઇરાન ખાલી પડેલું છે-હાલ તે મુલક વગર કીમતનો અને વગર દબદબાનો થઇ પડયો છે.

તેમજ જે વખતે કે કયસર આ રૂમમાં નથી હોતો-તે વખતે આ ઝમીન અને મુલક એક મચ્છરની કીમતનું પણ ગણાતું નથી.

એક દેશને સઘળો ફાયદો માણસોથીજ હોય છે-જ્યારે ત્યાંથી માણ-સોજ ગુમ થાય તો સઘળી ભલાઈ પણ ઓછી થઇ જાય છે.

અગરજો આ તારી રસ્તાખેઝ ગુઝારવાની મતલબ ખઝાના માટેજ છે કે જેથી તારૂં માન અને દાનાઇ ઓછી થાય છે,

તો લે, આ સઘળો રૂમનો ખઝાનો હું લાવ્યો છું-કારણકે ગંજ અને મુલકનાં કરતાં તો આપણો રોશન જીવજ બેહતર છે." ૪૯૭

જ્યારે શાહે દાના શખ્સથી આ સખુન સાંભળ્યા-ત્યારે તેનું દિલ બહારની મકસમના બાગની માફક ખુશી ભરેલું થયું.

અને જે કાંઈ તે સોનાની થેલીઓ તેમજ ગોલામો લાવ્યા હતો તે કબુલ કીધું.

તેણે પેલા એલચીઓની વખાણ કીધી-અને તે હદયાની તારીફ કીધી.

પછી મેહરાસને કહ્યું કે "ઓ રોશન અકલના મર્દ!-જે કોઇ શખ્સ કે અકલની બરાબર પર્વરેશી કરે તેજ બહાદુર કહેવાય.

અગર આખાં રૂમની ખાક સોનું થઇ જાય-તો પણ તું તે સરફરાઝી ભરેલા મુલક કરતાં વધારે કીમતી છે."

પછી તેઓએ તે રૂમના મુલક ઉપર આવી રીતની ખંડણી અને ચોથાઈ નાખી-કે "સો બળદના ચામડાં ભરીને સોનાના દીનાર,

દર વરસ કયસર પાદશાહની નઝદીક-બીજા હદયા અને નેસાર સાથે મોકલી આપે,

અને તેનું રૂમી લશકર યમનની આસપાસ કદી પણ જાય નહીં-અને ત્યાંની રૈયત પાસેથી કાંઇ પણ ચીઝ માગે નહીં."

પછી ત્યાંથી રણશિંગડાંના આવાઝ અને નગારાંના પોકાર સંભળાયા.

ચાલાક પાદશાહ નોશીરવાને લશકર આગળ ચલાવ્યું-તે શામના મુલ-કમાં આવ્યો અને થોડા દહાડા ત્યાં રહ્યો. ૪૯૮

તે એટલાં બધાં હથિયારો અને લશકર તેમજ સોનાની થેલીઓ, ગોલામો, તાજ અને તખ્ત સાથે લાવ્યો,

કે તેના હાથીઓ અને દિરમની થેલીઓથી-ઝમીનની પીઠ વાંકી વળવા લાગી.

પછી જ્યારે તે મુલકથી પાદશાહે પાછું ફરવાનો વિચાર કીધો-ત્યારે તે જગ્યા બેહરામના બેટા શીરૂયને સોંપી.

તેને કહ્યું કે "તું કયસર પાસેથી આ પ્રમાણેજ ચોથાઇ લેજે-અને તે લેવામાં એક દિવસનો કે એક મહિનાનો પણ વિલમ લગાડતો ના."

બબૂસીદ શીરૂય રૂએ ઝમીન
હમી ખાન્દ બર્ શાહર્યાર્ આફરીન
કે બીદાર્ દેલ બાશો પીરૂઝ બખ્ત
નગર્દદ ઝરૂદ ઈન્ કયાની દેરખ્ત
તબીરહ્ બર્ આમદ ઝે દર્ગાહે શાહ્
સુએ અર્મન્ આમદ દેરફ્શો સેપાહ્

શીરૂયે ઝમીન ચૂમી-અને પછી પાદશાહ ઉપર દુઆ કરવા લાગ્યો.

કે "તું હુશયાર દિલનો અને ફતેહમંદ નસીબનો રહેજે!-અને આ પાદશાહી ઝાડ કદીબી સૂકાતું ના."

પછી પાદશાહની દરગાહમાંથી નગારાંના આવાઝ નીકળ્યા-તે પોતાના ઝુંડા અને લશ્કર સાથ અર્મન (આર્મીન્યા) તરફ આવી લાગ્યો.

ઝાદને નૂશ્ઝાદ્ પેસરે નૂશીરવાન્ અઝ્ ઝની કે બદીને મસીહા બૂદ્.

જહાન્દાર્ કેસ્રા ચુ ખુર્શીદ બૂદ
જહાન્રા અઝ્ બીમો ઊમ્મીદ બૂદ
બદીન્ સાન્ રવદ આફ્તાબે સેપેહ્ર
બયક્ દસ્ત શમ્શીરો યક્ દસ્ત મેહ્ર
૪૯૯ ન બખ્શાયેશ આરદ બહન્ગામે ખશ્મ
ન ખેશ્મ આયદશ રૂઝે બખ્શેશ બચશ્મ
ચુનીન્ બૂદ આન્ શાહે ખુસ્રવ નેઝાદ
બેયારાસ્તહ્ બુદ જહાન્રા બદાદ
અગર્ શાહ્ દીદમ વગર્ ઝીર્દસ્ત
વગર્ પાક્ દેલ મર્દે યઝ્દાન્ પરસ્ત
ચુનાન્ દાન્ કે ચારહ્ નબાશદ ઝે જોફ્ત
ઝે પૂશીદનો ખુર્દો જાએ નેહોફ્ત
અગર્ પાર્સા બાશદો રાય ઝન્
યકી ગન્જ બાશદ પુરાગન્દહ્ ઝન્
બવીઝહ્ કે બાશદ બબાલા બલન્દ
ફેરૂ હેશ્તહ્ તા પાય મુશ્કીન્ કમન્દ
ખેરદમન્દો બા દાનેશો રાયો શર્મ
સખુન્ ગોફ્તને ખૂબો આવાએ નર્મ
બદીન્ સાન્ ઝની દાશ્ત પુર્માયહ્ શાહ્
બબાલાએ સર્વો બદીદાર્ માહ્
બદીને મસીહા બુદ આન્ માહ્રૂય
ઝે દીદારે ઊ શહ્ર પુર્ ગોફ્તગૂય
યકી ફ્ર્ક્ આમદશ ખુર્શીદ ચેહ્ર
ઝે નાહીદ તાબન્દહ્ તર્ બર્ સેપેહ્ર
૫૦૦ વરા નામવર્ ખાન્દી નૂશ્ઝાદ
ન જસ્તી બરાન્ ખૂબ્રોખ તુન્દ બાદ
બેબાલીદ બર્સાને સર્વે સહી
હુનર્મન્દો ઝીબાએ શાહન્શહી
ચુ દૂઝખ બેદાનેસ્તો રાહે બેહેશ્ત
અઝીરો મસીહો રહે ઝર્દહેશ્ત
નેયામદ હમી ઝન્દવસ્તશ દુરોસ્ત
દો રોખરા બઆબે મસીહા બેશોસ્ત
ઝે દીને પેદર્ કીશે માદર્ ગેરેફ્ત
ઝમાનહ્ બદ્ માન્દહ્ અન્દર્ શેગેફ્ત
ચુનાન્ તન્ગ્દેલ શુદ અઝ્ શહ્ર્યાર્
કે અઝ્ ગુલ નેયામદ જોઝ્ અઝ્ ખાર્ બાર્

નોશીરવાનના છોકરા નૂશઝાદનું ખ્રીસ્ટી ધર્મ પાળનારી અઉરતથી જન્મ પામવું.

દેશની સંભાળ કરનાર નોશીરવાન એક ખોરશીદ માફક હતો-તેનાથી દેશને બખ્શેશની ઉમેદ અને સઝાની ધાસ્તી રહેતી હતી

આસ્માન ઉપર ફરતો આફતાબ એજ માફક પોતાની ચાલ ચાલે છે-તે એક હાથમાં તલવાર અને બીજા હાથમાં દયા રાખે છે.

તે ગુસ્સાને વખતે બક્ષેશ કરતો નથી-અને બક્ષેશને દહાડે તેની આંખમાં ગુસ્સો આવતો નથી.

તે શાહી બુન્યાદનો પાદશાહ પણ તેનીજ માફકનો હતો-તેણે દેશને ઇન્સાફથી સણગાર્યો હતો.

શેઠ હોય કે નોકર હોય કે યઝદાનની પરસ્તેશ કરનારો પવિત્ર આત્મા હોય,

તોપણ તેને વસ્ત્ર પેહેર્યા વગર, ખાવાનું ખાધા વગર, સૂવાની જગ્યા રાખ્યા વગર અને સ્ત્રી વગર ચાલે નહીં.

અગરજો એક સ્ત્રી પાક દામન અને વિચારવંત હોય-તો તેણી એક એકઠો કાચેલો ખઝાનોજ છે.

ખાસ કરીને જો તેણી કદમાં લામ્બી હોય-અને કસ્તુરી જેવા બાલ પગ સૂધી લટકતા હોય,

તેણી અકલમંદ, દાનાઈ અને વિચાર સાથની તથા શર્માલ-તેમજ સારા સખુન બોલનારી અને ધીમા આવાઝવાળી હોય, તે સારી.

તે બુલંદ દરજ્જાનો પાદશાહ પણ એવીજ એક અઉરત ધરાવતો હતો-જેણી સરોવર જેવાં કદની અને માહતાબને મુખડેની હતી.

તે નાઝનીન ખ્રીસ્ટી મઝહબની હતી-જેણીના દીદાર જોવાથી આખું શેહર ચકચાર ભરેલું બનતું હતું.

તેણીને ત્યાં એક ખોરશીદના ચેહરાનો બેટો આવ્યો-જે આસ્માન ઉપરના શુક્ર સેતારા કરતાં પણ વધારે ઝળકાટવાળો હતો.

નામવર નોશીરવાને તેનું નામ "નૂશઝાદ" રાખ્યું તે ખુબસૂરત બચ્ચાં ઉપર સખ્ત પવન પણ ફુંકી શકતો હતો નહીં.

તે સીધાં સરોવરની માફક ઉછરવા લાગ્યો-અને હુનર ભરેલો શેહનશાહીને ઝેબ આપનારો થયો.

જ્યારે તેણે દોઝખ અને બેહેશ્તનો માર્ગ તેમજ યાહુદી, ખ્રીસ્ટી અને ઝરતોશ્તી રાહ રીતી જાણી,

ત્યારે તેને ઝંદ અવસ્તા દુરોસ્ત નહીં લાગવા માડયા-જેથી તેણે પોતાનું મોં ઇસાનાં પાણીથી ધોવાં માડયું (યાને ખ્રીસ્ટી ધર્મ ઉપર ઢળવા માડયું).

બાપની દીન કરતાં તેણે માનો મઝહબ વધુ પસંદ કીધો-જે જોઇ ઝમાનો પણ અજબ રહ્યો.

એવી રીતે પાદશાહ તે છોકરાથી બહુજ દુ:ખી થયો-કારણકે તે ગોલાબના છોડને કાંટા સિવાય બીજાં કશાં ફળ લાગ્યાંજ નહીં.

હરે કાખે ફ્રખેન્દહ્ અયવાને ઊય
બેબસ્તન્દો કર્દન્દ ઝેન્દાને ઊય
નેશસ્તન્ગહશ ગેર્દે શાપૂરૂ બૂદ
અઝ્ અયવાનો નઝ્દે પેદરૂ દૂરૂ બૂદ
બસી બસ્તહો પુરૂ ગઝન્દાન્ બુદન્દ
બદાન્ શહ્રૂ બા વય બઝન્દાન્ બુદન્દ
બદાન્ગહ્ કે બાઝ્ આમદ્ અઝ્ રૂમ શાહ્
બેનાલીદ્ અઝાન્ જુમ્બેશો રન્જે રાહ્
ચુનાન્ શુદ્ ઝે સુસ્તી કે અઝ્ તન બેમાન્દ્
ઝે રન્જે તન્ અઝ્ બારૂ દાદન્ બેમાન્દ્
કસી બોરૂદ્ ઝી નૂશઝાદ્ આગહી
કે તીરહ્ શુદ્ આન્ ફરૂરે શાહન્શાહી
જહાનદારૂ બીદારૂ કેસ્રા બેમોરૂદ્
ઝમાનો ઝમીન્ દીગરીરા સેપોરૂદ્
ઝે મર્ગે પેદરૂ શાદ્ શુદ્ નૂશઝાદ્
કે હરૂગેઝ્ વરા નાઝો નૂશી મબાદ્
કસી કૂ બમર્ગે શાહે દાદ્ગરૂ
શવદ્ શાદ્માન્ તીરહ્ દારદ્ ગોહરૂ
બદીન્ દાસ્તાન્ ઝદ્ યકી શોહ્રહ્ પીરૂ
કે ગરૂ શાદી અઝ્ મર્ગે મન્ તૂ મમીરૂ
ચુ દાની કે અઝ્ મર્ગે ખુદ્ ચારહ્ નીસ્ત
ચે અઝ્ પીશ બાશદ્ ચે પસતરૂ યકીસ્ત
ઝે મરૂગ્ આન્ નબાશદ્ રવાન્ કાસ્તહ્
કે બા ઈઝદશ કારૂ પીરાસ્તહ્
પેસરૂ કૂ ઝે રાહે પેદરૂ બુગ્ઝરદ્
સેતમ્ગારહ્ ખાનીમશો કમ્ ખરદ્
અગરૂ તોખ્મે હન્ઝલ બુવદ્ તરૂરો ખુશ્કૂ
નશાયદ્ કે બારૂ આવરદ્ બૂએ મુશ્કૂ
ચેરા ગશ્ત બાયદ્ હમી ઝાન્ સેરેશ્ત
કે પાલીઝ્બાનશ બઆવાઝ્ કેશ્ત
અગરૂ મીલ દારદ્ કસી સૂએ ખાકૂ
બેઓરૂરદ્ ઝે ખુરૂશીદ્ અઝ્ બાદ્ પાકૂ
ન ઝૂ બારૂ બાયદ્ કે માનદ્ ન બરૂગ્
ઝે ખાકશ બુવદ્ ઝેન્દગાનીઓ મરૂગ્

પાદશાહે તેના સુંદર અયવાનવાળા મેહલનો દરવાઝો-બંદ કરીને તેને તેમાં કયદ રાખ્યો.

તેની રહેવાની જગ્યા "શાપૂરગેર્દ"માં કીધી-જે પાદશાહની દરબારથી તેમજ તેના મેહલથી દૂર હતી.

તે શેહરમાં તેની સાથે બીજા ઘણાક કયદીઓ અને ગુનેહગારો કયદમાં હતા.

હવે જે વખતે કે પાદશાહ નોશીરવાન છેલ્લી રૂમની લડાઈમાંથી પાછો આવ્યો-અને રસ્તાની તકલીફ અને હિલચાલથી થાકી ગયો હતો,

તે વખતે થાકથી એવો નબળો થઈ ગયો હતો-કે નબળાઇને લીધે ૫૦૧
કોઇને પાસે આવવા દેતો હતો નહીં.

આથી કોઇએ નૂશઝાદને ખબર કીધી-કે "તે શેહન્શાહી ખોરેહ સીઆહ થયું છે.

બીદાર બખ્તનો પાદશાહ નોશીરવાન મરણ પામ્યો છે-અને તેણે ઝમાનો અને ઝમીન બીજાને સોંપી છે."

નૂશઝાદ બાપના મોતની ખબરથી ખુશી થયો-(આ ઉપરથી ફિર્દોસી કહે છે) કે તે છોકરાને કદીબી અયશ આરામ અને ખુશી ખુશહાલી હોતીજ ના.

જે કોઈ શખ્સ કે ઈન્સાફી પાદશાહના મોતથી-ખુશી થાય તે પોતાની બુન્યાદજ બૂરી ધરાવે છે.

એક પ્રખ્યાત પીર મર્દે એ બાબત ઉપર એક વાત કહી છે-કે "જો તું મારાં મરણથી ખુશીજ છે તો તું સંભાળજે મરી ના જતો.

જ્યારે તું જાણે છે કે પોતાનાં મોતથી છૂટકારો છેજ નહીં-તો પછી શું આગળથી મરવું કે શું પાછળથી મરવું બન્ને સરખુંજ છે.

મોતથી તેજ શખ્સનો જીવ દિલગીર થતો નથી-કે જેણે પાક યઝ-દાનની સાથેજ સઘળો વહેવાર રાખ્યો હોય."

જે બેટા કે બાપની રાહ રસ્મથી ફરે-તેને હું ઝુલ્મગાર અને કમ-અકલ કહું છું.

કડવું બી પછી તે લીલું હોય કે સૂકું હોય-તો પણ તે કસ્તુરીની સુગંધવાળાં ફળ લાવી શકે નહીં.

જેવી ખાસીયતનાં ઝાડને કે એક બાગબાને પ્રથમમાં રોપ્યું તો તેની ૫૦૨
અસલ ખાસીયત શા માટે ફરવી જોઇયે?

જે કોઈ માણસ માટી તરફ ઢળે-અને પોતાને ખુરશીદ અને પવનથી કેવળ વેગળો કરે,

તેનાં ફળ કે પાંદડાં તેની પાછળ રહેજ નહીં-માટીમાં મળવા માટે તેણે જન્મ લીધો અને માટીમાં મળવા માટેજ તે મરણ પામ્યો.

બીમાર્ શુદને નૂશીરવાન્ વ ફેત્નહ્ બર્પા કર્દને નૂશ્ઝાદ્.

યકી દાસ્તાન્ કર્દમ અઝ્ નૂશઝાદ્
નેગરૂ તા ન પીચી સરૂ અઝ્ રાહે દાદ્
અગરૂ ચરૂખરા હીચ પેદરા બુદી
હમાના કે પેદરશ ચુ કેસ્રા બુદી
પેસરૂ સરૂ ચેરા પીચદ્ અઝ્ રાહે ઊય
નેશસ્તે કઈ જૂયદો ગાહે ઊય
ઝે મન બેશનવ ઈન્ દાસ્તાન્ સરૂબસરૂ
બેગુયમ તોરા અય પેસરૂ દરૂ બદરૂ

નોશીરવાનનું આઝારી પડવું અને નૂશઝાદે ફિત્નો બરપા કરવો.

હવે મેં નૂશઝાદ માટેનું એક દાસ્તાન તૈયાર કર્યું છે-માટે તું ધ્યાન રાખજે ઇન્સાફની રાહથી સર ફેરવતો ના.

અગર આસ્માનનો કોઇ બાપ હતે-તો બેશક કે તે નોશીરવાનના જેવોજ હતે.

તો પછી તેનોજ બેટો તેની રાહ રીતીથી શા માટે સર ફેરવે છે?-અને પાદશાહી દબદબો અને તેનું તખ્ત શા માટે શોધે છે?

ઓ બેટા! આ દાસ્તાન એકેક પછી હું તને કહું છું, તે સઘળું તું મારી તરફથી સાંભળી લે.

કે ગોફતારે દેહકાન્ બેયારાસ્તમ
બદીન્ ખીશતન્રા નેશાન્ ખાસ્તમ
કે માનદ્ ઝે મન્ યાદગારી ચુનીન્
બરૂ આફરીન્ કુ કુનદ્ આફરીન્
પસ અઝ્ મરગ્ બરૂ મન્ કે ગૂયન્દહ્ અમ
બદીન્ નામે જાવીદ જૂયન્દહ્ અમ
૫૦૩ ચુનીન્ ગોફત ગૂયન્દએ પારૂસી
કે બુગ્ઝશ્ત સાલ અઝ્ બરશ ચારૂ સી
કે હરૂ કસ કે બરૂ પાદશા દુશ્મનસ્ત
ન મરૂદુમ નેઝાદસ્ત કહરીમનસ્ત
હમ અઝ્ નૂશઝાદ આમદ ઈન્ દાસ્તાન્
કે યાદ આમદ અઝ્ ગોફતએ બાસ્તાન્
ચુ બેશનીદ ફર્ઝન્દે કેસ્રા કે તખ્ત
બેપરૂદુખ્ત અઝાન્ ખુસ્રવાની દેરખ્ત
દરે કાખ બુકુશાદ ફર્ઝન્દે શાહ
બદ્ અન્જુમન્ શુદ ઝે હરૂ સૂ સેપાહ
કસી કુ ઝે બન્દે ખેરદ્ જસ્તહ્ બૂદ
બઝેન્દાને નૂશીરવાન્ બસ્તહ્ બૂદ
ઝે દીવાનગાન્ બન્દહા બરૂ ગેરેફ્ત
હમહ્ શહરૂ અઝ્ દસ્ત બરૂ સરૂ ગેરેફ્ત
બશહરૂ અન્દરૂન્ હરૂ કે તર્સા બુદન્દ
અગરૂ જાસલીકુ અરૂ સોકુબા બુદન્દ
બસી અન્જુમન્ કરૂદ બરૂ ખીશતન્
સવારાને ગર્દનકશો તીઘઝન્
હમી દાદ માદરૂ વરા ખાસ્તહ્
કે અઝ્ શાહ બુદ ગન્જશ આરાસ્તહ્
૫૦૪ ફરાઝ્ આમદન્દશ તની સી હઝારૂ
હમહ્ નામદારૂ અઝ્ દરે કાર્ઝારૂ
હમહ્ શહરૂહાઈ કે બુદ ગેર્દે ઊય
ગેરેફ્તો બરૂ આમદ અઝ્ ગોફ્તગૂય
યકી નામહ્ બેન્વેશ્ત નઝદીકે ખીશ
બકયસરૂ અઝાન્ રાએ તારીકે ખીશ
કે બરૂખીઝ્ શાહા કે મેહતરૂ તોઈ
હમ આવાઝો હમ કીશો કયસરૂ તોઈ
હમહ્ શહરે ઈરાન્ તોરા શુદ ચુ રૂમ
ચે ઈરાનો આઝરૂ ચે આબાદ બૂમ

પેદરૂ મોરૂદ અઝાન્ પસ કે બીમારૂ શુદ
સરે બખ્તે બર્ગશ્તહ્ બીદારૂ શુદ
ખબરૂ ઝીન્ બશહરે મદાઈન્ રસીદ
કે આમદ ઝે ફર્ઝન્દે કેસ્રા પદીદ
નેગહબાને મર્ઝે મદાઈન્ ઝે રાહ
સવારી બરૂ અફગન્દ નઝદીકે શાહ
સખુન્ હરૂચે બેશનીદ બા વય બેગોફ્ત
ચુનાન્ કાગહી બૂદ અન્દરૂ નેહોફ્ત
ફેરેસ્તાદહ્ બરૂસાને આબે રવાન્
૫૦૫ બેયામદ બનઝદીકે નૂશીરવાન્
બેગોફ્ત આન્ચે બેશનીદો નામહ્ બેદાદ
સુખુનહા કે પયદા શુદ અઝ્ નૂશઝાદ

દાનેશ્વર દેહકાનની વાતોથી આ દાસ્તાન તૈયાર કર્યું છે-અને તેમ કરી મારા પોતાના માટે મેં એજ ખાહેશ રાખી છે,

કે મારા હાથથી એક એવીજ રીતની યાદગારી રહી જાય-જે શખ્સ કે મારી ઉપર દોઆ કરે તેની ઉપર મારી તરફથી આફ્રીન હોજો!

હું કે જે કવિ છું અને કવિતા જોડી હમેશાનું નામ શોધનારો છું, તેનાં મરણ બાદ તેની ઉપર આફ્રીન કરે (તે ઉપર દોઆ હોજો!)

એક ઇરાની કવિ કે જેની ઉમર ૧૨૦ વર્ષની હતી, તેણે એ પ્રમાણે કહેલું છે,

કે "જે કોઈ શખ્સ પાદશાહનો દુશ્મન હોય-તે માણસની બુન્યાદનો નહીં બલ્કે એહરેમનની બુન્યાદનો છે."

નૂશઝાદ માટે પણ એવુંજ કહેવાયલું છે-કે જે આગળા વખતના લોકોની વાતથી મને યાદ આવ્યું.

જ્યારે નોશીરવાનના બેટા નૂશઝાદે સાંભળ્યું કે "ઈરાનનું તખ્ત-તે પાદશાહી ઝાડ (યાને નોશીરવાન)થી ખાલી થયું છે."

ત્યારે પાદશાહના તે બેટાએ મેહલનો દરવાઝો ખુલ્લો કરી નાખ્યો-અને ચો તરફથી તેની આગળ લશ્કર એકઠું થયું.

જે કોઇ કે અક્કલના બંદથી નીકળી ગયલા હતા-અને નોશીરવાનના કયદખાનામાં કયદ હતા,

તેવા દીવાનાઓના પગમાંથી બંધ છોડી નાખ્યા-આખું શેહર તેને તાબે થઇ ગયું.

શેહરમાં જે કોઇ કે ક્રીસ્ટીઓ હતા-પછી ફાધર અથવા બીશપ હતા,

તેમજ તલવાર મારનારા અને બહાદુર સવારો હતા-તે સઘળાને પોતાની આસપાસ ભેગા કીધા.

વળી તેની માએ જે ખઝાનો કે પાદશાહ તરફથી એકઠો કર્યો હતો, તે પોતાના છોકરાને આપવા માંડયો.

જેથી તેની નઝદીક સઘળા લડાઇ માટે તૈયાર ત્રીસ હઝાર નામદારો ભેગા થયા.

જે જે શેહરો કે તેની આસપાસ હતાં તે સઘળાં લઇ લીધાં અને તેણે ભારી ચકચાર ઉભી કીધી.

પછી નૂશઝાદે પોતાના સગા કયસર ઉપર એક નામુ લખ્યું અને તેમાં પોતાના સીઆહ વિચારો દર્શાવ્યા.

કે "ઓ પાદશાહ! ઉઠ, કે તુંજ મારો સરદાર, મારો સાથી, મારા ધર્મવાળો અને રૂમનો કયસર છે.

જેમ રૂમનો મુલક તારો છે તેમજ તમામ ઇરાન શેહર તારૂં થયું છે-શું ઈરાનનો મુલક કે શું ત્યાંના આતશકદેહો અને શું ત્યાંની આબાદ થયલી ઝમીન તારીજ છે.

મારો બાપ નોશીરવાન બીમાર પડયા બાદ મરણ પામ્યો છે-અને મારૂં બરગશ્તે બનેલું બખ્ત પાછું બીદાર થયું છે."

હવે જે કાંઇ કેસ્રાનાં ફર્ઝંદ નૂશઝાદથી ઝાહેર થયું-તે બાબતની ખબર મદાઇન શેહરમાં પુગી.

મદાઇનના હાકેમે તે રાહમાંથી-એક સવાર પાદશાહની નઝદીક દોડાવ્યો.

અને જે કાંઇ વાત કે તેણે સાંભળી હતી, તે તેમજ જે કાંઈ છૂપી ખબર હતી તે તેને કહેવાડી.

પેલો કાસેદ વહેતાં પાણીની માફક ઝડપ કરતો-નોશીરવાનની આગળ આવ્યો.

તેણે નૂશઝાદની જે કાંઈ વાતો ઝાહેર થઇ હતી તે કહી સંભળાવી અને નામુ આપ્યું.

અઝ્ શાહ્ બેશનીદો નામહ્ બેખાન્દ
ઘમી ગશ્ત અઝાન્ કારો ખીરહ્ બેમાન્દ
જહાનદાર્ બા મૂબેદે સર્‌ફરાઝ્
નેશસ્તો સખુન્ ગોફ્ત ચન્દી બરાઝ્
ચુ ગશ્ત ઈન્ સખુન્ બર્ દેલશ્ જાયગીર્
બેફર્‌મૂદ તા પીશે ઊ શુદ દબીર્

પાદશાહે તેનાથી સઘળું સાંભળ્યું અને પેહલું નામુ વાંચ્યું-તે કામથી પોતે ગમગીન થયો અને હયરાન રહ્યો.

પાદશાહ પોતાના સરફરાઝ વઝીર સાથ-મસલહત કરવા બેઠો અને કેટલીક ખાનગી વાતો કીધી.

જ્યારે એક ઠરાવ તેનાં દિલમાં ઠરયો-ત્યારે તેણે ફર્માવ્યું જેથી મુન્શી તેની આગળ ગયો.

નામએ નૂશીરવાન્ બરામ્‌બર્ઝીન્ નેગહ્‌બાને મર્ઝે મદાઇન્ દર્ બાર-એ ગેરેફ્તાર્ કર્દને નૂશ્‌ઝાદ્.

નોશીરવાનનું મદાઇનના હાકેમ રામબર્ઝીન ઉપર નૂશઝાદને કયદ પકડવાની બાબતમાં નામુ લખવું.

યકી નામહ્ બેન્વેશ્ત પુર્ દાઘો દરૂદ
પુર્ આઝન્ગ્ રોખ્ લબ્ પુર્ અઝ્ બાદે સરૂદ
નુખોસ્તીન્ બર્ આફરીન્ ગુસ્તરીદ
કે ચર્ખો ઝમાનો ઝમીન્ આફરીદ
નેગારન્દએ હૂરો કયવાનો માહ્
ફ્રોરૂઝન્દએ ફરૂરો દીહીમો ગાહ્
ઝે ખાશાકે નાચીઝ્ તા શીરો પીલ્
ઝે ગર્દે પયે મૂર્ તા રૂદે નીલ્
ગર્ અઝ્ ખાક્ બર્ ચર્ખે ગર્દાન્ રવન્દ
હમહ્ ઝીરે ફર્માને યઝ્દાન્ રવન્દ
ન ફર્માને ઊરા કરાનહ્ પદીદ
ન ઝૂ પાદ્‌શાહી બેખાહદ બુરીદ
બેદાનેસ્તમ આન્ નામએ નાપસન્દ
કે આમદ ઝે ફર્ઝન્દ ચન્દી ગઝન્દ
અઝાન્ પુર્ ગુનાહાને ઝેન્દાન્ શેકન્
કે ગશ્તન્દ બા નૂશઝાદ અન્જુમન્
ચુનીન્ રૂઝ અગર્ ચશ્મ દારદ કસી
સઝદ ગર્ બગીતી નમાનદ બસી
કે ઝોઝ્ મર્‌ગ્‌રા કસ ઝે માદર્ નઝાદ
ઝે કેસ્રા બર્ આઘાઝ્ તા નૂશઝાદ
રહા નીસ્ત અઝ્ ચન્ગો મેન્કારે મર્ગ્
સરે પશ્શહો મૂર્ તા પીલો ગર્ગ્
ઝમીન્ ગર્ કુશાદહ્ કુનદ રાઝે ખીશ
નુમાયદ સરન્જામો આઘાઝે ખીશ
કેનારશ પુર્ અઝ્ તાજ્‌દારાન્ બુવદ
બરશ પુર્ ઝે ખૂને સવારાન્ બુવદ
પુર્ અઝ્ મર્દે દાના બુવદ દામનશ
પુર્ અઝ્ ખૂબ્‌રોખ ચાકે પીરાહનશ
ચે અફ્સર્ નેહી બર્ સરત બર્ ચે તર્ગ્
બર્ બુગ્ઝરદ પર્રો બયકાને મર્ગ્

સખુન્ આન્ કે ઈદર્ નમાનદ કસી
બમર્ગે પેસર્ શાદ નબ્‌વદ બસી

દુ:ખી અને ગમગીન પાદશાહે ગુસ્સા ભરેલે ચેહરે અને સર્દ આહે ભર્યા હોઠે એક નામુ લખાવ્યું.

શુરૂઆતમાં તેણે તે સાહેબ ઉપર દોઆ લખાવી-કે "જેણે આસ્માન, ઝમીન અને ઝમાનો પયદા કીધો.

જે આફતાબ, માહતાબ અને શનિશ્ચર સેતારાનો ચીતારનારો છે-જે પાદશાહી ઓરેહ, તાજ અને તખ્ત રોશન કરનારો છે.

એક નાચીઝ કચરાથી તે સિંહ અને હાથી સુધીની-તેમજ કીડીનાં કદમની ધૂળથી તે નાઈલ નદી સુધીની મોટી ચીઝો,

અગર ઝમીન ઉપરથી ફરતા આસ્માન ઉપર જાય છે-તો તે સઘળાં યઝદાનનાં ફર્માન હેઠળજ જાય છે.

તેનાં ફર્માનનો છેડોજ નથી-અને કોઇ તેની પાદશાહીનો નાશ કરી શકતું નથી.

મેં તારૂં તે નાપસંદ નામુ વાચ્યું છે-કે મારાં ફર્ઝંદથી કેટલું ૫૦૬
નુકસાન થયું?

તેમજ કયદખાનામાંથી નાસી જનારા ગુનેગારો માટે કે જેઓ નૂશ-ઝાદની સાથે એકઠા થયા છે (તેઓ માટે પણ જાણ્યું છે).

અગરજો એવોજ દહાડો જોવાની કોઇને ઉમેદ હોય-તો ભલું એજ છે, કે તે આ દુન્યામાં ઘણો વખત રહે નહીં,

કારણકે કોઇ પણ શખ્સ મોત વગરનો માને પેટે પયદા થયો નથી-તું નોશીરવાનથી શુરૂ કર તે નૂશઝાદ સુધીનાં,

તેમજ મચ્છર અને કીડીનાં સરથી તે હાથી અને વરૂ સુધીનાં સઘળાં મોતની ચુંગાલથી છુટનાર નથી.

અગરજો આ ધરતી પોતાનો ભેદ ખુલ્લો કરે-અને તે પોતાનું સઘળું શુરૂઆતથી શેવટ સુધીનું દેખાડે,

તો તેની બગલ સઘળી પાદશાહોથી ભરેલી નીકળશે-અને તેની છાતી સવારોનાં લોહીથી ભરેલી જણાશે.

તેની દામન દાના શખ્સોથી ભરેલી હોય છે-અને તેનાં પેહેરણની શેગાફ ખૂબસૂરત ચેહરાઓથી ભરેલી છે.

જ્યારે તારાં તાજ અને લોઢાંની કોલાહ ઉપર મોતનાં પર અને પયકાનવાળો તીર પસાર થઈ જાય છે-ત્યારે તે તાજ અને કોલાહ તું શા માટે સર ઉપર મેલે છે?

મારા કહેવાની મતલબ એટલીજ છે-કે આ જેહાનમાં સદા કોઈ રહેવાનું નથી મારાં મોતથી મારો બેટો લામ્બો વખત ખુશહાલ રહેવાનો નથી.

૫૦૭ ગોફ્તી કે યારન્દ બા નૂશઝાદ
કે જોઝ મર્ગે કેસ્રા નગીરન્દ યાદ
અગર્ ખુદ ગુઝર્ યાબદ અઝ રૂઝે બદ
બમર્ગે કસી શાદ બાશદ સઝદ
વદીગર્ કે અઝ મર્ગે શાહાને દાદ
નગીરદ કસી યાદ જોઝ બદ નેઝાદ
સરે નૂશઝાદ અર્ ઝે મા બાઝ્ ગશ્ત
ચુનીન્ દીવ બા ઊ હમ આવાઝ્ ગશ્ત
નબાશદ બરૂ પાયદાર્ ઈન્ સખુન્
સર્ અફ્રાખ્ત ચૂન્ ખાસ્ત આયદ બબુન્
નબાયેસ્ત કૂ નસ્હે મા પાયગાહ
બદીન્ આગહી ખીરહ્ કર્દી તબાહ
અગર્ તખ્ત ગશ્તી ઝે કેસ્રા તેહી
હમ ઊ બૂદ ઝીબાએ શાહન્શેહી
ચુનીન્ બૂદ ખુદ દર્ખરે કીશે ઊય
સઝાવારે જાને બદ્અન્દીશે ઊય
અઝીન્ બર્ દેલ અન્દીશહો બાક્ નીસ્ત
અગર્ કીશે ફર્ઝન્દે મા પાક્ નીસ્ત
વઝાન્ ખાસ્તહ્ કૂ તબહ્ કરદ નીઝ્
હમી બર્ દેલે મા નસન્જદ બચીઝ્
૫૦૮ હરાન્ કસ કે બા ઊ બહમ સાખ્તન્દ
અઝ આરામે મા દેલ બેપર્દાખ્તન્દ
બદ્અન્દીશો બદ્કામો બદ ગઊહરન્દ
બદીન્ ઝીર્દસ્તી ન અન્દર્ ખરન્દ
અઝીન્ દસ્ત ખારસ્ત બર્ મા સખુન્
ઝે કેર્દારે ઈશાન્ તો દેલ બદ મકુન્
મરા તર્સો બાક્ અઝ જહાન્ દાવરસ્ત
કે અઝ દાનેશે બર્તરાન્ બર્તરસ્ત
નબાયદ શુદન્ જાને મા નાસેપાસ
બનઝ્દીકે યઝ્દાને નીકી શેનાસ
મરા દાદ ફીરૂઝીઓ ફર્રહી
ફેઝ્‌ૂનીઓ દીહીમે શાહન્શહી
સઝાએ "દેહેશ ગર્ નેયાયેશ બુદી
મરા બર્ ફેઝ્‌ૂની ફેઝાયેશ બુદી
બજાએ દેગર્ યાફ્ત આરામો ખાબ્
ન અઝ પોશ્તે મન્ રફ્ત યક્ કત્રહ્ આબ્
ચુ બીદાર્ શુદ દુશ્મન્ આમદ મરા
બેતર્સમ કે રન્જે તન્ આમદ મરા
અગર્ ગાહ્ ખેશ્મ અઝ જહાન્દાર્ નીસ્ત
મરા અઝ ચુનીન્ કાર્ તીમાર્ નીસ્ત
૫૦૯ હરાન્ કસ કે બા ઊ શુદન્દ અન્જુમન્
હમહ્ ઝારો ખારન્દ બર્ ચશ્મે મન્
વઝાન્ નામહ્ ગર્ કયસર્ આયદ બદૂય
મરા આબે તીરહ્ દર્ આયદ બદૂય
અઝાન્ કૂ હમ આવાઝો હમ કીશે ઊસ્ત
ગુમાનમ કે કયસર્ બતન ખીશે ઊસ્ત
કસીરા કે કૂતાહ્ બાશદ ખરદ
ઝે દીને નેયાગાને ખુદ બુગ્ઝરદ
પેસર્ આન્ બુવદ બેહ્ કે દીને પેદર્
બગીરદ નેયાઝદ બકીને પેદર્

જે ટોળો કે નૂશઝાદનો સાથી થયો છે-કે જે નોશીરવાનનાં મોત સિવાય બીજું કાંઇ યાદ કરતો નથી,

તે પોતે જો મોતના બૂરા દહાડાથી છુટકારો પામે-અને પછી જો કોઇનાં મોત ઉપર ખુશહાલ થાય તો તે વાજબી છે.

વળી બીજું એ કે ઇન્સાફી પાદશાહોનાં મોત માટેની-યાદ બદ બુન્યાદ સિવાય કોઈ બીજું કરતું નથી.

અગર નૂશઝાદે મારાથી પોતાનું સર ફેરવ્યું હોય-તો હું એમજ સમજીશ કે એહરેમન તેની સાથ મળેલો છે.

પણ એ વાત લાંબો વખત નીભાવ કરી શકશે નહીં-પણ પડતી આવવાની છે તેથી માથું ઊંચકવામાં આવ્યું છે.

જે માન મરતબો મારી દરબારમાં તેને હતો-તેનો બેવુકૂફાઇથી તેણે નાશ કરવો નહીં જોઈતો હતો.

અગરજો નોશીરવાનથી આ તખ્ત ખાલી પડતે-તો ત્યાર બાદ તેજ પાદશાહીને લાયકનો હતો.

પણ તેના ધર્મમાં એજ કામ ઘટારત હતું-અને એજ તેના દુશ્મની ભરેલા જીવને લાયકનું હતું.

અગરજો મારા છોકરાનો ધર્મ અપવિત્ર છે-તો તે માટે મારા દિલમાં કાંઇ પણ અંદેશો કે ધાસ્તી નથી.

તેમજ જે માલ ખઝાનો કે તેણે ખરાબ કીધો છે-તે મારે મનસે કાંઈ હિસાબમાં નથી.

જે લોકો કે તેની સાથ મળી ગયા છે-અને મારા છાયામાંથી નીકળી ગયા છે,

તેઓ બૂરા વિચારના, બૂરી ખાહેશના અને બૂરી બુન્યાદના છે-અને મારી રૈયત થવાને તેઓ લાયકનાજ નથી.

તેઓની બૂરી ચાલથી તારૂં દિલ બગાડતો ના-એ બાબત મને ઘણો ધિક્કાર છૂટે છે.

મને દુન્યાના સાહેબ દાદગરથીજ ધાસ્તી અને બીક રહે છે-કે જે વધારે ચઢિયાતા શખ્સોની દાનાઈ કરતાં પણ વધુ ચઢિયાતો છે.

નેકીની પિછાન કરનારા પાક યઝદાનની નઝદીક-આપણો જીવ નાસિપાસ થવો નહીં જોઇયે.

તેજ સાહેબે મને ફતેહમંદી, ખોદાઈ ખોરેહ, દરેક ચીઝની ઝેયાદતી અને શેહન્શાહી તાજ આપ્યું છે.

અગરજો તે સાહેબે મને બક્ષેલી સઘળી બક્ષેશોને લાયકની મારી બદગી હતે-તો હજી પણ મારી પાસેની સઘળી ચીઝોમાં વધારોજ થતે.

તે બીજેજ ઠેકાણે ઉઘર્યો છે-મારી પીઠનાં પાણીનો એક કત્રો બી તેમાં ગયલો નથી.

જ્યારે તે ચાલાક બન્યો ત્યારે મારો દુશ્મન થઇ નીકળ્યો-મને ધાસ્તી છે કે મારાં શરીર ઉપર રંજ આવી પડી છે.

છતાં જો મારી ઉપરના ખોદાતાલા તરફના ગુસ્સાનો વખત નહીંજ હશે-તો એવાં કામ માટેનો મને જરા પણ ગમ નથી.

જે કોઇ કે તેની સાથે ભેગા થયા છે-તેઓ સઘળા મારી નઝરમાં હલકા અને ખુવાર છે.

તેનાં તે નામાથી જો કયસર તેને આવી મળશે-તો તેથી મારી સ્વચ્છ નદીનું પાણી ગદલું બનશે.

કયસર તેના મતને મળતો અને તેનો ધર્મ પાળનારો છે એટલે હું જાણું છું કે તે જાતે તેનો સગોજ છે.

જે કોઇને કે થોડી અકલ હોય છે-તેજ પોતાના નેયાગાનોના ધર્મથી ફરે છે.

ભલો બેટો તો તેજ છે કે જે બાપનો ધર્મ-પાળે અને બાપના કીના ઉપર હાથ લમ્બાવે નહીં.

ગરૂ આન્ બીખેરદ સરૂ બેપીચદ ઝે દાદ
બદુશ્નામે ઊ લબ્ નબાયદ કુશાદ
કે દુશ્નામે ઊ વીઝહ્ દુશ્નામે માસ્ત
કે ઊ અઝ પયે ખૂનો અન્દામે માસ્ત
તો લશ્કરૂ બેયારાયો બરૂ સાઝ જન્ગ
મોદારા કુન અન્દરૂ મેયાનો દેરન્ગ
ગરૂ અયદૂન કે તન્ગ અન્દરૂ આયદ સખુન
બજન્ગ અયદ ઊ હીચ તુન્દી મકુન
ગેરેફૂતનશ બેહ્તરૂ ઝે કશતન્ બુવદ
મગરૂશ અઝ ગુનહ્ બાઝ ગશતન્ બુવદ
કે આબી કઝૂ સર્વે આઝાદ રોસ્ત
સઝદ ગરૂ નેયાયદ બરૂ ઊ ખાકૂ શોસ્ત
વગરૂ ખારૂ ગીરદ તને અરૂજમન્દ
બપસ્તી નેહદ રૂય સર્વે બલન્દ
સરશ બરૂ ગેરાયદ ઝે બાલીને નાઝ
મદારૂ ઈચ અઝ ગોઝો શમ્શીરૂ બાઝ
ગેરામી કે ખારી કુનદ આરૂઝૂય
નશાયદ જુદા કર્દન્ ઊરા ઝે ખૂય
ચકી અરૂજમન્દી બુવદ ઝારો ખારૂ
ચુ બા શાહે ગીતી કુનદ કાઝારૂ
તો અઝ કોશતને ઊ મદારૂ ઈચ બાકૂ
ચુ ખૂને સરે ખીશ જૂયદ બખાકૂ
સુએ કીશે કયસરૂ શેતાબદ હમી
ઝે દીહીમે મા સરૂ બેતાબદ હમી
અઝીઝી બુવદ ખારો ઝારો નેઝન્દ
ગુઝીદહ્ તબાહી ઝે ચર્ખે બલન્દ
બદીન્ દાસ્તાન્ ઝદ યંકી મેહરૂનૂશ
પરસ્તારૂ બા હૂશો પશ્મીનહ્ પૂશ
કે હરૂ કૂ બમર્ગે પેદરૂ ગશ્ત શાદ
વરા રામેશો ઝેન્દગાની મબાદ
કસી કઝ રહે ખુસ્રવાન્ બાઝ ગશ્ત
બરૂ ઝેન્દગાની બેબાયદ નવશ્ત
તો અઝ તીરગી રઊશનાઈ મજૂય
કે બા આતેશ આબ્ અન્દરૂ આરી બજૂય
ન આસાનેઈ દીદ બી રન્જ કસ
નેહાદે ઝમાનહ્ બરીનસ્તો બસ
તો બા ચર્ખે ગર્દાન્ મકુન દૂસ્તી
કે ગહ્ મગ્ઝે ઊઇઓ ગહ્ પૂસ્તી

ચે જૂઈ ઝે કેર્દારે ઊ રન્ગો બૂય
કે ખાહદ રોબૂદન્ ચુ બેન્મૂદ રૂય
બદાનગહ્ બુવદ રન્જો બીમો ગઝન્દ
કે ગરૂ દૂને ગર્દાન્ બરૂ આરદ બલન્દ
સેપાહી કે હસ્તન્દ બા નૂશઝાદ
કુજા સરૂ બેપીચન્દ ચન્દી ઝે દાદ
તો આનરા જોઝ અઝ બાદો બાઝી મદાન્
ગેઝાફે જહાન્ બીનો રાઝી મદાન્
હરાન્ કસ કે તર્સાસ્ત અઝ લશ્કરશ
હમી અઝ પયે કીશ પીચદ સરશ

જો કે તે કમ અક્કલે રાસ્તીથી પોતાનું સર ફેરવ્યું છે-છતાં કોઇએ તેને બદ દુઆ દેવી નહીં.

કેમ કે તેને બદ દુઆ દેવી તે તો અમોને બદ દુઆ દેવા બરાબર છે-કારણ તે અમારાંજ લોહી અને શરીરનો બનેલો છે.

તું લશ્કર તૈયાર કર અને લડાઈ માટે તૈયાર રહે-પણ લડાઈ દરમેયાન સુલેહથી વર્તજે અને ધીલ નાખતો રહેજે.

પણ જો વાત વધી જાય-અને તે લડાઇ કરવા આવે તો તું તુંદી ના કરતો.

મારી નાખવા કરતાં તેને પકડી લેવો વધારે સારૂં છે-કદાચ તે પોતાના ગુનાહથી તોબાહ કરી પાછો પણ ફરે.

જે નદીનાં પાણીથી સર્વ આઝાદ જેવું ઝાડ ઉગતું હોય-તેમાં કચરો ૫૧૦
અને માટી નાખવી નહીં જોઇયે.

પણ જો તે પોતાનાં કીમતી શરીરને તુચ્છ સમજે-અને તે ઊંચું સરોવર ઝમીન તરફજ વળે,

અને અયશ આરામના તકયા ઉપરથી તેનું માથું ગબડીજ પડે-તો તું તારા ગોર્ઝ અને શમ્શીર ઉપરથી તારો હાથ પાછો ના ખેંચતો.

એક મોટો માણસ કે પોતાની ઈચ્છા ખુવારી તરફજ ધરાવતો હોય-તો તેવી તેની ખાસીયતથી તેને દૂર કરવો એ ઘણું મુશ્કેલ કામ છે.

અને એવો એક મોટો માણસ જ્યારે દેશના પાદશાહ સાથે લડવા નીકળે ત્યારે ખુવારજ થઈ જાય છે.

જ્યારે તે પોતાનાં સરનું લોહી ખાકમાંજ નાખવા નીકળે-ત્યારે તું તેને મારવાથી જરાબી ડર કરતો ના.

તે કયસરના મઝહબ તરફજ દોડે છે-અને આપણાં તાજ તરફની વફાદારીથી સર ફેરવે છે.

એક પ્યારો બેટો ખુવાર અને ખરાબ થઈ જાય છે-તેણે પોતાની ખરાબી બુલંદ આસ્માન પાસેથી માગી લીધી છે.

એ બાબત ઉપર મેહરનૂશ નામના એક પરહેઝગારીનો પોશાક પેહેરનાર વિદ્વાન ખોદા પરસ્તે એક વાત કહી છે,

કે 'જે કોઇ બેટો પોતાના બાપનાં મોત ઉપર ખુશી થાય-તેને ખુશહાલી અને લામ્બી ઝિંદગાની હોતીજ ના!

જે કોઇ કે પાદશાહોની રાહ રીતી અને કાયદાથી ઉલટો ચાલતો ૫૧૧
હોય-તો તેની ઝિંદગાનીનો અંત લાવવોજ જોઇયે.

તું અંધકારમાંથી અજવાળાંની આશા ના રાખતો-નદીમાં પાણી અને આતશ બન્ને લાવવાની તજવીઝ ના કરતો.

મેહનત વગર કોઇ પણ શખ્સ કાંઇબી આરામ જોતોજ નથી-ઝમાનાની ખાસીયત બસ એવીજ રીતની છે.

તું ફરતા આસ્માન સાથ કદીબી મોહબત ના બાંધતો-કારણકે ઘડિકમાં તું તેનું મગઝ બનશે અને ઘડિકમાં ખાલી કોટલું બનશે (યાને કબી ફાયદો અને કબી નુકસાન મેળવશે).

તું આસ્માનનાં કામથી તારી શોભા શા માટે શોધે છે?-કારણકે તે તો જેવો પોતાનો ચેહરો તને દેખાડયો કે તેવોજ તે તુરત પાછો ખેંચી લેવાનો.

જે વખતે કે ફરતું આસ્માન તને ઊંચે ચઢાવે છે-તેજ તારો રંજ, ધાસ્તી અને નુકસાનનો વખત હોય છે.'

જે લશ્કર કે નૂશઝાદ સાથ જોડાઇ ગયું છે તેમજ કેટલાકોએ કે વાજબી રાહથી પોતાનાં સર ફેરવ્યાં છે,

તેઓને તું પવન જેવા અને બચ્ચાંની રમત જેવા ખોટા જાણજે-તેમાં દુન્યાની ઠગાઇ સમજજે. કાંઇ બીજો મોટો ભરમ સમજતો ના.

જે કોઇ કે તેનાં લશ્કરમાં ફીરટી છે-તેઓ પોતાના ધર્મને ખાતેર બખેડો કરવા નીકળ્યા છે.

ચુનીનસ્ત દીને મસીહા કે દમ
ઝની તીઝ ગર્દદ્ કસી ઝાન્ દેઝમ
૫૧૨ ન બરૂ રાયો રાહે મસીહા બુવદ્
બફર્ઝામ ખરમશ ચલીપા બુવદ્
વદીગરૂ કે અન્દ્ અઝ પરાગન્દગાન્
બદ્ આમૂઝો બદ્ખાહો કાવન્દગાન્
અઝીશાન્ ચકીરા બદેલ્ તરૂસ નીસ્ત
દમે બાદ્ બા રાએ ઈશાન્ ચકીસ્ત
બજન્ગ્ અરૂ ગેરેફતહ્ શવદ્ નૂશઝાદ્
બદ્ ઝીન્ સુખુનહા મકુન્ ઈચ્ યાદ્
નબાયદ્ કે આઝારૂ યાબદ્ તનશ
શવદ્ રખ્નહ્ અઝ ઝખ્મ પીરાહનશ
કે પૂશીદહ્ રૂયાને ઊ દરૂ નેહાન્
સરૂ આરન્દ બરૂ ખીશતન્ બરૂ જેહાન્
હમ્ અયવાને ઊ બેહ્ કે ઝેન્દાન્ બુવદ્
બુવદ્ વાન્ કે ઓર્દન્દ ફર્માન્ બુવદ્
દરે ગન્જે ચકુસરૂ બરૂ ઊ દરૂ મબન્દ્
અગરૂ ચેહ્ ચુનીન્ ખારૂ ગશ્ત અરૂજમન્દ્
ઝે પૂશીદનીહાઓ અઝ ખર્દની
વઝ અફગન્દની હમ્ ઝે ગુસ્તર્દની
બરૂ હીચ તન્ગી નબાયદ્ બચીઝ
કે જોઝ ઈન્ સુખુનહા નયર્ઝદ્ બનીઝ
૫૧૩ વઝાન્ મરૂઝબાનાને ઈરાનેયાન્
હરાન્ કસ કે બસ્તન્દ્ બા ઊ મેયાન્
ચુ પીરૂઝ ગર્દી મપીચાન્ સખુન્
મેયાન્ શાન્ બખન્જરૂ બદૂનીમ કુન્
કે હરૂ કસ કે ઊ દુશ્મને પાદ્શાસ્ત
બકામે નહન્ગશ સુપારી રવાસ્ત
જોઝ ઊ હરૂ કે બા મા બદો દુશ્મનન્દ્
ઝે તોખ્મે જફા પીશહ્ અહરીમનન્દ્

ઝે મા • નીકુઈહા નગીરન્દ્ યાદ્
તોરા આઝમાયેશ બસ અઝ નૂશઝાદ્
હમહ્ પીશ અઝીન્ પાસબાનાન્ બુદન્દ્
ઝે બાદાફરહ્ મા હેરાસાન્ બુદન્દ્
ઝે નઝઝારહ્ હરૂ કસ કે દુશનામ દાદ્
ઝબાનશ બેજુમ્બીદ્ બરૂ નૂશઝાદ્
બદાન્ વીઝહ્ દુશ્નામે મા ખાસ્તન્દ્
બહન્ગામે બદ્ કીનહ્ આરાસ્તન્દ્
મબાશ અન્દરીન્ નીઝ હમદાસ્તાન્
કે બદ્ખાહ્ રાનદ્ ચુનીન્ દાસ્તાન્
ગરૂ ઊ બીહોનરૂ શુદ હમ અઝ પોશ્તે માસ્ત
દેલે મા બરીન્ રાસ્તી બરૂ ગવાસ્ત
૫૧૪ ઝબાને કસી કૂ બબદ્ કરૂદ્ યાદ્
વઝૂ બૂદ્ બીદાદ્ બરૂ નૂશઝાદ્
હમહ્ દાગ કુન્ બરૂ સરે અન્જુમન્
મબાદશ ઝબાનો મબાદશ દહન્
કસી કૂ બેજૂયદ્ હમી કાર્ઝારૂ
કે તા પસ્ત ગર્દદ્ તને શહરૂયારૂ

ખ્રીસ્તી ધર્મ એવી કરામત ધરાવે છે કે એક ફુંક માત્રથી-મુએલું માણસ જીવતું થાય.

તેઓ ઇસુ ક્રાઇસ્ટના મત પ્રમાણે અને રસ્તા પ્રમાણે ચાલનારા નથી-અને તેથી શેવટે તેઓનો પવિત્ર ક્રોસ તેઓનોજ દુશ્મન થઈ લાગે છે.

તેનાં લશ્કરમાં બીજા જે રખડતાઓ છે-ખોટે માર્ગે ચાલનારા છે, અદેખાઓ છે અને ખેતીના મજુરો છે.

તેઓમાંના કોઈની પણ ધાસ્તી હું રાખતો નથી-તેઓનો વિચાર પવન માફક ફરતો રહે છે.

અગરજો નૂશઝાદ લડાઇમાં પકડાઇ જાય-તો તેને તું આવી હુલ્લડાઈ કરવા માટે કાંઈ સખુનો કહેતો ના.

એવું નહીં બનવું જોઇયે કે લડાઈ કરતાં તારા ઝખ્મથી તેનું બખતર વિંધાઇ જાય અને તેનું શરીર ઈઝા પામે.

નહીં તો કે તેની પરદેપોશ અઉરતો ઝનાનખાનામાંજ પોતાની ઝિંદગીનો છેડો લાવી મૂકશે.

તેનો મેહલજ તેનું તેમજ તેનો હોકમ બજા લાવનારા સાથીઓનું કયદખાનું બને તો ઘણું સારૂં.

જો કે આવો પ્યારો બેટો આવી રીતનો ખુવાર બન્યો હોય-તો પણ તું તેની ઉપર ખઝાનાનો દરવાઝો સઘળો બંધ ના રાખતો.

પેહેરવાની, ખાવાની, ઓઢવાની અને પાથરવાની ચીઝોમાંથી,

કોઈબી ચીઝની તંગી તેના ઉપર નહીં પડવી જોઈયે-કારણ તે એવીજ ચીઝો સિવાય બીજી કોઇ પણ વાતને લાયકનો નથી.

ઈરાની સરદારોમાંથી-જેઓએ કે તેની સાથ મળી જઈ બળવો કરવામાં કમર બાંધી છે,

તેઓને જ્યારે તું ફતેહ મેળવે ત્યારે કાંઇ પણ બોલ્યા વગર-તારી તલવારે તેઓની કમરના બે ટૂકડા કરજે.

કારણકે જે કોઈ કે પાદશાહનો દુશ્મન હોય-તેને તું જો મગરમચ્છના ડાચામાં સોંપે તો રવા છે.

તે સિવાય બીજાઓ કે જેઓ અમારી સાથ બૂરાઇ કરનારા અને અમારા દુશ્મનો છે જેઓ ઝુલ્મગાર એહરેમનની અઉલાદના છે, તેઓને પણ કાપી નાખજે.

તેઓ અમારી તરફની સઘળી ભલાઇઓ ભૂલી જાય છે તને નૂશઝાદનોજ દાખલો બસ થશે

એ સઘળાઓ પહેલાં અમારા પાસબાનો હતા-અને અમારા તરફની શિક્ષાથી બીતા હતા.

અને આ બનાવથી (એટલે નૂશઝાદ પાછો પકડાયાથી) જેઓ નૂશઝાદને ખોટી રીતે ગાળ દેવા લાગે,

તેઓ ખસૂસ કરીને મને ગાળ દેતા કહેવાશે-તો જો કે માઠા વખતે તેઓ લડવા નીકળ્યા હતા,

માટે તેવા દુશ્મનોને તેવી વાત કરવા દેતો ના.

અગર મારો છોકરો ગમે એવો નાલાયક છે પણ તે મારીજ પીડથી ઉતરેલો છે-આ વાતની સચ્ચાઈ ઉપર મારૂં દિલ ગવાહ છે

જે કોઈની ઝબાને કે આવું બૂરૂં કામ કર્યું હોય-અને તેની ઉસ્કેરણીથી નૂશઝાદ ઉપર આવો સિતમ ગુઝર્યો હોય,

તેવાની ઝબાન ઉપર સઘળા લોકોની વચ્ચે દામ દેજે-તેવા શખ્સની ઝબાન તેમજ મોઢું આખું રહેતુંજ ના!

જે કોઈ કે પાદશાહનાં શરીરને હાનિ પુગાડવાના વિચારથી લડાઈ કરે છે,

બકારૂ આવરદ્ કઝ્ઝીઓ દુશ્મની
બદ્અન્દીશીઓ કીશે અહ્રીમની
બદીન્ પાદ્શાહી નબાશદ્ રવાસ્ત
કે ઊ દુશ્મને નામ્વરૂ પાદ્શાસ્ત
નેહાદન્દ બરૂ નામહ્ બરૂ મોહ્રે શાહ્
ફેરેસ્તાદહ્ બરૂ ગશ્ત પૂયાન્ બરાહ્

તે નારાસ્તી, દુશ્મની, બદઅંદેશી અને એહરેમનની રાહ રીતિ કામે લગાડે છે.

તેવાઓ જો આ પાદશાહીમાં હયાત નહીં હોય તેજ વાજબી છે-કારણકે તેઓ નામવર પાદશાહના દુશ્મનો છે."

પછી તે નામા ઉપર પાદશાહી મોહર કરવામાં આવી-અને તે લઇને કાસેદ રાહમાં દોડવા લાગ્યો.

રઝ્મે રામ્બર્ઝીન્ બા નૂશ્ઝાદ્ વ કોશતહ્ શુદને નૂશ્ઝાદ્.

:o:

ચુ અઝ્ રહ્ સુએ રામ્બર્ઝીન્ રસીદ્
બેગોફ્ત આન્ચે અઝ્ શાહે કેસ્રા શનીદ્
ચુ ઈન્ ગોફ્તહ્ શુદ્ નામહ્ ઊરા બેદાદ્
બફર્માન્ કે ફરૂમૂદ્ બા નૂશ્ઝાદ્
સેપહ્ કર્દનો જન્ગ્રા સાખ્તન્
વઝ્ આઝર્મે ઊ મગ્ઝ્ પર્દાખ્તન્
ચુ આન્ નામહ્ બરૂખાન્દ્ મર્દે કોહન્
શનીદ્ અઝ્ ફેરેસ્તાદહ્ ચન્દાન્ સોખન્
બદાન્ગહ્ કે ખીઝદ્ ખોરૂશે ખોરૂસ
ઝે દરૂગાહ્ બરૂખાસ્ત આવાએ કૂસ
સેપાહી બુઝોરૂગ્ અઝ્ મદાઈન્ બેરફ્ત
બેશુદ્ રામ્બર્ઝીન્ સુએ જન્ગ્ તફ્ત
પસ આગાહી આમદ્ સુએ નૂશ્ઝાદ્
સેપાહ્ અન્જુમન્ કર્દો રૂઝી બેદાદ્
હમહ્ જાસલીકાનો બત્રીકે રૂમ
કે બૂદન્દ દરૂ મર્ઝે આબાદ્ બૂમ
સેપહ્દારૂ શમ્માસ પીશ અન્દરૂન્
સેપાહી હમહ્ દસ્ત શોસ્તહ્ બખૂન્
બરૂ આમદ્ ખોરૂશ અઝ્ દરે નૂશ્ઝાદ્
બેજુમ્બીદ્ લશ્કરૂ ચુ દર્યા ઝે બાદ્
બહામૂન્ કશીદન્દ્ ચફ્સરૂ ઝે શહ્રૂ
પુરૂ અઝ્ જન્ગ્ સરૂ દેલ પુરૂ અઝ્ કીનો ઝહ્રૂ
ચુ ગર્દે સેપહ્ રામ્બર્ઝીન્ બેદીદ્
બેઝદ્ નાએ રૂઇનો સફ્ બરૂ કશીદ્
ઝે ગર્દે સવારાનો જૂશે સરાન્
ગરાઈદને ગોરૂઝ્હાએ ગરાન્
દેલે સન્ગે ખારા હમી બરૂ દરીદ્
કસી રૂએ ખુરૂશીદે તાબાન્ નદીદ્
બકલ્બે સેપાહ્ અન્દરૂન્ નૂશ્ઝાદ્
ચકી તર્કે રૂમી બસરૂ બરૂ નેહાદ્
સેપાહી પુરૂ અઝ્ જાસલીકાને રૂમ
કે પયદા નબૂદ્ અઝ્ પયે અસ્પ્ બૂમ
તો ગોફ્તી મગરૂ ખાક્ જૂશાન્ શુદહ્સ્ત
હવા બરૂ સરે ઊ ખોરૂશાન્ શુદહ્સ્ત
ઝેરેહ્દારૂ ગોર્દી બેયામદ્ દેલીરૂ
ફુજા નામે ઊ બૂદ્ પીરૂઝે શીરૂ

રામબર્ઝીનની નૂશઝાદ સાથની લડાઈ અને નૂશઝાદનું માર્યું જવું.

:o:

જ્યારે તે કાસેદ રાહમાંથી રામબર્ઝીન તરફ પુગ્યો-ત્યારે તેણે પાદશાહ નોશીરવાનથી જે કાંઈ સાંભળ્યું હતું તે કહ્યું.

જ્યારે તે સઘળું કહી રહ્યો ત્યારે પેલું નામુ તેને આપ્યું-અને નૂશઝાદને માટે જે ફર્માન હતું તે ફર્માન પુગાડ્યું

લશ્કર તૈયાર કરવા, લડાઈ કરવા અને છોકરાની શર્મથી પોતાનું મગઝ ખાલી કરવા જે કાંઈ કહ્યું હતું તે કહ્યું.

જ્યારે તે બુઢ્ઢા મર્દે પાદશાહનું નામુ વાંચ્યું-અને એલચીથી સઘળી વાતો સાંભળી,

ત્યારે જે વખતે કે મરઘા બોલવાનો વખત થાય છે-તે વખતે દર- ૫૧૫
ગાહમાંથી નગારાંના આવાઝ નીકળ્યા.

એક મોટું લશ્કર મદાઈનથી ગયું-રામબર્ઝીન લડાઈ માટે શેતાબ ચાલ્યો.

પછી નૂશઝાદને એ ખબર પુગી-ત્યારે તેણે પણ લશ્કર એકઠું કીધું અને તેને પગાર આપ્યો.

સઘળા રૂમના ખ્રીસ્ટીઓ અને ફાધરો-કે જેઓ તે આબાદ મુલકમાં વસતા હતા,

તેઓ સેપહસાલાર શમ્માસની સરદારી હેઠળ ભેગા થયા-તમામ લશ્કરે લોહીમાંજ હાથ ધોયલા હતા.

નૂશઝાદના દરવાઝામાંથી પોકાર ઉઠ્યો-અને જેમ તોફાની પવનથી દર્યા જોશમાં આવે તેમ લશ્કર જોશમાં આવ્યું.

તમામ લશ્કર શેહરમાંથી મયદાનમાં ગયું-તેઓનાં સર લડાઈ ભરેલાં અને દિલ કીનાથી તેમજ ઝેહરથી ભરેલાં હતાં.

જ્યારે રામબર્ઝીને તે લશ્કરની ઉડેલી ધૂળ જોઈ-ત્યારે પિત્તળની કરનાય વજાડી અને લશ્કરની સફ સમારી.

તે લશ્કરના સવારોની ઉડી રહેલી ધૂળથી, સરદારોના જોશથી તેમજ ભારી ગોર્ઝના દહરથી,

સખ્ત પત્થરનું દિલ પણ ફાટવા લાગ્યું-કોઇએ ઝળકતા ખોરશીદનો ચેહરો જોયોજ નહીં.

નૂશઝાદ એક રૂમી કોલાહ સર ઉપર મેલી લશ્કરની કલ્બગાહમાં ૫૧૬
આવી ઉભો.

તેનું લશ્કર રૂમના પાદરીઓથીજ ભરેલું હતું-કે જેઓના ઘોડાનાં કદમથી ઝમીન પણ દેખાતી ન હતી.

તું કહે ગોયા તેઓના પગ નીચેની ખાક પણ જોશ કરી રહી છે-અને તેનાં સર ઉપર હવા પોકારતી બની છે.

હવે ઈરાની લશ્કરમાંથી એક બખ્તર પેહેરેલો બહાદુર પેહલવાન બાહેર આવ્યો-કે જેનું નામ સિંહની હિમ્મતનો પીરોઝ હતું.

ખોરૂશીદ કય નામવરૂ નૂશઝાદ
સરતરા કે પીચીદ ખીરહ ઝે દાદ
મકુન્ રઝમ બા લશકરે શહરૂયારૂ
દે ગર્દી પશીમાન્ અઝીન્ કાર્ઝારૂ
બેગશ્તી ઝે દીને કયૂમૂરસી
હમ અઝ રાહે હુશન્ગો તહ્મૂરસી
મસીહે ફેરીબન્દહ ખુદ કશ્તહ શુદ
ચુ અઝ દીને યઝદાન્ સરશ ગશ્તહ શુદ
ઝે દીન્ આવરાન્ દીને આન્ કસ મજૂય
કે ઊ કારે ખુદરા નદાનેસ્ત રૂય
અગરૂ ફરૂરે યઝદાન્ બરૂ તાફ્તી
જહૂદી બરૂ દસ્ત કય યાફ્તી
૫૧૭ પેદરૂત આન્ જહાન્દારે આઝાદ મરૂદ
શનીદી કે બા રૂમો કયસરૂ ચે કરૂદ
તો બા ઊ કુનૂન્ જન્ગ્ સાઝી હમી
સરત બાસ્માન્ બરૂ ફરાઝી હમી
બદીન્ ચેહરે ચૂન્ માહો ઈન્ ફરૂરો બોરૂઝ
બદીન્ યાલો શાખો બદીન્ દસ્તો ગોરૂઝ
ન બીનમ ખેરદ હીચ નઝદીકે તૂ
ચુનીન્ ખીરહ શુદ જાને બારીકે તૂ
દેરીઘ ઈન્ સરો તાજો નામો નેઝાદ
કે અફ્નૂન હમી દાદ ખાહી બબાદ
પેદરૂ ઝેન્દહો પૂરૂ જૂયાએ ગાહ
ચે ગૂનહ બુવદ નીસ્ત આઇનો રાહ
ગરૂ ઊ બુગ્ઝરદ તાજ જૂઈ રવાસ્ત
કુનૂન્ રઝમે ઊ જોસ્તન્ અઝ તૂ ખતાસ્ત
તો બા શાહે કેસ્રા બસન્દહ નઈ
અગરૂ શીરો પીલે દમન્દહ નઈ
ચુ દસ્તે એનાને તો અય શહરૂયારૂ
બરૂ અયવાને શાહાન્ નદીદમ નેગારૂ
ચુ પાયો રેકાબો બરો યાલે તૂ
ચુનીન્ શૂરશે જન્ગો ગૂપાલે તૂ
૫૧૮ નેગારન્દહ્ ચૂનીન્ નેગારી નદીદ
ઝમાનહ ચુ તૂ શહરૂયારી નદીદ
બદીન્ કૂદકી જાને કેસ્રા મસૂઝ
મકુન્ ખીરહ ઈન્ તાજે ગીતી ફરૂઝ
કે હરૂચન્દ ફર્ઝન્દ દુશ્મન્ બુવદ
ચુ શુદ કોશ્તહ બાબશ બરીવન્ બુવદ
પેયાદહ શવ અઝ શાહો ઝેન્હારૂ ખાહ
બખાક્ અફ્ગન્ ઇન્ ગોર્ઝે રૂમી કોલાહ
અગરૂ દૂરૂ અઝ ઇદરૂ ચકી બાદે સરૂદ
નેશાનદ બરૂએ તો બરૂ તીરહ ગરૂદ
દેલે શહરૂયારૂ અઝ તો બેર્યાન્ શવદ
ઝે રૂએ તો ખુરૂશીદ ગેર્યાન્ શવદ
બગીતી હમહ તોખ્મે ઝફ્તી મકારૂ
એટલો બધો ખોરાક ના ખાતો કે જેથી ચારે બાજૂથી તારૂં પેટ ફૂલી આવે-થોડી ઇચ્છા ખાવાની બાકી રહે કે ખાવનું બંધ કરજે.

મય પીવાની ખુશાહાલી પણ તું હદમાં રહીનેજ એખ્તયાર કરજે-કારણકે છાકટો માણસ કોઇ તરફથી શાબાશી મેળવતો નથી.

ચુ યઝ્દાન પરસ્તી પસન્દીદઈ
જહાન ચૂન સેરેશ્કો તો ચૂન દીદઈ

બસી અઝ જહાન આફરીન યાદ કુન
પરસ્તેશ બરીન યાદ બુન્યાદ કુન
બઝર્ફી નેગહુદારૂ હન્ગામરા
બરૂઝો બશબ્ ગાહે આરામરા
મેયાનહુ ગુઝીન દરૂ હમહુ કારૂ કરૂદ
બપયવસ્તગી હમ બનન્ગો નબરૂદ
તો બાદીઓ આબી સેરેશ્તહુ બખાકૂ
ફરામૂશ મકુન રાહે યઝ્દાને પાકૂ
પરસ્તેશ ઝે ખુરૂદ ઈચ્ કમતરૂ મકુન
તો નવ બાશ અગરૂ હસ્ત ફર્માન કોહુન
બનીકી ગેરાયો ધનીમત શેનાસ
હમહુ ઝાફરીનન્દહુ દાન ઈન સેપાસ
હવારા મબરૂ પીશ રાયો ખરદ
કઝાન પસ ખેરદ સૂએ તૂ નન્ગરદ
મગરૂદ ઈચ્ ગૂનહુ બગેર્દે બદી
બનીકી બેયારાય ગરૂ બેખ્રદી
સેતૂદહુ તરૂ આન કસ બુવદ દરૂ જેહાન
કે નીકશ બુવદ આશકારો નેહાન
દબીરી બેયામૂઝ ફર્ઝન્દરા
ચુ હસ્તી બુનદ ખીશો પયવન્દરા
ચુ ખાહી કે રન્જે તન આયદ બબરૂ
અઝ આમૂઝગારાન મપતાબ્ સરૂ
દબીરી રસાનદ જવાનરા બતખ્ત
શવદ ના સઝા ઝૂ સઝાવારૂ બખ્ત
દબીરીસ્ત અઝ પીશહા અરૂજમન્દ
કઝૂ મરૂદે અફૂગન્દહુ ગર્દદ બલન્દ
ચુ બા આલતો રાય બાશદ દબીરૂ
નેશીનદ બરે પાદશા નાગુઝીરૂ
તને ખીશરા ગરૂ બેદારદ બરન્જ
બેયાબદ બી અન્દાઝહુ અઝ શાહુ ગન્જ
બલાધત ચુ બા ખત ફરાઝ આયદશ
બઅન્દીશકૂ મઅના બેયફૂઝાયદશ
ઝે લફ્ઝ આન ગુઝીનદ કે કૂતાહુ તરૂ
બખત આન નુમાયદ કે દેલખાહુ તરૂ
ખેરદમન્દ બાયદ કે બાશદ દબીરૂ
હમાન બોરૂદબારો સખુન યાદગીરૂ
હુશીવારો સાઝન્દહુ બા પાદશા
ઝબાન ખામોશ અઝ બદ બતન પારૂસા

શેકીબાઓ બા દાનેશો રાસ્તગૂય
વફાદારો પાકીઝહો તાઝહુ રૂય
ચુ ઈન બા હોનરૂહા શવદ પીશે શાહુ
બેબાયદ નેશસ્તન વરા પીશગાહુ
સુખુનહા ચુ બેશ્નીદ અઝ શહરૂયારૂ
દેલશ તાઝહુ શુદ ચૂન ગુલ અન્દરૂ બહારૂ
ચુનીન ગોફ્ત કેસ્રા બમૂબેદ કે રવ
બરૂ પાયગાહી બેયારાએ નવ

જો ખોદાની પરસ્તેશ કરનારો તું હશે તો સંતોષી રહેશે-આખી દુન્યા એક ટીપાં આંસુ જેટલી જાણજે અને તું પોતાને આંખ મિસાલ જાણજે (એટલે જો તને સંતોષ હશે તો તારી આંખે તમામ દુન્યા એક ટીપાં આંસુ જેટલી લાગશે).

તું ખોદાતાલાની ઘણીક યાદ કરતો રહેજે-અને એ યાદનો પાયો બંદગી ઉપર રાખજે.

શું દિવસના કે શું રાતના વખતને તેમજ આસાયેશ લેવાના વખતને ખૂબ બારીકીથી સંભાળજે.

દરેક કામમાં નિરંતર વચલો માર્ગ એખ્તયાર કરજે-લડાઈ અને સુલેહના હંગામમાં પણ તેમજ ચાલજે.

તું પવન, પાણી અને ખાકની બનાવટનો છે-માટે પાક યઝદાનની રાહ ભૂલી ના જતો.

ખાધા કરતાં કોઇબી રીતે બંદગી ઓછી ના કરતો-જો કે આ બંદગી કરવાનુ ફર્માન તો બહુજ પૂરાણું છે તોપણ તું બંદગી કરનાર તો નવોજ રહેજે.

તુ સઘળી નેકીનીજ ખાહેશ કરજે અને તેનેજ ગનીમત ગણજે-અને એ સઘળી શુક્ર ગુઝારી પયદા કરનાર સાહેબ તરફથીજ સમજજે.

તારી અકલ અને ડહાપણ આગળ લોભ અને હવસને આવવા દેતો ના-નહીં તો કે તે પછી અકલ તારી તરફ જરા નઝર પણ કરશે નહીં.

તું કોઈબી રીતે બદીની આસપાસ ફરતો ના-પણ જો તું દાના હોય તો નેકીજ પસંદ કરજે.

આ દુન્યામાં વધારે વખણાયલો શખ્સ તેજ છે-કે જેનાં ઝાહેર અને ૫૮૧
છૂપાં કામો ભલાં હોય.

જો તારાં સગાં વહાલાં દઉલત દુન્યાથી મગરૂર હોય અને તું ગરીબ હોય-તો તારાં ફર્ઝંદને લેખણ વિદ્યા શીખવજે.

અને જો તું ચાહતો હોય કે તારી મેહનતનું ફળ નીપજે-તો ઉસ્તાદો પાસથી એલ્મ શીખતાં કંટાળતો ના.

વાંચવા લખવાનો એલ્મ એક જવાનને પાદશાહનાં તખ્ત આગળ પુગાડે છે તે એલ્મ શીખ્યાથી નાલાયક નસીબ પણ લાયક બની જાય છે.

સઘળા ધંધા કરતાં મુન્શીગરીજ ઉત્તમ છે-જેનાથી નીચો પડેલો મર્દ પણ બુલંદીએ પહોંચે છે.

જો એક સઘળી તાલીમ પામેલો અને દાનાઇ સાથનો મુન્શી હોય છે-તો તે બેશક પાદશાહની નઝદીક પોતાની બેઠક ધરાવવા શક્તિમાન બને છે.

જો પાદશાહની ખિદમતમાં તે મેહનત કરશે-તો પાદશાહથી તે બેહદ ખઝાનો પામશે.

લેખણ વિદ્યાથી જ્યારે વક્તાપણું મેળવી શકાય છે-ત્યારે વિચાર શક્તિથી માણસની સમજ વધે છે.

શબ્દોમાંથી તે ઘણાજ થોડા શબ્દો વાપરે છે-અને પોતાનો અભિપ્રાય સુંદર રીતે બાહેર પાડે છે.

મુન્શી (સેક્રેટરી)ને ઘટે છે કે તે ડાહ્યો હોય-વળી સહનશીલ હોય અને સારી યાદદાશ્ત શક્તિ ધરાવનારો હોય.

તે (પાદશાહનો સેક્રેટરી) હોશ્યાર હોવો જોઇયે અને અને પાદ- ૫૮૨
શાહના વિચાર સાથ મળતો થતો હોવો જોઇયે-બૂરી વાતથી પોતાની ઝબાન બંધ રાખનારો અને પર્હેઝગાર માણસ હોવો જોઇયે.

તે સન્તોષી, દાનાઇવાળો, સાચું બોલનારો-વફાદાર, પાકીઝેહ અને ખુશ ચેહરાનો હોવો જોઇયે.

જો કોઇ આવા સઘળા હોનર ધરાવનારો શખ્સ પાદશાહ આગળ જાય-તોજ તેણે પાદશાહની હરોલમાં બેસવું ઘટે છે."

જ્યારે બૂઝોર્જમેહરના આવા સખુનો પાદશાહે સાંભળ્યા-ત્યારે તેનું દિલ બહારની મઉસમનાં ફૂલ માફક ખીલ્યું.

પછી નોશીરવાને વડા વઝીરને કહ્યું કે "તું જા-અને બૂઝોર્જમેહરનો દરજ્જો વધારવાની તૈયારી કર.

દેરમ ખાહો ખેલઅત સઝાવારે ઊય
કે દેલ શાહ ગરૂદદ બગોફ્તારે ઊય

પૈસાની થેલી અને તેને લાયકનો સરપાવ મંગાવ-કારણકે તેની દાનાઈની વાતો સાંભળવાથી દિલ ખુશહાલ બને છે.”

બઝ્મે હફ્તુમે નૂશીરવાન્ બા બૂઝોર્જ્મેહ્રર્ વ મૂબેદાન્.

---:૦:---

દેગર્ હફ્તહ્ ચૂન્ હૂર્ બેફ્ખ્ત તાજ
બેયામદ્ નેશસ્ત અઝ્ બરે તખ્તે આજ
અબા મૂબેદે મૂબેદાનો રદાન્
જહાન્જૂયો બીદાર્ દેલ બેખ્રદાન્
હમાન્ સાવહો યઝ્દગેર્દે દબીર્
બપીશ અન્દરૂન્ બહ્મને તીઝ્વીર્
બઝૂર્જમેહ્ર્ આન્ ઝમાન્ ગોફ્ત શાહ્
કે દેલહા બેયારાયો બેન્માય રાહ્
૫૮૩ ઝે મન્ રાસ્તી હર્ચે દાની બગૂય
બકઝ્ઝી મજૂય અઝ્ જહાન્ આબ્રૂય
પરસ્તેશ ચેગૂનહ્સ્ત ફર્માને મન્
નેગહ્દાશ્તન્ રાયો પયમાને મન્
સુખુનહા સખુન્ ગૂયો બસ્તહ્ મગૂય
મકુન્ ખામ ગોફ્તાર્ બા રન્ગો બૂય
ચુનીન્ ગોફ્ત બા શાહ્ બીદાર્ મર્દ
કે અય બર્તર્ અઝ્ ગુમ્બદે લાજ્વર્દ
પરસ્તીદને શહ્રયારે ઝમીન્
નગૂયદ્ ખેરદ્મન્દ્ જોઝ્ રાહે દીન્
બફર્માને શાહાન્ નબાયદ્ દેરન્ગ્
નબાયદ્ કે ગર્દદ્ દેલે શાહ્ તન્ગ્
હરાન્ કસ કે બા પાદ્શા દુશ્મનસ્ત
રવાનશ .પરસ્તારે આહ્રીમનસ્ત
દેલી કૂ નદારદ્ તને શાહ્ દૂસ્ત
નબાયદ્ કે બાશદ્ વરા મગ્ઝો પૂસ્ત
ચુનાન્ દાન્ કે આરામે ગીતીસ્ત શાહ્
ચુ નીકી કુની ઊ દેહદ્ પાયગાહ્
બનીકો બદ્ ઊરા બુવદ્ દસ્તરસ
નેયાઝદ્ બકીનો બઆઝારે કસ
૫૮૪ તો મપસન્દ્ ફર્ઝન્દરા જાએ ઊય
ચુ જાન્દાર્ ચેહ્રે દેલારાએ ઊય
બશહ્રી કે હસ્ત અન્દર્ મેહ્રે શાહ્
નેયાબદ્ નેયાઝ્ અન્દરાન્ બૂમ રાહ્
બદી બર્ તો અઝ્ ફર્રે ઊ નુગ્ઝરદ્
કે બખ્તશ હમહ્ નીકુઈ પર્વરદ્
જહાન્રા દેલ અઝ્ શાહ્ ખન્દાન્ બુવદ્
કે બર્ ચેહ્રે ઊ ફર્રે યઝ્દાન્ બુવદ્
ચુ અઝ્ નઅમતશ બહ્રહ્ યાબી બેકૂશ
કે દારી હમીશહ્ બફર્માનશ ગૂશ
બઅન્દીશહ્ ગર્ સર્ બેપીચી તો ઝૂય
બેતાબદ્ હમાન્ગહ્ ઝે તૂ બખ્ત રૂય

નોશીરવાનની બૂઝોર્જમેહર અને વઝીરો સાથની સાતમી મજલેસ.

---:૦:---

બીજે હફતે જ્યારે આફતાબે પોતાનું તાજ રોશન કીધું ત્યારે પાદશાહ પોતે આવી હાથીદાંતનાં તખ્ત ઉપર બેઠો.

વડા વઝીર અને સરદારો સાથ-પ્રખ્યાત બૂઝોર્જમેહર અને બીજા બાહોશ દાનાઓ બેઠા.

સાવેહ અને યઝદગેર્દ નામનો વઝીર (સેક્રેટરી) તેઓની સાથ પાદશાહની હુઝૂર બેઠા-તથા તેઓની સામે તિક્ષ્ણ બુદ્ધિનો બહમન બેઠેલો હતો.

પછી પાદશાહે તુરત બૂઝોર્જમેહરને કહ્યું કે “તું તારા નસીહતના સખુનોથી અમારાં દિલ રીજવ અને નેક માર્ગ દેખાડ.

મારે માટે જે કાંઇ તુ જાણતો હોય તે સાચેસાચું કહે-અને જૂઠું બોલી દુન્યામાંથી આબરૂ મેળવતો ના.

મારા હોકમને લોકોએ કેમ માનવો જોઇયે-મારી શીખામણ કેમ સાંભળવી જોઇયે અને મુજ તરફ કેમ વફાદારીથી વર્તવું જોઇયે?

ભેદ ભરમમાં બોલતો ના પણ ખુલ્લા શબ્દોમાં કહી દેજે-પેચદાર અને ચાપલૂસીવાળા લેબાસમાં કાચી વાતો કરતો ના.”

તે ચાલાક મર્દે પાદશાહને એમ કહ્યું-કે “ઓ લાજવર્દી આસમાન કરતાં પણ વધારે ચઢિયાતા પાદશાહ!

પોતાના દેશના પાદશાહની તાબેદારી કરવી એને ડહાપણવાળો શખ્સ દીનની રાહ સિવાય બીજું કાંઈજ કહેતો નથી

પાદશાહનો હોકમ બજા લાવવામાં કશી પણ ઢીલ થવી જોઇયેજ નહીં-પાદશાહનું દિલ દુઃખી થાય તેવું કોઇયે કરવુંજ નહીં જોઇયે.

જે કોઈ શખ્સ કે પાદશાહનો દુશ્મન છે-તો એમ જાણવુ કે તેનું રવાન એહરેમનની પરસ્તેશ કરનારૂં બન્યું છે.

જે કોઇ કે પાદશાહ તરફ મોહબત નહીં ધરાવતું હોય-તેનું ભેજું કે શરીર કાયમ રહેવા દેવું નહીં જોઇયે (યાને તેને ગર્દન મારવો જોઇયે).

તારે જાણવું જોઇયે કે પાદશાહ ખલકને આરામનો આપનારો છે-જો તું તેની સાથ ભલાઈ કરશે તો તે પણ તને મરતબો આપશે.

પાદશાહમાં નેકી અને બદી કરવાની શક્તિ છે ખરી-પણ તે વેર લેવાની કે કોઇને દુઃખ દેવાની ધારણા રાખતો નથી.

તું પાદશાહ કરતાં તારાં ફર્ઝંદને વહાલું ગણતો ના-બલ્કે પાદશાહનાં દિલને તાઝગી આપનારા દીદારને તારા પોતાના જીવ જેટલો વહાલો ગણજે.

જે શેહરમાં કે પાદશાહ તરફ મોહબત હોય છે-તે શેહરમાં હાજતમંદી (ગરીબાઈ) દાખલ થઈ શકતી નથી.

તેના બુલંદ મરતબાને લીધે તેની તરફથી કાંઇ બૂરાઇ તારી ઉપર આવશે નહીં-કારણકે તેનાં નસીબમાં નેકીને ઉત્તેજન આપવાનું સરજેલું છે.

રૈયતનાં લોકોનું દિલ પાદશાહથીજ ખુશહાલ રહે છે-કારણકે તેના ચેહરા ઉપર ખોદાઈ ખોરેહ પ્રકાશે છે.

જ્યારે તું પાદશાહની બક્ષેશમાંથી હિસ્સો મેળવે છે-ત્યારે હમેશે તેનો હોકમ બજા લાવવા તું કોશેશ કરતો રહે.

જો તું તેના હોકમથી પોતાનું સર ફેરવવાનો અમથો વિચાર પણ કરશે-તો તેજ વખત તારાથી તારૂં બુલંદ નસીબ ફરી જશે.

ચુ નઝ્દીક્ દારદ્ મશવ્ પુરૂ મનેશ
વગરૂ દુરૂ ગર્દી મકુન્ સરૂઝનેશ
પરસ્તન્દહુ ગરૂ યાબદ્ અઝ્ શાહુ રન્જ
નેગહુ કુન્ કે બા રન્જ નામસ્તો ગન્જ
કે યઝ્દાન્ બુવદ્ આન્ કે ગૂયદ્ સેપાસ
કુનદ્ આફ્રીન્ મર્દે યઝ્દાન્ શેનાસ
નબાયદ્ કે સીરૂ આયદ્ અઝ્ કારૂ કરૂદ્
હમાન્ નીઝ્ કુન્દી કુનદ્ દરૂ નબરૂદ્
વદીગરૂ કે અન્દરૂ દેલશ રાઝે શાહુ
બેદારદ્ નગૂયદ્ બખુરૂશીદો માહુ
બફર્માને શાહુ આન્ કે સસ્તી કુનદ્
હમી અઝ્ તને ખીશ મસ્તી કુનદ્
નકૂહીદહુ બાશદ્ ગેલે આન્ દેરખ્ત
કે બેપરાગનદ્ બરૂગ્ બરૂ તાજો તખ્ત

કે કસહાએ ઊ પીશે ઊ બદ્ મગૂય
કે કમતરૂ કુની નઝ્દે શાહુ આબ્રૂય
હરાન્ કસ કે બેસ્યારૂ ગૂયદ્ દોરૂઘ
બનઝ્દીકે શાહાન્ નગીરદ્ ફેરૂઘ
સખુન કાન્ ન અન્દરૂખરદ્ બા ખરદ્
બેકૂશદ્ કે બરૂ પાદ્શા નશમરદ્
વગરૂ પુર્સદત આન્ચે દાની બેગૂય
બબેસ્યારૂ ગોફ્તન્ મબરૂ આબ્રૂય
ફેઝૂનસ્ત અઝાન્ દાનેશ અન્દરૂ જેહાન્
કે બેશ્નીદ્ ગૂશ આશ્કારો નેહાન્
કસીરા કે શાહે જહાન્ ખારૂ કરૂદ્
બેમાનદ્ હમીશહુ રવાનશ બદરૂદ્
હમાન્ દરૂ જહાન્ અરૂજમન્દ્ આન્ બુવદ્
કે બા ઊ લબે શાહુ ખન્દાન્ બુવદ્
ચુ બેન્વાઝદત શાહુ ગશ્શી મકુન્
વગરૂચેહુ પરસ્તન્દહુ બાશી કોહુન્
અગરૂ ચન્દ્ ગરૂદદ્ પરસ્તેશ દરાઝ્
ચુનાન્ દાન્ કે હસ્ત અઝ્ તો ઊ બીનેયાઝ્
કે ગરૂ પર્વરદ્ દીગરીરા હમાન્
પરસ્તારૂ બાશદ્ ચુ તૂ બી ગમાન્
વગરૂ બા તો ગરૂદદ્ બચીઝી દેઝમ્
બપૂઝેશ ગેરાયો મઝન્ હીચ દમ્
વગરૂ નીસ્ત આગાહીઅત ઝાન્ ગુનાહુ
બરહુનહુ દેલતરા બબરૂ નઝ્દે શાહુ
વગરૂ હીચ તાબ્ અન્દરૂ આરી બદેલ્
બદૂ રૂય મન્માયો દેલ્ બરૂ ગુસેલ્
બફરૂરશ બેબીનદ્ નેહાને તોરા
દેલે કઝ્ઝો તીરહુ રવાને તોરા
અઝાન્ પસ નેયાબી તો ઝૂ નીકવી
હમાન્ ગરૂમ ગોફ્તારે ઊ નશ્નવી
દરે પાદ્શા હમચુ દર્યા શુમરૂ
પરસ્તન્દહુ મલ્લાહો કશ્તી હુનરૂ
સખુન્ લન્ગરો બાદ્બાનશ ખરદ્
બદર્યા બેરદ્મન્દ્ ચૂન્ બુગ્ઝરદ્

જો પાદશાહ તને પોતાની નઝદીક રાખે તો તેથી મગરૂર ના બની જતો-અને જો તને તે પોતાની નઝદીકથી પાછો દૂર કરે તો તેને માટે બડબડતો ના.

અગરજો એક નોકર પાદશાહ માટે રંજ ખેંચે છે-તો તું ધ્યાન પુગાડ કે તે રંજ સાથ તેને કીર્ત્તિ અને પૈસા બન્ને મળે છે.

જે શાહના શુક્રાના કરે છે તે ખોદાતાલાનાજ શુક્ર કીધેલા ગણાય છે-ખોદાને પિછાનનારોજ તેની વખાણ ગાય છે.

પાદશાહના નોકરને ઘટે નહીં કે તેની ખિદમતથી કંટાળો ખાય-તેમજ તેને ઘટે નહીં કે લડાઈમાં સુસ્તી કરે.

વળી તેને પાદશાહનો ભેદ ભરમ દિલમાંજ-રાખવો જોઇયે તેણે તે ૫૮૫
આફતાબ અને માહતાબને પણ કહેવો નહીં જોઇયે,

જે કોઈ કે પોતાનાં ઝોર ઉપર ખોટી રીતે કૂદતો હશે તે પાદશાહનો હોકમ બજા લાવવામાં ઢીલ કરશે.

તે ઝાડની માટી ખરાબ હશે-કે જે ઝાડ પોતાનાં ડાળ પાંખડાં તાજ અને તખ્ત ઉપર લમ્બાવશે (યાને તે માણસ ખરોજ બેબુન્યાદ કહેવાશે કે જે પાદશાહનાં તાજે તખ્ત ઉપર ત્રાપ મારવા આવશે).

તું પાદશાહનાં માણસોની બદગોઇ તેની આગળ ના કરતો-કારણકે એથી તું પાદશાહની નઝદીક પોતાની આબરૂ કમી કરશે.

જો કોઈ કે ઘણું જૂઠું બોલે છે-તે પાદશાહોની નઝદીક માન પામતો નથી.

જે વાત કે અકલને અનુસરતી નહીં હોય-તે પાદશાહને કાને નહીં જાય તેની તું સંભાળ રાખજે.

પણ જો તને પાદશાહ કાંઇ પૂછે તો જે કાંઈ તું જાણતો હોય તેજ કહેજે-ઘણું બોલીને પોતાની આબરૂ ના ગુમાવતો.

કારણકે તારા કાને જે કાંઈ ઝાહેર કે બાતેનમાં સાભળ્યું છે-તેના કરતાં દુન્યામાં વિદ્યા ઘણી વધારે છે.

દેશના પાદશાહે જે કોઇને ખુવાર કીધો-તો તેનો જીવ હમેશ દુઃખમાં રહે છે.

તેમજ દુન્યામાં માન પામેલો શખ્સ તેજ છે-કે જેની સાથ પાદશાહના હોઠ હસતાજ રહે છે.

અગરજો તું ગમે એટલો પાદશાહનો જૂનો નોકર હોય-તોપણ જો ૫૮૬
પાદશાહ તારી ઉપર નવાઝેશ કરે તો ફૂલાઇ ના જતો.

કારણકે તારી નોકરી ગમે એટલી લામ્બી હશે-તોપણ તું યાદ રાખજે કે તેને તારી ગરઝ નથી.

કારણકે જો તે કોઇ બીજાને નોકરી રાખી તેની પર્વરેશી કરશે-તો બેશક કે તે તારા જેવોજ એક નોકર બનશે.

અગરજો તે કોઈ વાતમાં તારાથી નારાઝ થાય-તો જરા પણ દમ ખાધા વગર તુરત માફી માંગજે.

અને જો તને તે તારા વાંકની ખબર નહીં હોય-તો તું ભોળાં દિલે (યાને સાફ અંતઃકરણે) તે પૂછવા પાદશાહ આગળ જજે.

જો તારાં મનમાં તારા વાંક વિષે કાંઇ વેહેમ આવતો હોય-તો પાદશાહને મોં દેખાડતો ના અને માફીની આશા છોડી દેજે.

તારાં દિલની છૂપી વાત પાદશાહ ઈઝદી રોશનીથી જોઇ શકશે-તારૂં પાપી મન અને મેલું હૈયું તુરત પારખી લેશે.

અને ત્યાર પછી તું તેના તરફથી કશી ભલાઇ મેળવશે નહીં-તેમજ તેના માયા ભર્યાં સખુનો સાંભળશે નહીં.

તું પાદશાહની દરબારને એક દર્યાની માફક સમજ-તેના નોકરો ખલાસી માફક અને તેઓના હોનરો વહાણ માફક સમજ.

તેઓના સખુનો તે લંગર માફક અને તે વહાણનો સઢ તે પેલા નોકરોની અકલ સમજ-જ્યારે અકલમંદ માણસ દર્યામાંથી પસાર થાય છે,

૫૮૭ હમહુ બાદ્બાનશ કુનદ માયહુ દારૂ
કે હમ માયહુ દારસ્તો હમ સાયહુ દારૂ
કસી કુ નદારદ હોનરૂ બા ખરદ
સઝદ ગરૂ દરે પાદ્શા નસ્પરદ
અગરૂ પાદ્શા કુહે આતશ બુદી
પરસ્તન્દહુરા ઝીસ્તન્ ખશ બુદી
કે આતેશ ગહે ખેશમ્ સૂઝાન્ બુવદ
ચુ ખુશ્નૂદ બાશદ ફેરોઝાન્ બુવદ
અગરૂ યકુ ઝમાન્ શીરો શહ્દસ્ત બહુરૂ
બદીગરૂ ઝમાન્ ચૂન ગઝાયન્દહુ ઝહુરૂ
બકેર્દારે દર્યા બુવદ કારે શાહુ
બફર્માને ઊ તાબદ અઝ ચરૂખ માહુ
ઝે દર્યા યકી રીગ્ દારદ બકફ
દેગરૂ દુરૂરહુ દારદ મેયાને સદફ
જહાન્ ઝેન્દહુ બાદા બનૂશીરવાન્
હમીશહુ બફર્માનશ ચર્ખે રવાન્
કે બરૂ શહ્રૂયારાને ગીતી સરસ્ત
બહરૂ ખૂબી આરાયેશે કેશ્વરસ્ત
નેગહ્ કરદ કેસ્રા બગોફ્તારે ઊય
દેલશ ગશ્ત ખુર્રમ બદીદારે ઊય
૫૮૮ ચુ ગોફ્તી કે ઝેહુ બદ્રહુ બૂદી ચહારૂ
બદીન્ગૂનહુ બુદ બખ્શેશે શહ્રૂયારૂ

ચુ બા ઝેહુ બેગોફ્તી ઝેહાઝેહુ બહમ
ચેહલ બદ્રહુ બૂદી ઝે ગન્જશ દેરમ

ચુ ગન્જૂરૂ બા શાહુ કર્દી શુમારૂ
બહરૂ બદ્રહુ બૂદી દેરમ દહુ હઝારૂ
શહનશાહુ બા ઝેહુ ઝેહાઝેહુ બેગોફ્ત
કે ગોફ્તારે ઊ બા દેરમ બૂદ જોફ્ત
બેયાવરૂદ ગન્જૂરે ખુર્શીદ ચેહરૂ
દેરમ બદ્રહા પીશે બૂઝોરૂજમેહરૂ

ત્યારે તે બધા સઢને મઝબૂત કરે છે-કારણ તે સઢથીજ તેને તાકત અને આસરો છે.

જે કોઇ કે અકલ સાથે હુનર નહીં ધરાવતો હોય-તેને લાયક છે કે પાદશાહને દરવાઝે જાયજ નહીં.

અગરજો પાદશાહ એક આતશનો પહાડ હતે-તોપણ તેના નોકરોને ઝિંદગી ગુઝારવી ખુશ લાગતે.

કારણકે આતશ ગુસ્સાને વખતે બાળી નાખનારો બને છે-પણ જ્યારે તે શાન્ત પડે છે ત્યારે તે રોશની આપનારો હોય છે.

પાદશાહ કોઇ વખત દુધ અને મધ જેવો મીઠો હોય છે-તો કોઈ વખત કાતેલ ઝેહર જેવો કડવો બને છે.

પાદશાહનાં કામો દર્યાની માફકનાં હોય છે-આસ્માન ઉપરથી માહતાબ પણ તેનાજ હોકમથી ઝળકાટ આપે છે.

દર્યામાંથી એક જણના હાથમાં રેતી આવી પડે છે-તો બીજો સીપમાંથી મોતી મેળવે છે.

નોશીરવાનથી આ દુન્યા કાયમ રહેજો. ફરતો આસ્માન પણ તેનાજ ફર્માન ઉપર હમેશ ચલજો!

કારણકે દુન્યાના પાદશાહો ઉપર તે સરદાર છે અને દરેક ખૂબીમાં દેશનો સણગાર છે."

નોશીરવાને તેની વાતો ઉપર ખૂબ ધ્યાન પુગાડયું-બુઝોર્જમેહરના દીદારથી તેનું દિલ ખુશહાલ બન્યું.

હવે પાદશાહની બક્ષેશ કરવાની રીતી એમ હતી-કે જ્યારે કોઇને "શાબાશ" કરીને કહેતો ત્યારે તે શખ્સને દિરમની ચાર કોથળી બક્ષેશ મળતી હતી.

પણ જ્યારે "શાબાશ"ની સાથેજ તે "વાહવાહ" (યાને ઘણોજ તારીફને લાયકનો) કરીને કહેતો-ત્યારે તેના ખઝાનામાંથી ચાળીસ કોથળી દિરમથી ભરેલી પેલાને મળતી હતી.

અને જ્યારે ખઝાન્ચી તે કોથળીઓનો હિસાબ પાદશાહને આપતો-ત્યારે જણાતું હતું કે દરેક કોથળીમાં દશ દશ હઝાર દિરમ હતા.

શેહનશાહે "શાબાશ"ની સાથે "વાહવાહ" પણ કહ્યું-કારણ તેનું બોલવું દિરમને તોલનું હતું.

ખુરશેદના ચેહરાનો ખઝાન્ચી બુઝોર્જમેહરની નઝદીક દિરમની થેલીઓ લાવ્યો.

દાસ્તાને મેહ્બૂદ્ વઝીરે નૂશીરવાન્ વ કોશ્તહ્ શુદને ઊ વ પેસરાનશ્ બઅફ્સૂને ઝૂરાન્ વ યહૂદી.

બરીન્ દાસ્તાન્ બરૂ સખુન્ સાખ્તમ
બમેહ્બૂદ દસ્તૂરૂ પર્દાખ્તમ
મયાસાય અઝ આમૂખ્તન્ યકુઝમાન્
ઝે દાનેશ મયફ્ગન્ દેલ્ અન્દરૂ ગમાન્
ચુ ગૂઈ કે કામે ખેરદ તૂખ્તમ
હમહુ હરૂચે બાયેસ્તમ આમૂખ્તમ
યકી નગ્ઝ બાઝી કુનદ રૂઝગારૂ
કે બેન્શાનદત પીશે આમૂઝગારૂ

નોશીરવાનના વઝીર મેહબૂદની દાસ્તાન અને તેનું તેના બેટાઓ સાથે ઝૂરાન અને એક યાહુદીનાં જાદૂથી માર્યું જવું.

વઝીરોની સભાની બેઠકની વાતની કવિતા લખવાનું હવે મેં પુરૂં કર્યું છે-અને હવે મેહબૂદ વઝીરની બાબત ઉપર આવું છું.

તું એલ્મ હાસેલ કરવાનું એક પળ પણ છોડી દેતો ના-વિદ્યા એલ્મની બાબત વિષે તારાં દિલમાં જરા પણ શક લાવતો ના.

જો તું એમ કહી શકે કે વિદ્યા માટેની મારી ઇચ્છા મેં પુરી પાડી છે-અને જે કાંઇ શીખવું જોઇયે તે શીખી લીધું છે,

તો ઝમાનો કોઇ નવીજ બાઝી ખેલશે-કે જે તને ઉસ્તાદની નઝદીક બેસાડશે.

ઝે દેહુકાન્ ફુનૂન્ બેશનવ ઈન્ દાસ્તાન્
કે બરૂ ખાન્દહ અઝ ગોફૂતએ બાસ્તાન્
ચુનીન્ ગોફૂત મૂબેદ્દ કે બરૂ તખ્તે આજ
ચુ કેસ્રા કસી નીઝ નન્હાદ્દ તાજ
બરઝ્મો બબઝ્મો બપરૂહીઝો દાદ્દ
ચુનૂ કસ ઝે શાહાન્ નદારદ્દ બયાદ્દ
ઝે દાનન્દગાન્ દાનેશ આમૂખ્તી
દેલશરા બદાનેશ બરૂ અફરૂખ્તી
ખુરો ખાબ્ બા મૂબેદાન્ ખાસ્તી
હમાન્ દેલ બદ્દાનેશ બેયારાસ્તી
બરૂ ચૂન્ રવાન્ શુદ્દ બચીઝી સખુન
તો ઝામૂખ્તન્ હીચ્ સુસ્તી મકુન્
નદાની ચુ ગૂઇ કે દાના શુદમ્
બહરૂ આરૂઝૂ બરૂ તવાના શુદમ્
ચુ ઈન્ દાસ્તાન્ બેશનવી યાદ્દગીરૂ
ઝે ગોફૂતારે ગૂયન્દહૂ દેહુકાને પીરૂ
બેપુર્સીદમ અઝ રૂઝગારે કોહન્
ઝે નૂશીરવાન્ યાદ્દ કરદ્દ ઈન્ સોખન્
કે ઊરા યકી પાકૂ દસ્તૂરૂ બૂદ્દ
કે બીદારૂ દેલ્ બૂદો ગન્જૂરૂ બૂદ્દ
દેલી પુરૂ ખેરદ્દ દાશ્તો રાએ દુરોસ્ત
ઝે ગીતી જોઝ અઝ નીકૂનામી નજોસ્ત

કે મેહુબૂદ્દ બુદ્દ નામે આન્ પાકૂ મગ્ઝ
રવાનો દેલશ પુરૂ ઝે ગોફૂતારે નગ્ઝ
દો ફર્ઝન્દ્દ બૂદશ ચુ ખુરૂરમ બહારૂ
હમીશહૂ પરસ્તન્દએ શહુરૂયારૂ
શહનશાહૂ ચૂન્ ઝમઝમ આરાસ્તી
વગરૂ બરૂસમે મૂબેદાન્ ખાસ્તી
નખુરૂદી જોઝ અઝ દસ્તે મેહુબૂદ્દ ચીઝ
હમ ઈમન્ બુદી ઝાન્ દો ફર્ઝન્દ્દ નીઝ
ખુરેશ ખાનહૂ દરૂ ખાને ઊ દાશ્તી
તને ખીશ મેહુમાને ઊ દાશ્તી
દો ફર્ઝન્દે આન્ નામવરૂ પારૂસા
ખુરેશ આવરીદન્દ્દ ઝી પાદ્દશા
ઝે મેહુબૂદ્દ બરૂ દરૂ બુઝોર્ગાન્ ઝે રશ્ક
હમી રીખ્તન્દી બરોખ બરૂ સેરશ્ક
યકી નામવરૂ બૂદ્દ ઝૂરાન્ બનામ
કે ઊરા બુદી બરૂ દરે શાહુ કામ
કોહન્ બૂદો હમ હાજેબે શાહુ બૂદ્દ
ફોરૂઝન્દએ બઝ્મો દરૂગાહૂ બૂદ્દ
ઝે મેહુબૂદ્દ વઝ હરૂદો ફર્ઝન્દે ઊય
હમહૂ સાલહૂ બૂદી પુરૂ અઝ આબ્ રૂય
હમી સાખ્તી તા સરે પાદ્દશા
કુનદ્દ નીઝ દરૂ કારે આન્ પારૂસા
બબદ્દ ગોફૂતે ઈશાન્ નદીદ્દ ઈચ્ રાહુ
કે ગર્દદ્દ પુરૂ આઝારૂ અઝ જાને શાહુ
ખેરદ્દમન્દ્દ અઝાન્ ખુદ્દ કચ આગાહૂ બૂદ્દ
કે ઊરા બદરૂગાહુ બદ્દખાહુ બૂદ્દ

હવે દાનેશ્વર દેહકાનની કહેલી આ દાસ્તાન કે જે તેણે બાસ્તાનનામા ઉપરથી કહી છે, તે તું સાંભળ.

એક મોબેદે એમ કહ્યું છે, કે આ હાથીદાંતનાં તખ્ત ઉપર-નોશીર- ૫૮૯
વાનની માફક કોઈ પણ પાદશાહ માથે તાજ મૂકી બેઠો નથી.

શું ખુશીની મજલેસમાં, કે લડાઇમાં તેમજ શું પર્હીઝગારીમાં કે શું ઈન્સાફ કરવામાં-પાદશાહોમાંથી એના જેવો કોઈ બીજો યાદ નથી.

દાના લોકોથી તે દાનાઇ શીખતો હતો-અને પોતાનાં દિલને દાનાઈ-થીજ રોશન રાખતો હતો.

તે પોતાનું ખાણું લેવાનું અને ખાબ કરવાનું દાના મોબેદો સાથેજ પસંદ કરતો હતો-તેમજ વિદ્યાથી પોતાનાં દિલને સણગારતો હતો.

જ્યારે તેની (નોશીરવાનની) બાબતની કાંઈ પણ વાત નીકળે-ત્યારે તે ઉપરથી ધડો લેવાની આળસ કરતો ના.

તું કાંઈ પણ જાણતો નથી છતાં એમ કેમ કહે છે કે હું વિદ્વાન થઈ ગયો છું-અને મારી દરેક ઈચ્છા પુરી પાડી શકું છું ?

સુભાષિત બોલનારા બુઢ્ઢા દેહકાનની-આ વાત જ્યારે તું સમજે ત્યારે તે યાદ રાખજે.

મેં જ્યારે તેને આગળા ઝમાનાની વાતો માટે પૂછયું-ત્યારે તેણે નોશીરવાન માટેની આ વાત કહી સંભળાવી,

કે તેનો એક પાકીઝેહ વઝીર હતો-જે ઘણો દાના હતો અને તે પાદ-શાહના ખઝાન્ચીનો ઓધ્ધો ધરાવતો હતો.

તે પોતાનું દિલ ડહાપણથી ભરેલું રાખતો હતો અને વિચાર શક્તિ સારી ધરાવતો હતો-તેણે આ દુન્યામાંથી નેકનામી સિવાય બીજું કાંઈ શોધ્યુંજ નહીં હતું.

તે બાહોશ શખ્સનું નામ "મેહબૂદ" હતું-તેનો આત્મા અને ૫૯૦
અંતઃકરણ સારી વાતોથીજ ભરેલાં હતાં

તેના ખુશી ભરેલી બહારની મોસમ જેવા બે બેટા હતા-જેઓ હમેશે પાદશાહનીજ ખિદમત કરતા હતા.

જ્યારે તે શેહન્શાહ અવસ્તા ભણવા બેસતો-અને અથોરનાનોની બર્સમ મંગાવતો (યાને કે ધર્મની ક્રિયા પોતે કરવા બેસતો),

ત્યારે તે મેહબૂદના હાથ સિવાય કોઈ બીજાને હાથની ચીઝ ખાતો હતો નહીં-તેમજ તેના બન્ને બેટાઓથી પણ તે નચિન્ત રહેતો હતો.

પોતાનો જમવાનો ઓરડો તેનાંજ ઘરમાં તે રાખતો હતો-અને તેનો (મેહબૂદનો) તે પરોણો થતો હતો.

તે નામદારી ભરેલા પરહેઝગાર શખ્સના બન્ને છોકરાઓ-પાદશાહ આગળ ખાણું લાવતા હતા.

આથી દરબારના બીજા મોટાઓ પાદશાહની મેહબૂદ ઉપરની મેહર-બાનીથી અદેખાઈનાં આંસુ આંખોમાંથી પાડતા હતા.

તેઓમાં એક "ઝૂરાન" નામનો દરબારી હતો-જે પાદશાહની દર-બારમાં આવજાવ કરતો હતો.

તે જૂનો દરબારી હતો અને પાદશાહની દરબારનો ઉપરી અધિકારી હતો-પાદશાહની મજલેસમાં તે સેતારા મિસાલ હતો.

અદેખાઇનો મારેલો તે મેહબૂદ અને તેના બન્ને છોકરાઓથી-સદા બળાપામાં હતો.

તે કાવતરાં કરતો હતો કે જેથી તે પાદશાહને પેલા પરહેઝગાર ૫૯૧
વઝીર ઉપર ખફા કરે.

પણ તેઓની ગીબત કરવાનો તેને કશો માર્ગ જડયોજ નહીં-કે જેથી ફરી પાદશાહનો જાન પેલા વઝીર માટે ઉશ્કેરાય.

તે દાનેશમંદ મેહબૂદને પોતાને કયાં ખબર હતી-કે પાદશાહની દર-બારમાં તેનો કોઈ દુશ્મન હતો ?

કે ગોફતારેશ કેર્દારે આન્ શૂખ મરૂદ
નશુદ ઈચ મેહ્બૂદરા રૂએ ઝરૂદ
ચુનાન્ બુદ કે યકૂ રૂઝ મર્દે જહૂદ
કે ઝૂરાન્ દેરમ ખાસ્ત અઝ બહરે સૂદ
શુદ આમદ બેયફ્ઝૂદ નઝદીકે ઊય
બરૂ આમીખ્ત બા જાને તારીકે ઊય
ચુ બા હાજેબે શાહ ગુસ્તાખ શુદ
પરસ્તન્દએ ખુસ્રવી કાખ શુદ
કે અફૂસૂન સખુન ગોફ્ત રૂઝી નેહાન
કે દરૂગાહ વઝ શહરૂયારે જેહાન
કે નયરન્ગ્ વઝ તમ્બુલો જાદુઈ
કે કેર્દારે કઝીઓ અઝ બદ ખુઈ
ચુ ઝૂરાન્ બગોફ્તારે મર્દે જહૂદ
નેગહ કર્દો રાઝે ફુસૂનશ શેનૂદ
૫૯૨ બદૂ રાઝ બુકૂશાદો ગોફ્ત ઈન્ સખુન
બજોઝ પીશે મન્ અશ્કારા મકુન્
યકી જાદુઈ બાયદત સાખ્તન્
ઝમાનહ કે મેહ્બૂદ પર્દાખ્તન્
કે ઊરા બુઝોર્ગી બજાઈ રસીદ
કે પાયશ ઝમાનહ બેખાહદ કશીદ
બગીતી નદારદ કસીરા બકસ
તો ગૂઈ કે નૂશીરવાનસ્તો બસ
જોઝ અઝ દસ્તે ફર્ઝન્દે મેહ્બૂદ ચીઝ
ખુરેશહા નખાહદ જહાનદારૂ નીઝ
શુદહસ્ત અઝ નવાઝેશ ચુનાન્ પુરૂ મનશ
કે હઝમાન્ બેબૂસદ ફલકૂ દામનશ
ચુનીન્ દાદ પાસોખ બઝૂરાન્ જહૂદ
કઝીન્ દાવરી ઘમ નબાયદ ફેઝૂદ
ચુ બરૂસમ બેગીરદ જહાનદારૂ શાહ
ખુરેશહા બેબીન્ તા ચે આરદ બરાહ
નેગરૂ તા બુવદ હીચ શીરૂ અન્દરૂય
પઝીરહ 'શવશ ખુર્દનીહા બેબૂય
હમાન્ બસ કે મન્ શીરૂ બીનમ ઝે દૂરૂ
ન મેહ્બૂદ બીની તો ઝેન્દહ ન પૂરૂ
૫૯૩ અગરૂ ઝાન્ ખુરદ બી ગુમાન્ રૂયે સન્ગ્
બરીઝદ હમ અન્દરૂ ઝમાન્ બીદેરન્ગ્
નેગહ કરૂદ ઝૂરાન્ બગોફ્તારે ઊય
દેલશ તાઝહ તરૂ શુદ બદીદારે ઊય
નરફ્તી બદરૂગાહ બી આન્ જહૂદ
ખુરે શાદીઓ રાઝ બી ઊ નબૂદ

ચુનીન્ તા બરૂ આમદ બરીન્ ચન્દ ગાહ
બદ આમૂઝ પૂયાન બદરૂગાહે શાહ
દુ ફર્ઝન્દે મેહ્બૂદ હરૂ બામદાદ
ખરામાન્ શુદન્દી બદરૂગાહ શાદ
પસે પર્દએ નામવરૂ કદખોદાય
ઝની બૂદ પાકીઝહો પાકૂ રાય
કે ચૂન શાહ કેસ્રા ખુરેશ ખાસ્તી
યકી ખાને ઝરૂરીન્ બેયારાસ્તી

તે શીરઝોર માણસનાં કાવતરાં અને ચુગલીથી મેહ્બૂદ બીતો હતો નહીં.

બનાવ એવો બન્યો કે એક દહાડો એક યાહુદીએ ઝૂરાન પાસે પૈસા વ્યાજે માગ્યા.

એ બહાને ઝૂરાન આગળ તેનો આવજાવ વધ્યો-અને તે સીઆહ જીવના શખ્સ સાથ દોસ્તી થઈ.

જ્યારે તે પાદશાહની દરબારના ઉપરી સાથે પળોટાઈ ગયો-અને પાદશાહના મેહલનો નોકર બન્યો,

ત્યારે દેશના પાદશાહ અને તેની દરબાર ઉપર જાદૂ ચલાવવાની વાત તે યાહુદીએ છૂપી રીતે ઝૂરાનને કહી.

મક્ર, ફરેબ અને જાદૂ ચલાવવાની તથા બૂરાં કામો અને પાજીપણાંની વાત તેની આગળ કીધી.

જ્યારે ઝૂરાને પેલા યાહુદીની વાત ઉપર ધ્યાન પુગાડિયું અને તેની જાદૂઇનો ભેદ સાંભળ્યો,

ત્યારે તેણે પોતાનો ભેદ ખોલ્યો અને કહ્યું કે "આ વાત-મારાં સિવાય કોઈ આગળ ઝાહેર કરતો ના.

તને એક જાદૂ ચલાવવું-અને તેમ કરી મેહ્બૂદની ઝિંદગીનો અંત લાવી મેલવો.

કારણ તે એવી મોટાઇએ પહોંચેલો છે-કે ઝમાનો પણ તેના પગ ખેંચી કાઢશે.

તે દુન્યામાં કોઇને ગણત્રીમાં લાવતોજ નથી તું કહે ગોયા બસ પોતેજ નોશીરવાન બન્યો છે

વળી પાદશાહ પણ મેહ્બૂદના બેટાઓ સિવાય બીજા કોઇને હાથનો ખોરાક ખાતો નથી.

તે તેની એવી નવાઝેશથી એવો તો મોટાં મનનો થઇ ગયો છે-કે દરેક વેળા આસમાન પણ તેની દામન ચૂમે છે."

તે યાહુદીએ ઝૂરાનને એવો જવાબ દીધો-કે "એ બાબતનો તુ એલાજ શોધી કાઢ અને ગમગીનીમાં વધારો ના કર

જ્યારે દેશની સંભાળ રાખનાર પાદશાહ બરસમ લઇ બાજ ધરવા માડે-ત્યારે પેલો તેનું ખાણું કેવી રીતનું લાવે છે તે ઉપર ધ્યાન રાખજે.

તું તપાસજે કે તેમાં કાંઈ દૂધ છે? ખાણાં આગળ જઈ તેનો વાસ લેજે.

હું પણ તે દૂધને દૂરથી જોઇ લઉં એટલે બસ-પછી તું નહીં તે મેહ્બૂદને કે નહીં તેના છોકરાઓને જીવતા જોશે.

જો તે ખાણું ધાતુ કે પત્થર ખાય-તો તુરતજ તેનો અંત આવી જાય."

ઝૂરાને તેના બોલવા ઉપર ધ્યાન પુગાડ્યું-અને તેના દીદારથી તેનું દિલ વધારે ખુશહાલ બન્યું.

તે પેલા યાહુદી વગર પાદશાહની દરબારમાં જતો હતોજ નહીં-તે તેના વગર બીજા કોઇ સાથે ખાણું લેવું, ખુશહાલી ભોગવવી કે ભેદની વાતો કરતો હતોજ નહીં.

એ વાત ઉપર કેટલોક વખત નીકળી ગયો-અને પેલો મેલી વિદ્યા-વાળો યાહુદી દરબારમાં આવતો જતો થઇ ગયો.

હવે મેહ્બૂદના બન્ને બેટાઓ દર બામદાદે-ખુશ ખુશહાલ પાદશાહની દરગાહમાં જતા હતા.

પેલા નામવર મેહ્બૂદનાં ઝનાનખાનામાં-તેની એક પવિત્ર અને નેક વિચારની સ્ત્રી હતી,

કે જેણી જ્યારે પાદશાહ નોશીરવાન ખાણું માગતો-ત્યારે એક સોનેરી ખુમચો તૈયાર કરતી હતી.

સે કાસહુ નેહાદી બરૂ અઝ ગોહરૂ
બદસ્તારે ઝરૂબફ્‌ત પૂશીદહુ સરૂ
ઝે દસ્તે દો ફર્ઝન્દે આન્ અરૂજમન્દ
રસીદી બનઝદીકે શાહે બલન્દ
ખુરેશહા ઝે શહ્‌દો ઝે શીરો ગોલાબ્
બેખુર્દીઓ આરાસ્તી જાય ખાબ્
ચુનાન્ બુદ કે યકૂ રૂઝ હરૂદુ જવાન્
બેઓર્દન્દ ખાન્ નઝદે નૂશીરવાન્
બસરૂ બરૂ નેહાદહુ યકી પીશકારૂ
કે બૂદી ખુરેશ નઝદે ઊ ઉસ્તુવારૂ
ચુ ખાન્ અન્દરૂ આમદ બઅયવાને શાહુ
બદ્ કરદ ઝૂરાને હાજેબ્ નેગાહુ
ચુનીન્ ગોફ્‌ત ખન્દાન્ બહરદુ જવાન્
કે અય ઈમન અઝ શાહે નૂશીરવાન્
યકી રૂય બેન્માય તા ઝીન્ ખરેશ
કે બાશદ હમી શાહુરા પર્વરેશ
ચે રન્ગસ્ત કાયદ હમી બૂએ ખશ
યકી ચાદરે પર્નેયાન્ ઝૂ બેકશ
ખુરેશરા જવાન્ ઝૂદ બુકુશાદ રૂય
નેગહુ કરદ ઝૂરાન્ ઝે દૂરૂ અન્દરૂય
હમીદૂન જહુદ અન્દરૂ બેન્ગરીદ
પસ આમદ ચુ રન્ગે ખુરેશહા બેદીદ
ચુનીન્ ગોફ્‌ત અઝાન્ પસ બસાલારે બારૂ
કે આમદ દેરખ્તી કે કેશ્તી બબારૂ
બેઓર્દન્દ ખાન્ નઝદે નૂશીરવાન્
ખેરદમન્દો બીદારૂ હરૂદુ જવાન્
પસ અન્દરૂ હમી રફ્‌ત ઝૂરાન્ ચુ ગરદ
ચુનીન્ ગોફ્‌ત બા શાહે આઝાદ મરદ
કે અય શાહે નીકુ અખ્તરે દાદગરૂ
તો બી ચાશની દસ્ત ખુર્દન્ મબરૂ
કે રૂએ ફલકૂ બખ્તે ખન્દાને તોસ્ત
જહાન્ રઉશન્ અઝ તખ્તો મયદાને તોસ્ત
ખુરેશગરૂ બરૂ આમીખ્ત બા શીરૂ ઝહરૂ
બદઅન્દીશરા બાદ અઝીન્ ઝહરૂ બહરૂ
ચુ બેશ્નીદ અઝ્ શાહુ નૂશીરવાન્
નેગહુ કરદ ઝાન્ પસ બહરદુ જવાન્
કે ખાલીગરશ મામે ઈશાન્ બુદી
ખેરદમન્દો બા મેહુરે ખીશાન્ બુદી
જવાનાન્ ઝે પાકીઓ અઝ રાસ્તી
નવશતન્દ બરૂ દસ્ત બરૂ આસ્તી
હમાન્ ચૂન બેખુર્દન્દ અઝાન્ શહ્‌દો શીરૂ
તો ગોફ્‌તી બેખસ્તન્દ હરદુ બતીરૂ
બેઓફ્‌તન્દ બરૂ જાય હરદુ જવાન્
બેદાદન્દ જાન્ પીશે નૂશીરવાન્
ચુ શાહે જહાન્ અન્દરૂ બેન્ગરીદ
બરોખસારૂ શુદ ચૂન ગુલે શમ્બલીદ
બેફરમૂદ કઝ ખાને મેહુબૂદ ખાકૂ
બરૂ આરન્દો અઝ કસ નદારન્દ બાકૂ
બરાન્ ખાકૂ બાયદ બુરીદન્ સરશ
ન મેહુબૂદ બાદા ન ખાલીગરશ

અને તેમાં ગોહરજડિત ત્રણ પ્યાલાં વાણીઓનાં મૂકતી-અને તેને સોનેરી ભરત કામના રોમાલે ઢાંકતી હતી.

અને તે પેલા નામવર મેહબૂદના બન્ને બેટાઓને હાથે મોટા દરજ્જાના પાદશાહ આગળ પહોંચાડતી હતી.

તે વાણીઓ મધ, દૂધ અને ગોલાબથી બનાવતી હતી-જે ખાઇને પાદશાહ આરામ કરતો હતો.

એક દહાડે એમ બન્યું કે બન્ને જવાનો-નોશીરવાનની નઝદીક ખાણું ૫૯૪
લઇ જતા હતા.

તે ખાણું એક નોકરનાં માથાં ઉપર મૂકેલું હતું-કે જેના કબ્જામાં તે ખાણું સલામત હતું.

જ્યારે પાદશાહના મેહલમાં તે ખાણું આવ્યું-ત્યારે પેલા દરબારના ઉપરી ઝૂરાને તે ઉપર નઝર કીધી.

તેણે તે બન્ને જવાનોને હસતાં હસતાં કહ્યું-કે "એ પાદશાહ નોશીરવાનના વિશ્વાસુ નોકરો!

આ ખાણું કે જેનાથી પાદશાહની પર્વરેશી થાય છે, તે જરા મને તો દેખાડો.

જોઉં તો ખરો એનો રંગ કેવો છે કારણકે એનો પમરાટ ઘણોજ સરસ આવે છે-માટે જરાક એની ઉપરનું રેશમી કપડું ઊંચક."

પેલા જવાને તુરત ખાણું ખુલ્લું કીધું-ઝૂરાને તેની અંદર દૂરથી નઝર કીધી.

તેવીજ રીતે પેલા યાહુદીએ પણ તે ઉપર નઝર નાખી-અને જ્યારે તે ખાણાંનો રંગ તેણે જોયો ત્યારે તે પાછો આવ્યો.

પછી તેણે પેલા દરબારના વડા ઝૂરાનને એ પ્રમાણે કહ્યું-કે "તેં જે ઝાડ રોપ્યું હતું તેને ફળ લાગ્યાં છે."

હવે પેલા બન્ને અકલમંદ અને હુશયાર જવાનો-નોશીરવાનની નઝદીક તે ખુમચો લઈ ગયા.

તેઓની પાછળ ઝૂરાન પણ ઝડપથી ચાલવા લાગ્યો-અને તેણે આઝાદ ૫૯૫
લોકોના પાદશાહને એ પ્રમાણે કહ્યું,

કે "ઓ નેક સેતારાના ઈન્સાફી પાદશાહ!-કોઇ બીજાના ચાખ્યા વગર તું આ ખાણાંને હાથ લગાડતો ના.

કારણકે તારૂં હસ્તું નસીબજ આસ્માનનો ચેહરો છે-અને આ જેહાન તારાં તખ્ત અને લડાઇનાં મયદાનથીજ રોશન રહે છે.

તારા બાવરચીએ આ દૂધ સાથે ઝેહર ભેળ્યું છે-માટે આ ઝેહરનો ભાગ તે તારા દુશ્મનનેજ આપવો જોઇયે.

જ્યારે પાદશાહ નોશીરવાને તેનાથી એવું સાંભળ્યું-ત્યારે તે પછી તેણે બન્ને જવાનો ઉપર નઝર કીધી.

કારણકે તે છોકરાઓની માતાજ તે ખાણાની આપનારી હતી-જેણી ઘણી ડાહી અને પોતાનાં ખેશીઓની વહાલી હતી.

આથી તે બન્ને જવાનોએ પોતાનાં નિર્દોષપણાં અને સચ્ચાઇને માટે-તુરતજ પોતાના હાથની બાંય ઊંચે ચઢાવી.

અને પેલી મધ અને દૂધની વાણીમાંથી જેવું તેઓએ કાંઇક ખાધું-તેવાજ તું કહે ગોયા તીરથી વિંધાઈ ગયા.

તે બન્ને જવાનો તેજ જગ્યાએ પડયા-અને નોશીરવાનની નઝદીક તેઓએ જીવ આપ્યો.

જ્યારે દેશના પાદશાહે તે જોયું-ત્યારે તેનો ચેહરો શમ્બલીદનાં ફૂલની મિસાલ ઝર્દ થયો.

તેણે હોકમ કર્યો કે "કોઇની કાંઈ પણ ધાસ્તી રાખ્યા વગર મેહ- ૫૯૬
બૂદનું ઘર તારાજ કરી નાખે.

તેજ જગ્યા ઉપર તેનું સર કાપે-મેહબૂદ તેમજ તેની રાંધનારી જીવતી હોતીજ ના!"

બઆયવાને મેહબૂદ દર્ કસ નમાન્દ
ઝે ખીશાને ઊ દર્ જહાન્ બસ નમાન્દ
બતારાજ્ દાદ આન્ હમહ્ ખાસ્તહ્
ઝનો ફરઝન્દો ગન્જે આરાસ્તહ્
રસીદ અન્દરાન્ કારે ઝૂરાન્ બકામ
કે કેસ્રા બેપરદાખ્ત ઝાન્ નીકુનામ્
બનઝ્દીકે ઊ શુદ જહૂદ અરૂજ્મન્દ
બર્ અફ્રાખ્તશ સર્ બઅબ્રે બલન્દ
બેગશ્ત અન્દરીન્ નીઝ્ ચન્દી સેપેહર્
દુરોસ્તી નેહાન્ કર્દ અઝ્ શાહ્ ચેહર્

આ હોકમથી મેહબૂદનાં મકાનમાં કોઈ પણ બચ્યું નહીં-અને આ દુન્યામાં તેના ખેશીઓમાંથી ઘણા રહ્યા નહીં.

તેનો તમામ માલ અસ્બાબ, બાયડી, છોકરાં અને એકઠો કીધેલો ખઝાનો લૂટાવી દીધો.

તે કામમાં ઝૂરાનને ફતેહ મળી કારણકે મેહબૂદથી નોશીરવાન છૂટો થયો.

પેલો યાહુદી પાદશાહની નઝદીક ઘણો વહાલો થયો-અને પાદશાહે તેનાં સરને બુલંદ આસ્માન સુધી ઊંચે ચઢાવ્યું.

એ વાત ઉપર પણ કેટલોક વખત પસાર થયો-અને ખરી બીના પાદશાહથી છૂપી રહી.

આશ્કારા શુદને અફ્સૂને ઝૂરાન્ વ યહૂદી દર્ બારએ મેહ્બૂદ્ વ કોશ્તહ્ શુદને હર્દ્ બફર્માને નૂશીરવાન્.

ચુનાન્ બુદ કે શાહે જહાન્ કદખોદાય
બનખ્ચીરે ગોર્ગાન્ હમી કર્દ રાય
બેફર્મૂદ તા અસ્પે નખ્ચીરગાહ્
બસી બુગ્ઝરાનન્દ બર્ ચશ્મે શાહ્
ઝે અસ્પાન્ કે કેસ્રા હમી બેન્ગરીદ
બરાન્ બર્ યકી દાગે મેહબૂદ દીદ
૫૯૭ વઝાન્ તાઝી અસ્પાન્ રોખશ બર્ ફેરૂખ્ત
હમી બૂદ બર્ જાએ મેહરશ બેસૂખ્ત
ફેરૂરીખ્ત આબ્ અઝ્ દો દીદહ્ બદર્દ
ઝે બસ દાગે દેલ યાદે મેહબૂદ કર્દ
ચુનીન્ ગોફ્ત કાન્ મર્દે બા રાયો જાહ્
બેબોર્દશ ચુનાન્ દીવે રીમન્ ઝે રાહ્
બદાન્ દુસ્તદારીઓ આન્ રાસ્તી
કુશાદ અઝ્ રવાનશ દરે કાસ્તી
નદાનદ નેહાન્ જોઝ્ ખોદાએ જેહાન્
અઝાન્ આશ્કારા દુરોસ્તી નેહાન્
વઝાન્ જાયગહ્ સૂએ નખ્ચીરગાહ્
બેયામદ ચુનાન્ દાગ્ દેલ બા સેપાહ્
ઝે હર્ કસ બરહ્ દર્ સખુન્ ખાસ્તી
બગોફ્તારહા દેલ બેયારાસ્તી
સરાયન્દહ્ બેસ્યાર્ હમરાહ્ કર્દ
બઅફ્સાનહો રાહ્ કૂતાહ્ કર્દ
દબીરાનો ઝૂરાનો દસ્તૂરે શાહ્
બેરફ્તન્દ યક્ રૂય પૂયાન્ બરાહ્
સખુન્ રફ્ત ચન્દી ઝે અફ્સૂનો બન્દ
ઝે જાદૂઓ અઝ્ અહ્રમન્ પુર્ ગઝન્દ
૫૯૮ બમૂબેદ ચુનીન્ ગોફ્ત પસ શહ્રયાર્
કે દેલરા બનયરન્ગ્ રન્જહ્ મદાર્

ઝૂરાન અને યાહુદીની મેહબૂદને માટે કીધેલી જાદુઈનું ઝાહેર થવું અને તે બન્ને જણાનું નોશીરવાનનાં ફર્માનથી માર્યા જવું.

એવું બન્યું કે દેશનો ધણી પાદશાહ નોશીરવાન-એક દિવસ વરના શિકારે જવાનો વિચાર કરવા લાગ્યો.

આથી તેણે હોકમ કીધો કે "શેકારગાહને લાયકના ઘણાક ઘોડા તેની નઝર આગળથી પસાર કરે."

ઘોડાઓમાંથી ઘણાક ઘોડા કે નોશીરવાન તપાસવા લાગ્યો-તેમાં એક ઘોડા ઉપર મેહબૂદનો છાપ જોયો.

તે અરબી ઘોડાઓ જોઇને ખુશી થયો-પણ તે ત્યાંજ ઉભેલો હતો અને તેનો જીવ બળવા લાગ્યો.

તેણે બન્ને આંખોમાંથી દુઃખ સાથ આંસુ વરસાવ્યાં-અને મોટા બળાપા સાથ મેહબૂદને યાદ કીધો.

તે બોલ્યો કે "તે ડાહ્યા અને મરતબા સાથના મર્દને ફિટકાર ભર્યા શયતાને કેમ ફસાવ્યો?

આવી દોસ્તી અને આવાં પ્રમાણિકપણાં છતાં-તેનાં મનમાં બૂરાઈ કરવાનો દરવાજો ઉઘડયો.

જેહાનના માલેક ખોદાતાલા સિવાય આ ભેદ શું છે તે કોઈ જાણતું નથી-દેખાઈતી રીતે ખરો ભેદ શું છે તે કોઈ જાણતું નથી."

તે ત્યાંથી તેવાંજ બળતાં જીગરે પોતાના સેપાહો સાથ શેકારગાહમાં આવ્યો.

રસ્તામાં દરેક જણ સાથે તે વાતો કરતો હતો-અને તે વાતો સાંભળી પોતાનું દિલ ખુશહાલ કરતો હતો.

તેણે ઘણાક ગાનારાઓને સાથે લીધા-અને આગળી બનેલી વાતો કરતા કરતા રસ્તો કાપ્યો.

દરબારના મુન્શીઓ, પેલો ઝૂરાન અને પાદશાહનો વડો વઝીર-પાદશાહની એક બાજૂએ ઝડપથી રસ્તો કાપતા હતા.

ત્યાં ધન્તર મન્તરની, મૂઠ મારવાની, જાદૂ કોટલની અને નુકસાન ભર્યા એહરેમનની કેટલીક વાતો ચાલી.

એટલે પાદશાહે વડા વઝીરને એ પ્રમાણે કહ્યું-કે "જાદૂ કોટલની વાતો કહી તારાં દિલને રંજીદા ના બનાવ.

સખુન્ જોઝ્ ઞે યઝ્દાનો અઝ્ દીન્ મગૂય
ઞે નયરન્ગો જાદુ શેગેફૂતી મજૂય

બદુ ગોફૂત ઝૂરાન્ અનૂશહ્ બુદી
બેરદ્દરા બગોફૂતારૂ તૂશહ્ બુદી
ઞે જાદુ સખુન્ હરૂચે ગૂયન્દ હસ્ત
નદાનદ્ જોઝ્ અઝ્ મર્દે જાદુ પરસ્ત
અગરૂ બુરૂદની દારદ્ અઝ્ શીરૂ બહ્રૂ
પદીદારૂ ગર્દાનદ્ અઝ્ દૂરૂ ઝહ્રૂ
ચુ બેશ્નીદ્ નૂશીરવાન્ ઈન્ સોખન્
બરૂ તાઝહ્ શુદ્ રૂઝ્ગારે કોહન્
ઞે મેહ્બૂદો હરૂદૂ પેસરૂ યાદ્ કરૂદ્
બરૂ આવરૂદ્ શાહ્ અઝ્ જેગરૂ બાદે સરૂદ્
બઝૂરાન નેગહ્ કર્દો ખામુશ બેમાન્દ્
સબુકૂ બારએ ગામઝન્રા બેરાન્દ્
રવાનશ ઞે અન્દીશહ્ પુરૂ દૂદ્ બૂદ્
કે ઝૂરાન્ બદ્અન્દીશે મેહ્બૂદ્ બૂદ્
હમી ગોફૂત કીન્ મર્દે ના સાઝ્ગારૂ
નદાનમ ચે કરૂદ્ અન્દરાન્ રૂઝ્ગારૂ
કે મેહ્બૂદ્ બરૂ દસ્તે મા કશ્તહ્ શુદ્
ચુનાન્ દૂદહ્રા રૂઝ્ બરૂગશ્તહ્ શુદ્
મગરૂ કેર્દેગારૂ આશ્કારા કુનદ્
દેલો મગ્ઞે મા પુરૂ મોદારા કુનદ્
કે આલૂદહ્ બીનમ હમી ઝૂ સોખન્
પુરૂ અઝ્ દર્દમ અઝ્ રૂઝ્ગારે કોહન્
હમી રફૂત બા દેલ પુરૂ અઝ્ દર્દો ઘમ
પુરૂ આઝન્ગ્ રોખ દીદગાન્ પુરૂ ઞે નમ
બમન્ઝેલ્ રસીદ્ આન્ ઝમાન્ શહ્રૂયારૂ
સરાપર્દહ્ ઝદ્ બરૂ લબે જૂએબારૂ
ચુ ઝૂરાન્ બેયામદ્ બપર્દહ્ સરાય
ઞે બીગાનહ્ પરૂદુખ્ત કર્દન્દ્ જાય
ઞે જાદુ સખુન્ રફૂત વઝ્ શહ્દો શીરૂ
બદુ ગોફૂત હસ્ત ઇન્ સખુન્ દેલ્પઝીરૂ
ઞે મેહ્બૂદ્ અઝાન્ પસ બેપુર્સીદ્ શાહ્
ઞે ફર્ઝન્દે ઊ તા ચેરા શુદ્ તબાહ્
બપાસોખ સખુન્ લર્ઝે લર્ઝાન્ શનીદ્
ઞે ઝૂરાન્ ગુનહ્ગારી આમદ્ પદીદ્
બદુ ગોફૂત કેસ્રા સખુન્ રાસ્ત ગૂય
મકુન્ રાસ્ત પેન્હાનો કઝ્ઝી મજૂય
કે કઝ્ઝી નેયારદ્ મગરૂ કારે બદ્
દેલે નીકૂ બદ્ ગર્દદ્ અઝ્ યારે બદ્
સરાસરૂ સખુન્ રાસ્ત ઝૂરાન્ બેગોફૂત
નેહોફૂતહ્ પદીદ્ આવરીદ્ અઝ્ નેહોફૂત
ગુનહ્ યકસરૂ અફૂગન્દ્ સૂએ જહૂદ્
તને ખીશરા કરૂદ્ પુરૂ દર્દો દૂદ્
ચુ બેશ્નીદ્ અઝૂ શહ્રૂયારે બલન્દ્
હમ અન્દરૂ ઝમાન્ પાય કર્દશ બબન્દ્
ફેરેસ્તાદ્ નઝ્દે મુશઅબેદ્ જહૂદ્
દો અસ્પહ્ સવારી બકેર્દારે દૂદ્

પાક યઝદાન અને તેની આપેલી ભલી દીન સિવાય તું બીજું કાંઈ પણ યાદજ ના કર-આવાં ધન્તર મન્તર અને જાદૂ કોટલથી ચમત્કાર જોવાની કાંઇ પણ આશા ના રાખ."

તેવામાં ઝૂરાને પાદશાહને કહ્યું કે "તું ખુશહાલ જીવતો રહેજે-અને તારી વાતોથી અકલને પર્વરેશી હોજો !

જાદૂની બાબત જે કાંઇ બોલાય છે તે ખરૂં છે-પણ જાદૂમાં માન્યતા રાખનાર સિવાય બીજો કોઈ માણસ તે જાણતો નથી.

જો ખાણાંમાં કશો પણ દૂધનો ભાગ હોય છે-તો તેની ઉપર દૂરથીજ નઝર ફેંકીને તેનું ઝેહર બનાવી દે છે."

જ્યારે નોશીરવાને આ સખુનો સાંભળ્યા-ત્યારે તેને આગળો વખત યાદ આવી ગયો.

તેણે મેહબૂદ અને તેના બન્ને બેટાઓને યાદ કીધા-પાદશાહે કલેજાંથી એક સર્દ હાય મારી.

તેણે ઝૂરાન તરફ શકની નઝરે જોયું અને ખામોશ રહ્યો-અને પોતાના ચાલાક ઘોડાને શિતાબીથી હાંકવા લાગ્યો

તેનો જીવ તેના તેજ વિચારથી સીઆહ થયો હતો-કારણકે ઝૂરાન મેહબૂદનો દુશ્મનજ હતો.

તે પોતાનાં મન સાથ બોલવા લાગ્યો કે "આ નાલાયક શખ્સે-તે દહાડે કોણ જાણે શું કીધું ?

કે મેહબૂદ મારા હાથ ઉપર માર્યો ગયો-એવાં એક નામીચાં કુટુંબનો ૫૯૯
દહાડો બરગશ્તેહ થયો.

કદાચને ખોદાતાલા આ ભેદને ખુલ્લો કરે-અને એમ કરી મારા જીવને અને મનને શાન્તિ ભર્યું બનાવે.

કારણકે હું તેની વાતમાં પાપ સમાયલું જોઉં છું-તે જૂના મુકદમાથી મારૂં દિલ ઘણું દુખાય છે."

તે દર્દ અને ગમ ભરેલાં દિલે તેમજ કરચલી ભર્યા ચેહરાએ અને આંસુ ભરેલી આંખો સાથ આગળ ચાલવા લાગ્યો.

પાદશાહ ઉતારાની જગ્યા ઉપર આવી પહોંચ્યો અને તુરત-નદીના કિનારા ઉપર છાવણી નાખી.

જ્યારે ઝૂરાન તમ્બુમાં આવ્યો-ત્યારે બીજા પારકા લોકોથી તે જગ્યા ખાલી કરાવી.

જાદૂ, મધ અને દૂધની વાત પાછી નીકળી-નોશીરવાને કહ્યું કે "ત્યારે આ વાત ઘણી દિલ પસંદ લાગે છે."

પછી પાદશાહે મેહબૂદ અને તેના ફર્ઝંદો કેમ માર્યા ગયા તે માટે પૂછ્યું.

તેના જવાબમાં પાદશાહે તેના ધ્રુજતા સખુનો સાંભળ્યા-જેથી ઝૂરાનનો ગુનાહ ઝાહેર થઈ ગયો.

નોશીરવાને તેને કહ્યું કે "સાચીજ વાત કહેજે-સચ્ચાઈ છુપાવતો ના અને જૂઠાણું શોધતોજ ના.

કારણકે જૂઠાણું બૂરાં કામ સિવાય કાંઇ બીજું કરાવતુંજ નથી-બૂરા ૬૦૦
દોસ્તોથી નેક લોકોનું દિલ પણ બૂરૂંજ થાય છે."

આથી ઝૂરાને ગભરાઇને સઘળી સાચી વાત કહી દીધી-અને છુપો ભેદ સઘળો ઝાહેર કરી દીધો.

તેણે સઘળો વાંક યાહુદી તરફજ ઢોળ્યો-અને પોતાનાં દિલને (મેહબૂદ માટે) દુઃખ ભર્યું અને દિલસોઝ બનાવ્યું.

જ્યારે બુલંદ મરતબાના પાદશાહે તેનાથી આવું સાંભળ્યું-ત્યારે તેજ વખત તેના પગમાં બેડી ઠોકાવી.

અને પેલા જાદૂગર યાહુદીને બોલાવવા માટે વરાળ મિસાલ દોડી જનારા એક ચપળ સવારને મોકલાવ્યો.

ચુ આમદ બદાન્ બારૂગાહે બલન્દ
બેપુર્સીદ અઝ્ નરૂમ શાહે બલન્દ
કે ઇન્ કારૂ ચૂન્ બૂદ બા મન્ બેગૂય
ઝે શાહે દોરૂઘ ઈચ મન્માય રૂય
જહુદ અઝ જહાન્દારૂ ઝેન્હારૂ ખાસ્ત
કે પયદા કુનદ રાઝે નયરન્ગ્ રાસ્ત
બેગોફ્ત આન્ચે ઝૂરાન્ બદૂ ગફ્તહ બૂદ
સખુન્ હરૂચે અન્દરૂ નેહાન્ રફ્તહ બૂદ
જહાન્દારૂ બેશનીદ ખીરહ બેમાન્દ
રદો મૂબેદો મરૂઝબાન્રા બેખાન્દ
૬૦૧ દેગરૂ બારહ કરૂદ આન્ સખુન્ ખાસ્તારૂ
બપીશે રદાન્ દાદગરૂ શહરૂયારૂ
જહુદે બદઅન્દીશ યકસરૂ બેગોફ્ત
નમાન્દ અઝ બુઝોર્ગાન્ સખુન્ દરૂ નેહોફ્ત
બેફરૂમૂદ પસ તા દો દારે બલન્દ
ફેરૂ હેશ્તહ અઝ દારૂ પીચાન્ કમન્દ
બેઝદ મર્દે દેઝખીમ પીશે દરશ
નઝારહ બરૂ બરૂ હમહ લશ્કરશ
બયકૂ દારૂ ઝૂરાનો દીગરૂ જહુદ
કુશન્દહ બરૂ આવીખ્ત તુન્દી નમૂદ
બબારાને સન્ગો બબારાને તીરૂ
બેદાદન્દ સરૂહા બનયરન્ગે શીરૂ
જહાન્રા નબાયદ સેપોર્દન્ બબદ
કે બરૂ બદ કુનેશ બીગુમાન્ બદ રસદ
ઝે ખીશાને મેહબૂદ ચન્દી બેજોસ્ત
કઝીશાન્ બેયાબદ કસી તન્દુરોસ્ત
યકી દુખ્તરી યાફ્ત પૂશીદહ રૂય
સે મર્દે ગેરાન્માયહો નીકૂખૂય
હમહ ગન્જે ઝૂરાન્ બદીશાન્ નમૂદ
હમાન્ હરૂચે બુદ માલે મર્દે જહુદ
૬૦૨ રવાનશ ઝે મેહબૂદ બેર્યાન્ બુદી
શબે તીરહ તા રૂઝ ગેર્યાન્ બુદી
ઝે યઝદાન્ હમી ખાસ્તી ઝીન્હારૂ
હમી રીખ્તી ખૂને દેલ બરૂ કેનારૂ
બદર્વીશ બખ્શીદ બેસ્યારૂ ચીઝ
ઝબાન્રા પુરૂ અઝ આફરીન્ કરૂદ નીઝ
કે યઝદાન્ ગુનાહશ બેબખ્શદ મગરૂ
સેતમગરૂ નખાનદ્શો બીદાદગરૂ
કસી કૂ બુવદ પાકો યઝદાન્ પરસ્ત
નેયાઝદ બકેર્દારે બદ ઈચ દસ્ત
વગરૂ ચન્દ બદ કર્દન્ આસાન્ બુવદ
બફર્જામ જૂ દેલ હેરાસાન્ બુવદ
અગરૂ દેલ તોરા સન્ગે ખારા શવદ
નમાનદ નેહાન્ આશ્કારા શવદ
અગરૂ ચન્દ નરૂમસ્ત આવાઝે તૂ
કુશાદહ કુનદ રૂઝ હમ રાઝે તૂ
નદારદ નેગહ રાઝે મરૂદુમ જેહાન્
હમાન્ બેહ કે નીકી કુની દરૂ નેહાન્
ચુ બી રન્જ બાશીઓ પાકીઝહ રાય
અઝ બહરહ યાબી બહરૂ દુ સરાય

જ્યારે તે પાદશાહની બુલંદ દરબારમાં આવ્યો–ત્યારે મોટા મરતબાના શાહે તેને નરમાસથી પૂછ્યું,

કે "આ કામ કેમ બન્યું તે મને વિગતે કહે?–સંભાળજે જૂઠાઈના માર્ગ તરફ જરાબી ઢળતો ના."

પેલા યાહુદીએ પાદશાહની પનાહ માંગી–કે ત્યાર બાદ તે પોતાનો જાદૂઇ કરવાનો ભેદ વાજબી રીતે ખુલ્લો કરે.

હવે ઝૂરાને જે કાંઇ તેને કહ્યું હતું અને જે કાંઈ છૂપી વાત થઇ હતી, તે સઘળી પેલા યાહુદીએ કહી દીધી.

જ્યારે પાદશાહે આ વાત સાંભળી ત્યારે તે અજબ થયો–અને તુરત દાનાઓને, વઝીરોને અને હાકેમોને તેડયા.

અને બીજી મરતબે તે દાદગર પાદશાહે પેલા દાનાઓની નઝદીક તે વાત જાણવા માગી.

પેલા બૂરા વિચારના યાહુદીએ સઘળું કહી સંભળાવ્યું–અને તે બુઝોર્ગોની નઝદીક કશી વાત છૂપી રહી નહીં.

પછી પાદશાહે બે મોટી ફાંસી ઉભી કરવા અને તે ફાંસી ઉપર બે વળ ખાધેલી કમંદ લટકાવવા હોકમ કીધો.

આથી જલ્લાદે પાદશાહના દરવાઝા આગળ ફાંસીઓ ઠોકી–જેની ઉપર સઘળાં લશ્કરની નઝર ઠરેલી હતી.

જલ્લાદે ગુસ્સા ભરેલો બનીને એક ફાંસી ઉપર ઝૂરાનને અને બીજી ઉપર યાહુદીને લટકાવી દીધા.

પેલા બન્નેએ દુધ ઉપર જાદુઈ કરવાના બદલામાં પત્થર અને તીરના વરસતા વરસાદ વચ્ચે પોતાનાં સર બરબાદ કીધાં.

આ ફાની દુન્યાને બૂરાઈમાં સોંપવી ઘટતી નથી–કારણકે ભૂંડાઇ કરનારને ઝરૂર ભૂંડાઇજ પુગે છે.

પછી પાદશાહે મેહબૂદના ખેશીઓમાંથી જે કોઇ બચી ગયા હોય તેની ઘણી તલાશ કરાવી.

જેથી તેનાં કુટુંબની એક પર્દેપોશ છોકરી અને મોહ્બાદાર નેક ખસ્લતના ત્રણ શખ્સો મળી આવ્યા.

તેઓને ઝૂરાન તેમજ પેલા યાહુદીનો જે કાંઈ માલ ખઝાનો હતો તે હવાલે કર્યો.

પાદશાહનો જીવ મેહબૂદને માટે ઘણો બળતો હતો–તેણે આખી રાત રડવામાંજ ગુઝારી.

તે પાક યઝદાન પાસેથી પોતાની ભૂલની માફી માગવા લાગ્યો–અને ખરાં અંતઃકરણનાં આંસુ વરસાવવા લાગ્યો.

તેણે ગરીબ લોકોને પુષ્કળ ચીઝની ખેરાત આપી–અને પોતાની ઝબાનને ખોદાની યાદમાંજ લગાડેલી રાખી.

કે કદાચ ખોદાતાલા તેનો ગુનાહ માફ કરે–અને તેને કોઇ ઝુલ્મગાર અને બે દાદગર પાદશાહ તરીકે ઓળખે નહીં.

જે કોઈ કે પવિત્ર હોય છે અને ખોદાતાલાની પરસ્તેશ કરનારો હોય છે–તે બૂરાં કામ ઉપર જરા પણ હાથ લમ્બાવતો નથી.

જો કે બદી કરવી ઘણીજ સેહલી છે તોપણ શેવટે તેનાથી તેનું દિલ ધાસ્તી ભરેલુંજ બને છે.

અગરજો તારૂં દિલ સખ્ત પત્થર જેવું મઝબૂત હશે–તોપણ તેમાં બૂરાઇ છૂપી રહેવાની નથી પણ તે ખુલ્લીજ થઈ જશે.

અગર તું ગમે એટલો અરૂસે બોલશે–તોપણ વખત તારો ભેદ ખુલ્લો કરીજ દેશે.

આ દુન્યા માણસનો ભેદ સાંતી રાખતી નથી–માટે તેજ બેહતર છે કે તું છૂપી રીતે ભલાઈજ કર્યો જાય.

જો તું નિર્દોષ અને પાકીઝેહ વિચારનો હશે–તો તું તેનાથી બન્ને દુન્યામાં ફાયદોજ મેળવશે.

દર્ સેતાયેશે ખેરદે નૂશીરવાને આદેલ્ વ સાખ્તનશ્ શારૂસાને સુરૂસાન્.

———:o:———

કુનૂન્ કારે ઝૂરાનો મર્દે જહૂદ
સરૂ આમદ્ ખેરદરા બેબાયદ્ સેતૂદ
અગરૂ દાદ્ગરૂ બાશી અય શહ્રૂયારૂ
નમાનીઓ નામત્ બુવદ્ યાદ્ગારૂ
તને ખીશરા શાહે બીદાદ્ગરૂ
જોઝ્ અઝ્ ગૂરો નફ્રીન્ નેયારદ્ બસરૂ
અગરૂ પીશહ્ દારદ્ હેલત્ રાસ્તી
ચુનાન્ દાન્ કે ગીતી તો આરાસ્તી
ચુ ખાહી સેતાયેશ્ પસે મર્ગે તૂ
ખેરદ્ બાયદ્ અય નામવરૂ બર્ગે તૂ
ચુનાન્ કઝ્ પસે શાહે નૂશીરવાન્
બગોફ્તારે મન્ દાદે ઊ શુદ્ જવાન્
અઝાન્ પસ કે ગીતી બરૂ ગશ્ત્ રાસ્ત્
જોઝ્ અઝ્ આફરીન દરૂ બુઝોર્ગી નખાસ્ત્
બેખોફ્તન્દ્ આસૂદહ્ ખુર્દો બુઝોરુગ્
બઆબેશખરૂ આમદ્ હમી મીશો ગોરુગ્
મેહાન્ કેહ્તરીરા બેયારાસ્તન્દ્
બ[?]હીમ બરૂ નામે ઊ ખાસ્તન્દ્
બેયાસૂદ્ ગર્દન્ ઝે બન્દે ઝેરેહ્
ઝે જઉશન્ કુશાદન્દ્ ગોર્દાન્ ગેરેહ્
ઝે ગૂપાલો ખન્જરૂ બેયાસૂદ્ દુશ્
જોઝ્ આવાઝે રામેશ નેયામદ્ બગૂશ્
કસીરા નબુદ્ બા જહાન્દારૂ તાવ
બેપયવસ્ત અઝ્ હરૂ સુઈ બાઝો સાવ
જહાન્દારૂ દુશ્વારી આસાન્ ગેરેફ્ત
હમહ્ સાઝે નખ્ચીરો મયદાન્ ગેરેફ્ત

નેશસ્ત્ અન્દરૂ અયવાને ગઉહરૂ નેગારૂ
હમી રાય ઝદ્ બા મયો મયગુસારૂ
યકી શારૂસાન્ કરૂદ્ દરૂ રાહે રૂમ
ફોઝૂન્ અઝ્ દુ ફર્સન્ગ્ બાલાએ બૂમ
બદ્ અન્દરૂન્ કાખો અયવાનો બાઘ્
બયકૂ દસ્ત્ રૂદો બયકૂ દસ્ત રાઘ્
ચુનાન્ બુદ્ બરૂમ અન્દરૂન્ ચન્દ શહ્રૂ
કે કેસ્રા બરૂ આવર્દો બરૂ દાશ્ત બહ્રૂ
બરૂ આવરૂદ્ ઝૂ કાખહાએ બલન્દ્
નબુદ્ નઝ્હે કસ્ અઝ્ જહાન્ ના પસન્દ્
યકી કાખ કરૂદ્ અન્દરૂ શહ્રૂયારૂ
બદ્ અન્દરૂ અયવાને ગઉહરૂ નેગારૂ

નોશીરવાન આદેલની અકલની તારીફમાં અને તેણે સુરસાન* નામનું શેહર વસાવવું.

——:o:——

હવે ઝૂરાન અને યાહુદીની બાબત-પુરી થઇ છે અને તને પાદશાહનાં ૬૦૩
ડહાપણનીજ તારીફ કરવી ઘટે છે.

ઓ પાદશાહ! અગરજો તું ઇન્સાફી હશે-તો તું તો નહીંજ રહેશે પણ તારૂં નામ યાદગાર રહી જશે.

એક ઝુલ્મગાર પાદશાહ પોતાનાં તનને માટે-ઘોર અને લઆનત સિવાય બીજું કશું એકઠું કરતો નથી.

અગરજો તારૂં દિલ રાસ્તીનોજ પેશો એખ્તયાર કરશે-તો તું એમજ જાણ કે તેં આ દુન્યાને સણગારી.

જો તું તારાં મરણ બાદ તારી તારીફ થાય એવું ચાહતો હોય-તો ઓ નામીચા શખ્સ! તને તારી પુંજી તરીકે અકલજ ધરાવવી જોઇયે.

જેમ કે પાદશાહ નોશીરવાનનાં મરણ પછી-આ મારી કવિતારૂપી તવારીખથી તેના ઈન્સાફની વાત પાછી જીવતી થઈ છે.

જ્યારથી કે તે દેશનો ધણી બન્યો-ત્યારથી તેણે સઘળી મોટાઈમાંથી લોકોની તારીફ સિવાય કશું બીજું ઈચ્છયું નહીં.

તેના વખતમાં શું નાના કે મોટાઓ આરામમાં સૂતા હતા-મેઢાં બકરાં અને વરૂ એકજ ઓવારે પાણી પીતાં થયાં હતાં.

મોટાઓ તેની તાબેદારી કરવા લાગ્યા-અને પાદશાહ તરીકે રાજપાટમાં તેનુંજ નામ લેવામાં આવતું હતું.

બખ્તરના બંદથી તેઓની ગર્દનને આરામ મળ્યો-પેહલવાનોએ જોશનના ગાંઠ ખોલી નાખ્યા.

ગોર્ઝ અને તલવારથી તેઓનાં ખભાં નચિન્ત બન્યાં-અને ખુશ ખુશ- ૬૦૪
હાલીના આવાઝ સિવાય તેઓના કાનમાં બીજું કાંઇ આવ્યુંજ નહીં.

કોઇમાં પાદશાહ સાથ લડવાની તાકત હતી નહીં-દરેક ઠેકાણેથી ખેરાજ અને ખંડણી આવ્યાં જતાં હતાં.

દેશની સંભાળ કરનાર નોશીરવાન સઘળી રાજની મુશ્કેલીઓ આસાન સમજવા લાગ્યો-તે સઘળો વખત શિકારનો સામાન અને શિકારનું મયદાનજ રાખવા લાગ્યો.

તે પોતાના ગોહર નિગાર મેહલમાં બેસી-મય પીતી વેળા મય પીનારા સાથ પણ સારા સારા વિચારજ ચલાવતો હતો.

તેણે રૂમના માર્ગમાં એક શેહર વસાવ્યું-જેનો વિસ્તાર બે ફર્સંગથી પણ વધુ હતો.

તેમાં મેહલો, અયવાનો અને બાગો બનાવ્યા-તે શેહરના એક હાથ ઉપર વહેતી નદી આવેલી હતી અને બીજા હાથ ઉપર લીલોતરી ભર્યું મયદાન હતું.

એવાં રૂમમાં કેટલાંક શેહરો હતાં-જે નોશીરવાને ખાલી મયદાનોમાં પાણીની નેહેરો ચલાવીને વસાવ્યાં હતાં.

ત્યાં મોટી મોટી ઇમારતો ઉભી કીધી-જે દુન્યામાં સર્વ કોઇ પસંદ કરતાં હતાં.

પાદશાહે તે શેહરમાં પણ એક મેહલ બંધાવ્યો-જેમાં ગોહર જડિત અયવાનખાના હતા.

---

* બગદાદમાં "તાકે કેસ્રા" નામના મેહલમાં ખંડિયરો પડેલાં નઝરે આવે છે તે નોશીરવાનના વખતમાં સુરસાનના મેહલને નામે ઓળખાતો હતો જેનું વર્ણન ફિરદોસી આ હેકાયતમાં આપે છે. આ મેહલમાં સંખ્યાબંધ મેહરાબો અને ગુમ્બદો હતા, તે ઉપરથી તે મેહલનું અરબી નામ "તાકે કેસ્રા" આપ્યું છે.

હમહુ તાકુહા સરૂબસરૂ સીમો ઝરૂ
બઝરૂ અન્દરૂન્ ચન્દ ચૂનહુ ગોહરૂ
૬૦૫ યકી ગુમ્બદ અઝ આબ્નૂસો ઝે આજ
બપયકરૂ ઝે પીલસ્તહો શીઝો સાજ
ઝે રૂમો ઝે હેન્દ આન્ કે ઉસ્તાદ બૂદ
વઝ ઉસ્તાદે ખીશશ હોનરૂ યાદ બૂદ
અઝ ઈરાનો અઝ કેશવરે નીમરૂઝ
હમહુ કારૂ દાનાને ગીતી ફેરૂઝ
હમહુ ગેરૂદ કરૂદ અન્દરાન્ શારૂસાન્
કે હમ શારૂસાન્ બૂદો હમ કારૂસાન્
અસીરાન્ કે અઝ બરૂબરૂ આવર્દહુ બૂદ
ઝે રૂમો ઝે જાઈ કે આઝર્દહુ બૂદ
અઝાન્ હરૂ યકીરા યકી ખાનહુ સાખ્ત
હમહુ શારૂસાન્ જાય બીગાનહુ સાખ્ત
બદીન્ શારૂસાન્ અન્દરૂન્ જાય કરૂદ
દેલ આરાયરા કેશવરૂ આરાય કરૂદ
ચુ અઝ શહુરૂ યકુસરૂ બેપર્દાખ્તન્દ
બગેરૂદ અન્દરશ રૂસ્તા સાખ્તન્દ
બેયારાસ્ત બરૂ હરૂ સુઈ કેશ્ત ઝારૂ
ઝમીને બરૂમન્દો હમ મીવહુ દારૂ
ગેરઉગાન્ કે અઝ લૂચ આવર્દહુ બૂદ
ઝે ગીલાનો અઝ હરૂયે આઝર્દહુ બૂદ
૬૦૬ અઝીન્ હરૂ યકીરા યકી કારૂ દાદ
ચુ તનહા બુદ અઝ કારૂગરૂ યારૂ દાદ
યકી પીશહુ કારો યકી કેશ્ત વરૂઝ
યકી આન્ કે પયમૂદહુ ફર્સન્ગો મરૂઝ
ચે બાઝારૂગાનો ચે યઝદાન્ પરસ્ત
યકી સરૂફરાઝો યકી ઝીરૂદસ્ત
બેયારાસ્ત આન્ શારૂસાન્ ચૂન્ બેહેશ્ત
નદીદ અન્દરાન્ ચશ્મ યકૂ જાય ઝેશ્ત
વરા સૂરૂસાન્ ખાન્દ કેસ્રા બનામ
કે દરૂ સૂરૂ યાબદ જહાનદારૂ કામ
બોઝઅ દાદો આબાદ કર્દન્ જેહાન્
નબૂદશ બદેલ આશકારો નેહાન્
ઝમાનહુ ચુ ઊરા ઝે શાહી બેબોરૂદ
હમાન્ તાજે ઊ દીગરીરા સેપોરૂદ
નખાહદ તોરા માન્દને જાવદાન્
બેપર્દાઝ દેલરા ઝે કારે બદાન્
ચુનાન્ દાન્ કે યકુસરૂ ફેરીબસ્તો બસ
બલન્દીઓ પસ્તી નમાનદ બકસ
ચે દરૂ નાઝો નઅમત ચે બા દર્દો રન્જ
બેબાયદ ગુઝશ્ત અઝ સરાએ સેપન્જ

સઘળી મેહરાબો તમામ સોના રૂપાંની બનાવી હતી-વળી સોનામાં જાત જાતના ગોહરો જડયાં હતાં.

તેમાં એક આબનૂસ અને હાથી દાંતનો ગુમ્બજ બનાવવામાં આવ્યો હતો-તેનાં બાંધકામમાં હાથીદાંત, આબનૂસ અને સાગવાન કામે લગાડયાં હતાં.

રૂમ અને હિંદુસ્તાનમાંથી જે કોઇ કે ઉસ્તાદ કારીગરો હતા-અને જેઓ પોતાના ઉસ્તાદોથી કારીગરી શીખેલા હતા તેઓને,

તેમજ ઇરાન અને ઝાબુલના મુલકમાંથી સઘળા વખણાયલા કારીગરોને,

તે સઘળાને બોલાવી શેહરમાં વસાવ્યા હતા-કારણકે તે એક મોટું શેહર હતું તેમજ શીલ્પ શાળાની જગ્યા પણ હતી.

બરબર, રૂમ અને બીજી ઉજડ કરી નાખેલી જગ્યાઓમાંથી જે કયદીઓને લાવ્યા હતા,

તેઓમાંના દરેકને માટે એકેક ઘર રહેવા માટે બાંધ્યું હતું-તે નવાં શેહરને પારકા દેશોનાં લોકોનું સંસ્થાન કીધું હતું.

તે નવાં શેહરમાં પોતાની રહેવાની જગ્યા કીધી હતી-પોતાનાં મનને રીજવવા માટે તેણે પોતાના મુલકને આ રીતે આબાદ કીધો હતો.

જ્યારે તે શેહર વસાવી પાદશાહ ફારેગ થયો-ત્યારે તેના આસપાસ તેણે ગામડાં વસાવ્યાં.

ચો તરફ ખેતરો બનાવ્યાં-તે ઝમીન ખેતરને લાયક તેમજ ફળદ્રુપ હતી.

બુલૂચ, ગીલાન અને બીજી ઉજડ કરી નાખેલી જગ્યાઓમાંથી જે લોકોને કે ગિર્વી તરીકે લાવ્યા હતા,

તેઓમાંના દરેક જણને એકેક કામ સોંપ્યું હતું-જે કોઇ એકલો હતો તો તેને એકેક કામદાર આપવામાં આવતો હતો.

તે નવાં શેહરમાં ધંધાદારીઓ અને ખેડુતો-તેમજ ઝમીનની મોજણીદારો,

શું વેપારીઓ કે શું અથોરનાનો-શેઠ સાહુકારો અને નોકરો આવી વસ્યા હતા.

એ પ્રમાણે તે શેહર બેહેશ્તની મિસાલ સણગાર્યું-તે શેહરમાં એક પણ ઠેકાણે કાંઇ ખામી જણાઇ નહીં.

નોશીરવાને તેનું નામ "સૂરસાન" પાડયું-કારણકે પાદશાહ પોતે ખુશ ખુશહાલીમાંજ પોતાની મુરાદ મેળવે છે.

તેનાં દિલમાં ઇન્સાફ આપવો અને દેશને આબાદ હાલતમાં રાખવા સિવાય બીજા ઝાહેર કે ખાનગી વિચારો હતાજ નહીં.

તે જેવા પાદશાહને જ્યારે ઝમાનાએ પાદશાહી ઉપરથી લઇ લીધો-તેમજ તે પાદશાહનું તાજ બીજા શખ્સને સોંપી આપ્યું,

ત્યારે તે તને પણ કાંઈ જાવેદાન સૂધી રાખવા ચાહશેજ નહીં-માટે તું તારાં દિલને બૂરાં કામોથી ખાલીજ રાખજે.

તું એમજ જાણજે કે આ દુન્યા સઘળી ફનફરેબ ભરેલી છે બીજું કાંઈજ નથી-કોઈની મોટાઈ કે ગરીબાઇ તેની સાથ રહેતી નથી.

શું અયશ આરામમાં કે શું દુઃખ અને મેહનતમાં-દરેક શખ્સને આ ત્રણપાંચ દિવસની દુન્યામાંથી ગુઝરીજ જવાનું છે.

દાસ્તાને રઝ્મે ખાકાન્ બા ઘાતૂકર્ સાલારે હયતાલેયાન્ વ શેકસ્તૂ ખુર્દને ઘાતૂકર્ વ બર્ તખ્ત્ નેશાન્દને હયતાલેયાન્ ફુઘાનીરા.

કુનૂન્ જન્ગે ખાકાનો હયતાલ્ ગીરૂ
ચુ રઝ્મ આયદત્ પીશ ગૂપાલ્ ગીરૂ
ચે ગૂયદ્ સખુનગૂએ બા આફરીન્
ઝે શાહો ઝે હયતાલો ખાકાને ચીન્
ચુનીન્ ગોફ્ત પુરૂમાયહ્ દેહ્‌કાને પીરૂ
સખુન્ હરૂચે ઝૂ બેશનવી યાદ્ ગીરૂ
કે અઝ્ નામ્‌દારાને બા ફરૂરો દાદ્
બમર્દીને જન્ગીઓ ગન્જો નેઝાદ્
ચુ ખાકાને ચીન્ કસ નબૂદ્ અઝ્ મેહાન્
ઝે કેસ્રા ગુઝશ્તહ્ બગેર્દે જેહાન્
હમહ્ તા લબે રૂદે જયહૂન ઝે ચીન્
બશાહી બરૂ ખાન્દન્દ્ આફરીન્
સેપહ્‌દારે બા લશકરો ગન્જો તાજ
બગુલ્ઝરૂરેયૂન્ બૂદ્ આન્ રૂએ ચાજ
સુખુનહાએ કેસ્રા બગેર્દે જેહાન્
પરાગન્દહ્ શુદ્ દરૂ મેયાને મેહાન્
બમર્દીઓ દાનાઇઓ ફરૂરહી
બુઝોર્ગીઓ આઇને શાહનશાહી
બેરદ્‌મન્દ્ ખાકાન્ બદાન્ રૂઝગારૂ
હમી દૂસ્તી જોસ્ત બા શહ્‌રૂયારૂ
બયકૂ ચન્દ્ બેન્શસ્ત બા રાયઝન્
હમહ્ નામ્‌દારાન્ શુદન્દ્ અન્જુમન્
બદેલ્ દૂસ્તીરા હમી જાય જોસ્ત
હમી અઝ્ રદો મૂબેદાન્ રાય જોસ્ત
યકી હદ્‌યહ્ આરાસ્ત પસ બી શુમારૂ
હમહ્ યાદ્‌ગારૂ અઝ્ દરે શહ્‌રૂયારૂ
ઝે અસ્પાને રૂમીઓ દીબાએ ચીન્
ઝે તખ્તો ઝે તાજો જે તીઘો નેગીન્
તરાયદૂ કે બાશદ્ બચીન્ અન્દરૂન્
બેયારાસ્ત અઝ્ હરૂ દરી સદ્ હયૂન્
ઝે દીનારે ચીની ઝે બહ્રે નેસારૂ
બગન્જૂરૂ ફરૂમૂદ્ તા સદ્ હઝારૂ
બેયાવરૂદો બા હદ્‌યહા યારૂ કરૂદ્
દહ્ ઉશ્તુરૂ ઝે ગન્જે દેરમ બારૂ કરૂદ્
સખુનગૂય મર્દી બેજોસ્ત અઝ્ મેહાન્
બેરદ્‌મન્દો ગશ્તહ્ બગેર્દે જેહાન્
બેફરૂમૂદ્ તા પીશે ઊ શુદ્ દબીરૂ
ઝે ખાકાને ચીન્ નામએ બરૂ હરીરૂ
નેવેશતન્દ્ બરૂસાને આઇને ચીન્
સુએ શાહ્ બા સદ્ હઝારૂ આફરીન્

ખાકાનની હયતાલીઓના સરદાર ગાતકર સાથની લડાઇનું દાસ્તાન. ગાતકરનું શિકસ્ત પામવું અને હયતાલીઓએ ફુગાનીને તખ્ત ઉપર બેસાડવો.

હવે તું ચીનના ખાકાન અને હયતાલી લોકોની લડાઇનું બેયાન ૬૦૭
સાંભળ-જ્યારે તારી સામે લડાઇ આવે ત્યારે તું પણ તારા હાથમાં ગોર્ઝ પકડ.

પેલો નામીચો તવારીખનવેસ હયતાલના પાદશાહ માટે અને ચીનના ખાકાન માટે શું કહે છે?

તેનાથી તું જે કાંઈ વાતો સાંભળે તે યાદ રાખજે-તે મોભાવાળા બુઢ્ઢા દેહકાને એ પ્રમાણે કહ્યું છે,

કે દબદબા અને ઇન્સાફ સાથના નામદારોમાંથી-લડાયક મર્દો, ખઝાનો અને બુન્યાદ ધરાવનારાઓમાં,

પારકા દેશોના રાજકર્ત્તાઓમાં ખાકાને ચીન જેવો કોઈ હતો નહીં-પ્રથમ દુન્યામાં નોશીરવાન કરતાં પણ વધારે તેનું નામ જાણિતું થયલું હતું.

ચીનના મુલકથી તે જયહૂન નદીના કિનારા સુધીના સઘળા લોકો-તેની ઉપર પાદશાહ તરીકેની દુઆ કરતા હતા.

તે ગુલ્ઝરરયૂન ઉપર તેમજ પેલી તરફ ચાજના મુલક ઉપર ભારી લશ્કર, ખઝાના અને તાજ સાથનો સરદાર હતો.

હવે પાદશાહ નોશીરવાનની સઘળી કારકીરદી દુન્યાની આસપાસ મોટાઓ વચ્ચે ફેલાઈ ગઈ હતી.

તેની મર્દાનગી, તેની દાનાઈ અને દબદબા માટેની-તેમજ તેની મોટાઈ અને શેહન્શાહી રેવાજો માટેની વાતો ફેલાઈ રહી હતી.

તે વખતમાં ડહાપણવાળો ખાકાન પાદશાહ નોશીરવાન સાથ દોસ્તી શોધવાની તલબ કરતો હતો.

આથી તે થોડોક વખત પોતાના સલાહકારો સાથ મસ્લહત કરવા ૬૦૮
બેઠો-સઘળા નામદારો ત્યાં એકઠા થયા.

તે પોતાનાં દિલમાં નોશીરવાનની દોસ્તી માટે જગ્યા શોધવા લાગ્યો-અને તેથી તેણે દાનાઓ અને પોતાના વઝીરો તરફથી તેઓના વિચારો જાણવા માગ્યા.

પછી તેણે એક પુષ્કળ મોટો હદયો તૈયાર કરાવ્યો-જેમાંની દરેક ચીઝ પાદશાહે યાદગાર રાખવા જેવીજ હતી.

રૂમી ઘોડાઓ અને ચીનાઈ રેશમી કપડાંના તાકાઓમાંથી-તખ્ત, તાજ, તલવાર અને નગીનામાંથી,

તેમજ ચીન દેશમાં જે કાંઈ ઉમદા ચીઝો બનતી હતી તેવી જાત જાતની ચીઝોમાંથી નામીચી ચીઝનાં સો ઊંટ તૈયાર કરાવ્યાં.

વળી પાદશાહને નેસાર કરવા માટે ખઝાન્ચીને ફર્માવ્યું જેથી તે એક લાખ ચીનના સોનેરી દીનાર

લાવ્યો અને પેલા હદયામાં ઉમેર્યા-તે દિરમના ખઝાનાનાં દશ ઊંટ લાદ્યાં.

પછી મોટાં માણસોમાંથી એક જણ કે જે સુભાષિત બોલનારો, ડહાપણવાળો અને દુન્યાનો અનુભવી હતો તેને ચુંટી કાઢ્યો.

અને તેણે ફર્માવ્યું જેથી મુન્શી તેની આગળ ગયો-તેણે ખાકાને ચીન તરફથી રેશમી કપડાં ઉપર એક નામુ,

ચીનાઈ રાહ રીતી મુજબ હઝારો દોઆ સલામ સાથનું પાદશાહ નોશીરવાન ઉપર લખ્યું.

૬૦૯ ગુઝરૂ મરૂદરા સૂએ હયતાલ્ બૂદ
હમાન્ રાહુ પુરૂ તીરો ગૂપાલ્ બૂદ

કે સુઘ્દ અન્દરૂન્ તા બજયહુન્ સેપાહુ
કશીદહુ રદહુ પીશે હયતાલ્ શાહુ
ગવી ઘાતકરૂ નામે સાલારૂ શાન્
બરઝ્મ અન્દરૂન્ નામ બરૂદારૂ શાન્
ચુ આગહુ શુદ અઝ્ કારે ખાકાને ચીન્
વઝાન્ હદયએ શાહે ઈરાન્ ઝમીન્
કે લશ્કરૂ જહાન્ દીદગાન્રા બેખાન્દ
સખુન્ સરૂબસરૂ પીશે ઈશાન્ બેરાન્દ
ચુનીન્ ગોફ્ત બા સરૂકશાન્ ઘાતકરૂ
કે મારા બદ્ અમદ કે અખ્તરૂ બસરૂ
અગરૂ શાહે ઈરાનો ખાકાને ચીન્
બેસાઝન્દ વઝ્ દેલ્ કુનન્દ આફરીન્
હેરાસસ્ત અઝાન્ દૂસ્તી બહુરે મા
બદ્ રૂય વયરાન્ શવદ શહુરે મા
બેબાયદ ચકી તાખ્તન્ સાખ્તન્
રવાન્ અઝ્ ફેરેસ્તાદહુ પરૂદાખ્તન્
કે લશ્કરૂ યકી નામવરૂ બરૂ ગઝીદ
સરફ્રાઝો જન્ગી ચુનાન્ ચૂન્ સઝીદ
૬૧૦ બતારાજ દાદ આન્ હમહુ ખાસ્તહુ
હયૂનાનો અસ્પાને આરાસ્તહુ
